REGISTERED NO. B, 43.

અંક ૩ જો. પુસ્તક ૪૯ મું.

Gujarat School Paper.

ગુજરાત શાળાપત્ર.

ચાલુ વર્ષથી કદમાં વધારો (ફ. ૪ ને બદલે ૫).

માર્ચ, ૧૯૧૦.

અનુક્રમણિકા.

	વિષય.	પૃષ્ઠ.
૧.	સાં૦ સ૦ ગુ૦ ભાષા અને ગુ૦ સા૦ વિષે કે૦ પ્ર૦ દ૦ યતા વિચારો	૮૧—૮૮
૨	ત્રીજી ગુજરાતી સાહિત્યપરિષદ્	૮૯-૧૦૦
૩	ભાષાગેલી (અ. કે ત્રિવેદી)	૧૦૦-૧૦૭
૪	અવલોકન (મો. પા દવે)	૧૦૮-૧૧૧
૫.	સંસ્કૃત ભુવનદીપકનું ભાષાંતર (છ વિ. રાવળ)	૧૧૧-૧૧૮.
૬	કેળવણીખાતાની ખબરો	૧૧૮-૧૧૯.
૭	નિશાળોના ઇતામપત્રક	૧૧૯-૧૨૦.
૮	શુદ્ધિપત્ર	૧૨૦

તન્ત્રી (ઑગસ્ટ, ૧૯૦૨ થી)-

રા. રા. કમળાશંકર પાણશંકર ત્રિવેદી, બી. એ.,
પ્રિન્સિપલ, પ્રે. રા. ટ્રેનિંગ કૉલેજ.

(કેળવણીખાતાના હુકમથી).

અમદાવાદ.

"યુનાઇટેડ" પ્રિન્ટિંગ પ્રેસ.

(સર્વ હક્ક સ્વાધીન રાખ્યા છે).

गुजरात शाळापत्र

પુસ્તક ૪૯ મું. માર્ચ. ૧૯૧૭. અંક ૩ જો.

સાંપ્રત સમયના ગુજરાતી ભાષા અને ગુજરાતી સાહિત્ય વિષે કેટલાક પ્રથમ દર્શનેજ થતા વિચારો.

(ચલુ પૃ. ૫૧ થી.)

હાલની ગુજરાતી ભાષાના અનેક સ્વરૂપ દેખાય છે. પારસી લેખકો મરાઠામાં આવ તમ લખ્યા જાય છે, કાલક્રમે તેમની ભાષામાં સુધારો થતો જાય છે છતાં હજી બહુજ થોડા એવા પારસી લેખકે ગ્રન્થ જોવામાં આવે છે કે તેની ભાષા પરથી લખક પારસી છે એમ જણાયા વિના રહે. સંસ્કૃત જાણનારા ગુજરાતી લેખકો અપરિચિત સંસ્કૃત શબ્દથી ભરપૂર ભાષા વાપરે છે. કવિ નર્મદ, નવલરામ, ને નરસિંહરાવ, વગેરે અગાઉના શિષ્ટ લેખકોએ સંસ્કૃત શબ્દોનો પુષ્કળ પ્રયોગ કર્યો છે. પરંતુ તે શબ્દોમાંનો ભાગ્યેજ કોઈ, સંસ્કૃત ન ભણેલા એવા પણ સરકારી વાચકને અપરિચિત લાગે એવો છે હાલના લેખકો અપરિચિત શબ્દો વાપરવામાં પાડિસની વૃત્તિ સંતુષ્ટ કરતા જણાય છે. અંગ્રેજી શૈલીના નિત્રણથી પણ ભાષા દૂષિત થાય છે આવા ઉદાહરણો ઘણા પુસ્તકો ન માસિકોમાંથી મળી આવે એમ છે અત્ર દિગ્દર્શનજ કરૂં છું —

'કોઈ કોઈ ઘરમાં એક અથવા વધારે ભાયડીઓ બેસીને ઘરમાના લાંબી નુસ્ત પર મુએલા માણસને વારસે અમથો રાગડો કાઢી જુઠુ રડવા લાગી. તેઓની આખ તેઓના મોને જવાબ દેતી નહતી.' (ગામાસ શૈલીનું અનુકરણ)

'તે માટે હેમનો એક સંચિત નિયમ જવાબદાર જણાય છે.' (અંગ્રેજી શૈલીનું અનુકરણ)

'તો એ સાધન વિનાજ મૂળ શબ્દમાં ભાષાના નિયમોને આધારે ઘટિત ફેરફાર કરીને રસિકતાને બાધ ન આવતા એ કલ્પનાની સિદ્ધિ થાય તો વિશેષ સારમ્યજ છે' ('કરીને' એ શબ્દને લીધે રચના ક્રિષ્ટ થાય છે; 'કરવાથી' કે 'ફેરફારથી' હોય તોજ ભાષા બરોબર થાય 'કરીને' એ રૂપથી કર્તાનો સબંધ આગળ આવશે એવી આકાક્ષા રહે છે તે તૃપ્ત થતી નથી).

'પરદેશીય વસ્ત્રાદિથી બહિર્ ગલિત પાદ, કટિ, ગ્રીવ, ગળુ, મસ્તક થયેલુ એવા કેટલાક જનો આપણા જોવામા આવે છે, તેવું અનુકરણ કરનારા નહિ હતા'

સામાન્ય લેખોમાં સંસ્કૃત ન જાણનારા શિષ્ટ વાચકો સમજી શકે એવાજ સસ્કૃત શબ્દોનો પ્રયોગ થવો ઇષ્ટ છે. વિશેષ અપરિચિત શબ્દોના પ્રયોગથી તે લેખ ગુજરાતી વાચકોને નકામો કઠણ થઈ પડે છે. 'નાટકવિષયક લોકોત્સાહ' ને બદલે 'નાટક વિષે લોકોત્સાહ' કહેવાથી અર્થમા ફેર પડતો નથી ને બધા વાચકો સમજે એવું થાય છે 'સવિશેષ' ને બદલે 'વિશેષ' શબ્દ શો ખોટો છે? 'વિશેષ' એ ગુજરાતીમાં વિશેષણ તરીકેજ બહુધા વપરાય છે ને સસ્કૃતમા વિશેષણ છેજ, તો એને નામ ગણી એના પરથી 'સવિશેષ' વિશેષણ બનાવવું એ કેટલું ઊંધુ છે!' 'ન્યૂનતા' ને બદલે 'ઊનતા' શબ્દ પણ ગુજરાતી ભાષાના વાચકને તો અપરિચિતજ લાગે છે.

ભાષા વિષે કેટલાક વિચાર દર્શાવ્યા હવે સાહિત્ય વિષે થોડુક કહું છું.

કાવ્યો—'કવિ અને કાવ્ય' વિષે વિસ્તૃત લેખ 'શાળાપત્ર' ના એપ્રિલના અકમા× આપ્યો છે; તેમાં એ સબધી મારા વિચારો સપ્રમાણ દર્શાવ્યા છે શબ્દચમત્કૃતિ તેમજ અર્થચમત્કૃતિ બંને વિના કાવ્ય બનતું નથી શબ્દ, રચના, અને કલ્પના એ ત્રણે કાવ્યના અગભૂત છે ને એ ત્રણે ચમત્કારી હોવા જોઈએ. એક પણ દુષ્ટ પદ કે રચનાનો પ્રયોગ ન જોઈએ, કેમકે ગમે તેવું સુંદર શરીર પણ કોઢના એક ડાઘાથી કદ્રૂપુ થાય છે, માટે અલ્પ પણ દોષની ઉપેક્ષા ન કરવી

× ગયા વર્ષના એપ્રિલના અકમાં સમજવુ

આવું સુંદર કાવ્ય બનાવવા માટે પ્રતિભા, શિષ્ટ કવિની કૃતિનું ચિરપરિશીલન અને વ્યવહારજ્ઞાન આવશ્યક છે જે કાવ્ય વિદ્વાન્‌થી આરંભી સ્ત્રી અને બાલપર્યન્ત સમજી શકે, વિદ્વાન્ સહૃદય હોય તો પ્રતિપ્રસંગે નવીન ચમત્કાર ને ધ્વનિ અનુભવે, સ્ત્રી અને બાળકો પોતાની શક્તિ પ્રમાણે સમજે, પરંતુ કોઈને પણ ક્લિષ્ટ ન લાગે એવું પ્રાસાદિક કાવ્યજ ઉત્તમ છે. હાલ ઘણાં કાવ્યો રચાય છે તેની આ દર્શાવેલી રીતે પરીક્ષા કરવી. આપણા પુરાણોએ પ્રતિપાદન કરેલાં જે લક્ષણ આપણામાં ચિરકાળથી રૂઢ થયા હોય, તેનો તિરસ્કાર કરી પાશ્ચાત્ય પદ્ધતિ અનુસરવી, આરંભમાં નાયકનાયિકાનું જે સ્વરૂપ કલ્પ્યું હોય તે તજી દઈ અન્ય સ્વરૂપ કલ્પવું, એકજ સ્થળે કુમારિકા ને મુગ્ધા કે મુગ્ધા ને પ્રૌઢા નાયિકાનું વર્ણન સંકીર્ણ કરવું એ સહૃદયને તો ઉપહાસનીયજ છે. પ્રસાદ, માધુર્ય, કે ઓજસ્ વિનાના જે જે રસને જે જે ગુણ યોગ્ય છે તેમ યથાયોગ્ય તે તે ગુણ વિનાનાં-છન્દોભંગ, યતિભંગ, શ્રુતિકટુત્વ વગેરે દોષયુક્ત પદ્યો એ કાવ્ય નથી જેની રચના ક્લિષ્ટ છે, જેનો અર્થ દુર્બોધ છે, એ પદ્યો (બહુધા અંગ્રેજી કાવ્યોનાં ભાષાન્તર, પણ અંગ્રેજીમાં જેવા સરળ છે તેવાં સરળ નહિ) કાવ્યસંજ્ઞાને યુક્ત નથી અને અમુક મંડળમાં ગમે તેટલા પ્રિય થાઓ, પણ લોકપ્રિય થવાનો સંભવ મને તો લાગતો નથીજ.

જીવનચરિત્રો—જીવનચરિત્ર, નાટક, નવલકથા તથા સાહિત્યનાં અન્ય અંગો વિષે વિસ્તારથી અત્ર વિવેચન થઈ શકે એમ નથી. ઉત્તમ સ્ત્રીપુરુષનાં જીવનચરિત્રો વાચકને આદર્શરૂપ છે, સંપત્તિમાં અનુત્સેક, વિપત્તિમાં ધૈર્ય, સ્વાશ્રય, અંગીકાર કરેલાં કાર્યમાં ગમે તેટલાં વિઘ્નો આવે તોપણ તેનો નિર્વાહ કરવા, પવિત્ર વિચાર, પવિત્ર કર્મ અને પવિત્ર વાણી એમ પરસ્પર સુમતિ જાળવવી-આ અને એવા અનેક લાભ ઉત્તમ જીવનચરિત્ર વાંચવાથી થાય છે. એવા જીવનચરિત્રોની ગુજરાતી ભાષામાં મોટી ખોટ છે. પ્રથમ તો જીવનચરિત્રો લખવાના સાધનો હોતાં નથી. આપણામાં નોંધપુસ્તક રાખવાનો પ્રચાર નથી. મિત્રો પણ એવા ચરિત્રો લખવાના ઉદ્દેશથી ઝીણી ઝીણી બાબતો વર્તનને લગતી બાબતોનું અવલોકન કરી નોંધી રાખે એવો આપણામાં સંપ્રદાય નથી. આવી સ્થિતિમાં

ઉત્તમ જીવનચરિત્રો ક્યાથી લખાય ? જાહેર વર્તનથી મનુષ્યનો ખરો સ્વભાવ સમજાતો નથી, કેમકે જાહેર વર્તન તો બહુધા સારૂંજ હોય. પરતુ કુટુમ્બ પ્રત્યે, ને સ્વજનમડળ પ્રત્યે તેનું વર્તન જાણ્યા વગર તેના ગુણદોષની પરીક્ષા થઈ શકે નહિ વળી ચરિત્રલેખકનો હેતુ પોતાના નાયકની સ્તુતિ કરવાનોજ ન હોવો જોઈએ. તેણે વિવેચક થઈ ગુણની સ્તુતિ ને અવગુણની નિન્દા યથાયોગ્ય કરવી જોઈએ આવા જીવનચરિત્રો ગુજરાતી ભાષામા જણાતા નથી

નાટકો—સામાન્ય વિચાર કરતા હાલના નાટકોની નિન્દા કરીએ તો તે કઈ ખોટુ નથી એથા ફાયદો થોડાને ને ગેરફાયદો ઘણાને થાય છે. દ્રવ્યની હાનિ, કાલક્ષેપ, મિથ્યા જાગરણ ને તેથી થતું શરીરને નુકસાન, મલિન ભાવના ને દુર્વૃત્તિની પ્રેરણા—આ બધા દુકામ એનાં દુષ્ટ પરિણામો છે ઘણા નાટકકારોને પોતાની જવાબદારીનો ખ્યાલ નથી. તેઓ સ્વાર્થનીજ દૃષ્ટિ રાખે છે ઉત્તમ પદ્ય, તરણ ને દેખાવડા પાત્રો, શૃંગારના ગાયનો, શૃગારના હાવભાવના અભિનયની ચાતુરી, હાસ્ય ઉત્પન્ન કરે એવી દુષ્ટ ચેષ્ટા ને ભાષણો વગેરેથી પ્રેક્ષકોની નીચ વૃત્તિ સતુષ્ટ કરવી એજ નાટકની કપનિઓનો આશય જણાય છે. આ આશયનું તેમજ ઉપર જણાવેલી અનેક હાનિનું કઈક ભાન થયે પ્રેક્ષકોનું મન એ વિષયથી સહજ વિરક્ત થતું જણાયું એટલે નાટકની કપનિવાળાઓએ ભક્તિના નાટકો દાખલ કર્યા પરતુ એમા પણ શૃગાર, ફારસ, વગેરે દુર્વૃત્તિ ને નીચ ભાવનાઓ સતોષનારા તત્ત્વો તો ખરાજ, તે ન હોય તો પ્રેક્ષકો રાજી થાયજ નહિ. આમા પ્રેક્ષકોનો પણ દોષ છે તેમની દુર્વાસનાને લીધે તેઓ સારો બોધ લેવાને બદલે નઠારોજ લે છે. પણ તેમને સુધારવા એ કપનિનું કામ છે, માટે નાટકકારો ને નાટકની કપનિઓ નીચેની બાબતો લક્ષમાં રાખે તો નાટકથી થતી હાનિઓ ઓછી થાય ને એનાં ઉચ્ચ ફળો પ્રાપ્ત થવાનો સુદિન પાસે આવતો જાય—

(૧) આનન્દની સાથે કઈ પણ સદુપદેશ ગ્રહણ કરીનેજ પ્રેક્ષકો પાછા જાય એવી નાટકની રચના તથા અભિનય હોવાં જોઈએ.

(૨) સારો દાખલો ગ્રહણ કરતા વાર લાગે છે, પણ નઠારો પાશ

જલદી વળગે છે એ મનુષ્યમાત્રમા જોવામા આવે છે—આ પર લક્ષ રાખી ઉચ્ચ વૃત્તિઓ સતોષાય એવોજ પ્રયત્ન કરવો

(૩) નાટકો સરકારી ને નીતિમાન્ લેખકો પાસે રચાવવાં.

(૪) ઉઘાડો શૃગાર ને તેનો અભિનય અવશ્ય વર્જવા

(૫) સહજ પણ નીચ વૃત્તિ સતોષાય તેવા અભિનય કે ગાયનો માટે પ્રેક્ષકવર્ગ 'વન્સ મોર'નો નાદ કરે તો તેને લેખવવોજ નહિ.

(૬) ઉચ્ચ ઉપદેશ મળે એવા અભિનય ને ગાયનોની સભાપણ આદિ યુક્તિપ્રયુક્તિથી એવી ઉત્તમ વ્યવસ્થા કરવી ને નાટકના વસ્તુમાજ તેની યોજના એવી સરસ લાવવી કે 'વન્સ મોર'ના નાદ વગર પણ બે ત્રણ વાર ભજવી ને ગાઈ શકાય.

(૭) બને ત્યાસુધી સારા ચિત્રોજ પ્રેક્ષકસમીપ મૂકવા, નઠારા મૂકવાજ નહિ

(૮) 'શ્રીકૃષ્ણ', 'બ્રહ્મા', 'શકર', 'અબિકા' જેવા દેવો ને દેવીના વેષ રગભૂમિ પર કદી પણ ભજવવા નહિ દેવદેવીના વેષની જરૂરજ પડે તો તેમની છાબીજ ભરાવી તેમણે કરેલી સહાયતાના ફળજ દર્શાવવા

નવલકથા—હવે નવલકથા વિષે સક્ષિપ્ત વિવેચન કરૂ છું. નવલકથાના પુસ્તકો ઘણા લોકપ્રિય થાય છે ને તેવા પુસ્તકો હાલમાં ઘણાજ રચાય છે બાગ્યેજ કોઈ પણ માસિક કે વર્તમાનપત્ર નવલકથા વિનાનું હોય છે નવલકથાકારનો આશય સૂક્ષ્મ અવલોકન કરી જુદા જુદા ચિત્રો આલેખી સદુપદેશ આપી સમાજમા અનેક પ્રકારના સુધારા કરવાનો છે તેની નીતિ, રીતિ, વોરેમાં જે કઈ ખામીભરેલુ હોય તે દૂર થાય ને તેની ઉન્નતિ થાય એવા લેખો લખવાનો હોવો જોઈએ. હાલ તો ઘણી નવલકથાઓમાં આથી ઉલટુજ જોવામા આવે છે કેળવાયલા કુમાર ને કુમારિકાઓનો ચિતાર આપી, પાશ્ચાત્ય રીતિને અનુસારે તેમનો સમાગમ કરાવી તેમની વચ્ચે પ્રેમ ઉત્પન્ન કરાવવો ને ગાઢ તેમનો સબંધ કરવા આનાકાની કરે તો પુરુષને પરદેશ મોકલી દેવો ને સ્ત્રીને પ્રેમના ત્રાપથી તપેલી વર્ણવી માંદગીની શય્યામાં નાંખવી, પુરુષને દેશાટન કરતો કરતો પોતે વરેલી સ્ત્રીના ગામમા લાવી તેને સા વડીલજનોની લાજ કે મર્યાદા છોડી પુન સમાગમ કરાવવો, ને એ રીતે માદગીનો ચાન લાવી તેમને

જોડવાં—આવા આવાં અનેક તરેહનાં ચિત્રો કલ્પવામાં આવે છે. કેવળ પાશ્ચાત્ય રીતિના અનુકરણથીજ સમાજમા સુધારો કદી થનાર નથી એ વાત ગ્રન્થકારોના લક્ષમા રહેતી જણાતી નથી. જે જે દુષ્ટ રિવાજો ને હાનિકર સપ્રદાયો સમાજમાં દાખલ થયા હોય તેની નિંદા કરી ઉન્મૂલન કરવા પ્રયત્ન કરવો એ નવલકથાકારનો ધર્મ છે. પરતુ શું હાનિકર છે ને શુ નથી એનો ઊંડો વિચાર કરીનેજ એવો પ્રયત્ન કરવો લજ્જા, મર્યાદા, પાતિવ્રત્ય, ગૃહતન્ત્ર ચલાવવાની ચાતુરી, ગૃહકાર્યમાં કુશળતા, ઇત્યાદિ સ્ત્રીઓના ભૂષણ છે, એ ગુણોના અભાવવાળી સ્ત્રીઓને સમાજની ઉન્નતિ કરનાર તરીકે વર્ણવવી એ હિંદુ ધર્મ અને હિંદુ સમાજના નિયમોનુ અજ્ઞાનજ છે

ગુજરાતી સાહિત્ય હજી ઘણુંજ દરિદ્ર છે. તેને અનેક રીતે સમૃદ્ધ કરવાની જરૂર છે હાલમા ભાષા કેળવવા તરફ ઘણાઓનું લક્ષ ખેચાયું છે, પણ કવિ નર્મદે જેમ એ કામમા અતિપરિશ્રમ લીધો ને જીવન અર્પણ કર્યું તેવા પરિશ્રમ ને તેવી સરસ્વતીસેવા વિના એ કામ બનવું મુશ્કેલ છે. હાલના સમયમા લેખોની, વર્તમાનપત્રોની, માસિકોની કે પુસ્તકોની ખોટ નથી; પણ સંગીન વિચારવાળાં પ્રૌઢ પુસ્તકોની ને લેખોની ખોટ છે કવિ નર્મદે કોશ જે સ્થિતિમા મૂક્યો છે તેજ સ્થિતિમાં હજી છે. ગુજરાતી વ્યાકરણનો શાસ્ત્રીય ગ્રન્થ નથી સાહિત્યનો ઇતિહાસ નથી, કાવ્યસાહિત્યના સગ્રહો બહાર પડયા છે, પણ તેમા સગ્રહ કરનારાઓએ જે રુચ્યા તે કાવ્યો આપ્યાં છે. શબ્દકોશોમા પણ સ્થળે સ્થળે દોષો નજરે પડે છે ને અંધરાં શબ્દોના અર્થ જોવામા આવતા નથી. જુદા જુદા કવિઓના ગ્રન્થોની સશોધિત અને સટીક આવૃત્તિઓ પ્રસિદ્ધ થવાની જરૂર છે. જુદા જુદા પ્રાકૃતિક વિદ્યાના વિષયો પર સરળ ભાષામા સામાન્યિક આવૃત્તિઓ થવી જોઈએ; તેમજ પાશ્ચાત્ય અને પ્રાચીન સાહિત્યમાથી અનેક ઉપયોગી વિષયોનું વિવરણ કરનારા ગ્રન્થો પણ આવશ્યક છે. ઇતિહાસ, ભૂગોળ, પ્રાકૃતિક વિદ્યા, ભાષા, કાવ્યશાસ્ત્ર, વગેરેમાંના કોઈ પણ વિષય પર જોઈએ એવા પ્રૌઢ ગ્રથો નથી પાશ્ચાત્ય ભાષામા અનેક વાચનમાળાઓ એકએકથી ચડતી હોય છે ત્યારે ગુજરાતીમાં સરકારી વાચ-

નમાળા સિવાય અન્ય છેજ નહિ. હજી ઘણા અંગ્રેજી ને સંસ્કૃતના ઉત્તમ ગ્રંથોના ભાષાંતરો થવાનાં બાકી છે. આ પ્રમાણે સાહિત્યની અનેક રીતે સેવા થવાની જરૂર છે. હાલ તો ઘણું ઉપલકીઉં કામ, જેમા પરિશ્રમ બહુ પડે નહિ ને ખ્યાતિ સહજ મળે એવું કામ કરવા તરફ ઘણાનું ધ્યાન છે. ખ્યાતિનો માર્ગ સરળ કરવા માટે લેખકોએ પોતાનાં મંડળો બાંધ્યાં છે. પરસ્પર સહાયતાથી તેમને પ્રસિદ્ધિ પ્રાપ્ત કરતા બાધ આવતો નથી. ગ્રન્થાવલોકનો પણ એવીજ દૃષ્ટિથી થાય છે. ગુજરાતી ભાષામાં યોગ્ય ગ્રન્થાવલોકનો કરી ગ્રન્થકારોને રસ્તે ચડાવનાર, સૌમ્ય ને વિનીત ગ્રન્થકારને વિનયથી ઉપદેશ કરનાર અને ધૃષ્ટ ને પડિતંગન્યની ધૃષ્ટતા ને પડિતાઈ ઉઘાડી પાડી ઠેકાણે લાવનાર અવલોકનકારની ઘણી જરૂર છે. 'માસિકો' ને 'વર્તમાનપત્રો'માં જે અવલોકનો આવે છે તે જુદે જુદે હાથે, બહુધા મિત્રોને હાથે, લખાયલા આવે છે. આવા લેખોને માટે, આ રીતે, કોઈ જવાબદાર જણાતું નથી શિષ્ટ લેખકના પણ અવલોકનો કચિતજ પક્ષપાતથી રહિત હોય છે. જો તે લખાણ 'તટસ્થ' પુરુષનુ હોય છે, ને તેમના મંડળમાંના કોઈનું હોતું નથી તો, જનમંડળને પ્રિય લાગે છે તોપણ એવા લેખકોને તે પ્રિય લાગતુ નથી. જ્યા આવી દૃષ્ટિથી કામ થાય છે ત્યાં સાહિત્યની સેવા માટે ભારે કુતૂહલ મચી રહ્યું છે તે સર્વત્ર લાલસા દર્શાવાય છે તોપણ ઉચ્ચ આશા ક્યાંથી રહે ? વળી અવલોકનકારો સમગ્ર ગ્રન્થ સૂક્ષ્મ દૃષ્ટિથી વાચવાનો પરિશ્રમ લેતા ભાગ્યેજ જણાય છે. એકાદ વાકયને પકડી તે લખવાના ઉદ્દેશ તરફ લક્ષ આપ્યા વિના, પૂર્વાપર્વનો સંબન્ધ જોયા વિના જેવી સૂઝે તેવી ટીકા કરવી, લેખ પર ટીકા કરવાને બદલે લેખકને જે વિશેષણો યોગ્ય લાગે તે લગાડવાં ને ઉપલકીઆં લખાણથી તેમજ નામની મહત્તાથી છેતરનાર, સ્વતન્ત્રવિચારશૂન્ય, યુવકવર્ગને પોતાના પાંડિત્યથી આંજનાર ટીકાકારોની આ જમાનામાં ખોટ નથી. મૂળ લેખક જો પોતાના લેખનું સમર્થન કરે તોપણ તે તરફ લક્ષ આપવુંજ નહિ, પોતે જે ટીકા કરી હોય તેને વળગી રહેવું, પોતાનો કક્કોજ ખરો કરવો, ને લેખકને વાચકવર્ગ આગળ સાધારણ બાબતથી પણ અજ્ઞાન, મૂર્ખ આલેખ્યાજ કરવો, એ પ્રયત્નમાં લગાર પણ શિથિલ ન થવું, અન્તિમ વિજયસ્તંભ પોતાનોજ રોપવો એ આવા ટીકાકારોનું લક્ષ્ય છે. અવલો-

કનના સામાન્ય નિયમો પણ તેમની દૃષ્ટિબહાર હોય એમ જણાય છે.

गुणदोषौ बुधो गृह्णन्निन्दुस्त्वेडाविवेश्वरः ।
शिरसा श्लाघते पूर्वं परं कण्ठे नियच्छति ॥
गच्छतः स्खलनं क्वापि भवत्येव प्रमादतः ।
हसन्ति दुर्जनास्तत्र समादधाति पण्डिताः ॥

જેમ ચન્દ્ર અને વિષનું ગ્રહણ કરી શિવજી ચન્દ્રને મસ્તકે ધારણ કરે છે ને વિષને કંઠમાં રાખે છે, તેમ વિદ્વાને ગુણ ને દોષનું ગ્રહણ કરી ગુણને માથે ચઢાવવો, ને દોષને કંઠમાં રાખવો, બહાર નીકળવા ન દેવો. ચાલતા ચાલતા પ્રમાદથી ચાલનારને ક્યાંચિત્ ઠોકર વાગે છે, લેખકની કૃતિમાં દોષ પણ થાય-ત્યાં દુર્જનો હસે છે પણ પંડિતો તેનું સમાધાન કરે છે.

એ શ્લોકોમાં કહેલી ઉદારતાની આવા અવલોકનકારોમાં આશા જ કયાંથી ?

વળી આધુનિક સમયમાં વ્યાજસ્તુતિવાળી એક લેખનશૈલી ઉભી થઈ છે. શિષ્ટ લેખકોને તે ઘણી પ્રિય જણાય છે અમુક ભાષણ કે લેખ ઘણો સારો છે, અમુક પુરુષ આ કામને માટે યોગ્ય છે, એમ તેની અનેક વિશેષણોથી સ્તુતિ કરવી, ને પછી પોતાનું ખરૂં હાર્દ જણાવનાર લેખભાગ 'પરંતુ' કે એવા કોઈ શબ્દથી આગળી આપવો કે 'અર્ધદગ્ધ પુરુષોને એ લેખથી ઘણો લાભ થશે,' 'વિદ્વત્તામાં તો અન્ય પુરુષ છે પણ એમના અનુભવનો લાભ લેવો જોઈએ' આવું કંઈક લખવાનો પ્રચાર શિષ્ટ લેખકોને માન્ય થઈ પડ્યો જણાય છે વિનય દર્શાવવામાં પણ આત્મસ્તુતિ ખરીજ. આવીજ વ્યાજસ્તુતિથી કે વિનયના ભાસથી ઉપવકિયા વાચકો છેતરાય છે ને લેખકની વૃત્તિ સંતુષ્ટ થાય છે પરંતુ આમ અપવિત્ર હૃદય રાખવું ને સત્ય લાગે તેવું લખાણ લખવાની કે તેવું બોલવાની ભીતિ રાખવી-એ યોગ્ય છે કે નહિ તે હરકોઈ સમજી શકે એમ છે.

હમણાં આ રીતે ભાષા અને સાહિત્યની હાલની સ્થિતિ સંબંધી કેટલાક વિચાર દર્શાવ્યા હાલમાં ગુર્જરગિરાને કેળવવાને માટે તથા સંસ્કારી અને સમૃદ્ધ બનાવવા માટે જાગૃતિ પ્રસરી રહી છે અને બધા કટિબદ્ધ થયા છે તેવે પ્રસંગે આ લેખ માર્ગસૂચક થશે એવી આશા છે.

ત્રીજી ગુજરાતી સાહિત્યપરિષદ્.

અમે પૂર્વ અંકોમાં સ્વાગતમંડળના પ્રમુખ અ. સૌ રાણીશ્રી નંદકુંવરબાનું તેમજ પરિષદ્‌ના પ્રમુખ દિ. બા અંબાલાલભાઈનું ભાષણ આપ્યું છે એ ભાષણો વિષે ક્વચિત્ ક્વચિત્ પૃષ્ઠની નીચેના ટિપ્પણોમાં ભાષા અને વિચાર સંબંધી અમારી ટીકા પણ અમે આપી ગયા છિયે. વળી એમ પણ એક સ્થળે કહ્યું છે કે એ ભાષણો પૂરાં છપાઈ રહ્યા પછી એ વિષેનો તેમજ સાહિત્યપરિષદ્‌નાં કાર્ય અને કર્તવ્ય વિષેનો અમારો નમ્ર અભિપ્રાય આપીશું અમે દિલગીર છિયે કે આવી ટીકા કે અભિપ્રાય આપવાનું કોઈ માસિક કે ત્રૈમાસિક ચોપાનીઆના તન્ત્રીએ યુક્ત ધાર્યું નથી એના કારણો શોધવાં પડે એમ નથી. તે સર્વ સમજતા જણાય છે, માટેજ તે દર્શાવવાની અમારી ઇચ્છા નથી. માત્ર એક બે સાપ્તાહિક પત્રો સિવાય, સાહિત્યપરિષદ્‌ના કાર્ય પર પણ કોઈ પત્ર કે માસિકે ટીકા આપી નથી શું સાહિત્યપરિષદ્‌ના કાર્ય યોગ્ય દિશાએજ થાય છે ને તેમા સુધારાનો અવકાશજ નથી ? શું એ પરિષદ્‌નાં કાર્યથી ગુજરાતી સાહિત્યના સર્વ સેવકો સંતુષ્ટ છે ? એ એકદેશી મંડળ છે કે સર્વદેશી ? એની કાર્યપદ્ધતિ એકદેશીય છે કે સર્વદેશીય ? સાહિત્યના સર્વ ઉપાસકો સંતુષ્ટ હોય તો વર્તમાનપત્રોમા તન્ત્રીના નહિ, પણ અન્ય લેખકોના અસંતોષ ને ફરિયાદના પત્રો આવેજ નહિ એક લેખકે તો સાહિત્યપરિષદ્‌ના અગ્રેસરો કે કાર્યવાહકોને પોતે લખેલી ટીકાનું અસત્ય સિદ્ધ કરવા કે અન્ય રીતે તેનુ ખંડન કરવા ખુલ્લી રીતે આહ્વાહન કર્યું હતું, પણ અગ્રેસરોએ તે પર લક્ષ આપવું કે તેનો ઉત્તર આપવો, એમાનુ કંઈ પણ યોગ્ય ધાર્યુંજ નથી. ગમે તેમ હો, પણ અસંતોષ તો છેજ, સાહિત્યપરિષદ્‌નું કાર્ય સર્વ સાહિત્યસેવકોને રુચતું નથીજ. આ પ્રમાણે સાહિત્યપરિષદ્ સ્વસ્થ પ્રકૃતિમાં નથી, તેને વિકાર થયા છે, એમ કોઈ પણ પુરુષ ચિકિત્સાથી જાણી શકે છે. એ વિકારમાથી તે મુક્ત થાય એવા શુભ ઉદ્દેશથીજ અત્ર સક્ષેપમા ઉપચાર કહેવામાં આવે છે

પ્રમુખનાં ભાષણો—એકંદર, અમને રાણીશ્રી નંદકુંવરબાના નામથી પ્રસિદ્ધ થયલું ભાષણ પસંદ પડ્યુ છે. એના લેખકે સાહિત્યપરિષદ્‌ના અ-

ભ્યાગતોનો યોગ્ય સત્કાર કર્યો છે. આરંભમાં પોતાનો વિનય દર્શાવી, ગુજરભાષાનું ગુર્જરમાતા તરીકે નિરૂપણ કરી, ધર્મ, અર્થ, કામ અને મોક્ષને ભાષાદેવીના પાદ, હસ્ત, ઉરસ્સ્થળ અને નાસિકા, એ ચાર અંગનાં ક્રમિક ભૂષણો વર્ણવી તે ભૂષણો પૂરાં પાડવા તેના પુત્રોને—સાહિત્યના સેવકોને વિનતિ કરી છે આ પ્રમાણે સાહિત્યનો સર્વ દિશામાં વિકાસ કરી તેને પૂર્ણ કળાએ ખિલવવા તેમણે સાહિત્યપ્રેમીઓને ઉપદેશ કર્યો છે; અને સાહિત્યના ચાર યુગ કલ્પી હાલના યુગને સત્યયુગ કહ્યો છે; કેમકે સાહિત્યની સેવા કરવા ઘણા પુરુષો તૈયાર થયા છે ઉપસંહારમાં કાઠિયાવાડનું ઐતિહાસિક સ્વરૂપ દર્શાવનાર, પ્રૌઢ વાક્યમા પુન. સર્વ અભ્યાગતોને આવકાર આપી ગુર્જર ભાષાનું ગૌરવ વૃદ્ધિ પામે એવી ઈશ્વરની પ્રાર્થના કરી છે.

સ્વાગતમંડળના પ્રમુખનું કામ આવકાર દેવાનું અને સાહિત્યનું ચિત્ર આલેખી તેનું દિગ્દર્શન કરાવવાનુ છે તે પ્રમુખે ઉત્તમ રીતે કર્યું છે. તેમના લેખમા જ્યા જ્યાં ગુણદોષ ખાસ વિવેચન કરવા જેવા માલમ પડ્યા સા સા પૃષ્ઠમા નીચેના ટિપ્પણોમા કહ્યુ છે; એટલે વિશેષ કહેવાનું રહેતું નથી. માત્ર એટલુંજ કહેવું જરૂરનું છે કે સાંપ્રત સમયને પ્રમુખે સત્યયુગ કલ્પ્યો છે તે 'સ્વાગત' કહેનાર પ્રમુખના મુખમાં શોભે છે, પણ એ ચિત્ર વાસ્તવિક નથી. યાદ રાખવું કે સેવા કરવા ઉત્સુક રહેવાથી કઈ સેવા થતી નથી. સેવા કરવી હોય તો સેવા કરવાનો શ્રમ પણ લેવોજ જોઈએ. માત્ર સેવા કરવાનો આડંબર રચવાથી સેવા થતી નથી. આડંબર કરવા કરતાં સેવા કરવામા જે શ્રમ વેઠવો પડે છે ને જે ધ્યાન આપવાની ને બુદ્ધિ વાપરવાની જરૂર પડે છે તે ધ્યાન ને બુદ્ધિનો ઉપયોગ કરી ફળ કે પરિણામથીજ જનમંડળને સેવા દર્શાવી આપવી એ વધારે પ્રશંસનીય છે; એજ સાહિત્યની ખરી સેવા છે ને એજ તેને શ્રેયસ્કર છે. એવું થશે ત્યારેજ સાહિત્યનો ખરો સત્યયુગ થયો સમજવો. ત્યાલગણ તો આત્મપ્રશંસાથી કે અન્યોન્ય પ્રશંસાથી સંતુષ્ટ થતુ હોય તો ભલે, પણ સાહિત્યનું કઈ વાસ્તવિક શ્રેય નથી. જ્યાસુધી સાહિત્ય દરિદ્ર છે, ને તેમા ઊંચા પ્રકારનાં પુસ્તકો નથી—નથી શાસ્ત્રીય વ્યાકરણ, કે નથી કોષ, નથી સાહિત્યનો ઇતિહાસ, કે નથી પ્રાચીન કાવ્યોની સારી આવૃત્તિઓ, નથી

શાસ્ત્રીય પ્રાકૃતિક શાસ્ત્રના પુસ્તકો કે નથી સંસ્કૃતમાં કાવ્યપ્રકાશ, સાહિત્યદર્પણ આદિ અનેક પુસ્તકો છે તેવા કાવ્યશાસ્ત્રના ગ્રન્થો, ઇત્યાદિ, ઇત્યાદિ—જ્યાસુધી આમાંનું કંઈ નથી, ત્યાસુધી કલિયુગ કે અંધકારનો યુગજ સમજવો. એ બધામાંથી કોઈ પણ પ્રકારની ન્યૂનતા પૂરી કરનારજ સાહિત્યનો સેવક છે, વાક્પ્રલાપ કરનાર કે ઘોઘાટ કરી બહુ કરીએ છીએ એમ દર્શાવી ખોટું માન ખાટી જવા પ્રયત્ન કરનારા સાહિત્યના સેવક નથી. ખરા સાહિત્યના સેવક ઘણા થશે ત્યારેજ સત્યયુગ વ્યાપ્યો કહી શકાશે, ત્યાં લગણ નહિ.

સાહિત્યપરિષદ્ના પ્રમુખ દિ બ. અમાલાલભાઈનું ભાષણ વ્યવહારદૃષ્ટિથી તૈયાર થયલું જણાય છે. આવાં મંડળના પ્રમુખના ભાષણમાં જેવી વિદ્વત્તાની પ્રસાદી, ભિન્ન ભિન્ન પ્રાચીન ને અર્વાચીન ગ્રન્થકારોના પ્રમાણભૂત વાક્યોના ઉલ્લેખ વગેરેના સત્કારથી જેવા પ્રૌઢત્વની કોઈ આશા રાખે તેવું કશું જોવામાં આવતું નથી. પણ અમારા નમ્ર વિચાર પ્રમાણે એથી ભાષણના આહ્લાદકત્વમાં ન્યૂનતા આવે છે, પણ તેથી કંઈ તેમાંના વિચારોની યોગ્યતા ઓછી થતી નથી, જેમ સુંદર શરીર અલંકારોથી વધારે શોભે છે; તેમ ભાષણકર્તાના સગીત વિચારો ને ઉત્તમ ભાષા અન્ય ગ્રન્થકારોના ઉલ્લેખ વગેરેથી વિશેષ અલંકૃત થાય છે ને પ્રૌઢત્વ પામી શ્રોતાના મનને વિશેષ આહ્લાદક થઈ તે પર ઊંડો સંસ્કાર કરે છે આમાં યાદ રાખવું જોઈએ કે સુંદર શરીરજ આભૂષણથી શોભે છે બેડોળ શરીર પર ગમે તેવાં આભૂષણ હોય તેથી તે બેડોળ મટી સુંદર થતું નથી. તેની ખોડ ઘટાડવાને બદલે આભૂષણો વધારે ખુલ્લી પાડી આપે છે; કેમકે શરીરના સ્વરૂપ જોડે તેમના સ્વરૂપની સગતિ થતી નથી આ પ્રમાણે અલંકાર સુંદર શરીરનેજ શોભાવે છે, બેડોળને નહિ. વળી લગાર વધારે વિચાર કરતા જણાશે કે સુંદર શરીરને આભૂષણની જરૂર નથી. કાલિદાસ કહે છે તેમ ' किमिव हि मधुराणां मण्डनं नाकृतीनाम् '—મધુર આકૃતિને ગમે તે પણ ભૂષણરૂપ થઈ પડે છે અર્થાત્, પ્રમુખના ભાષણમાં અન્ય ગ્રન્થકારના ઉલ્લેખનો સત્કાર કે સાહિત્યને લગતું પાંડિત્યમય સિંહાવલોકન નથી તેથીજ કંઈ એની યોગ્યતા ઓતરી જતી નથી, કે એ કંઈ નિષ્પ્રયોજક થતું નથી. વ્યવહારદૃષ્ટિથી સાહિત્યને લગતા ઘણા

ધોરણોમાં અંગ્રેજી ભાષાનું જ્ઞાન સ્વભાષા મારફતજ આપવું. આ બીજી પદ્ધતિ અમને તો વધારે લાભકારક લાગે છે અગાઉ એજ પદ્ધતિ પ્રમાણે કામ થતુ ને તે સમયે અંગ્રેજી ભાષામાં જ્ઞાન પણ સંગીન મળતુ. હાલમાં 'Direct Method' એટલે વિદેશી કે પર ભાષાનુ જ્ઞાન સ્વભાષાદ્વારા ભાષાન્તરથી કે તે ભાષાનુ વ્યાકરણ શિખવીને નહિ, પણ પરભાષાદ્વારાજ સંભાષણ કરાવીને પ્રત્યક્ષ રીતે આપવાની પદ્ધતિ વખણાય છે. આપણા પ્રલાકામા પણ તે દાખલ થઈ ચૂકી છે અમારા નમ્ર મત પ્રમાણે તો એ 'પ્રત્યક્ષ પદ્ધતિ' મોટી ઉમ્મેરના વિદ્યાર્થીને સ્વભાષા સાથે નિકટ સંબન્ધ રાખનાર ભાષા શીખવામાજ સફળ થઈ શકે જેમકે આપણે 'મરાઠી' શીખતુ હોય કે દક્ષણી ગૃહસ્થે 'ગુજરાતી' શીખતુ હોય તો તેને એ પદ્ધતિ અનુકૂળ પડે. 'અંગ્રેજી' ભાષા સાથે 'ફ્રેન્ચ,' 'જર્મન' વગેરે ભાષાઓનો સબધ, 'ગુજરાતી' ને 'મરાઠી' જેવો છેક નિકટ નહિ, તોપણ 'ગુજરાતી' કે બીજી કોઈ હિન્દની ભાષાને 'અંગ્રેજી' ભાષા સાથે છે તેના કરતા દેખીતોજ ઘણો વધારે છે; તેથીજ તે દેશોમા પ્રત્યક્ષ પદ્ધતિ સફળ થઈ છે આપણા દેશમાં એ પદ્ધતિ તેના સત્ય સ્વરૂપમા સફળ થાય એવી અમને તો આશા રહેતી નથી કિંડર્ગાર્ટન પદ્ધતિ જેમ વિદેશીય રીતને અનુસરતી આપણા દેશને અનુકૂળ નથી એમ સિદ્ધ થઈ ચૂક્યુ છે તેવુંજ આ વિષયમા પણ થવાનો સભવ રહે છે ધિ ઑનરબલ મિ. જી. કે ગોખલેએ પણ દિ. બ. અબાલાલભાઈની પેઠે સ્વભાષાદ્વારા શિક્ષણ આપવાની હિમાયત 'સેનેટ'માં કરી હતી. પણ અમે અમારા વિચાર ઉપર દર્શાવી ગયા છિયે તે પ્રમાણે સ્વભાષામા બધા વિષયોનુ જ્ઞાન છેક અંગ્રેજી છઠ્ઠા ધોરણ સુધી આપી તમા ધોરણમા એજ બધા વિષયોનું જ્ઞાન અંગ્રેજીમાં આપતા ઘણોજ . પડશે. દરેક વિષયના પારિભાષિક શબ્દો શિખવવામા ઘણો શ્રમ કે .. થશે તેના કરતાં સ્વભાષાનાં વ્યાકરણ ને રચના તેમજ ગણિતનું જ્ઞાન સારૂં આપી સારો પાયો બાધવો ને પછી તે પર અંગ્રેજી શિક્ષણની ઇમારત ચણવી, ને તે પણ આરભનાં ચાર ધોરણમાં બધુ શિક્ષણ સ્વભાષાદ્વારા આપીનેજ—આ પદ્ધતિ અમને તો શ્રેયસ્કર લાગે છે. એજ પ્રમાણે અગાઉ કામ થતું ને તે વખતે હાલના જેટલી ફરિયાદ નહોતી અંગ્રેજી પાચમા ધોરણમાં Smith's 'Students' Smaller History of

Grèece, અને છઠ્ઠા ધોરણમાં Smith's 'Students' Smaller History of Rome', જેવાં મોટાં પુસ્તકો શિષ્યો સમજી શકતા. તેમને તરજુમો કરી શિખવવાની જરૂર પડતી નહિ આનું કારણ માત્ર આરંભનું સ્વભાષાનું તેમજ અંગ્રેજીનું ઉત્તમ શિક્ષણ એજ હતું, અન્ય નહિ. આ વિષય વિષે ધાર્યા કરતા પણ વિશેષ વિસ્તાર થવાથી વિરમવુજ યુક્ત છે દિ બ. પ્રમુખે આવા વિષય પર વિશેષ વિવેચન કરી પોતાના વિચારો દર્શાવ્યા હોત તો ઠીક થાત 'શુદ્ધ ભાષા' વિષે પણ દિ. બ. પ્રમુખે પોતાના વિચાર અનિશ્ચિત સ્વરૂપમાજ રાખ્યા છે. એ સબંધી અમે અમારા વિચાર 'બેશક ગુજરાતી ભાષા એ સંસ્કૃતની પુત્રી છે, પણ માની આંગળી પકડી ચાલનાર બાળપુત્રી તે નથી' એ એમના ઉદ્ગાર વિષે આ વર્ષના ૧ લા અંકમા પૃ૦ ૩-૪ દર્શાવ્યા છે, તેમજ ભાષા સંબંધી એમના અન્ય વિચારો વિષે પૃષ્ઠટિપ્પણમા ટીકા કરી છે તેથી એ વિષે ફરી લખવાની જરૂર નથી

'જોડણી' કે 'કોષ' વિષે પણ દિ. બ. અંબાલાલભાઈએ પોતાના વિચાર નિશ્ચિત સ્વરૂપમા કે વ્યાવહારિક રીતે આપ્યા નથી. તેમજ પ્રમુખ તરીકે 'જોડણી' ની કમિટિ નિમાઈ તે સબન્ધમા પરિષદ્‌ના નિયામક થવુ જોઈએ તેમ થયા પણ નથી. પોતે કહે છે કે 'બીજી પરિષદ્‌મા આ પ્રશ્નનો નિર્ણય કરવા એક કમિટિ નીમી હતી તે બેશક બધી બાજુનો વિચાર કરી નિકાલ કાઢશે.' 'માટે એક ધોરણ ઉપરજ બધું જોડણીનું તન્ત્ર રચવાના પ્રયત્ન કરવા કરતા બાધછોડ કરી ઉચ્ચાર, રૂઢિ, સરળતા, વ્યુત્પત્તિ વગેરે સર્વ જુદાં જુદાં બળોને યોગ્ય વજન આપવાથી આ જુના પ્રશ્નનો નિકાલ થવો જોઈએ છે.' આ વિચારો તો સંગીન છે, પણ 'બધી બાજુનો વિચાર કરી નિકાલ કાઢે' એવી કમિટિ બીજી પરિષદે નીમી હતી? વળી તેને ત્રીજી પરિષદ્ મળી તોપણ નિયમો બાંધવાનો અવકાશ ન મળ્યો ને ત્રીજી પરિષદ્‌ને જોડણીના કામ માટે પાછી કમિટિ નીમવી પડી તો તે પરિષદ્‌ના નિયામક તરીકે પ્રમુખનું કર્તવ્ય નહોતું કે એ કમિટિ સર્વદેશીય થાય તે પર નજર રાખવી? જેવા વિચાર એ વિષે પોતે દર્શાવ્યા છે તેવા વિચારથી કમિટિ કામ કરી બાધછોડથી;

નિકાલ કરે એવા વિદ્વાનો એ કમિટિમાં દાખલ કરવા પ્રમુખે કંઈ પણ પ્રયાસ કર્યો નહિ એ અમને ન્યાયબુદ્ધિથી વિરુદ્ધ ને સાહિત્યપરિષદ્ જેવાં વિદ્વાનોના મંડળને ન છાજે એવું-ખાટેજ ઘણું શોચનીય લાગે છે. કમિટિ કેવી હોવી જોઈએ ને કાર્ય કેવી રીતે સફળ થઈ શકે તે વિષે, અમે અમારા વિચાર અન્યત્ર આપ્યા છે (જુઓ પૃ૦ ૪૮) .

ગુજરાતી ભાષાનો પ્રમાણભૂત ગણાય એવો કોશ રચવો એ કામ ઘણું અઘરૂં છે અન્ય વ્યવસાયમાં ન રોકાયલો ને માત્ર સરસ્વતીની ઉપાસનામાજ મગ્ન એવો કોઈ, કવિ નર્મદ જેવો, વિદ્વાન્ એકલે હાથે આ કામ કરી શકે. પણ હાલના વખતમાં સર્વે વિદ્વાનો પોત પોતાના કામમાં ગુંથાયા હોય છે, તેઓમાંથી એકલે હાથે આ કામ બનવું અસંભવિત જેવું લાગે છે કોશ પ્રમાણભૂત કરવા હોય તો તેમાં સંપૂર્ણ શબ્દસમૂહ હોવો જોઈએ, ને શબ્દની શુદ્ધ જોડણી, વ્યુત્પત્તિ, તથા બધા અર્થો પ્રાચીન ગ્રન્થોનાં ઉદાહરણ સાથે જોઈએ. અમે જાણીએ છીએ તે પ્રમાણે આ કામ સારૂં થાય તો સરકાર પણ ઘણી સારી મદદ આપવા તૈયાર છે. દિ બ. અમાલાલભાઈએ કહ્યું કે કોશ રચવાનું કામ ગુજરાત વર્નાક્યુલર સોસાઇટિએ આદર્યું છે. પણ જ્યાંસુધી એ કામને માટે પ્રતિષ્ઠિત વિદ્વાનોની દેખરેખ નીચે બેચાર સારા ગ્રેડયુએટો કે સાગ ગુજરાતી ભાષાના અભ્યાસકોને પગાર આપી રોકવામાં ન આવે ત્યાંસુધી એ કામ બની શકનાર નથી આ ઉપલક વિચારે સૂચના કરી છે. એ વિષે સોસાઇટિએ સારો વિચાર કરી સગીન યોજના ઘડવાની જરૂર છે 'જોડણી' નું કામ સરકાર તરફથી ગુજરાત વર્નાક્યુલર સોસાઇટિને સોંપવામાં આવ્યું હતું બે પ્રતિનિધિઓ સરકારના ને બે પ્રતિનિધિઓ સોસાઇટિના એમ ચાર પ્રતિનિધિઓને જોડણીના નિયમો બાંધવાનું કામ સોંપવામાં આવ્યું હતું પણ બે ચાર વર્ષ થયાં, પણ નિયમો બંધાયા નહિ; ને છેવટે ગુજરાતી વાચનમાળામાં સુધારો કરી નવીન વાચનમાળા રચવાનું કામ મિ. કૉવર્ટનને સરકારે સોંપ્યું ને સરકારે કમિટિ નીમી જોડણીના નિયમો બાંધ્યા. આપણી કમિટિઓનાં કામ આવાં મન્દ છે

આ પ્રમાણે દિ. બ. ના ભાષણ વિષે અમારૂં વિવેચન સમાપ્ત થાય છે. અન્તે એટલું કહેવું ઘણુંજ જરૂરનું છે કે દિ. બ. ના ભાષણની

ભાષા શુદ્ધ, સરળ, અને અનુકરણીય છે હાલના કેટલાક વિદ્વાન્ લેખકો કૃત્રિમ ભાષા વાપરી વાચકવર્ગને ઘણોજ કંટાળો આપે છે તેમણે આ ભાષણની ભાષાનો અભ્યાસ કરવો જોઈએ એવી અમારી નમ્ર સૂચના છે. 'ભાષાશુદ્ધિ'ના અમારા ભાષણમાં તેમજ 'સાંપ્રત સમયના ગુજરાતી સાહિત્યને લગતા પ્રથમ દર્શનેજ થતા કેટલાક વિચારો' એ વિષયના અમારા લેખમાં ભાષા કેવી હોવી જોઈએ તે વિષે અમે વિવેચન કર્યું છે એટલે અહિં તે વિષે કહેવાની જરૂર નથી. દિ. બ. ના વિચારો કેટલેક સ્થળે અનિશ્ચિત ને અસપૂર્ણ છે, કેટલેક સ્થળે ઉપર દર્શાવ્યા પ્રમાણે અમને માન્ય નથી તેમજ એમની ભાષામા કોઈક કોઈક શબ્દો વિષે પણ ટીકા કરી શકાય એમ છે ને તે અમે નમ્રભાવથી કીધી પણ છે, પરતુ એકદર એમની ભાષા અમને ઘણી શુદ્ધ ને સરદારી લાગે છે. હાલની સંસ્કૃતમય કે અંગ્રેજી રીતિનું અનુકરણ કરનારી ક્લિષ્ટ ભાષા લખનારા વર્ગને, તેમજ એ વર્ગના સ્તુતિ કરનારા પુરુષોને એ ભાષાનો અભ્યાસ કરવા અમારી વિનતિ છે.

પ્રમુખોના ભાષણ વિષે અમારૂં લખાણ ધાર્યા કરતાં વધારે લાંબું થયું છે. હવે ટુંકામાં 'સાહિત્યપરિષદ્' ની કાર્યપદ્ધતિ ને કર્તવ્ય વિષે કહીશું કાર્યપદ્ધતિ વિષે સૂચક લખાણ ઉપર ઘણું આવી ગયુ છે, તેથી બહુ વિસ્તારથી લખવું નિરર્થક છે પ્રથમ તો 'કમિટિ' ઓ નીમાઈ તે બધી એકદેશીયજ હતી નિબન્ધ તપાસવાની કમિટિમા મુમઈ શહેરમાં પ્રો. ગજ્જર, રા. તનસુખરામ, રા. કૃષ્ણલાલ ઝવેરી વગેરે વિદ્વાનો, તેમજ નડીઆદમાં ગ. દોલતરામ કૃપારામ પડયા જેવા વિદ્વાનોને એ કમિટિમાં શા માટે દાખલ ન કર્યા તે સમજાતું નથી શું એ લોકોએ કે અન્ય સંભાવિત ગ્રહસ્થો, જેઓને કમિટિમાં નીમેલા પુરુષો કરતાં અનુભવમા કે જ્ઞાનમા કોઈ પણ રીતે ઊતરતા તો કહી શકાયજ નહિ, તેમણે એ કામ કરવાની ના કહી હતી કે તેમનો અનાદર કરવામા આવ્યો? શુ જેટલા નિબંધો વચાયા તે બધા કમિટિમાં આવ્યા હતા? કેટલાક છપાયા ને કેટલાક છપાયાજ નહિ તે શું ગુજરાતમાં છાપખાનાંની ખોટ હતી? જોડણીકમિટિ પણ એકદેશીયજ છે. એવી કમિટિથી શું કામ થવાનું છે ને થશે તો કોણ માન્ય કરશે? એક સંભાવિત વયોવૃદ્ધ ગૃહસ્થ

નિકાલ કરે એવા વિદ્વાનો એ કમિટિમા દાખલ કરવા પ્રમુખે કોઈ પણ પ્રયાસ કર્યો નહિ એ અમને ન્યાયબુદ્ધિથી વિરુદ્ધ ને સાહિત્યપરિષદ્ જેવાં વિદ્વાનોના મંડળને ન છાજે એવું સાટેજ ઘણું શોચનીય લાગે છે. કમિટિ કેવી હોવી જોઈએ ને કાર્ય કેવી રીતે સફળ થઈ શકે તે વિષે અમે અગાઉ વિચાર અન્યત્ર આપ્યા છે (જુઓ પૃ૦ ૪૮)

ગુજરાતી ભાષાનો પ્રમાણભૂત ગણાય એવો કોશ રચવો એ કામ ઘણું અઘરું છે અન્ય વ્યવસાયમા ન રોકાયલો ને માત્ર સરસ્વતીની ઉપાસનામાંજ મગ્ન એવો કોઈ, કવિ નર્મદ જેવો, વિદ્વાન્ એકલે હાથે આ કામ કરી શકે. પણ હાલના વખતમા સર્વ વિદ્વાનો પોત પોતાનાં કામમા ગુંથાયા હોય છે, તેઓમાથી એકલે હાથે આ કામ બનવુ અસંભવિત જેવુ લાગે છે. કોશ પ્રમાણભૂત કરવો હોય તો તેમાં સંપૂર્ણ શબ્દસંગ્રહ હોવો જોઈએ, ને શબ્દની શુદ્ધ જોડણી, વ્યુત્પત્તિ, તથા બધા અર્થો પ્રાચીન ગ્રન્થોનાં ઉદાહરણ સાથે જોઈએ. અમે જાણીએ છીએ તે પ્રમાણે આ કામ સારૂં થાય તો સરકાર પણ ઘણી સારી મદદ આપવા તૈયાર છે. દિ. બ અમાલાલભાઈએ કહ્યું કે કોશ રચવાનું કામ ગુજરાત વર્નાક્યુલર સોસાઇટિએ આદર્યું છે. પણ જ્યાસુધી એ કામને માટે પ્રતિષ્ઠિત વિદ્વાનોની દેખરેખ નીચે બેચાર સારા ગ્રેજુએટો કે સારા ગુજરાતી ભાષાના અભ્યાસકોને પગાર આપી રોકવામાં ન આવે ત્યાસુધી એ કામ બની શકનાર નથી આ ઉપલક વિચારે સૂચના કરી છે. એ વિષે સોસાઇટિએ સારો વિચાર કરી સંગીન યોજના ઘડવાની જરૂર છે. 'જોડણી' નુ કામ સરકાર તરફથી ગુજરાત વર્નાક્યુલર સોસાઇટિને સોંપવામા આવ્યુ હતું બે પ્રતિનિધિઓ સરકારના ને બે પ્રતિનિધિઓ સોસાઇટિના એમ ચાર પ્રતિનિધિઓને જોડણીના નિયમો બાંધવાનું કામ સોંપવામા આવ્યું હતું. પણ બે ચાર વર્ષ થયા, પણ નિયમો બંધાયા નહિ, ને છેવટે ગુજરાતી વાચનમાળામાં સુધારો કરી નવીન વાચનમાળા રચવાનુ કામ મિ. કૉવર્ટનને સરકારે સોંપ્યુ ને સરકારે કમિટિ નીમી જોડણીના નિયમો બાંધ્યા. આપણી કમિટિઓનાં કામ આવા મન્દ છે

આ પ્રમાણે દિ. બ ના ભાષણ વિષે અમારૂં વિવેચન સમાપ્ત થાય છે. અન્તે એટલું કહેવુ ઘણુંજ જરૂરનું છે કે દિ. બ. ના ભાષણની

દર્શાવો નહિ ત્યાંસુધી યોજના પર 'સેનેટ' વિચાર ચલાવે' એ સંભવિત નથી. યોજનામા ફેરફાર કરી તેને છેવટનું રૂપ આપવું એ 'સેનેટનું કામ છે; પણ અમુક યોજનાની હિમાયતી કરતી વખતે તે અમલમાં મૂકવી શક્ય છે એમ દર્શાવવુ એ હિમાયતી કરનારનુંજ કામ છે; અને તે પરિષદે કર્યું નથી એ શોચનીય છે.

પરિષદે ફંડ ભેગુ કર્યું છે ને લાઇબ્રરિ ઉઘાડવાનો પણ પ્રયાસ કરે છે. એ મોટી મોટી વાતો છે, તેથી લાભ થાય એવા સ્વરૂપમા એ આવી શકશે કે કેમ એ વિચારવા જેવુ છે.

છેવટે, અમારા નમ્ર અભિપ્રાય પ્રમાણે પરિષદે આમ ત્રણ ત્રણ વર્ષે મેળાવડો કરી નિબંધો મગાવી વંચાવીને કૃતાર્થતા માનવી ઇષ્ટ નથી એથી સંગીન પરિણામ બહુ થોડુ થાય છે. પરિષદ્‌ના દરેક સમારંભમા સાહિત્યનો અમુક વિષય લઈ તેનું નિરાકરણ કરવુજ જોઈએ કે તેટલુ તો પરિણામ ચિરસ્થાયી થયું ગણાય. સરકાર તરફથી કેળવણીખાતામા કે ન્યાયખાતામાં જે જે પરિષદ્ મળે છે તે તે અમુક કાર્યનું નિરાકરણ કરવા માટેજ મળે છે, જેમકે 'ટ્રેનિંગ કૉલેજનો ધારાસમ્મત' સુધારવા, કે 'સ્કૂલ ફાઇનલ પરીક્ષા' વિષે વિચાર કરવા, કે એવા બેચાર કામનો નિકાલ કરવા કેળવણીખાતાના અમલદારોની પરિષદ્ મળે છે. આમ થોડાં પણ નિશ્ચિત કામ રાખવાથી તે કામનો નિકાલ થાય છે, ને માત્ર અનિશ્ચિત બાબતો પર કે સામાન્ય વિષય પર સમાપણ કે વાદવિવાદ થઈ કાળક્ષેપ થતો નથી; માટે પરિષદ્‌ના કાર્યવાહકોને અમારી નમ્ર સૂચના નીચે પ્રમાણે છે —

૧ મિત્રમંડળો કે અન્યોન્યસહાયક સંકુચિત મંડળો બાંધવાને બદલે ઉદારવૃત્તિથી ને ન્યાયબુદ્ધિથી વિસ્તૃત મંડળો બાંધવા.

૨ કોઈ પણ વિષય માટે કમિટિ નીમતી વખતે જેમ બને તેમ તે વિષયની સર્વ કોટિનું સ્વરૂપ દર્શાવે એવા અનુભવી તેમજ પ્રતિષ્ઠિત માણસોની કમિટિ નિમવી. જેને કાર્ય કરવાની ઇચ્છા હોય એવાજ ગૃહસ્થો તેમાં નીમવા. તે કમિટિ કામનો નિકાલ નિયમિત સમયમાંજ કરે એમ થવું જોઈએ.

૩ સાહિત્યપરિષદ્ સર્વદેશીય બને માટે તેમાં બધા મંડળોના ને મન્ય શહેરોના વિદ્વાનોના પ્રતિનિધિઓ જોઈએ.

૪ અમુક કાર્ય અમુક પરિષદે લઈ તેનો નિકાલજ કરવો જોઈએ. જુદા જુદા અભિપ્રાયોવાળા જુદી જુદી કોમના પ્રતિષ્ઠિત વિદ્વાનોની કમિટિથી કામ થયું હશે, પ્રતિનિધિઓથી બનેલી પરિષદ્ તે માન્ય કરશે, અને તેમા અમુક કારણોથી ભાગ ન લઈ શકે-એવા સભાવિત વિદ્વાનોના અભિપ્રાય પણ મંગાવ્યા હશે ને તે પર પણ વિચાર કરવામાં આવ્યો હશે, તો પરિષદ્ના ઠરાવ સર્વમાન્ય થવામાં કે સરકારને પણ માન્ય થવામાં વાંધો રહેવાનો સંભવ નથી.

ભાષાશૈલી.

(ચાલુ પૃ. ૬૭ થી.)

વળી દરબી કે સાદી, કે ગુંચવણભરેલી કે સ્પષ્ટ શૈલી પરથી વાચકો બીજો એક નિર્ણય પણ કરે છે; ને તે, સ્વાભાવિક રીતે વિષય સાધારણ હોય ને તેની ચર્ચા અતીવ ગંભીર શૈલીમાં કરવા જઈએ તો ભાષા કરતા પાઘડી મોટી એવું થાય, એટલુંજ નહિ પણ હાથે કરીને તેમ કર્યું હોય તો આપણે ડોળઘાલુ ઠરીએ, અને અજાણતા તેમ થયું હોય તોપણ દૂષિત તો ઠરીએ; અને એ સ્થિતિમા વાચકને આપણા લેખ વાંચવા નહિ ગમે કદાચ વાંચશે તોપણ આપણા વિચારોની તેના પર સારી અસર તો નહિજ થાય. ગુંચવણભરેલી રીતે મૂકાયલા વિચારો ઉત્પન્ન થયલા પણ ગુંચવણમાંજ હોય છે એવું વાચક ધારે તો તે પણ ખોટું ન કહી શકાય. સ્પષ્ટ વિચારને ઘણુંખરૂં સ્પષ્ટ ભાષા જડીજ આવે છે જો માણસ ગુંચવણ કર્યા વગર વિચારો કરી શકે તો તેવીજ રીતે કાગળ પર પણ દર્શાવી શકે અગરાં, ક્લિષ્ટ, ને સંદિગ્ધાર્થ વાક્યો લખનારના મગજમાં 'શું કહેવું છે' તેનુંજ ભાન નથી એમ માની શકાય. છોકરાઓને જ્યારે કોઈ પ્રશ્નનો ઉત્તર આપતાં ન આવડે ત્યારે મુખ્ય માર્ગ છોડી દઈ તેની આસપાસ, આડા અવળા ભટકે છે, અને લાંબા

ઉત્તર લખી આવ્યા એમ માની તેઓ સ્વતઃ સંતુષ્ટ રહે છે. પરિણામ આવે છોકરો ગરીબ હોય તો કપાળે હાથ દઈ નસીબનો વાંક કાઢે છે, ને ઉદ્દત હોય તો પરીક્ષકનો દોષ કાઢે છે Know thyself એ Socratic સૂત્રાનુસાર આત્મનિરીક્ષણ તો બીચારાને સૂઝતુંજ નથી. આવીજ રીતે ગુચવણીઆ લેખકો જાતજાતની વિચિત્ર શૈલીમાં લખી, વળી અંગ્રેજી જ્ઞાન હોય તો—Subjective Style—આત્મલક્ષી શૈલીનું નામ આપી જાતે ઠરખાય છે. આ વિષે વધારે, ખાસ આ બાબત પર બોલતા આગળ કહેવામાં આવશે. પણ અહિં એટલું કહેવું ઉચિત છે કે સાહિત્ય થયું એટલે તે સમાજને માટે સમજીજ લેવાનું; સાં પછી Subjective ને Objective, આત્મલક્ષી ને પરલક્ષીના તફાવતથી એમ માનવું કે એ સમાજને માટે નથી તો તે એક મોટો અક્ષન્તવ્ય દોષ છે "The style is the man"—"શૈલી, તેજ પુરુષ છે," એવું જે વાચવામાં આવે છે તેનો અર્થ એજ છે કે માણસ શૈલી પરથી તેના લેખમાના વિચારો અને તેના પોતાના સ્વભાવ વિષે નિર્ણય કરી શકાય છે. શૈલી વિષે બેદરકાર માણસ વિચારમાં પણ બેદરકાર હોય છે, દબદબાભરેલી ને માત્ર શબ્દાડંબરવાળી શૈલીવાળા માણસ વર્તનમાં પણ દમ્ભી હોય છે; જોસ્સાદાર રીતે વિચાર દર્શાવનાર ઘણુંખરૂં જાતે પણ પોતાના વિચારને વિષે આગ્રહી હોય છે. ગમે તેવો શુમ્ભ જેવો માણસ હોય છે પણ તે ગુસ્સે થાય છે ત્યારે જાણે સુરેન્દ્રનાથ બૅનરજી જેવા મોટા મોટા વક્તાઓ પણ એના આગળ તુચ્છ છે. ગુસ્સાની વખતે શબ્દોની જાણે ઝાણી ફૂટે છે તેનું કારણ ગુસ્સાની વાત વિષે એની એકાગ્રતા છે. બેગંઓ શોક કરે છે ને રૂટે છે ત્યારે પણ શબ્દો એમને ઉપરા ઉપરી મળી આવે છે તેનું કારણ એજ છે. તેમજ કવિઓના સુંદરમાં સુંદર કાવ્યો કે વક્તાઓના સુંદરમા સુંદર ભાષણો પણ તેઓ જ્યારે અભિનિવેશ ને આગ્રહમા હોય છે ત્યારેજ થાય છે. હૃદયની ઊર્મિઓ જ્યાં ઉભરાઈ જતી હોય ત્યાં કયા કવિને શબ્દો શોધવા જવું પડે છે? કયા વક્તાને પણ શબ્દોપર ધ્યાન ધરવું પડે છે? અભ્યાસથી અને શબ્દો શોધવામાં લીધેલી મહેનતથી મળતા કરતા પણ

ચઢીઆતી કવિતા કે ચઢીઆતું ભાષણ તૈયાર કરાય, અને તેમ થાય છેજ તે નિર્વિવાદ છે. પણ મૂળનો આધાર આગ્રહ પર રહે છે. વાંચનાર આ બહુ સારી રીતે સમજે છે અને તેથીજ શૈલીની અગત્ય છે.

છતાં કોઈ માણસ દુરાગ્રહી નીવડી કહે કે શૈલીની અગત્ય છેજ નહિ અથવા તો નહિ જેવી છે, તો તેને માટે એક છેલ્લો ઉપાય છે ને તે એ છે કે કાંઈ ઉચ્ચતર વિચારોથી પણ શૈલી પર લક્ષ આપવાની જરૂર છે. સાવચેત રહી માણસે યોગ્ય શૈલી વાપરવી એ તેણે પોતાને માન આપ્યા બરાબર છે. જે માણસ લખવામા બરાબર લક્ષ ન આપે તે પોતાના વિચારોની અગત્ય બરાબર સમજતો નથી એમ ગુપ્ત રીતે કબૂલ કરે છે. આમ વિચારનાં શૈલી પર લક્ષ આપવાનો માણસનો એક ધર્મ થઈ પડે છે. એમ કહેવાય છે કે પ્લેટોએ પોતાનાં 'રિપબ્લિક'નો ('પ્રજાસત્તાક રાજ્ય'નો) ઉપોદ્ઘાત જુદી જુદી રીતે સાત વાર લખીને પછી બહાર પાડ્યો હતો. ખરાબ રીતે લખવાની ટેવ પડવાથી વર્તન પર કેવી માઠી અસર થાય છે તેનું વિવેચન ઑ ગિ જસ્ટિસ ચેંબરલેને Convocation Addressમા બહુ સરસ રીતે કર્યું હતું પ્રમાદથી રચેલી શૈલીનું પણ તેમજ છે. જિંદગીની દરેક નાની વિગતમાં મનુષ્યે પોતાની કઈ ફરજ છે એમ સમજવું જોઈએ, અને તેમ થયે જીવનની દરેક પ્રવૃત્તિમાં ગાંભીર્ય વધી, લીધેલા શ્રમ સફળ થવાનો સંભવ રહેશે.

હવે શૈલીની કેટલીક જાતો વિષે બોલવાનું પ્રાપ્ત થાય છે. સાદી, સંક્ષિપ્ત, મધુર, ને સ્પષ્ટાર્થ શૈલી બધાને પસંદ પડે છે આ દરેક ગુણ ઘણુંખરૂં સાથેસાથેજ હોય છે જેની અંદર નકામા શબ્દો, નકામાં વિશેષો, નકામા અવ્યયોથી વાક્યો લાંબા ન કરતાં જેવી રીતે વિચાર આવે તીજ રીતે કલમ કામ કરે ને વાચકના મનમા તેની અસર કરાવે તે શૈલી. વિશેષણો કે અવ્યયોનાં જોડકાં નકામાં મૂકી, અતિશયોક્તિ વાપરી અથવા ટાહેલાપણું કરી કેટલાક લેખકો એમ જાણે છે કે વાંચનારના મન પર અસર વધારે થશે પણ સંભવ તો તેથી ઉલટુંજ થવાનો છે. લેખક કહેવા શું માગે છે તે વિચારતા વાચકને નકામા શબ્દો મગજમાંથી પ્રથમ દૂર કરવા પડે તો ત્યાં સંભવ એજ છે કે તે ગુંચવાઈ

જઈ મુખ્ય બાબત ન પકડતાં આડો અવળો ઊતરી જશે. "To find where the point lies is the problem of style and the business of the critical faculty; for a word too much always defeats its purpose. This is what Voltaire means when he says that the adjective is the enemy of the substantive." શબ્દોનો નકામો પોષાક પહેરાવતાં, જેમ અલકારના ભારથી ગર્ભિણી સ્ત્રીની દશા થાય છે તેમ શૈલી જડ થઈ જઈ વિચાર દબાઈ જાય છે. વૉલ્ટેર કહે છે કે વિશેષણ, તે નામનો શત્રુ છે તેનો અર્થ પણ એજ છે કે નકામાં વિશેષણથી નામ દબાઈ જાય છે, અને નામ પર તો વિચાર પ્રગટ થવાનો આધાર છે, એટલે તેમ થવાથી હાનિ થાય છે આ સાદી શૈલીનો અર્થ—નિર્માલ્ય કે જોરસા વગરની શૈલી, એવો કરવાનો નથી. કંગાલી સર્વથા લાજ્ય છે, તે વિષે મતભેદ થાય તેમ નથી છેક ઍરિસ્ટૉટલના વખતથી માન્ય થયેલો ને ઍરિસ્ટૉટલે પ્રતિપાદન કરેલો golden mean—ઉત્તમ મધ્યમપંકિતનો નિયમ ગ્રાહ્ય કરી વચલે રસ્તે જવું એજ શ્રેષ્ઠ છે. પરતુ જ્યાં જ્ઞાન સપાદન થયું કે "A little learning is a dangerous thing" &c. અને "यदा किंचिज्ज्ञोऽहं द्विप इव मदान्धः समभवम्" આદિ ટુકો પ્રમાણે માણસ ભભકદાર શૈલીની તરફેણમા વધારે ઘવાનો, અને એ એમ સમજશે કે જ્ઞાન પ્રદર્શન કરવાનો અઘરી શૈલી એક સ્હેલો રસ્તો છે તેથી તે ગ્રહણ કરવી. એક બે ઉદાહરણ અસ્થાને નહિ ગણાય

૧. "સાધક અવસ્થામાજ એમની વૃત્તિ સ્વપરના મિથ્યાભેદના વિનિવર્તનમાં પ્રવણતાથી તથા દેવકુમારોને મૃદુ હિતકર ઉપદેશ આપવાના પ્રસંગથી સિદ્ધ થતી તેમની પરાર્થસાધકતાથી વ્યાપકતાને પામી હતી." 'સદુપદેશશ્રેણી' ઉપદેશ' ૬ ટુંકો પાનું ૧૦૧ ('Baroda Society of Salvationists').

૨. "સિદ્ધાગના જેવી માતાની કુખે વિજયાદશમીને દિને જન્મેલો વામનકુમાર, "સ્વાશ્રયમેજે" પુરુષાર્થસાધક પ્રસંગવીર બનીને પોતાના સ્વાર્પણમા સાક્ષર જીવનક્રમ સદાવ્રતમાં,—" તપોમય

જીવનની પ્રયત્નપરતા " રૂપ જિજીવિષા ધર્મની પરમાર્થમમતાનાં દર્શન—પ્રશાંતિ પ્રમોદ અને પ્રકાશને ત્રણ પગલેજ કરાવતાં કરાવતા, સાધુ પિતાના સ્નેહમય વૈરાગ્યને બળે—એ વામન કુમાર વધીને વૈરાટસ્વરૂપ પામ્યો તે એવી રીતે કે ચારૂત્તરની ચારૂ વનશ્રીલાનો મુગ્ધીશ્વર પ્રભુદૂત સંસારમાં सुरवरनी મુરલી લલકારતાં રસસાગરને તીરે આવ્યો અને थालुकेश्वरमा સાયુજ્ય પામ્યો." ('बुद्धिप्रकाश' पु. ५५ अं. र. पृ ३७)

જ્ઞાન બતાવવા સિવાય આ વાક્યો લખવામાં શો હેતુ હશે તે કળી શકાતું નથી. નિર્માલ્ય શૈલી કરતા ક્લિષ્ટ અને કઠિન શૈલીનો દોષ લેખકવર્ગમાં વ્હેલો ને વધારે દાખલ થવાનો સંભવ તેટલાજ માટે છે કમનસીબે ગુજરાતી સાહિત્યમાં હાલમાં એ દોષ પ્રચલિત છે, એટલે આપણું કર્તવ્ય બીજો દોષ ન જોતાં પ્રથમ દોષ જોવાગા ને તેને દૂર કરવામાજ છે. જો કોઈ એમ કહે કે સાદાઈ તે તો દીનતા છે, જેને જોરસાદાર લખતાં ન આવડતું હોય તે સાદુ લખે, તો તે એક મોટુ અભિનંદન વચન મળ્યુ સમજવુ જો કોઈ પણ જાતની ખુમારી લેખક તરીકે માણસે રાખવી આવશ્યક છે તો તે પોતે સાદું લખે છે એમ કહેવડાવવાની છે. ઘણું કરી કોલેરિજની એવી ટેવ હતી કે પોતે જે લેખ લખે તે પોતાની નોકરડીને સંભળાવી તે સમજે તોજ પ્રસિદ્ધ કરવાનો વિચાર કરતો. 'સરસ્વતીચંદ્ર'ના પ્રથમ બે ભાગના વાચકોની સંખ્યા કેટલી મોટી છે! તેમાં રસ ઝાઝો છે તે શું સાદાઈ વગર થાત? ચોથા ભાગમા પણ ફુલોરા ને કુસુમ સંબંધી પ્રકરણો ને 'યોગીરાજ'ની કવિતા પ્રિય થઈ પડવાનું બીજુ શુ કારણ આપી શકશો? રસ છે, પણ તે રસ સરળતાના ગુણ વગર ઝાઝુ નહિ. જોશો. Goldsmith's 'Vicar of Wakefield'મા 'The Hermit,'—'યોગીરાજ'નો મૂળ લેખ જોયો હશે, તેને પણ તે કાવ્યની સરળતા ખાસ સાંભરતી હશે. 'Vicar of Wakefield' જ પ્રિય થઈ પડે છે તેનું કારણ તેમાના લખાણમાંના રસ ઉપરાંત સરળતાજ છે. Addison ને Steele ના લખાણો આ હેતુથીજ લોકપ્રિય

ચયાં હતાં. Addison ની શૈલીને વિષે, શબ્દાડમ્બર પસંદ કરનાર Dr. Johnson નો પોતાનો અભિપ્રાય હતો કે "'Whoever wishes to attain an English style, familiar but not coarse, and elegant but not ostentatious, must give his days and nights to the volumes of Addison." "જે કોઈ પરિચિત છતાં શિષ્ટ-સંસ્કારી, લાવણ્યમયી છતાં સરળ અંગ્રેજી શૈલી સંપાદન કરવા ઇચ્છતો હોય તેણે ઍડિસનના પુસ્તકો પાછળ રાત ને દહાડા કાઢવા જોઈએ." જે પુરુષ જાતે બોલતો એક ભાષામાં ને લખતો બીજીમાં, એવા ડો. જોન્સન જેવા તત્ત્વજ્ઞ ને ટીકાકારના મુખમાંના આ શબ્દો ઘણા ધ્યાન દેવા લાયક છે. નર્મદાશંકરના લેખોમાં, 'કરણઘેલા'માં, 'કેશવકૃતિ'માં, કલાપીના 'કેકારવ'માં સરળતા વગરના વાક્યો શોધવાનું કામ અતીવ કઠિન થઈ પડશે. પણ કોઈક પાણ્ડિત્યપ્રદર્શનની ઇચ્છાથી તો કોઈક પાણ્ડિત્યાતિશયથી, કોઈક રમણીનતાથી તો કોઈક પરસ્પર ચેપથી, શબ્દચમત્કારવાળી, સંસ્કૃતમયી, ને માત્ર આડમ્બરવાળી ભાષા ગદ્યમાં તેમજ પદ્યમાં બહુવા દાખલ થઈ છે, અને તેના પરિણામ વિષે ગુર્જર સાહિત્યમાં માત્ર લેખકવર્ગ સિવાયનો વાચકવર્ગ બૂમો પાડી પાડી સમજાવે છે, પણ સમયની બલીહારી છે, દેખાદેખી દોષ છે, વખત હજી ભગ્યો નથી—ભગશે, અને ભગશે એટલે લેખકો સમજશે કે ઓરડીમાં બેઠેલા એક ફિલસુફને માટે નહિ (not for the philosopher in his closet) પણ શેરીમાં ફરતા માણસને માટે સુદ્ધાં (but also for the man in the street) લેખો લખાય છે, ને તેથી શૈલી વિષે સરળતાનો ગુણ સર્વોપરિ ગણાવવોજ જોઈએ. અલબત, સાદાઈ વિષયપરત્વે છે; એક નવલકથા કે કાવ્યમાં જે સાદાઈ આપણે ઇચ્છીશું તે તે એક નિબંધમાં નહિ ઇચ્છીએ, અને તેમાં ઇચ્છીશું તેટલી એક તત્ત્વજ્ઞાનના પુસ્તકમાં નહિ ઇચ્છીએ કવિતામાં પણ જાણે સમજવાનો અધિકાર જોઈએ એવી માન્યતાથી કાવ્યો લખાય તો તે અનિષ્ટ છે. આ સમ્બન્ધમાં એક ફકરો અસરકારક નીવડશે. Principal Shairp એની "Studies in Poetry and Philosophy" નામની ચોપડીમાં

(p. 76) કહે છે કે " while the language of prose receives new light and strength by adopting the idioms and phrases used in the present conversation of educated men, that of poetry may go further and borrow with advantage the language from cottage firesides. Who ever has listened to a peasant father or mother describing the last illness of one of their own children or speaking of those who were gone, without having heard from their lips words which, for natural and expressive feeling, were the very essence of poetry ! Poets may well adopt these, for, if they trust to their own resources, they can write nothing equal to them. ", અર્થાત્ કેળવાયલા માણસો જે ભાષા વાતચીતમાં હાલમા વાપરે છે તે વાપરવાથી ગદ્યમા ચેતન ને જોમ્સો જ્યારે આવે છે, ત્યારે એથી પણ આગળ વધી કવિતામા, ઝુપડીમા વસતા કુટુમ્બોની ભાષા વધારે લાભકારક રીતે લઈ શકાય પોતાના એકાદ છોકરાના છેલ્લા મંદવાડ કે બીજાના મરણની વાત કરતા એક ખેડુત પિતા કે માતાને સાભળતા તેનીજ સાથે ભાવિક ને સૂચક ભાવોની કવિતાના તત્વરૂપજ શબ્દો એના ઓષ્ઠમાંથી નીકળતા કોને નહિ લાગ્યા હોય ! કવિઓ આ શબ્દો ને આ ભાષા ગ્રહણ કરે તેમા તેમને લાભ છે. મીરા, નરસિંહ, પ્રેમાનદ, નર્મદ, દયારામ વગેરે કવિઓના વખતમા આત્મલક્ષી કવિતા નહોતી અને તેથી અગ્રેજમા Byron's 'Childe Harold' ને ગુજરાતીમાં કલાપી વગેરેનાં સ્વાનુભવરસિક કાવ્યો છે તેવાં નહોતા, પણ તેમ એમ પણ ખરૂં કે આત્મલક્ષી હોવાના પડદા નીચે ગુચવણભરેલી ને કર્ણપ્રિય સંસ્કૃત શબ્દોની ખોટી ભભકવાળી પણ ગેલી નહોતી. 'નરસિંહ મહેતાનાં પ્રભાતીઆં, તુલસીકૃત 'ધ્રુવાખ્યાન', પ્રેમાનદનાં 'અભિમન્યુ આખ્યાન', નરસિંહ મહેતાની હુંડી', ને નર્મદનાં કેટલાક કાવ્યો એવાં સરળ છે કે બા-

બાલથી શરૂ કરી વિદ્વજ્જન સુધી સહુ કોઈ સમજી તેમા યથાશક્તિ રસપાન કરી શકે 'કેકારવ', 'કેશવકૃતિ', ને રા. રા નરસિંહરાવના ગણ્યા ને ગાઢ્યાં કેટલાંક કાવ્યોમાં એ ગુણ જોવામાં આવે છે, એટલે છેક હાલના વખતમાં પણ કાઈ નિરાશ થવાનું નથી પણ બહુધા એ ગુણ પ્રાચીન કવિઓમાં જોવામા આવે છે. ખરૂં છે કે પ્રાચીન કવિઓની શૈલી પર અંગ્રેજી કવિતાની શૈલીની છાપ પડી નહોતી. તેથી શું? ઉચ્ચ વિષયો પર લખનારા ને વિદ્યાની ઉચ્ચ છાપ ધરાવનારા લેખકો, છાપ વગરના માણસોના લેખો દબાવવા પ્રયત્ન કરે છે, અથવા તો કહેવાતી નીચલી પંક્તિના લેખો ઉત્તમ હોય તોપણ તેનો અનાદર કરે છે તે શું યોગ્ય છે? માન આપો કે ન આપો તોપણ *Survival of the Fittest*—શ્રેષ્ઠનું અતિજીવન, અથવા યોગ્યમાં યોગ્ય વસ્તુના ટકી રહેવાના નિયમ પ્રમાણે જે ખરૂં ઉત્તમ હશે તેને કાગળના ઝપાટા ઓછાજ લાગવાના. ઉત્તમ, છતાં સાક્ષરોના લેખામા નહિ, એવા કેટલા બધા સરસ હિંદુસ્તાની ગાયનો ઠેક ઠેકાણે સામાન્ય લોકો ગાતા સંભળાય છે! સાવારણ જનસમાજ વખાણે છે, પણ સાક્ષરો અનાદર કરે છે, એવાં રા. ડાહ્યાભાઈ ધોળશાના કેટલાં ગાયનો છે તેનો ખ્યાલ ઉદાહરણથી આપવાની જરૂર નથી. કેટલાં બધાં શ્રી કૃષ્ણ સમ્બન્ધી લોકગીતો સ્ત્રીવર્ગમાં ગવાય છે, છતાં સાહિત્યમાં તે દાખલ થવા પામ્યાં નથી! પરંતુ વસ્તુત કાગળ પર રહેવું ને અમર રહેવું કાઈ એકજ નથી, લખાણો જોઈએ તેટલાં કાગળો પર ને જોઈએ તેટલા પુસ્તકાલયોમા હોય છતાં લોકપ્રિય થાય એવા ન હોય તો તે બધાં De Foeના અસરકારક શબ્દોમાં Dead, Dead, Dead—મૃત, મૃત, મૃત છે. તેમજ પ્રસિદ્ધિમાં ન આવેલાં છતા સમાજને રસથી આર્દ્ર કરનારા કાવ્યો ઘણે દહાડે તેમના કર્તાના નામ સાથે જોડાતા પણ કદાચ બધ થશે, છતા ખરૂં જોતાં એજ અમરપદ ભોગવે છે, કારણ કે નામ માત્ર અમર થયે શું વધારે છે? ઉમુક વિચાર ચિરસ્થાયી થાય એજ ખરૂં અમરત્વ છે

૧ અપૂર્ણ.

ગેમાં વાળવાની શક્તિ તેનામા હોવી જોઈએ. એટલા બુદ્ધિબળની ઉપરાંત નીતિબળ પણ તેનામાં હોવું જોઈએ. ક્ષુદ્ર વિચારોને આડે આવવા ન દેતા નિખાલસપણે નિર્ણય કરવા જેટલી પ્રામાણિકતા તેનામાં હોવી જોઈએ, સ્વતંત્ર રીતે વિચાર કરવાની ટેવ તેને હોવી જોઈએ, એ વિચારના સગીનપણા ઉપર ભરોસો તેને હોવો જોઈએ, અહંતામમતાનો ત્યાગ તેણે કરેલો હોવો જોઈએ, અને લોકોમાં વાહ વાહ કહેવડાવવાના લોભથી તે મુક્ત હોવો જોઈએ" વગેરે, વગેરે, વગેરે.

"હોવો જોઈએ" ને "હોવી જોઈએ" ને "હોવું જોઈએ" ની આ ટીપ વાંચીને ગભરાવાનું કે નાઉમેદ થવાનું કાંઈ પણ કારણ નથી. એવો વાગ્વિસ્તાર કરવાની સરસ્વતી અને તેના ઉપાસકોને ટેવજ હોય છે. પણ તેથી ટીકાકારની ઊંચી પદવીના ઉત્સાહી ઉમેદવારે ડરી જવાની બીલકુલ જરૂર નથી. એ વિચારોમાં ઝાઝુ સત્ત્વ નથી. ધારો કે એ સહૃદયતા વગેરે ગુણો ટીકાકારને જરૂરના છે એમ આપણે તકરારને ખાતર સ્વીકારીએ. હું પૂછીશ કે કયા ટીકાકારમાં એ ગુણો નથી હોતા? 'મ્હારામા એ સઘળા ગુણો છે' એમ ટીકાકાર જાતે છાતી ઠોકીને કહે છે, પુસ્તક વાંચવાની પણ ઝાઝી મહેનત લીધા વિના પાનાંનાં પાનાં ભરીને સંસ્કૃત શબ્દોથી ભરચક અને કોઇથી પણ ન સમજી શકાય એવુ અવલોકન લખી કહાડે છે, અને એ પ્રમાણે પોતાના કહેવાની સલતા ચોક્કસપણે સિદ્ધ કરી આપે છે, છતાં એનામા એ ગુણો નથી એમ કહેવુ એ સાહસ નહીં તો બીજું શું? માણસમાત્રમાં અમુક ગુણો ઈશ્વરે બક્ષેલાજ હોય છે, તે કોઈથી લઈ શકાતા નથી ને કોઈને આપી શકાતા નથી, અને તેનો ચાહે તેવી રીતે ઉપયોગ કરવાને તે સ્વતંત્ર છે. માણસનામાં—ટીકાકારમાં સહૃદયતા હોવી જોઈએ એ ખરૂં હશે. પણ આ વિશ્વમાં કયો માણસ સહૃદય નથી? કોને હૃદય નથી? હૃદય વિના માણસનાં જીવનનો વ્યાપારજ કેવી રીતે ચાલી શકે? ટીકાકારને લાગણી હોવી જોઈએ એમ જો કહેવામા આવે તો તે પણ કયા મનુષ્યમા નથી હોતી? આપણે આપણા મિત્રોને ચાહીએ છિયે, આપણું ભલું કરનાર તરફ ઉપકારવૃત્તિથી જોઈએ છિયે, આપણા શત્રુઓને ધિક્કારીએ છિયે, આપણું

ખૂંડું કરનારની ખૂડાઈ ધ્યાનમા રાખીએ છિયે, અને વખત આવે તે સઘળાંનો બદલો વાળવા ચૂકતા નથી. અવલોકનકાર તરીકે આપણા મિત્રોને આસમાન પર ચ્હડાવીએ છિયે, શત્રુઓને પાતાળમા પેસાડીએ છિયે, અને મુરબ્બીઓ તરફ—પ્રતિષ્ઠિત પુરુષો તરફ—માનની નજરથી જોઈએ છિયે, અને તેમની કૃતિઓના આંખ મીંચીને વખાણ કરીએ છિયે. એતો મનુષ્યનો સ્વભાવિક ધર્મ છે. એમાં એને યોગ્યતા મેળવવાની શી છે!

(અપૂર્ણ.)

संस्कृत भुवनदीपकनुं भाषांतर.

(ચાલુ પુ. ૪૮. પૃ. ૩૪૭ થી.)

जु पृथक ग्या दिवसतणी पृछा करि मूहनइं काहलूनूं दिवस किहवु गीउ लग्न नवांशि हूतु लग्नतणा वारमा भावतणूं अंश विचारी रूडूं कहिवूं ।

મૂહનઈ—મને. કાહલૂનૂ—ગઈ કાલનુ. કિહવું—કેવું.

हवइं मास फल बोलीशि ।

(ચાલતાની ઉપલા ભાગની બે ત્રણ લીટીઓનો ભાગ ફાટી જવાથી સમ્બન્ધ તૂટે છે)

रूडूउ दीशइ तु रूडू कहिवूं । विरूउ दीशि तु विरूउ कहिवूं ।

વિરૂઉ—માઠુ

जु रोगीयातणी पृछा लग्नतणूं आधिपति मृत्युतणूं अधिप आठमा तणी पोलि त्रीजी वारिं आवइ सुफल कहिवूं ।

(અહિં મૂળમાં એક પત્ર ખૂટે છે. પત્રાંક દસ પછી પત્રાંક બાર આવે છે).

पुण्य जु भवनि कर्म भवनि वृत्ति भवनि मृत्यु भवनि येह वारिं लग्नाधिपतणी दृष्टि हुइ तिह वारिं तिशु भाव जाणिवूं ।

लग्नपति लग्न तु छठु हुइ पृछकनि कार्य करतां इशुं हुइं आपणपा माहि विर हुइ ।

जु आठमइं हुइ तु मृत्यु कहि । वारमिं हुइ तु व्यय कहिशि ।

जु लग्न स्थिति बुध चंद्र हुइ तु अनइं क्रूर ग्रह दीशि तु लाभ निःफल हुइ पछइ वली अनर्थ कहिवूं ।

गर्भिणी स्त्रीतणूं प्रश्न बोलीशइ ।

નિઃફળ—ફળ વગરનું. અનર્થ—નકામું.

जु पांचमा स्थानकतणूं अधिप अण विण हुइ । अनइं आ-देखि तु इशुं जाणिवूं । प्रसव निःफल हुइ ।

हवइं गर्भतणूं आरोग्य गर्भतणूं प्रसवतणूं स्वरूप बोलीशि ।

गर्भतणइ कुशल पृश्नि गर्भाधिपति गर्भं न देखेइ । अनइ क्रूर ग्रह देखइ । तु शूं कहेवूं । गभ पडशि ।

पृछा लग्नि गर्भ तणइ प्रसवि किमहिं विंहु रेखा च्यारि ग्रह युग्म हुइ तु विछोरू हुइ ।

બિંહુ—બે. યુગ્મ—સાથે.

બિછોરૂ—બે છોકરા, જોડવા છોકરા

गर्भतणा मासतणी पृछा ।

लग्नतु सातमि स्थानकि शुक्र हुइ तेतला मास कहिवा । जु दसमि अग्यारमि शुक्र हुइ तु पांचमा स्थानक हूतु गणिवूं

परणीधरी स्त्रीतणूं स्वरुप बोलीशि ।

પરણીધરી—પરણેલી ને રાખેલી ?

जु लग्न तणइ स्थानकि सौम्य ग्रह हूइ । तु धर्मी कहिवी । सातमि स्थानकि सौध्यक्र हुइ तु परिणि कहिवी ।

जु क्रूर ग्रह स्थानकि हुइ तु वि कहिवी । पण अेक मुख-

दायनी बीजी पाछिलइ कालि सुख दिइ।

हवइं विष कन्यानूं स्वरूप बोलीशि । जु पृछा हुइ अथवा जन्म हुइ तिहवारिं छठि स्थानकि वि सौम्य ग्रह अेक क्रूर हुइ तु ते विषकन्या कहिवी ।

हवइं भावातर ग्रहतणूं फल बोलीशि ।

जु ग्रही राशी तणि नवमि अंश जाइ पृछा जीणी राशि जाइशि । तेह राशितणूं फल दिइ विवाह कार्य छेहली राशि घडीतणूं फल दिइ । विवाह कार्यतणूं विचार कहिशइ ।

जु क्रूर ग्रह मूर्त्ति उच्च हुइ तु कलत्रनि विनाश करिं । जेणि कारणि उच्चथिकु हेठी दृष्टि देखइ नहीं ।

કલત્રનિ—પત્નિ.

विवाह जयनूं बोलीशि ।

जु विवाह तणि पृछा क्रूर ग्रह लग्नि हुइ तु जीपि । पण ग्रह आथिमु हुइ अथ नीच हुइ तु वाद न जीपइ ।

જીપિ—જીત. જીપઇ—જીતે. આથિમુ—આથમ્યો.

जु मूर्त्ति मातमइं (?) वि क्रूर ग्रह हुइ तु घणा दिवस झगडु हुइ । जु बलवंत हुइ । हुइ तु जाते दीहाडे अबल जीपि ।

जु लग्नि किमहि सातमि स्थानकि क्रूर ग्रह दीशिइ तु आपण पामाहि उठीनी कठारी आवि ।

કિમહિ—કેમે કઠારી—કઠારી.

व्रत तणे लग्नि पदि य यसेण तणे लग्न प्रतिष्टा + + अेह दशमूं कहिवूं

जु लाभ तणि पृछा योग न दीशइ ।

पण नवमूं स्थानक तेणइं हुइ तु कार्य विनाश करि । ति

वार हुइ तु शत्रुतणइ क्षेत्र अथवा मित्र तणइ क्षेत्रि जाइ तिहारि कार्यसिद्धि कहिवी ।

તિહારિ—ત્યારે.

जु पूछा लग्नि छहु आठमु चंद्र क्रूर सरसु नुहि अनइ क्रूर दीठुं नुहि अबल क्रूरसुं अथवा अबल क्रूर देखइ तु मृत्यु करि ।

નુહિ—ન હોય

विवाहादिक क्रूर ग्रह लग्नि हुइ तु राजा धय करि ।

ग्राम ग्या तणि पूछा ।

जु मूर्त्ति क्रूर ग्रह हूतु वाधु पण मारिउ नही

जु किमहिं सातमि आथमइं क्रूर ग्रह दीशइ तु शूं कहिवूं विणठु वाधु हुइ । जु किमहिं सातमि आठमि दीसइ तु शूं कहिवूं वाधु पण मेहल्यु

જુ કિમહિં—જો કોમ. વિણઠુ—નાશ પામ્યો.

हवइं मास तणूं जाइवूं आइवूं बोलीशि ।

चतुर्थे दशमे वापि यदि सौम्य ग्रह दीसि तु मासनूं क्रूर ग्रह हुइ ।

વાપિ—અથવા, પણ.

जिह वारि चुथा हूता पांचमा आठमा दशमा हूता अग्यारमा आवइं सुवेला जांणी जाइवूं कहिवु ।

સુવેલા—સારુ મુહૂર્ત.

जु किमहि गामंतरा आवतु पूछइ तिह वारिं चंद्रमा केंद्र हुइ तु बीजिं स्थानकि जाइ तिह वारिं आवतु कहिवु । पण सातमइ केंद्र मूंकी आठमइ जाइ तिह वारिं मृत्युयोग पडइ । पण वली आठमा हूता नवमइ जाइ तिह वारिं आवतु कहिवु ।

મૃત્યુ યોગ—મૃત્યુ ઉપજાવનારો યોગ.

जु चंद्रमा लग्न थु सातमि हुइ तु शूं कहिवू । जु माथी हुइ तु नवमा स्थानक तणुं अधिपति दशमि जाइ तिह वारिं आवतु कहिवु

पृछातणुं लग्न चर हुइ चर अंशु हुइ अनइं चर अंशु चंद्रमा बुध हुइ तु पृछा करतां घरिं आवइ ।

हवइं मृत्युयोग कहीशि ।

- रोगीया तणी तु पृछा सातमि वारमि बीजि क्रूर ग्रह हुइ अनि छठि आठमि ते क्रूर समु. चंद्र हुइ तु मृत्युयोग कहिवु ।

जु किमहिं लग्नि आदित्य हुइ सातमइ चंद्र हुइ तु मृत्युयोग जाणिवु ।

આદિત્ય—સૂર્ય.

हवइं दुर्गभंग बोलीशि ।

कटक तणी पृछा करि तु इशूं कहिवूं अनेरि झगडि झूझि विगरी मारिवा जु एतलइ प्रकारि क्रूर ग्रह मूर्त्ति हुइ तु जीपइ । लग्न क्रूर तणी दृष्टि पडइ तु हारइ । किमहिं सातमइं क्रूर न हुइ तु लग्न पति वारमि बीज इ आठमइ हुइ तु दुर्ग भाजइ । अनेरा येके सारीखा कार्य हुइ तेहे जु मूर्त्ति क्रूर हुइ तु रुडुं । सौम्य हुइ तु पाडूऊं ।

કટક—લશ્કર, સૈન્ય. ઝૂઝિ—યુદ્ધમાં.
પાડૂઇ—ખરાબ. વિગરિ—વૈરી એક—જ્ઞ કાર્ય.

जु चोरीतणि प्रश्नि अनेरा सौम्य ग्रहतणा फल दीशीइं तु इशूं जाणिवूं चोरी टलतु अनेरु कांइ लाभ हुशइ । अनइं कुशलिं आवइ । पण चोरी नही फावइ ।

સૌમ્ય—સારા.

हवइं लिहणूं देवूं झगडु विरीतणूं मारिवूं धातु कहिवुं अनेरु येके क्रूर कर्म करिवां तेह पृछा फल बोलीशि ।

एतलि कार्य सिवुहु मूर्त्ति क्रूर ग्रह हुइ तु भलु । क्रूरतणि दृष्टि लाभी । सोम्य दृष्टि मूर्त्ति भली सोम्य ग्रह लाभु । क्रियाणा वीकवा पुहरवा लाभ छे हु बोलीशि ।

ક્રિયાણા—કરિયાણું વીકવા—વેચવું. પુહરવા—વહોરવું.

तुला लग्नतणा अधिपतितणूं बल लेवूं जेह कारणिं अग्यारमूं स्थानक लाभदायक जोइ तु लेवारिवूं । जु लग्नाधिपति उदितु हुइ लग्न देखि नीच न देखइ तु क्रियाणूं लेवारिवूं । तेह क्रियाणा लीधा माहि लाभ हुइ । लग्न वस्त वीकतां अग्यारमा भुवनतणा अधिपतितणूं बल लेवूं । जेह कारिणी अग्यारमूं स्थानक लाभदायक जाणिवूं । अथवा कोएक क्रियाणा लेवां । संग्रहवा तणि पृछा कहइ ।

ઉદિતુ—ઉદિત. ક્રિયાણૂ—કરિયાણું

(અહિં મૂળમાં બે પત્ર ખૂટે છે, પત્રાંક ૧૭ પછી પત્રાંક ૨૦ આવવાથી લખાણનો સમ્બન્ધ તૂટે છે).

ति वारिं मृत्यु जाणिवूं । किमिहिं लाभाधिपति मृत्यु तणूं अधिपति वेहु मृत्यु भवनि आवइ तिहवारि एकि द्रोकाण हुइ तु निश्चित मृत्यु कहिवूं ।

जु किमिहि लग्नाधिपति लाभतणूं अधिपति वेहु लाभ स्थानि एकि द्रोकाण हुइ । पृछक पृछा करतां लाभ कहिवूं ।

जु पुत्र तणि पृछा लग्नतणूं + + + *

* પત્રાંકનો થોડો ભાગ નાશ પામવાથી તેમ અક્ષરો ઘસાઈ જવાથી થોડોક ભાગ બરોબર નહિ વંચાવાથી તે લખ્યો નથી.

जु लग्नि क्रूर ग्रह अधिक दीशि तु सुउं कहिवूं ।

इवइं दोषतणूं ज्ञान बोलीशि ।

मूर्त्ति रवि हुइ वारमु हुइ तु क्षेत्रपाल दोष कहिवूं । छठु वारमु लग्न आठमु चंद्र हुइ तु आकाश देवी दोष । वारमु आठमु मंगल हुइ तु शाकिनी दोष कहिवूं । वारमु आठमु बुध हुइ तु पाद्रदेव्या दोष कहिवूं । आठमु वारमु शनि हुइ तु घरनुं दोष कहिवूं ।

પાદ દેવ્યા—પાદરની દેવી.

इवइ दिवस रातितणूं फल बोलीशि ।

जु राजातणा दिवसतणूं फल जोइ पूछा लग्नि मूर्त्ति चंद्र हुइ । अनइं समिउद लग्नि क्रूर युक्त नहि सुमित्र नहीं तु कहिवूं । आजूनु दिवस रूडु हुशइ ।

जु राहु मंगल अनइ क्रूर ग्रह पण × × मृत्यु क्षेत्रे हुइ अनि तीणींइ दिवसि किमिहिं चंद्र आवइ तु जीणी वेला तेहनइ आवइ तु तीणी दिवसि रायनइ घरि घायक आवइ ।

રાયનઇ—રાજાને

इवइ एतलां पछी पुरुषतणी जाति बोलीशि ।

रोगीयातणी जन्मतणी पूछा जु लग्नि राहु दीशइ बीजइ स्थानकि दीशइ तु कालु दांतिलु कहिवूं

દાંતિલુ—લાંબા દંતવાળો

छठइ आठमइ बृहस्पति हुइ तु सन्यपात जाणिवु ।

जु गुरुहारिणी स्त्री पूछइ अथ तेहनूं हूतू अने शूं पूछइ । जू शूं छोरु हुशइ । अनइं किमिहि पीहरियिकी पूछइ पीहरतणूं नाम जाणिवूं नाम तणा अक्षर गिणवा जु शुक्ल पक्ष पूछइ

ત્તુ તેહ તણા દિવસ હુઇ અથવા કૃષ્ણ પક્ષ પૂછઇ તુ દીહાડા એકત્ર કરિવા । તેહ સ્ત્રીતણા અક્ષર માંહિ ઘાલિવા । ત્રિહુ ભાગી હરવા । જુ એક ઊગિરિ તુ પુત્ર જન્મ કહિ વુ । વિ ઊગિરિ બેટી કહિવી । સૂન્ય હુઇ તુ સૂન્ય ।

ગુરહારિણી—બે જીવવાળી.

જુ કિમિહિ સ્ત્રી પુત્ર તણી ભાર વમતા કહિવા । જુ વઇ શુભ ગ્રહ હુઇ તુ સંભોગિ સુખ કહિવું । જુ ચંદ્ર સભરસુ હુઇ તુ અતિ દ્રામ કહિવું । કિમિહિ શુક્ર સરસું ક્રૂર ગ્રહ હુઇ તુ સંભોગ સરિસુ પીડા કહિવી । કિમિહિ વઇ સૌમ્ય ગ્રહ હુઇ તુ સુખ સંભોગ કહિવું ।

इति भुवन दीपक समाप्त मितिः छ ॥ संवत् १५५७ वर्षे आश्विन मासे १३ सोम । कंडोल ज्ञातिय जोसी जगनाथ । जोसी रंगा लखते ॥ छ ॥

ઝપડિયા તા. સ્કૂલ. છગનલાલ વિદ્યારામ રાવળ.

કેળવણીખાતાની ખબરો.

જાહેર ખબર.

રા. સા. માધવલાલ હરિલાલ સ્મારક ઈનામની પરીક્ષા.

માહે ઑક્ટોબર સને ૧૯૦૯ ના શાળાપત્રમા આપેલી જાહેર ખબર મુજબ તા ૧ લી ડીસેમ્બર ૧૯૦૯ ને રોજ સીમાબાઈ ઇબ્રાહીમ, કૃપા સામાભાઈ, તથા મણી નથુભાઈ એ ત્રણ ઉમેદવાર સદર્હુ પરીક્ષામા હાજર થયાં હતા. હરીફાઈનું રૂ ૩૦) નું ઇનામ કૃપા સામાભાઈએ મેળવ્યું હતું.

૨. આ વર્ષ માટે ભરૂચ જીલ્લો, સુરત જીલ્લો અને સુરત એજન્સીની સ્ત્રીશિક્ષકો પરીક્ષા માટે આવી શકશે.

૩. પરીક્ષાની તારીખ હવે પછી મુકરર કરવામાં આવશે.
અમદાવાદ. ટ્રેનિંગ કૉલેજ ફૉર વિમેન.

તા. ૧૪-૨-૧૦. H. E. Payne.
ઑ. લેડી સુપરિન્ટેન્ડેન્ટ.

" જોઇએ છે "

ગોધા જૈન કન્યાશાળા માટે હેડ મિસ્ટ્રેસ તરીકે કિન્ડર્ગાર્ટેન પદ્ધતિ અનુસાર શીખવનાર એક સીનીયર શિક્ષક જોઇએ છે. માસિક પગાર રૂ. ૨૦ સર્ટિફિકેટ સાથે અરજી કરવી

સહી. છોટાલાલ ઓધવજી.
જૈન. ક. ના મેનેજર, ગોધા.

નિશાળોનાં ઇનામપત્રક.

થાણા વિભાગ.

થાણા—શેઠ મંગળદાસ દેવીદાસ રૂ. ૨૭-૧૨-૦ મીઠાઈ તથા ચોપડીઓ.

મહીકાંઠા વિભાગ.

માલપુર—લુણાવાડાના કુમાર સાહેબ રૂ. ૧૦) પુસ્તકો મંગાવવા સારૂ.

સુરત વિભાગ.

સુરત—મ્યુ. સ્કુ. ન. ૬ મે. રણછોડલાલ લલ્લુભાઈ ખબાતી રૂ. ૩) મીઠાઈ. મ્યુ સ્કુ. ન. ૧૧ શેઠ રંગીલદાસ નગીનદાસ રૂ. ૩-૨-૦ પતાસાં. મ્યુ. સ્કુ નં. ૧૫ શેખમીયા મોહમદ રૂ. ૫) પુસ્તકો. કડોદ—કન્યાશાળા. પટેલ નાગરભાઈ નથ્થુભાઈ રૂ ૪-૬-૦ ઇનામ. મદીર—ગામલોકો રૂ. ૧૦) ઇનામ પરીઆ—ગામ લોકો રૂ ૧૮-૮-૦ ઇનામ તથા ઘડીઆળ. ઓટા વરાછા—કન્યાશાળા-ગામ લોકો રૂ. ૩-૮-૦ મીઠાઈ. સુરત-નાણાવટ કન્યાશાળા શેઠ. મોતીલાલ દયારામ રૂ. ૭-૦-૩ મીઠાઈ પુસ્તકો. મોતા—ગામ લોકો રૂ. ૧૫) મીઠાઈ, પટેલ કાળા ગોપાળ રૂ. ૨૦-૪-૦ ઘડીયાળ. સચીન—સ્ટેટ તરફથી રૂ. ૨૫), મે. નચરૂલાખાન રૂ. ૧૫) મીઠાઈ. સચીન—સ્ટેટની બધી નિશાળો. મે. જહાંગીરશાહ

અરદેશર તાલીઆરખાન રૂા ૧૫-૧૨-૦, મીસ આવા બાનુ જહાંગીરશાહ તાલીયારખાન રૂા ૧૧-૧૦-૦ પુસ્તકો. ધરમપુરના કુંવર સાહેબ રૂા ૧૦) મીઠાઈ, ઉંબેના—મણીભાઈ અખુભાઈ રૂા. ૫) મીઠાઈ. કુમસ—સરગજી બાણા રૂા ૪) મીઠાઈ, સરગ ઉકા હાંસજી રૂા ૪) મીઠાઈ. મ્યુ. સ્કુ. નંબર ૨ ડાહ્યાભાઈ હરગોવીંદદાસ રૂા ૧૭) મીઠાઈ.

ખેડા વિભાગ—

ચુણેલ—શેઠ કાલીદાસ કેવળદાસ રૂા. ૩-૮-૦ ખડીયા ઇનામ વગેરે. સિહુંજ—પટેલ નાગજીભાઈ લલ્લુભાઈ રૂા ૫૩-૦-૦ સ્કુલ જમાડી, ઘડીઆળ આપ્યુ સીલી—પટેલ ભાઈલાલ લક્ષ્મીદાસ રૂા ૧૨) સ્કુલ જમાડી શાહ ગીરધરભાઈ નરોતમ રૂા ૭) ચોપડીઓ, લુહાર બહેચરદાસ પ્રભુદાસે રૂા ૧૦) સ્કુલ જમાડી, ચકલાશી—પટેલ બહેચરભાઈ સનાભાઈ રૂા ૧૧) સ્કુલ જમાડી. આઠ ગામના પટેલો રૂા. ૧૧-૦-૦ સ્કુલ જમાડી પીપળાવ—પટેલ ખોડાભાઈ દેવજી રૂા ૩૫-૪-૦, પટેલ મયુરભાઈ લાલાજી રૂા ૩૧-૮-૦ સ્કુલ જમાડી આખડોળ—પા. કુબેરભાઇ નાગરદાસ રૂા ૧૦-૮-૬ સ્કુલ જમાડી વડતાલ—પા. વેણીભાઈ બીખાભાઈ રૂા ૩૫-૮-૦ સ્કુલ જમાડી આંત્રોળ—શેઠ ભોગીલાલ વર્ધમાન રૂા. ૨૩-૦-૦ સ્કુલ જમાડી સુતાર મૂળજી રાયજી રૂા ૨-૦-૦ પતાસાં મહીજ—રામદાસ વસ્તાભાઈ રૂા ૧૦-૦-૦ સ્કુલ જમાડી પટેલ નાથાભાઇ છબાભાઇ રૂા ૧૦) સ્કુલ જમાડી ગાજણા—ઠાકોર હિંમતસિંહ રૂા ૧૨) સ્કુલ જમાડી વડોદ—પટેલ દાદાભાઇ સુનદાસે રૂા. ૪૦) સ્કુલ જમાડી

શુદ્ધિપત્ર.

અશુદ્ધ.	શુદ્ધ.
પૃ. ૪૪. પૃ. ૨૮. બાપુજી ખુશાલ *	*ડ્રૉઇંગની પરીક્ષા પસાર કરવાની બાકી.
,, પૃ. ૨૯. ગિરધરલાલ ચુનીલાલ.*	
,, પૃ ૨૮ રેવાશકર રામચદ	રેવાચદ રામચદ
,, પૃ ૩૩ રામસિંહ ગેલાભાઈ.	રામસિંહ ગેમાભાઈ.
,, પૃ. ૩૪. હિમ્મતલાલ સાકરદાસ.	હિમ્મતલાલ સબુરદાસ
,, પૃ ૩૫ ગુલામ મહમદ ગુલામહુસેન.	ગુલામ રસુલ ગુલામહુસેન.

REGISTERED NO. B 43.

અંક ૨ જો. પુસ્તક ૫૧ મું.

Gujarat School Paper.

ગુજરાત શાળાપત્ર.

ફેબ્રુઆરી. ૧૯૧૨.

વિષય. અનુક્રમણિકા. પૃષ્ઠ

૧. કેળવણી..... .... ૪૧—૪૫.

૨. ગુજરાત સાહિત્યસભામાં વાચેલો લેખ... ૪૫—૪૯.

૩. શિક્ષકનું ચારિત્ર. (સા. અ દવે)... .. ૪૯—૫૧.

૪. પૃથ્વીની મુસાફરી ... (ગી. ક. ભટ્ટ) .. ૫૧—૫૫.

૫. ગુજરાતીભાષામા વપરાતા અને બીજા કેટલાક અરબીફારસી શબ્દો (અ. હ. મુનશી) ... ૫૫—૫૭

૬. આબુ પર્વત (પો કે. શાહ) .... ૫૭—૬૧.

૭ ટ્રે ચ ટ્રેનિંગ કૉલેજના ત્રીજા વર્ષના છાત્રોનું આનન્દપર્યટન (ગો ખે). ..... ૬૧—૬૬.

૮ કેળવણીખાતાની ખબરો. .. .. ૬૭—૭૩.

૯ નિશાળોના પ્રનામપત્રક.. .... ૭૪—૮૦.

તન્ત્રી (ઑગસ્ટ ૧૯૦૨ થી)-અને

પ્રકાશક—રા અ. કમળાશંકર આણંદશંકર ત્રિવેદી, બી એ, પ્રિન્સિપલ, ટ્રે. રા. ટ્રેનિંગ કૉલેજ—અમદાવાદ.

કેળવણીખાતાના હુકમથી.

(સર્વ હક્ક સ્વાધીન રાખ્યા છે)

અમદાવાદ—યુનાઇટેડ કંપનિ પ્રેસમાં મેનેજર રણછોડલાલ નંદારામે છાપ્યું.

અરદેશર તાલીઆરખાન રૂા ૧૫-૧૨-૦, મીસ આવા બાનુ જહાંગીરશાહ તાલીયારખાન રૂા ૧૧-૧૦-૦ પુસ્તકો. ધરમપુરના કુંવર સાહેબ રૂા ૧૦) મીઠાઈ, ઉંધના—મણીભાઈ અખુભાઈ રૂા. ૫) મીઠાઈ. ડુમસ—સરગજી બાણા રૂા ૪) મીઠાઈ, સરગ ઉકા હાંસજી રૂા. ૪) મીઠાઈ. મ્યુ. સ્કુ. નંબર ૨. હાજાભાઈ હરગોવીંદદાસ રૂા ૧૭) મીઠાઈ.

ખેડા વિભાગ—

ચુણેલ—શેઠ કાલીદાસ કેવળદાસ રૂા ૩-૮-૦ ખડીયા ઇનામ વગેરે. સિહુજ—પટેલ નાગજીભાઈ લલ્લુભાઈ રૂા ૫૩-૦-૦ સ્કુલ જમાડી, ઘડીઆળ આપ્યુ સીલી—પટેલ ભાઈલાલ લક્ષ્મીદાસ રૂા ૧૨) સ્કુલ જમાડી. શાહ ગીરધરભાઈ નરોતમ રૂા ૭) ચોપડીઓ, લુહાર બહેચરદાસ પ્રભુદાસે રૂા ૧૦) સ્કુલ જમાડી, ચકલાશી—પટેલ બહેચરભાઈ સનાભાઈ રૂા. ૧૧) સ્કુલ જમાડી. આઠ ગામના પટેલો રૂા. ૧૧-૦-૦ સ્કુલ જમાડી પીપળાવ—પટેલ ખોડાભાઈ દેવજી રૂા ૩૫-૪-૦, પટેલ મથુરભાઈ લાલાજી રૂા ૩૧-૮-૦ સ્કુલ જમાડી આખડોળ—પા. કુબેરભાઇ નાગરદાસ રૂા ૧૦-૮-૬ સ્કુલ જમાડી વંડતાલ—પા. વેણીભાઈ ભીખાભાઈ રૂા ૩૫-૮-૦ સ્કુલ જમાડી આંત્રોળ—શેઠ ભોગીલાલ વર્ધમાન રૂા. ૨૩-૦-૦ સ્કુલ જમાડી સુતાર મૂળજી ગયજી રૂા ૨-૦-૦ પતાસાં મહીજ—રામદાસ વસ્તાભાઈ રૂા ૧૦-૦-૦ સ્કુલે જમાડી પટેલ નાથાભાઇ છબાભાઇ રૂા ૧૦) સ્કુલ જમાડી ગાજણા—ઠાકોર હિંમતસિંહ રૂા. ૧૨) સ્કુલ જમાડી વડોદ—પટેલ દાદાભાઇ મુનદાસે રૂા. ૪૦) સ્કુલ જમાડી

શુદ્ધિપત્ર.

અશુદ્ધ.	શુદ્ધ.
પુ. ૪૫. પૃ. ૨૮ બાપુજી ખુશાલ *	*ડ્રૉઇંગની પરીક્ષા પસાર કરવાની બાકી.
,, પૃ. ૨૮ ગિરધરલાલ ચુનીલાલ.*	
,, પૃ. ૨૮ રેવાશકર રામચંદ	રેવાચંદ રામચંદ.
,, પૃ ૩૩. રામસિંહ ગેલાભાઈ.	રામસિંહ ગેમાભાઈ.
,, પૃ. ૩૪. હિમ્મતલાલ સાકરદાસ.	હિમ્મતલાલ સબુરદાસ.
,, પૃ ૩૫ ગુલામ મહમદ ગુલામહુસેન.	ગુલામ રસુલ ગુલામહુસેન.

કેળવી ન હોત તો જે વેદના અધ્યયનથી પાશ્ચાત્ય વિદ્વાનોને ને ભાષાવિજ્ઞાનીઓને અનેક પ્રકારનો આનન્દ મળે છે એ વેદ લુપ્ત થયા હોત. પ્રાચીન આર્યોએ સ્મરણશક્તિના બળેજ એનું રક્ષણ કર્યું છે. પદપાઠ, સંહિતાપાઠ, ક્રમ, જટા, ઘન વગેરે અનેક યુક્તિપ્રયુક્તિથી સ્મરણશક્તિને અતિપરિશ્રમ આપીને એ અમૂલ્ય રત્ન સંઘરી રાખ્યા છે. એ સ્મરણશક્તિને નિંદવી એ એ પરિસ્થિતિનુ અજ્ઞાનજ દર્શાવે છે. ષડ્દર્શનના ગ્રન્થો તથા વ્યાકરણ કલ્પ, છન્દ આદિના ગ્રન્થો સૂત્રરૂપમાં રચાયા એ પણ એવીજ પરિસ્થિતિને લીધે છે.

શાબ્દિક સ્મરણશક્તિની નિન્દા—વળી એ પણ લક્ષમા રાખવાનું છે કે કેવળ શાબ્દિક સ્મરણશક્તિની પ્રાચીન સમયમા પણ ઓછી નિન્દા કરી નથી. **'स्थाणुरिव भारवाहः किलाभूदधीत्य वेदं न विजानाति योऽर्थम्'**—વેદનું અધ્યયન કરી જે તેનો અર્થ બરોબર સમજતો નથી તે સ્થાણુ જેવો ભારવાહજ છે. વળી **एकः शब्दः सम्यग्ज्ञातः सुप्रयुक्तः स्वर्गे लोके च कामधुग्भवति**—એક શબ્દ બરાબર સમજાયલો ને બરાબર પ્રયોજાયલો સ્વર્ગમા ને આ લોકમા કામોનો દોહન કરનાર થાય છે-એમાં પણ જ્ઞાનની પ્રશસ્તા છે. એ બને વાક્યોમા **विजानाति** ને **सम्यग्ज्ञातः** એ બે શબ્દો પર લક્ષ આપવાનું છે માત્ર જ્ઞાનનીજ જરૂર કહી નથી, પણ વિજ્ઞાનની, સમ્યગ્જ્ઞાનની આવશ્યકતા દર્શાવી છે. આ પ્રમાણે સમય જતે પ્રાચીનોએ પણ કેવલ શાબ્દિક સ્મરણશક્તિ વગોવવામા ન્યૂનતા રાખી નથી.

શેનું સ્મરણ ઇષ્ટ ને લાભકારક છે—માત્ર પોપટીઉ જ્ઞાન નિન્દાને પાત્ર છે, પણ સમજીને મોએ કરવા જેવુ હોય તે મોએ કરવામા કંઈ હરકત નથી એટલુજ નહિ, પણ તેથી ઘણા ફાયદા છે. આકના કોઠા, કોષ્ટકો, અક્ષરગણિતના નિયમોના કેટલાંક સંક્ષિપ્ત રૂપો, ઉત્તમ ગ્રન્થકારોના ઉલ્લેખો, વ્યાકરણનાં સૂત્રો, કોશના જરૂરજોગાં પદો વગેરે મોએ કરવાજ જોઈએ. એથી શિક્ષણનો માર્ગ સરળ થાય છે ને સહૃદયતા કેળવાઈ અભિરુચિ ઉત્પન્ન થાય છે પણ એ બધું સમજીનેજ મોએ કરવું જોઈએ કેટલાકનું ધારવુ એવુ છે કે બાલ્યાવસ્થામા સ્મરણશક્તિ તીવ્ર હોય છે ને વિચારશક્તિ મન્દ હોય છે, માટે સ્મરણશક્તિજ કેળવવી, વિચારશક્તિ કેળવવામાં મિથ્યા કાલક્ષેપ કરવો નહિ સમય જતાં હાલ જે સમજાવવું મુશ્કેલ થાય છે તે

એની મેળે સમજાશે એમા કેટલુંક સત્ય છે, પરતુ હાલના પાશ્ચાત્ય માનસવિજ્ઞાનીઓ એ વિચારથી ઉલટા છે અમુક અવસ્થામાં અમુક શક્તિ કેળવીએજ નહિ તો તે બુઠ્ઠી થઈ જાય છે, માટે બધી શક્તિ કેળવતા રહેવુ એવો તેમનો મત છે મોએ કરવા જરૂરની જે બાબતો ઉપર વર્ણવી છે તેમા આઠના પાઠજ બહુ બાલ્યાવસ્થામા મોએ કરવાના છે, બાકીનુ મોએ કરવાનો સમય એવો નથી કે તેમા વિચારશક્તિ કેળવી ન શકાય આઠના પાઠ પણ બાળકની શક્તિ પ્રમાણે સમજાવી શકાય છે તો તેવી રીતે સમજાવીને શિખવવા એથી શિક્ષણ રસિક થાય છે ને બાળકની સ્મરણશક્તિ પર બોજો પડતો નથી, પરતુ જેમની વિચારશક્તિ મન્દ હોય તેમને સમજણ પડે એટલી પાડી આઠ ગોખાવવામા કઈ હાનિ નથી વળી જે બાબત વસ્તુનુ પ્રદર્શન કરાવી કે તેમના હાથમા આપી ખાતરી કરાવી શીખવી હોય તેનુ થોડે થોડે સમયે પ્રસગ આવે પુનરાવર્તન કરાવતા રહેવુ, નહિ તો તે તેમના સ્મરણમાથી જતી રહેશે સાહિત્ય પર પ્રેમ વધારવાનો ઉત્તમ ઉપાય સુભાષિતો મોએ કરાવવાનો છે એમ કરાવવાથી તેમનું ભાષાજ્ઞાન વધતુ જાય છે, ને રસ ઉત્પન્ન થવાથી વધારે જ્ઞાન મેળવવાનું તેમને મન થાય છે પાશ્ચાત્ય દેશમા પણ એ પદ્ધતિ માન્ય થયલી છે લાર્ડ મેકૉલે વિષે કહેવાય છે કે જો મિલ્ટન કવિનુ 'પૅરેડાઇસ લૉસ્ટ' નામનુ કાવ્ય લુપ્ત થાત તો મેકૉલેને તે બધુ યાદ હોવાથી તે બધુ લખી કાઢી પુન કાવ્યને સજીવન કરી શકત

સ્મૃતિ; લક્ષણ ને ઉદ્ભવ—આ પ્રમાણે સ્મરણશક્તિનો પ્રભાવ કેવો છે તે વિષે થોડુક કહ્યુ હવે એ શક્તિ શી રીતે ઉત્પન્ન થાય છે ને શી રીતે કેળવાય છે તેનો વિચાર કરીએ જ્ઞાનમાત્ર પ્રથમ ઇન્દ્રિયજન્ય છે માનસશાસ્ત્રીઓની શોધ પ્રમાણે પદાર્થો ઇન્દ્રિયોના સમ્બન્ધમા આવે છે ત્યારે તેને ઇન્દ્રિયોના અગ્ર ભાગમા સ્ફુરણા ઉત્પન્ન થાય છે ને એ સ્ફુરણા અન્તર્વાહિની જ્ઞાનતન્તુદ્વારા મગજને પહોચી ત્યા પ્રતિસ્ફુરણા ઉત્પન્ન થાય છે એટલે પ્રત્યક્ષજ્ઞાન થાય છે આરભમા એ જ્ઞાન પદાર્થ સાથે સબંધ વગરનું 'આ કઈક છે' એવા સ્વરૂપનુ અનિશ્ચિત હોય છે ને પછી 'આ ઘડો છે' એવા સ્વરૂપનુ નિશ્ચિત થાય છે આ પ્રમાણે નિર્વિકલ્પક પ્રત્યક્ષ ને સવિકલ્પક પ્રત્યક્ષ એવા બે જ્ઞાનના પ્રકાર છે, જેને અગ્રેજીમા 'Sensa-

tion' ને 'Perception' કહે છે. આ રીતે સંસ્કૃત નૈયાયિકો ને પાશ્ચાત્ય માનસશાસ્ત્રીઓના પ્રત્યક્ષ જ્ઞાન કેવી રીતે થાય છે ને તેના કેવા પ્રકાર છે તે વિષે વિચારો સરખાજ છે. હવે ઇન્દ્રિયોનો પદાર્થ સાથે સમ્બન્ધ થાય છે, ત્યારે મન પર તે પદાર્થ જે છાપ પાડે છે તેને સંસ્કૃત નૈયાયિકો ભાવના સસ્કાર કહે છે ને એ સસ્કારથીજ જ્ઞાન ઉત્પન્ન થાય છે. **संस्कारजन्य ज्ञान स्मृति**. એ સસ્કાર જેમ દૃઢ ને ઊંડા તેમ સ્મૃતિ પણ તીવ્ર થાય છે ને જેમ નિર્બળ ને આછો તેમ સ્મૃતિ પણ મન્દ થાય છે. આ ઉપરથી સમજાશે કે સ્મરણશક્તિ ખિલવવા માટે સસ્કાર ઊંડા પાડવા જોઈએ. કેટલાક ચાલાક છોકરા કેટલુંક ચાલાકીથી થોડા વખતમાં ગ્રહણ કરી શકે છે; કેટલાકને ગ્રહણ કરતાં ઘણો વખત જાય છે. આમ બધાંની ગ્રહણશક્તિ સરખી હોતી નથી. આજ કારણથી વૈશેષિક સૂત્રમા પટુપ્રત્યયને સંસ્કારનું કારણ આપ્યા પછી અભ્યાસને (પુનરાવૃત્તિને) કારણ તરીકે કહ્યો છે. વળી જેને પટુપ્રતીતિ થાય છે તેને પણ આવૃત્તિ કે અભ્યાસ વગર સસ્કાર ઉત્પન્ન થતો નથી. આ કારણથી એક વસ્તુનુ અનેક સ્વરૂપમા નિરૂપણ કરી તેની આવૃત્તિ કરવી જોઈએ કે સસ્કાર ઊંડો થાય. સસ્કારના ત્રીજા હેતુ તરીકે કણાદ આદર આપે છે તે પણ યુકતજ છે કોઇ અત્યદ્ભુત કે અલૌકિક પદાર્થનું દર્શન આદર ઉત્પન્ન કરે છે ને એ આદરથી તે વસ્તુનો સસ્કાર સ્વાભાવિક રીતેજ ઊંડો થાય છે.

(અપૂર્ણ)

ગુજરાત સાહિત્યસભામાં વાંચેલો લેખ.

(ચાલુ પુ. ૫૦ પૃષ્ઠ ૪૧૬ થી).

કાવ્ય ને કાવ્યશાસ્ત્ર.

હવે સાહિત્યના બીજા અગ કાવ્યને વિષે વિચારીએ. પ્રથમ દૃષ્ટિએ એમ લાગશે કે કાવ્ય તો હાલ ગુજરાતીમા ઘણા થાય છે તો તેને પોષવાની અપેક્ષા નથી. એ અગ તો પરિપુષ્ટ થયલુજ છે. કોઈ પણ માસિક તરફ નજર કરીએ કે તેમાં કાવ્ય તો ખરાંજ. હાલની ગુર્જરભૂમિ કવિ ઉત્પન્ન કરવામા ઘણી ફળરૂપ છે. સાધારણ કેળવણી પામેલો માણસ પણ ઠટકીય કે અન્ય રાગમાં સપાટાબંધ કવિતા બનાવી કાઢે છે ને પોતાના

મનથી પોતાને કવિ સમજે છે એને માટે કોઈ પણ પ્રકારના અભ્યાસ કે સંસ્કારની આવશ્યકતા છે એમ તેના ધ્યાનમા ઊતરતું નથી. પ્રાચીન સમયમા પણ આપણા દેશમાં એવા કેટલાક થયા છે તેવાઓની અન્ય કવિઓએ **हठादाकृष्टानां कतिपयपदानां रचयिता°** આદિ શ્લોકોમા નિંદા પણ કરી છે તેનો ભાવાર્થ એવો છે કે તાણીતૂસીને ન્યાંત્યાથી અતિકષ્ટે ભેગા કરેલા પદોનો રચનાર જેને વાણી વશ છે, એવા કવિ સાથે સ્પર્ધાલુ થાય તો અરેરે! આ દુષ્ટ કલિયુગમા આજકાલ શુ નહિ બને! ઘડાના નિર્માણ કરનાર ને ત્રિભુવનના નિર્માણ કરનારની વચ્ચે પણ કલહ ઉત્પન્ન થશે આપણા આલકારિકોએ કવિપદવી પ્રાપ્ત કરવાની આકાક્ષાવાળાઓમા કેવી યોગ્યતા જોઈએ તે બહુ સારી રીતે દર્શાવ્યુ છે. મમ્મટે કહ્યુ છે કે—

शक्तिर्निपुणता लोकशास्त्रकाव्याद्यवेक्षणात् ।
काव्यज्ञशिक्षयाभ्यास इति हेतुस्तदुद्भवे ॥

કાવ્યના ઉદ્ભવને માટે આ શ્લોકમા જેટલાં કારણો દર્શાવ્યાં છે, તે બધાને **हेतु** એમ એકવચનમા કહી એ સર્વની આવશ્યકતા છે, એમાથી એકનો અભાવ ચાલે નહિ એમ દર્શાવ્યુ છે. પ્રથમ કારણ શક્તિ કહી છે. શક્તિ એટલે પ્રતિભા (**प्रज्ञा नवनवोन्मेषशालिनी प्रतिभा मता**)— નવા નવા ઉન્મેષ—અકુર જેવા આવિર્ભાવથી શોભે એવી અપૂર્વ, નૈસાગિક બુદ્ધિ, પછી લોક એટલે વ્યવહાર, શાસ્ત્ર—છન્દ.શાસ્ત્રાદિ તેના વિમર્શનથી પ્રાપ્ત થયલી નિપુણતા અને કાવ્યજ્ઞના ઉપદેશથી કાવ્ય યોજવામા કરેલો અભ્યાસ, આટલી યોગ્યતા પ્રાપ્ત કર્યા પછી કાવ્ય રચાય તો તે ઉત્તમ થાય. હાલ તો આમાંની એક પણ પ્રકારની યોગ્યતાની જરૂર હોય એમ કાવ્ય બનાવનારાઓ માનતા હોય એમ લાગતું નથી. કેટલાક કાવ્યોમા છન્દનાં ઠેકાણાં હોતા નથી, વૃત્તભગ કે યતિભગના દોષ જોવામાં આવે છે, કેટલાકમા વૃત્તોનું મિશ્રણ ને ખડન દેખાય છે, કેટલાકમા નથી હોતી શબ્દચમત્કૃતિ કે નથી હોતી અર્થચમત્કૃતિ; કેટલાંકમા વિચિત્ર કલ્પના જે માત્ર કવનાર કવિઓથી કળાય (?) એવી હોય છે માધુર્યનો કે પ્રસાદનો લેશ પણ જોવામા આવતો નથી. આવા કાવ્યો રચવાને બદલે રચનારાઓ સાહિત્યગ્રથોનો અભ્યાસ કરી તેને વિષે ગુજરાતી ભાષામાં પુસ્તકો પ્રગટ કરે તો

તેમને પોતાને તેમજ ગુર્જરસાહિત્યને ઘણો લાભ થાય. કાવ્યસ્વરૂપ, કાવ્ય-પ્રકાર, શબ્દશક્તિ, રસ, ગુણ, દોષ, અલંકાર, નાયિકાસ્વરૂપ ને પ્રકાર, દૃશ્ય કાવ્યોના પ્રકાર ને તેનું વિવરણ, નાટકનું સ્વરૂપ, વસ્તુ, સંધિ આદિ અનેક વિષયો પર ગુજરાતીમા સારા પુસ્તકોની ખોટ છે. આમાનો કોઈ વિષય લઈ તેનો અભ્યાસ કરી તેનું સારૂં પુસ્તક બનાવશે તો તે ગુજરાતી સાહિત્યની સારી સેવા કરશે. કવિપદ કંઈ પ્રાપ્ત થવાનું નથી.

किं कवेस्तस्य काव्येन किं काण्टेन धनुष्मतः ।
परस्य हृदये लग्नं न घूर्णयति यच्छिरः ॥

કવિનું તે કાવ્ય કે ધન્વીનું તે ધનુષ્કાણ્ડ શા કામનું છે, જે પરના—અન્યના કે શત્રુના—હૃદયમાં લગ્ન થઈ માથું ઘુણાવતું નથી. અર્થાત્, હૃદયગમ કાવ્ય થાય તો તે કાવ્ય ને એવા કાવ્ય કંઈ બધા બનાવી શકતા નથી. કહ્યું છે કે—

परश्लोकान् स्तोकाननुदिवसमभ्यस्य ननु ये
चतुष्पादीं कुर्युर्वहव इह ते सन्ति कवयः ।
अविच्छिन्नोद्गच्छज्जलधिलहरीरीतिसुहृदः
सुहृद्या वैशद्यं दधति किल केषांचन गिरः ॥

થોડાક પારકાના શ્લોકોનો દરરોજ અભ્યાસ કરીને ચાર પાદ બનાવે એવા તો બહુ કવિઓ છે (ગુજરાતીમા 'કલાપી'ના કાવ્યોનો અભ્યાસ કરી એવા ઘણા થયા છે). પણ અવિચ્છિન્ન ઊછળતી સમુદ્રની લહરી જેવો જેમની વાણીનો પ્રવાહ અવિચ્છિન્ન, એકધાર ચાલ્યો જાય છે એવા તો થોડાકજ કવિઓ હોય છે કે જેમની વાણી સુહૃદ્ય—બરાબર હૃદયગમ થઈ પ્રાસાદિક હોય છે પ્રસાદ ને માધુર્ય ગુણ વિનાના કાવ્યો નિષ્પ્રયોજક છે. કેટલાક વિનયશાલી કવિઓએ નિરભિમાન દર્શાવી જાતેજ કહ્યું છે કે—

कवयः कालिदासाद्याः कवयो वयमप्यमी ।
पर्वते परमाणौ च पदार्थत्वं प्रतिष्ठितम् ॥

કાલિદાસાદિ કવિઓ છે ને અમે પણ કવિઓ છીએ પર્વતમાં ને

પરમાણુમાં બનેમાં પદાર્થત્વ પ્રતિષ્ઠિત છે અર્થાત્ પર્વત ને પરમાણુ બને પદાર્થ કહેવાય છે, પણ એ બેમા જેટલો ભેદ છે, તેટલોજ કાલિદાસાદિ કવિ ને અમારી વચ્ચે છે. બધા કઈ ઉત્તમ કવિ થતા નથી, માટે એ દિશામાં વ્યર્થ પ્રયત્ન કરી અસાધ્ય વસ્તુ સાધવાનું તજી દઈ જે દિશામાં પ્રયત્ન સફળ થવાનો ને સાહિત્યની ખરી સેવા કરવાનો સભવ છે તે દિશા તરફ પ્રયત્ન આદરો એવી મારી એ સુજ્ઞ પુરુષોને વિનતિ છે

પ્રાચીન કાવ્યોનું સસ્કરણ.

વળી પ્રાચીન કાવ્યોનું સંસ્કરણ, સશોધન ને સગ્રહ, તથા વિવરણ થવાની પણ જરૂર છે. 'ગુજરાતી સાહિત્યસભા' કવિઓની જયન્તી ઊજવે છે એ ઘણું સ્તુત્ય છે ઘણા કવિઓની જયન્તી ઊજવવાને બદલે થોડાની ઊજવી થોડાક વર્ષમા તેમને વિષે સપૂર્ણ હકીકત એકઠી કરવાથી વિશેષ લાભ થશે. દરેક કવના કાવ્યોનુ જુદુ પુસ્તક, કવિના વૃત્તાત, કાવ્યસમીક્ષા વગેરે સાથે તેમજ સારી ટીકા, જેમા કાવ્યના ગુણદોષનું વિવરણ થાય તથા વિષમપદ ને પદ્યનું વિમર્શન થાય એવી ટીકા સાથે છપાવવાની જરૂર છે. એથી આગળ વધીને દરેક કવિના દરેક સારા કાવ્યનું પણ એવા પ્રકારનું જુદુ પુસ્તક થવાની જરૂર છે. તેમજ પ્રાચીન કાવ્યોમાના સારાં સારાં કાવ્યોનો સંગ્રહ પણ થવાની કેટલી બધી જરૂર છે તે હાલ નીકળેલા કેટલાક એવા સગ્રહો લોકપ્રિય થયા છે તે ઉપરથી જણાઈ આવે છે. પરંતુ એવા સગ્રહોમા પણ ઘણા સુધારાવધારાની જરૂર છે. શ્રમ લઈ દરેક કવિના બધાં કાવ્યો વાંચી તેમાથી જે ઉત્તમ લાગે તેનોજ સગ્રહ કરવો જોઈએ. હાલના સગ્રહોમા એવુ બહુ જોવામાં આવતું નથી. એક બે 'નરસિંહ મહેતા'નાં તો બેચાર 'પ્રેમાનન્દ'નાં એમ મુખ્ય કવિનાં કાવ્યમાથી જે હાથ લાગ્યાં તે તેમજ આધુનિક વિદ્વાનો જેમની કવિ તરીકે ખ્યાતિ પ્રતિષ્ઠિત થઈ નથી તેમનાં પણ કહેવાતા કાવ્યોમાથી કોઈક કોઈક લઈ આવા સગ્રહો રચાયા છે કવિઓની કાવ્યવાટિકામાથી ઉત્તમ પુષ્પો ચુંટાઈ માળા બનાવવામાં આવી નથી તેથી તેનુ સૌરભ મનોરજક થતું નથી. વળી તેમા ટિપ્પણ પણ જોઈએ તેવા નથી. કોઈકમા છેજ નહિ, કોઈકમાં ઘણાં દૂષિત છે, ને કોઈકમાં ટિપ્પણકાર કાવ્યની ચમત્કૃતિમા એવો લીન થઈ ગયો છે કે જાણે તેનો કેફ ચઢ્યો હોય એવો વાંચનારને ભાસ થાય

છે. શી કાવ્યની ખુબી! કવિતે શક્તિની અહિં પરિસીમા છે, એવા ભાવવાળા શબ્દોમાજ તેનું ટિપ્પણ પરિસમાપ્ત થાય છે, ને વાચક વિષમપદનું વિવરણ શોધે છે, ત્યારે તેની નજરે ઉપલા શબ્દોજ પડે છે. આ ઉપરથી હવે સમજાયુ હશે કે આ દિશામા પણ અનેક રીતે શ્રમ કરનારને માટે સાહિત્યની સેવા કરવાનો અવકાશ છે અપેક્ષા માત્ર સારા શ્રમ ને સાધારણ શિષ્ટ બુદ્ધિની છે તેનો પ્રયોગ જેટલો વિશેષ થાય તેટલું ફળ પણ વિશેષ મળવાનો સભવ છે. (અપૂર્ણ).

---

*શિક્ષકનું ચારિત્ર્ય.

(રા રા સાકરલાલ અમૃતલાલ દવે. બી એ).

'શાળાપત્ર'ના સુવર્ણમહોત્સવમા મનુષ્યને સુવર્ણમય કરી દે એવા ચારિત્ર્યના વિષય પર કાઈક મનન થાય એ વાસ્તવિક લાગે છે. ચારિત્ર્ય એ મનુષ્યનું સ્વરૂપ છે, મનુષ્યનું ભૂષણ છે, અને એ ભૂષણરહિત પુરુષ '**साक्षात् पशु पुच्छविषाणहीन**' (પૂછડુ અને શિંગડા વિનાનો પશુ) છે એમ કહેવુ જોઈએ. ત્યારે આ ભૂષણ પ્રત્યેક શિક્ષકમા વિશેષ કરીને હોવુ જોઈએ એ સ્પષ્ટ છે. નાના બાળકના મનને ખીલવનાર, તેના પર સચોટ છાપ પાડનાર, તેને સારૂં અથવા નઠારૂં બનાવનાર, ભવિષ્યની પ્રજાને દૃઢ અને નિશ્ચલ અથવા તો વિહ્વલ અને નિર્માલ્ય બનાવનાર—શિક્ષકમાં ચારિત્ર્યરૂપી ભૂષણ ન હોય તો દેશનું જરૂર સત્યાનાશ વળે!

એ ચારિત્ર્ય એટલે શુ? માણસના મનની એવા પ્રકારની દૃઢતા—કઠિનતા, જે અસત્યને લક્ષ પ્રહારથી દૂર ખસેડી નાખે, અને તેજ મનુષ્ય—મનની એવી મૃદુતા—સુકોમલતા, જે ગાઢ તિમિરથી ઢકાયલા પણ સત્યને પોતાના આન્તર પ્રદેશમા ઓકદમ પ્રવેશ કરવા દે અને નિરન્તર ત્યાં વાસો રહેવા દે આવો મનનો સ્વભાવ, અવી મનની ભાવના, આવું મનનુ સ્વરૂપ તેનું નામ ચારિત્ર્ય "It is easier said than done"—બોલવું તો ઘણું સહેલુ છે પણ તે પ્રમાણે કરી બતાવવુ દુષ્કર છે, એ વાત નીચેના લખાણથી કાઈક સમજાશે

---

* આ લેખ જ્યુબિલિના ખાસ અક માટે આવેલો તે અવકાશને અભાવે અત્ર છાપવામા આવ્યો છે

આ લેખક પણ એક શિક્ષકજ છે, એકલે કદાચ શિક્ષક પર ચાબુક ઉગામવી પડે તો પોતે અપવાદ નથી એ સ્પષ્ટ છે.

શિક્ષકવર્ગના બે વિભાગ પડીશુ—

(૧) હાથ નીચેના શિક્ષકો (Assistants).

(૨) ઉપરી શિક્ષકો (Heads).

પ્રથમ વર્ગના શિક્ષકોમાં ચારિત્ર્યની મૂર્તિ આબેહૂબ કોતરાઈ હોય તો તેમના બાહ્ય આચારમા આવા પ્રકારનુ પ્રતિબિમ્બ નજરે પડવુ જોઈએ;

(ક) પોતાના સહશિક્ષકો (Colleagues) પ્રતિ સમાન ભાવ હોવો જોઈએ, કોઈ તરફ અદેખાઈ અથવા ઈર્ષ્યા અથવા દ્વેષ ન હોવો જોઈએ; કોઈની ચાડી ચુગલી કરવાની ટેવ અવશ્ય ન હોવી જોઈએ; ઉપરી તરફ પૂજ્ય ભાવ, માન, અને આદર હોવાજ જોઈએ, તેની સાથેજ ઉપરીના ખુશામતીઆ થઈ ફરવાની કુટેવ, પોતાનો સ્વાર્થ સાધવા સારૂ બીજાની નિન્દા અને તત્સબધી અસત્ય ભાષણ, કેવળ ઉપરીને ખુશી કરવાના હેતુથીજ તેના પ્રતિસ્પર્ધીઓ પર અયોગ્ય પ્રહાર, વગેરે વગેરે કુટેવોથી સો માઇલ દૂર હોવા જોઇએ.

(ખ) પોતાના કાર્યમા પ્રામાણિકતા, શિષ્યવર્ગ પ્રતિ સપ્રેમ લાગણી, અને કર્તવ્યનિષ્ઠા હોવા જોઈએ; નહિ કે કામ કરવામાં ખદાઈ, અમુક શિષ્ય પર દ્વેષ, અને ઉપરીને બતાવવા મટેજ કામ કરવાનો દભ અને ઢોંગ નજરે પડે

(ગ) પોતાના સંકારી કામમા ખાનગી બાબતોને અગે ઉદ્ભવેલી તકરારને પ્રવેશ નજ અપાવો જોઇએ, તેમ થાય તો મનની અધોદશા આના કરતા બીજી મોટી છેજ નહિ.

(ઘ) સર્વત્ર, અને ખાસ કરીને શાળાના મકાનમા, અનીતિપ્રવર્તક શબ્દોનો ઉપયોગ, બીભત્સ વાણીવિલાસ, એક બીજાની અમર્યાદિત મશ્કરી કર્ણગોચર ન થવી જોઈએ

વિચારતાં અત્યન્ત ખેદ ઉપજે છે જે આપણા ગ્રેડ્યુએટ શિક્ષકોમાં ભાગ્યે ૫૦ ટકા જેટલા પણ આમાના એક અથવા અનેક દોષોથી નિર્મુક્ત હોય છે ! તો પછી બીચારા ગરીબ સ્થિતિના મહેતાજીઓમા આવા ચારિત્ર્યની આશા ક્યાંથી રખાય ? ' सन्ति सन्तः कियन्त ? ' એ ભર્તૃહરિનુ વચન યાદ આવે છે.

દ્વિતીય વર્ગના શિક્ષકોના ચારિત્ર્ય વિષે 'શાળાપત્ર'ના છેલ્લા બે ત્રણ અંકોમાં વિવેચન થયલું છે; બીજી દૃષ્ટિથી કેટલુક અત્રે કહીશું.

ઉપરી શિક્ષકોએ ચારિત્ર્યબળ વિશેષ બતાવવાનું છે. તેમના દૃષ્ટાન્તથી તેમના હાથ નીચેના શિક્ષકો સુધરે છે કાં બગડે છે.

'नृपसद्मनि नाम के वयं
न परद्रोहनिबद्धबुद्धयः ।'

એ સહેજ ફેરવેલુ મનુજહૃદયજ્ઞ રાજર્ષિ ભર્તૃહરિનુ વચન કેવળ નૃપનેજ ઉદ્દેશીને નથી, પણ સત્તાધારી અધિકારીમાત્રને માટે કહેલું છે એ વાત લક્ષમાંથી ખસી જવી ન જોઈએ ઉપરી શિક્ષકનુ મનોબળ એટલું સતેજ હોવુ જોઈએ જે તેના સમક્ષ પરદ્રોહનિબદ્ધબુદ્ધિ (પારકાનું ભૂંડું બોલવાની દુષ્ટ મતિવાળો) પણ કેવળ મૂક બની જાય; અને પાછો જતાં પોતે વધારે ડાહ્યો અને સુશીલ બને. આપણી કોઈ ખુશામત કરે અથવા આપણા આગળ કોઈનું ભૂંડુ બોલે એ આપણી પોતાનીજ નિર્બળતા સૂચવે છે એ સર્વમાન્ય વાત છે ઉપરી શિક્ષકમાના દરેક દરેક આ મહાન્ દોષમાથી વિનિર્મુક્ત હોજો !

ચારિત્ર્યના અગાધ વિષયમાં કઈક ચચુપાત કીધો અત્રે કેટલાક ચારિત્ર્યદોષો આલેખ્યા–કેટલાક કપોલકલ્પિત પણ હશે–તે એવી આન્તરેચ્છાથી જે તે દોષો નિર્મૂળ થાય, અને શિક્ષકરૂપી દેશનુ ભૂષણ તદ્દન મળરહિત થઈ ચકચકિત દેખાય ! अस्तु. તેમા કોઈ પણ અમુક વ્યક્તિને ઉદ્દેશી લેશ માત્ર પણ લખાયુ નથી, છતા કોઈને માઠુ લાગે તો અંગ્રેજી કહેવત 'If the cap fits you may wear it' નુ સ્મરણ કરાવવું પડે. સલ ગ્રહણ કરી અસલ ફેંકી દેવુ એ સત્પુરુષનો સ્વભાવજ છે, અને તે પ્રમાણે કોઈ સત્પુરુષને લાભ મળે તો શ્રમ યથાર્થ કહેવાશે. ब्रह्मार्पणमस्तु ।

પૃથ્વીની મુસાફરી.

(ચાલુ પુ ૫૦ પૃષ્ટ ૩૯૪ થી) (એક મુખપાઠ).

લખનાર–ગીરજાશંકર કરુણાશંકર ભટ્ટ.

હિન્દમાથી યુરોપમા જવાનો જૂનો લાબો માર્ગ

અમથી બેઠો સૂર, જજો બ્હૌ હિમ્મત જેને. ॥ ૪૫ ॥
તોપણ ઇશ ઉપકાર, જીવતો આવ્યો મળવા,
વાચુ ગ્હારો નોધ, તમારા ગર્વો ટળવા. ॥ ૪૬ ॥
મ્હાસાગર ગભીર, પાસિફિક શાન્ત હતો તો,
વ્હાણ મુસાફર લોક, નથી જો તે નડતો તો. ॥ ૪૭ ॥
જોવા જેવુ અહીં, કુદરતે બહુ સરજ્યુ છે,
પૃથ્વના ગોળાતણુ, સુખ સઉ સમર્પીઉં છે ॥ ૪૮ ॥

નામાકિત વાહાણવટી કોલમસ અને તેણે સોધેલો ઉદ્યોગી અમેરિકા.

અમેરિકાખંડની, શોધ કોલમસ કીધી,
ચાંદ બાણુ ઇસ્વીથી, ખરે બહુ ખબરો દીધી. ॥ ૪૯ ॥
અમેરિકાના લોક, નવીન ઉદ્યમમા મચીઆ;
સત્તર બ્યાશી માહી, સ્વતત્રપણે જઈ વસીયા. ॥ ૫૦ ॥
સોના રૂપા સમી ઉંમતી ધાતુ જડે છે.
નવા હુન્નરો અને, હિકમતો નવીન કરે છે. ॥ ૫૧ ॥

અમેરિકાની પશ્ચિમમાં તોફાની પવન વખતે નુકસાન થાય છે

પશ્ચિમ દિશાનો પવન, અહીં તોફાન મચાવે;
પણ નિયાગરા ઘોધ, અતિ આનદ અપાવે ॥ ૫૨ ॥

કુદરતની કૃપા.

આ બ્રાઝિલજ દેશ, હીરા ને સોનાવાળો;
તેમ કાનડાતણુ, લોહચુબક જે ભાગો. ॥ ૫૩ ॥

દરિઆમા લાકડાના ઘર કરી રહેનાર.

ગિયાના જ્યૉર્જ ટાઉન, કાષ્ટના ભુવન કરે છે,
સમ પાટાગોનીયા, જગલી લોક ઠરે છે. ॥ ૫૪ ॥
ગઢ કાપ્યેન નામ, ફ્રેન્ચ ગિયાના જોજો,
કાળા પાણીતણી, ફ્રાન્સની હકુમત સમજો. ॥ ૫૫ ॥
સિંગોના વૃક્ષની, છાલનુ ક્વિનેન કરે છે,
પેરૂમા યાસકો, સપાટી ઊંચ ઠરે છે. ॥ ૫૬ ॥

આસ્ટ્રેલિઆ.

દક્ષુમી મોટો બેટ, આસ્ટ્રેલિઆ અહીં છે;
ન્યુહૉલાંડને નામ, ઓળખતો પ્રાચી છે. ॥ ૫૭ ॥

જણાય જંગલી લોક, સુનાની ખાણ ઘણી છે;
હસતું કાગાર ત્યાં, પશુની જાત ઘણી છે. ॥ ૫૮ ॥
કોપેલી કુદરતમાં પણ માણસો શાન્તિથી રહે છે.
જાવામાં ચાલીશ, પર્વતો જ્વાળાવાળા;
મનુષ્ય ખોપરીતણી, ઢાક[1] ફેરે જ્યા માળ. ॥ ૫૯ ॥
મુસાફરી પૂરી થવાથી બન્ને દિગ્પાલ સાથે બોલે છે.

દોહરો.

ઈશ્વરની કુદરતતણો, આ ટુંકો ઇતિહાસ,
સક્ષેપે સમજાવવા, કરિયો કંઈક પ્રયાસ.
ઈશ્વરની કરુણા વડે, સર્વે સિદ્ધ કરાય,
ટુંક મુસાફરી પૂરણ તે, પ્રભુકૃપાથી થાય.

ગુજરાતી ભાષામાં વપરાતા અને બીજા કેટલાક અરબીફારસી શબ્દો. (ચાલુ પુ. ૫૦ પૃષ્ઠ ૩૮૦ થી)

(લખનાર—અમીરદિયાં હરદૂમિયાં).

જુમા (અ) જુમ્આ શુક્રવાર. જમઅ=તેણે એકઠું કર્યું ઉપરથી. અરબસ્તાનમાં એ દિવસનું નામ પ્રથમ અરૂબા હતું, પણ મક્કામાં કઅબબિન લવીને ત્યા એ દિવસે કથા સાભળવા (દર અઠવાડીએ) ઘણા માણસો એકઠા થતા હતા, તે ઉપરથી જુમુઆ નામ પડયુ ('રૂસુમે જાહિલિયત'માથી).

જુમેરાત રાત શબ્દ ઉર્દુ છે શુક્રવારની રાત, એટલે ગુરુવાર. મુસલમાનોમાં બપોરની નમાજથી તારીખવાર બદલાય છે, માટે ગુરુવારની રાતને શુક્રવારની રાત ગણે છે, તેથી ગુરુવારને જુમેરાત કહે છે.

જુલમ (અ.) જુલ્મ.

જુલાબ (અ.) જુલ્લાબ. ફારસીમા ગુલાબ શબ્દ છે, તે ઉપરથી અરબીમા જુલ્લાબ શબ્દ થયો છે, કેમકે અરબીમા "ગ" ન હોવાથી "ગ" ને ઠેકાણે "જ" મુકાય છે. ગુલાબનું પાણી, ગુલાબનો શરબત,

---

૧ ઢાક નામે જાત માણસની ખોપરીની માળા કરી પેહેરે છે (એ જંગલી રીત).

ગુલાબની કળીઓ વગેરે રેચક હોવાથી પ્રથમ એ દવા રેચ માટે આપ હતા, તે ઉપરથી.

જુલ્ફા (અ) અરબીમાં "જુલ્ફ" એ "જુલ્ફા"નુ બહુવચન છે એટલે રાતનો કોઈ ભાગ. રાત (અંધારાને લીધે) કાળી હોય છે, માટે ફારસી વિદ્વાનોએ માથાના વાળ કાળા હોવાથી તેની ઉપમા વાળને આપી, તેઓ જુલ્ફ શબ્દ વાળ માટે વાપરવા લાગ્યા

જુસ્સો (અ) જુસ્સા. બદન, શરીર, લોથ.

જુસ્સો (ફા.) જોશ. જોશીદન=ઉકળવું ઉપરથી. શક્તિ, બળ

જેબ (ફા.) શોભા.

જેર (ફા.) નીચે.

જેરબંધ (ફા) જેર=દ ઘોડાનો સામાન ખસી ન જાય માટે જે બંધ બાંધે છે તે. બસ્તન=બાંધવુ ઉપરથી બંદ.

જેવર (ફા.) જવ્વર. ઘરેણુ. જેબ ઉપરથી જેવ=શોભા+વર=વાળી. શોભાવાળી વસ્તુ.

જોર (ફા.) તાકત.

જોરતલબી (ફા.) જોર=શક્તિ,+તલબી=તલબીદન=માગવુ ઉપરથી, જોર-તલબી શક્તિ માટે માગણી. મદદ માટે જે નાણાં ખંડણી રૂપ ઉઘરાવવામા આવતા તે

જોરાવર (ફા.) બળવાન્.

જોસદાન (અ ફા.) જુઝ્વદાન. જુઝ્વ (અ.) ભાગ, પુસ્તકનો ભાગ. +દાન=રાખવાની જગા. દફતર.

જોહુકમી (અ.) જહ્હાકી ફારસમાં જહ્હાક નામે જુલમી પાદશાહ થઈ ગયો છે, તેથી જુલમી બાદશાહને જહ્હાકની ઉપમા અપાય છે.

જંગ (ફા.) લડાઈ. જંગીદન=લડવુ ઉપરથી.

જંગબાર (ફા.) જંબાર.

જંગલ (ફા.).

જંગાલ (ફા.) જંગાર.

જંગી (ફા.) જંગ ઉપરથી. લડાઈ સાથે સંબંધ રાખનાર (૨) કોટમાં બાકાં હોય છે તે. જેમાંથી તીર કે બંદૂકની ગોળી ફેંકે છે તે.

જંજીર (ફા.) સાંકળ.

જંજીરો (ફા.) જજીરા. બેટ, દ્વીપ.
જનત (અ) સ્વર્ગ.
જમીલ (અ.) ટોપલો, ઝોળી, શાકભાજી લાવવા માટે વપરાય છે તે.
જમુરો (ફા.) જુમૂર મોટી માખ, સાણસી.
જુબેશ (ફા.) જુબિશ. હાવનુ, ગતિમા આવવુ. જુબીદન=હાલવુ ઉપરથી.

ઝ.

ઝનુન (અ.) જનૂન, જુનૂન. એક રોગ છે, જેમા માણસની બુદ્ધિ ગુમ થઈ જાય છે. ગાડપણ
ઝનુની (અ.) જનૂની, જુનૂની ગાંડો
ઝમઝમ (અ.) જમ્જમ. (આ શબ્દ વાચનમાળામા છે) મક્કાની પાસે એક કૂવો છે જ્યારે હજરત ઇસ્માઇલ (અ સ) બહુ તરસ્યા થયા, ત્યારે પોતાના પગની એડીઓ ઘસવાથી ત્યા પાણી નીકળ્યું એ કૂવો મુસલમાનોમા પવિત્ર ગણાય છે. હાજી લોકો હજ્જ કરીને પાછા આવે છે, ત્યારે પોતાની સાથે એ પાણી થોડુ થોડુ લાવે છે ટીનના કુડી જેવા જે વાસણમા એ પાણી ભરી લાવે છે, તેને જમ-જમી કહે છે

आबु पर्वत.

(ચાલુ પૃ. ૨૪ થી)

રૂખીકૃષ્ણથી અર્ધા માઇલ ઉપર પૂર્વ તરફ એક ટેકરી ઉપર સર્વ પશુનાં પગલા પથ્થર ઉપર કોતરવામા આવ્યા છે ત્યા પોતાની પાવડીમાંથી લૂગડાનો એક કકડો ચડાવવાની ત્યા જનારા સઘળા શ્રદ્ધાળુ લોકો અન્ત શુદ્ધિ માટે પોતાની ફરજ સમજે છે. જૂના ને નવા રસ્તાની સગવડઅગવડનો ખ્યાલ અહિં આપણા મનમા આવે છે નવો રસ્તો લગભગ સપાટ ને જૂનો રસ્તો ચઢાવવાનો મુશ્કેલ જણાય છે. નવા રસ્તા પર ભાટા અને ઉમારણી બે ગામ છે, તેની પાસે સને ૧૮૮૫ માં બનાવેલુ પારશી કોમનું દોખમુ છે.

૧૩ મા માઇલના પથ્થરની નજીકમા ડાબી બાજુ ઉપર એક વડનું ઝાડ ને નાની તળાવડી આવે છે ત્યા ધર્મશાળા તથા પાણીનું પુરબ છે

થોડેક દૂરથી હુંગરનો રળિયામણો દેખાવ શરૂ થાય છે. માર્ગમાં મહાદેવનાળું આવે છે. સીધા ખડક ઉપર ઝાડોની ઘાડી ઘટા વચ્ચે મહાદેવનું દહેરૂં છે ત્યાં આખું વર્ષ પાણીનાં ઝરણાં વહે છે. ચોમાસામાં ખડક પરથી રેલરૂપે પડતા પાણીનો દેખાવ રમણીય લાગે છે.

૧૨ માને ૧૧ મા માઇલ વચ્ચે વાઘનાળું આવે છે, ત્યાં વાઘનો ભો હોવાથી સ્ટેટ તરફથી ચોકી રાખવામા આવી છે.

૯ મા માઇલના પથ્થરની નજીકમાં એક નાનું નાળું ને વડનું ઝાડ છે, ત્યા મુસાફરો વિશ્રાંતિ લે છે. લગભગ અર્ધે રસ્તે તે જગ્યા છે. ત્યાં એક ચોકી સ્ટેટ તરફથી ઉભી કરવામાં આવી છે, તેમા એક જમાદાર રહે છે, તે આબુ જવાના આખા માર્ગ ઉપરની ચોકીનો ઉપરી ગણાય છે. યુરોપિયન મુસાફરો ઘણુંકરીને આ જગ્યાએ વિશ્રાંતિ લે છે ને પબ્લિક વર્કસ ડીપાર્ટમેંટ તાબાના ઇન્સ્પેકશન બગલામા અહિં તેઓ નાસ્તા પાણી કરે છે.

૭ મા માઇલના પથ્થર પાસેથી ચઢાવ અવરો આવે છે. વાકાચુકી દિશામાં ઉપર નીચે આમ તેમ ખડકો ખોદી સડક બનાવવામા આવી છે ને તેમાં સાત વાર ગોળાઈમાં સડક જતી હોવાથી તે જગાને "સપ્તચુમ" પણ કહેવામાં આવે છે. આ રસ્તો મુગાં પ્રાણીને થકવી નાખનારો હો-

તેમને માટે અહિં ખરેખરી દયા આવે છે જયપુર રાજ્યના પટાવત, ડીખરના રાવરાજા માધવસિંહજીએ અહિં દાણીઆ આપવાનું એક સદાવ્રત ને એક પાણીનું પરબ સ્થાપ્યુ છે. આ જગાએથી જમણી બાજુ તરફ અચળગઢ ઉપરનું જૈન દેવળ દૂરથી મુસાફરોને નજરે પડે છે.

૫ મા અને ૪ થા માઇલની વચ્ચે એક કુવો અને વિશ્રાંતિસ્થાન આવે છે ત્યાં એક નાનું આરણા નામનું ગામ છે તે તળેટીની ધર્મશાળા કહેવાય છે ને ત્યા જૈન જાત્રાળુઓને જોઈતું હોય તો બે લાડુ તથા થોડી ગેવનું ભાયુ આપવામાં આવે છે. જૈન જાત્રાળુઓને વિશ્રાંતિ આપે એવુ એ સ્થળ છે. ૪ થા માઇલના પથ્થર પાસેથી જૂનો રસ્તો આ નવી સડક સાથે મળી જાય છે. ત્યાથી પાછો થોડો ચઢાવ શરૂ થાય છે. ત્યાં હનુમાનજીની મૂર્તિ, સાધુની ધુ પડી તથા દરબારી ચોકી છે.

આ રસ્તો ખડકમાંથી જાણે તૈયાર કર્યો હોય તેવો સાંકડો છે. ઉપર

ખડકના મોટા મોટા પથ્થરો ને ઝાડો એવી રીતે ઝઝુમી રહ્યાં છે કે સૃષ્ટિ સૌંદર્યના અભ્યાસીને આનંદ સાથે કુદરતી શક્તિનો ઘણો સરસ ખ્યાલ આવે છે. એક બાજુ તરફ ઊંડી ખીણો અને તેમા આવી રહેલા આમ્રાદિ વૃક્ષો ને નાના નાના નાળાંઓ નજરે પડે છે. કુદરતી રચનાનો વિચાર કરતા માણસનું મન પરમેશ્વરના ગુણગાનમા ગળી જાય એવો અદ્વિતિય દેખાવ નજરે પડે છે ખીણોમા લીલાછમ જવના ખેતરો માર્ચ માસમા મુસાફરી કરનાર માર્ગમા જોઈ શકે છે.

૪ થાને ૩ જા માઇલની વચ્ચે હેતમજી નામનું નાનું ગામડું રસ્તાની ડાબી બાજુએ કેટલાક વાગ્યે છેટે આવેલુ છે

૧ લાને ૨ જા માઇલના પથ્થર વચ્ચે રસ્તાથી અર્ધા માઇલને છેટે ડાબી બાજુ ઉપર આબુ હાઇસ્કૂલનું મકાન આવે છે રૂપિયા બે લાખને ખર્ચે સને ૧૮૮૭ મા એ મકાન બી બી. અને સી. આઇ. રેલવેએ બંધાવ્યુ છે. ઈ સ. ૧૯૦૩ થી તે સ્કૂલના પ્રિન્સિપલ રેવરંડ બી. એચ. સ્કૉટને રેલવે કંપનિ અને સરકારની સારી મદદ લઈ તે રેલ્વે સ્કૂલ ને હાઈ સ્કૂલ બનાવી છે ત્યા ભણવાની, તરવાની, રમતો રમવાની, કસરતની, લૉજીંગ ને બોર્ડિંગની સારી સગવડ છે. દર મહિને વિદ્યાર્થી દીઠ રા. ૨૨ થી ૨૬ સુધી ફી લેવાય છે બી બી. સી આઇ ને જી. આઇ. પી. રેલ્વેના નોકરોના વિદ્યાર્થીઓ પાસેથી માત્ર રૂ. ૭ સાત લેવામા આવે છે સને ૧૯૦૮ થી એ હાઇ સ્કૂલનુ ખર્ચ સરકારે ઉપાડી લીધુ છે.

આ સ્કૂલથી આશરે ત્રણ માઇલને છેટે મણિપર્ણિકા તીર્થ ને સર્પકુંડ છે હાઈ સ્કૂલથી માઉંટ આબુને રસ્તે આગળ વધતા હુઇ ચોકી આવે છે. ત્યાંથી દેલવાડે જનારા યાત્રાળુઓને અટકાવી બીજે રસ્તે દેલવાડે મોકલવામા આવે છે. દેલવાડાને રસ્તે કપિલેશ્વર મહાદેવની જગ્યા ને જૈનો માટે નાની ધર્મશાળા આવે છે, ત્યાં જાત્રાળુ માટે ડોળી, મજુર, ટટ્ટુ વગેરે (દેલવાડાના જૈન અધિકારીને ખબર આપવામા આવી હોય તો) મળે છે.

હુઇ ચોકીથી આબુ જનારા મુસાફરોને જરા દૂર ગયા પછી આબુની નૈઋત્યમા આવેલી ફૉગગઢ નામની ઊંચી ટેકરી ઉપર જયપુરના મહારાજાએ બંધાવેલો સુંદર મહેલ (કોઠી) નજરે પડે છે થોડેક આગળ વધ્યા પછી જમણા હાથ પર સુકસરાઈ નામની ધર્મશાળા આવે છે, તે સને ૧૮૮૧

માં રજપુતાનાના એજંટ ટુ ધિ ગવર્નર જનરલ કર્નલ જે. સી. બ્રુકે બધાવી છે. થોડેક દૂર ગયા પછી સડકનો છેડો આવે છે ત્યાં ડાબી બાજુ ઉપર શિરોહી રાજ્યની કોઠી ને વેઇટિંગ રૂમ તથા જમણી બાજુ ઉપર ટાંગા કંટ્રાકટરનું મકાન આવે છે. ત્યામુધીજ ઘોડા ગાડી જઈ શકે છે. પછી જે સડક આબુ તળપદમા વિસ્તાર પામી છે સા ઘોડાગાડી કે સિગરામને ચાલવા દેતા નથી. ત્યાથી કટાતી જુદી જુદી સડકે જતા નખી તળાવ, આબુ ગામ, રજપુતાના હૉટેલ, ડાક બંગલો, ધર્મશાળા, કુલેશ્વર મહાદેવ, પોલો ગ્રાઉંડ, તેહસીલદારની ઑફિસ ને કોટવાલી, માજિસ્ટ્રેટની ઑફિસ, પોસ્ટ ને તાર ઑફિસ, રજપુતાના કલબ, ઑનરબલ એજટ ટુ ધિ ગવર્નર જનરલની ઑફિસ, લૉરેન્સ સ્કૂલ, સેનિટોરિયમ, મિલિટરિ બરાખ વગેરે આવે છે.

વળી આ સિવાય આસપાસની ટેકરી ઉપર તથા બીજા ભાગ ઉપર રજપુતાનાના સઘળા રાજાઓના નાના મોટા મકાનો, સ્ટેટ વકીલોને રહેવાની જગ્યાઓ વગેરે આવેલાં છે. આબુ ગામમા લોકોની જરૂરીઆત મુજબ જુદી જુદી ચીજોની નાનીમોટી દુકાનો આવી છે. ગામમા શેઠ મણિલાલ નાગજીદાસ રણછોડદાસની શરાફી પેઢી છે. એ પેઢી રજપુતાના એજન્સીના ટેઝરરનું કામ કરે છે, એ પેઢી લોકો સાથે પણ કામ કરે છે અને મુબાઈ, કલકત્તા, આગ્રા, અમદાવાદ, અજમેર, જોધપુર વગેરે સ્થળોમા તેની આડત ... આ સિવાય ત્યાં ખા. બા. કરામજી સતોકની દુકાન વગેરે કેટલીક મોટી ને સારી દુકાન છે.

હવે આપણે આબુ ઉપરની કેટલીક પવિત્ર જગાના નામ લઇએ. નખી તળાવ, અર્બુદા દેવી (અદ્ધરદેવી), ટપકેશ્વર મહાદેવ, શુકલ તીર્થ, દેલવાડાના દહેરાં, રૂખી વાલમ ને કુંવારી કન્યા, પણતીર્થ, અગ્નિતીર્થ, પિંડાર્ક તીર્થ, કોટેશ્વર મહાદેવ, અંચળેશ્વર મહાદેવ, મંદાકિની કુંડ (ત્રણ પાડા સાથે), રેવતી કુંડ, ભરથરીની ગુફા ભૃગુઋષિ આશ્રમ (ગૌમુખીકુંડ-સહિત), કર્પૂરકુંડ, અચળગઢના જૈન દહેરા, શ્રાવણભાદરવો તળાવ, કનખલતીર્થ, ચક્રતીર્થ, મહાવીરસ્વામિનું દહેરૂં, નાગતીર્થ, ગુરુશિખર, ભૈરવનાથજી, પુષ્કરજી, કૃષ્ણતીર્થ, કોડીધ્વજ, રામકુંડ, કપિલતીર્થ, લખચોરાસી, હનુમાનજીની જગ્યા, વસિષ્ઠજીનો આશ્રમ, ગૌતમઋષિનો આશ્રમ, રઘુનાથજી,

પરમાનંદેશ્વર મહાદેવ, રત્નેશ્વર મહાદેવ, નીલકંઠ મહાદેવ, જૂના અચળેશ્વર વગેરે જગાઓ તીર્થની જગા ગણાય છે.

પ્રસિદ્ધ ખડકોનાં નામ આ પ્રમાણે છે. ૧ ટોડ અથવા ક્રૉગ રૉક (જયપુરની કોઠી પાસે), ૨ નનરૉક (કલબ પાસે), ૩ પાવણપુર પોઈંટ, ૪ સનસેટ પોઈંટ, ૫ અપર પોઈંટ, ૬ અણાદ્રા પોઈંટ ને ૭ એલ્ફી વૉક.

(અપૂર્ણ).

ગ્રે. રા. ટ્રેનિંગ કૉલેજના ત્રીજા વર્ષના છાત્રોનું આનન્દપર્યટન—સ્કૂલ ઑવ્ આર્ટમા પૉટરિ—જ્યા માટીના વાસણો (ચિનાઈ વાસણ જેવા) બનાવવામાં આવે છે તે જોવા જેવી છે અહિં જે માણસનું મૉડેલ કે ચિત્ર લેવું હોય, તેને ફી આપીને બેસાડે છે (આ નિયમ સુરત-વડોદરામા પણ છે) આ સિવાય બીજુ ઘણુ કામ બને છે. અનેક માર્કેટો છે, તેમા ક્રૉફર્ડ માર્કેટ સૌથી સારી છે. અહિં અનેક વસ્તુઓ વેચાય છે, ને વ્યવસ્થા ઉત્તમ છે.

રાજાબાઈ ટાવર—યુનિવર્સિટિનુ શિખર જોતા માથાની પાઘડી હાથમાં ઝાલવી પડે છે! બે આના ફી આપીએ તો અંદર જવા દે છે. હાઇકોર્ટ એક મોટી શેરી જેવડી વિશાળ હોઈ ભવ્ય છે. એમા લિફ્ટ છે. તાજમહાલ હૉટેલ, જેમા રોજની ખાવાની ફી માત્ર એક નવા સીનિયર માણસના પગાર જેટલીજ છે તેનો દેખાવ રાજમહેલની ગરજ સારે એવો છે. આ સિવાય નાનીમોટી સેંકડો હૉટેલો છે વળી એલ્ફિન્સ્ટન કૉલેજ, ભુલેશ્વર અને વાલકેશ્વર તરફના રમણીય ભાગો, મલબાર હિલ, ગવર્નર સાહેબનો બગલો, તોપખાનું, મોજીસના સ્થળો, પણીની ટાકી, અને તે ઉપર બાંધી લીધેલો બાગ, બાણગંગાનાથનુ મોને મઢેલુ દહેરૂં, મહાલક્ષ્મી મંદિર, ચોપાટી (દરીઆનો કિનારો એ નામે ઓળખાય છે), અને ત્યાં વાગતુ અંગ્રેજી બૅન્ડ, અંધશાળા, અને પાંજરાપોળ એ સૌ ફરીફરીને જોવા જેવુ છે.

પરેલને રસ્તે ગ્રાન્ટ મેડિકલ કૉલેજ અને ત્યાનુ અનેક પ્રકારના અવતરેલા બાળકો અને રોગી અવયવોનું સંગ્રહસ્થાન જોવા લાયક છે આગળ વધતા ટાગ બદરના કાળા મેશ રસ્તા પર ડેવિડ સાસુનની રેશમની મિલ છે,

અહિં ૨૧૧ શાળો ચાલે છે, અને તેને લગતું સર્વ જાતનું (રેશમનું) કામ સ્ત્રીપુરુષો કરે છે રેશમી વણાટ આંખ ઠારી આનદ આપે એવો છે. સઘળું પૃથક્ કામ અવલોકવા યોગ્ય છે. ભાવખળા સ્ટેશન સામે વિક્ટોરિઆ ગાર્ડન છે બાગ વિશાળ છે, તેમા છોકરાની રમત જેવા નાના નાના લાકડાના અનેક પૂલો તળે થઈને તેમાં પાણી વહે છે. વડોદરાની પેઠે આ બાગમા પણ ભિન્ન ભિન્ન પ્રાણીઓનો સંગ્રહ છે. બાગમા મ્યુઝિઅમ છે, પણ તે વડોદરાના જેવુ મોટા પાયા પર નથી, તોપણ જેટલુ છે, તેટલુ જોવા લાયક છે. અહિં પ્રાણીઓને તેમના કુદરતી સ્થાનમા આબેહુબ બતાવ્યાં છે. દેવદેવીઓના જથાને અમુક ક્રિયા કરતો બતાવ્યો છે અને પ્રાધાન્ય કુદરતને આપ્યુ છે પરેલના ગજાવર કારખાનામા રેલ્વેનો સર્વ સામાન તૈયાર થાય છે. અહિં દિલ્હી દરબાર માટે તૈયાર કરેલી સ્પેશ્યલ ટ્રેનના ડબ્બા જોવાથી મન પર વૈભવના વાયગ વાય છે!

કર્નાક બદરે ભાગ્યાતૂટયા વહાણ ને બોટો સમારે છે. બારાના નાકા પર લોઢાનો રાક્ષસી દરવાજો છે. તે બધ કરવાથી ગોદીમા પાણી પેસી શકતું નથી, વહાણ-બોટો સમાર્યા પછી દરવાજો ઉઘાડી ગોદીમા પાણી પેસવા દે છે, એટલે વહાણ દરીઆમાં લઈ જઈ શકાય છે. બોટ અને મનવારોમા એવી તો સારી ગોઠવણ છે કે આપણને બંગલાનોજ ખ્યાલ થાય છે. આ સિવાય બીજા બારા છે, ત્યાથી માલ જાય આવે છે, ને ઉતારૂઓ ચઢે ઉતરે છે

કોલાબાના ભાગમાં વેધશાળા છે. પથ્થરના થાંભલા ઉપર આંગળીનો ટકોરો મારીએ તો તેનીએ અસર એક કાગળ પર યત્રથી નોંધાય છે! આ યત્રથી ધરતીકપની ખબર પડે છે. પવનની નોધ પણ નિરનર યંત્ર પર નોંધાય છે. વીજળીથી ચાલતાં ઘડીઆળોમાંના એકને કદી ચાવી આપવી પડતી નથી. તેના ઉપર આપણા વખતનો આધાર રહે છે. એને દર પોણી મિનિટે વીજળીથીજ ચાવી અપાઈ જાય છે! અહિં હિસાબ ગણવાનું યત્ર પણ જોવા જેવુ છે આવી આવી અનેક પ્રકારની ગોઠવણ જોતા કાળા માથાનું માનવી શું ન કરી શકે, એ વિચારથી ઈશ્વરના અગાધ ડહાપણનું ભાન આવી તેની સ્તુતિ કરવાનું મન થયા વગર રહેતું નથી.

એપોલો બદરેથી નાનાં મોટા અસખ્ય વહાણ-બોટો દરીઆમાં ડોલતાં

નજરે પડે છે. આ સ્થળ શહેનશાહ માટેના મડપથી શોભી રહ્યું છે. એક બાજુએ જૂનું મુબઈ, હિમાલયનો દેખાવ અને તે પરની રેલ્વે, તૈયાર કરેલા રસ્તા અને ગૅલેરિઓ, ઇલેક્ટ્રિક લાઈટની રોશની, એ સૌ મુંબઈની શોભામાં બેહદ વધારો કરે છે અહિંથી બોટમા બેસી ઘારાપુરી બેટ પર જતાં અનુકૂળ પવને બેએક કલાક લાગે છે દૂરથી જોતાં આ ખડક એક મોટી વહેલના આકારમાં લીલું આચ્છાદન ઓઢીને પડેલો જણાય છે. એને એવો ધારી ધ્રીને જોતા આંખ પર અપૂર્વ આનદના પડદા પડે છે ! બોટમાંથી ઊતરી દરીઆનાં પાણીમા બાંધેલા પથ્થરના તૂટક પૂલ પર થઈને તળેટીએથી ૮૧ પગથીઆં ચઢી ઉપર જવાય છે. ગુફા જોવા માટે ચાર આના ફી (પ્રત્યેક પાસેથી) લે છે. ગુફા (સ્તભસહિત) ખડકમાં કોતરી કાઢી છે. તેની વીસેક ફુટ ઊંચી ભીંતો પર પ્રાચીન કાળના મહાપુરુષ અને દેવદેવીઓનો ચિતાર કોતરી રાખ્યો છે. કેટલાક ભાગમા ઘણુજ અંધારૂં છે. ગુફાના ત્રણ ભાગમાં વચલો ઘણો વિશાળ છે. કોતરેલી પ્રતિમાઓથી ધૈર્યનો બોધ મળે છે. આ ગુફા 'એલિફન્ટા' નામે ઓળખાય છે.

પાછા વળતા પવન શાંત થઈ ગયો, અને સૂર્યનારાયણ પણ શાન્ત થયા. બોટમાં સઢનું સામર્થ્ય નષ્ટ થયુ, અને તેથી હલેસાએ કામ લેવુ પડયુ. પશ્ચિમ દિશા સોનેરી રંગથી ઝગઝગતી હતી, દીવાદાંડીઓ પરના દીવા ભોજ્યાંની પેઠે વખતે વખતે પલકારા મારી પાણીમા કિરણો વેરી નાખતા હતા, આગળ લાંગરેલા વહાણના દીવાઓ કિનારાનો ભાસ કરાવી ભડકાવતા હતા, અને પાછળ નજર કરતા અગોચર અંધારાનો પડદો પડેલો હતો, તે વખતે અમારી બોટ ધીમી ધીમી પાણી કાપતી હતી. આથી આ સઘળી લીલા જોવાને અમારા ચિત્ત શાન્ત બની આનદ અનુભવવા લાગ્યાં. બોટની મુસાફરી પણ પ્રિયજ લાગી.

મુબઈમા ખોરી બંદર ઘણુંજ સુંદર અને સગવડવાળુ જી. આઈ. પી નુ પ્રખ્યાત સ્ટેશન છે. સ્ટેશનનુ ઘણુખરૂં કામ યુરોપીઅન સ્ત્રીઓ કરે છે. અહિંથી માથેરાન જવાય છે. આ ટ્રેનની ઝડપ કલાકે ૫૦ માઇલની છે. ચાલતી ગાડીએ એક ડબ્બામાથી બીજામા જવાય એવી ગોઠવણ છે, પણ બેઠકની સગવડ સારી નથી. બ્રાહ્મણ સિવાય આ બાજુના બધા લોકો માંસાહારી છે. તેમના પાશથી (માછલાં ભુમલાના પોટલાથી) ગાડી

ગંધાય છે. રસ્તે એક બાજુ દરીઓ અને બીજી બાજુ પહાડ એવો ક્રમ કેટલાક સ્ટેશનો સુધી ચાલ્યો જાય છે પછી તો પ્રાધાન્ય પહાડ અને ખીણોનુંજ છે. અરે, ટ્રેનના માર્ગમા પણ—

હરિગીત.

બહુ ગર્વથી ગાંડા બની, આડા સુતા બહુ અદ્રિઓ,
ન માર્ગ આપે ટ્રેનને ન, શીખથી કોઈ પીગળ્યો;
બહુ વીનવીને વાજ આવ્યા, માર્ગ કાજે હેતથી,
પત્તો ન તોએ લાગીઓ પણ, ધીર ધારી ટેકથી. ૧.
સુરંગ ફોડી પેટ ચીર્યું, માર્ગ લીધો માણમે,
વળી પીઠ છેદી જ્યોત કાજે, લાજ્યા નિજ શૃંગ રે,
બહુ શોકથી મુખ શ્યામ થાયુ, રોજ થાતુ જાય છે,
બોડા શિખરો તેહના આ, સ્થિતિથી અકળાય છે. ૨.

એમ કાર્લા સુધીમા ૨૫ ટનલો તળે થઈને ગાડી જાય છે કેટલીક બહુ પાસે પાસે હોવાથી દિવસે ગાડીમાં દીવા કરવા પડે છે, અને ગાડીને એન્જીન બે જોડે છે. રસ્તામાં મોટી ખીણો આવવાથી ગાડીને ઘણો ફેર ખાવો પડે છે. (અમુક અતરે જઈને પાછુ વળવુ પડે છે). આ પછી માથેરાન જવા નેરોલ સ્ટેશને ઊતરવું પડે છે.

નેરોલથી 'માથેરાન સ્ટીમ ટ્રામ્વે' નામે નાની ગાડીમા બેસી પહાડ પર ચઢવાનુ કામ શરૂ થાય છે ચઢવા ઊતરવાની (ત્રીજા વર્ગની) ફી ૧. ૨॥ છે ટ્રેનનો રસ્તો ચોદ અને પગનો છ માઇલનો છે ટ્રેન વચ્ચે બે સ્ટેશન કરે છે, પણ તે ઉતારૂઓને ઉતારવા માટે નહિ એક બાજુ ઝરણાનાં પાણીથી ઝગઝગતી ખીણો અને બીજી બાજુ કુદરતી બાગના રક્ષણાર્થે ખડકની સીધી દિવાલો, જેને કિરતાર નિરતર અમૃતજળથી ધોયાજ કરે છે તે દેખાવ, અને વૃક્ષના ઝુડમાથી નજરે પડતુ આછુ આછુ આસ્માની (રગનું) આકાશ, એ અવલોકવાથી અલૌકિક આનદ અનુભવાય છે ! નીચેના ટેકરાના વૃક્ષવેલાદિ પર નજર નાખતા લીલા રગના, આંખને અતિપ્રિય લાગે એવા ગાલીચા જે કુદરતે માનવીશ્રમ હરવાને અર્થેજ પાથરી મૂક્યા છે તે જોતાં સૃષ્ટિનાં સૌંદર્ય અને કર્તાની કરુણામા ગરક થઈ જવાય છે ! ખરે, મહાન્ સ્વયભૂ, આ લીલા તો તેં દુખી દુનીઆનું દુ:ખ ભુલાવવા

નેજ સરજેલી જણાય છે! આટલું છતાંએ વજ્ર છાતીના પાપીઓ તારાથી દૂર હોઈ નાસ્તિક પણ છે, એ વિચાર આવતાં કપારી છૂટે છે. ધન્ય, વિભુ, તારી વિભુતાને કોણ પહોંચે!

ઉપર જઈને જોઈએ તો એક નાના શહેરની ધમાલ નજરે પડે છે. બજાર ભરાય છે, અને સર્વ જાતનો સામાન વેચાય છે. કાયમ વસ્તી ૨ થી ૩ હજારની છે. ૧૫૦ બંગલા છે તે ઓછેવત્તે ભાડે મળી શકે છે. સુધરેલા શહેરમાં સમાતી સર્વ સંસ્થાઓ ઉપર આવેલી છે. ઉપર ફરવા માટે ઘોડા અને માણસ ખેંચે એવી નાની ગાડીઓ ભાડે મળે છે. ગાડીવાળા પહેલે કલાકે રૂ. ૧।, બીજે ૧, ત્રીજે ૦॥ અને ત્યાર પછી કલાકે આઠ આના એમ ભાડુ લે છે. ઉપર ઝરણથી બનેલું 'ચાર્લોટ' નામે તળાવ છે. તેમાં પાણી એવું તો ઠંડું અને નિર્મળ છે—આવે છે, કે જે પીતાં ધગધગતાં અંત કરણ પણ બે ઘડી શાન્ત થાય!! હવાની તો વાતજ શી! ભાનુના પ્રચંડ તાપથી ગમે તેવાં તપેલાં તાલકાં ઠંડા કરવાને આ પવનની એકજ લહેર પૂરતી છે!! નીચે ઊતરતાં જોયલુંજ પાછું નવું લાગે છે!

છંદણા છઠ્ઠ.

દૃષ્ટિ નીચી કરી, જોઉં ભૂમિ ભણી, લીલા અગમ્ય ત્યા ખૂબ દીસે;
પૂજ્ય કિરતારના, જ્ઞાન મહિમાતણો, ખ્યાલ લેતાં ઘણી આખ રીઝે. ૧
વૃક્ષવેલાદિના, ગુથિયા ગાલીચા, રંગ લીલા થકી રમ્ય લાગે;
દિલ્હી દરબારની, શોભના વાસતે[1], કેમ તૈયાર ન કીધ હોશે. ૨
બાગ સોહામણો, વૃક્ષ ને વેલનો, માનવી કૃત્યની હાર્સી કરતો;
ઉગ્ર પ્રચંડ જે, ભાનુનાં કિરણો, તેહની સાથ જયબાથ ભરતો ૩

નેરોલથી ઉપડી કાર્લા-લોણાવલા સ્ટેશને ઊતરીએ, તો સામે કાર્લાનો પહાડ દૃષ્ટિગોચર થાય છે. સ્ટેશનની એક બાજુએ ધર્મશાળા છે, અને બીજી બાજુએ રાજા રવિવર્માનું પ્રેસ છે. ત્યાં દેવ અને મહાપુરુષોનાં રંગીત સુંદર ચિત્રો છપાય છે. તેની પાસેજ શિવાજીના લોહગઢ અને વિશાગઢ નામે પહાડી કિલ્લા છે કાર્લા પહાડ સ્ટેશનથી ત્રણ માઇલ દૂર છે. એની ઊંચાઇ માથેરાન જેટલીજ (૨½ માઇલ) છે. અહિં તળેટી પર રહીને ચારે બાજુએ નજર નાખીએ, તો પર્વતોનો કુદરતી કોટ નજરે પડે છે અહિં ઘેરાયલાં

---

[1] વાસ્તે.

લાખો માણસના લશ્કરને આ કોટ પરનાં થોડાંજ માણસો હંફાવી શકે એવી સ્થિતિ છે! શિવાજી જે બક્ષિસોનો રાજા હતો તે આજ છે. આ પહાડનો ચઢાવ જાતમહેનતથી ચઢવાનો છે, તેથી ચઢવાનુ કામ કેટલું અઘરૂં છે, તે અમે સહેલાઈથી સમજી શકયા. ઉપર ગયા તો મુખ્ય ગુફામાં[1] અખંડ ખડકમાંથી કોતરી કાઢેલા ૩૦ સ્તભ અને તેમાંના દરેક પર બબ્બે હાથી, અને હાથી પર સ્ત્રીપુરુષનાં બબ્બે જોડાંનો સુંદર ચિતાર નજરે પડયો. સ્તભ પર ચદનકાષ્ઠની કમાનો શોભી રહી છે. આ બધો દેખાવ બુદ્ધિવર્ધક અને મનોહર છે. આ ગુફા ઉપર બીજા બે માળ કોતર્યા છે. પ્રત્યેક માળમા એક મુખ્ય ઓરડો અને તેની આજુબાજુ કોતરી કાઢેલી દશ દશ બાર બાર નાની ઓરડીઓ છે સર્વત્ર મૂર્તિઓ-પ્રતિમાઓ કોતરી કાઢેલી છે, અને તે ઘણે ભાગે બૌદ્ધ ધર્મને લગતી છે. આની જમણી બાજુએ એક નાની ગુફા છે, ત્યાં આગળ મહાદેવની મૂર્તિ કોતરેલી અને પાસે ઝરણુનો બનેલો એક કુંડ છે ડાબી બાજુએ જે ગુફા છે તે ઉપર એક માળ છે. બધી ગુફાના મુખ્ય ઓરડાની આજુબાજુ નાની નાની ઓરડીઓ છે. બધે છતમાંથી પાણી ઝરે છે, તે આપણા ઘર અને ચોમાસાનો ચિતાર આપે છે. પહેલી બે ગુફાઓની નીચેની પરશાળ સળગ હોઈ ત્યાં આગળ નેવારૂપે ઝરણુનું પાણી નિરતર પડે છે.

આ સ્ટેશન અમારી મુસાફરીનું છેલ્લું બિંદુ હતું માટે અહિંથી પાછા વળી મુબઈ આવ્યા. પહેલે અને છેલ્લે દિવસે શેઠ હનિચંદે અમારી સ્વાગતા કરી અને ઉપકાર પર ઉપકાર કરી આભારી કર્યા એમના કારખાનામાં જગપ્રસિદ્ધ તીજોરીઓ બને છે, એ તો સૌને વિદિતજ છે. એક તીજોરી અમે એમને ત્યા જોઈ તેની કિંમત માત્ર ૫,૫૦૦ રૂપીઆજ છે, તેનું વજન ૧૫૦ મણથી વધુ છે સૂર્યોદયે જે વૈભવી શહેરમા અમે પ્રવેશ કર્યો હતો, તેજ શહેરમાંથી સૂર્યાસ્તે પાછા વળ્યા ખરેખર, કુદરત પણ આજ ઉદયાસ્તના નિયમનો સર્વત્ર બોધ કરી રહી છે વાહવાહ!

જ્યાંથી જોયુ ભલું, માણ્યુ જાણ્યાથી બેશ;
આપુ વર્ણન અનુભવી, વાચકને અહિં લેશ.'

——(o)——

---

[1] બધી ગુફાઓ 'કાર્લાની ગુફા' નામે ઓળખાય છે

કેળવણીખાતાની ખબરો.

જાહેર ખબર.

ઉ. ભા. ના મે. એ. ઇન્સ્પેક્ટર સાહેબના તા. ૧૫મી ડીસેંબર સને ૧૯૧૧ ના હુકમ નં ૧૧૧૯૫ ઉપરથી.

વર્નાક્યુલર પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થી માટેનો ડ્રૉઇંગનો અભ્યાસક્રમ.

(૧) બાળવર્ગ.

(અ) પાટી, સ્લેટ, કાગળ, અથવા કાળા પાટીયા પર વર્ગમાં અપાયલા પદાર્થપાઠ સાથે સમ્બંધ ધરાવતા વિષયોની અથવા જોડેની યાદીમાં આપેલી સૂચના મુજબ તે(યાદી)માના વિષયોની ફક્ત રૂપરેખા બતાવનાર ડ્રૉઇંગ

(૨) ધોરણ ૧.

(અ) પાટી, સ્લેટ, કાગળ, અથવા કાળા પાટીયા પર વર્ગમાં અપાયલા પદાર્થપાઠ સાથે સમ્બંધ ધરાવતા વિષયોની અથવા જોડેની યાદીમાં આપેલી સૂચના મુજબ તે (યાદી)માના વિષયોની ફક્ત રૂપરેખા બતાવનાર ડ્રૉઇંગ.

(૩) ધોરણ ૨

(અ) સ્લેટ, કાગળ અથવા કાળા પાટીયા પર વર્ગમાં અપાયલા પદાર્થપાઠ સાથે સંબંધ ધરાવતા વિષયોની અથવા જોડેની યાદીમાં આપેલી સૂચના મુજબ તે (યાદી)માંના વિષયોની ફક્ત રૂપરેખા બતાવનાર ડ્રૉઇંગ.

(બ) આંકણી અને કુટપટી જેવાં સાદાં સાહિત્યના ઉપયોગ સબંધી કેળવણી.

(ક) સાદી ચીજો અને પદાર્થોનું ખરેખરૂં માપ કરવાનો મહાવરો.

(૪) ધોરણ ૩.

(અ) સ્લેટ, કાગળ, અથવા કાળા પાટીયા પર વર્ગમાં અપાયલા પદાર્થપાઠ સાથે સમ્બંધ ધરાવતા વિષયોની અથવા જોડેની યાદીમાં આ-

પેલી સૂચના મુજબ તે(યાદી)માંના વિષયોની ફક્ત રૂપરેખા બતાવનાર ડ્રૉઈંગ

(ઘ) આંકણી, કુટપટી અને ત્રિકોણકાષ્ઠ જેવાં સાદાં સાહિત્યના ઉપયોગ સબંધી કેળવણી.

(ક) સાદી ચીજો અને પદાર્થોનું ખરેખરૂં માપ કરવાનો મહાવરો.

(૫) ધોરણ ૪.

સ્લેટ, કાગળ, અથવા કાળા પાટીયા પર વર્ગમા અપાયલા પદાર્થપાઠ સાથે સબંધ ધરાવતા વિષયોની અથવા જોડેની યાદીમા આપેલી સૂચના મુજબ તે(યાદી)માંના વિષયોની ફક્ત રૂપરેખા બતાવનાર ડ્રૉઇંગ.

(ઘ) સાદા સ્કેલ પ્રમાણે ડ્રૉઇંગ (અમુક માપને માટે અમુક લંબાઈની લીટી લઈને કાઢવાનું).

(૬) ધોરણ ૫.

(ઝ) સ્લેટ, કાગળ, અથવા કાળા પાટીયા પર વર્ગમા અપાયલા પદાર્થપાઠ સાથે સબંધ ધરાવતા વિષયોની અથવા જોડેની યાદીમા આપેલી સૂચના મુજબ તે(યાદી)માંના વિષયોની ફક્ત રૂપરેખા બતાવનાર ડ્રૉઇંગ.

(ઘ) સાદા સ્કેલ પ્રમાણે ડ્રૉઇંગ.

) ધોરણ ૬.

(ઝ) સ્લેટ, કાગળ, અથવા કાળા પાટીયા પર વર્ગમાં અપાયલા પદાર્થપાઠ સાથે સબંધ ધરાવતા વિષયોની અથવા જોડેની યાદીમાં આપેલી સૂચના મુજબ તે(યાદી)માંના વિષયોની ફક્ત રૂપરેખા બતાવનાર ડ્રૉઇંગ.

(ઘ) સાદી ભૂમિતિની આકૃતિઓનું (જ્યૉમેટ્રિકલ) ડ્રૉઇંગ.

(૮) ધોરણ ૭.

(ઝ) સ્લેટ, કાગળ અથવા કાળા પાટીયા પર વર્ગમાં અપાયલા પદાર્થપાઠ સાથે સબંધ ધરાવતા વિષયોની અથવા જોડેની યાદીમાં

આપેલી સૂચના મુજબ તે (યાદી)માંના વિષયોની ફક્ત રૂપરેખા બતાવનાર ડ્રૉઈંગ

(ब) સાદી ભૂમિતિની આકૃતિઓનું (જ્યૉમેટ્રિકલ) ડ્રૉઈંગ.

વર્નાક્યુલર શાળાઓમાં ડ્રૉઈંગના અભ્યાસક્રમ માટે સૂચવેલા વિષયોની યાદી.

ટીપ—(૧) વિષયોના નીચે પ્રમાણે વિભાગ પાડવામાં આવેલા છે.—

(अ) સીધી લીટીઓ વિશેષ આવતી હોય એવા જડ પદાર્થો.

(ब) વાંકી લીટીઓ વિશેષ આવતી હોય એવા જડ પદાર્થો.

(क) વનસ્પતિવર્ગમાંથી નમુનાઓ

(ड) પ્રાણિવર્ગમાંથી નમુનાઓ.

(૨) કોઈ પણ ધોરણમાં એક વર્ષમા સાધારણ રીતે ૧૦ વિષય કરતાં વધારે શિખવવા નહિ.

(૩) વિષયોની પસંદગી કરવામા શિક્ષકે જેટલા બને તેટલા વિભાગો આવી જાય એવો પ્રયત્ન કરવો

(૪) ચોથા અને તેથી ઉપલા ધોરણોમા પસંદ કરેલા વિષયોમાંના ઓછામાં ઓછા અડધા કાઢેલી નકલ પરથી નહિ પણ અસલ કુદરતી વસ્તુ પરથી દોરાવવા; એમ છતાં જ્યાં કાઢેલી નકલો વાપરવામાં આવે ત્યાં બધા વર્ગોમાં અસલ કુદરતી વસ્તુનો નમુનો પણ બને ત્યા સુધી વિદ્યાર્થીઓને બતાવવો, અને તે પરથી ચિત્ર કાઢવાના પ્રયત્નને ઉત્તેજન આપવું)

(૫) ડ્રૉઈંગો સ્લેટ, કાગળ, અથવા કાળા પાટીયા પર કઢાવવાં, અને માત્ર રૂપરેખાજ કઢાવવી

(૬) વર્ષના અભ્યાસક્રમ માટે પસંદ કરેલા વિષયોનું યાદદાન્ત ઉપરથી (મેમરિ) ડ્રૉઈંગ કાઢવાનો મહાવરો કરાવવો.

(૭) વર્ષના અભ્યાસક્રમ માટે પસંદ કરેલા અથવા તેમાંના કેટલાએક વિષયોના ચિત્રમા પીંછી વડે રંગ પૂરવાનું કામ (અથવા રંગીન

ચાક વડે 'માસ ડ્રૉઇંગ') કરાવવુ, પણ મૅનેજરો તે વિષયનું યોગ્ય શિક્ષણ આપવાની ગોઠવણ કરી શકે તો

બાળવર્ગ.

વિભાગ (अ).

૧. લાકડી.
૨. પેન્સિલ.
૩. સ્લેટ.
૪. પડબીડીયુ. (બંધ કરેલું પાસું)

વિભાગ (ब)

૧ નારગી.
૨. અજીર.
૩. કેરી.
૪. આંબાનું પાંદડું.

વિભાગ (च).

૧. દડો અથવા લખોટો.
૨ ઇંકુ.
૩. બાળકનો પતગ.
૪. ભમરડો.

વિભાગ (ड).

૧. ઑગ્ઝબર્ગના ડ્રૉઇંગના ગ્રંથ ૧ ને પાને ૨૨ મે છે તેવો છોકરો (એટલે એકજ લીટીથી રૂપરેપા બતાવવાની).
૨. (ઑગ્ઝબર્ગના ડ્રૉઇંગના ગ્રથ ૧ ને પાને ૪૪ માનું) મરઘીનું બચ્ચુ.

ધોરણ ૧.

વિભાગ (अ)

૧. કલમ.
૨. ચોપડી.
૩. વાંસની લાકડી.
૪. ચાબક.
૫. દેશી ત્રાજવાં.

વિભાગ (ब).

૧ તડબૂચ.
૨. જામફળ.

વિભાગ (च).

૧. ટૉમ ટૉમ (તાસાં વગેરે).
૨. ઘટ.
૩. ટોપી (દેશી છોકરાઓ પહેરે છે તેવી)
૪. સપાટ અંડાકાર થાળી.
૫. ટમ્બલર (કાચનું પવાલું).

વિભાગ (ड)

૧. હરણ (ઑગ્ઝબર્ગના ડ્રૉઇંગના ગ્રથ ૧ને પાને ૨૩ મે આપ્યુ છે તેવુ).

૩. મેરિગોલ્ડનું ફૂલ (ગલગોટો).
૪. વડનુ પાદડુ.

૨. છોકરો (ઑગ્ઝબર્ગના ડ્રૉઈંગના ગ્રંથ ૧ ને પાને ૨૩ મે છે તેવુ).

ધોરણ ૨.

વિભાગ (ઋ).
૧. સીસોટી
૨. ચોરસ આરસી.
૩. વાવટો
૪ દેશી કાસકી

વિભાગ (ક).
૧. પીપળાનું પાદડું.
૨. સૂર્યમુખી ફૂલ.
૩. કંદોરો.
૪. કાકડી.

વિભાગ (ચ).
૧ કુંચી.
૨. ચપ્પુ.
૩. સાવરણી

વિભાગ (ક).
૧. મૂળો (અથવા ગાજર)
૨. કેળું
૩. દીવેલીનુ પાદડું.
૪ કમળનું પાદડું
૫. કમળનું ફૂલ.

વિભાગ (ચ).
૧ ચાનુ પ્યાલુ.
૨ નગારૂ.
૩. તાવડી (લોઢાની)
૪. અનાજ દળવાની ઘટી
૫. લોટો.
૬ તકીઓ

વિભાગ (ડ).
૧ માછલી
૨. સમલું (બેકલું) (ઑગ્ઝબર્ગના ડ્રૉઈંગના ગ્રંથ ૧ ને પાને ૭૩મે છે તેવું).

ધોરણ ૩.

વિભાગ (ચ).
૧. મીસી.
૨. કોથળી.
૩ પીપ
૪. તાળુ.

વિભાગ (ડ).
૧. મધમાખી(ઑગ્ઝબર્ગના ડ્રૉઈંગના ગ્રંથ ૧ ને પાને ૪૪ મે છે તેવુ).
૨ છીપ
૩ ચકલી બેકલી. (ઑગ્ઝબર્ગના ડ્રૉઈંગના ગ્રંથ ૧ ને પાને ૧૨૭ મે છે તેવુ).

૪. બિલાડી (બેલી અથવા સુતેલી)

ધોરણ ૪.

વિભાગ (अ).

૧. ક્રિકેટ બૅટ.
૨. પેટી.
૩. ટોપલી.

વિભાગ (ब).

૧. પેડુ
૨. ડોળ.
૩. ઝાડને પાણી સીંચવાની ઝારી.
૪ ભુગળી, (ફુકણી)

વિભાગ (क).

૧ વેંગણનું ફૂલ.
૨. વેંગણ
૩ દાડેમ
૪. આમળીનું પાદડુ.
૫ થડ ને પાદડા સાથે. બાજરીનુ ડુંડુ.

વિભાગ (ड).

૧ પતગીઉં (ઑગ્ઝબર્ગના ડ્રૉઇંગના ગ્રંથ ૧ ને પાને ૪૪ મે છે તેવું).
૨ કેસારી.
૩. કાગડો (ઊભેલો).
૪ કૂતરો

ધોરણ ૫.

વિભાગ (अ)

૧ ચીપીઓ, શમેણી.
૨. કમ્પાસ.
૩. વીંજણો અથવા પખો
૪. ઘર અથવા ઝુંપડુ

વિભાગ (ब)

૧ ચમચો
૨ જોડો (દેશી).
૩. પક્ષીનું પાંજરૂં
૪ ચાદાની (કિટલી).

વિભાગ (क)

૧ નાળીએર
૨ ગુલાબનુ પાદડુ.
૩. લીમડાનું પાંદડું.
૪ તાડનું પાન
૫. ભીંડાનું ફૂલ.

વિભાગ (ड)

૧. સાપ.
૨. ઊડતી સમડી.
૩ ઊંટ.

ધોરણ ૬.

વિભાગ (अ).

૧. હથોડો.
૨. દાદર અથવા જીનો.
૩. ફરવત.
૪. સ્ટૂલ.
૫. કાતર.

વિભાગ (ब).

૧. ફ્લાવર-પૉટ.
૨. કુહાડી.
૩ ખળ અને દસ્તો.
૪. ગલણી

વિભાગ (क).

૧. ફર્નનુ પાદડુ.
૨. ગુલાબનું ફૂલ
૩ પાદડાવાળી ડાળી.
૪. તાડનું વૃક્ષ.

વિભાગ (ड).

૧ શિયાળ.
૨. વાઘ.
૩ ઘોડો.

ધોરણ ૭.

વિભાગ (अ)

૧. મુસાફરીની દૂક.
૨. ટેબલ (મેજ).
૩. ખુરશી.
૪. પાવડો.

વિભાગ (ब).

૧ ધનુષ્ય અને બાણ.
૨ પૈસા રાખવાનું પાકીટ.
૩ દાતરડુ (અથવા કૉયતો).
૪. હુક્કો.
૫. છત્રી.
૬. દેશી ગાડુ.

વિભાગ (क).

૧ આબાનુ વૃક્ષ (એટલે થડ અને પાદડા તથા ફળવાળા એક બે ડાળીઓ)
૨. વડનું વૃક્ષ (એટલે થડ અને પાંદડા તથા વડવાઈ સાથે એક બે ડાળીઓ)
૩. કાંટાવાળો થોર.
૪. થોર.

વિભાગ (ड).

૧ ગાય.
૨ ચિતો.
૩. મગર.
૪. હાથી.

નિશાળોનાં ઇનામપત્રક.

પંચમહાલ વિભાગ—

સણસોલી—સ્કુલ કમિટિના મેમ્બરો રૂ. ૮–૪–૦, શાહ ગડબડદાસ વલ્લવદાસ તથા શાહ મગનલાલ હેમચંદ રૂ. ૭–૪–૦ સ્કુલ જમાડી. **જેતપુર**—મી. વિશ્વનાથ રણછોડભાઇ રૂ ૩–૧૦–૦ ઇનામ. **હરકુડી**—ગામ લોકો વગેરે રૂ. ૮) પતાસા તથા ઘડિઆળ. **લુણાવાડા**—શા લલ્લુ ધનજી રૂ. ૩–૪–૦ ટોપીઓ. મહેરબાન મહારાજા સાહેબ રૂ ૨૦–૧૪–૦ પુસ્તકો. **સણસોલી**—હીમતલાલ નાનાલાલ રૂ. ૫) તથા જુદા જુદા ગૃહસ્થો રૂ. ૩) પુસ્તકો, મીઠાઇ, ખડીયા વગેરે. **સુંથ**—મહારાજા સાહેબ રૂ ૪–૧૫–૯ પુસ્તકો રૂ. ૩૫–૦–૩ છોકરાઓની મુખ્ય સ્કુલમા પુસ્તકો. રૂ. ૫૩) પતાસા. કન્યાશાળામા રૂ. ૨૦) ના કપડા. **કજરી**—ઠાકોર સાહેબ રૂ. ૩–૧૦–૦ પતાસાં. **વેજલપુર**—ગાંધી ગીરધરલાલ ભાઇચંદ રૂ. ૧૨–૦–૦ પતાસા, ખડીઆ, હોલડર. પા મોતીભાઇ બાજીભાઇ રૂ. ૩–૪–૦ પતાસા **ચાંપાનેર**—સીખરીપ્રસાદ લક્ષમણદાસ રૂ. ૪) ઇનામ. **શહેરા**—ઉર્દુ સ્કુલ–મુસલમાન પંચ રૂ. ૯–૨–૬ પુસ્તકો રૂ. ૧) મીઠાઇ **લુણાવાડા**—શા. છગનલાલ ભૂરાભાઇ રૂ. ૪) ચોપડીઓ. **કૂતેહુપુરા**—દેશાઇ હીરાલાલ ગોપાળભાઇ રૂ. ૮) કાપડ, સાકર **કડાણા**—દરબાર સાહેબ રૂ. ૧૧–૩–૩ પુસ્તકો તથા કાપડ. **બીલપાડ**—મે ઠાકોર સાહેબ રૂ ૫) ઇનામ. **દેલોલ**—ગામ લોકો રૂ. ૨૧), **રામનાથનું મુવાડુ**—ગામ લોક રૂ ૮) **ચાંપાનેર**—સીખરીપ્રસાદ રૂ. ૩–૮–૦ **વેજલપુર**—ગામ લોકો રૂ. ૪) **અડાદરા**—શેઠ પુજાભાઇ રૂ. ૩) ઇનામ. મીઠાઇ. **દાહોદ**—મ્યુ. ન. ૨ મ્યુનિસિપાલિટિ તથા મેમ્બરો રૂ. ૮–૧૪–૦

રાજપીપળા વિભાગ—

બોરીયા—સ્કુલ કમિટિના મેમ્બરો તથા સદ્ગૃહસ્થો રૂ. ૫–૦–૬ સ્કુલ જમાડી. **રાજપારડી**—શ્રી મહારાજા સાહેબ રૂ. ૮) મીઠાઇ. **વાલ્લી**—પટેલ હીરા ગોકળ, રૂ ૫–૪–૦ ઇનામ. **ઓલીગામ**—અખીજ દેશાઇભાઇ લલ્લુભાઇ રૂ. ૭) કાપડ મીઠાઇ.

મહીકાંઠા વિભાગ—

વાસણા—શા. ભાઇચંદ વસ્તારામ રૂ ૧૩) પ્યાલાં તથા મીઠાઇ.

ખંભાત વિભાગ—

ગોલાણા—મુખી, ડેપ્યુટીઓ રૂા ૧૪–૫–૦ ઇનામ.

ગદગ—(ધારવાડ)—કચ્છી દશા ઓસવાળ ગુજરાતી જૈન સ્કુલ ફંડ તરફથી રૂા ૧૩) ચોપડીઓ રૂમાલ તથા રૂા. ૬) પેડા.

પાલણપુર વિભાગ—

ડીસા—ના નવાબ સાહેબ રૂા. ૧૦) મીઠાઇ.

કાઠિયાવાડ વિભાગ—

ગુંદા—વારીઆ કાળીદાસ મેઘજી રૂા ૧૨) ઇનામ. ગામ લોકો તથા વારીઆ કાળીદાસ મેઘજી રૂા. ૧૮) ઘડીઆળ. મોની જીવરાજ ગેરધન વગેરે રૂા. ૮–૪–૦ ઇનામ. નદાણા—મિ દુવારકાદાસ રામજી રૂા. ૫) રૂમાલ તથા સાકર.

થાણા વિભાગ—

થાણા—શેઠ. મો. હ. મ્યુ. ગ્રુ સ્કુલ. શેઠ મોતીલાલ હરગોવિંદદાસ રૂા. ૩૨–૮–૦ પુસ્તકો તથા મીઠાઇ.

ખેડા વિભાગ ચાલુ

મુજકુવા—પગી ધરમા કાળા વગેરે રૂા. ૧૫) સ્કુલ જમાડી. મરીડા—ગામ લોકો રૂા. ૧૮–૮–૦ સ્કુલ જમાડી. બોચાસણ—સ્કુલ કમિટિના મેમ્બરો તથા અન્ય સદગૃહસ્થો રૂા. ૩૫) સ્કુલ જમાડી. રૂપીઆપુરા—ગામ લોકો રૂા ૩) મીઠાઇ વહેરા—ગામ લોકો રૂા ૧૮–૧૧–૦ સ્કુલ જમાડી ડભાણ—સ્કુલ કમિટિના મેમ્બરો તથા અન્ય સદગૃહસ્થો રૂા ૧૧) કાપડ, ઇનામ વગેરે. ઢુણાદરા—પા ગોપાળભાઇ દાજીભાઇ રૂા. ૧૬) સ્કુલ જમાડી. શેઠ છોટાલાલ મોહનલાલ રૂા ૫) પતાસા ચોપડીઓ. આગરવા—પા. લલ્લુભાઈ રઘાભાઈ, શા. સોમાભાઈ ભોગીલાલ તથા કાછીઆ લલ્લુભાઈ ગોવિંદભાઈ રૂા ૧૦) સ્કુલ જમાડી મખીઆવ—ઠાકોર સાહેબ દેવીસીંગજી રાયસીંગજી રૂા. ૩) પતાસાં. નાનીખડોલ—પટેલ નારણભાઈ ત્રીકમભાઇ રૂા. ૧૫) સ્કુલ જમાડી. આમરોલ—પટેલ નાથાભાઈ નાગજીભાઇ વગેરે રૂા. ૧૫) સ્કુલ જમાડી. રાસનોલ—ભાઇ હેના પા. રણછોડ હરીભાઇની વિધવા રૂા. ૯–૮–૦ સ્કુલ જમાડી મોરજ—મયુરભાઈ પીતાંબરદાસ શાહ. રૂા. ૮) સ્કુલ જમાડી. ઠા. ઇશ્વરભાઇ

ઝવેરભાઇ રૂા. ૮) સ્કુલ જમાડી. ઠા. પરસોત્તમ ગોપાળદાસ રૂા. ૩) ૫ તાસા સ્લેટો. **અહીમા**—ઠાકોરશ્રી જસવંતસંગ જીતસંગ રૂ. ૧૧) સ્કુલ જમાડી, **સર્ઇજપુર**—પાટીદાર લોકો રૂ. ૨૫-૪-૦ સ્કુલ જમાડી. **રતનપુરા**—પા વાઘજીભાઈ દેશાઇભાઈ રૂા. ૧૨) પા. લલ્લુભાઇ ભાઇબા રૂા ૧૨) સ્કુલ જમાડી. **ડાકોર**—શેઠ મોરારજીભાઈ વસનજીભાઈ બેન ગંગાબેન રૂા ૮૦) લુગડા. રૂ. ૨૮) કન્યાશાળામા કાપડ. **આંકલાવ**—ગોસાઈ મોતીગર રૂા ૪૦) ટોપીઓ રૂ. ૧૦) છીંટ. પા. શકરભાઈ જેસીંગભાઇ રૂા ૪૦) સ્કુલ જમાડી. પા. જેસીંગ બહેચર રૂા. ૪૦) સ્કુલ જમાડી. **કેરીઆવી**—શા. પુરશોત્તમ મથુરાદાસ રૂ. ૧૫) સ્કુલ જમાડી **મહીજ**—મથુરભાઇ તથા દેશાઇભાઇ દાળજીભાઇ રૂા ૧૦) સ્કુલ જમાડી. **બેડવા**—કન્યાશાળા પા. રાયજીભાઇ જીભાઇ રૂા. ૭) છીંટના કકડા. ઠક્કર હરિલાલ કરસન તથા ઠક્કર આશારામ પીતામ્બર રૂા. ૧૦) છીંટના કકડા. **સલુણ**—તાપીદાસ ગલાભાઇ પટેલ રૂા. ૮-૪-૦ બાવાભાઇ લખાભાઇ પટેલ રૂા. ૧૨-૯-૦ મીઠાઈ તથા પ્યાલા. **સંદેશર**—પા. નાથાભાઈ કાશીભાઇ રૂા ૧૬) સ્કુલ જમાડી. **ગાના**—પા. ઝવેરભાઇ હાથીભાઇ રૂ. ૮-૪-૦ ચારણી તથા પતાસા. **બોચાસણ**—કન્યાશાળા પટેલ હીરાભાઇ જેઠાભાઇ રૂા. ૭૨) કાપડ તથા પતાસા. **વાળજ**—પા. ભાઈલાલ લુમાભાઇ તથા પા ગીરધરભાઇ દ્વારકાદાસ રૂ. ૧૮) ઓદણીઓ, પ્યાલા, પતાસા. **રૂગાઇપુરા**—ભવાનીપુરા-વર્ગમાં પા જેસંગભાઇ વરજભાઈ રૂ. ૧૬) સ્કુલ જમાડી **ભાનેર**—પા. સાકળચંદ મોહનભાઈ રૂા. ૧૫) ચોપડીઓ, લુગડા તથા પતાસાં. ગામના ગૃહસ્થો રૂા. ૨૩-૧૨-૦ પ્રદર્શન માટે **સણાલી**—ગામના લોકો રૂા. ૧૦-૮-૦ સ્કુલ જમાડી. **કજરી**—પા. ઓતમભાઇ ભૂલાભાઇ રૂા. ૩૦) સ્કુલ જમાડી. **વડોદ**—કન્યાશાળા પા. મહીજીભાઇ ભગવાનદાસ તથા બાવાજી મનોર રૂા. ૪૦) ઓદણી, પતાસાં. રજપૂત જયસિંહ અમરસિંહ રૂા. ૧૨) પ્યાલા, પતાસાં. **મોગર**—શા. કેશવલાલ ભીખાભાઈ રૂા ૩) પતાસા **આશી**—જુદા જુદા ગૃહસ્થો રૂા. ૬-૧૨-૦ પતાસાં, ચોપડીઓ વગેરે. **વડથળા**—પટેલ ઇશ્વરભાઇ ગીરધરભાઇ રૂ. ૩) સ્લેટો, સુથાર મનસુખરામ મથુરદાસ રૂા ૫) પ્યાલા, પતાસા. જુદા જુદા ગૃહસ્થો રૂા. ૪-૮-૦ ટોપી તથા પતાસાં. **મોરજ**—

શાહ મગનલાલ જીવચંદ રૂ. ૩) ગામ લોકો રૂ. ૭–૧૪–૦ સ્કુલ જમાડી. **સામરખા રાવળાપુરા વર્ગ**—પટેલ ભગવાનભાઈ બાજીભાઇ રૂ. ૧૫) સ્કુલ જમાડી. **સીજીવાડા**—શા. અમીચંદ રૂપચંદ રૂ. ૧૫) સ્કુલ જમાડી **વિરોલ**—પા. બાબરભાઇ હાથીભાઇ રૂ. ૧૦) સ્કુલ જમાડી. **મહુધા**—પરીખ શંકરલાલ પાનાભાઇ રૂ. ૭–૮–૦ પતાસાં. **લીંબાસી**—કન્યાશાળા શેઠ નારણભાઈ કેવળદાસ શાહ રૂ ૧૦) સ્કુલ જમાડી, નાથાભાઇ તુળશીભાઈ પટેલ, રૂ. ૧૫–૯–૦ કાપડ મગનભાઈ જીવાભાઈ પટેલ રૂ. ૩૦–૬–૦ કાપડ શીવાભાઈ હાથીભાઈ પટેલ રૂ ૪૧) કાપડ કીશાભાઇ ગગાભાઈ પટેલ રૂ ૪૧–૩–૦ કાપડ. બાપુલાલ પ્રેમચંદ શાહ રૂ. ૨–૬–૦ કાપડ. લલ્લુભાઈ તળજાભાઈ પટેલ રૂ ૪૨) કાપડ, મીઠાઈ. દાદાભાઈ શીવાભાઈ પટેલ રૂ ૪૨) કાપડ, મીઠાઈ. જુદા જુદા ગૃહસ્થો રૂ ૬–૧૨–૦ **નડીઆદ**—ન. ૪ શા. સાકળચંદ મનસુખ રૂ. ૪–૬–૩ ચોપડીઓ. રૂ. ૮–૧૧–૯ દેશીહિસાબ તથા મીઠાઈ શા છગનલાલ ઝવેરદાસ રૂ. ૩(. મીઠાઇ. **કેરીઆવી**—મા છગનલાલ ગરબડદાસ રૂ. ૧૫) સ્કુલ જમાડી. **શાદરા**—ગામ લોકો રૂ ૪–૮–૩ છીંટ, ઠક્કર રણછોડ નરસીદાસ મીઠાઈ. **કમરાળા**—પા પ્રભુદાસ વાઘજીભાઇ રૂ. ૧૧–૭–૬ સ્કુલ જમાડી. **ભૂમેલ**—પા. નારણભાઇ રણછોડભાઇ રૂ. ૨૦) સ્કુલ જમાડી. **મહુધા**—દેશાઈ હરીલાલ દેવાઇભાઇ રૂ. ૪–૮–૦ દુધ પાયુ **ચકલાસી**—કન્યાશાળા પટેલ મિઠાભાઇ હરિભાઇ રૂ. ૧૫) સ્કુલ જમાડી **થામણા**—કન્યાશાળા પટેલ વલવભાઇ મથુરભાઇ રૂ ૨૦) પ્યાલા **વિરોલ**—પટેલ રણછોડભાઈ પરભુદાસ રૂ. ૧૧–૨–૦ પ્યાલા તથા પતાસાં. પા. બાબરભાઇ હાથીભાઇ રૂ. ૩) મીઠાઇ.

અમદાવાદ વિભાગ—

રોજકા—કુમારશ્રી પથુભા મજુભા રૂ. ૨૫) સ્કુલ જમાડી. રૂ. ૧૪) ઈનામ કુમારશ્રી પ્રભાતસીંહજી દેવીસીંહજી રૂ ૭) પુસ્તક, ગામલોકો રૂ ૩) પેંડા. તા. ૧૨ મી ડીસેમ્બરના રોજ ગોહેલ પ્રતાપસિંહજી ફતેહસિંહજી રૂ. ૩–૮–૦ પેંડા. કુ પ્રભાતસિંહજી દેવાસિંહજી રૂ. ૩) પાન ગુલાબ—ગામ લોકો રૂ. ૨૦–૪–૦ સ્કુલ જમાડી. **ખસ**—ગામ લોકો રૂ. ૩૯–૭–૫ સ્કુલ જમાડી **સીતાપુર**—મુખી લલ્લુભાઈ માવજીદાસ તથા

સ્કુલ કમિટિના મેમ્બરો તથા ગામના ગૃહસ્થો રૂ. ૩૧–૪–૩ સ્કુલ જમાડી કાપડ તથા સંગ્રહસ્થાન સારૂ ચીજો. **નોલી**—સ્કુલ કમિટિના મેમ્બરો તથા સદગૃહસ્થો રૂ ૧૧) સ્કુલ જમાડી. **નાગડકા**—ગામ લોકો રૂ. ૨૨) સ્કુલ જમાડી. **અમદાવાદ**–મ્યુ. સ્કુ ન ૩૪ સૈયદ મુરતુફામીયાં બાવામીયાં કાદરી રૂ. ૧૫–૪–૦ પુસ્તકો. મ્યુ. સ્કુલ ન. ૧૪ સૈયદ મુરતફામીયાં કાદરી રૂ ૨૦૦) પુસ્તકો, સાહેબજાદા ઉસ્માનખાંમીયા રૂ. ૧૦) મીઠાઇ. મ્યુ. નં. ૭. મુનશી ફતેહમોહમદ ફકીરમોહમદ રૂ. ૫) મીઠાઇ. **અસલાલી**—પા. જુલાભાઇ નાથાભાઈ રૂ. ૨૯–૮–૦ છોકરાની સ્કુલ, રૂ. ૭–૨–૦ કન્યાશાળા. પા. જુલાભાઇ પ્રાગજીભાઈ રૂ. ૩૦) કબાટ. ગામ લોકો રૂ. ૨૮) સ્કુલ જમાડી. **જખવાડા**—ગામ લોકો રૂ. ૧૮–૪–૦ સ્કુલ જમાડી.

સુરત વિભાગ—

સુરત. મ્યુ. ન ૧૬ શેઠ નરોતમદાસ પીતાંબરદાસ રૂ. ૪–૪–૩ પતાસા. **બેગમપુરા.** હોરવાડ કન્યાશાળા–શેઠ મહમદઅલી ગુલામહુસેન રૂ. ૭) ઘડીઆળ દહેજ—ગામના ગૃહસ્થો રૂ. ૧૦) પેડા તથા પતાસાં. **કોલવા.** શા. ગોવન ગજજી તથા દલીચંદ જેચંદ તથા કસન ભગાજી તથા શા. ઝવેર મોની રૂ. ૧૫–૮–૦ ઘડીઆળ શા કાના ગજજી રૂ. ૬–૪–૦ રૂમાલ, દેશાઈ કાળાભાઈ કુવરજી તથા પટેલ કાયાભાઇ રામભાઈ, લલ્લુભાઈ નાગરજી, વલ્લવભાઈ વસનજી, ખંડુભાઈ ગોવિંદજી તથા ભાણાભાઈ ગોવિંદભાઈ રૂ. ૧૬) સ્કુલ જમાડી.

ખેડા વિભાગ—

દેવાતજ—પા શીવાભાઈ ગગાદાસ રૂ. ૧૦–૪–૦ સ્કુલ જમાડી. **ચીલા**—દવે શીવશંકર જેભાઈ રૂ. ૧૨) પુસ્તકો **ઉંઢેલા**—પા. કાશીભાઈ કશળાભાઈ રૂ. ૨૦) સ્કુલ જમાડી. પા. રામભાઈ નરસીભાઈ રૂ. ૭) મીઠાઈ **મહુધા**—પરીખ અંબાલાલ ભાઇચંદ રૂ. ૮૫) કાચના ખડીઆ તથા શાકર. **ઈપડી**—સોની છોટાલાલ નરસીદાસ વગેરે રૂ. ૫) પતાસા **દાગજીપરા**—જેરામદાસજી વિષ્ણુદાસજી રૂ. ૨૦) સ્કુલ જમાડી. **સણાલી**—શા. કાળીદાસ રાયચંદ રૂ. ૧૦) સ્લેટો વગેરે શા. છોટાલાલ કેવળદાસ રૂ. ૨૦) સ્કુલ જમાડી. **ઉમરેઠ**—બ્રાંચ કન્યાશાળા–હેડમિસ્ટ્રેસ સ્કુલો જમાડી. **સંડલપુર**–સ્કુલ કમિટિના મેમ્બરો તથા ગામ ગૃહસ્થો રૂ.

૧૪) સ્કુલ જમાડી. **સીંજીવાડા**—પટેલ મોતીભાઈ દેશાઇભાઈ રા. ૧૫) પા. ઉમેદભાઇ જીજીભાઇ રા. ૧૫), શા. અમીચંદ રૂપચંદ રા. ૧૫), ઠક્કર ચુનીલાલ ધેલજી રા. ૧૨) સ્કુલ જમાડી. **થામણા**—કન્યાશાળા શકરભાઇ ચુથાભાઇ રા ૧૫) સ્કુલ જમાડી. **અલારસા**—ઠા લક્ષ્મિશંકર ઉત્તમરામ રા. ૯) ઘડીઆળ. **અલવા**—પટેલ લલ્લુભાઇ પીતામ્બરદાસ રા ૧૦) સ્કુલ જમાડી. **ધરીએજ**—ગામ લોકો રા. ૭-૦-૬ ચોપડીઓ તથા મી. પ્રાઈ, **ખાંધલી**—ગામના ગૃહસ્થો રા. ૧૮) સ્કુલ જમાડી. મે. આસિ. કલેકટર સાહેબ રા. ૩) મીઠાઇ. **મહુવા**—મ્યુ. સ્કુલ. ભવાનીશંકર દોલતરામ રા. ૩) પતાસા. **મહુવા**—પઠાણ દીલમાજખા શમશેરખાં કલ્યાણી રા. ૩) પતાસાં. **પંડોળી**—પા લલ્લુભાઈ મોમદાસ રા ૪૮) સ્કુલ જમાડી. **દેવકીવણસોલ**—સોલંકી સામનસંગ અમથાભાઇ રા. ૧૦) સ્કુલ જમાડી **પાળજ**—પા. લલ્લુભાઇ મથુરભાઇ રા. ૩) પતાસા. પા. રેવદાસ બાપુજી રા. ૬૫) સ્કુલ જમાડી. સ્કુલના શિક્ષકો રા. ૧૬-૧-૦ પ્રદર્શન સાહિત્ય. **ઈસરામા**—ગામના ગૃહસ્થો રા ૧૫-૮-૦ સ્કુલ જમાડી. **પાળજ**—કન્યાશાળા પટેલ રેવનદાસ બાપુજી રા. ૧૫) સ્કુલ જમાડી. **મહુમદપુરા**—જુદા જુદા ગૃહસ્થો રા. ૨૫) કોરોનેશન પ્રસંગે ખર્ચ. **સુભાષ**—પા. ચતુરભાઇ રણછોડભાઇ રા. ૭૫) સ્કુલ જમાડી ગામ લોકો રા. ૬) મીઠાઇ **અનારા**—પા. કુબેરભાઇ કહાનદાસ વગેરે રા. ૩-૮-૦ મીઠાઇ, તથા રા ૧૨) સ્કુલ જમાડી. **થામણા**—ગામ લોકો રા. ૨) મીઠાઈ ૫) પુસ્તક ઇનામ ૩૫) જમાડયા તથા છોટાલાલ શીવરામ પડયા તરફથી ઘડીસાળ એક રહુ—કાશીબાઇ શા. વરજીવન ઇશ્વરદાસની વિધવા બધી સ્કુલ જમાડી. **વાંઠવાળી**—લેઉઆ પાટીદાર પંચ રા ૧૨) ઘડીઆળ. **ઓજરાળા**—પા. દેશાઇભાઇ મગળદાસ રા. ૧૪-૬-૦ સ્કુલ જમાડી, જુદા જુદા ગૃહસ્થો રા ૮-૩-૩ કાપડ **બદલપુર**—ગામ લોકો રા. ૧૦) મીઠાઈ **ભાટેરા**—ગામના ગૃહસ્થો સ્કુલ જમાડી. **ખડોલ નાની**—સ્કુલ કમિટિના મેમ્બરો તથા સદ્ગૃહસ્થો રા. ૧૧-૮-૦ પા. હરિભાઈ કિશોરદાસ વગેરે, રા: ૬) સ્કુલ જમાડી વગેરે તોરણીઆ ગામે વર્ગ જમાડયો. રા ૫) શા મગનલાલ અત્રનલાલ રા. ૩) મીઠાઈ **અંજપુરા**—ગામ લોકો રા ૧૦) સ્કુલ જમાડી તથા મીઠાઇ. **મુજકુવા**—

ગામ લોકો રૂ. ૬–૮–૦ ઘડીઆળ. ઠા મનસુખ ત્રીકમ રૂ. ૧૫) સ્કુલ જમાડી. **વાસણાબુજર્ગ**—પા. મોતીલાલ રણછોડ સ્કુલ જમાડી. ઠા. કેશવલાલ નરસીભાઈ રૂ. ૫–૧૨–૯ ઇનામ **ખાંધલી**—ગામ લોક રૂ ૨૮) સ્કુલ જમાડી. **વળાસણ**—ઇનામદાર રામસગ રાજસગ રૂ ૨૬–૧૦–૦ શાળા જમાડી. **વીરસદ**—કન્યાશાળા પા ઝવેરભાઇ નાથાભાઇ દિવાન રૂ. ૧૦) મીઠાઇ. રૂ ૭૦) સ્કુલ જમાડી **વડતાળ**—શાહ મોહનલાલ છગનલાલ રૂ. ૪૪–૫–૬ સ્કુલ જમાડી **સીંજવાડા**—પારેખ હરીભાઇ છોટાલાલ રૂ. ૧૨) શા. માણેકચંદ કલાણચંદ શા. પુજાલાલ જેઠાભાઈ રૂ. ૧૭), સ્કુલ જમાડી, પટેલ તલાટી ગામના ગૃહસ્થો રૂ. ૨૫) મીઠાઇ. **મોગર**—શેઠ જીવાભાઈ હરીભાઇ રૂ. ૩૦) સ્કુલ જમાડી ઠાકોર સાહેબો રૂ. ૩) મીઠાઇ **ટૂડેલ**—ગામ ગૃહસ્થો તથા સ્કુલ કમિટિના મેમ્બરો રૂ. ૨૫) ઇનામ **અમીઆદ**—ગામના આગેવાનો રૂ ૧૦–૧૨–૦ સ્કુલ જમાડી તથા મીઠાઇ **અહીમા**—ઠાકોર તથા મહાજન રૂ. ૧૦) સ્કુલ જમાડી શા. નારણદાસ જેઠાભાઇ રૂ ૪) કપડા બારૈયા ચુંથાભાઇ રૂ ૨) મીઠાઇ. **ખડોળ**—ગામ લોક રૂ. ૨૩) સ્કુલ જમાડી તથા ઇનામ. **લીંગડા**—જુદા જુદા ગૃહસ્થો રૂ. ૧૮) સ્કુલ જમાડી દેશાઇભાઇ મનોરભાઈ રૂ ૮) ઇનામ, જુદા જુદા ગૃહસ્થો રૂ ૧૦) ઇનામ. ગામ લોક સમસ્ત રૂ. ૧૦) ઇનામ. **મિત્રાલ**—પા શીવાભાઇ જીજીભાઇ રૂ. ૧૮–૧૨–૦ સ્કુલ જમાડી, જુદા જુદા ગૃહસ્થો રૂ. ૭) ઘડીઆળ **ગોપાળપુરા**—ગામના ગૃહસ્થો સ્કુલ જમાડી. **માતર**—શેઠ મોહનલાલ મીઠાલાલ રૂ. ૨૫) મીઠાઇ, રૂ. ૫) રૂમાલ, ઉગરચંદ ભાઇચંદ તરફથી. **ત્રાજ**—સ્કુલ કમિટિ રૂ. ૧૪–૮–૦ સ્કુલ જમાડી, ઇનામ પતાસા **ફતેહપુર**—સ્કુલ કમિટિ રૂ ૧૩) સ્કુલ જમાડી **ઉત્તરસંડા**—કન્યાશાળા પા. રઇજીભાઇ સામળભાઈ રૂ ૫) કાપડ.

ભરૂચ વિભાગ—

કંથારીઆ—વા. વલી અસ્માલ રૂ. ૩–૮–૦ ચોપડીઓ, પા. આમધ અસ્માલ રૂ. ૧) ઇનામ **કડોદરા**—મોતીભાઇ નરસીંહ રૂ. ૮–૪–૦, સ્કુલ જમાડી

REGISTERED NO. B 43.

અંક ૩ જો. પુસ્તક પાંચમું.

Gujarat School Paper.

गुजरात शाळापत्र.

માર્ચ. ૧૯૧૨.

વિષય.	અનુક્રમણિકા.	પૃષ્ઠ.
૧.	ગુજરાત સાહિત્યસભામાં વાંચેલો લેખ...	૮૧—૮૪.
૨	શાળાના અભ્યાસક્રમમાં નીતિના શિક્ષણને સ્થાન...(ચુ. ગો. શાહ)	૮૪—૮૬.
૩	શિક્ષકોનું નિત્યસ્મરણ	૮૬—૮૯.
૪.	ઇંગ્લંડની પ્રજાની પ્રગતિને રચતા સુધારા. (ફ. સુ. વકીલ)	૮૯—૯૦.
૫.	ગણિત (રા. કા. પટેલ)...	૯૧—૯૭.
૬.	બાળસંવાદ. (મો. મ. ભટ્ટ).	૯૭—૧૦૧.
૭.	આબુ પર્વત (પો. કે. શાહ).....	૧૦૧—૧૦૭.
૮.	કેળવણીખાતાની ખબરો	૧૦૮—૧૧૭.
૯	નિશાળોનાં પ્રતાપપત્રક.....	૧૧૮—૧૨૦.

તંત્રી (ઑગસ્ટ ૧૯૦૨ થી)-અને
પ્રકાશક—રા. બ. કમળાશંકર ગોવુશંકર ત્રિવેદી, બી. એ.,
પ્રિન્સિપલ, પ્રે. રા દેસાઈ કૉલેજ—અમદાવાદ.

કેળવણીખાતાના હુકમથી.

(સર્વ હક્ક સ્વાધીન રાખ્યા છે)

અમદાવાદ—યુનાઇટેડ પ્રિન્ટિંગ પ્રેસમાં મૅનેજર રણછોડલાલ મગનલાલે છાપ્યું.

શાળાપત્ર જ્યુબિલિઅંક—તૈયાર છે. 'શાળાપત્ર'ના જે ગ્રાહકો ઇ. સ. ૧૯૨૧ સુધીનું 'શાળાપત્ર' નું લવાજમ પૂરેપૂરું ભરી ચૂકયા હોય તેમણે 'શાળાપત્ર'ની ઑફિસમાંથી એ અંક લઈ લેવો. ટપાલ મારફતે મંગાવનારે ટપાલ ને પૅકિંગના બે આના મોકલી આપવા, તે મોકલશે અથવા વી-પી-થી મંગાવશે ત્યારે તેમને અંક મોકલવામાં આવશે.

તન્ત્રી.

આત્મારામ અને દલાભાઇની કમ્પનીની

લેખનકળા કોપીબુકો.

ગુજરાતી અને બાળબોધ છ નમ્બરમાં.

કેળવણી ખાતાના મે. ડિરેકટર સાહેબે મુમ્બઇ ઇલાકાની ગુજરાતી નિશાળોમાં ચલાવવાને મંજૂર કરી છે.

કેળવણીખાતાના ઘણા અનુભવી અમલદારોના મત લઇ ગુજરાતી અક્ષરોનો ઢબ વધારે સોહી કાઢી, તથા મોરડોને અનુકૂળ અક્ષરોનાં કદ તથા વળાંક ઢબની ગોઠવણ કરીને, હાલ ચાલતી સર્વે કોપીબુકો કરતાં ચઢીઆતા થયાની ખાત્રી થયા પછી છપાવી બહાર પાડી છે.

કોપીબુકોની સફાઈ અને સુન્દરતા જાળવવા માટે ત્રાંબાના પત્રા (કોપરપ્લેટ) કોતરાવેલા છે, જે ઉપરથી માત્ર દરેક પેજ એકજ બાજુએ સુન્દર રંગની શાહીથી છપાય છે કાગળ અને કવર ઉંચા દરજ્જાનાં વાપરેલા છે, જે એક નજર જોવાથી ખાની થશે

૨૦૦ અને તે ઉપરાંત કોપી ખરીદનારને સેકડે ૩૩ ટકા કમીશન આપવામાં આવશે; પેકીંગ અને રેલવે ખરચ પણ આપવામાં આવશે પણ પોસ્ટ મારફતનું કે સ્ટેશનથી આગળનું ખરચ અપવામાં આવશે નહિ.

કોપીઓ, સાથે બીજાં પુસ્તકો મંગાવનારને એક કરે અમો ટકો કમીશન પણ મોકલી આપવા ગોઠવણ રાખી છે. મળવાનું ઠેકાણું—આત્મારામ અને દલાભાઇની કમ્પની, લેખનકળા કોપીબુકની ઓફીસ,-કાળકાદેવી રોડ પોસ્ટ ઓફીસ સામે નંબર-૨૧૭ મુંબઈ.

દાદાભાઈ જગજીવનદાસ.

ગુજરાત શાળાપત્ર.

પુસ્તક ૫૧ મું. માર્ચ, ૧૯૧૨. અંક ૩ જો.

ગુજરાત સાહિત્યસભામાં વાંચેલો લેખ (આવુ પુ. ૫૧ પૃષ્ઠ ૪૯થી)

નવલકથા.

હાલ જેમ કાવ્યો બહુ રચાય છે, તેમ નવલકથા પણ બહુ લખાય છે તેમા થોડીજ વસ્તુસકલના સુંદર હોય છે આપણા સામાજિક વ્યવહારમાં જે દૂષિત હોય તેનું નિન્દાપાત્ર ચિત્ર આલેખવુ, તેમા ઉત્તમ આદર્શો વાચકવર્ગ સમીપ મૂકવા, અનેક વિભિન્ન અવસ્થામા જનચિત્તની ઉચ્ચાવચ સ્થિતિનુ સમ્યક્ સમાલોચન કરી આબેહુબ નિરૂપણ કરવું, પુસ્તકના અન્ત સુધી વાચકનો રસ અવિચ્છિન્ન રહે એવી વસ્તુસકલના ગૂંથવી, સદ્વસ્તુ પર પ્રેમ ને અસદ્વસ્તુ ઉપર તિરસ્કાર છૂટે એવો ઉપદેશ આપવો અને વર્ણનશૈલી તેમજ વિચારશ્રેણિથી વાચનારનું મન આકર્ષવું-એવો સંક્ષેપમાં નવલકથાનો ઉદ્દેશ હોવો જોઈએ એકદર વસ્તુસકલના ને રસની જમાવટ લાવવામાં તથા અન્તપર્યન્ત નિભાવવામા પારસી લેખકોની નવલકથાઓ જે બહુધા અંગ્રેજી નવલકથાનુ અનુકરણ હોય છે, તે અન્ય લેખકોની નવલકથા કરતાં ચડીઆતી હોય છે. આપણા સમાજમા સંપૂર્ણ પાશ્ચાત્ય રીતિ દાખલ કરવી ઇષ્ટ છે કે નહિ તે વિષે ઘણા નવલકથાકારો ઊંડો વિચાર કરતા જણાતા નથી પાશ્ચાત્ય સામાજિક સ્થિતિનું સંપૂર્ણ અનુકરણ કરવાથી પારસીઓની કેવી બૂરી દશા થઈ છે, તે તેઓમાના ઘણાખરા પણ હવે સમજતા થયા છે. મારી પાસે અવલોકનાર્થે ડિરેક્ટર ઑવ પબ્લિક ઇન્સ્ટ્રક્શન તરફથી ત્રણ ત્રણ મહિને પુસ્તકો આવે છે તેમા ઘણો ભાગ નવલકથાનોજ હોય છે. તેમાંની કેટલીક સાપ્તાહિક પત્રોને લગતી ભેટ હોય છે લેખકોમા પાશ્ચાત્ય કેળવણી પામેલા પણ હોય છે. છતાં ઘણીખરી નવલકથામા હિંદુ સંસારનું ચિત્ર વિરૂપ ને એકદેશી હોય છે ને આદર્શરૂપ દર્શાવેલી ભાવના આપણા સંસારને હાલ તો સુસંગત ન થાય એવીજ હોય છે. આપણી સામાજિક સ્થિતિમાં અનેક રીતે સુધારાને માટે સંપૂર્ણ અવકાશ છે, એની તો કોઈથી ના કહેવાય એમ નથી, પરંતુ સંપૂર્ણ

ઉચ્છેદ એકદમ થઈ શકવાનો નથી ને થાય તો તે ઇષ્ટ પણ નથી. દૂરથી જેટલું સુંદર ભાસે છે તેટલું હંમેશ તેવું હોતું નથી—દરેક મંડળમાં કેટલુંક ગુણ ને કેટલુંક નિન્દ્ય હોય છે, બધું અનુકરણીય હોતું નથી. એક મંડળને જે અનુકૂળ હોય તે અન્યને પણ હોય એવો સાર્વત્રિક નિયમ હોઈ શકેજ નહિ. હલની કેટલીક નવલકથાઓનું વસ્તુ એક પ્રકારનુંજ બહુધા હોય છે. તરણ સ્ત્રીપુરુષોને કેળવાયલાં આલેખવાં, તેમના સમાગમને માટે અનેક પ્રસંગો નિરૂપવા, તે પ્રસંગોએ તેમની વચ્ચે પરસ્પર સંભાષણદ્વારા પ્રેમનું બીજ રોપવું ને પોષવું, તેમના વડીલ પુરુષો સમીપ પણ તેમના સાત્ત્વિક ભાવોનું નિદર્શન કરવું એટલુંજ નહિ, પણ નિર્મર્યાદ શૃંગારચેષ્ટા વર્ણવવી, તેમાંના એકને રોગગ્રસ્ત ને બીજાનાને વશ થયલો ચિત્રી તેના ગુરુજન છતા પણ તેની બરદાસ તેના પ્રેમપાત્ર પાસે કરાવવી ને પછી આવા યુગ્મનો વિવાહ વર્ણવી તેને સ્વર્ગસુખનો ઉપભોગ કરતું નિરૂપવું—આવા પ્રકારની વસ્તુસંકલના ઘણાં પુસ્તકોમાં નજરે પડે છે. તેથી સામાન્ય રીતે તેના ઉપર નીચે પ્રમાણે ટીકા કરવી પ્રાપ્ત થઈ છે.—"The ideal state of marriages depicted in the book as conceived by the author will hardly appear to be ideal to men of riper years and judgment. It is a state found in and suited to western lands and the Hindu society is not prepared to adopt it bodily. Young writers of immature judgment contrive in their books to bring a young boy and a young girl together, make

* આ પુસ્તકમાં ગ્રન્થકારે કલ્પેલી લગ્નની ઉચ્ચતમ આદર્શભૂત સ્થિતિનું જે ચિત્ર આપ્યું છે તે પરિપક્વ વય ને બુદ્ધિના પુરુષોને ભાગ્યેજ આદર્શભૂત લાગશે. એ તો પાશ્ચાત્ય દેશોમાં મલિમ પત્ની ને તેને લાયક સ્થિતિ છે અને એ સ્થિતિ તમામ એવાજ રૂપમાં દાખલ કરવાને હિંદુ સમાજ તૈયાર નથી. અપરિપક્વ વિચારવાળા તરણ લેખકો પોતાનાં પુસ્તકોમાં જુવાન સ્ત્રીપુરુષને ભેગાં મેળવવાની તદબીર રચે છે, તેમની પાસે શૃંગારચેષ્ટાનો ઉપભોગ કરાવે છે, તે એટલે દરજ્જે લગણ કે તેમનાં વડીલોના સમક્ષ પણ તેમને પરસ્પર આલિંગન અને ચુમ્બન કરાવે છે, પછી તેમને લગ્નની ગ્રન્થિથી જોડે છે, અને તે યુગ્મને બધી રીતે સુખી વર્ણવે છે!

them indulge in plays of love, going to the length of making them embrace and kiss each other even in the presence of their elders and then unite them in marriage and describe the pair as every way happy.'

જીવનચરિત્રો.

સારા જીવનચરિત્રોની આપણા સાહિત્યમાં ખામી છે. ઉત્તમ જીવનના માર્ગદર્શક તરીકે ઇતિહાસનું એ ઘણું અગત્યનું અંગ છે. એના લાભ સર્વ કુળવાયલા પુરુષોને જાણીતા છે એટલે તેનુ વિવેચન અહિં અસ્થાને ગણાય. એટલુજ અત્ર કહેવુ આવશ્યક છે કે જીવનચરિત્રકારે નાયકની સ્તુતિજ કરવી ને સ્તુતિ યોગ્ય હોય ત્યાં અતિસ્તુતિ કરવી, નાયકમા દોષનો અંશ પણ સ્વીકારવોજ નહિ ને દોષ હોય ત્યાં ગુણનો આરોપ કરવો, કોઈક બાબતમા કંઈ ન્યૂનતા હોય તો તેમા નાયકનું યથાયોગ્ય ચિત્ર આલેખવાને બદલે તે બાબતનેજ ઉતારી પાડવી–આવા કેટલાક દોષો જીવનચરિત્રમા જોવામાં આવે એ કેટલેક અંશે સ્વાભાવિક છે, પણ જીવનચરિત્રની યોગ્યતા ઓછી કરે છે એ પણ નિર્વિવાદ છે

ઇતિહાસાદિ.

ઇતિહાસ, ભૂગોળ, વનસ્પતિશાસ્ત્ર, ભૂસ્તરવિદ્યા, પ્રાણિવિદ્યા, પ્રાકૃતિક વિદ્યાની અનેક શાખાઓમાં લોકપ્રિય થાય એવી શૈલીથી નાના મોટા ગ્રંથો લખવાની જરૂર છે. અંગ્રેજી પુસ્તકોનાં અક્ષરશઃ ભાષાન્તરોની અપેક્ષા નથી. તેવા પુસ્તકો બહુ ઉપયોગી નીવડતા નથી, આપણા દેશને અનુકૂળ, વ્યવહારમા જોવામાં આવે એવી ઘણી બાબતો ને વસ્તુઓનુ જેમાં નિરૂપણ હોય ને તેમા અન્તર્ભૂત થયલા નિયમોનું વિશદીકરણ હોય એવાં પુસ્તકોની જરૂર છે ગુજરાતના ઇતિહાસમાં પણ સારા પુસ્તકોની ખોટ છે. માત્ર સરકારી ગેઝેટીઅરના અનુવાદજ બસ નથી. તેમાંથી સદસદ્વિવેચન કરી, ઉપયોગી ને અનુપયોગી અંશનો વિવેક કરી સરળ શૈલીમાં રસિક થાય એવી સરણીએ પુસ્તકો રચાય તો તે ઘણાં લોકપ્રિય થાય તેમજ શિક્ષકવર્ગને પણ ઉપયોગી થઈ પડે

માસિકો.

હાલમાં માસિકોમાં લખવા તરફ શિષ્ટ વર્ગનો વિશેષ પ્રેમ જણાય છે. એમાં કંઈ વાંધાભરેલું નથી. કોઈ પણ વિષય વિષે વિચાર કરવાથી,

તેનું સંશોધન કરવાથી, ને તેમાં કલમ કસવાથી લખનાર તેમજ તે વાંચનારને લાભ થાય છે એ નિઃસંશય છે, પરંતુ અત્ર એટલું પણ યાદ રાખવું જરૂરનું છે કે એવા લેખોનું જીવન પુસ્તકોના જેટલું લાંબું હોતું નથી, તેમજ એનો વાચકવર્ગ પણ તેના જેટલો વિશાળ હોતો નથી એ માત્ર વાંચનારનું તાત્કાલિક ધ્યાન ખેંચે છે, પુસ્તકોના જેવા ઉપયોગી થતા નથી

માસિકોની ફરજ.

વળી આ પ્રસંગે, 'માસિકો'માં પુસ્તકપરીક્ષાનું કામ સારી રીતે થવાની જરૂર છે એમ કહેવું પણ નિરર્થક નહિ જણાય એવી આશા છે પુસ્તકો ઉપર સારા વિવેચન ને અવલોકનની બહુ જરૂર છે. તેમ થવાથી સાહિત્યને ઘણો લાભ થયા વિના રહેશે નહિ તેમજ માસિકોમાં સારા ને ઘણા સારા લેખો સાથે ક્વચિત્ ક્વચિત્ માલ વગરના લેખો પણ આવે છે લેખક તરીકે પ્રસિદ્ધ થયેલા કે સારી કેળવણી પામેલા પુરુષોના જ લેખોનો સમાવેશ થવો જોઈએ જેમને હજુ વિદ્યા ને વ્યવહાર સંપાદન કરવાના છે, જેઓને હજુ પરિપક્વ વયનો પણ અનુભવ મળ્યો નથી એવા બીન અનુભવી કે અર્ધદગ્ધ પુરુષોના લેખ દાખલ કરવાથી માસિકોની પ્રતિષ્ઠાને હાનિ પહોંચે છે વળી માસિકોના જુદા જુદા લેખોમાં જુદી જુદી જોડણી જોવામાં આવે છે તો તે પણ ઇષ્ટ છે? માસિકના અધિપતિએ પોતાના મસિક માટે અમુક ચોક્કસ રાખવું જરૂરનું નથી? ઉપર દર્શાવેલી જોડણીની અવ્યવસ્થામાં આ રીતે વધારો થાય છે કે નહિ? આ વિષય ઉપર માસિકોના અધિપતિનું લક્ષ ખેંચવાની રજા લઉં છું.

ઉપસંહાર.

આ પ્રમાણે ગુજરાતી સાહિત્યની આધુનિક દશાનું રેખાદર્શન કરી તેનાં કયાં કયાં અંગને કેવી રીતે પોષવા ને ખિલવવાનાં અવકાશ ને આવશ્યકતા છે તે તરફ શ્રોતૃમંડળનું ધ્યાન ખેંચ્યું છેવટે ગુજરાતસાહિત્યસભાનો વિજય ઇચ્છી મારો લેખ સમાપ્ત કરું છું

---

*શાળાના અભ્યાસક્રમમાં નીતિના શિક્ષણને સ્થાન.

(રા રા ચુનીલાલ ગોવર્ધનદાસ શાહ, બી. એ.)

ઉક્ત વિષયના સંબંધમાં આજકાલના માસિક અને દૈનિક પત્રોમાં

---

* આ લેખ 'લ્યુમિલિના ખાસ અંક' માટે આવેલો તે ખાસ અંકમાં જણાવ્યા મુજબ અવકાશ નહિ હોવાથી અત્ર છાપવામાં આવ્યો છે.

વિવિધ પ્રકારની થતી ચર્ચાથી એટલુ તો અનુમાન કરી શકાય છે કે તેવા પ્રકારના શિક્ષણની હાલના સમયમા થોડી ઘણી પણ જરૂર છે જરૂર કેટલી છે તે "હિન્દુસ્તાનમા નીતિવિષયક શિક્ષણના અભાવથી ભયકર નઠારા પરિણામ આવતા પામ્યા છે"—આ એકજ વાકયથી સહેલ્લાઇ સમજવામાં આવી જાય છે તે ભયકર પરિણામ કેવા પ્રકારના છે—શુ ઉગતી પ્રજા આળસુ, અનીતિમાન્, જુઠી, ઉદ્ધત, અપ્રામાણિક, બીકણ, ઘાતકી કે નિર્દય બની છે ?—એ વિષે નિર્ણય કરી મત આપવો એ કઈ સહેલુ નથી. તેમ છતા એટલુ તો કહી શકાય કે એ શિક્ષણના અભાવે મનુષ્યહૃદય પોતાનુ સ્વાભાવિક લક્ષણ ભુલી જાય છે અને પ્રપચના રસ્તાઓ શોધવા મંડે છે; કારણ માત્ર એટલુંજ કે પોતાની આસપાસના માણસો પ્રત્યે પોતાની શી શી ફરજો છે તેનું જ્ઞાન બાળકને હોતુ નથી, તેમજ બાળક વિદ્યાભ્યાસ કરે છે તે સમયમા તેના કર્ત્તવ્યનું ભાન તેને કરાવવામા આવતું નથી; તેથી મોટપણે તેને તે શોધી લેવુ પડે છે, ત્યારે તે પોતાની બુદ્ધિ અનુસાર વર્ત્તે છે અને તેમા ભુલ ખાય તો દોષપાત્ર ગણાય છે. ખરેખરો દોષ તો બાળકને કેળવણી આપનારનોજ છે.

જન્મથીજ બાળક જેજે સયોગોમા આવે છે તે તે સયોગોના સસ્કારની છાપ તેના કુમળા મગજમા પડે છે, તે તે પ્રમાણમા તેની બુદ્ધિ સ્ફુરે છે, ને તે તે પ્રમાણે તે કર્મ આચરે છે. પ્રથમ તો ઘરની રીતભાત ઉપર તેના મનનું બધાણ થાય છે, ત્યારપછી તેના સહવાસ ઉપર અને સ્વતત્ર વિચાર કરી શકે તે પહેલા શાળાના શિક્ષણ ઉપર ઘરની કેળવણી હિન્દુસસારમાં કેવા પ્રકારની છે તે કોઈનાથી અજાણ્યુ નથી, તેમજ બાળક નાનપણમા કેવા સહવાસમાં ઉછરે છે અને તેનું પરિણામ કેવુ આવે છે તે સૌ કોઈ કલ્પનામા લાવી શકે તેમ છે, ત્યારે છેવટનો આધાર શાળાની કેળવણી ઉપરજ રહે છે.

આ ઉપરથી એટલુ તો સિદ્ધ થાય છે કે બાળકના ઘરના તેમજ તેના સહવાસના જે જે નઠારા સસ્કારો પડયા હોય તે તે ભુલાવવાનુ કામ શિક્ષકનું છે હવે આ બાબતમા શિક્ષકો કેટલું કરી શકે તેનો વિચાર કરીએ.

ગૃહકેળવણી બાળક પ્રત્યે જેટલા અને જેવા જોઈએ તેવા સસ્કારોની છાપ પાડી શકે એ તો નિર્વિવાદ છે, પરતુ તેવી કેળવણી આપવામાં સા-

માન્ય રીતે જોતાં હિંદુ બાપ અજ્ઞાન અથવા તો વખતના અભાવે બેદરકાર છે. વળી હિંદુ માતાઓ ઘણુ કરીને અભણ અગરતો સાધારણ વાંચી શકે તેટલુંજ ભણેલી હોય છે, હવે જ્યારે બાળક પોતાની માતા કરતા વધારે ભણે છે ત્યારે સ્વાભાવિક રીતે પોતાની માના કરતા વધારે જાણે એવુ તેને ભાન થાય છે, તેથી બાળક પોતાની માતાના હુકમનો કેટલીક વખત અનાદર કરવા લલચાય છે આવા સયોગોમા ઉછરેલા બાળકની શાળામા દાખલ થાય તે વખતની અને નીતિવિષયક શિક્ષણના અભાવે કરીને બીજી કેળવણી લઈને બહાર નીકળે તે વખતની સ્થિતિમા કેટલો ફેરફાર પડશે તેનુ અનુમાન સાધારણ રીતે કરી શકાય તેમ છે ભણ્યા એટલે બે પુસ્તકોજ વાચવાં અગર બે હિસાબજ ગણવા એટલું તો તે બાળક શીખશે, પણ પોતાના સબધી પ્રત્યે કેવી રીતે વર્તવુ એ શીખવાનું તો હજુ બાકીજ રહ્યું આવું જ્ઞાન બાળકને આપવામાં ન આવે તો તેની પાસેથી વિવેક અને નીતિનાં વચન સાંભળવાની આશા રાખવી એ કેટલે અશે વાજબી છે ?

બાળકનું મગજ કુમળા છોડ જેવુ છે, તેને જેમ વાળવામા આવે તેમ વળી શકે છે એટલાજ ઉપરથી શિક્ષકે સમજવું જોઈએ કે તે બાળકનો માતાપિતા, મિત્ર, ગુરુ અગર પરમેશ્વરજ છે, અને જો તે તેવી રીતે સમજવામાં પોતાના કર્તવ્યનુ ભાન ભૂલે તો તે દરેક પ્રકારે દ્રોહી છે અને તેથી બાળકના ખોટા મનોરથો સરળ ને સીધે રસ્તે વાળવાનુ કામ તેનુંજ છે, હવે એવો સવાલ ઉત્પન્ન થાય છે કે નીતિવિષયક શિક્ષણ કેવી રીતે આપવું? પુસ્તકદ્વારા આપ્યા કરતા બીજી કોઈ આડકતરી રીતે આપી શકાય કે નહિ? આ સબધમાં પ્રો. સેડલરના એક અગ્રેજી ફકરામાથી અવતરણ કરવુ યોગ્ય જણાય છે —

"Moral training is secured by watchful care over conduct, by intimacy with good examples, by wisely ordered physical discipline, by duly measured and organised school games, by the good influences in the corporate life of the school, and by the effect of honest intellectual work upon the moral outlook and judgment

તેનો અર્થ એવો છે કે—બાળકની રીતભાત ઉપર પૂર્ણ કાળજી રાખવાથી, સારાં સારાં દૃષ્ટાન્તો સમજાવવાથી, યોગ્ય શારીરિક કેળવણીથી, બાળકના પ્રમાણમાં યોગ્ય રમત ગમતના મેળાવડા કરવાથી, નિશાળમાં એક બીજા પ્રત્યે સભ્ય રીતે વર્તવાથી, અને બાળકના નીતિવિષયક વલણ અને વિચાર ઉપર યોગ્ય માનસિક શિક્ષણ આપવાથી, નીતિની કેળવણી અપાય છે. પરંતુ આ નિયમો હિન્દુસ્તાનની હાલમાં ચાલતી શાળામાં દાખલ આવે તેમ નથી; કારણ કે.—

"These indirect influences of public school life are possible chiefly in the higher class of boarding schools meant for the upper middle classes. When we consider, however, the conditions prevailing in the vast number of elementary day schools in which the pupil spends only one-third of his waking hours, although an earnest teacher of these schools may bring the indirect influences prevailing in the better class of public schools to bear upon his work, the necessity of giving direct moral instruction becomes apparent". (Mr Bhabha)

મતલબ કે—જે બાળકો બોર્ડિંગ સ્કૂલોમાં (છાત્રાલયોમાં) અભ્યાસ કરતા હોય તેમનાથીજ ઉપલા નિયમો પાળી શકાય અને તેમનેજ તેથી લાભ થાય, પણ જ્યાં આગળ બાળકો પોતાના જાગવાના વખતનો ત્રીજો ભાગ નિશાળમાં શિક્ષકની દેખરેખ નીચે રહેતા હોય ત્યાં આગળ શિક્ષક બધા નિયમો પળાવી શકે નહિ, અને તેથીજ નીતિવિષયક શિક્ષણની જુદી કેળવણી આપવાની તેવી જગ્યાએ ખાસ જરૂર છે.

આ કારણથી જ દુનીઆના સુધરેલા દેશોમાં નીતિવિષયક કેળવણી દાખલ કરવાની રૂઢિ પ્રચલિત થયલી જણાય છે, અને હિન્દુસ્તાનમાં પણ આ કેળવણી નવી નથી. અસલના વખતમાં એ પ્રકારની કેળવણી આપવામાં આવતી હતી. દાખલા તરીકે અસલના આર્ય લોકો વેદના અધ્યયન ઉપરાંત સ્મૃતિ (નીતિધર્મ) શીખતા ઇતિહાસ અને વાર્તા રૂપે નીતિના દૃષ્ટાન્તો

પુરાણોમાં પણ પુષ્કળ છે. મહાભારતમા આપેલા ધૃતરાષ્ટ્ર અને વિદુર, ભીષ્મ અને યુધિષ્ઠિરના સવાદો નીતિનાજ દાખલા છે. વિષ્ણુશર્માએ જ્યારે પોતાના રાજકુવરોને વિદ્યાભ્યાસ કરાવવાનો વિચાર કર્યો ત્યારે નીતિના દૃષ્ટાન્તોની વાતોથીજ તેમનુ શિક્ષણ શરૂ કર્યું હતું (હિતોપદેશ)

નીતિના શિક્ષણની આવશ્યકતા છે એવુ સિદ્ધ થયલું માની આગળ વિચાર કરીએ કે એવા પ્રકારનું શિક્ષણ કેવી રીતે આપવુ? પુસ્તકદ્વારા, એધદ્વારા, વાર્તાદ્વારા અથવા ધર્મશિક્ષણદ્વારા? કયે રસ્તે શિક્ષણ આપવાથી વધારે ફલદાયી થાય તે સયોગો ઉપર આધાર રાખે છે. દરેક શિક્ષકે પોતાને સોપવામા આવેલા વિદ્યાર્થીઓને કયુ શિક્ષણ ઉત્તમ પ્રકારનું છે તે શોધી કાઢીને તે પ્રમાણે વ્યવહાર કરવો દાખલા તરીકે શહેરના છોકરાંને અને ગામડાનાં છોકરાને તેમજ છોકરીઓને એકજ તરેહનું શિક્ષણ આપવુ યોગ્ય નથી, તેમજ જુદા જુદા શહેરોને માટે અગર તેવાજ ગામડાને માટે પણ એકજ પ્રકારનુ શિક્ષણ અયોગ્ય ગણાય તે ફક્ત લાંબા અનુભવથીજ શોધી કઢાય તેમ છતા પણ લન્ડન મૉરલ ઇન્સ્ટ્રક્શન લીગ જેવી સભાએ એક જાતનું ધોરણ ગોઠવવુ જોઈએ, અને દરેક શિક્ષકે તે ધોરણ અનુસાર પોતાનો ક્રમ ગોઠવવો જોઈએ ગુજરાતી કવિતા, મહાભારત, રામાયણ, પુરાણ, સ્મૃતિ, હિતોપદેશ અને એવા બીજાં નીતિના પુસ્તકો, જીવનકથાઓ અને ઐતિહાસિક વૃત્તાંતમાંથી દૃષ્ટાન્તો શોધી કાઢી બાળકોના મગજ ઉપર ઠસાવવા જોઈએ વાર્તાઓ એવા રૂપમા ગોઠવેલી હોવી જોઈએ કે તે બાળકો સરળતાથી સમજી શકે શિક્ષકોએ આવી વાર્તાની એક નોધપોથી તૈયાર કરવી જોઈએ, અને સમયનુસાર ઠીક લાગે તેમ તેમ તેમા ફેરફાર કરવો જોઈએ દુનીઆમા તેમજ ગામમા બનતા બનાવો ઉપરથી, છોકરાઓએ કરેલા કામ ઉપરથી વાતો જોડી કાઢી અસલના ઐતિહાસિક દૃષ્ટાન્તો સાથે સરખાવવી જોઈએ વાર્તા એવી રસભરેલી કરવી જોઈએ કે બાળકના મગજ ઉપર એકદમ ઠસી જાય. બધી મતલબનો સારાશ કવિતાની બે કડીમાં, કહેવતમા અગર ઉમરના પ્રમાણમા શ્લોકમાં વા અગ્રેજી કવિતાની ટુકોમા ગોખાવવો જોઈએ. ગોખાવવાનું કારણ માત્ર એટલુંજ કે મગજમાના નઠારા વિચારો દૂર કરી શકાય અને તેમને બદલે યોગ્ય સારા વિચારોના સમૂહનો સભાર ભરી શકાય વખતના પ્રમાણમા આ પ્રમાણેનું શિક્ષણ કેટાળો આપ્યા સિવાય આપવુ જોઈએ

શરૂઆતમા આ પ્રમાણેનુ શિક્ષણ શિક્ષકને અને શિષ્યને બોજારૂપ માલૂમ પડશે, પણ પાછળથી અનુભવ મેળવ્યા પછી અને યોગ્ય રસ્તો શોધી કાઢયા પછી લાભ આપનારૂ થશે આ સર્વ બાબત શિક્ષકની મહેનત ઉપર આધાર રાખે છે, માટે જેમ જેમ પ્રસંગો બદલાતા જાય તેમ તેમ શિક્ષકે પોતાના શિક્ષણમા ફેરફાર કરી પોતાનુ શિક્ષણ વધારે લાભદાયી થાય તેમ કરવા ચૂકવુ જોઈએ નહિ

શિક્ષકોનું નિત્યસ્મરણ.

(ડે એ ઇ. પોરબંદર સંસ્થાન તરફથી)

મરાઠી ચાલની સાખી

વ્હાલામા વ્હાલુ ધન બાળક, તે મુજને સોપાયુ ;
યોગ્યાયોગ્યપણુ ભાવિનુ, તેનુ હૃર્થી થપાયુ ,
અહો ! શી મહાનતા મ્હારી ! ! ૧
આ મ્હારી જીવનદોરી છે, સભાળુ શુભ રીતે ;
ઉન્નતિશિખર ઉપર લઇ જાવા, પ્રાણ પૂરણ પ્રીતે ;
એવી ઉત્તમ ફરજ બજાવુ. ૨
સમષ્ટિના અભિમાની ઈશ્વર, વર્દી તમોને યાચુ ;
ભણ્યુ ભણાવ્યુ શુભ પ્રદ હોજો ' આપો એ ફળ સાચું ;
જય જય હોજો ! ભાવિ પ્રજાનો. ૩

ઇંગ્લંડની પ્રજાની પ્રગતિને રુચતા સુધારા.

(રા રા. કૃષ્ણલાલ સુરજરામ વકીલ, બી. એ.)

આપણા નેક નામદાર મહારાજા પાંચમા જર્યોર્જ ગયા જૂન માસમાં ઇંગ્લંડની ગાદીએ બેઠા ત્યારે સર જૉન ગૉર્સ્ટ જેણે ઇંગ્લંડની એજ્યુકેશન કાઉન્સિલના ઉપપ્રમુખ તરીકે સાત વર્ષ સુધી કામ કર્યું હતુ તેને પ્રશ્ન કરવામાં આવ્યો હતો કે જર્યોર્જ રાજાના વખતમા ઇંગ્લંડની પ્રજાની પ્રગતિને રુચતા કયા કયા સુધારા કેળવણીમા થવા જોઈએ ? તેનો જવાબ ઇંગ્લંડના એક ચોપાનીઆમા જુલાઈ માસમા પ્રકટ થયો હતો તેણે કહ્યું હતું કે—

(૧) કેળવણીખાતાના પ્રધાનો અને અમલદારોએ સમજવુ જોઈએ કે બાળકના મનની જરૂરીઆતો કરતાં તેમના શરીરની જરૂરીઆતો પર વધારે લક્ષ અપાવુ જોઈએ. અડધા ભૂખે મરતા વિદ્યાર્થીઓને કેળવણી-ખાતા તરફથી જે કેળવણી આપવામાં આવે છે તે તેઓ બરાબર ગ્રહણ કરી શકતા નથી; માટે તેમને શિખવતા પહેલા પેટ ભરીને ખાવાનુ આપવુ જોઈએ, અને તેમની ડાક્તરી તપાસ કરાવી જે રોગિષ્ઠ માલમ પડે તેને દવા કરાવી સાજા કરવા જોઈએ.

(૨) પ્રાથમિક શાળાઓનો અભ્યાસક્રમ મૂળથીજ સુધારવો જોઈએ. શહેરના છોકરાને માટે ને ગામડાના છોકરાને માટે તે જુદો જુદો રાખવો જોઈએ. નિશાળનું 'થોથારીઉં' રૂપ ફેરવીને તેને 'કામગરી' બનાવવી જોઈએ. શિષ્યના મગજમાં જ્ઞાન ભરભર કરવામા આવે છે તે હવેથી બંધ થવુ જોઈએ, અને તેને તે પોતાની મેળે ખીલવી શકે એમ શિક્ષણ અપાવું જોઈએ વ્યાકરણની સૂત્રરૂપ વ્યાખ્યાઓ, દૂર દેશોની ભૂગોળ અને પુરાણા સમયનો ઇતિહાસ હવેથી ગોખાવવાનો બંધ થવો જોઈએ, અને તેને બદલે બાળકોને ખોદતા અને વાવતા, રૂદો ફેરવતાં અને હથોડો મારતાં, રાંધતાં અને ધોતા વગેરે શિખવવુ જોઈએ

(૩) કાચી ઉંમરના છોકરા છોકરીઓ પાસે કારખાનાઓમાં મજુરીની લાલચ આપી સવારથી સાંજ સુધી પરસેવા-ઉતાર કામ કરાવવામા આવે છે તે બંધ થવું જોઈએ. એ છોકરાઓને ભણવાનો તેમજ શરીરે વૃદ્ધિ પામવાનો વખત મળવો જોઈએ. નિશાળમા દાખલ કરવાની ઉંમર વધારવી જોઈએ, પ્રાથમિક કેળવણી મેળવ્યા પછી છોકરાઓ જે જે ધંધો કરવા ઇચ્છતા હોય તે તે ધંધામાં દાખલ થતા પહેલાં તે તે ધંધો ચલાવવાને માટે યોગ્યતા આપનારી શાળાઓ સ્થાપવી જોઈએ, અને તેમાં એવાં ધંધાદારીઓના છોકરાની હાજરી ફરજીઆત કરવી જોઈએ.

(૪) ઊંચી કેળવણી મેળવવાની શાળાઓમા જે ચાહે તે દાખલ થઈ શકે એવી સગવડ થવી જોઈએ.

ઉપર પ્રમાણે ઈંગ્લંડમા સુધારાની માગણી કરવામાં આવે છે, તો આપણે અહિં અપાતી કેળવણીમા પણ આપણા નેકનામદાર મહારાજાની કારકીર્દીમા દશકાળને અનુસરતા સુધારા થવા જોઈએ.

ગણિત.

લેખકઃ—રામભાઈ કાલિદાસ પટેલ
સ્કૂલમાસ્તર—વાંઝ, તા. ચોર્યાશી, જી. સુરત.

આ નીચે હાલમાં ચાલતા ગુજરાતી ગણિતોમા નહિ આપેલા કેટલાક સાદા નિયમો આપવામાં આવ્યા છે. આ નિયમો શિક્ષકવર્ગને ગણિત શિખવવામા મદદગાર થઈ પડશે ખાસ કરીને ગામડાઓમાં શિક્ષકોની ગણિતના વિષયમાં લોકો કાયદાના દાખલાઓ પૂછી પરીક્ષા કરે છે. તેવા કેટલાક દાખલાઓમા આ નિયમો થોડેઘણે અંશે મદદગાર થઈ પડશે.

નિયમ ૧ લો. બે સંખ્યાનો સરવાળો અને તેજ બે સંખ્યાની બાદબાકી આપ્યાં હોય, તો આપેલો સરવાળો અને આપેલી બાદબાકી એ બેના સરવાળાને (૨) વડે ભાગ્યાથી મોટી સંખ્યા નીકળશે, અને આપેલો સરવાળો અને આપેલી બાદબાકી એ બેની બાદબાકીને (૨) વડે ભાગ્યાથી નાની સંખ્યા નીકળશે.

ઉદાઃ—બે સંખ્યાનો સરવાળો ૨૦ છે, અને તેજ બે સંખ્યાની બાદબાકી ૧૦ છે; તો તે બે સંખ્યાઓ કઈ?

$$\frac{\text{આપેલો સરવાળો} + \text{આપેલી બાદબાકી}}{૨} = \frac{૨૦+૧૦}{૨} = \frac{૩૦}{૨} = ૧૫$$

મોટી સંખ્યા.

$$\frac{\text{આપેલો સરવાળો} - \text{આપેલી બાદબાકી}}{૨} = \frac{૨૦-૧૦}{૨} = \frac{૧૦}{૨} = ૫$$

નાની સંખ્યા

જવાબ—૧૫ અને ૫ તે સંખ્યાઓ.

*કારણઃ—$\text{અ} + \text{બ} = ૨૦$ અને $\text{અ} - \text{બ} = ૧૦$ છે.

માટે $\text{અ} + \text{બ} = ૨૦$

એમા $\text{અ} - \text{બ} = ૧૦$ ઉમેર્યા

---

* ગણિતની રીતે નીચે પ્રમાણે સમજાવી શકાય.—મોટી સંખ્યા નાની કરતાં ૧૦ જેટલી મોટી છે, માટે બનેના સરવાળા ૨૦ માંથી ૧૦ બાદ કરીએ તો બે સરખી સંખ્યાઓનો સરવાળો ૧૦ રહ્યો. એટલે બે સરખી સંખ્યાઓ પાંચ પાંચની થઈ, તેમા દસ વધારાના ઉમેરીએ એટલે મોટી ૫ + ૧૦ = ૧૫ થઈ, ને નાની ૫ રહી.

બીજી રીતે કરીએ તો નાની મોટી કરતાં ૧૦ જેટલી નાની છે,

આ બંને સંખ્યાનો ભાગાકાર ૪ આપ્યો છે; પરંતુ એજ બે સંખ્યાનો ભાગાકાર ½ હોઈ શકે; અને જો તે આપ્યો હોય તોપણ આપેલા સરવાળાનાં (૨૫ ના) અંશ અને છેદના પ્રમાણમા ભાગ પાડતાં તે બે સંખ્યાઓ ૧ ૪ ના પ્રમાણમા એટલે ૫ અને ૨૦ નીકળશે.

કારણ:—ખુલ્લુંજ છે કે બે સંખ્યાનો ભાગાકાર તેજ બે સંખ્યાનો ગુણોત્તર છે

ઉદા:—બે ગૃહસ્થોને વાર્ષિક કર પોતાની ઉપજ ઉપર દર રૂપીએ ચાર પાઈ લેખે આપવો પડે છે. બેઉ મળીને કરની રકમ રૂ ૩૦૦ ભરે છે. પહેલાની આવક બીજાની આવક કરતાં ૧½ ગણી છે. દરેકની વાર્ષિક પેદાશ શોધી કાઢો.

નિયમ ૪ થો—બે સંખ્યાની બાદબાકી અને તેજ બે સંખ્યાનો ગુણાકાર આપ્યા હોય, તો આપેલી બાદબાકીના વર્ગમા આપેલા ગુણાકારની ચાર ગણાઈ ઉમેરવી. સરવાળો આવે તેનુ વર્ગમૂળ કાઢવું. આ વર્ગમૂળ તેજ બે સંખ્યાનો સરવાળો થશે. તે ઉપરથી પહેલા નિયમ પ્રમાણે બેઉ સંખ્યા નીકળશે.

*ઉદા —બે સંખ્યાની બાદબાકી ૪ છે અને તેજ બે સંખ્યાનો ગુણાકાર ૯૬ છે, તો તે બે સંખ્યાઓ કઈ ?

$\sqrt{\text{આપેલી બાદબાકીનો વર્ગ} + \text{આપેલો ગુણાકાર} \times ૪}$

$= \sqrt{૪^{૨} + ૯૬ \times ૪}$

$= \sqrt{૪૦૦} = ૨૦$. તેજ બે સંખ્યાનો સરવાળો.

તે ઉપરથી પહેલા નિયમ પ્રમાણે.

$\frac{૨૦ + ૪}{૨} = ૧૨$ મોટી સંખ્યા, અને

$\frac{૨૦ - ૪}{૨} = ૮$. નાની સંખ્યા

---

* આ પણ નિયમ બીજાની માફક અવયવની રીતે થઈ શકે. ૯૬ = ૨ × ૪૮ = ૩ × ૩૨ = ૪ × ૨૪ = ૬ × ૧૬ = ૮ × ૧૨.

આ જોડકાઓમાથી ૧૨ ને ૮ ની બાદબાકી ૪ છે, માટે ૧૨ ને ૮ એ જવાબ.

કારણઃ—

अ-ब=४ અને अब=९६ છે.

$(अ-ब)^२ = ४^२$

માટે $अ^२ - २ अब + ब^२ = १६$ એમાં ४ अब = ३८४ ઉમેર્યાં, એટલે $अ^२ + २ अब + ब^२ = ४००$ થયા એનું વર્ગમૂળ अ+ब=२० છે.

ઉદા —એક જાફતમા ૧૨ છોકરા, કેટલીક સ્ત્રીઓ, અને સ્ત્રીઓ અને છોકરાના સરવાળા જેટલા પુરુષો એકઠા થયા હતા તે જાફતમાં રૂ. ४० ખર્ચ થયો સ્ત્રીઓ અને છોકરાઓને ખર્ચમાં ફાળો આપવાનો ન હોવાથી જેટલી સ્ત્રીઓ હતી તેટલા આના દરેક પુરુષને આપવા પડયા તો તે જાફતમાં કુલ કેટલા માણસ એકઠાં થયા હશે ?

નિયમ ५ મોઃ—બે સખ્યાની બાદબાકી અને તેજ બે સખ્યાનો ભાગાકાર આપ્યા હોય, તો આપેલા ભાગાકારના અશ અને છેદના પ્રમાણમાં તે બે સખ્યાઓ છે તે ધ્યાનમા રાખી હિસાબ છોડવો.

*ઉદા —બે સખ્યાની બાદબાકી ૧૦ છે, અને તેજ બે સખ્યાનો ભાગાકાર $१\frac{१}{४}$ છે, તો તે બે સખ્યાઓ કઈ ?

આમાં ભાગાકાર $१\frac{१}{४}$ એટલે $\frac{५}{४}$ છે. આ પરથી તે સખ્યાઓ ५ . ४ ના પ્રમાણમા છે એમ જણાય છે.

માટે ५ – ४ = १ પ્રમાણની બાદબાકી.

બાદબાકી	બાદબાકી	સખ્યા	
१	१०	५	५० સખ્યા.

એવીજ રીતે,

બાદબાકી	બાદબાકી	સખ્યા	
१	१०	४	४० સખ્યા

માટે જવાબ ५० અને ४०.

કારણ—નિયમ ३ જા પ્રમાણે ખુલ્લુજ છે.

ઉદા —એક જાગીરદારે પોતાની જાગીરીમા કેટલાંક તળાવો ખોદાવવા માડયા હતા. દરેક મજુર દીઠ અઠવાડીએ બે રૂપીઆ મજુરી આપ-

---

* અક્ષરગણિત પ્રમાણે $\frac{अ}{ब} = \frac{५}{४}$ એટલે $अ = \frac{५}{४} ब$; માટે $अ - ब = \frac{५}{४} ब - ब = \frac{१}{४} ब = १०$, એટલે ब = ४० ને अ = ५०.

વાની હતી. દરેક તળાવ પર પહેલા કરતાં બીજા પર બેવડા, બીજા કરતાં ત્રીજા પર બેવડા એ નિયમે મજુરો કામે લગાડયા હતા. અઠવાડીઉં પૂરૂં થએ દરેક તળાવ પરથી એકેક મજુર જાગીરદારને ત્યા મજુરીની રકમ લેવા ગયો ત્યારે સઘળા તળાવ પર મળીને કામ કરનારા મજુરો ૮૮૮૩ હતા. મજુરી લેવા ગયલા દરેક મજુરને ૨૫૪૦ રૂપીઆ ઉપાડી આણવા પડયા. ત્યારે કેટલાં તળાવ ખોદાતાં હશે અને દરેક તળાવ પર કેટલા માણસ કામે લગાડયા હશે ?

નિયમ ૬ ફો:—બે સખ્યાનો ગુણાકાર અને તેજ બે સંખ્યાનો ભાગાકાર આપ્યાં હોય, તો આપેલા ગુણાકારને આપેલા ભાગાકારે ગુણી ગુણાકારનુ વર્ગમૂળ કાઢવાથી એક સખ્યા નીકળશે આ ઉપરથી અથવા આપેલા ગુણાકારને આપેલા ભાગાકારે ભાગી ભાગાકારનુ વર્ગમૂળ કાઢવાથી બીજી સખ્યા નીકળશે.

*ઉદા:—બે સખ્યાનો ગુણાકર ૩૬ છે, અને તેજ બે સખ્યાનો ભાગાકાર ૪ છે, તો તે બે સખ્યાઓ કઈ ?

$\sqrt{\text{આપલો ગુણાકાર} \times \text{આપેલો ભાગાકાર}} = \sqrt{૩૬ \times ૪}$
$= \sqrt{૧૪૪} =$ ૧૨ એક સખ્યા અને,
$\sqrt{\text{આપેલો ગુણાકાર} - \text{આપેલો ભાગાકાર}} = \sqrt{૩૬ - ૪}$
$= \sqrt{૯} =$ ૩ બીજી સખ્યા

કારણ —

$\text{અ વ} = ૩૬$ અને $\frac{\text{અ}}{\text{વ}} = ૪$ છે. માટે $\text{અ વ} = ૩૬$ ને $\frac{\text{અ}}{\text{વ}} = ૪$

---

*મોટી સખ્યા નાનીના કરતાં ૪ ગણી છે, માટે ૩૬ ને ૪ એ ભાગતા ૯ આવ્યા તે બે સરખી રકમોનો ગુણાકાર રહ્યો, એટલે બે સરખી રકમો ૯ ના વર્ગમૂળ ત્રણ ત્રણની થઈ માટે ૩ થી ૪ ગણી ૧૨ એ મોટી રકમ થઈ, ને નાની ૩ રહી

બીજી રીતે કરીએ તો નાની મોટીનો ૪ થો ભાગ છે માટે ૩૬ ને ૪ એ ગુણતાં ૧૪૪ આવ્યા તે બે સરખી રકમોનો ગુણાકાર રહ્યો, એટલે બે સરખી રકમો ૧૪૪ ના વર્ગમૂળ બાર બારની બરોબર થઈ, માટે ૧૨ નો ૪ થો ભાગ ત્રણ એ નાની રકમ થઈ, ને બાર મોટી.

વડે ગુણવાથી અ^2 = ૧૪૪ થાય છે; અને અ ઘ = ૩૬ ને $\frac{\text{અ}}{\text{ઘ}}$ = ૪ વડે ભાગ્યાથી ઘ^2 = ૯ થાય છે.

ઉદા:—એક એકરની કિંમત રૂ. ૬૫૦ ગણીએ તો એક કુટુબની જમીનની કિંમત રૂ ૬૭૭૫૦ થાય છે. એ કુટુબમાં કેટલાક ભાઈઓ મુખ્ય ભાગીદાર છે. પહેલા ભાઈને એક, બીજાને બે, ત્રીજાને ત્રણ, ચોથાને ચાર, એમ દરેક ભાઈને છોકરા છે. આવી રીતે જેટલા છોકરા થાય છે તેટલા એકર જમીન મુખ્ય ભાગીદાર તરીકે એક ભાઈને ભાગે આવે છે. સઘળા છોકરાઓ વચ્ચે બધી જમીન સરખે ભાગે વહેંચીએ તો એક છોકરાને ભાગે એક મુખ્ય ભાગનો ૫ મો હિસ્સો આવે છે. કહો ત્યારે તે ભાઈઓ કેટલા અને બધા ભાઈઓના મળીને છોકરાઓ કેટલા

(અપૂર્ણ)

બાળસંવાદ.

(લેખક—મોહનલાલ પ્રભાશંકર ભટ્ટ)

અકબર પાદશાહની દરબાર-સ્થળ લાહોર.

(ટોડરમલના મૃત્યુ પહેલાનો વખત)

કદીદાર—ખુદાવદ, ખુદાએગાન, શહેનશાહ અકબરશાહ બહાદુરને ઘણી ખમા! (અકબર ગાદીયાસને બેસે છે)

અકબર—મ્હારા રાજ્યના સ્તભો! આજની દરબારમાં તમે બધા અમલદારો ખુદાની મહેરબાનીથી અહિં લાહોરમાં ભેગા થયા છો, તે જોઈ મને બહુ આનંદ થાય છે. કેમ ટોડરમલ! વસૂલાત ખાતાની શી ખબર છે?

ટોડરમલ—જહાંપનાહ! લગભગ ૪૦૦ વરસ થયાં અનેક જાળોમાથી પસાર થતી રૈયત આપની વ્યવસ્થિત રાજનીતિથી મેજ માણે છે મુગલ શહેનશાહતના બધા વિભાગો હવે બરાબર ગોઠવાઈ રહ્યા છે, અને જમીનની માપણી કરી મહેસુલના આકડા ઠેરવ્યા છે. જમાબંધી અને જકાતખાતાની સરળતાથી તથા જજીયાવેરો અને જાત્રાવેરો કાઢી નાખવાથી બધી હિંદુ રૈયત સુખમા

મગન રહે છે. તમામ રૈયતની આબાદાની વધારવા માટે લોકોપયોગી ખાતાં પાછળ સારો ખરચ કરવામાં આવે છે, અને રાજ્યની તિજોરી રૈયતના ભલા માટે જરા પણ સકોચાતી નથી.

અકબર—કેમ, કાજી સાહેબ, ન્યાયખાતાની શી ખબર છે ?

કાજી—હજુરે આલી ! જ્યાં ચોર અને શાહનો ન્યાય એક રીતે થતો, જ્યા દુષ્ટહાકેમોના શબ્દ તેજ લોકોનું ભવિષ્ય ગણાતું, જ્યા સ્વાર્થનેજ સર્વ સત્તા સોપાતી, ત્યા આજ આપના નિર્મળ ન્યાયરૂપી સૂર્યનો ઉદય થયો છે, ને સર્વ અધકાર નાશ પામ્યો છે. બધે ઠેકાણે રૈયતને ખરો ઇનસાફ મળે છે, અને દિવસે દિવસે ગુન્હેગારોની સખ્યામા ઘટાડો થતો જાય છે.

અકબર—કેમ માનસિંહજી ! આપણા લશ્કરની શી ખબર છે ?

માનસિંહ—નામવર શાહ ! જ્યારથી આપે મુસલમાનો અને રજપૂતો વચ્ચેના વેરભાવને દોસ્તીના રૂપમા ફેરવી નાખવાનો આરભ કર્યો છે, ત્યારથી ઘણા શૂરા રજપૂતો આપની સાથે જોડાયા છે. યાહોમ કરી, ગમે તેટલા ઘા શરીર પર પડ્યા હોય છતા હિંમત રાખી જીવ જતાં સુધી યુદ્ધમા અડગ રહેનારા ઘણા રજપૂતો આપણા લશ્કરમાં જોડાયા છે તેમના સહવાસથી આપણુ લશ્કર વધારે પરાક્રમી થતું જાય છે, અને તમામ યોદ્ધાઓ રાજ્યને માટે જીવ આપવા હમેશા તત્પર રહે છે.

અકબર—આપણું લશ્કર અને તેના સરદારોની બહાદુરીથી મને સતોષ થાય છે. જોકે ચિતોડનો પ્રતાપ ઘણાં વરસ થયા વશ થયો નથી, શૂરવીર જયમલનો નાશ પણ માત્ર યુક્તિથીજ થઈ શક્યો હતો, અને ચાદબીબી જેવી સ્ત્રીજાત સાથે લડતાં પણ ઘણી મુશ્કેલીઓ વેઠવી પડી હતી, છતા આપણા લશ્કરે બીજે ઘણે ઠેકાણે બહાદુરી બતાવીને જે વિજય મેળવ્યા છે, તે ઘણા સતોષકારક છે. પણ વારૂ ખાનખાનાન ! સિંધની શી હકીકત છે ?

ખાનખાનાન—પાદશાહ સલામત ! બખ્ખરના આપણા હાકેમ સાથે મીરઝા જાનીબેગ વખતો વખત તકરારો કરતો હતો. તેણે પોતાની હઠ છોડી નહિ, તેથી આપણે તેની સાથે બે લડાઇઓ

કરવી પડી છે. બીજી ઉનડપુરની લડાઈમાં આપણા બહાદુર સરદારોએ તેને જીવતો પકડ્યો છે, તેને આપની સામે રજુ કરીએ છીએ. ઝહાંપનાહ! જાનીબેગની લડવાની બહાદુરી અને દક્ષતા જોઈને હું રાજી થાઉં છું. એવા મર્દને મારવા કરતાં જીવતદાન દેવાની હું સિફારસ કરૂં છું

અકબર—જાનીબેગ! તારી બહાદુરી ઉપર હું ખુશી થાઉં છું, અને ખાનખાનાની સિફારસ ધ્યાનમાં રાખી તને સિંધનો હાકેમ નીમું છું. મારી અને તારી બન્નેની નમોમા તુર્કસ્તાનના મુલકોનુ લોહી વહે છે તે ભૂલતો નહિ મારે પગલે ચાલી રૈયતને સુખી રાખવામા જાગતો રહેજે, અને હમેશાં નિયમસર ખંડણી મોકલવામાં ઢીલ કરીશ મા.

કેમ અબુલફઝલ! પેલાં બધાં પુસ્તકોના ફારશી તરજુમા તૈયાર થઈ ગયા છે કે?

અબુલફઝલ—ખુદાવંદ! તમામના તરજુમા તૈયાર છે, વળી જ્યારે જ્યારે રાજ્યના કામમાથી ફુરસદ મળે છે, ત્યારે મારા લખેલા ઇતિહાસને બરાબર ગોઠવવાનું કામ કરૂં છું.

અકબર—કેમ ફૈઝી! પેલા ગોવાના પાદરીને અને નવસારીના જરથોસ્તીને આજે સાંજની કચેરીમા આવવાની ખબર આપી છે કે?

ફૈઝી—ખુદાવંદ! તેમને પણ બીજા તમામ ધર્મના વડાઓની સાથે આજે સાંજની સભામાં આવવાનુ કહેણ મોકલ્યું છે. મને, અબુલફઝલને અને બિરબલને એવી ચર્ચા સાંભળવાનો શોખ આપ નામદારના જેટલોજ છે હિંદુ કે મુસલમાન અથવા જરથુસ્ત કે ઇસાઇ અને બીજા તમામ ધર્મો એકજ ખુદાને મળવાના જુદા જુદા રસ્તા છે, એ વાત એવી ચર્ચાઓથી બરાબર સમજાય છે.

અકબર—કેમ પંડિતજી! હિંદુ લોકો મારા રાજ્યમાં સુખશાન્તિ ભોગવે છે કે?

પંડિતજી—નેકનામ! જેમણે ધર્માંધપણાને વશ થઈ પરધર્મીઓના ઉપર કેર વર્તાવ્યો છે, તે સર્વને મળેલાં ફળ ઇતિહાસની આરસીમાં

ચોખ્ખાં દેખાઈ આવે છે. આપે તે ઉપરથી ખડ તત્ત્વ શોધ્યું છે. ધર્મ સબંધી જુલમને બદલે આપની સભામાંજ દરેક ધર્મવાળા હમેશાં પોતપોતાના મતની ચર્ચા છૂટથી કરી શકે છે. આપના ઉદાર દિલનો એ દાખલો ભવિષ્યની પ્રજા ઇતિહાસમાંથી જોશે.

અકબર—કેમ બિરબલ! લોકોની આબાદી માટે કરેલી કોશીશોના પરિણામ તને કેવા જણાયા છે?

બિરબલ—ખુદાવંદ! દેશમાં બધે વિદ્યાકળાને ઉત્તેજન અપાય છે, દિવસે દિવસે હુન્નર અને ઇલમની કદર લોકોમાં વધારે બુજાતી જાય છે, અને જંગલી રિવાજો ઓછા થતા જાય છે મુસાફરી ને વેપારની સગવડ માટે ઘણે ઠેકાણે રસ્તાઓ બાંધવામાં આવ્યા છે, અને નહેરોથી ઘણે ઠેકાણે દેશની આબાદીમાં વધારો થયો છે. લોકોપયોગી ખાતામાં આપના તમામ અમલદારો પૂરેપૂરી કાળજી રાખે છે.

આપ, આપના અમલદારો ને હાકેમો, તથા આપની રૈયત, સૌ પોતપોતાનો અરસપરસનો સબંધ પેટ અને શરીરના બીજા અવયવોના સમંધ જેવો સમજે છે, ને તેથી બધે ઠેકાણે સુખશાન્તિમાં વધારો થતો જાય છે.

અકબર—ત્યારે તો ૧૪ વરસની નાની ઉમરમાંથી ખુદાએ જે ફરજ મારે માથે નાખી હતી, તે ફરજ મેં પૂરેપૂરી કાળજીથી ને પાક દિલથી બજાવી છે, એમ ભવિષ્યની પ્રજા મારે માટે કહેશે. મારી પાછલી જિંદગીમાં એ મને શાન્તિરૂપ થશે.

પશ્ચિમનો દિક્પાળ—(સ્વગત) અકબર પાદશાહ ખરેખર તું કહે છે તેમજ થશે. પરંતુ તારામાં પણ કેટલાક દોષો છે જોકે તારા સદ્ગુણોથી એ દોષો ઢંકાઈ જાય છે, છતાં આગળ ઉપર તારા ઘણા સદ્ગુણોના ભીતરમાં ઢંકાયલા થોડા દોષોને પણ ભવિષ્યની પ્રજા ઇતિહાસની આરસીમાંથી જોશેજ. ચિતોડના ઘેરા વખતે જયમલને મારવાનો પ્રપંચ અને એવા થોડા દાખલા સિવાય તારી કીર્તિ અમરજ રહેશે તારી ઓલાદ જો તારે

રસ્તે ચાલીને, તાબાના રાજ્યો અને રૈયતને તારા કરતાં વધારે સારૂં સુખ આપશે, તો મુગલ શહેનશાહતની ઇમારતને કદી પણ નુકસાન પહોચવાનુ નથી. પણ આહા! ભવિષ્યની ખુબી ઓરજ છે!! તારી ઓલાદને મળેલી તકનો લાભ તે લઈ શકશે નહિ. મુગલ શહેનશાહતનો મધ્યાહ્ન તારા પ્રપૌત્ર ઔરંગઝેબના સમયમાં તપશે પરંતુ અનેક છળ, પ્રપંચ અને ધર્માંધપણાની દુષ્ટતાના તાપથી રૈયતના હૃદય અકળાશે, અને એ અકળામણનો અવાજ ખુદાની દરબારે પહોચી, મુગલાઈ શહેનશાહતને નબળી પાડી દેશે. તારી ઓલાદનો છેલ્લો માણસ સ્ત્રીઓ અને બાળકોના નિર્દોષ જીવોને રીબાવનારાનો મદદગાર થઈ મુગલ શહેનશાહતનો પૂરેપૂરો અંત આણશે, અને તેને પરિણામે તારા કરતા ન્યાય અને સદ્‌ગુણમા ઘણીજ વધારે આગળ પડતી મારી પશ્ચિમની પ્રજા હિન્દનુ ચક્રવર્તી રાજ્ય ભોગવશે હિન્દુસ્તાનની પ્રાચીન રાજધાની દિલ્હીને માટે જે લોહી રેડાયા છે તેનો લાભજ અંત આવશે, અને દિલ્હીની સત્તા કલકત્તે જઈ, પાછી દિલ્હી આવી ઇંગ્લંડના લન્ડનશહેરમાથી શાન્ત અને સુખમય પ્રમાણ આપશે.

आबु पर्वत.

(આબુ પુ પા પૃઠ ૬૧ થી.)

નખી તળાવ એ આબુ અદર સ્ટેશન પાસે ટેકરીઓની વચ્ચે નીચાણમાં અરધો માઇલ લાબુ ને પા માઇલ પહોળુ આબુથી પશ્ચિમે આવેલું છે પૂર્વ તરફ તે છાછરૂ છે, પણ પશ્ચિમ તરફ વીશથી ત્રીશ ફુટ ઊંડુ છે ઋષિના નખ વડે એ તળાવ તૈયાર થયેલુ છે એવી અનમવિત દતકથા ચાલે છે તેનો દેખાવ સુદર છે. એને એક કાંઠે જયપુરની ને બીજે કાંઠે જોધપુરની સુદર કોઠીઓ (ઉતારા) આવેલી છે. કર્નલ ટૉડે તે જોયુ ત્યારે "તેમા જળકુકડીઓ તરતી હતી તેનું ધ્યાન માણસ ઉપર નહોતુ; કેમકે આ પવિત્ર જગા ઉપર પારધીની બદુક કે માછીની જાળ એમાથી એકેની કોઈને ખબર નહોતી" "તારે કોઇનો ઘાત કરવો નહિ" એવી

ઈશ્વરી આજ્ઞા અહિં વર્ત્તાતી હતી અને તેનો જે ભગ કરતું હતું તેની શિક્ષામા તેનું મરણ હતું " આ તળાવની આસપાસ ગોળાકારમા એવી રીતે નજીક નેમજ દૂર સડક બાધેલી છે કે ફરવા જનારાઓ એક ગોળ ચકરમા ફરવાનો લાભ લઈ શકે.

અર્બુદા દેવી—દૂધ વાવડી પાસેથી તેનો ચઢાવ શરૂ થાય છે. વાવડી પાસે સાધુને રહેવાના ઝુપડા છે. એ વાવડીનુ પાણી સારૂં અને જગ ધેળુ છે. ભાગ્યા તુટયા ત્રણસેં પગથીઆ ચડયા પછી અધર દેવીના મદિરમાં જવાય છે. દરવાજામા બે વાઘની મૂર્તિઓ, એક સ્વાભાવિક કુડ, અને ગણેશજીનું નાનું દહેરૂં જોવામા આવે છે ટેકરીના મધાળાની એક ગુફામા અર્બુદા દેવીની મૂર્તિ ઉભેલી છે તે કાળા પત્થરની છે એ ગુફામા સૂર્યનો પ્રકાશ આવતો નથી. ત્યાં શિરોહી સ્ટેટ તરફથી ઘીનો અખડ દીવો બળે છે. પાસેનુ ધોળુ દેવળ સ ૧૬૩૨ મા બધાયલુ જણાય છે ગુફાની પશ્ચિમે શિવનું દહેરૂં અને નાની ધર્મશાળા છે એ જગ્યાના આચાર્યને રાજ્ય તરફથી થોડી જમીન આપવામા આવેલી છે ત્યા ચત્રી પુનમ તથા આસો સુદ દશમ ઉપર મેળો ભરાય છે પાછા દરવાજામાં આવી ઉભા રહેતા ડુગર ઉપર છેટે છેટે અવેલા બગલા અને મકાનોનો સુદર દેખાવ નજરે પડે છે ત્યાથી દેલવાડા તરફની બાજુએ પણ પગથીઆ બાધેલાં છે. તે પગથીઓથી ઉતરતા બીકાનેરની કોઠી પાસે દેલવાડાને રસ્તે ચડાય છે.

દેલવાડાના દહેરાની સુંદર શિલ્પકળાથી તો અવવિ છે. આબુ ગામથી આસરે સવા માઇલ ઉપર ઉત્તરે દેલવાડા નામનુ નાનુ ગામ આવેલું છે દેલવાડા એટલે દેવળોનો જથો તેમા મુખ્ય છ દેવળ છે, તેમાના પાંચ શ્વેતામરીના અને એક દિગમરીનું છે એ સઘળા દેવળો જુદા જુદા ગૃહસ્થોએ બંધાવેલાં છે તેમા થયલુ ખર્ચ અનહદ છે આ દેવળો જોવાથી તે વખતે કેવા જબરા શ્રદ્ધાળુ જૈન શેઠો પડયા હશે તેનો આપણને ખ્યાલ આવે છે

સાથીઆની માફક એ દેવળોનો જથો ગોઠવાયલો છે. તે સુદર શ્વેત આરસના બનાવેલા છે તે દરેકને પોત પોતાની જગ્યા છે જગ્યાના મધ્યમાં તીર્થંકરની મૂર્તિ આવેલી છે જગ્યાને ફરતી પણ નાની નાની મૂર્તિઓ ગોઠવવામા આવી છે.

આ દેવળો એજ આબુ પર્વતની ખરેખરી શોભા છે. એનું નકશી કામ અત્યન સુંદર છે જાણે મીણના બીબામાં એ સઘળું નકશી કામ ઉતાર્યું હોયની ! આ બારીક કોતરણી કામના નાજુક દેખાવનુ વર્ણન આપી શકાય તેમ નથી

વિમળશાનું દહેરૂ ઈ સ. ૧૦૩૨ મા વિમળશાએ બંધાવ્યુ છે અને સ ૧૩૯૯ મા સમરાવવામા આવ્યુ છે ચૌદ વર્ષે એ દહેરૂ બંધાઈ રહેલું. જમીન સરખી કરવામા છપન લાખ રૂપીયા બેઠા અને કુલ ખરચ અઢાર કરોડ રૂપીઆનું થયુ મૂર્તિને આસરે એક લાખ રૂપીયાના હીરા માણેકથી શણગારવામા આવે છે અને મૂર્તિને માથે સુંદર જવાહિરનો મુગટ મૂકવામા આવે છે. વળી ત્યા બાવન ગોખલાઓ તૈયાર કરવામા આવ્યા છે અને તેમાં ચોવીસ તીર્થંકરની મૂર્તિઓ બેસાડવામા આવી છે દહેરાના એક છેડા ઉપર અંબિકા માતાની મૂર્તિ બેસાડેલી છે.

વિમળશાના દહેરાના મો આગળ એક ચોરસ દેખાવના મકાનનું હાથીખાનુ આવેલુ છે તેમા દરેક છેડે ઘોડા આરસપહાણના ચાર ચાર ફુટની ઊંચાઈના નવ નવ હાથીની કોતરણીવાળા થાભલાઓ આવી રહેલા છે એ હાથી ઉપર હોદો ચીતરી તેના ઉપર માનને પણ બેસાડેલા છે વિમળશા અને તેના કુટુબનું જાણે સરઘસ નીકળતું ન હોય તેવો દેખાવ કરવામા આવ્યો છે. દરવાજાને રસ્તે વિમળશા અને તેના ભત્રીજાની આરસપહાણની મૂર્તિઓ ઉભી કરવામા આવી છે

વસ્તુપાળ તેજપાળનાં દહેરાં—વિમળશાનું દહેરૂ છોડી આગળ ઓળગી ઉત્તર તરફ જઈએ તો થડોથડ વસ્તુપાળ તેજપાળના દહેરા આવે છે વિમળશાના દહેરામા આદિનાથની મૂર્તિ છે, ત્યારે આ દહેરામા નેમનાથ ભગવાનની મૂર્તિ છે, આ દહેરા સંવત ૧૨૮૭ મા બંધાવ્યા છે તેમા સુંદર આઠ થાભલાથી ઉભો રહેલ ઘુમટ જેનામના ચિત્તને આકર્ષે છે. ત્યાથી રંગમંડપમા જવાય છે એક તરફ રાજુલની મૂર્તિ છે અને બીજી તરફ શાંતિનાથની મૂર્તિ છે આ સઘળા દહેરાનુ વર્ણન અહિ આપવુ નિરર્થક છે એ દહેરા નજરે જોયા સિવાય તેનો ખરો ખ્યાલ આવી શકે તેમ નથી.

આ દહેરાં બંધાવનાર વસ્તુપાળ તેજપાળે પોતાની જીંદગીમાં ત્રણ અબજ બોતેર કરોડ બોતેર લાખ અઢાર હજાર અને આઠસો રૂપીયા ધર્મા-

દામાં વાપર્યા હતા દહેરાની એક બાજુએ વસ્તુપાળ તેજપાળ અને લલિતા દેવી તથા વીરતાદેવીની મૂર્તિઓ આવેલી છે એ દેરાણી જેઠાણીના ગોખલા પણ જોવા લાયક છે જૂની ગોધખોળના રોખીનોએ અચુક એકવાર આ દહેરાઓની મુલાકાત લેવી જોઈએ.

દેલવાડામાં જાત્રાળુઓને ઉતરવા માટે ધર્મશાળાઓ છે. તે ઉપરાંત ગાદલા, ગોદડા, ઠામ, વાસણ, સીધુ, સામાન વગેરેની ગોઠવણ પણ સારી છે.

દેલવાડા છોડી હવે અચળગઢની સડક ચડીએ અચળગઢ દેલવાડાથી પાંચ માઇલ દૂર છે અચળગઢની ટેકરી ઉપર જૈન દેવળો આવેલા છે. ત્યા માત્ર પગપાળા જવાય છે, પન્તુ અચળગઢની નીચે જ્યાં જૈન તથા વૈષ્ણવના તીર્થની જગ્યા આવેલી છે ત્યા સુધી ગાડી ઘોડા આવી શકે છે દેલવાડેથી ત્રણ માઇલ છેટે માર્ગમાં ઓરીઆ નામના ગામનો રસ્તો ફાટે છે. ઓરીઆમાં એક ડાક બગલો છે અને ત્યાથી ગુરૂશિખર જવાય છે. દેલવાડાથી દોઢ માઇલ છેટે આબુના રહેવાસીઓને પાણી પુરૂં પાડવા માટે શિરોહી દરબારે છત્રીસ હજાર રૂપીયાને ખરચે ટ્રેવર તળાવ બાંધેલું છે ત્યાથી એક માઇલ ઉપર એક ચોકી આવે છે ત્યાંનો ચઢાવ મુશ્કેલ છે.

અચળેશ્વરના દહેરામા સ ૧૪૬૮ નો લેખ છે મહતનો મઠ છોડી ગણેશ પોળમા ગયા પછી હનુમાન પોળ આવે છે ત્યાંથી ચપા પોળમાં જવાય છે. તે ત્રીજા દરવાજાને કમાડ છે ત્યાથી થોડે છેટે કુથુનાથજીનું જૈન મંદિર અને ધર્મશાળા આવે છે, તેને લગત વાણીઆઓની થોડી દુકાન છે થોડેક દૂર ચાલતા એક કુવો આવે છે તેની થડમાં જૈનોનુ અચળગઢનુ મુખ્ય દેવળ આવે છે. તેના દરવાજામાં એક સારી ધર્મશાળા છે, ત્યા ઋષભદેવજીનુ મોટુ દહેરૂ ને પદર નાનાં નાના બીજાં દહેરાં છે. વળી તેટલામા રામદેવજી, હનુમાનજી, વિષ્ણુજી, બલુચરાજી વગેરેની પણ નાની નાની મૂર્તિઓ જોવામા આવે છે એ દહેરૂં મૂકી પગથીએથી ઉંચે ચડતાં નેમીનાથજીનું દહેરૂં આવે છે તેમાંના લેખની સાલ ૧૫૧૮ ની છે. ત્યાં મુખ્ય દેવળમાં આદિનાથની ચોમુખી મૂર્તિ છે તેનું વજન ૧૪૮૪ મણ છે. તે કુભારાણુની વિધવા રાણીએ બંધાવ્યુ છે મૂર્તિ ઉપર ૧૫૧૮, ૧૫૨૯ અને ૧૫૬૬ ના લેખ છે એ દેવળને બીજે માળે ચડીને જોતા આબુ પર્વતનો

ઘણો સુદર દેખાવ નજરે પડે છે. આબુ હાઇસ્કૂલ, તથા આબુનાં બીજા મકાનો, ચોકીઓ, રસ્તાઓ, ગુરુશિખર, અજમેર જતી રેલવે સડક વગેરે આખને આનંદ આપનારા દેખાવો સાથી નજરે પડે છે. નીચેના દેવળની ચડમા કુભારાણાની, તેના પુત્રની, અને પૌત્રની મૂર્તિઓ છે અચળગઢનાં જૈન દહેરા છોડી આગળ વધતા ભેરવ પોળ શ્રાવણ ભાદરવા પોળ વગેરેમા થઈ બીજી બાજુએ જઈએ તો હરિશ્ચદ્રની ગુફા વગેરે જોવા જેવી જગાઓ આવે છે.

ગુરુશિખર—આબુથી પાચ માઇલ, દેલવાડેથી સાડા ત્રણ માઈલ, અને અચળગઢથી એક માઇલ દૂર શિરોહી સસ્થાનના આબુ મહાલનું ઓરીઆ નામનુ નાનું ગામ છે તે આબુ કરતા પાચસો ફુટ ઊંચુ છે ઓરિઆના ડાક બગલામા રાત રહી સવારના પહોરમા વહેલા ઊઠી ગુરુશિખર જવુ એ વધારે સગવડભરેલુ છે એ શિખર સમુદ્રની સપાટીથી છપનસેં પચાસ ફીટ ઊંચુ છે. મારગમા કનખળ તીર્થ આવે છે ત્યાની કુબેરની મૂર્તિ ઉપર સ. ૧૨૬૫ નો લેખ છે પછી ચક્ર તીર્થ, મહાવીર સ્વામીનું દહેરૂં, જવાઈ નામનુ નાનું ગામ, અને નાગ તીર્થ અનુક્રમે આવે છે. ગુરુશિખર પર નાના કુઆ પાસે ઘરને આકારે એક દહેરૂ છે, તેમા દાકારજી બેઠા છે. ત્યાં એક બે સાધુ રહે છે ત્યાથી થોડે દૂર ગુરુ દતાત્રયનાં પગલા છે ત્યા એક મોટો ઘટ છે તેના ઉપરના લેખમા ૧૪૬૮ ની સાલ લખી છે. ગુરુશિખર ઉપર ઘણી ગુફાઓ છે ઉપર ઉભા રહી ચારે તરફ નજર કરતા ઘણો સુદર દેખાવ જોવામા આવે છે સવારના ઝળાઝળામાં દૂર જોધપુરના અને બાગોતરાના કિલ્લા સુધી નજર પડે છે.

ગુરુશિખરની બીજી બાજુએ ઉત્તરોજ ગામ આવ્યુ છે તેની આસપાસ કેદારનાથ તથા બદ્રિનાથ મહાદેવ, પચ દેવળ, ખડેપુરી ભાવની ગુફા, વગેરે જોવા જેવુ છે. ઉત્તરોજથી થોડે દૂર શેર ગામની પાસે વસ્યાનજીની જગ્યા સૂર્યકુડ, ગણેશજી, ભૈરવનાથજી, પુષ્કરજી, વગેરે જગ્યાઓ આવેલી છે.

હવે આપણે આબુમા પાછા આવીએ—આબુમા રજપુતાના હોટેલમાં તથા ડાક બગલામા યુરોપીઅન મુસાફરોને ઉતરવાની સગવડ છે. રજપુતાના હોટેલમા જણ દીઠ દરરોજના ૭ રૂપીઆ અને મહીનાના રોકડસે

રૂપીઆ ફી લઈ બધી સગવડ કરી દેવામા આવે છે ત્યાં ત્રીશ ઓરડા છે કોઈ કોઈવાર યુરોપીઅન ઢબના પારસી વગેરે દેશી લોકોને પણ ઊતરવાની સગવડ ત્યા કરી દેવામા આવે છે. ડાક બગલામાં જણ દીઠ દરરોજ એક રૂપીઓ ભાડાનો ને સાડા ત્રણ રૂપીઆ ખોરાક ખર્ચના લેવામાં આવે છે. દેશી મુસફરો તો બુટ સરાઇમાં ઊતરે છે

આબુમાં અનાથ બાળકો માટે લોરેન્સ સ્કૂલ છે. તે હવાપાણીની અનુકૂળતા જોઈ ઇ. સ. ૧૮૫૪ મા સર હેનરી ઓરેન્સે સ્થાપેલી છે. તેમાં તે સિવાય બીજા છોકરા તથા છોડીઓ પણ ભણે છે. અનાથ બાળકો પાસેથી કશી ફી લેવામા આવતી નથી. સોદાગરના છોકરાઓ પાસેથી આઠ રૂપીયા અને અધિકારીના છોકરાઓ પાસેથી ચૌદ રૂપીઆ ફી લેવામા આવે છે.

આબુ ઉપરના લેખો.

૧ દેલવાડામા વિમળશાહના દેહેરામા સં. ૧૦૮૮ નો લેખ છે
૨ કનખલેશ્વર મહાદેવનો ઓરીઆ ગામમા ઇ. સ. ૧૨૦૯ નો લેખ છે.
૩ ગુરુશિખર સમરાવ્યાનો સવત્ ૧૨૬૫ નો લેખ છે.
૪ દેલવાડાના વસ્તુપાળ તેજપાળના દહેરાં બધાવ્યાનો સવત્ ૧૨૮૭ નો લેખ છે.
૫ અચળેશ્વરમા વિષ્ણુની મૂર્તિ ઉપર સવત્ ૧૩૦૦ નો લેખ છે
૬ સતીના પાળીઆ ઉપરની છત્રીનો સવત્ ૧૩૧૭ નો લેખ છે.
૭ ગૌમુખ પાસેના બુદ્ધનો સવત્ ૧૩૨૪ નો લેખ છે.
૮ અચળેશ્વર પાસે આદિપાળ સહિત ત્રણ ભેંસનો સવત્ ૧૩૪૨ નો લેખ છે
૯ વિમળશાહના દહેરાંનો ઉદ્ધાર, ૧૩૭૯.
૧૦ અચળેશ્વર ઇ. સ ૮૧૩ સમરાવ્યુ, ઇ. સ. ૧૩૨૧.
૧૧ અચળેશ્વર પાસે કુવાનો લેખ, સવત્ ૧૩૮૭
૧૨ વસિષ્ઠજીનું દહેરૂં, સંવત્ ૧૩૯૪.
૧૩ વાલમ ઋષ્ય, સવત્ ૧૪૫૨.
૧૪ અચળેશ્વરનો પિત્તળનો પોહીઓ બનાવ્યો, સંવત્ ૧૪૬૪, સ્થાપ્યો સંવત્ ૧૬૯૮.

૧૫ અચળગઢનાં નીચલાં દહેરાંની મૂર્તિઓ, ઇ. સ. ૧૪૦૯—૧૪૫૧ ૧૪૫૨.

૧૬ ગુરુશિખરનો મોટો ઘંટ, સંવત્ ૧૪૬૮.

૧૭ અચળેશ્વરનું ત્રિશૂળ, સંવત્ ૧૪૬૮.

૧૮ દ્વારકાનાથજીનું જૂનું દેવળ દેલવાડા પાસે, ઇ. સ. ૧૪૬૮.

૧૯ અચળગઢમાં પાર્શ્વનાથનું દહેરૂં બાંધ્યું, સંવત્ ૧૫૬૦, સમરાવ્યું સંવત્ ૧૭૭૨.

૨૦ અચળગઢનું નેમીનાથનું દેવળ, સંવત ૧૫૧૮.

૨૧ અર્બુદા માતા, સંવત્ ૧૬૩૨.

૨૨ અચળગઢનાં ઉપલા દહેરાઓની પાંચ મૂર્તિઓ ૧૫૧૮–૧૫૧૮–૧૫૨૯–૧૫૧૬–૧૫૬૬.

૨૩ અચળગઢના નીચેનાં દેવળોની પાછળના પગલાંઓ, સવત્ ૧૭૦૩.

૨૪ ગોમુખ કુંડ સમરાવ્યો, સવત્ ૧૮૭૫.

૨૫ અચળગઢનાં પગલાંઓ, સંવત્ ૧૮૬૩.

૨૬ વસ્તનજીનો પિત્તળનો ઘંટ, સંવત્ ૧૮૭૭.

૨૭ અચળગઢનાં પગલાંઓ, સંવત્ ૧૮૨૮ *

લિ૦ પોપટલાલ દેવળચંદ શાહ—રાજકોટ.

---

* આબુના લોકપ્રિય તહેસીલદાર રા૦ બા૦ ભુરાભાઈ કુશળચંદનો હું મોટો આભારી છું, કેમકે તેમના ખાસ આમંત્રણથી મારા ઉનાળામાં હું આબુ ગયો હતો અને આ વર્ણનમાં આપેલી ઘણીખરી હકીકત તેમણે પુરી પાડી હતી.

પો. કે. શાહ.

કેળવણીખાતાની ખબરો.

જાહેર ખબર.

(ઉ. ભા. ના એ૦ ઇ૦ સાહેબના તા ૧૬ મી જાન્યુઆરી ૧૯૧૨ ના હુકમ ન. ૧૨૨૩૯ ઉપરથી.)

એડયુકેશનલ ડિપાર્ટમેન્ટ.

ન ૩૩૨૧.—(તા ૫ મી ઑકટોબર ૧૯૧૧ ના બૉમ્બે ગવર્મેંટ ગેઝેટ, ભાગ ૧ લા ને પાને ૧૮૧૮ મે છપાયલી) ન, ૨૭૭૭ ની તા. ૨૩ મી સપ્ટેંબર ૧૯૧૧ ની સરકારી જાહેર ખબરના વધારામા આ ઇલાકાની માધ્યમિક નિશાળોના ઉપયોગ માટે સરકારે મજૂર કરેલી ચોપડીઓ વગેરેની નીચલી ત્રૈમાસિક યાદી સર્વની જાણ માટે પ્રસિદ્ધ કરવામા આવે છે.

ગુજરાતી.

મિ ચોપટલાલ મગનલાલ, ઓરિએન્ટલ બુક ડીપો-અમદાવાદના ' ધિ ગુજરાતી ' ના મેનેજરની સુધરેલી મિડલ સ્કૂલ ગુજરાતી કૉપિ બુકો ન. ૧ તથા ૨.

જાહેર ખબર.

(ઉ. ભા. ના મે. એ ઇ સાહેબના તા ૧૭ મી જાન્યુઆરી ૧૯૧૨ ના હુકમ ન ૧૨૩૧૨ ઉપરથી.)

જનરલ ડિપાર્ટમેન્ટ. કિલ્લે મુબઈ.

નં. ૭૩૫૮. તા૦ ૨૮ મી ડીસેમ્બર ૧૯૧૧.

સરકારી ઠરાવ.

૧. મેલેરીઆની બીમારીમાં લોકોમાં કિનાઇનના ઉપયોગનો વધુ ફેલાવો કરવાની નવી રીતો પર સરકાર વિચાર ચલાવી રહી છે હાલ સરકારે નીમેલા અધિકારી મારફત આખા ઇલાકામા કિનાઇનના એક એક પૈસાવાળા

પડીકાં વેચાય છે. આનું વેચાણ દર વર્ષે વધતુ જાય છે, અને દરેક રીતે તેને ઉત્તેજન આપવાનું જરી રાખવામા આવશે પણ મેલેરીઆથી સપડાયલા લોકોને તદન આરામ થવા માટે તેઓ જોઈતી સખ્યામાં દવાના પડીકાં લે એમ કરવુ મુશ્કેલ છે. ક્વિનાઇનના વધારે નિયમિત ઉપયોગને ઉત્તેજન આપવા માટે, તેમજ વધારે મનોહર તથા રુચિકર રીતે વહેચવા માટે ક્વિનાઈન વહેચવાની જે પદ્ધતિ પૂર્વ બગાળા અને આસામમાં થોડો વખત થયાં દાખલ કીધી છે તે નવી પદ્ધતિની અજમાયશ કરવાનો સરકારે નિશ્ચય કીધો છે.

૨. આ પદ્ધતિનુ મુખ્ય લક્ષણ એ છે કે ક્વિનાઇનની વહેંચણી પડીકામા ન કરતા આરામને માટે જોઈતા ક્વિનાઇનિના જથામા ('ટ્રીટ્મેન્ટ'મા) કરવામા આવી છે, દરેક 'ટ્રીટ્મેન્ટ'માં ચાર ચાર ગ્રેઇનની ૨૦ ટીકડીઓ (tabloids) કરી એક નાની કાચની નળી (tube) મા બધ કરી તે સાથે અગ્રેજીમાં તથા વર્નાકયુલરમાં (દેશી ભાષામાં) સૂચનાઓ આપવામા આવે છે દશ નળીઓનું એક મોટું પડીકુ (પાર્સલ) બનાવવામાં આવે છે, અને તે પરચુરણ વેચનારાઓને આપવાનો નાનામા નાનો જથો છે. એવા એક પડીકાની કિમત રૂા ૧–૭–૦ છે, અને પરચુરણ વેચનારે દરેક નળી ૦–૩–૦ ની કિમતે વેચવાની છે, જેથી તેને પડીકા દીઠ ૦–૯–૦ નો ફાયદો થશે. આ કિમતો ખરીદ કિમત કરતાં ઘણીજ ઓછી છે, પણ એ પદ્ધતિને લોકપ્રિય બનાવવા ખાતર પ્રથમ ઓછી કિંમત ઠગવવાનુ સરકારને સલાહભરેલું લાગે છે.

J. L. Rieu.
સેક્રેટરિ નિસબત સરકાર.

સરકારે કલેક્ટરોને હુકમ કીધો છે કે તેઓએ ગામડાના મુખીઓ ગામડાના સ્કૂલ માસ્તરો, ગામડાના પોસ્ટ માસ્તરો, નાના દુકાનદારો વગેરે 'ટ્રીટ્મેન્ટો' પરચુરણ વેચે એવી ગોઠવણ કરવી.

જાહેર ખબર

(ઉ. ભા. ના મે ઝૅ ઇ. સાહેબના તા. ૩૦ મી જાન્યુઆરી ૧૯૧૨ ના હુકમ નમર ૧૨૮૯૦ ઉપરથી).

પ્રાથમિક શાળાઓ માટે મંજૂર થયલી ચોપડીની નીચલી યાદી સર્વની જાણ માટે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

નં	ચોપડીનું નામ.	ચોપડી જેમા છપાઈ હોય તે ભાષાનું નામ	શાને માટે મજૂર કરી છે તે.	કિંમત.	વિશેષ હકીકત.
	દેસાઈ બી. એલ., સ્ટોર શેરી, વાડી ફળીયા, સુરત—				
૧	ધર્મનીતિ બોધિની, ભા. પહેલો.	ગુજરાતી	ગુજરાતી પ્રાથમિક કન્યા શાળાઓમાં ઇનામ માટે.	૦—૨—૯	
૨	ધર્મનીતિ બોધિની, „ બીજો.	॥	॥	૯—૩—૦	
૩	નીતિ રત્નમાળા.	॥	ગુજરાતી પ્રાથમિક કન્યાશાળાઓમાં ઇનામ માટે.	૦—૨—૯	

	મેહેતા બી. એન., હેડ માસ્તર, મિડલ સ્કૂલ, રાજકોટ —			
૪	પ્રેમાનદની પ્રસાદી.	૧૯૧૯	ગુજરાતી પ્રાથમિક અને ઍંગ્લો-વર્નાક્યુલર શાળાઓની લાઇબ્રેરિ માટે	૦—૧૨—૧
	પંડિત શિવપ્રસાદ દલપતરામ બરન (કોટા સ્ટેટ, રજપુતાના)			
૫	દેવી અગોર કામિની, બીજી આવૃત્તિ.	॥	ગુજરાતી પ્રાથમિક કન્યાશાળા. ઓમા ઇનામ તથા લાઇબ્રેરિ માટે	૦—૧—૬
	ઠક્કર પ્રાણજીવન ઓધવજી, ભાવનગર, કાઠિયાવાડ.			
૬	સનાતન ધર્મ-હિંદુ ધર્મ તથા નીતિશાસ્ત્રનું પ્રાથમિક પુસ્તક.	॥	ગુજરાતી નિશાળોની લાઇબ્રેરિ માટે.	૦—૮—૦
૭	મહાભારત.	॥	॥	૦—૯—૦
૮	રઘુ શિરોમણિ રામચંદ્ર.	॥	॥	૦—૭—૦

ઑફિસ ઑવ્ ધિ ડિરેક્ટર ઑવ્ પબ્લિક ઇન્સ્ટ્રક્શન,
પૂના તા. ૧૯ મી જાન્યુઆરી ૧૯૧૨.

P. WREN.
For Ag. Director of Public Instruction.

જાહેર ખબર.

(ઉ. ભા. ના મે એ. ઇન્સ્પેક્ટર સાહેબના તા ૨ જી ફેબ્રુઆરી સને ૧૯૧૨ ના હુકમ ન. ૧૨૯૯૮ ઉપરથી).

નીચેના પુસ્તકો, ચોપાનીઆં, વગેરે નામદાર શહેનશાહ તરફથી જપ્ત થયલા જાહેર કરવામા આવ્યા છે, કારણ કે સદરહુ પુસ્તકો, ચોપાનીઆ વગેરેમા એવા શબ્દો કે લખાણ છે કે તેથી નામદાર શહેનશાહ તરફ કે હિંદમા કાયદેસર સ્થપાયલી બ્રિટિશ સરકાર તરફ અસતોષ, તિરસ્કાર, કે ધિક્કાર ઉશ્કેરવાનો સભવ રહે છે

પુસ્તક વગેરેનું નામ	પુસ્તક, ચોપાનીઆ વગેરેની વિશેષ હકીકત.	સરકારી ઠરાવ ન. તથા તારીખ.
'આર્યનોને સલાહનો એક બોલ' A word of Advice to the Aryans) નામનું ચોપાનીઉં.	મદુરામા અલગર કોવિલ મોહોલ્લામાં છપાયુ હોય એમ દર્શાવતું, ટામિલ ભાષાનુ.	જ્યુડિસ્યલ ડિપાર્ટમેન્ટ. નમ્બર ૪૩૮૬ કિલ્લે મુબઈ, તા. ૨૬ મી જુલાઈ ૧૯૧૧.
નવી ભારત ઍસોસિએશનમા દાખલ થવાની પ્રતિજ્ઞા' (Oath of admission into the New Bharata Association) એ મથાળાનું.	મદ્રાસમાં છપાયું હોય એમ દર્શાવતુ, ટામિલ ભાષાનું.	॥
'મહારાણા પ્રતાપસિંહ' એ નામનું નાટક.	અનંત વામન બર્વેએ મરાઠીમાં લખેલુ, મુબઈના વિજય પ્રેસમાં છપાયલું, અને બાલકૃષ્ણ લક્ષ્મણ પાઠકે પ્રસિદ્ધ કરેલું	જ્યુડિસ્યલ ડિપાર્ટમેન્ટ નમ્બર ૪૪૨૧. કિલ્લે મુબઈ, તા. ૩૧ મી જુલાઈ ૧૯૧૧.

' કાયદાનો સંગ્રહ ', 'નકસ્મે ગુલાબ,' ' કસરત', 'અશાતના,' (A-shatana), 'નાહવાનો સાબુ', અને 'નવરોજ' એવા વિવિધ નામનુ પુસ્તક, ' વનસ્પતિની ઇચ્છાઓ' એ નામ પણ એનુ જ છે.	ગુજરાતીમા લખાયલુ.	જ્યુડિશ્યલ ડિપાર્ટમેન્ટ નમર ૪૪૬૩ કિલ્લે મુબઈ, તા ૨ જી ઑગસ્ટ ૧૯૧૧.
'ન્યાયાભિમાની' નામનું વર્તમાનપત્ર	ટામિલ ભાષામા કેરિકલમા પ્રસિદ્ધ થયલુ	જ્યુડિશ્યલ ડિપાર્ટમેન્ટ. નમર ૪૮૦૮ કિલ્લે મુબઇ તા ૨૧ મી ઑગસ્ટ ૧૯૧૧.
અંગ્રેજી શિક્ષક ભાગ ૧ તથા ૨ (The English Teacher Part I and II)	હિંદી પુસ્તક, પૂનાના જગદ્હિતેચ્છુ પ્રેસમા રાવજી શ્રીધર ગોડબોલેકરે છાપેલુ, ને યશેશ્વર ગોપાલ દીક્ષિતે પ્રસિદ્ધ કરેલુ	જ્યુડિશ્યલ ડિપાર્ટમેન્ટ, નમર ૪૯૧૩ કિલ્લે મુબઈ તા. ૨૪મી ઑગસ્ટ ૧૯૧૧.
નવો અંગ્રેજી શિક્ષક ભાગ ૧ તથા ૨ The New English Teacher Part I and II	મરાઠી પુસ્તક, પૂનાના જગદ્હિતેચ્છુ પ્રેસમા રાવજી શ્રીધર ગોડબોલેકરે છાપેલુ, ને યશેશ્વર ગોપાલ દીક્ષિતે પ્રસિદ્ધ કરેલુ	॥
' સંધ્યા આવૃત્તિ, બીજી, ચોથું વર્ષ ' (Sandhya, Second edition Fourth year) નામનુ પાનીઉ, 'સધર એ ગુમ ઘોરે કોભુ કી ભગીમેન ' (Sadher a goom ghore kobhu ki	કર્તાના નામ વગરનુ બંગાલી ભાષામા કલકત્તામા છપાયલુ તથા પ્રસિદ્ધ થયલુ	જ્યુડિશ્યલ ડિપાર્ટમેન્ટ, નમર ૪૯૩૩. કિલ્લે મુબઈ, તા ૨૫મી ઑગસ્ટ ૧૯૧૧.

bhangibena) એ મથાળાવાળુ,		
સ્વદેશી પદ્ય–ભાગ પહિલા Swadeshi songs–Part First)	મરાઠીમાં ત્રિવિક્રમ કાશીનાથ પિત્રે બી એ, એલ્ એલ્. બી એ લખેલુ, અને દેખીતી રીતે ધારવાડમા ખાનોલકર ઍન્ડ કો. એ પ્રસિદ્ધ કરેલુ	જ્યુડિશ્યલ ડિપાર્ટમેન્ટ, નંબર ૫૮૫૮ કિલ્લે મુંબઈ, તા ૧૨ મી ઑકટોબર ૧૯૧૧.
ગૅરિબૉલ્ડીનું જીવન ચરિત Life of Garibaldi) નામનું પુસ્તક.	ગુજરાતીમાં નરસિંહભાઈ ઈશ્વરભાઈ પટેલે લખેલું અને વડોદરામા વીરક્ષેત્ર પ્રેસમા મરાઠી અક્ષરોમા છપાયલુ	જ્યુડિસ્યલ ડિપાર્ટમેન્ટ, નંબર ૬૧૭૭ તથા ૬૫૬૬. કિલ્લે મુબઈ તા. ૨૬ મી ઑકટોબર ૧૯૧૧ તથા ૧૧મી નવેંબર ૧૯૧૧.
'ઓમ્ બન્દે માતરમ્, સ્વાધીન ભરત' એ મથાળાનું અત્યાર સુધી મના કરેલી બધી પ્રતોથી જુદું પાનીઉં, અંગ્રેજી બંગાલી કે બીજી કોઈપણ ભાષામા પ્રસિદ્ધ થયલુ	બંગાલીમાં કર્તાના નામ વગરનું	જ્યુડિશ્યલ ડિપાર્ટમેન્ટ. નંબર ૬૫૩૯ કિલ્લે મુંબઈ, તા. ૧૦ મી નવેંબર ૧૯૧૧.
દેશભક્તિ શિક્ષણ	ભાસ્કર હરિ પટવર્ધને લખેલુ, અને તેણે સાંગલીમા ચિંતામણિ પ્રેસમાં છાપેલુ તથા પ્રસિદ્ધ કરેલું	જ્યુડિશ્યલ ડિપાર્ટમેન્ટ. નંબર ૬૫૮૩ કિલ્લે મુંબઈ, તા ૧૧ મી નવેંબર ૧૯૧૧.
સિંહગઢના પવાડા	નાશક મિત્રમેળ સીરીઝનો ન. ૧, વિનાયકે લખેલુ, મુંબઈમાં નેટિવ ઓપિનિઅન પ્રેસમા છપાયલુ	॥
સિંહગઢના પવાડા.	અભિનવ ભારત સીરીઝનો	॥

	નં ૧, વિનાયકે લખેલુ, મુંબઈમાં કર્ણાટક પ્રેસમા છપાયલુ અને મુબઇ ઠાકુરદ્વારમાં ફાટક બધર્સે પ્રસિદ્ધ કરેલુ.	
શ્રી બાજી દેશપાન્ડે યાચા પવાડા.	અભિનવ ભારત સીરીઝનો. ન ૨, વિનાયકે લખેલુ, મુબઈના કર્ણાટક પ્રેસમા છપાયલુ, અને મુબઈ ઠાકુરદ્વારમા ફાટક બધર્સે પ્રસિદ્ધ કરેલુ	જ્યુડિશ્યલ ડિપાર્ટમેન્ટ નંબર ૬૫૮૩ કિલ્લે મુંબઈ તા. ૧૧ મી નવેંબર ૧૯૧૧.
વીજાપુરચ્યા આદિલ શાહીચ્યા સેવટ, અથવા શ્રી શિવરાય છત્રપતિચીં અદ્ભુત કારસ્થાનેં.	નારાયણ બળવન દાડિકરે લખેલુ, પૂનાના જગદ્હિતેચ્છુ પ્રેસમાં છપાયલુ, મહાદેવ રામચદ્ર ગોરેએ પ્રસિદ્ધ કરેલુ.	॥
" કાઉંટ લીઓ ટૉલ્સટૉયના 'એક હિંદુને પત્ર' ના જવાબમા તેમને લખેલો એક ખુલ્લો કાગળ" એ નામનું ચોપાનીઉ.	ફ્રી હિંદુસ્થાનના અધિપતિએ લખેલો.	જ્યુડિશ્યલ ડિપાર્ટમેન્ટ નબર ૬૬૯૨. કિલ્લે મુંબઈ, તા. ૧૫ મી નવેંબર ૧૯૧૧.
કણવુ (Kanavu) તથા અરિલોરપગુ (Arilorupangu) એક ટુકી વાર્તા.	ટામિલ ભાષામા સી સુબ્રામની ભારતીએ લખેલા, પૉંડિચેરીમાં છપાયલા તથા પ્રસિદ્ધ થયલા બને ચોપાનીઆ.	જ્યુડિશ્યલ ડિપાર્ટમેન્ટ, નબર ૬૭૭૨. કિલ્લે મુંબઈ, તા ૧ મી નવેંબર ૧૯૧૧.
ગણપતિચ્યા મોયાચીં પદેં, ભાગ ૨	પુરદરે ઍન્ડ કો. બુકસેલર્સ મુંબઈમા ગણપત કૃષ્ણાજીના પ્રેસમા છપેલુ.	જ્યુડિશ્યલ ડિપાર્ટમેન્ટ, નબર ૬૮૪૩ કિલ્લે મુંબઈ તા ૨૩ મી નવેંબર ૧૯૧૧.
લોકમાન્ય બાળ ગંગાધર તિલક યાંચ્યાવરિલ ચોજદ્રોહાચા ખટલા	મુંબઈમાં ઈંદુપ્રકાશ સ્ટીમ પ્રેસમા છપાયલુ, સીતારામ કેશવ દામલે બી. એ., એલ્	॥

૧૯૦૮.	એન્ બી. એ પ્રસિદ્ધ કરેલુ	
લેખ રત્નમાળા અથવા નાના ફડનવીસાચે નીવડક પત્રાચા સગ્રહ.	આતાજી રામચદ્ર હાર્ડિકરે લખેલી તથા ટીકા કરેલી, પૂનાના જગદ્હિતેચ્છુ પ્રેસમા છપાયલી અને ભતવન્ત ગણેશ દામોદરે પ્રસિદ્ધ કરેલી	જ્યુડિશ્યલ ડિપાર્ટમેન્ટ, ન ૧૮૪૩. ફિલે મુંબઈ, તા ૨૩ મી નવેંબર ૧૯૧૧
મૅન્સન સાહેબનુ ખૂન અથવા દક્ષિણ હિંદુસ્તાનનો ઈ સ. ૧૮૫૭ નો બળવો	શા માણેકલાલ અમારામ ડાકટરે લખેલુ, અને વડોદરામા સમાજી વિજય પ્રેસમા છપાયલુ ચોપાનીઉ.	જ્યુડિશ્યલ ડિપાર્ટમેન્ટ, ન. ૬૮૮૨. ફિલે મુબઈ, તા ૨૪ મી નવેંબર ૧૯૧૧.
કલકત્તાની કાળ કોટડી (the Black hole of Calcutta).	મોહનલાલ વી અમરશી શેઠે લખેલુ અને અમદાવાદમા શા જૈન ડિન્ટિંગ પ્રેસમા છપાયલુ ચોપાનીઉ	॥
સ્વદેશી પદેં, ભાગ ૬ સરા	મરાઠીમા નિવિક્રમ કાશીનાથ પિત્રે બી એ, એલ્ એલ્ બી એ લખેલુ, અને દેખીતી રીતે ધારવાડમા ખાનો ૮૦ ઍન્ડ કો એ પ્રસિદ્ધ કરેલુ	જ્યુડિશ્યલ ડિપાર્ટમેન્ટ ન ૭૦૦૬. ફિલે મુબઈ તા ૩૦ મી નવેંબર ૧૯૧૧
અફઝલ ખાનાચે વધ વર પવાડા	લઘુ અભિનવ ભારતમાળા ગીરીઝનું પુસ્તક ન. ૩, ગોવિંદે લખેલુ, પૂનામા એસ એમ, પરાજપેના મનોહર પ્રેસમા છપાયલુ અને ગણેશ દામોદર સાવરકરે પ્રસિદ્ધ કરેલુ	જ્યુડિશ્યલ ડિપાર્ટમેન્ટ ન ૫૦૪૯ ફિલે મુંબઇ તા ૧ લી ડીસેંબર ૧૯૧૧
સ્વદેશ પ્રસગ, અગ્રેજી, બગાલી અથવા બીજી કોઈ પણ ભાષામાં પ્રસિદ્ધ થયલુ	બંગાલી ભાષામાં કાશીકાન્ત ચકરવર્તીએ લખેલુ, ઢાકા ગેઝેટમાં પાટુઆટોલીના સિટિ પ્રેસમાં છપાયલુ	જ્યુડિશ્યલ ડિપાર્ટમેન્ટ, ન ૭૧૭૪ ફિલે મુબઈ, તા. ૧૫ મી ડીસેંબર ૧૯૧૧
અષ્ટભુજા દેવીનુ ચિત્ર	લાનોલી, કારનાના રવિ	જ્યુડિશ્યલ ડિપા-

(જેમાં અષ્ટભુજા નામની હિંદુ દેવી સિંહપર બેસી ગાયને દેખીતી રીતે કાપી નાખનાર એ કસાઈ પર જુસ્સાથી હુમલો કરે છે).	વર્મા પ્રેસમા છપાયલી, અને 'રજીસ્ટર્ડ ૩૦૦' એવી માર્કવાળી	ટમેન્ટ, ન. ૭૨૦૬. કિલ્લે મુંબાઈ, તા. ૧૬ મી ડીસેંબર ૧૯૯૧૧
ઓમ્ બન્દે માતરમ્ સ્વાધી। ભારત મહાકાલેર અભાન (Om Bande Mataram Swadhin Bharat Mahakaler Abhan) એ મથાળાનું પાનીઉ, અંગ્રેજી, બંગાળી, અથવા બીજી કોઈ ભાષામા પ્રસિદ્ધ થયલું.	કર્ત્તાના નામ વગરનું બંગાળી ભાષામા લખાયલું	જ્યુડિશ્યલ ડિપાર્ટમેન્ટ, ન ૭૨૭૦. કિલ્લે મુંબઇ, તા ૨૦ મી ડીસેંબર ૧૯૧૧.

'ન ચેના ચોપાનીઆ ચોપડી વગેરે જમીન યા દરિઆ માર્ગે બ્રિટિશ હિંદિઆમા, લાવવાની ગવર્નર-જનરલ-ઈન્-કાઉન્સિલ તરફથી ૧૮૭૮ ના સી કસ્ટમ્સ ઍક્ટના સેકશન ૧૯ ની રૂઇએ મના કરવામાં આવે છે.

પુસ્તક વગેરેનું નામ	પુસ્તક ચોપાનીઆ વગેરેની વિશેષ હકીકત.	સરકારી ઠરાવ ? તથા તારીખ ?
' કાઉંટ લીઓ ટૉલ્સ્ટોયના 'એક હિંદુને પત્ર" ના જવાબમા તેમને લખેલો એક ખુલ્લો કાગળ'".	ફ્રી હિંદુસ્તાનના અધિપતિનો	'રેવેન્યુ ડિપાર્ટમેન્ટ, નં ૧૧૬૪૬. કિલ્લે મુબઈ, તા. ૧૫ મી ડીસેંબર ૧૯૧૧
પૂર્વનો તારો (Star of the East)	ઑસ્ટ્રેલિઆના મેલ્બોર્ન માં રામકૃષ્ણ વેદાન્ત મિશન તરફથી પ્રસિદ્ધ થયલુ.	રેવેન્યુ ડિપાર્ટમેન્ટ, નં. ૧૧૮૩૧. કિલ્લે મુબઈ, તા. ૧૯ મી ડીસેંબર ૧૯૧૧.

નિશાળોનાં ઈનામપત્રક.

પીપળીઆ—પા નાથાભાઇ ગીરધર સ્કુલ જમાડી. ચો પટેલ ભારમલ સળણે પેડા તથા પીતળનું પ્યાલું, પા. ગોપાળ ધનાભાઇ સાકર તથા ૨ માલ ઝણોર—હકીર સાહેબ જતસિંહજી ભારતસિંહજી રૂ ૪) શાકર સારોદ—ઉર્દુ સ્કુલ જુદા જુદા ગૃહસ્થો રૂ ૮–૮–૦ મીઠાઇ ઝાડેશ્વર—ગામના આગેવાનો રૂ. ૫) પતાસાં. વલીઓર—કુબેર જગમાલ તથા પટેલ દુલાજભાઈ સ્કુલ જમાડી, પટેલ પ્રભાત બાવાભાઈ રૂ. ૪) મીઠાઈ. નાંધણ—ગામ લોકો રૂ. ૧૨) સ્કુલ જમાડી. બુવા—પટેલ મથુરભાઈ જેસંગભાઈ રૂ. ૧૭–૧૦–૦ સ્કુલ જમાડી. દેખર—જુદા જુદા ગૃહસ્થો રૂ ૨૫) મીઠાઇ જમાડી. જંત્રાણ—જુદા જુદા ગૃહસ્થો રૂ. ૪–૧૨–૦ મીઠાઇ. હાંસોઠ—મી. ભગુભાઈ પ્રાણવલ્લભદાસ રૂ. ૧૧) મીઠાઇ. અમનપુર—તલાટી ત્રીભોવન માણેકલાલ વગેરે રૂ. ૩) મીઠાઇ. શુકલતીર્થ—જુદા જુદા ગૃહસ્થો રૂ. ૧૦) મીઠાઇ. રૂ. ૧૦) ઘડીઆળ. લોદર—સ્કુલ કમિટિના મેમ્બરો રૂ. ૧૩–૮–૦ સ્કુલ જમાડી, તથા મીઠાઈ. દહેગામ—ગામ લોક રૂ. ૩–૧૧–૦ મીઠાઇ, અબાલાલ ગોકળભાઇ રૂ. ૪) પરબ. ધમણાદ—ગામ લોક રૂ. ૩) પતાસાં, રૂ. ૩) મીઠાઇ, રૂ. ૧) શાકર રૂ. ૧૨–૮–૦ ઘડીઆળ રૂ. ૨૦) સ્કુલ જમાડી. રૂ. ૪) પરચુરણ. સરનાર—જુદા જુદા ગૃહસ્થો રૂ. ૬–૦–૦ પુસ્તકો, કાપડ વગેરે કહાનવા—પા. મણીભાઇ બોકારભાઇ સ્કુલ જમાડી.

થાણા વિભાગ—

થાણા—મ્યુ. સ્કુલ. શેઠ મોતીલાલ હરગોવિંદદાસ રૂ. ૧૦૦૦) રોલરશીપ. શેઠ પેસ્તનજી રતનજી ટાટા રૂ. ૨૫–૮–૦ ચોપડીઓ, મીઠાઇ.

પાલનપુર વિભાગ—

ખીમત—હીરાલાલભાઇ પીતાંબરભાઇ રૂ. ૪) ચોપડીઓ, ના. નવાબ સાહેબ રૂ. ૮–૦–૦ ઇનામ. થરા—કોરોનેશન પ્રસંગે પટેલ રતનશી મૂળચંદ રૂ. ૩૨) પુસ્તકો. સ્કુલ કમીટીના મેમ્બરો રૂ. ૫) સાકર સિહોરી—પટેલ રતનશી મૂળચંદ રૂ. ૪) પુસ્તકો.

કાઠીયાવાડ સ્ટેટ—

અરા—ગામના ગૃહસ્થો રૂ. ૩) મીઠાઇ. કુંભરી—જુદા જુદા ગૃહ-

રૂપો રૂા. ૯) સ્કુલ જમાડી. ગરડેશ્વર—કોરોનેશન પ્રસંગે જુદા જુદા ગૃહસ્થો રૂા. ૩) પતાસાં, સાકર. છઓર—કોરોનશન પ્રસંગે ગામ લોકો રૂા. ૩-૪-૦ સ્કુલ જમાડી. ઝઘડીઆ—શા. રણછોડજી અમથાભાઇ સાકર મણ ૦॥ ઉમલ્લા—ગામ લોકો રૂા. ૩) પતાસા. રાયસંગપુરા—ગામ લોકો સ્કુલ જમાડી. દેશાઇ નરોતમ તાપીદાસ સ્કુલ જમાડી. દેશાઇ લલ્લુભાઇ રાયજી ચાંદ તથા સાકર. નાદોદ—શેઠ માણેકલાલ પરસોતમદાસ રૂા. ૫) મીઠા . ઉંચેલીઆ—સ્કુલ કમીટીના મેમ્બરો તથા ગામના ગૃહસ્થો રૂા ૬-૮-૦ મીઠાઇ. માછી અમદાસ બહેચર સ્કુલ જમાડી. ટંકારી—ગામલોક રૂા ૫) ઇનામ, સાકર. આમલેથા—જુદા જુદા ગૃહસ્થો રૂ. ૧૫) સ્કુલ જમાડી. કપળસાડી—ના. રાજાજી સાહેબ રૂા. ૨) શાકર.

કાઠિયાવાડ વિભાગ—

આટકોટ—ના. જામસાહેબ રૂા. ૧૦) શાકર, તથા ચાંદ. ગુંદા—શેઠ પોપટલાલ જેરામ વગેરે રૂા. ૧૦-૯-૦ ઇનામ. હુબલી—શેઠ ચતુર્ભુજ તેજપાળ રૂા. ૨૫) પુસ્તક, રૂમાલ રૂા. ૧૫) આપુસ કેરી, શેઠ હીરજી પુજારવા રૂા. ૩૦) પુસ્તક રૂા. ૧૫) મીઠાઇ, શેઠ દેવાજી કેશવજી રૂા. ૯) જલેબી. શેઠ ઓધવભાઇ રૂા. ૧૫) મીઠાઇ. રૂા. ૧૨) ઘડીઆળ.

પંચમહાલ-રેવાકાંઠા-વિભાગ—

માંડવા—તાલુકા સ્કુલ સર. વિઠ્ઠલદાસ દામોદર ઠાકરશી રૂા ૩) પતાસાં. રા ગંગાધર નારાયણરાવ રૂા. ૫) મીઠાઇ વગેરે કવાંટ—સ્કુલ કમિટિ તથા જુદા જુદા ગૃહસ્થો રૂા. ૬) સાકર. હરકુંડા—ગામ લોક રૂા. ૧૫) સ્કુલ જમાડી, મીઠાઇ પુસ્તકો દારૂખાનું વગેરે પાછળ ખરચ્યું. નોહદા—રા. કૃષ્ણલાલ સુરજરામ વકીલ તથા સ્કુલ કમિટિના મેમ્બરો રૂા. ૩) ઇનામ.

સિંધ વિભાગ—

નગરઠઠ્ઠા—ગુ. સ્કુલ.

ખેડા વિભાગ ચાલુ—

કરોલી—ગામ લોકો રૂા. ૧૧) સ્કુલ જમાડી. સેરાશી—વાંગના કોકર રૂા. ૨૫) સ્કુલ જમાડી કોકર ફુલાભાવા નથુભાવા સાકર, ચોપડી,

કાપડ વગેરે જુદા જુદા ગૃહસ્થો સ્કુલ જમાડી. ગોરવા—ગામ લોકો રૂ. ૨૭) સ્કુલ જમાડી. ઠાકોર નારસંગજી મહેરામણસંગજી રૂ. ૫) દહેમી—પા. મોતીભાઇ વજેભાઇ રૂ. ૧૭) સ્કુલ જમાડી.

કચ્છ વિભાગ—

ભુજ પરસ્કૂલ—શા. જગસિંહ વિજપાળ ઇનામ રૂ. ૪–૦–૦ શેઠ નરસિંહ તેજસિંહ ઇનામ રૂ. ૪–૦–૦ શા. ગોસર પદુ ઇનામ રૂ ૫–૦–૦ વીરાણીસ્કૂલ—દેસલપુરના ઠક્કર નાગણજી તુલશીરામ ઇનામ રૂ ૧–૮–૦ વીરાણીના ઠક્કર હીરજી વાલજી ઇનામ રૂ ૫) દોહાસ્કૂલ—રેલ જગીરદાર ઇનામ રૂ ૩–૧૨–૦ ઇનામ રૂ. ૩–૮–૦ ગઢસિગા સ્કૂલ—શેઠ ટોપણ હરજી ઇનામ રૂ. ૫૧–૦–૦ નિરોણા સ્કૂલ—ગામના સદ્ગૃહસ્થો ઇનામ રૂ. ૪–૦–૦ બાયડ સ્કૂલ—જખૌના શેઠ વિસનજી જેઠા ઇનામ રૂ ૨૫–૦–૦ શા. પાસુ પુજા મિઠાઇ રૂ. ૧–૦–૦ ખારીરોહર—રા. રા. નવલશંકર મૂળશંકર બી એ. એલ બી ઇનામ રૂ ૧–૦–૦ તુણા સ્કૂલ—શા. મોતીચંદ રણછોડદાસ ઇનામ રૂ ૨૦–૧–૦ મંજલ સ્કૂલ—ગામધણી ઇનામ રૂ ૬–૦–૦ શા. મયુરદાસ રૂપસાભાઇ ઇનામ રૂ ૨૦) શા. ત્રીકમદાસ ચાંપસિંહ રૂ ૩–૦–૦ નારાણસર સ્કૂલ—ગ. બાબાશંકર કાશીરામ ઇનામ રૂ ૨૦–૦–૦ મોમપરા બ્રાહ્મણ અમરજી કલ્યાણજી ઇનામ રૂ ૧–૪–૦ ભુજ મહોમેડન સ્કૂલ—ગુસાઇ રિધગરજી શાકર રૂ ૧૪–૦–૦ ભુજ નાયટ સ્કૂલ—ગુસાઇ રિધગરજી શાકર રૂ ૧–૦–૦ ભુજ નમ્બર બીજાની સ્કૂલ—ગુસાઇ રિધગરજી શાકર રૂ ૧૬–૦–૦ મુદરા સ્કૂલ—મુદરાના સદ્ગૃહસ્થો ઇનામ રૂ. ૮–૦–૦ મુદરાના શેઠ જીવણદાસ ધજી ઇનામ રૂ. ૬–૦–૦ મુદરા કન્યાશાળા—અહીંની વસ્તી તરફથી વહેંચાયેલ ઇનામ રૂ ૪–૦–૦ નલીઆ શેઠ ગોકળદાસ તેજપાલ ધર્મ ખાતાની સ્કૂલ—શેઠ હીરજી કાનજી તથા બીજા સદ્ગૃહસ્થો ઇનામ રૂ. ૨૦–૮–૦

ભરૂચ વિભાગ—

કીનસાડ—પા. નાગજી કાળીદાસ રૂ. ૧૦) કોપડ. દયાદ્રા—રા. સુલેમાન આદમ તથા અહમદ અકુજી રૂ. ૫) મીઠાઇ. તરીઆ—પોલીસ પટેલ મોહન મેરજી વગેરે સદ્ગૃહસ્થો રૂ. ૧૫) સ્કુલ જમાડી તથા ઇનામ રૂ. ૪)

REGISTERED NO. B.43.

અંક ૪ થો. પુસ્તક ૫૨ મું.

Gujarat School Paper.

ગુજરાત શાળાપત્ર.

એપ્રિલ. ૧૯૧૨.

વિષય અનુક્રમણિકા. પૃષ્ઠ.

૧ કેળવણી... ... ... ૧૨૧–૧૨૫.
૨. મહારાજાધિરાજને આશીર્વાદ (કા. કૃ શાસ્ત્રી). ૧૨૫–૧૨૬.
૩ ગુજરાતી ભાષાની જોડણી સંબંધી પ્રશ્નમાળા. ... ... ૧૨૯–૧૩૬.
૪. સંગીતવિષય. (લ. આ. વ્યાસ). ... ૧૩૬–૧૪૦.
૫. વાચનમાળાના ખુલાસા. (મ. ક. દલાલ). ૧૪૦–૧૪૩.
૬. શ્રી વૃદ્ધ અને લઘુ ચાણક્યનુ ભાષાંતર.. (ભ. વિ. રાવળ) ... ૧૪૩–૧૪૮.
૭ ગણિત. (શ. કા. પટેલ) ... ... ૧૪૮–૧૫૧.
૮. ગુજરાતીભાષામાં વપરાતા અંગ્રેજીફારસી-શબ્દો. (અ. હ. મુનશી) ... ... ૧૫૨–૧૫૬.
૯. નિશાળોનાં ઇનામપુસ્તક... ... ૧૫૬–૧૬૦.
૧૦. શુદ્ધિપત્ર... ... ... ૧૬૦.

તન્ત્રી (ઑગસ્ટ ૧૯૦૨ થી)-અને
પ્રકાશક—રા. બ. કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી, બી. એ.,
પ્રિન્સિપલ, પ્રે. રા. ટ્રેનિંગ કૉલેજ—અમદાવાદ.

કેળવણીખાતાના હુકમથી.

(સર્વ હક્ક સ્વાધીન રાખ્યા છે).

અમદાવાદ:—યુનાઇટેડ કંપનિ પ્રેસમાં મેનેજર રણછોડલાલ બજારામે છાપ્યું.

શક્તિઓનો આધાર સ્મરણશક્તિ પરજ છે. તે બધામાં અનુમાનની જરૂર છે, ને અનુમાનને માટે વ્યાપ્તિસ્મરણ આવશ્યક છે.

ધારણશક્તિ—એક બીજી વાત લક્ષમા લેવા જેવી એ છે કે બાળકની ધારણશક્તિ કેળવવી જોઈએ. કેટલાકની સ્મરણશક્તિ ઘણી તીવ્ર હોય છે, પણ તેમના સંસ્કારો અલ્પ સમય સુધીજ જીવતા રહે છે. એ સંસ્કારોને તેઓ લાંબો સમય ધારણ કરી શકતા નથી. ગ્રહણશક્તિ ને ધારણશક્તિ એ બંને બરાબર કેળવાય તોજ ખરો લાભ થાય ગ્રહણશક્તિ કેળવવા માટે બાળકને ધ્યાન દઈને મનમા વાચવાની ટેવ પાડવી જોઈએ વાંચ્યા પછી જે ન સમજાતું હોય તે આસપાસના સબન્ધથી સમજવાની ટેવ પાડવી. આમ કરવાથી આગળ જતાં ઘણો લાભ થશે, કેમકે ઘણા ઉત્તમ પુસ્તકો એવી રીતેથી રચાયલા હોય છે કે ધૈર્ય રાખી વાચનારને જે ભાગ સમજાતો ન હોય તેનું વિવરણ પુસ્તકમાજ આગળ જતાં થાય છે. મન ચપળ ને ઉદ્યુક્ત રહી નવા સંસ્કારો તરત ગ્રહણ કરવા શક્તિમાન થવું જોઈએ, એટલુજ નહિ; પણ જે ગ્રહણ કરે તે લાંબો સમય સુધી સાચવી રાખે એવી તેનામા શક્તિ આવવી જોઈએ. '**सद्भ्यो ग्रन्थिनः श्रेष्ठा ग्रन्थिभ्यो धारिणो वराः**'—કેવળ અભ્યાસ કરતા પુસ્તકપાઠી સારા અને તેના કરતા ધારણ કરનારા વધારે સારા—એ પ્રાચીન વાક્યમા પણ ધારણશક્તિનુ મહત્વ દર્શાવ્યું છે.

શાબ્દિક સ્મરણશક્તિ તરફ શિક્ષકનુ અયોગ્ય લક્ષ—જ્યાંસુધી વિચારશક્તિ બરાબર કેળવાઈ નથી ત્યાંસુધી બાળકમા વિચારપૂર્વક સ્મરણશક્તિને બદલે શાબ્દિક સ્મરણશક્તિ પ્રબળ રહે છે નવા શબ્દોનો શો અર્થ છે તે સમજવાની તેમને દરકાર નથી, પણ સ્મરણશક્તિના બળથી નવો શબ્દ એકદમ પકડી લે છે આ કારણને લીધે પારિભાષિક શબ્દોના અર્થ બરાબર ઠસાવ્યા પછીજ તે શબ્દોનું જ્ઞાન બાળકને આપવું, આરંભમાં નહિ

ફ્રાન્સની પ્રાથમિક શાળામા પણ આવી શબ્દપૂજાને નિન્દી છે. ઇ સ. ૧૯૦૬ ના ઑગસ્ટના 'પ્રૅક્ટિકલ ટીચર'માં કહ્યું છે કે 'ફ્રાન્સની પ્રાથમિક શિક્ષણમાં જે બીજી વૃત્તિ સુધારાને પાત્ર જણાય છે તે શબ્દપૂજા ને ગ્રન્થપૂજા છે ઘણાખરા પાઠોને અન્તે (ઇતિહાસ, ભૂગોળ, શહેરી તરીકે વર્તન, વિજ્ઞાનાં મૂળતત્ત્વ ઇત્યાદિ વિષયના શિક્ષણમાં) છોકરાંઓ સક્રિય નોંધ લખી કાઢે છે, તેને ગોખી નાખે છે, અને બીજે દિવસે તેજ

વિષયના પાઠને આગળ બોલી જાય છે ('Another tendency of French elementary teaching which seems to require correction is the worship of words and of books. At the end of most lessons (in history, morals, geography, civic instruction, elementary science, &c.), a summary is written out by the boys and learned by heart, to be repeated at the beginning of the next lesson on the same subject') ફ્રાન્સમાં છોકરાઓ જાતે જે સક્ષિપ્ત નોધ કાઢે છે તે ગોખી નાખે છે તેની આમ નિન્દા કરી છે, તો આપણી પ્રાથમિક શાળામા 'પદાર્થપાઠ'ને અન્ય વિષયોમા કેટલીક વખત ક્ષકો વિષયના પેટા વિભાગ કરી દરેકના શિક્ષણને અન્તે કાળા પાટીઆ પર સક્ષિપ્ત મુદ્દાઓ લખી કાઢે છે ને છોકરાઓ પાસે નોટબુકોમા લખાવી ગોખાવે છે તે વિશેષ નિન્દ્ય છે એ સહજ સમજાશે

સ્વતન્ત્ર વિચાર—સ્વતન્ત્ર અભિપ્રાય બાધવાની શક્તિ પણ શાળામાજ કેળવાવી જોઈએ આ દેશના પડિતો અન્ય પુરુષોના વચનોને પ્રમાણભૂત માની લે છે ને તે વિષે પોતાનો સ્વતન્ત્ર વિચાર બાધતા નથી એવો પાશ્ચાત્ય વિદ્વાનો તેમના પર આક્ષેપ મૂકે છે, ને તેમા કેટલેક અશે સત્ય સમાયલુ લાગે છે પડિતો તો આમ પુરુષના વચનોને પ્રમાણરૂપ માને છે, પણ હાલ આપણી ભાષામા કેટલા બધા લેખકો અન્ધ શ્રદ્ધાથી જોડણીમા, ભાષારીતીમા, કાવ્ય ને છન્દની રચનામાં અનુસરણ કરે છે! આમ થવું શકત નથી દરેક બાબતમા પોતે સ્વતન્ત્ર વિચાર બાધી અમુક સિદ્ધાન્ત પર આવવુ એમાજ વિદ્વાનનું ભૂષણ છે સત્ય સશોધન પર પ્રેમ અને અન્ધ શ્રદ્ધા ને અસત્ય પર તિરસ્કાર ઉત્પન્ન કરવવા કરતા શિક્ષકોનુ વિશેષ પવિત્ર કર્તવ્ય બીજુ કઈ નથી ('Education has no more serious mission to perform than to inculcate love for truth and wage war on credulity and error'—Compagre') વળી કેટલાક સ્વતન્ત્ર વિચાર બાધી શકે છે તો તેમનામાં તે દર્શાવવાની હિમત નથી. સત્ય બોલવા કરતા પ્રિય બોલવા તરફ તેમનું મન વિશેષ લોભાય છે આ કારણથી પુસ્તકો પર અભિપ્રાય લખતાં તેમાના દોષો તેમને દેખાતા નથી. માનુષી પ્રકૃતિની આ લઘુતાનો લાભ લઈ લેખકો

સાધારણ ગ્રન્થો ઉપર પણ અત્યુત્તમ અભિપ્રાય સહેલાઈથી મેળવી શકે છે એવા અભિપ્રાયો બહુધા સંપૂર્ણ પુસ્તક વાંચ્યા વિનાજ લખાયલા હોય છે ને તે લેખકોને ઘણા રુચિકર થઈ પડે છે, કેમકે તેથી સામાન્ય વાચકવર્ગ ભોળવાય છે. પણ જેઓ સંપૂર્ણ પુસ્તક મહેનતથી વાંચી પોતાનો વિચાર બાંધે છે તેમને આવા અભિપ્રાયો હાસ્યકારક થઈ પડે છે ને અભિપ્રાય આપનારાઓનું ગૌરવ ઘટે છે.

જ્ઞાન પ્રતિ પ્રેમ—બુદ્ધિવિષયક ને નીતિવિષયક કેળવણીને અંગે કઈ કઈ માનસિક શક્તિઓ ને કયા કયા ગુણોના બીજ રોપી પરિપોષણને સમર્થ કરી શકાય છે તેનું દિગ્દર્શન કર્યું તેના સંબન્ધમાં પ્રસંગે પ્રસંગે શિક્ષકોને વ્યાવહારિક સૂચનાઓ પણ આપી કોઈ પણ વિષયનું પૂરતું જ્ઞાન શાળામાં આપી શકતું નથી શાળા છોડ્યા પછી એક પણ વિષયનું જ્ઞાન વધારવાની શિષ્યને અભિરુચિ ન થાય તો તેમાં શિક્ષણનોજ દોષ છે. શિષ્યનો નથી ઘણા શિષ્યો શાળા છોડે છે કે પુસ્તકો ફેંકી દે છે ને જીવન પર્યન્ત તેની સામું પણ જોતા નથી, આ ખરાબ શિક્ષણનુંજ ફળ છે. જ્ઞાન તરફ અભિરુચિને બદલે એમને તિરસ્કાર ઉત્પન્ન થાય છે તેનું કારણ એમના શિક્ષકોજ છે, માટે શિક્ષકની ફરજ વિષયમાં રસ લઈ જ્ઞાન તરફ પ્રેમ ઉત્પન્ન કરવાની છે કે શાળા છોડ્યા પછી, ગમે તે ધંધે વળગે તોપણ જીવન પર્યન્ત વિદ્યાવિલાસ કાયમ રહે એ વિષે રસ્કિનનો આદર્શ ઉત્તમ છે. તે કહે છે કે ખરી કેળવણીનો સંપૂર્ણ ઉદ્દેશ લોકોને માત્ર સારા વર્તનવાળા કરવાનો નથી, પણ સારા વર્તનમાં વિલાસ માનતા કરવાનો છે, માત્ર ઉદ્યોગી કરવાનો નથી, પણ ઉદ્યોગ પર પ્રેમ ધરાવતા કરવાનો છે, માત્ર જ્ઞાની કરવાનો નથી, પણ જ્ઞાન પર અભિરુચિ રાખતા કરવાનો છે; માત્ર પવિત્ર બનાવવાનો નથી, પણ પવિત્રતાને ચાહતા બનાવવાનો છે, માત્ર ન્યાયી કરવાનો નથી, પણ ન્યાયને માટે તૃષ્ણા રાખતા ને તલસતા કરવાનો છે. ('The entire object of true education is to make people not merely do the right things, but enjoy the right things, not merely industrious, but to love industry, not merely learned, but to love knowledge; not merely pure, but to love purity not merely just but to hunger and thirst after justice')

કેળવણીની ભિન્ન દિશા આવશ્યક—હાલના સમયમાં આજીવિકા પ્રશ્ન કરવાનો પ્રશ્ન ઘણો વિકટ થઈ પડ્યો છે. અતિપરિશ્રમ ને દ્રવ્યવ્યયથી ઉત્તમ કેળવણી મેળવી, વિશ્વવિદ્યાલયની ઉચ્ચમાં ઉચ્ચી પરીક્ષા ઉત્તીર્ણ થયાથી પણ આજીવિકા સુલભ થતી નથી. આવી સ્થિતિમાં કેળવણીનો માર્ગ બદલી ભિન્ન દિશામાં દોરી જવની જરૂર છે, ને તેમ કરવામાં જેમ સમય જાય છે તેમ દેશમાં અસંતોષ વધી અનેક હાનિ થાય છે.

અજ્ઞાન—સ્ત્રીકેળવણી—કેળવણીના ફેલાવની તો હજી ઘણીજ જરૂર છે, કેમકે દેશમાં ઘણું અજ્ઞાન છે અને જ્યાંસુધી કેળવણી સર્વ અંગમાં પ્રસાર પામી નથી, મુખ્યત્વે જ્યાંસુધી સ્ત્રીઓ યોગ્ય રીતે કેળવાઈ નથી, ત્યાંસુધી કોઇ પણ પ્રકારના ધાર્મિક કે સામાજિક સુધારા સફળ થવાના નથીજ. સ્ત્રીજનને આદર્શ વિદેશીય નહિ, પણ આપણા દેશને અનુરૂપ રાખી તેને અનુસરતીજ કેળવણીની યોજના કરવાથી દેશને લાભ છે.

(અપૂર્ણ).

श्रीहरिः ।

श्रीमतां पञ्चमज्योर्जमहाराजाधिराजानां माशी-र्वादा प्रशस्तिः ॥

भुजङ्गप्रयाताष्टकम् ।

अपारक्षमास्थैर्यधैर्यात्रयीनां महाभूभृतां हेमरत्नाचितानाम् ।
सुमेरूपमो मेरिदेवीसहायश्चिरं जीवतात् पञ्चमो ज्योर्जराजः ॥१॥
क्षमेव क्षमायां रमायां धनेशः प्रसादे महेशोऽवने सिन्धुजेशः ।
प्रचण्डारिशैलक्षतौ देवराजश्चिरं जीवतात् पञ्चमो ज्योर्जराजः ॥२॥
पिता भूपतिः स्वाः प्रजाः पुत्रतुल्याः समग्राः समं पालनीयाश्च दृश्याः ।
इतीमं स्वधर्मं समालोच्य तन्वंश्चिरं जीवतात् पञ्चमो ज्योर्जराजः॥३॥
समारुह्य सिंहासनं सिंहकेतुः सुदिल्लीपुरे स्वप्रजाधर्मसेतुः ।
प्रजां भारतीं रञ्जयन् भूरिभोजश्चिरं जीवतात् पञ्चमो ज्योर्जराजः॥४॥

यतोऽशान्तिराच्छादिताऽऽर्यप्रदेशे बभूव प्रजामानसं पीडितं च।
बभञ्ज क्षणात्तं महोद्वेगहेतुं चिरं जीवतात् पञ्चमो ज्योर्जराजः ॥५॥
निजामात्रिभूपैर्महार्घोपहारैः समोदं महामानितो वर्षपालैः ।
सुमैत्र्यायुतोऽनेकवैदेशभूपैश्चिरं जीवतात् पञ्चमो ज्योर्जराजः ॥६॥
यथा रामराज्यं ततो धर्मराज्यं सुरामायणे श्रूयते भारतादौ ।
तथा नेत्रतो दृश्यते यस्य देशे चिरं जीवतात् पञ्चमो ज्योर्जराजः॥७॥
समाचारविद्युद्गुणा अग्निनौका महालोहवर्त्मानि पत्रप्रयाणम् ।
धनेनाल्पकेनापि राज्ये यदीये चिरं जीवतात् पञ्चमो ज्योर्जराजः॥८॥
मितेऽवृतुनन्देन्दुभिर्विक्रमाब्दे(१९६८)सुपौष्यां तिथौ पूर्णिमायां च जीवे।
भुजङ्गाष्टकं भूपतेर्मेरिजानेर्व्यधाच्छाह्निकृष्णात्मजः काशिरामः ॥ ९ ॥

श्लोकौ

ज्योतिश्चक्रस्थितं ज्योतिर्जयं ब्रह्म तनोतु ते ।
भूतिर्लोकस्थिता नित्या पवित्रा ते प्रसीदतु ॥ १ ॥
चिरं राज्यमिदं भुञ्जन् रञ्जयन् सकलां प्रजाम् ।
जीव त्वं ज्योर्ज भूपाल वर्तमानः प्रजाऽवने ॥ २ ॥

गीतिः

अङ्गसृपनिकुलतिलकं श्रीमन्तं सङ्गमैडवर्डसुतम् ।
देवीमेरिसहायं ज्योर्जनरेशं हरिः सदा पायात् ॥ १ ॥

रचयिताऽस्य भवदीयः

कृष्णात्मजकाशिरामशर्मा

श्रीमांगरोलवै० सु०पाठशालाशास्त्री.

ગુજરાતી સાહિત્યપરિષદની જોડણીની કમિટિ તરફથી અમને નીચે આપેલી પ્રશ્નમાળા ઉત્તર આપવા માટે મળી છે. તે પ્રશ્નમાળા તેમજ તેમાંના પ્રશ્નોના ઉત્તર અમે લખી મોકલ્યા તે વાચકવર્ગને જાણવા માટે અહિં આપ્યા છે. આ વિષય અગત્યનો હોવાથી મહેનતાળવર્ગનુ લક્ષ એ તરફ દોરાય એવા હેતુથી પ્રશ્નમાળા તથા ઉત્તર છાપવામા આવ્યાં છે.

અમને કમિટિનો છાપેલો પત્ર, જેમાં તા ૨૨ મી ફેબ્રુઆરિ છાપી છે, તે તા ૮ મી માર્ચે પહોચ્યો ટપાલની તારીખો તા ૭ મી ને ૮ મી માર્ચ હતી, એટલે પત્ર મોડોજ બીડવામા આવ્યો હતો એ નિસંશય છે.

આટલો લાબો સમય પરિષદે નીમેલી કમિટિ માત્ર આવા 'પ્રશ્નો કાઢવાનુંજ કામ કરે એ પરિષદના કાર્યવાહીઓને માટે અભિમાન લેવા લાયક છે ખરૂ ? પ્રશ્નમાળામા અનેક તરેહના દોષો ને ન્યૂનતા છે એ સબંધી હાલ કહેવુ જરૂરનુ નથી. પ્રશ્નનિયોજક સાહેબોએ જેમને પ્રશ્નમાળા મોકલી છે તેમના ઉત્તરો છાપે તે સાથે પોતાના મડળમાના દરેક સભ્યના પણ ઉત્તર છાપવા જોઈએ, એટલે તટસ્થ વિદ્વાનો સારાસાર સહજ ગ્રહણ કરી શકશે એ વિષે લાબ વિવેચ ન કહેતા પ્રશ્નમાળા તથા તેના અમારા ઉત્તર અમે નીચે આપીએ છીએ

ગુજરાતી ભાષાની જોડણી સંબંધી પ્રશ્નમાળા.

વ્યંજન.

હકાર.

૧ 'બ્હેન,' 'મ્હોટો,' વગેરે શબ્દોમા (વ્યુત્પત્તિને અનુસાર) લાતો હકાર લખવામા દર્શાવવો કે કેમ અને દર્શાવવો તો કેવી વ્યંજનથી શરૂ થતા શબ્દોમાં તે કેવી રીતે લખવો અને સ્વર થતા શબ્દોમા કેવી રીતે લખવો ?

૨ 'કાઢ્યુ,' 'પઢ્યુ,' 'ઢાઢી' વગેરે શબ્દોમા જ્યા વ્યુત્પત્તિ 'ઢ' આવેલો હોય ત્યા 'ઢ' કાયમ રાખવો કે 'કહાડ્યુ,' 'ઢાઢી' એમ 'ડ' 'ઢ' જુદા કરીને લખવા ?

૩ 'મ્હોડુ' 'ઢ્હોડું' વગેરે શબ્દોમા વ્યુત્પત્તિમાથી 'ડ'

આવ્યા હોય ત્યા તે જુદા લખવા કે તેમનો 'દ' કરી 'મોદુ' 'લોદુ' એમ લખવુ ?

૪ 'ત્હારૂં' 'ત્હારૂં' એવા સર્વનામ માટે અને 'જ્હાં' ત્હાં' એવા અવ્યય માટે ઉપરના જ નિયમ રાખવા કે કોઇ જુદા ?

૫ 'કૂહે,' 'રૂહે' એવા હકારવાળા ધાતુઓમા હકાર શી રીતિ લખવો ?

૬ ફારસી પરથી ઉદ્ભવેલા 'શહેર' (મૂળ શહર) 'મહેરબાન' (મૂળ 'મેહરબાન') વગેરે શબ્દોમાંનો હકાર શી રીતે લખવો ?

યકાર.

૭ 'આવ્ય,' 'આખ્ય,' એવા લઘુ ઉચ્ચારણનો યકાર ક્રિયાપદના આજ્ઞાર્થ બીજા પુરૂષના એકવચનના રૂપમા અને સંસ્કૃત ઇકારાન્ત શબ્દોથી ઉત્પન્ન થયેલા શબ્દોને છેડે ગુજરાતના કેટલાક ભાગમા વપરાય છે તે યકાર લખવો કે કેમ અથવા તે શી રીતિ દર્શાવવો ?

શકાર.

૮ 'સકડુ' 'મોઘડુ,' 'સુણવુ' એ વગેરે શબ્દોમા જ્હા મૂળ સંસ્કૃત 'શ' ઉપરથી પ્રાકૃતમા 'સ' થયેલો છે અને ગુજરાતના કેટલાક ભાગમા 'સ' બોલાય છે અને કેટલાક ભાગમા 'શ' બોલાય છે, ત્હા 'સ' લખવો કે 'શ' લખવો ?

૯ 'સ' પછી 'ઈ' આવે ત્યા 'સી' લખવુ કે 'શી' ? બેસવું પરથી 'બેસીને' કે 'બેશીને' 'ઠોસો' પરથી 'ઠોસી' કે 'ઠોશી' ?

૧૦ 'ભેશ'–'ભૅસ,' 'છાશ'–'છાસ' વગેરે જુદા ઉચ્ચાર ગુજરાતના જુદા જુદા ભાગમાં બોલાય છે તેમાંથી કયો લખવો ?

૧૦અ. 'વિશે' કે 'વિષે' લખવુ ?

૧૧ ફારસી શબ્દોમા મૂળમા 'સિ' હોય તેનો 'શિ' ગુજરાતના કોઈ ભાગમાં બોલાતો હોય તો તે લખવો કે કેમ ? 'સિવાય' કે 'શિવાય' ? 'સિપાઈ' કે 'શિપાઈ' ?

અનુસ્વાર અને અનુનાસિક.

૨ તત્સમ શબ્દોમા અનુસ્વાર લખવો કે અનુનાસિક ? 'ગગા' કે 'ગઙ્ગા,' 'કાચન' કે 'કાઞ્ચન' 'પડિત' કે 'પણ્ડિત' 'કાત' કે 'કાન્ત' 'કપ' કે 'કમ્પ'

કાંતવું' વીંટવુ' 'કુવાંગ,' 'કૂવર' વગેરે શબ્દોમાં જ્યા પોચો

અનુસ્વાર બોલાતો હોય ત્યા અનુસ્વાર ઉપર અર્ધચન્દ્રાકાર કરવો કે કેમ ?

૧૪ નાન્યતરજાતિવાચક ઉંકારાન્ત શબ્દોમાનો અન્ત્ય અનુસ્વાર ગુજરાતના કેટલાક ભાગમા બોલાતો નથી તે રાખવો કે કેમ ? ઉ૦-શુ, આવુ, સાદુ.

૧૪અ. 'નહિ' કે 'નહિં' કે 'નહી'-શુ લખવુ ?

લ—ળ

૧૫ તત્સમ રૂપ પણ બોલાતું હોય ત્યા 'લ' લખવો કે 'ળ' કે બન્ને ? 'ફળ' કે 'ફલ', 'કાલ' કે 'કાળ' ?

૧૬ તદ્ભવ શબ્દોમાં અનાદિ અસયુક્ત 'લ' કારનો 'ળ' કાર થયેલો છતા ગુજરાતમા કોઇ ઠેકાણે 'લ' કાર બોલાય છે તે રહેવા દેવો કે કેમ ? ઉ૦ 'માળી' કે 'માલી.'

ર, ડ, ળ, લ અને ઈ.

૧૭ 'ર' 'ડ' 'ળ,' 'લ' અને 'ઇ' એ ઉચ્ચારને ઠેકાણે ગુજરાતના કેટલાક ભાગમા 'ય' બોલાય છે જેમકે (ર) 'દોયડુ,' 'પયણવુ' 'તયણુ,' (ડ) 'ખાયણી,' (ળ) 'દયણુ,' (લ) 'પાયણુ,' (ઈ) 'બાવડી,' તે લખવો કે કેમ ?

મહાપ્રાણનું દ્વિત્વ

૧૮ મહાપ્રાણનુ દ્વિત્વ કી રીતે દર્શાવવુ ? 'ચોખ્ખો' કે 'ચોકખો,' 'ચિઠ્ઠી' કે 'ચિઠ્ઠી,' 'પથ્થર' કે 'પત્થર' ?

વ્યજનાન્ત શબ્દો.

૧૯ વ્યજનાન્ત શબ્દો—'જગત્'—'અકરમાત્'-વગેરેમા છેલ્લો વ્યજન શુદ્ધ તત્સમ રૂપે લખવો કે તેમા છેવટે 'અ' ઉમેરીને તે 'આખો' લખવો ?

બે પ્રકારના ઉચ્ચાર.

૨૦ 'ચ,' 'છ,' 'જ,' 'ઝ' ના ઉચ્ચાર ગુજરાતના કેટલાક ભાગમા અને 'ડ,' 'ઢ,' 'ય,' 'વ,' 'હ,' ના ઉચ્ચાર સર્વત્ર બે પ્રકારના થાય છે તે દર્શાવવા કાઈ જુદા અક્ષર કે ચિહ્ન વાપરવા કે કેમ ?

૫. 'કહે', 'રહે' એમ લખવું
૬. 'નહેર', 'મહેરબાન' લખવું.
૭ ન લખવો.
૮. ગઇકાલ, ગોઠવવું, ને 'ગુણવું' લખવું, છેલ્લો ગદ્યમાં ક્વચિતજ વપરાય છે.
૯ 'બેસીને', 'ડોસી'
૧૦. ભેસ, ઘાસ
૧૦અ વિષે
૧૧. 'સિવાય', 'સિપાઈ'
૧૨. બને ચાલશે
૧૩. ન કરવો
૧૪. રાખવો
૧૪અ. નહિ. 'નહીં' પ્રશ્નમાં કેમ નથી '
૧૫ બને. જ્યાં જેમ ગોઠે તેમ
૧૬. ળ લખવો
૧૭ ન લખવો
૧૮ ચોખ્ખો ઇત્યાદિ.
૧૯ તત્સમરૂપે લખવો.'
૨૦ ઉચ્ચાર બે છે તે હું સ્વીકારતો નથી
હું બે ઉચ્ચારને ગ્રામ્યજ ગણું છું, તો પછી નવા ચિહ્નની વાતજ શી ?
૨૧ સંસ્કૃત તત્સમ શબ્દો ગુજરાતીમાં સંસ્કૃતની પેઠેજ લખવા. ફારસી તત્સમ શબ્દોને માટે એવોજ નિયમ યુક્ત છે.
૨૨. બને વાપરવામાં દરકત નથી ભાષામાંથી કઈ તદ્ભવ શબ્દો કાઢી નખાવવાના નથી
૨૩. સવાલનું સ્થાન કળાતું નથી ઉદાહરણ નથી મૂકયા તેથી સવાલ અસ્પષ્ટ છે વિજયનો આધાર વક્તા ને લેખકની શિષ્ટતા ને સંસ્કાર પર છે.
૨૪. એવા શબ્દોનો કઈ ભાષામાંથી બહિષ્કાર થઈ શકવાનો છે ?
૨૫. જવાબ માટે ૨૩ જુઓ.
૨૬. સવાલ અસ્પષ્ટ છે ભાષાનું સ્વરૂપજ બદલાઈ જાય એટલે દરેકજે વ્યુત્પત્તિને અનુસરતી જોડણી સ્વીકારવી નહિ.

ચૂક, દૂધ, મૂક, જૂનું, જુદું, જુઓ, ડુ

(ધ) ત્રિસ્વર શબ્દોમા હ્રસ્વ પર છતા ઉ દી
હ્રસ્વ લખવો—ખુશાલ, કૂટડો, કૂબડો, ક

(ચ) અનેકાયુ શબ્દોમા આદિ ઉ હ્રસ્વ છે.
પણ મજબૂત, બહાદૂર

વિભક્તિ કે કાળના પ્રત્યયો લગાડતા કે સમાસમા ઉ
ના નિયમોમાં ફેરફાર કરવો નહિ મૂળ શબ્દોના નિ
લગાડવા. પણ પ્રેરક ને કર્મણિ રૂપોમા મૂળ શબ્દ
ન લગાડવા, પરતુ પ્રેરક ને કર્મણિ રૂપોમા મૂળ રૂપને
કે ઊ ને હ્રસ્વ ઇ કે ઉ કરવા—ભૂલ, ભૂલો, ભૂલે છે,
ભુલવ, ભુલાય, દૂધ, દૂધપાક, દૂધભાઈ, ચિડીચપાટી,
શિખવ, ખીલ, સિવડવ, સિવાય

ઇ ને ઉ ના નિયમો કામચલાઉ ગણવા, વ્યુત્પત્તિના જ્ઞાનથી તે
અપવાદ કરવા યોગ્ય લાગે ત્યા કરવા

૩૧. જવાબ માટે જુઓ ૩૦.
૩૨. ,,
૩૩ ,,
૩૪ ,,
૩૫ ,,

૩૬. એવે સ્થળે સવાલમા દાખલા આપ્યા છે તેટ શબ્દોમા તફ
તાજ કર્યા છે ?

૩૭. જવાબ માટે જુઓ ૩૦

૩૮. કવિઓ, નદીઓ (શુ ' છોકરાવો ' લખશો ? ત્યાં તો ઓ પ્રત્યય
રાખવોજ પડશે તો અન્યત્ર તેનુ રૂપાન્તર શા માટે ?) 'ઘડીઆળ' ને
'પીએ' અથવા 'ઘડિયાળ' ને 'પિયે'.

૩૯. જુઓ ૩૦

૪૦. જુઓ, ધુએ, કુઓ.

૪૧. ગુજરાત.

૪૨. નવાં ચિહ્ન યોજવાં ઇષ્ટ નથી.

૪૩. રાયનું, પઇ, પઇસો, ચઉદ, સદુ કે સૌ, પૌઆ.

૪૪. પર ભાષામાં જેવા ઉચ્ચારાતા હોય તેવા લખવા. આઇ ને આ—
ઉ લખવા

૨૭. અસામાન્ય પ્રશ્નો વિષે સ્ફુટ વિયોગ.—

૨૮. (૧) ૪૪ સવાલ કાઢ્યા છે છતાં કેટલીક બાબતના સવાલો રહી ગયા જણાય છે—

(અ) લઈ કે લેઈ.

(આ) ખર્ચ કે ખરચ

(ઇ) થયલું, થએલું, થયેલુ

(ઈ) કોણ્યો, કોગણો.

(ઉ) જ્યમ—જેમ, ત્યમ—તેમ (આખ્ય, મૂકય જેવા આ ય અન્ત્ય નથી)

(ઊ) કંઈ, કાઈ, વગેરે, કઈ, કાઇ વગેરે—

(એ) કયો, કિયો (ઐ) અવે, હવે, અમણા, હમણા.

(૨) શબ્દો છૂટા લખવામાં પણ ઘણો મતભેદ છે એ વિષય શું જોડણીને લગતો નથી? એને વિષે અનેક પ્રશ્નો ઉદ્ભવે છે, તેમાનો એક પણ પુછાયો નથી

15th March 1912. K. P. Trivedi

સંગીતવિષય.

(ચાલુ પુસ્તક ૪૮ ના પૃષ્ટ ૮૪ થી)

આ વિષયનુ દિગ્દર્શન ઇ સ ૧૯૦૮–૦૯ ના વર્ષોના છૂટક અંકોમાં સવિસ્તર કરાવવામાં આવ્યુ છે. ઇ. સ. ૧૯૦૯ ના માર્ચના પૃ. ૮૪ થી અનુસંધાન મેળવી, આ વિષયમા વધારે સ્પષ્ટ ખુલાસા લખવામા આવશે.

પાશ્ચાત્ય સુધારાઓથી સંગીતવિષયમાં અમુક યોજનાઓ ઉમેરવામાં આવી છે, તે માંહેની એક ગતિ બતાવનાર યંત્રથી મેળવી શકાય છે. આ યંત્રમા ઘડીઆળના લોલકના નમુના ઉપરથી ગોઠવણ કરી છે; અને તે માંહેના વજનને નીચે ઉપર ખસેડવાથી ધીમો કે જલદી વેગ ઉપજાવી શકાય છે. પશ્ચિમના દેશોમા એક મિનિટમા નીચે મુજબ વણોચ્ચાર કરવા સજા અને આજ્ઞા સૂચવી છે.

વિલંબિત ગતિ;	મંદ મધ્ય ગતિ,	મધ્ય ગતિ;	મધ્ય શીઘ્ર,	શીઘ્ર (દ્રુત).
	માર્ચ.		ડબલ માર્ચ.	

૬૦ થી ૬૫; ૮૦ થી ૯૫; ૧૦૦ થી ૧૨૦, ૧૨૦ થી ૧૪૦; ૧૪૦ થી ૧૮૦.

સંગીતના રસાત્મક ભાવના વિકાસ માટે જે જે [illegible] ગતિ . ।
થોડીજ ગણાય, કારણ કે ક્ષણે ક્ષણે અને ડગલે ડગલે [illegible]
તના રસિક પુરુષોને સ્પષ્ટ જણાય છે, પરંતુ તે વિષે અત્યારે [illegible]
રાખીને આગળ ચાલીએ છીએ.

ગતાંકો જોઈને વિગતવાર હેવાલ સમજવો કષ્ટ છે, [illegible]
ચક્રવર્ગને તે પ્રયાસ કદાચ રુચે નહિ, તેથી તે અંકોનો સારાંશ
ગીતના શબ્દોની સત્તાઓ, પુનરાવર્તનથી ફાયદો મળે છે તેમ ધારી,
અહિં ફરીથી બતાવી આગળ ચાલીશું.

સંગીત સ્વરોની સત્તા. "स रि ग म प ध [illegible]
તેની વર્ગવાર સત્તા.

जाति = मंद्र (મદાની) = स, रि, ग, म, प, ध, नि,
मध्य = स रि ग म प ध नि
तार (તીણો) = स' रि' ग' ग' प' ध' नि'

સ્વરસ્વરૂપભેદ—કોમલ ભેદ બતાવવા रि ग ध नि એ સ્વરો પહેલાં—ઓ-
છાનું ચિહ્ન અને "म" સ્વર તીવ્ર છે એમ બતાવવા તેની
પેહેલાં + વધતાનું ચિહ્ન મૂકવામાં આવે છે, ને स ને प
અવિકારી છે.

ગાતી વખતે દરેક સ્વર વખતના કેવા પ્રમાણમાં લાંબોટુંકો બોલાય
છે તે બતાવવા માટે શરૂઆતમાં થોડી સત્તા આપી છે. વ્યંજનની
માફક બોલાતા દ્રુત સ્વર પાસે અર્ધમાત્રાની ~ આવી આડી;
હ્રસ્વ અક્ષરની એક માત્રા ગણી । આવી ઉભી; દીર્ઘ અ-
ક્ષરની બે માત્રા ગણી ऽ આવો ऽકાર; પ્લુત અક્ષર ઓટલે
ગુરુથી આગળ ચાલી જેવા પ્રમાણમાં વપરાયો હોય તે મુજબની
ગણના ऽ' (એક સ્વર); ऽऽ; ऽ̂ (બે સ્વર) વગેરે.
માત્રા ૩; ૪, ૩

ગાતી વખતે વિરામ લેવાય છે, તે કેટલો છે તે બતાવવા અલ્પવિરામ, અર્ધ-
વિરામ, પૂર્ણવિરામ મૂકી જે વખત થોભવામાં ગાળવાનો હોય, તેની
માત્રા તે ચિહ્ન નીચે મુકાશે. તે જગોએ સ્વર કે વર્ણ ઉચ્ચાર કર્યો
નહિ હોય તેથી વિરામ સ્પષ્ટ થશે. માત્રાની પૂરી ગણના તપાસવાથી
પણ વિરામ જણાઈ જશે.

૨૭. ૦ બતાવવામા પાચ ભેદ પ્રદર્શિત કર્યા છે. ગાવાની ઢબમાં અમુક ગતિ
૨૮. રાખવાથી શોભા વધે છે. તે ઇષ્ટ ગણી

ગતિ

વિલંબિત, | વિલંબિત મધ્ય, મધ્ય, મધ્ય દ્રુત, અને દ્રુત એમ પાંચ તરેહથી ઓળખાવેલી છે.

ગાતી વખતે જે સમાન અતરનું વખતનું માપ ચાલુ રહે છે તેનું આવર્તન બતાવવાને તેની બાજુએ લાબી ઊભી મોટી લીટી દોરવામાં આવે છે તેને સ્તભ કહે છે. સ્તભની પહેલી માત્રા પર તાલ હોય છે. તાલ દેવાની રીત વિગતવાર આગળ ઉપર આવશે.

અમુક સ્તભ આવી ગયા પછી કેટલીક વાર પુનરાવર્તન હોય છે તો તે જગોએ || આ ચિહ્ન રાખ્યુ છે. || આ ઝીણાં ટપકાંઓ બન્ને બાજુએ હોય તો બન્ને ભાગ બે વખત ગાવાના છે.

ગીત પૂરૂં થઈ રહ્યું તે જણાવવા || આ નિશાન (બે લીટીઓ ઉપરથી બંધ કરીને) સમાપ્તિ સૂચવે છે.

ગીતના પાંદ પૂરા થતા હોય ત્યાં, અને સહેજ સૂક્ષ્મ વિશ્રાંતિ લેવાનો આશય સ્પષ્ટ હોય, તો ત્યાં || આમ સાદી બે ઉભી લીટીજ માત્ર રાખી છે તે જગોએ પુનરાવર્તનનાં ઝીણાં ટપકાંઓ રાખેલાં નથી જો સ્વર, વર્ણ, કે શબ્દ એક સ્તભમાં આવી જઈ બીજા સ્તભમા ચાલુ રહે, તો બન્ને સ્તભમાં તેની યોગ્ય ગણના દર્શાવવાને ઉપરથી સંધિના ચિહ્ન વડે જોડી દેવામાં આવે છે.

દાખલા તરીકે—કહેવા | ~ ય ઉપર અર્ધચંદ્રાકાર ચિહ્ન છે, તે સંધિનું ચિહ્ન છે. ત્યાં સ્વર કે વર્ણની માત્રા બતાવવા ટપકાં મૂક્યાં છે.

ગાતી વખતે જે જે વર્ણ સંગીતના જે જે સ્વર પર બોલાય છે તે સ્વર તેજ વર્ણની નીચે આપવામા આવે છે.

બાળપોથી. ગીત ૧

ચાલો ઊઠો ને. (આનદથી મધ્યમ સ્વર રચનાથી ગાવુ).

માત્રા	ચા	લો	ઊ	ઠો	ને	,	આ	જ	ર	મ	ત	ર	મી
મધ્ય	ऽ	ऽ	ऽ	ऽ	ऽ		ऽ						
દ્રુત ગતિ	સા	સા	રી	ગા	મ	,	—ગા	રિ	રિ	મ	મ	—ગ	રિ

એ ન	વી ..	રે ;	લ ઈ	ધ ળ	ઓ નેં ,
ऽ |	ऽ |	ऽ |	ऽ ऽ	ऽ ऽ	ऽ | |
सा रि	गा रि	सा ;	सा सा	री गा	म म ,
ક રી એ	સા રે	ખે લ	હો સે	હ ળા મ	ળી ઓ
| | | |	ऽ ऽ	|ऽ |	ऽ ऽ	| ऽ |	ऽ ऽ
–ग–ग रिम	–गा री	सरी स	–नी,सा	रि म म	–गा री
ક રી એ	આ ન દ	આ ધ	લે ...	રે .	
| | ऽ	ऽ | |	ऽ |	ऽ ||	ऽ |	
स स र	–नी,ध,नि,	सा रि	म –गरि	सा .	
સા લ પૌં	બો ને	વા હ ળી	. . .		
ऽ | |	ऽ ऽ	ऽ | |	| | ऽ		
प प प	प प	मप–धा	. प म	.	
મ ળ ર	.. ગ ક હે	વા	.. ય ,		
ऽ | |	| | | |	ऽऽ	ऽ | |		
मम्म–गा	..–ग सरि	सा	.. स ,		
બા કી	નો ખી	ળા બ ધાં	. . .		
ऽ ऽ	ऽ ऽ	ऽ | |	| | ऽ		
प प	प प	म प –धा	.. प म		
મે ળ વ	શી થી	થા	.. ય .		
ऽ | |	ऽ ||	ऽऽ	ऽ | |		
प –ग रि	म –गरि	सा	सा स .		

* \| = ૧ માત્રા ; ऽ = ૨ માત્રા ; ऽ = ૩ માત્રા ; ‿ = સ્વર, વધુ કે શબ્દ બીજા સ્તંભમાં ચાલુ છે એ બતાવનાર, –गा = કોમળ ગા ; नी, = મન્દ્ર ની ; ‖ = ગીત પૂરૂં.

ફે રી એ	ગો ળ કુ	ડા ળુ	આ જે	આ પ ણુ	
| | ऽ	ऽ | |	ऽ ऽ	ऽ ||	ऽ | |	
સ સ સા	રી ગ ગ	મ મ	–ગા રિમ	–ગા રિ રિ	
સા થ	માં	રે ,	કે વા	જૂ દા	જૂ દા
ऽ |	ऽ |	ऽ |	ऽ ऽ	ऽ ऽ	ऽ ऽ.
સા રિ	–ગા રિ	સા,	સા સા	રી ગા	મ મ
મુ ઠ ર	શો ભે	રં ગ	હો સે	હળી મ	ળી સૌ
ऽ | |	ऽ ऽ	| ऽ |	ऽ ऽ	| ऽ |	ऽ ऽ
–ગા રિ મ	–ગા રી	સ રી સ,	–ની, સા	રિ મ મ	–ગા રી
ક રી એ	આ ન ક	આ પ	શે . .	રે .	
| | ऽ	ऽ | |	ऽ |	ऽ | |	ऽ |	
સ સ રે	–ની, ધ,	–નિ,	સા રિ	મ ગરિ	સા .

(અપૂર્ણ).

વાચનમાળાના ખુલાસા.

(ચાલુ પુ. ૫૦ પૃષ્ઠ ૪૧૮ થી).

પાઠ ૧૬. ઇજીપ્ત અથવા મીસર—એવું કહેવાય છે કે મીસર ઉપર પહેલાં દેવો રાજ્ય કરતા હતા. આ દેવોએ ૧૩,૯૦૦ વરસ રાજ્ય કર્યું, અને ત્યારપછી ઉપદેવતાઓએ અને પિતૃઓએ ૪,૦૦૦ વરસ સુધી રાજ્ય ચલાવ્યું. મીસરના પુરાણા ઇતિહાસમાં મનુષ્યના રાજ્યની શરૂઆત ઇ. સ. પૂ. ૪,૦૦૦—૫,૦૦૦ થી થાય છે. એ ગાદી પર એક પછી એક ત્રીસેક વંશો આવ્યા, અને ઇ. સ. પૂ. ૩૪૦ માં મીસર ઇરાનને તાબે થયું. ઇરાનીઓ પાસેથી મેહાન્ દ્રિકંદરે તે જીતી લીધું ત્યારથી ગ્રીક લોકોનો ત્યાં અમલ થયો. ઇ. સ. પૂ. ૩૧ માં ઍક્ટિઅમની લડાઈ પછી રોમન લોકોના હાથમાં તે આવ્યું. ત્યારપછી ઇ. સ. ૧૧૬ માં તે પાછું ઇરા-

---

* ।= ૧ માત્રા; ऽ= ૨ માત્રા; ऽ= ૩ માત્રા; ‿ = સ્વર, વર્ણ કે શબ્દ બીજા સ્તંભમાં ચાલુ છે એ બતાવનાર; –ગા = કોમળ ગા; ની । = મન્દ્ર ની; ‿ = ગીત પૂરૂં.

નીઓના હાથમાં ૧૨ વરસ રહ્યું. ઇ. સ. ૧૩૯ માં મીસરીઓ આરબ સરદારને તાબે થયા. આરબોની કારકીર્દી ઘણી ઝળકી નીકળી, પણ ઇ. સ. ૧૫૧૭ માં તુર્કી સુલતાન સલીમ પહેલાએ મીસર જીતી લીધું. તુર્કી અમલ ત્રણેક સદી સુધી ચાલ્યો તે દર્મિયાન રાજ્યકારભાર ઘણો નબળો ચાલતો. ત્યારપછી ત્યાં થોડા વખત માટે નૅપોલીઅનના સમયમાં ફ્રેંચ સત્તા સ્થપાઈ; પરંતુ ઇ. સ. ૧૮૦૧ માં અંગ્રેજોએ ફ્રેંચને ત્યાંથી હાકી કાઢ્યા, ત્યારપછીથી અંગ્રેજી સત્તા ધીમેધીમે વધતી ગઈ, અને ઇ. સ. ૧૯૦૪ માં ઍંગ્લો-ફ્રેંચ કરારની રૂઇએ ફ્રાંસે મીસરમાં અંગ્રેજોની સર્વોપરિ સત્તા કબૂલ રાખી, અને મીસરના બ્રિટિશ કારભારમાં કોઈ પણ રીતે આડે નહિ આવવાની શરત કરી. અંગ્રેજોના કટ્ટા શત્રુઓને પણ કહેવું પડે છે કે બ્રિટિશ કારકીર્દીમાં ન્યાય, નાણાં સંબંધી હાલત, ખેતીવાડી તથા વેપારની વૃદ્ધિ વગેરે બાબતોમાં અજાયબ પમાડે એવા સુધારાઓ થયા છે, અને કરનો બોજો ઘણો હલકો કરવામાં આવ્યો છે.

પ્રાચીન—'**प्राच्**' એટલે 'સૌથી આગળનો' અથવા 'પૂર્વ' (દિશા) એ સંસ્કૃત શબ્દ પરથી થયલું; એ વિશેષણ સંસ્કૃતમાં પણ વપરાય છે. એનો અર્થ 'પહેલાના વખતનું' અથવા 'ઘણું જૂનું' એવો થાય છે. એજ પ્રમાણે સં. '**अर्वाच्**' એટલે 'પાછળનું' અથવા (આપણી) 'નજીક આવતું', એ ઉપરથી '**अर्वाचीन**' શબ્દ થયો છે, અને તેનો અર્થ 'થોડા વખત પરનું' અથવા 'પાસેના વખતનું' એવો થાય છે. પ્રત્યય માટે '**नवीन**,' '**कुलीन**,' '**समकालीन**' વગેરે શબ્દો સરખાવો.

યુફ્રેટીસ—આ નદી ઘણા પ્રાચીન વખતથી પ્રખ્યાત પામેલી નદીઓમાંની એક છે. એશિઆ માઇનોરના ઉચ્ચ પ્રદેશની મધ્યમાં થઇને એ નદી વહે છે; તેથી એશિઆમાંથી પૂર્વ યુરોપમાં જનારી દરેક પ્રજાને તે ઓળગવી પડતી હતી. એ નદીના કાંઠા ઉપર રહી ગયલી જાતોનાં સ્મારક ચિહ્નો હજી સુધી ત્યાં મળી આવે છે.

નૅપોલીઅન સાથે ચાલતા ફ્રેંચ વિગ્રહ સમયે, તથા વરાળથી ચાલતી આગબોટો રાતા સમુદ્રમાં કોઈ પણ ઋતુમાં ચાલી શકતી થઈ તે પહેલાં, હિંદી સરકારનો ઇંગ્લંડ સાથેનો રાજકીય પત્રવ્યવહાર એ નદીને રસ્તે (યુફ્રેટીસ રૂટ) થઈને ચાલતો હતો.

નીલ—આફ્રિકાની સૌથી મોટામાં મોટી (આસરે ૪,૦૦૦ માઇલની) એ નદીને પાણીનો મોટામાં મોટો જથો વિક્ટોરિઆ અને આલ્બર્ટ

ન્યાન્ઝામાથી મળે છે. ઇતિહાસ તથા ભૂગોળ બનેમાં એ નદી બહુ પ્રખ્યાત છે. એ નદીની આસપાસનો પ્રદેશ બહુ ફળદ્રુપ છે. વિશેષ વર્ણન માટે જુઓ ભૂગોળ ભાગ ૨ જો, પાનું ૧૦૩.

પુરાતન—સં. 'पुरा' એટલે 'આગલા વખતમાં' એ ઉપરથી 'पुरातन' એ વિશેષણ થયું છે. પ્રત્યય માટે (नव ઉપરથી) नूतन, प्राक्तन, વગેરે સરખાવો.

આધુનિક—સં. 'अधुना' એટલે 'હમણાં' ઉપરથી થયલું વિશેષણ. 'आधुनिक' એટલે 'હમણાનું.' 'દૈનિક' (दिन ઉપરથી), 'પ્રામાણિક' (प्रमाण ઉપરથી), 'માયિક' (माया ઉપરથી), 'માર્મિક,' 'પ્રાથમિક' 'માધ્યમિક' 'ભૌતિક' (भूत ઉપરથી), 'ધાર્મિક,' 'કાલ્પનિક,' 'વાર્ષિક,' વગેરે શબ્દો એજ પ્રમાણે થયા છે. આ શબ્દોમાં 'इक' પ્રત્યય લગાડતાં પહેલાં છેલ્લા સ્વરનો લોપ કરવામાં આવે છે, અને પહેલા સ્વરની 'વૃદ્ધિ' (अ નો आ, इ અથવા ई નો ऐ, उ અથવા ऊ નો औ, અને ऋ નો आर्) થાય છે. 'રસ' ઉપરથી 'રસિક', 'ક્ષણ' ઉપરથી 'ક્ષણિક', 'ક્રમ' ઉપરથી 'ક્રમિક' વગેરે થાય છે, પરતુ તેમાં 'વાળા'ના અર્થવાળો 'इक' પ્રત્યય 'ધાર્મિક' વગેરેમાંના 'इक' પ્રત્યય કરતાં જુદો છે, માટે તેમાં આદિ સ્વરની વૃદ્ધિ થતી નથી.

ઉપલા વર્ગો—પુરોહિત વગેરે ત્રીજા પેરેગ્રાફમાં વર્ણવેલા છે તે.

મનુષ્યની સાંભરણ પહેલાં—જે વખતનાં સ્મારક ચિહ્ન, લેખ, ઇતિહાસ, વગેરે કંઈ પણ મળી આવતાં નથી એવા ઘણા જૂના વખતમાં.

શબ્દ—સ. 'शब्द' ઉપરથી. સંસ્કૃતમાં પણ 'श' ને 'ष' નો અભેદ ગણાય છે. દેખલા તરીકે 'षड्ज' ને 'षड्ज' બંને રૂપ સંસ્કૃતમાં વપરાય છે. સંસ્કૃતમાં 'ष' આવતો હોય એવા શબ્દોનો 'ष' હિંદીમાં તથા ગુજરાતીમાં ઘણું કરીને 'ष' બોલાય છે; જેમકે, 'षत्तन'ને બદલે 'બદન', 'षन'ને બદલે 'બન', 'षर्णन'ને બદલે 'બરનન' વગેરે.

મીસરના લોકો ચિત્રોમાં, રંગ પૂરવાના કામમાં, ચિત્રો કોતરવામાં, ખગોળવિદ્યામાં, વૈદકશાસ્ત્રમાં, તથા ઇજનેરી વગેરે કામમાં આગળ વધેલા હતા, એ બાબતોજ એમનો સુધારો, પ્રાચીન હોવાનો પુરાવો આપે છે.

ઇમારત—અ. 'અમર' એટલે 'વેરે બાંધ્યું' ઉપરથી.

પિરામિડ—ઘણી બાજુવાળા પામાનું અને ઉપર એક બિંદુમાં મળી જાય

એવી ત્રિકોણાકાર બાજુવાળુ મકાન હોય તે પિરામિડ' કહેવાય છે. ખડબચ્ચા પથ્થરોના ક્ષિતિજસમસૂત્ર થરો ચૂના અથવા માટી વડે ચણી લેવામાં આવતા, અને પાછળના વખતમા ઘણે ભાગે માટીની ઈંટો પણ વપરાતી આ પ્રમાણે અદરનો ભાગ ગમે તે વસ્તુનો ગમ્મતા, તોપણ બહારથી ઘણા સાફ કરેલા અને સુંદર રીતે સાંધો પૂરી જોડવામા આવેલા પથ્થરોથી તે ઢાંકતા. અદરના ઓરડાઓમા પણ એવુજ સારૂ કામ કરવામા આવતું કામ એવુ સગીન થતું કે શત્રુઓના દ્વેષને લીધે તથા પછીના બાંધકામ કરનારાઓના લોભને લીધ એ મકાનોની ખરાબી થઈ નહિ હોત, તો આજે પણ દરેક પિરામિડ ઘણુ કરીને જેવી ને તેવી સ્થિતિમા જોવામાં આવત. બહારના પથ્થરો પાતળા નહિ પણ ઘણા દળદાર રાખવામા આવતા ઘણુંખરૂં તે પથ્થરોની ઊંચાઈ જાડાઈ કરતા વધારેજ રહેતી. દરેક પિરામિડની અદર હમેશા નીચેના ભાગમાં અને કોઈ કોઈ વખત જમીનની સપાટી નીચે કબર માટે એક ઓરડો બાંધવામા આવતો. આ ઓરડામાં જવાનો રસ્તો હમેશા ઉત્તર તરફથી રાખવામા આવતો ક્ષિતિજસમસૂત્ર ખીલા ઉપર ફરતા પથ્થરના બારણા વડે આ રસ્તાઓ બહારથી બધ કરી લેવામાં આવતા આમ રાખવાનું કારણ એવુ ધારવામા આવે છે કે પિરામિડની અદર ધર્મગુરુઓજ જતા પ્રવેશ ક્યાંથી કરવાનો છે તેની બહારના માણસોને ખબર પણ નહિ પડતી. ગિઝેહ, પેપી, વગેરેના પિરામિડો ઘણા પ્રખ્યાત છે.

પુરાણી—સં 'पुराण' એટલે 'જૂનું' ઉપરથી.

બધ—પાણીનો પ્રવાહ અટકાવવા માટે દિવાલ જેવુ બાંધી લેવામા આવે તે.

(અપૂર્ણ)

શ્રી વૃદ્ધ અને લઘુ ચાણાક્યનું ભાષાંતર.

લેખક—છગનલાલ નિથારામ રાવળ

આપણી ગુજરાતી ભાષાના જૂનાં હાથનાં લખેલાં પુસ્તકોનો શોધ કરતાં, આ વૃદ્ધ અને લઘુ ચાણાક્ય નામના ગ્રન્થોનાં છૂટા પાના હાથ આવવાથી તેને અહિં પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે, પણ તે બન્ને પુસ્તકો તૂટક હોવાથી તેની લખ્યા માસ, લેખકનું નામ, કે સ્થળ જાણવામાં આવ્યુ નથી.

ભાષા ઘણી જૂની છતાં, તે વિ સ ૧૫૪૭ ના વર્ષમા લખાયલા ભુવનદીપકના ભાષાતર જેટલી જૂની જણાતી નથી, પણ તે પછીના

, केतला अजाणपणे विणसे[1] । केतलाएक आलसें विणसे । केतला जाणवानें गर्वें विणसे । केतला नास्तिकनी संगतें विणसे ॥ १० ॥

इति लघुचाणुक्ये नीतिशास्त्रे द्वितीयाध्याय

वेदशास्त्रनो मार्ग [2]जूओ प्रवर्त्ते । जाणपणूं पंडित कला जूइ प्रवर्त्ते । अने मोक्षपदनो मार्ग जूओ छे । अनें लोक अन्यथा क्लेश करे ॥ १ ॥

अग्निहोत्र पाखें वेद भण्यानूं कांइ नहीं । क्रिया पाखे दाननूं कांइ नहीं । भाव पाखें सिद्धि नहीं । एह कारण तो (तु) पुरुषे भाव आणवो ॥ २ ॥

ब्राह्मणनें अग्निहोत्रज देव । विद्वांसनें हैइ[3] देवता । स्वल्प बुद्धिनें प्रतिमा देवता । आत्मज्ञानीनें सघळे देवता ॥ ३ ॥

काष्ट, पाषाण, सप्त धातु तणी मूर्त्ति भाव करी देवता प्रतिष्ठीइ । येहवी भक्ति तेहवी सिद्धि होइ । तेहनें विष्णुं प्रसन्न होइ ॥ ४ ॥

लाकडां, सप्तधातु, माटी एहनें विषे देवता नथी । भावना विषे देवता वसे । एह कारण तु मनुष्यें भाव आंणवो ॥ ५ ॥

क्षमा समान तप नहीं । संतोष शरखूं सुख नहीं । तृष्णा शरखी व्याधि नहीं । दया समान धर्म नहीं ॥ ६ ॥

क्रोध ते यमराजा । तृष्णा वैतरणी नदी । विद्या ते कामदुघा धेनु । संतोष ते नंदन वन जाणवूं ॥ ७ ॥

समर्थने किशो भारे । ऊद्यमीने किशूं वेगलूं । विद्यावंतने किशो विदेश । मीठावोला मनुष्यनें कोण वैरी ॥ ८ ॥

---

१ नाश पामे. २ जुदो. ३ हैई—हैयु

गुण सर्वत्र पूजइ । रूप को न पूछे । आचार सर्वत्र पूछे । कुल को न पूछे । सिद्धि सर्व पूछे । विद्या को न पूछे । भोग सर्वत्र पूछे धन को न पूछे ॥ ९ ॥

गुण, रूपनें अलंकरे[1] । आचार कुलनें दीपावे । सिद्धि विद्यानें शोभावे । भोग, धनने रूडूं भवाडे[2] ॥ १० ॥

निर्गुण मनुष्यनूं रूप निःफल । अनाचार पुरुषनूं कुल विरूठ[3] । असिद्ध मनुष्यनी विद्या व्यथा । अभोगी पुरुषनूं धन छतू अछतू जाणेवूं ॥ ११ ॥

इति लघुचाणुक्ये नीतिशास्त्रे तृतीयोऽध्याय

भूमि गत उदक पवित्र होइ । पतिव्रता स्त्री पवित्र होइ । प्रजापालक राजा पवित्र जांणवो । संतोषी ब्राह्मण पवित्र जांणवो ॥१॥

जिहां लेप होइ किशोइ ते स्थानक छांडीइ अन्यत्र सघले पवित्र जांणवूं ॥ २ ॥

असंतोषी ब्राह्मण विणसे । संतोष धरतो राजा विणसे । सलज्जा गणिका शीढाइ । निर्लज कुल स्त्री.

(અહિંથી આ પુસ્તકના પાનાં ગયલા હોવાથી બીજા પુસ્તકના છૂટક પાનાના સાતમા અધ્યાયથી શરૂ કરેલું છે)

यम एक निखर वृक्ष, वैश्वानरि दहितिम कुपुत्रि करी कुल सघलूंइ दहइ ॥ ६ ॥

घणे पुत्रे जन्मे किशूं । जे शोक संतापकारीया हुइ । एकज विरि श्रेष्ट हुइ तु कुल सघलूं विश्राम पामि ॥ ७ ॥

सुखार्थीनि विद्या त्यजि । विद्यार्थी सुख त्यजि । अनि सुखार्थीनि विद्या किहां । अनि विद्यार्थीनि सुख किहां ॥ ८ ॥

मेरु पर्वतना शिखर पाहि ऊचुं कांई नहीं । अनि रसातल

---

१ શોભાવે ૨ ભવાડે—કરાવે, દેખાડે. ૩ વિરૂઠ—નઠારૂ, વરવુ.

पाहिं नीचुं कांई नहीं। ध्वजमाह पाहि रूडूं बीजूं कांई नहीं। अ तु समुद्रनूं पार नहीं ॥ ९ ॥

जे पुरुष गुरू पाखि पुस्तक जोइ भणि ते सभामांहि न शोभि। जिम, हंसमांहि बगलु विठु न शोभि ॥ १० ॥

जे पुरुष, मांसनूं खाणाहार हुइ। अनि सुरानु[1] पीनाहार हुइ। अनि अक्षर वर्जित मूर्ख हुइ। ते पुरुष आकारि पृथ्वीइ भार करिछि, पशु ढोर जाणिवु ॥ ११ ॥

ये निसालीयानि[1] एक अक्षर भणावि ते निसालीउ गुरुनि किहीइं अशु[2] फल न थाइ ॥ १२ ॥

जे निसालीउ भणाविउ हुइ। अनि गुरुनि न मानि ते श्वान [3]भुंडीयानि पेटि सु[4] वरस भोगवि। पछि चांडालनि विषि ऊपजि ॥ १३ ॥

ઇતિ લઘુચાણક્યે રાજનીતિશાસ્ત્રે સપ્તમોધ્યાય

(અપૂર્ણ)

ગણિત.

લેખક—રામભાઈ કાલિદાસ પટેલ.

(ચાલુ પૃ ૮૭ થી)

નિયમ ૭ મો:—બે સખ્યાના વર્ગોનો સરવાળો અને તેજ બે સખ્યાનો સરવાળો આપ્યા હોય, તો આપેલા સરવાળાના વર્ગમાંથી આપેલો વર્ગોનો સરવાળો બાદ કરવો. બાકી વધે તેને ૨ વડે ભાગવાથી તેજ બે સખ્યાનો ગુણાકાર આવશે તે પરથી નિયમ ૨. જા પ્રમાણે તે બે સખ્યાઓ નીકળશે.

ઉદા.—બે સખ્યાના વર્ગોનો સરવાળો ૩૪ છે, અને તેજ બે સખ્યાનો સરવાળો ૮ છે, તો તે બે સખ્યાઓ કઈ ?

---

૧. અસલ પ્રતમા **नेसालिया** શબ્દ છે. ૨ અશુ—એવુ.
૩ ભુડીયાની—ભુડણીને ૪ સુ—સો.

$$\frac{\text{આપેલા સરવાળાનો વર્ગ—આપેલો વર્ગોનો સરવાળો}}{૨} = \frac{૮^{૨}-૩૪}{૨} = \frac{૩૦}{૨}$$

= ૧૫ તેજ બે સંખ્યાનો ગુણાકાર.

આ પરથી નિયમ ૨ જા પ્રમાણે

$\sqrt{\text{આપેલા સરવાળાનો વર્ગ—આપેલા ગુણાકાર} \times ૪}$

$= \sqrt{૮^{૨}-૧૫ \times ૪} = \sqrt{૪} =$ ૨ તેજ બે સંખ્યાની બાદબાકી. આ ઉપરથી નિયમ પહેલા પ્રમાણે

$\frac{૮+૨}{૨} = \frac{૧૦}{૨} =$ ૫ મોટી સંખ્યા અને $\frac{૮-૨}{૨} = \frac{૬}{૨} =$ ૩ નાની સંખ્યા

જવાબ. ૫ અને ૩.

કારણ—

$અ^{૨} + ય^{૨} =$ ૩૪ અને $અ + ય =$ ૮ છે.

$અ + ય =$ ૮ એનો વર્ગ કરવાથી $અ^{૨} + ૨ અ ય + ય^{૨} =$ ૬૪ થયા એમાંથી $અ^{૨} + ય^{૨} =$ ૩૪ બાદ કર્યા.

માટે. ૨ અય = ૩૦ રહ્યા.

એને ૨ વડે ભાગવાથી અ ય = ૧૫ થયા

ઉદા:—એક સાધુ પાસે બે માળા છે એક માળાથી તે માળામાં જેટલા મણકા છે તેટલી વાર તે આખી માળા ફેરવી વિષ્ણુના જપ કરે છે. બીજી માળામા જેટલા મણકા છે તેટલી વાર તે આખી માળા ફેરવી શિવના જપ કરે છે તે સાધુ દર મિનિટે ૧૫૦ મણકા ખસેડી શકે છે. આથી તેને બન્ને જપ કરવામા ૨॥ કલાક વખત જાય છે. પૈસાના પદર લેખે મણકા મળવાથી એ સાધુએ બેઉ માળાના મણકા લેવાને સાટા ત્રણ આના ખરચ્યા હતા. કહો ત્યારે તે સાધુ દરરોજ વિષ્ણુના નામની કેટલી અને શિવના નામની કેટલી માળા ફેરવતો હતો.

નિયમ ૮ મો.—બે સંખ્યાના વર્ગોનો સરવાળો અને તેજ બે સંખ્યાની બાદબાકી આપ્યા હોય, તો આપેલા વર્ગોના સરવાળામાંથી આપેલી બાદબાકીનો વર્ગ બાદ કરવો. બાકીને ૨ વડે ભાગવાથી તેજ બે સંખ્યાનો ગુણાકાર નીકળશે તે ઉપરથી નિયમ ૪ થા પ્રમાણે તે બે સંખ્યાઓ કાઢી શકાશે

ઉદા:—બે સખ્યાના વર્ગોનો સરવાળો ૮૯ છે, અને તેજ બે સંખ્યાની બાદબાકી ૩ છે, તો તે બે સખ્યાઓ કઈ ?

$$\frac{\text{આપેલો વર્ગોનો સરવાળો—આપેલી બાદબાકીનો વર્ગ}}{૨} = \frac{૮૯—૩^{૨}}{૨}$$

$= \frac{૮૦}{૨} = ૪૦$. તેજ બે સખ્યાનો ગુણાકાર.

તે ઉપરથી નિયમ ૪ થા પ્રમાણે,

$\sqrt{\text{આપેલા બાદબાકીના વર્ગ + આપેલો ગુણાકાર} \times ૪}$.

$= \sqrt{૩^{૨} + ૪૦ \times ૪} = \sqrt{૧૬૯} = ૧૩$ તેજ બે સખ્યાનો સરવાળો. તે ઉપરથી નિયમ પહેલા પ્રમાણે,

$\frac{૧૩ + ૩}{૨} = \frac{૧૬}{૨} = ૮$ મોટી સખ્યા. અને $\frac{૧૩—૩}{૨} = \frac{૧૦}{૨}$ $= ૫$ નાની સખ્યા.

કારણ:—

$અ^{૨} + ચ^{૨} = ૮૯$ અને $અ—ચ = ૩$ છે.

$અ—ચ = ૩$ નો વર્ગ $અ^{૨}—૨ અ ચ + ચ^{૨} = ૯$.

હવે $અ^{૨} + ચ^{૨} = ૮૯$ માથી

$અ^{૨}—૨ અ ચ + ચ^{૨} = ૯$ બાદ કર્યા

એટલે $૨ અ ચ = ૮૦$ થયા.

માટે $અ ચ = ૪૦$ છે

ઉદા:—એક ખેડુત પાસે બે ખેતર છે. પહેલુ ખેતર જેટલા એકરનું છે તેટલા મણ અનાજ દર એકરે તે ખેતરમા પાકે છે. બીજુ ખેતર જેટલા એકરનું છે તેટલા મણ અનાજ દર એકરે તે ખેતરમા પાકે છે. ખેડુત બધા અનાજમાથી ૧૦ ગાલી અનાજ ઘરખરચ માટે રાખી બાકીનું બે રૂપીએ મણ લેખે વેચી દે છે આથી તેને ૧૪૫૦ રૂપીઆ ઊપજે છે. ખેડુતને દર એકરે રૂ. ૬ લેખે મહેસુલ ભરવુ પડે છે આ મહેસુલ મોટા ખેતરની નાના ખેતર કરતાં રૂ. ૩૦ વધારે છે, સારે તે ખેડુતના બન્ને ખેતરો કેટકેટલા એકરના હશે ?

નિયમ ૯ મો:—બે સખ્યાના વર્ગોનો સરવાળો અને તેજ બે સખ્યાનો ગુણાકાર આપ્યા હોય, તો આપેલા વર્ગોના સરવાળામાં આપેલા

ગુણાકારની બમણાઈ ઉમેરવી જે સરવાળો આવે તેનુ વર્ગમૂળ કાઢવાથી તેજ બે સખ્યાનો સરવાળો આવશે. તે ઉપરથી નિયમ ૨ જા પ્રમાણે તે બે સખ્યાઓ નીકળી શકશે.

ઉદા:—બે સંખ્યાના વર્ગોનો સરવાળો ૫૮ છે, અને તેજ બે સખ્યાનો ગુણાકાર ૨૧ છે, તો તે બે સખ્યાઓ કઈ ?

$\sqrt{\text{આપેલો વર્ગોનો સરવાળો + આપેલા ગુણાકારની બમણાઈ}}$

$=\sqrt{૫૮ + ૨ \times ૨૧} = \sqrt{૧૦૦} = ૧૦$ તેજ બે સખ્યાનો સરવાળો. તે પરથી નિયમ બીજા પ્રમાણે,

$\sqrt{\text{આપેલા સરવાળાનો વર્ગ—આપેલો ગુણાકાર} \times ૪}$

$=\sqrt{૧૦^૨ - ૨૧ \times ૪} = \sqrt{૧૬} = ૪$ તેજ બે સખ્યાની બાદબાકી. આ ઉપરથી નિયમ પહેલા પ્રમાણે.

$\frac{૧૦ + ૪}{૨} = \frac{૧૪}{૨} = ૭$ મોટી સખ્યા અને $\frac{૧૦ - ૪}{૨} = \frac{૬}{૨} =$ ૩ નાની સખ્યા

માટે જવાબ. ૭ અને ૩.

કારણ—

$અ^૨ + ય^૨ = ૫૮$ અને $અ\ ય = ૨૧$ છે.

$અ^૨ + ય^૨ = ૫૮$ એમા

$૨\ અ\ ય = ૪૨$ ઉમેર્યા

$અ^૨ + ૨\ અ\ ય + ય^૨ = ૧૦૦$ સરવાળો.

આનું વર્ગમૂળ $અ + ય = ૧૦$ છે.

ઉદા:—એક ભરવાડે જેટલા બકરા હતા તેટલા રૂપીઆએ એક લેખે સઘળાં બકરા અને જેટલા ઘેટાં હતા તેટલા રૂપીઆએ એક લેખે સઘળા ઘેટાં વેચી દીધા આથી તેને રૂ ૧૬૪ ઉપજ્યા. જો તેણે જેટલા ઘેટાં હતા તેટલા રૂપીઆએ એક લેખે સઘળાં બકરા અને જેટલા બકરા હતાં તેટલા રૂપીઆએ એક લેખે સઘળા ઘેટા વેચ્યા હોત, તો તેને ૪ રૂપીઆ ઓછા ઉપજત કહો ત્યારે તે ભરવાડ પાસે કેટલા ઘેટા અને કેટલાં બકરાં હતા

ગુજરાતી ભાષામાં વપરાતા અરબીફારસી શબ્દો.

(લખનાર—અમીરમિયાં હુસેનમિયાં)

(અનુસંધાન પૃષ્ઠ ૫૭ થી)

ઝરૂખો (ફા) દરીચા=ખડકી, નાનો દરવાજો, એ ઉપરથી

ઝલેહ (અ) જિલા પ્રકાશ આપવો, સાફ કરવું ઓપ ચઢાવવો

ઝવેર (અ). જવહર જહર=તે જાહેર હતું ઉપરથી

ઝબ્બો (અ) જુબ્બા પહેરન

ઝહોરા (અ). જુહરા, કારમી જુહ્રા શુક્રગ્રહ. શુક્રગ્રહ પ્રકાશિત છે, તે પરથી મુસલમાનોમા સ્ત્રીઓનુ નામ જહ્રા (ગૌરવર્ણી) હોય છે હજરત મુહમદ (સ અ.) સાહેબના દીકરીનુ પણ એ નામ હતુ શાહેજહા બાદશાહની દીકરીનું પણ એ નામ હતુ. " એની કબર ઉપર એક હૃદયભેદક લેખ લખ્યો છે " એમ નવી વાચનમાળામા લખ્યુ છે તે લેખ આ પ્રમાણે છે. " બિ ગયર સબ્જા ન પોશદ કસે મજાર મરા, કે કબ્રપોશે ગરીબા હમીં ગિયાહ બસ અસ્ત " (અર્થ) મારી કબર ઉપર લીલા ઘાસ (ઘેર) વિના બીજું કઈ પણ મૂકશો નહિ, કેમકે ગરીબોની કબર માટે આ ઘાસજ બસ છે." આજે પણ એ કબર ઉપર કોઈ ફૂલ ચઢાવતુ નથી, પણ ઘાસજ મૂકે છે

ઝાકુ (ફા) જાયબ. જા=જગા. + રૂબ. રૂબીદન અથવા રૂદતન એટલે પુજો કાઢવો ઉપરથી જગા વાળનાર

ઝારઝાર (ફા) જાર જાર જારીદન=રડવુ ઉપરથી.

ઝાવસોઈ (અ) યા હુસયન યા=હે. હુસયન, તે હજરત પેગમ્બર સાહેબ (સ. અ) ના દોહિત્ર. મોહોરૂમના મહીનામાં એ કર્બલાની લડાઈમાં શહીદ થયા (મરાયા), તે ઉપરથી તાજીયા કાઢી એમને સભારે છે.

ઝૂલ (ફા) જુલ.

ઝેર (ફા) જહ્ર વિષ.

ઝેરકચોલુ (ફા) જહ્રકુન્દા

ડક્કો. ફારસીમા દુકાનનુ લઘુતાવાચક રૂપ દુકા છે તે ઉપરથી (૨) દક=મજબૂત ઉપરથી. (૩) ઉર્દુ ધક્કા ઉપરથી ફારસી પ્રયોગ, અથવા (૪) અંગ્રેજી Dock ઉપરથી

ડગલો (ફા) દરજીના કોટ.
ડફ (ફા) દફ. ગોળ કાઠલાને ચામડુ મઢીને હોળીમા છોકરા વગાડે છે તેવુ મોટુ હોય તેને દફ કહે છે
ડફગર (ફા). દફ્ગર. દફ બનાવનાર
ડબ્બો (અ) દબ્બા ચામડાની કુપ્પી જેમા તેલ વગેરે રાખે છે તે.
ડબીર (અ) દબીર લખનાર, મુન્શી, હિસાબ રાખનાર
ડમાક (અ) મગજના અર્થમા દિમાગ ને અહંકારના અર્થમા દમાગ
ડાઘ (ફા) દાગ.
ડાયરો (અ) દાઇરા પરિધિ, કુંડાળુ કુટાળુ વળી ને બેઠેલા માણસોની મંડળી (કાઠિઆવાડમા વપરાય છે)
ડુમચી (ફા) દુમ્ચી ઘોડાના સામાનમાની એક વસ્તુ દુમ=પૂંછડી ઉપરથી.
ડમલ (અ) દુમલા ગુમડુ
ડેહેલી (ફા) દહલીજ ઘરનો આગલો ભાગ
ડેહેકાણી (અ) દિહ્કાની. ગામડીઆ દિહ (ફા) ગામ+ગાન=વાળો, દિહગાન (ફા) ગામવાળો તે ઉપરથી અરબી પ્રયોગ દહકાન, તેને ઈ લાગીને દિહકાની
ડોગલુ (ફા) દોગલા, દાગુલ સમ્ર, મિશ્ર પ્રજા ગુજરાતીમા ડોગલા જેવો છે=ફરી જાય છે, બોલે બદલે નથી
ડોલ (અ) દલ્લ ઉપરથી

ઢ.

ઢોલ (ફા) દુહલ ઉપરથી
ઢોલક (ફા). દુહુલક ઢુંઢલનુ લઘુતાવાચક રૂપ દુહુલ-

ત.

તકદીર (અ) તકદીર નસીબ, ભાગ્ય કદર=માપ મઢવુ પરથી
તકરાર (અ) તકરાર કર=પુનરુક્તિ કરી ઉપરથી
તકલીદી (અ). તકલીદી કલદ=ડોકની પાછળ તુગડુ લપેટવુ ઉપરથી તકલીદ=નકલ કરવી તકલીદી=બનાવટી
તકલીફ (અ) તકલીફ મહેનત કલફ=તેણે કોશિશ કરી ઉપરથી
તકવા (અ). તકવા ડરવુ, પરહેજગારી
તકસીર (અ) તકસીર ભૂલ કસ્ર=તે માપ કરતા ઓછુ હતું પરથી
તકાદો (અ) તકાજા માગણી કજા=પૂર્ણ થયુ, તેણે હુકમ કર્યો ઉપરથી

તકીયો (અ) તકયા. જે વસ્તુ પર ટેકો દેવાય તે, જેનો આશ્રય લેવાય તે. ઓશીકું.

તકોબ્બરી (અ) તકબ્બુર=અહંકાર એને ઈ લાગવાથી તકબ્બુરી કબ્ર=ને મોટો હતો ઉપરથી.

તખ્તનશીન (ફા) તખ્તનિશીન. નિશિસ્તન=બેસવું ઉપરથી. તખ્ત પર બેસનાર.

તખ્તી (ફા). પાટી.

તખલ્લુસ (અ) ખલસ=ને ચોખ્ખો હતો ઉપરથી મુસલમાન કવિઓ પોતાનું ખરૂ નામ ન લખતા કવિતામા ખરા નામને મળતુ કે તેનો ભાગ કે બીજુ જે નામ લખે છે તે. જેમકે સાદી (ખરૂં નામ મસ્લિહુદ્દીન હતુ)

તખ્તેતાઉસ (ફા અ) તખ્ત તાઉસ તવુસ (અ) મોર. શાહજહાંનનુ બનાવેલુ તખ્ત. મયૂરાસન

તગારૂ (ફા). તગાર, તગારી માટીનુ કુંડુ, થાળી

તગાવી (અ). તકાવી શક્તિ આપવી, ખેડુતોને પોતાની જમીન સુધારવા માટે સરકાર મદદ આપે છે તે. કવ્વ=તાકત આપવી ઉપરથી.

તગ્લખ (તુ) તુગ્લુક સરદાર.

તજવીજ (અ). તજવીજ જેજ=તેણે બનાવ્યુ, તેણે કાયદેસર ગણ્યુ ઉપરથી.

તડબુચ (ફા). તર્બુજ, તર્બુજ.

તડાક (અ). તડાક. કોરડા મારવાથી જે અવાજ થાય તે

તદબીર (અ) તદ્બીર. દબ્બર=તેણે ગણ્ય કર્યું ઉપરથી.

તન (ફા) શરીર.

તનખા (ફા) તન્ખા. પગાર, મજુરી.

તનદુરસ્ત (ફા) તન્દુરસ્ત. નીરોગ માણસ

તનહા (ફા) તન્હા. એકલો.

તપસીલ (અ) તફસીલ. ખુલાસો કરવો. ફસલ=છુટું પાડયુ ઉપરથી.

તપાસ (અ). તફહ્હુસ ફહસ=તેણે ખોજ્યુ ઉપરથી.

તફરકે (અ). તફિકા. છુટુ પાડવુ, જુદાઈ ફરક=જુદુ પડયુ ઉપરથી.

તફાવત (અ). ફેર. ફોત=છેટુ ઉપરથી.

તફો (અ) તાઇફા માણસોનુ ટોળુ તોફ=પ્રદક્ષિણા કરવી પરથી

તમક (અ). તમાક, તમક. એક જાતનું વસણ છે. તાસક જેવું.

તમલચી. (અ તુ) તમ્લચી. તમ્લ, તમ્લા (અ) ઢેલ + ચી (તુ) પ્રત્યય તમલા વગાડનાર.

તમાઈ (ફા). તમાહી નાશ પામવું

તમીમ (અ) ચેદ તિમ ઉપરથી.

તમીયત (અ) તમીઅત ટેવ, સ્વભાવ.

તમેચો (અ) તમીયતા પણ ફારસીમાં તવેલા. ઘોડા બાંધવાનું ઠેકાણું.

તમંચો (ફા) તપચા

તમા (અ) તમ્અ લાલચ

તમાચો (ફા) તમાચા.

તમામ (અ) પૂર્ણ તમ્મ=આખું હતું ઉપરથી.

તમાશો (અ) તમાશા મશી=ચાલવું ઉપરથી મૂળ શબ્દ " તમાશી " છે ફારસીવાળાઓએ " તમાશા " શબ્દ બનાવ્યો. તમાશી=સાથે મળીને પગે ચલવું હવા ખાવા, સહેલ કરવા વગેરે સાથે મળીને પગે ચાલીને જવાનો દસ્તૂર છે, માટે તમાશો=મહેલ કરવી, ને રાજી થઈને જોવું, વળી એમાં પણ ફેરફાર થઈને તમાશો=નાજુકીની નજરથી રાજી થઈને જોવું, એ અર્થમાં વપરાય છે

તર (ગ) લીલું વળી ફારસી ને સંસ્કૃતમાં ' તર " અધિકતાવાચક પ્રત્યય પણ છે

તરકડો (ફા) તુર્ક ઉપરથી ધિક્કારવાચક શબ્દ.

તરકસ (ફા) તીર્કશ. તીર ગણવાનું ભાથું કશીદન=ખેંચવું ઉપરથી.

તરકીબ (અ) તર્કીબ. મેળવણી, ગોઠવણ=તેને લઈ જવામાં આવ્યો ઉપરથી.

તરજુમો (અ) તર્જમા ભાષાંતર. ફારસીમાં તર્જમાન=સુંદર બોલનાર, (ભીની ઝભલાવો) ઉપરથી અરબી પ્રયોગ છે. કેટલાક તર્જુમા પણ મૂળ શબ્દ છે એમ કહે છે

તરતીબ (અ) તર્તીબ દરેક વસ્તુને તેને ઠેકાણે ને યોગ્ય જગાએ ગોઠવવી. રતબ=તે દર હતો ઉપરથી.

તરફ (અ) બાજુ, દિશા, ઢેડો, છેટ, કિનારો

તરફેણ (અ) તરફયન બને બાજુ, બને તરફ તરફનું દ્વિવચન.

તરબીયત (અ). તર્બિયત. કેળવણી. રબા=કેળવાયલો ઉપરથી.
તરાજવું (ફા) તરાજૂ
તરાપો (ફા) તરાપા. ઉપરથી તર=બીનુ આબ=પાણી.
તરાવટ (અ). તરાવત, તાજગી
તરી (ફા) દરીયાઈ માર્ગ ખુશ્કી ને તરી બે માર્ગ છે
તરીકે (અ). તરીકા. રસ્તો તરક=ઓપી દીધુ ઉપરથી
તરીમ તરાક (અ). તુમ્તુરાક. ભપકો, ઠાઠ
તરેહ (અ) તરહ રીત, ઢગ તરહ=કેડી દીધુ ઉપરથી
તરોદદ (અ). તરદ્દુદ શક, ફિકર, અફેશો રદ=પાડો કર્યો ઉપરથી.
તલખ (ફા). તલ્ખ. કડવુ, તેજ, નાપસંદ પડે એવું
તલબ (અ) જરૂર, ગરજ તલબ=તેણે બોલાવ્યો પરથી
તલાક (અ). છુટા છેડા, સ્વતંત્રતા તલક=મોકળુ કર્યું ઉપરથી
તલાશ (ફા)
તવંગર (ફા) તુવાંગર. તુવા=તાકત+ગર=વાળો શક્તિવાળો, ગૃહસ્થ. તુવાંગરનું ટુંકુ રૂપ તવંગર છે તુવાનિસ્તન=શક્તુ ઉપરથી
તવારીખ (ફા). તારીખનુ બહુવચન. ઇતિહાસ
તશરીફ (અ). તશ્રીફ. પ્રતિષ્ઠા વધારવી ફારસીમા બાદશાહ અમીર વગેરેની તરફથી જે ખિલઅત મળે છે તેને પણ તશ્રીફ કહે છે, કેમકે તેથી પણ આબરૂ વધે છે શરફ=માન આપ્યુ ઉપરથી
તસ્બી (અ) તસ્બીહ માળા પવિત્રતાથી ખુદાને યાદ કરવો તે સુબહ=વખાણની સાથે તેની પૂજા કરી ઉપ થી
તસમો (ફા) તસ્મા ચામડાની વાધરી, ચામડાની પટી.
તસલ્લમાત (અ) તસ્લીમાત. તસ્લીમ=સલામ કરવી, માનવુ. હુકમ કબુલ કરવો, સોપવુ, સલામત રાખવુ એનુ બહુવચન તસ્લીમાત. સલ્લમ=તેને આશ્રય આપ્યો ઉપરથી. (અપૂર્ણ).

——(૦)——

નિશાળોનાં ઇનામપત્રક.

સગવા—સ્કુલ કમિટિના મેમ્બરો તથા ગામ લોકો ૮ ૧૨) નિશાળ જમાડી. ટકારી—પટેલ સરદારસિંગ સુરસિંગ રૂા ૯-૪-૦ પડીઆળ સ્કુલ કમિટિ તથા ગૃહસ્થો રૂા ૬) મીઠાજી ગડા—ચતુરસિંગ

રણછોડભાઇ પટેલ તથા અગેવાન ગૃહસ્થો રૂ. ૧૦) સ્કુલ જમાડી. **કોરા**—પા. શીવાભાઇ રાહાભાઇ વગેરે રૂ. ૫) સ્કુલ જમાડી **શાહપુરા**—પટેલ દેશાઇભાઇ નાથાભાઇ રૂ. ૧૦-૪-૦ સ્કુલ જમાડી.

ખેડા વિભાગ—

કઠાણા—ઠક્કર કુલચંદભાઇ નારણભાઇ રૂ. ૧) સ્કુલ જમાડી, કોઠારી સરદારસિંહ ગભી મિંડ વગેરે રૂ. ૧૬) સ્કુલ જમાડી **અતીસર**—સ્કુલ કમિટિના મેમ્બરો તથા ગામના ગૃહસ્થો રૂ. ૧૨) સ્કુલ જમાડી તથા મીઠાઇ વહેંચી **સાવલી**—સ્કુલ કમિટિના મેમ્બરો વગેરે રૂ. ૧૦) સ્કુલ જમાડી મીઠાઇ **જનોડ**—તા. ૧૭-૧૨-૧૧ ઠકરાણી શ્રી માઇ રાજબા રૂ. ૧૮) મીઠાઇ તથા ઇનામ તા. ૧૩-૧૭-૧૧ ગામ લોક વગેરે રૂ. ૨૦) સ્કુલ જમાડી કાપડ **વાડદ**—મનેક હીંમતમિયાં હકીનામિયા વગેરે રૂ. ૨૫) સ્કુલ જમાડી વગેરે **ડભાલી**—આગેવાન ગૃહસ્થો રૂ. ૧૦) સ્કુલ જમાડી. **કાવસર**—ગામ લોકો રૂ. ૨૮) સ્કુલ જમાડી તથા ઇનામ **આગરવા**—ગામ લોકો રૂ. ૧૭) સ્કુલ જમાડી. **વસો**—ગામના ગૃહસ્થો રૂ. ૨૦) સ્કુલ જમાડી મીઠાઇ વહેંચી **વાડદ**—ડાભસર વર્ગ-પટેલ તલકશીભાઇ નાથાભાઇ રૂ. ૫) સ્કુલ જમાડી તથા મનાદાર પટેલો રૂ. ૫) **આતસમાઇ હુણાદરા**—ગામના ગૃહસ્થો રૂ. ૨૪-૧૦-૦ સ્કુલ જમાડી **પાંડવાણીઆ વર્ગ**—ગામના ગૃહસ્થો રૂ. ૮) વર્ગ જમાડયા **અવાડી**—મનેકજાદા તથા ગામના ગૃહસ્થો રૂ. ૨) સ્કુલ જમાડી તથા મીઠાઇ મર્હુમ શે. રામગોપાલ જેચ રૂ. ૮-૧૦-૦ શ્રીચોપડીઓ વિગેરે ઇનામ **રૂદણ**—ગામના ગૃહસ્થો રૂ. ૨-૮-૦ મીઠાઇ **વરસોલા**—ગામ લોકો રૂ. ૫-૮-૬ સ્કુલ જમાડી **વાંડવાળી**—ગામ તરફથી રૂ. ૨૫) વિદ્યાર્થીઓ જમાડયા **રાજુડા**—રામાભાઇ હીમાભાઇ વગેરે રૂ. ૧૭) સ્કુલ જમાડી તથા મીઠાઇ વહેંચી **મહીજ**—પા. હાથીભાઇ રણછોડભાઇ રૂ. ૧૨) સ્કુલ જમાડી. **સીંઝવાડા**—ગામ ગૃહસ્થો સ્કુલ જમાડી કાપડ તથા મીઠાઇ આપ્યા **ભલાડા**—ગામ લોકો દેવચંદ જેઠાભાઇ વગેરે રૂ. ૨૮-૭-૬ સ્કુલ જમાડી, કાપડ તથા ઇનામ મીઠાઇ **અલિંદ્રા**—ગામના સદ્ગૃહસ્થો રૂ. ૭૦) સ્કુલ જમાડી તથા મીઠાઇ ઇનામ. **નવાગામ**—સ્કુલ કમિટિના મેમ્બરો રૂ. ૧૫) સ્કુલ જમાડી ઇનામ. **મોરજ**—મહેગૃહસ્થો

રૂા. ૩-૨-૦ મીઠાઈ, ઇનામ. શા. મગનલાલ જીવચંદ રૂા. ૧૨-૮-૦ રફલ જમાડી **કલોલી**—ગામ લોકો રૂા. ૧૧-૪-૦ રફલ જમાડી તથા ઇનામ. **મલીઆતજ**—ગામના ગૃહસ્થો વગેરે રૂા ૯) રફલ જમાડી પટેલ બોધા ભાઇ માવજીભાઇ રૂા. ૮-૮-૦ રફલ જમાડી. **દેથલી**—ગામના સદ્ગૃહસ્થો રફલ જમાડી વગેરે **લવાલ**—ગામ લોકે રૂા. ૨૬) રફલ જમાડી. રૂા. ૫) અનસબાઇ. **રતનપુરા**—ગામ લોકો રૂા. ૨૦) રફલ જમાડી **વહેરા**—ગામ લોકો રૂા ૧૩-૮-૦ રફલ જમાડી. **કુંજરાવ**—શા. નારણભાઇ મથુરભાઇ રૂા. ૩૫) રફલ જમાડી ગામના સદ્ગૃહસ્થો વગેરે રૂા. ૪૦) કાપડ **ખાંધલી**—સદ્ગૃહસ્થ ઠાકર ચકર કલ્યાનદાસ રૂા. ૧૧) રફલ જમાડી **અદાસ**—પા નરણભાઈ રામદાસ રૂા ૩૦) રફલ જમાડી. વહોરા ગુલામઅલી તૈયબઅલી રૂા. ૧૫) આતમબાઇ મણીલાલ મગનરામ રૂા ૧૦) **સાદરા ઓડવા**—પટેલ બાબ ભાઈ રવાભાઇ રફલ જમાડી. **કાસર**—ગામ લોકો રૂા. ૨૯) રફલ જમાડી. પતાસા **લાંભવેલ**—ગામ લોકો રૂા. ૧૭) રફલ જમાડી **વાંસખીલીઆ**—ગામના આગેવાનો રૂા. ૧૫) રફલ જમાડી વગેરે **ભરોડા**—પા મોમાભાઇ કુબેરભાઇ તથા સમાભાઈ બાબરભાઇ વગેરે રૂા. ૨૪) રફલ જમાડી તથા પતાસા **તણોલ**—જુદા જુદા ગૃહસ્થો રૂ ૨૯-૮-૦ રફલ જમાડી **કરમસદ**—રફલ જમાડી. ઇનામ. **કન્યાશાળા**—ગામના ગૃહસ્થો રૂા ૬) ઈંટ **રામનોળ**—કાપડ વહેચ્યુ **સારસા**—ભાઇબાભાઇ રૂા. ૧૫૨) રફલ જમાડી, ઇનામ વગેરે સદ્ગૃહસ્થો રૂા ૫૧) મીઠાઇ વગેરે **પડોદ**—મોતીલાલ લલ્લુભાઇ રૂા. ૨-૮-૦ પતાસા **કન્યાશાળા** મોતીલાલ લલ્લુભાઇ રૂા. ૧-૮-૦ પતાસાં **સામરખાં**—ગામના ગૃહસ્થો રૂા ૪૦) રફલ જમાડી. **સાદાનાપુરા**—પા નાથાભાઇ ત્રીકમભાઇ રૂા ૮) રફલ જમાડી **સંદેસર**—ગામ લોકો રૂા. ૯૧) રફલ જમાડી વગેરે **ગામડી**—જુદા જુદા ગૃહસ્થો રૂા. ૧૫-૮-૦ રફલ જમાડી **ખેરડા**—ઠાકોર સાહેબ રૂા. ૪૫) રફલ જમાડી વગેરે. **કલ્યાનવાડી**—સદ્ગૃહસ્થો રૂા. ૧૭) રફલ જમાડી. **ઓડ**—ભાઇલાલભાઇ મથુરભાઇ રૂા ૮૦) જર્મન સિલ્વરનો પ્યાલો, વગેરે મહીજીભાઇ ઠાકોરદાસ રૂા. ૧૫) કાપડ વગેરે પરશોત્તમ વલ્લભભાઇ રૂા. ૨૧) કાપડ નાથાભ કીશોરભાઇ રૂા. ૮) દામોદર કાળીદાસ રૂા ૭) અનોપચંદ કિશોરદાસ રૂા ૭) પતાસાં. મોતીભાઇ હીમાભાઇ રૂા ૨૫) કાપડ, ચતુરભાઇ નરસીભાઇ રૂા.

૧૨૫) સ્કૂલો જમાડી. વેણીભાઇ ઉમેદભાઇ રૂ. ૧૨) આતસબાજી. મોતીભાઇ જેઠાભાઇ રૂ ૩૦) ચાહપાર્ટી. **વાસદ**—ગામના સદ્ગૃહસ્થો રૂ. ૩૫) નિશાળ જમાડી. તા ૨૨-૬-૧૧ ના રોજ તા. ૧૨-૧૨-૧૧ ના રોજ રૂ ૪૦) નિશાળ જમાડી રૂ. ૧૦) કાપડ રૂ. ૭૮) સંગ્રહસ્થાન સારૂ. **દેહુમી**—ગામ લોકો રૂ. ૧૫) સ્કૂલ જમાડી. **વહેરા**—ગામ ગૃહસ્થો રૂ. ૨૧-૮-૦ સ્કૂલ જમાડી મીઠાઇ **વીરસદ**—નરવાદાર અમીનો રૂ. ૭૦) સ્કૂલો જમાડી **પીપળાવ**—ગામ લોકો સ્કૂલ જમાડી. **દાવોલ**—ગામ લોકો રૂ ૩૮) સ્કૂલ જમાડી. મીઠાઇ વગેરે **આમળોલ**—ગામ લોકો રૂ ૧૫) સ્કૂલ જમાડી, શેઠ હરીભાઇ માધવ રૂ ૧૦) મીઠાઇ વગેરે **દહેવાણ**—ઠાકોર સાહેબ રૂ ૫૦) સ્કૂલ જમાડી. મણીલાલ નાગરજી રૂ. ૫) ચા પાણી **ગોલેળ**—ગામ લોકો રૂ ૧૪) સ્કૂલ જમાડી તથા મીઠાઈ સુતાર પુજાભાઇ બાબુભાઇ, મોહનભાઇ વીક્રમભાઇ રૂ ૧૩) સ્કૂલ જમાડી. **બોદાલ**—ગામના સદ્ગૃહસ્થો સ્કૂલ જમાડી **નાપા**—સદ્ગૃહસ્થો રૂ. ૩૫) સ્કૂલ જમાડી. **ઉર્દુ સ્કૂલ**—ગામ ગૃહસ્થો સ્કૂલ જમાડી. મીઠાઇ **આંકલાવ**—દવે ડાહ્યાભાઇ નરોતમદાસ રૂ. ૫૦) સ્કૂલ જમાડી, ગોવિંદગર ઇશ્વરગર રૂ. ૧૫) કાપડ, મતાદાર પટેલો રૂ ૧૦) પેંડા ગરાશીઆ લોકો રૂ ૫) પતાસા. **સઇજપુર**—ગામના ગૃહસ્થો રૂ ૩૫) પુસ્તકો મીજબાની. **બોચાસણ**—ભાઇ રાણા પટેલ ધોરીભાઇ કીશાભાઇની વિધવા રૂ ૪૦) સ્કૂલ જમાડી, રૂપીઆપુરાના લોકો રૂ. ૧૦) **અલારસા**—ગામ લોક રૂ. ૩૧) સ્કૂલ જમાડી. **ખાનપુર**—ગા જેઠાલાલ ભગવાનદાસ રૂ ૧૫) સ્કૂલ જમાડી. પા. જીવાભાઇ નાથાભાઈ સ્કૂલ જમાડી ગામ લોકો રૂ ૨૫) કાપડ.

સુરત વિભાગ—

દાંડી—ગામ લોકો તરફથી વીદ્યાર્થીને ઇનામ રૂ ૮-૦-૦ ઘડીઆળ રૂ ૨૨) નુ **કપલેથા**—ગામ લોકો તરફથી ઘડીઆળ રૂ ૧૨-૪-૦ પતાસાં રૂ. ૩-૪-૦ ચોપડી રૂ ૧-૪-૦ **સુહાલી**—ગામ લોકો તરફથી. નામદાર શહેનશાહની છબી રૂ ૧૩-૦-૦ વિદ્યાર્થીને બે જન તથા મીઠાઈ રૂ. ૧૮-૪-૦ **ખરસાડતા** ગામ લોકો તરફથી ઘડીઆળ રૂ. ૧૧-૪-૦ મીઠાઈ રૂ. ૬-૦-૦ **બુડીઆ**—ગામ લોકો તરફથી ઘડીઆળ રૂ. ૧૦). **ભોતા**—ભરૂચના મહેરબાન ડી ડી. કલેકટર સાહેબ પુસ્તક રૂ. ૬-૮-૦ ચમચંદ ઇચ્છારામ તરફથી પતાસાં રૂ. ૧-૮-૦ **ભોતા**—ભરૂચના મહે-

રબાન ડી. ડી. કલેકટર સાહેબ તરફ રામચંદ ઇચ્છારામ તરફથી પુસ્તક તથા પતાસા રૂ. ૫-૦-૦ **કોસંબા**—ગામ લોકો તરફથી મીઠાઈ રૂ ૨૦-૦-૦ **કલોલી**—ગામ લોકો તરફથી મીઠાઈ રૂ ૧૫-૦-૦ ઘડીઆળ રૂ. ૧૦-૦-૦ **કુડસદત**—ગેહ. મુસલમીઆં કરીમભાઈ પતાસાં રૂ. ૨) પટેલ મનોર રઘનાથ પટેલ વશન ગોપાળ તથા કાલુજી દેવીસિંહ ભોજન કરાવ્યુ રૂ ૮). **વેલુક**—ગામ લોકો તરફથી ઘડીઆળ રૂ ૧૭) મીઠાઈ રૂ. ૨) **તીબા**—ગામ લોકો તરફથી મીઠાઈ. રૂ. ૫) **વેડ**—ગામ લોકો તરફથી મીઠાઈ રૂ ૧૩) દારૂખાનુ રૂ. ૭) **પનાર**—ગામ લોકો તરફથી પતાસા રૂ ૪) **કાંજણ**—ગામ લોકો તરફથી ઘડીઆળ રૂ. ૮-૮-૦ મીઠાઈ રૂ ૧-૦-૦ સ્લેટ ટોપી, પેન, ૨-૦-૦ **દોણુજા**—ગામ લોકો તરફથી ઘડીઆળ રૂ. ૧૨-૦-૦ મીઠાઈ. રૂ. ૬-૦-૦ **છરવાડ**—ગામ લોકો તરફથી પતાસાં રૂ ૧-૪-૦ હનુમાન ભાગડાના દેશાઈ ડાહ્યાભાઈ ફકીરભાઈ તરફથી પુસ્તક તથા પતાસા રૂ ૩-૪-૦ **તડકેશ્વર**—હાજીકાસમ ઇશ્રબ તરફથી મહમદ કાસમ તરફથી સ્કુલ કમીટીના મેમ્બરો તરફથી ચોપડી તથા મીઠાઈ રૂ ૧૦) **તરસાડા**—ગામ લોકો તરફથી ઘડીઆળ રૂ ૧૫) મીઠાઈ રૂ. ૭) **મગોદ**—ગામ લોકો તરફથી પેંડા તથા ડગલી તથા સ્લેટ રૂ. ૧૪) રણછોડજી ભાણાભાઈ ઝટારકર છોકરીને પૈસા વહેંચ્યા રૂ. ૨) **નિજર**—ગામ લોકો તરફથી મીઠાઈ પેંડા રૂ ૪-૮-૦ **પચરાડીઆના** ગામ લોકો તરફથી મીઠાઈ રૂ ૪-૮-૦ સરજણના પટેલ કુંવરજી નરસિંહ પતાસા રૂ ૨-૦-૦ **સેગવી**—ગામ લોકો તરફથી મીઠાઇ રૂ ૩) **સરસ**—ગામ લોકો તરફથી ઘડીઆળ રૂ. ૧૬-૮-૦ મીઠાઈ રૂ ૧૫-૦-૦ પતાસા રૂ. ૬-૮-૦ છોકરીને છીંટ રૂ. ૫-૦-૦ હાર-તોરા-કલગી. રૂ ૧-૪-૦ **વરાડ**—ગામલોકો તરફથી મીઠાઈ રૂ. ૮-૮-૦ ટોપી તથા પેન રૂ ૩-૪-૦ કસરતનો સામાન. રૂ ૪-૦-૦

શુદ્ધિપત્ર.

માર્ચ ૧૯૧૨ ના શાળાપત્રને પૃ૦ ૧૧૯ મે ન. ૧ તથા ૨ ના પુસ્તક ધર્મનીતિબોધિની ભા. ૧ તથા ૨ ' ગુજરાતી પ્રાથમિક કન્યાશાળાઓમાં ઇનામ માટે ' મંજૂર થયલા લખ્યા છે, તેને બદલે ' ગુજરાતી પ્રાથમિક શાળાઓમાં ઇનામ માટે ' મંજૂર થયલા વાંચવા.

REGISTERED NO B 43.

અંક ૫ મો. પુસ્તક ૫૨ મું.

Gujarat School Paper.

ગુજરાત શાળાપત્ર.

સં. ૧૯૧૨.

વિષય. અનુક્રમણિકા. પૃષ્ઠ.

૧. ચોથી ગુજરાતીસાહિત્યપરિષદ્ ... ૧૬૧
૨. કેળવણી .. .. ૧૬૨–૧૭૦.
૩ તુર્કી શહેનશાહત.(મ. દ. દલાલ) ... ૧૭૦–૧૭૬.
૪ અમારી શાળા (વિ. ય.) ... ૧૭૬–૧૭૭.
૫. જર્મનિની પ્રાથમિક શાળાઓનું દિગ્દર્શન. (જ. અ સૈયદ.) ૧૭૮–૧૮૫.
૬. સંગીતવિષય. (લ. આ. વ્યાસ). ... ૧૮૫–૧૮૮.
૭ ગણિત (ર. કા. પટેલ) ૧૮૯–૧૯૨
૮. શ્રી રૂદ્ર અને લઘુ ચાણક્યનું ભાષાંતર. (છ. વિ રાવળ) ... ૧૯૨–૧૯૭
૯. કેળવણીખાતાની જાહેર ખબરો. ... ૧૯૮–૨૦૦.

તન્ત્રી (ઝાઝમ્ટ ૧૯૦૨ થી)-અને
પ્રકાશક—રા. બ. કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી, બી. એ.,
પ્રિન્સિપલ, પ્રે. રા ટ્રેનિંગ કૉલેજ—અમદાવાદ.

કેળવણીખાતાના હુકમથી.

(સર્વ હક્ક સ્વાધીન રાખ્યા છે).

મામાદ.૧૯૬—યુનાઇટેડ કંપનિ પ્રેસમાં રણછોડલાલ મગનલાલે છાપ્યું.

કેળવણી. (ચાલુ પૃષ્ઠ ૧૨૫ થી).

સ્ત્રીપુરુષનાં ભિન્ન જીવન; તેને અનુસરતી કેળવણીની આવશ્યકતા—ગૃહકાર્ય, બાળકોની કેળવણી, સ્વામીના દરેક કાર્યમા સહાયક થવુ, કાલિદાસની ઉચ્ચ ભાવના પ્રમાણે, તેની ગૃહિણી, ધીસચિવ, ગુહ્ય કાર્યમાં સખી, ને કલાવિધાનમા પ્રિય શિષ્ય થવુ—આ બધા ધર્મો જે કેળવણીથી તે બરાબર બજાવવા સમર્થ થાય તેજ કેળવણી ઇષ્ટ છે. જેથી સ્ત્રીત્વને શોભાવનારા વિનય, લજ્જા આદિ ગુણો ને સહૃદયતા પોષાય તેજ કેળવણી ઇષ્ટ છે; માટે આર્યભાવનાને અનુસરતી કેળવણીની યોજના રચવી. અત્ર એટલું પણ કહેવું આવશ્યક છે કે પુરુષે પણ સ્ત્રીનું માહાત્મ્ય સમજવું જોઈએ ને તેની પ્રતિષ્ઠા જાળવવી જોઈએ

માફી ને ફરજિયાત કેળવણી:—સ્ત્રીકેળવણી તેમજ પુરુષકેળવણી બને માફી કરી બનેનો પ્રચાર વધારવો થોડાંક વર્ષ માફી કેળવણીનો પ્રયોગ અજમાવ્યા પછી આરભમાં મોટા મોટાં શહેરોમા કેળવણી ફરજિયાત કરવામાં કઈ વાધા જેવુ નથી. પ્રાથમિક શાળાના, પાશ્ચાત્ય દેશોમાં છે તેમ, નીચલો ને ઉપલો એવા બે વર્ગ પાડી, નીચલા વર્ગનો અભ્યાસક્રમ ઘણોજ સરળ, લેખન, વાચન, ને કામજોગુ ગણિત, એટલોજ કરી શિક્ષણનો વખત ઘણો ઓછો કરવો જોઈએ. દિવસમા માત્ર ત્રણ કલાક શિક્ષણ હોય તો બસ છે ગામડામાં જે સમય ખેતરમા કામ કરવા જવાનો હોય તેથી ભિન્ન સમયે એ ત્રણ કલાક રાખ્યા હોય તો ગરીબ માણસો છોકરાને પોતાની સાથે મજુરીએ લઈ જાય છે તેમા વાધો નહિ આવે આવી રીતનો પ્રયોગ કરવાથી કેળવણી લોકપ્રિય થશે ને તેનો પ્રચાર વધશે પછી ફરજિયાત કેળવણી દાખલ કરવામાં કોઈ પણ જાતનો વાધો નડશે નહિ ફરજિયાત કેળવણી એ ઉચ્ચ ઉદ્દેશ છેવટે સફળ થવોજ જોઈએ અને જેમ જેમ એ ઉચ્ચ ઉદ્દેશની સમીપ પહોચતા જઈએ તેમ તેમ આપણુ કલ્યાણ અધિક અધિક થશેજ. એ કલ્યાણ પરજ પ્રજાનો અભ્યુદય આધાર રાખે છે ને એ કલ્યાણમાંજ રાજ્યની સપત્તિ, મહત્તા, આદિ સર્વ હિત સમાયલું છે આ દૃષ્ટિબિંદુથી જોતા શ્રીમાન્ ગાયકવાડ સરકાર કેળવણીનો બહોળો પ્રચાર કરી સર્વત્ર ફેલાવવા પ્રયત્ન કરી રહ્યા છે તે સ્તુત્ય છે.

પ્રાથમિક શાળાનો અભ્યાસક્રમ—પ્રાથમિક શાળાના નીચલા

વર્ગનો અભ્યાસક્રમ એવો જોઈએ કે જેમને અભ્યાસ પૂરો કરી ધંધે વળગવું હોય તેઓ ધંધે વળગી અવકાશના વખતમા સાધારણ પુસ્તકો વાંચી આનન્દ મેળવી શકે, તેમજ જેમની ઇચ્છા ઔદ્યોગિક શાળા, કે કૃષિશાળામાં દાખલ થવાની હોય તે ત્યા દાખલ થઈ શકે એવી ઔદ્યોગિક શાળા ને કૃષિશાળા પણ સામાન્ય પદ્ધતિની જોઈએ. હાલના વખતમા એવા શાળાઓની દરેક શહેરમાં જરૂર છે એથી ધંધાદાર લોકો પોતાના ધંધામા વધારે દાખલ થશે, કેટલાક નવા ધંધાનાં દ્વાર ખૂલશે, ને લોકોને આજીવિકાના સાધન મળશે ઉપલા વર્ગની પ્રાથમિક શાળામા બે વિભાગ રાખવા. નીચલા વિભાગનો અભ્યાસક્રમ માધ્યમિક શાળામા દાખલ થવા પૂરતો રાખવો ને ઉપલાનો અભ્યાસક્રમ ઊંચા પ્રકારનો રાખવો સાહિત્ય, ગણિત, ને પ્રાકૃતિક વિદ્યા, એ વિષયોમાથી જેને જેનું જ્ઞાન સપાદન કરવુ હોય તેને તે વિષય લેવાની છૂટ રાખવી. સાહિત્યના વિષયમાં સ્વભાષા ઉપરાત સંસ્કૃત કે ફારસી, અને હિંદી ભાષાનું જ્ઞાન ફરજિયાત જોઈએ હિંદુસ્તાનની ભિન્ન ભિન્ન પ્રજાઓ વચ્ચે ઐક્ય લાવવા કેટલાક, રાજકીય ચર્ચાદ્વારા, કેટલાક સામાજિક ને ધાર્મિક સુધારાદ્વારા, ને કેટલાક લિપિની એકતાદ્વારા મથન કરે છે પરતુ આખા દેશમા હિંદી ભાષાનો પ્રચાર થાય તો ભિન્ન ભિન્ન પ્રજાઓ એક બીજાના વિચારો સારી રીતે સમજી શકે, પ્રવાસમાં લોકોને પડતી મુશ્કેલીઓ દૂર થાય, ને કેટલીક ચર્ચાના માર્ગ સુગમ થાય. વળી સ્વભાષાના સારા જ્ઞાન ને મિલકત માટે સસ્કૃત ભાષાન જ્ઞાનની જરૂર છે. જે ભાષામાં આપણાં ધર્મશાસ્ત્રો રચાયલા છે, જે ભાષા વેદ, ઉપનિષદ્, વ્યાકરણાદિ વેદાંગો, ન્યાય, મીમાસા, વેદાન્ત આદિ દર્શનો, રામાયણ, મહાભારત આદિ પુરાણો, કાવ્ય, નાટક આદિ સાહિત્યના ઉત્તમ ગ્રન્થોથી પરિપૂર્ણ છે, જે ભાષાનું પાશ્ચાત્ય પ્રજા પૂજ્યબુદ્ધિથી અધ્યયન કરે છે તે ભાષા આપણે પોતે ન જાણીએ તો તે કેવુ શરમ ભરેલુ કહેવાય? એ ભાષાના અભ્યાસને આપણી માયાળુ અંગ્રેજ સરકાર, વિદેશીય છતાં પણ સારૂ ઉત્તેજન આપે છે પણ હજી ઘણા વિશેષ ઉત્તેજનની જરૂર છે જર્મનિમા ૨૧ યુનિવર્સિટિમાં સસ્કૃત શિખવાય છે. આપણા દેશી રાજાઓએ ગીર્વાણ ભાષાને પૂરતું ઉત્તેજન આપવુ જોઈએ તેમણે સસ્કૃત કૉલેજ સ્થાપવી જોઈએ ને પોતાના રાજ્યમા સસ્કૃત પુસ્તકોના જે ભંડારો હોય તેમાથી ઉત્તમ પુસ્તકો છપાવવાં જોઇએ. મહારાજાશ્રી સયાજી-

રાવ જેઓ કેળવણીને ઉત્તેજન આપવામાં, અન્ય રીતે પણ જેથી પ્રજાનું કલ્યાણ થાય એવો દરેક ઉપાય યોજી પ્રજાના મનનું અનુરંજન કરવામાં ને દેશની આબાદી ને વૃદ્ધિ થાય એવી રીતે રાજ્યતન્ત્ર ચલાવવામા સુપ્રસિદ્ધ છે તેઓશ્રીને મારી નમ્ર વિજ્ઞાપના છે કે તેઓશ્રીએ સંસ્કૃત જ્ઞાનની અભિવૃદ્ધિ કરવી ને પાટણ વગેરે સ્થળોના ભંડારોમાંથી અપ્રસિદ્ધ પુસ્તકોનું સરોધન ને મુદ્રણ કરાવવુ યુક્ત છે કે નહિ તે સમજી પોતાના અધિકારી વર્ગનો ગત લઈ જે ઉપાયો યોગ્ય લાગે તે યોજવા ભાઈસોર, ત્રાવણકોર આદિ ગાદીઓમા સસ્કૃત શાળાઓ છે ને સસ્કૃત પુસ્તકોનું સશોધન રાજ્યને આશ્રયે થાય છે ઉદાર, વિદ્યાવ્યસની અને અલૌકિક પ્રભાવવાળા મહારાજા શ્રીમાન્ સયાજીરાવનું લક્ષ યોગ્ય બાબત પર ખેંચાયુ તો તે ફળપ્રદ થયા વિના રહેશે નહિ એવી આશા છે

આ પ્રમાણે પ્રાથમિક શાળા ને ઔદ્યોગિક શાળાની યોજના થાય તો સાધારણ બુદ્ધિના, ધંધારી વર્ગના, અને જેમની શક્તિ અગ્રેજી ભણવાની ન હોય, પરતુ ઊંચા પ્રકારનું સાહિત્યનું ને પ્રકૃતિક વિજ્ઞાનનુ જ્ઞાન મેળવવાની જેમની ઇચ્છા હોય તે સર્વને લાભ થાય ને સર્વનો જીવનમાર્ગ પણ સુગમ થાય.

માધ્યમિક શાળાનો ને ઊંચી શાળાનો અભ્યાસક્રમ—આવાજ પ્રકારની યોજના માધ્યમિક શાળામા કરી શકાય એમના પણ બે વર્ગ પાડી, એક વર્ગનો અભ્યાસક્રમ કૉલેજોમા દાખલ થવાનો અધિકાર પ્રાપ્ત કરાવે એવો ને બીજા વર્ગનો વ્યાપાર સબધી, ને ઔદ્યોગિક કેળવણી લેવા સમર્થ બનવે એવો જોઇએ કૉલેજના અભ્યાસક્રમ પણ ભિન્ન ભિન્ન વૃત્તિ સચવાય તેમજ ધંધે વળગવુ હોય તેને તે કામ માટે સમર્થ કરે ને સશોધન કરવાની વૃત્તિવાળાને તે કામને માટે લાયક કરે એવા જોઈએ હાઈ સ્કૂલોમા માધ્યમિક કેળવણી મળે છે, તેના અભ્યાસક્રમમાં સાહિત્ય, વિદ્યા, ઇતિહાસ, ભૂગોળ, ગણિત, વગેરે સર્વ બાબતો, જેનુ સામાન્ય જ્ઞાન હાલના જમાનામા કેળવાયલા પુરુષમા હોવુજ જોઈએ તેવી દાખલ કરવી જોઈએ. આમ યોજના થાય તો હાઈ સ્કૂલનુ શિક્ષણ પૂરૂ કરી, ડાક્ટરી, ઇજનેરી, ખેતીની, વિદ્યાની, ગણિતની, કાયદાની, કે સાહિત્યની કૉલેજો કે ઊંચા પ્રકારની ઔદ્યોગિક શાળા ને કલાભવનો, જેમાં વિદ્યાર્થીને દાખલ થવાની ઇચ્છા હોય તેમાં તે દાખલ થઈ શકે. સાહિત્યની

કૉલેજોમા ભાષાશાસ્ત્ર, અંગ્રેજી, સંસ્કૃત, સ્વભાષા, ને હિંદી ભાષાના સાહિત્યનો ક્રમિક અભ્યાસક્રમ જોઈએ જેમને આજીવિકા પ્રાપ્ત કરવાની જરૂર ન હોય એવા ધનાઢ્યના બાળકો કે જેઓ વિદ્યાવ્યસન ને વિદ્યાવિલાસમાં જીવન નિગમન કરી સ્વલ્પ દ્રવ્યપ્રાપ્તિ થાય તેથી સંતુષ્ટ રહી શકે એવા હોય તેઓ સાહિત્યની કૉલેજોમા જશે કદાચ આવી યોજના થાય તો ભિન્ન ભિન્ન રુચિઓ તૃપ્ત થાય, જીવનયાત્રા સુગમ થાય, ને તેથી પ્રજામા સર્વત્ર સંતોષ રહેવાય

વ્યાવહારિક સૂચના—હવે શિક્ષકમંડળી કેટલીક વ્યાવહારિક સૂચના આપી આ લાંબો થયેલો લેખ પરિસમાપ્ત કરવા રજા લઉં છું. શિક્ષકનો ધંધો સર્વ ધંધામા અત્યુત્તમ છે એમ લૉર્ડ કર્ઝને એક સમયે કહ્યું હતું ને બીજા વિદ્વાનો પણ કહે છે એમા કંઈ પણ અતિશયોક્તિ નથી એ અક્ષરશ સત્ય છે પૂર્વ સમયના ગુરુ ને આચાર્ય માનનીય ને જગદ્વન્દ્ય પદવીએ હાલના શિક્ષકો વિરાજે છે દ્રોણાચાર્ય ચાણક્ય આદિ પૂર્વના ગુરુઓથી ઉજ્જ્વળ પણ ઉપન. તેઓ વિદ્યાના સાગર હોવાથી રાજામા ને પ્રજામા સર્વત્ર સન્માન પામતા ને બ્રાહ્મણજાતિના હોવાથી આખી બ્રાહ્મણજાતિ દેવવત્ પૂજાતી ભૂદેવ ભૂસુરના નામથી હતી, આટલે બધે સમયને અન્તરે પણ, પૂર્વ સમયના માનની છાયા પણ નથી તે પણ બ્રાહ્મણને શ્રદ્ધાળુ લોકો માન આપે છે આવી પદવી ધારણ કરનાર ગુરુને સહજ સમજાય કે તેની પદવી ઘણી ઊંચી છે ને તેનો ધંધો ઘણો ચડી આતો છે એ પદવીનું ગૌરવ સાચવવુ તેના પોતાના હાથમા છે તેને માટે તેનામ વિદ્યાવિલાસ, વિનયન સારૂં જ્ઞાન, કર્તવ્યનિષ્ઠા આદિ ઊંચા પ્રકારના ગુણો જોઈએ તેણે પોતાના શિષ્યનો અધિકાર બરાબર સમજવો જોઈએ ને તેને અનુસરતુંજ પોતાનુ શિક્ષણ કરવુ જોઈએ શિષ્યને કયા દોકર ખાવાનો સમય છે, શુ અઘરુ કરવુ કઠિન છે તે બરાબર સમજવુ જોઈએ આનોંદમા એ ગુણ હોવાથીજ તેની ઉત્તમ શિક્ષકમા ગણના થઈ છે તેને વિરે એમ કહેવાય છે કે શિષ્યો પોતાના દોષ સમજતા તેના કરતા તે વધારે સારી રીતે સમજતો શિક્ષક પોતે જાતે શિષ્યની સ્થિતિમા હોય તેમ સમજી તેમની વૃત્તિ ને શક્તિની બરાબર પરીક્ષા કરી પાત્રતા પ્રમાણે જ્ઞાનનું સિંચન કરવુ જોઈએ આમ શિષ્યની વૃત્તિ સાથે શિક્ષક ને શિક્ષકની વૃત્તિ સાથે શિષ્ય એકતાન થાય ત્યારે તૃષ્ણાનુ છોડને

જ્ઞાનનું પાન કરતા નિહાળવામાં પ્રેક્ષકને પણ એક સ્થળે ટેનિસન કહે છે (To watch the thirsty plants imbibing) તેમ, અત્યાનન્દ થાય છે. અહિં 'તૃષ્ણાલુ' વિશેષણ સાભિપ્રાય છે, જ્યારે તૃષ્ણા ઉત્પન્ન થાય ત્યારેજ પાન બરાબર થાય છે.

કિંડર્ગાર્ટનપદ્ધતિનું રહસ્ય; વિદેશીય પદ્ધતિ—આજ કારણથી બાલસ્વભાવનો અભ્યાસ ને તેને અનુસરતી કેળવણી રૂસો, પેસ્ટેલોઝાઈ, ને ફ્રોબેલે પાશ્ચાત્ય પ્રદેશોમાં યોજી ને તેમા તેમને ઉત્તરોત્તર વિજય મળ્યો. પણ અત્ર એટલુ ધ્યાનમા રાખવું કે અમુક પદ્ધતિ એક દેશને અનુકૂળ ને યોગ્ય હોય તે બીજા દેશને પણ હોયજ એવો નિયમ નથી. જર્મન બાળકોની પ્રકૃતિનો અભ્યાસ કરી ફ્રોબેલે યોજેલી કિંડર્ગાર્ટનપદ્ધતિ જર્મનિમાં જેટલી વિજયી થઈ, તેટલી ઈંગ્લંડમા થઈ નથી, ને ન થાય એ સ્વાભાવિક છે: કેમકે ઈંગ્લંડના બાળકો બધી રીતે જર્મન બાળકોની પ્રકૃતિનેજ અનુસરતાં હોય નહિ પાસે પાસેના દેશમા ને સરખી પ્રજામા પણ આ પ્રમાણે બાળકોની પ્રકૃતિમા ફેર પડે છે, તો આપણા દેશમાં તો પરિસ્થિતિ, કુટુંબજીવન, બાલસ્વભાવ વગેરે તદ્દન જુદી તરેહનાં હોય તેથી એ પદ્ધતિ ફાવે નહિ એ સ્વાભાવિક છે. ત્રણથી છ વર્ષના છોકરા માટે એ પદ્ધતિ પાશ્ચાત્ય દેશોમા યોજેલી છે, ત્યાં એવા નાના બાળકો શાળામાં જાય છે આપણા દેશમા એ અવધિ પૂરો થયા પછી કે થવા આવ્યાને સુમારેજ બહુ ના છોકરા શાળામા જાય છે પાશ્ચાત્ય દેશનાં છોકરા ગુરુને ત્રાસ આપે છે, કેમકે તેમનુ ચિત્ત અસ્થિર છે ને ભણવા તરફ ચોટતુ નથી, તેમને કામે લગાડી તેમનું ચિત્ત સ્થિર કરવા કિંડર્ગાર્ટનપદ્ધતિના જુદા જુદા ઉદ્યોગો શોધી કાઢ્યા છે. આપણા છોકરા એ છોકરાને મુકાબલે વિનીત, સાવધાન, તથા સ્થિર ચિત્તવાળા છે, તે દેશોમા ઔદ્યોગિક ને યાન્ત્રિક શાળાઓ પુષ્કળ છે, તેથી કિંડર્ગાર્ટનપદ્ધતિથી જેનામા હસ્તલાઘવ આવ્યુ હોય કે જેને હસ્તકળા પર પ્રેમ થયો હોય ને એનુ વિશેષ જ્ઞાન સંપાદન કરવુ હોય તેને તે કામ સહેલુ છે. આપણા દેશમા એમાનુ કંઈ નથી આ પ્રમાણે અમુક વિદેશીય પદ્ધતિ જેની સ્થિતિમા તે દેશમાં ચાલતી હોય તેવીજ સ્થિતિમાં આપણા દેશમા આપણે દાખલ કરીએ તો કંઈ લાભ થાય નહિ. પરતુ તેનું રહસ્ય સમજી આપણી પરિસ્થિતિને યોગ્ય તે કેરફાર કરીએ તો લાભ થવાનો સંભવ થાય. આ પ્રમાણે

બ સ્વભાવની પરીક્ષા કરી તેને અનુસરતું શિક્ષણ આપવું એ જે કિંડર્ગાર્ટનપદ્ધતિનું તત્ત્વ તે લક્ષમાં રાખી કામ કરવાનું છે, બાળવર્ગને ફ્રોબેલની બક્ષીસો ને ઉદ્યોગો શિખવ્યા ને તેમની પાસે જુદા જુદા માટીના કે કાગળના નમુના કરાવી બાહ્ય આડમર પર વિશેષ લક્ષ આપનાર પ્રેક્ષકજન કે પરીક્ષકજનનું મન રંજન કર્યું એટલે કૃતાર્થ થયા એમ સમજવાનું નથી. પાત્રને અનુસરતું શિક્ષણ, અધિકાર પ્રમાણે જ્ઞાન આપવું એજ એ પદ્ધતિનું રહસ્ય છે, એજ એના યોજનાર ફ્રોબેલનુ હાર્દ છે એ કઈ અમુક વય કે ધોરણનેજ લાગુ પાડી સંકુચિત કરવાનું નથી સર્વ ધોરણમાં એ લક્ષમા રાખવાનું છે

શિષ્ય-પ્રાચીન ભાવના—તેમજ પ્રાચીન આર્યાવર્તમાં શિષ્ય કેવી સ્થિતિમાં વિદ્યાભ્યાસ કરતા તે પણ શિક્ષકે ધ્યાનમા લેવાનું છે શિષ્યની બ્રહ્મચર્ય અવસ્થા, ગુરુકુલનિવાસ, ને ગુરુસેવા, સાદુ જીવન, ને તપશ્ચર્યા જેવી સ્થિતિ એ સર્વથી તેઓ કેવા જ્ઞાની સાથે વિનીત થતા ! અવિનીત, અસરળ, ને ગુરુની કે અન્યની નિન્દા કરનારને શિક્ષણજ આપવાની મના હતી ' असूयकायानृजवेऽयताय न मा ब्रूया वीर्यवती तथा स्याम् ।—વિદ્યાવિદેવના કાગરૂપિણી થઈ પવિત્ર ને જ્ઞાની બ્રાહ્મણ પાસે જઈ નમ્ર થઈ કહે છે કે મારૂં રક્ષણ કરો હું તમારા સુ મનુ નિધાન થઈશ. કોનાથી તારૂં રક્ષણ કરૂં ? પરનિન્દા કરનાર, અસરળ હૃદયવાળા ને અનિયતેન્દ્રિયવાળા પુરુષને તમે વિદ્યાદાન ન કરતા, તેનાથી મારૂં રક્ષણ કરજો, તમને હું તેજસ્વી થઈશ આ ઉપરથી શિષ્ય અગાઉ કેવા વિનીત, જિતેન્દ્રિય, નિષ્કપટી, ને પરનિન્દાથી મુક્ત હતા તે સમજાવે વળી તેઓનુ જીવન ઘણું સાદુ હતું તેમને ખાટલા પર સુવાની પણ મના હતી खट्वारूढ એ નિંદ્ય સમાસને પાણિનિ ' જાડમ ', ' અવિચારી ', ' દુષ્ટ ' ના અર્થમા આપે છે. આ પ્રમાણે ભાષા પણ તેમના સાદા જીવનની સાક્ષી પૂરે છે

ભાષાનો સામાજિક સ્થિતિ પર પ્રકાશ—આ પ્રસંગે ભાષા સામાજિક સ્થિતિ વગેરે પર કેવો પ્રકાશ પાડે છે તે તરફ કઈક આ મડળનું લક્ષ ખેચુ છુ बहुवीहि એ શબ્દ તપાસો એ શુ બતાવે છે ? ડાંગેર વગેર અનાથી પુરુષનુ દ્રવ્ય મપાતું એવી સામાજિક સ્થિતિ એ શબ્દ દર્શાવે છે. અંગ્રેજીમા જેમ pecuniary શબ્દ

દ્વારથી દ્રવ્ય મપાતુ એમ દર્શાવે છે તેવોજ **બહુવ્રીહિ** શબ્દ છે વળી બને સમસ્ત અવયવોનુ જેમા પ્રાધન્ય હોય, અર્થાત્, બનેનુ સામ્ય હોય તેવા સમાસને **દ્વન્દ્વ** સંજ્ઞા આપી છે, તેથી સ્ત્રીપુરુષ । મિથુનમા બનેની સમાનતા છે, સ્ત્રી પુરુષની ગુલામ નથી, પણ બનેને દરજ્જે સરખો છે એમ ભાષાજ ખુબી રીતે બતાવે છે વળી એ બેમા સ્ત્રીને અગ્રહિત ગણીને સ્ત્રીવાચક પદ **દ્વન્દ્વ** સમાસમા પૂર્વ પદ થાય છે એવુ વાર્તિક કાત્યાયન આપે છે આપણે 'ઉમામહેશ્વર', 'લક્ષ્મીનારાયણ', 'સીતારામ', 'રાધાકૃષ્ણ' વગેરે શબ્દો ગુજરાતીમા પણ વાપરીએ છીએ હાલની પેરે પૂર્વે સમયમા પણ તીર્થના બ્રાહ્મણો યાચવૃત્તિ કરતા ને અગ્ર હતા એમ **તીર્થધ્વાङ્ક્ષ**, ને **તીર્થકાક** શબ્દો સૂચવે છે **પાત્રસમિતાः, પાત્રચતુરા, ગેહે શૂરાः, ગેહેનર્દી** એ શબ્દો ભોજનસમયે અગ્રીને ઊભા રહેનાર, અર્થાત્, પારકાના ઉદ્યોગનું ફળ ચાખવામા તૈયાર, ઉદ્યોગમા ભાગ લેનાર નહિ, ઘરમા શૂરા ને ગર્જના કરનાર, રણમા નહિ, એવા હાલના જેવા અગાઉ પણ હતા એમ દર્શાવે છે ગુજરાતી ભાષામા પણ શબ્દોના અભ્યાસથી અનેક નિયમો લક્ષમાં આવશે 'વ્યસન' શબ્દનો મૂળ સારો અર્થ હતો. '**વિદ્યાયાં વ્યસનમ્**' એમ સંસ્કૃતમા છે. ગુજરાતીમા નઠારા અર્થમા વપરાઈ સામાજિક અધોગતિ દર્શાવે છે 'ધર્મ' શબ્દનો અર્થ ગુજરાતીમા 'ઈશ્વર તરફની ફરજ' એમ સંકુચિત થયો છે 'વ્યાપાર' શબ્દનો અપભ્રંશ 'વેપાર' પણ એજ રીતે અર્થમા સંકુચિત થયો છે 'પ્રાણી' શબ્દ પણ ગુજરાતીમા એવો થયો છે. 'પીતામ્બર' શબ્દ મૂળના 'પીળું વસ્ત્ર' એ અર્થમાથી વિસ્તાર પામી 'અમોલીઆ' ના અર્થમા વપરાય છે વિચાર કરતા આવા બીજા દાખલાઓ પણ મળશે અંગ્રેજી ભાષાના શબ્દો પર ટ્રેન્ચે 'શબ્દોનો અભ્યાસ' એ નામનુ વિદ્વત્તાભરેલું પુસ્તક લખ્યુ છે તેવુ પુસ્તક ગુજરાતીમા પણ થઈ જાય એમ છે

અવકાશના સમયનો ઉપયોગ—શિક્ષકોએ અવકાશનો સમય વાચન, સત્સંગ, કે બીજી કોઈ ઉપકારી રીતે જ્ઞાનની વૃદ્ધિ સાથે આનન્દ મેળવવામાં નિર્ગમન કરવો, [illegible] તા, બાલિશતા, કે લાઘવ જણાય ને નિરુપકારને પાત્ર થવાય એવી [illegible] ન ગાળવો કેટલાક મોટા માણસો અવકાશના સમયમા અશિષ્ટ રીતે આનન્દ ભોગવતા અચકાતા નથી. એ વિષે

ડૉ. જૉન્સને એક સ્થળે ઘણા ઉત્તમ વિચાર* નીચે પ્રમાણે દર્શાવ્યા છેઃ—

અભ્યાસશીલ ને કલ્પનાશીલ પુરુષો વિષે વારવાર એવી ટીકા કરી શકાય કે તેઓ નજીવી ચીજો માટે મગરૂર હોય છે અને તેમના આનન્દો નમાલા ને બાલિશ હોય છે આનુ કારણ કદાચ એમ હોય કે પોતે મોટી ખ્યાતિવાળા છે એમ જાણનારા એ લોકો અમારી કોઈ નિન્દા કરી શકનાર નથી અને નજીવી બાબતમા વિલાસ કરવામા અમે લોકોની નિન્દાથી સહીસલામત છીએ એમ વિચારે છે, અથવા તો ઊંચી બુદ્ધિવાળા પુરુષોએ સર્વ પ્રસંગે સરખી મહત્તા બતાવવી જોઈએ એવી ધારણા મનુષ્યજાતિ તેમને માટે બાંધે છે અને જ્યારે તેઓ એ મહત્ત માથી નીચી દશામા જાય છે ત્યારે તે અધમતા તરફ દ્વેષ ને આશ્ચર્યથી જુએ છે જેમ કોઈ પુરુષ ગરુડ પક્ષીને ઊંચુ આકાશમાં ઊડતુ પોતાની નજરે જોઈને કદી પણ તેને માળા પર નીચે ઊતરતું જોઈ દિલગીર થાય તેમ મોટા પુરુષોને અધર્મ રીતમાં જતા જોઈ તેઓ દિલગીર થતા જણાય છે

છેવટની સૂચના—આવા શિક્ષકમંડળોથી અનેક લાભ છે શિક્ષકો એકઠા મળી શિક્ષણના વિષયોની ચર્ચા કરે, પરસ્પર પોતાનો અનુભવ દર્શાવે, અને થોડા અનુભવવાળાઓ વિશેષ અનુભવવાળાના વિચારો જાણે તેમા તેમને પોતાને લાભ થાય ને તેથી તેમનાં બાળકોને લાભ થાય એ દેખીતુજ છે લક્ષમા એટલું રાખવાનુ છે કે સામાન્ય વાતો કરવાને

---

* It may be frequently remarked of the studious and speculative, that they are proud of trifles, and that their amusements seem frivolous and childish. Whether it be that men conscious of great reputation think themselves above the reach of censure, and safe in the admission of negligent indulgences, or that mankind expect from elevated genius an uniformity of greatness, and watch its degradation with malicious wonder; like him who having followed with his eye an eagle into the clouds, should lament that she ever descended to a perch.

બદલે અમુક અમુક વિષયો ને ધોરણોની અમુક અમુક બાબતોના શિક્ષણ વિષે પોતાને મળતો અનુભવ, તેમાં પડતી અડચણ વગેરે વિષે વિચારો ચલાવવાથી વિશેષ લાભ થશે.

અન્તે આવા સમાજોમાં કેળવણીને લગતા અનેક વિષયોના લેહ્યપોહ દ્વારા શિક્ષણમાં તાત્વિક સુધારા થાય, આગામિની પ્રજાના કલ્યાણમાં વૃદ્ધિ થાય, ને આ શિક્ષકસમાજની ઉત્તરોત્તર ઉન્નતિ થાય એવી મારી પ્રભુ પ્રત્યે પ્રાર્થના છે.

તુર્કી શહેનશાહત.

એ શહેનશાહતના સ્થાપન કરનારનું નામ ઉસ્માન (Othman or Osman) હતું. તે પરથી એ ઑટોમન શહેનશાહતના નામથી પ્રખ્યાત છે. એમાં યુરોપી તુર્કસ્તાન, એશિઆઇ તુર્કસ્તાન, અને આફ્રિકાના કેટલાક પ્રદેશનો સમાવેશ થાય છે. એક વખતે એ શહેનશાહતનો ફેલાવો ઘણો જબરો હતો છેક ડાન્યુબ નદીથી લઈને નાઈલ નદીના ધોધ સુધી, અને યુફ્રેટીસ નદીના કિનારાથી તે મોરૉક્કોની સરહદ સુધી એનો વિસ્તાર હતો; પણ સત્તરમા સૈકાથી એનું લશ્કરી બળ તથા સત્તા ઘટવા લાગ્યાં, અને ધીમેધીમે એક પછી એક દેશ પરથી એની સત્તા ઊઠવા માંડી. હવે એની સત્તા ઘટી ઘટીને પ્રથમ કરતાં ઘણી ઓછી થઈ છે. કેટલાકનું ધારવું એવું છે કે ઇટલિ સાથે ચાલતા હાલના વિગ્રહને પરિણામે એ રાજ્ય હજી પણ વધારે સંકોચાશે.

યુરોપી તુર્કસ્તાન—પશ્ચિમમાં આલ્બેનિઆ, મધ્યમાં મૅસીડોનિઆ, અને પૂર્વમાં એડ્રિઆનોપલ તથા કૉન્સ્ટન્ટિનોપલના પ્રાંતો—આટલોજ ભાગ તે હાલનું યુરોપી તુર્કસ્તાન. બીજી રીતે કહીએ તો બાલ્કન પર્વતની દક્ષિણે આવેલી કાળા સમુદ્રથી તે એડ્રિઆટિક સુધીના પ્રદેશની પટીએજ તુર્કસ્તાનનો મુલક. એ પટીની દક્ષિણે ગ્રીસનું સ્વતંત્ર રાજ્ય આવેલું છે, ઉત્તરે મૉન્ટીનીગ્રો, બૉસ્નિઆ અને હરઝીગોવિનાના પ્રાંતો છે જે સને ૧૮૭૮ માં ઑસ્ટ્રિઆ-હંગેરીના કબજામાં આવ્યા, અને સને ૧૯૦૮ માં તે રાજ્ય સાથે જોડાઈ ગયા. બલ્ગેરીઆની ઉત્તરે કાર્પેથિઅન પર્વતની હારમા હાલ રોમાનિઆનું રાજ્ય છે, તે પણ એક વખત તુર્કી શહેનશાહતનો ભાગ હતો

આફ્રિકામાં તુર્કસ્તાનના મુલક—આ મુલક ઘટી ઘટીને હાલ

ફક્ત ત્રિપોલી ઉપર આવી રહ્યો છે, કેમકે ફ્રાન્સના રાજ્યલોભને લીધે ૧૮૩૦ માં ઍલ્જીર્સ, અને સને ૧૮૮૧ મા ટયુનિસ એ બને તુર્કસ્તાનના હાથમાંથી ગયાં છે

એશિઆઈ તુર્કસ્તાન—તુર્કસ્તાનના રાજ્યનો કોઈ પણ ભાગ હકબંધ રહ્યો હોય તો તે ફક્ત એશિઆઈ તુર્કસ્તાન છે—ફક્ત કાર્સ અને બાટુમ સને ૧૮૭૭ ના વિગ્રહ પછી રૂશિઆને આપવામા આવ્યા એજ બાદ. યુક્રાઈન અથવા કાળા સમુદ્રથી તે રાતા સમુદ્ર અને ઇરાની અખાત સુધીનો સઘળો વિસ્તાર એશિઆઈ તુર્કસ્તાનનો છે.

૧૯ મા સૈકાની શરૂઆતમા ગ્રીક લોકોએ સ્વતંત્રતા માટે લડાઈ શરૂ કરી, અને રૂશિઆ, ફ્રાન્સ, અને ઈંગ્લંડની મદદથી તેઓએ સને ૧૮૩૦ મા સ્વતંત્રતા મેળવી સર્વિઆને સને ૧૮૨૦ મા સ્વરાજ્ય મળ્યુ સને ૧૮૭૮ માં તે ખરેખરૂં સ્વતંત્ર થયુ, અને કેટલોક પ્રદેશ વધારામાં જીતી લીધો. સને ૧૮૮૨ મા તે એક જુદા રાજ્ય તરીકે જાહેર થયુ. મૉલ્ડેવિઆ અને વૉલેશિઆના બે નાના રાજ્યો પણ ૧૮૫૧ મા જોડાઈ ગયાં અને રોમાનિઆના રાજ્યને નામે ઓળખાયા બર્લિનની સંધિથી તેમને સ્વતંત્રતા મળી. સને ૧૮૮૧થી તે પણ એક જુદા રાજ્ય તરીકે પ્રસિદ્ધ થયું. બર્લિનનાજ તહનામાથી બૉસ્નિઆ અને હરઝીગોવિના ઑસ્ટ્રિઆ—હુંગરીના હાથમાં આવ્યાં, મૉંટીનીગ્રોની હદ વધારવામા આવી, અને બલ્ગેરીઆનું નાનું રાજ્ય નવું સ્થપાયું

એશિઆઈ તુર્કસ્તાન—ઉપરની હકીકત પરથી માલમ પડશે કે તુર્કી સુલતાનનો સૌથી અગત્યનો મુલક એશિઆમા છે, કારણ કે યુરોપમાં એ રાજ્યનું ક્ષેત્રફળ (લગભગ ૬૫ હજાર ચોરસ માઇલ) હવે લગભગ ઈંગ્લંડ જેટલું (લગભગ ૫૦ હજાર ચો. મા) રહ્યુ છે. એશિઆઈ તુર્કસ્તાનનુ ક્ષેત્રફળ લગભગ ૭ લાખ ચોરસ માઇલ છે એટલે ઈંગ્લંડથી ૧૪ ગણુ મોટુ છે, અને હિંદુસ્તાનથી અડી ગણુ નાનુ છે. એની સરેરાસ વસ્તી દર ચોરસ માઇલે ૨૪ માણસની છે એશિઆ માઇનોર, આર્મીનિઆના ઉચ્ચ પ્રદેશનો થોડો ભાગ, મેસોપૉટેમિઆ, પૅલેસ્ટાઈન સાથે સીરિઆ, અને અરબસ્તાનના કિનારા પરનો કેટલોક મુલક, એ એના મુખ્ય વિભાગો છે ૧૮૭૮ ની બર્લિનની સંધિની રૂએ આ પ્રદેશો પણ ઈંગ્લંડના રક્ષણ નીચે આવ્યા. આ 'રક્ષણ' એટલે શુ સમજવું તે હજી કોઈએ સ્પષ્ટ રીતે નક્કી કર્યું

દેખાતુ નથી, તોપણ જો ઇંગ્લંડની સત્તા લઈ લેવામા આવે, તો બેશક રૂશિઆ જલદીથી તુર્કસ્તાનનો મુલક દબાવવા માંડે આવા દબાણના ભયને લીધેજ ખાસ કરીને સાઇપ્રસનો ટાપુ બ્રિટિશ ગલ્બવટીવટ નીચે રાખવામા આવ્યો છે, અને જ્યાસુધી કાર્સ અને બાટુમ રૂશિઆ પાસે રહેશે ત્યાસુધી એ બ્રિટિશ અમલ નીચે ચાલુ રહેશે

ચાર સમુદ્ર પર કાબુ ધરાવનાર આ તુર્કસ્તાનની સ્થિતિ વેપારને ઘણી અનુકૂળ હોવાથી રૂશિઆ એના પર અદેખાઈની નજરથી જુએ છે. એક જણ લખે છે કે "રૂશિઆ એક જોરાવર રાક્ષસ (giant) જેવું છે, અને જે બધનોને લીધે તેને પોતાના વિશાળ મુલકમા ને મુલકમાં એક કેદી જેવુ રહેવુ પડે છે તે તોડી નાખવાને તે કાંકા મર્યા કરે છે, કેમકે તે સારી રીતે જાણે છે કે તેના કેદખાનાની કુંચીઓ તુર્કસ્તાનના હાથમા છે રૂશિઆની દક્ષિણના ઓડીસા વગેરે મોટા બદરોવાળાને પોતાના વહાણ ભૂમધ્ય સમુદ્રમા મોકલવા હોય, તો બૉસ્ફરસ અને ડાર્ડનેલ્સની નાની સામુદ્રધુનીઓમા થઈનેજ તેમને પસાર થવ પડે, અને એ બને ઠેકાણે તુર્કી તોપોનો ભય આગળ ને આગળ રહે છે." યુરોપમાં તુર્કસ્તાનનુ રાજ્ય સૌથી નબળામાં નબળું હોવાથી, તે એકલુ પોતાના ધનો પણ બચાવ કરવાને તદન અશક્ત છે, તો તાબાના બીજા દેશોનુ રક્ષણ તો કયાથી જ કરે ! એ પરથી માલમ પડે છે કે એશિઆમાં સુલતાનની સત્તા કેવળ નામ માત્રની છે, એટલે સુધી કે થોડાક વર્ષ ઉપર આર્મીનિઆમા કુર્દ નામના લડવૈયા લોકોએ સેકડો ખ્રિસ્તીઓને મારી નાખ્યા એ જાત એ પ્રદેશના ઘણા પહાડી ભાગમા રહે છે, અને આસપાસના શહેરો તથા ગામડાઓ લૂટી આવીને ત્યાં ભરાઈ રહે છે. આ કારણથી રૂશિઆને વચમા પડવાનુ મક્કમ બાનુ મળી આવે છે. કેમકે આર્મીનિઅન લોકોને કૉકેશિઆમાં વસવાની મના કરવા છતા તેઓ રક્ષણને માટે ત્યા આવ્યા કરે છે, અને તેમને પાછા તેઓનાં ગામડામા કાઢી મૂકવા પડે છે આ કારણને લીધે કૉકેસસ પર્વતની દક્ષિણના પ્રદેશમા રૂશિઆની સત્તા વધતી જાય છે મેસોપૉટેમિઆમાં પણ તુર્કી રાજ્ય ઘણું નબળુ છે, અને ત્યાના રણની જંગલી જાતોને કાબુમા રાખવાને તે તદન અશક્ત છે એ જાતો વારવાર વણજારને લૂટે છે, અને નહેરોની યોજ-

નાનાં સાધનોનો નાશ કરે છે, જેથી કરીને ઘણી જમીન પહેલાં ફળદ્રુપ હોવા છતાં ખેતીવાડીને માટે તદ્દન નાલાયક થતી જાય છે મેસોપોટેમિઆની પશ્ચિમે સીરિઆ આવેલુ છે એ સીરિઆના બે ઘણા અગત્યના વેપારના મથકો ડમાસ્કસ અને અલેપ્પો છે અસલના ફીનિસ્યન વેપારીઓ સીરિઆમાં થઈને ભૂમધ્ય સમુદ્ર ઓળંગી હોડીઓમા માર્સેલ્સ જતા, અને ત્યાથી વણજાર સાથે ફ્રાંસમાં થઈને ઇંગ્લંડ જતા ઘઉં, રેશમ, તમાકુ, અને નાગી, એ સીરિઆની મુખ્ય પેદાશ છે

એશિઆઈ તુર્કસ્તાનનો મુખ્ય વિભાગ એશિઆ માઇનોર છે તે ઘણે ભાગે ઉજ્જડ અને આશરે ૩૦૦૦ ફુટની ઊંચાઈએ આવેલો એક સપાટ પ્રદેશ છે. ફક્ત કિનારા પાસેના કેટલાક ગામડાઓ ફળદ્રુપ છે.

આફ્રિકામાં તુર્કી રાજ્ય—ઉપર કહી ગયા તે પ્રમાણે સને ૧૮૩૦ મા આલ્જીર્સ, અને ૧૮૮૧ માં ટ્યુનિસ ફ્રાન્સના રાજ્યલોભને લીધે જવાથી આફ્રિકામાંનો તુર્કી મુલક ઘોડો થતો થતો હવે ત્રિપોલી પર આવી રહ્યો છે.

ત્રિપોલી એટલે ત્રણ શહેર આ નામ લેપ્ટિસ, ઓઈઆ, અને સેબ્રેટા એ ત્રણ ફીનિસ્યન શહેરો પરથી પડ્યુ છે. એ બાર્બરી સંસ્થાનોનો એક ભાગ છે, ને મીસર અને ટ્યુનિસની વચ્ચે આવેલુ છે દક્ષિણે ફેઝન અને ઈશાનમા બાર્કાનો સમાવેશ ત્રિપોલીમા થાય છે. એને ઓટોમન શહેનશાહતનો પ્રાંત અથવા વિલાયત (ગવર્નમેંટ) કહે છે, અને ત્યાંના પાશાને સુલતાન વાઇસરૉયની સત્તા આપી નીમે છે એનુ કુલ ક્ષેત્રફળ ૪૦૦,૦૦૦ ચોરસ માઇલ છે, એટલે તે ઇંગ્લંડ ને વેલ્સ કરતા લગભગ સાતેક ગણું થયુ. ત્યાની વસ્તી દસ લાખ કરતા કંઈક વધારે છે. ભૂમધ્ય સમુદ્રના કિનારા પરની જમીન ફળદ્રુપ છે અને હવા તદુરસ્ત છે, પણ દક્ષિણ તથા પૂર્વના ભાગો ઉજ્જડ અને વેરાન છે મુખ્ય ધંધો ઢોર ઉછેરવાનો છે. અનાજ, તમાકુ, એસ્પાર્ટો ઘાસ, રૂ, મજીઠ, ફળો, એ નામખી, અને દીવેલી, એ મુખ્ય પેદાશ છે. પાણીવાળી ખીણોમાં ખજૂરીઓ પુષ્કળ થાય છે, અને ઑસ્ટ્રિયના પીંછાનો વેપાર મોટા પાયા પર ચાલે છે. રાજધાની ત્રિપોલી છે, અને આખા પ્રાંતના એ મુખ્ય બંદરમા ૩૦,૦૦૦ માણસની વસ્તી છે.

આબોહવા અને પેદાશ—યુરોપી તુર્કસ્તાનની આબોહવામાં એકા-

દરકાર બિલકુલ કરતા નથી. તેઓ જ્યારે બેફીકરાઈ તથા આરામમા જિંદગી ગાળી નાખે છે, ત્યારે સખ્યાબંધ પરદેશીઓ ઉદ્યોગી મધમાખીની માફક સખત મહેનત કરી તેમનીજ આખ આગળ પુષ્કળ દ્રવ્ય ભેળુ કરે છે

કેળવણી—તુર્કસ્તાનમાં પ્રાથમિક કેળવણી નામની ફરજિયાત છે. છોકરાઓ માટે ૬ થી ૧૧ વર્ષની ઉમર સુધી, અને છોકરીઓ માટે ૬ થી ૧૦ વર્ષની ઉમર સુધી. કેળવણી મફત અપાય છે. બધી નિશાળો સરકારના તાબામા છે, પણ જુદીજુદી કોમોની ધાર્મિક કેળવણીમા કોઈ વચ્ચે પડતું નથી પ્રાથમિક કેળવણીમાં તુર્કી ભાષા, કુરાન, ગણિત, ઇતિહાસ, ભૂગોળ, અને જુદાજુદા પ્રકારની હાથની કારીગરીના કામનો સમાવેશ થાય છે; પણ કેળવણીનુ કામ મુસલમાન ધર્મગુરુઓને સોપવામાં આવ્યુ છે, એટલે કિમતી કેળવણી મળી શકતી નથી ૧૧ થી ૧૬ વર્ષની ઉંમરના છોકરાને માટે મધ્યમ વર્ગની (middle-class) નિશાળો છે તેમાં પ્રાથમિક વિષયો ઉપરાંત ફ્રેંચ, ભૂમિતિ, અને પદાર્થવિજ્ઞાનની જુદી જુદી શાખાઓનુ જ્ઞાન આપવામા આવે છે અલેપ્પોમા ૭૧૦ મુસલમાની, ૨૫૦ ખ્રિસ્તી, અને ૩૦ યાહૂદીની નિશાળો છે, જેમાં અનુક્રમે ૧૫,૦૦૦, ૮,૦૦૦, અને ૨,૦૦૦ વિદ્યાર્થીઓ છે સામાન્ય કેળવણીના વિષયો ઘણે ભાગે ધર્મ સબધી હોય છે, તે ઉપરાત થોડીક નિશાળોમા ફ્રેંચ, અને જુજમા અગ્રેજી શિખવાય છે શહેનશાહતમા બધી જાતની મળી ૩૧,૨૩૦ નિશાળો છે, અને વિદ્યાર્થીની કુલ સખ્યા ૧૩,૩૧,૨૦૦ ની છે, એટલે વસ્તીના પ્રમાણમાં ૨૪ માણસે ૧ ભણે છે.

અમારી શાળા.

(રા. રા. વઠ્ઠલરાય યજ્ઞેશ્વર).

રાગ લૈરવી-તાલ ગઝલ.

શાળા અમારી તીર્થભૂમિ, જ્ઞાનગગા ત્યાં વહે; ટેક.
શિક્ષાગુરુ ત્યા દેવ છે, ત્યાં શારદા તો ધ્યેય છે.
સંગીત નીતિ ગેય છે, અભ્યાસ ભક્તિમાં રહે. શાળા.
શાળા અમારી ફૂલવાડી, ત્યાં સુવાસ સુશીલતા,
આનંદ, ગમ્મત, ખેલ નાના સગ ને ઓપાવતા શાળા
શાળા અમારી રાજધાની, શારદા રાણીતણી:
બાલ્યાં અમે બાલો, અમોને નીરખી રાજી ઘણી. શાળા.

આ યજ્ઞવેદિ યત્નની, છે રંગભૂમિ ઉમગની;
જ્યવંત ક્ષેત્ર નિપુણની, સર્વસ્વ સૌ ઉરમા બની. શાળા.
શાળા અમારૂં સ્વર્ગ છે, નિશાળ નંદનવન છે;
ત્યાં દેવનાં દર્શન છે, દેવી જિસ સુપ્રસન્ન છે. શાળા.

પ્રયત્નસેવન.

ભૈરવી—ગઝલ.

તું યત્ન કર, ફરિ યત્ન કર, નિરાશ થાવું ના ઘટે. ટેક.
નિરાશ થાવુ ના ઘટે,
નિરાશ થાવું ના ઘટે. તું.
શાહ-રાહ ભણતરના નથી,
ગુલ-બાગ જીવનના નથી,
વણ જાત મહેનત તો નથી
સુખ લાભ કંઈ પૃથ્વીપટે. તું.
ઈશ રહાય આળસને નથી,
આપ બળ વિના મદદે નથી,
પ્રભુ સ્હાય, સ્હાય પ્રયત્નથી,
ફરિ યત્ન કર, થાશે ફત્તેહ. તુ.

વિનયાધીનતા.

મિશ્રરાગ—તાલ દાદરા.

હા, વિનય ધરો, નમન કરો, અધીન રહો,
નિજ ગુરુજનમાં. ટેક.
વિવેક થકી વ્હાલ વધે ને
મળે મધુરા માન;
જીવન, પ્રેમ અને જય જામે,
વિરલ વધે જ્ઞાન હા.
વધિલ જીભે વેદ વિભુના,
વાણી ઈશ્વરની આણ;
ગુરુ સોટીમાં અશ પ્રભુના,
હુકમ—શાસન જાણ. હા.

*જર્મનિની પ્રાથમિક શાળાઓનું દિગ્દર્શન.

રા. રા. જનુભાઈ અચરતલાલ સૈયદ.

એક તત્ત્વવેત્તા યુરોપખંડની શાળાઓના જર્મન તથા રોમન એવા બે પ્રકાર પાડે છે. જર્મન પદ્ધતિએ શિક્ષણ આપનારી શાળાઓનો મુખ્ય ઉદ્દેશ મન તથા શરીર બન્નેને કેળવવાનો હોય છે. આ ઉપરાંત ધાર્મિક તેમજ નીતિની ભાવનાઓ શિષ્યવર્ગમાં પ્રચલિત કરવાનો પ્રયાસ પણ આ શાળાઓના શિક્ષકો કરે છે. બીજા પ્રકારની (રોમન) કેળવણી આથી કેટલેક અંશે ભિન્ન છે. તેનાં મુખ્ય લક્ષણ નીચે મુજબ હોય છે:—

(૧) શિક્ષણપદ્ધતિ બને તેટલી સંપૂર્ણ સ્વરૂપની બનાવવાની સ્વાભાવિક ઇચ્છા

(૨) તે હેતુને લીધે ઉદારતાથી કરવામાં આવતો નાણાંનો વ્યય.

(૩) ધાર્મિક શિક્ષણનો અભાવ (આ શાળાઓમાં ધર્મશિક્ષણ તરફ અપ્રીતિ નથી પણ તટસ્થતા વધારે દેખાય છે).

(૪) ઔદ્યોગિક કેળવણી વાસ્તે અપાતું ખાસ લક્ષ.

આવી કેટલીક ભિન્નતા બન્ને પ્રકારની શાળાઓમાં છે. જે શાળાઓમાં વિદ્યાર્થીના મન તથા શરીર કેળવવા તરફ વિશેષ લક્ષ અપાય છે તેજ ઉત્તમ ગણી શકાય, અને તેથી આજે જર્મન પદ્ધતિ અગ્રસ્થાન ભોગવે છે. શિક્ષણપદ્ધતિ, કાર્યસાધકતા, કરકસર, ઇત્યાદિ ગુણોને લીધે આધુનિક સમયમા આ શાળાઓ ઉત્તમ ગણાય છે. જર્મનિની શાળાઓએ બીજી શાળાઓ સાથે સરખાવતા પ્રથમપદ પ્રાપ્ત કર્યું છે તે નિશાળનાં મકાનોની સુંદર કે ભવ્ય રચનાને લઈને નથી, પરંતુ તે શાળાઓમાં જે રતુત્ય, ઉત્તમ, તથા અનુપમ સ્વરૂપનું શિક્ષણ આપવામાં આવે છે તે શિક્ષણના સ્વરૂપને લીધેજ દરેક પુરુષ તેને ઉત્તમ માને છે. આ શાળાઓમાં દરેક માણસ ભણે છે એટલે કે કેળવણી લેવાની દરેકને ફરજ પા

* આ લેખ જ્યુબિલિના ખાસ અંક માટે આવેલો તે ખાસ અંકમાં ણાવ્યા પ્રમાણે અવકાશને અભાવે અત્ર છાપવામાં આવ્યો છે.

ડવામાં આવે છે—એ વાત આ શાળાની મુલાકાત લેનાર દરેક પ્રેક્ષકનું લક્ષ ફેરે છે. બાળકોને કેળવણી લેવાનું મન થાય, અને કેળવણી પ્રતિ પ્રીતિ વધે એવા હેતુથી દેવળોમાં બાળકોને બેસવાની સગવડ જુદી કરવામાં આવે છે. બગીચામા ફરવાની દરેક જાતની તેમને છૂટ હોય છે. આમ કેળવણી સર્વોપયોગી તથા લોકપ્રિય થાય તેને વાસ્તે સરકાર અનેક પ્રકારના પ્રયત્નો કરે છે શિક્ષણનો હેતુ પૂર્ણ રીતે સફળ થાય તે સારૂ જે જે સાધનો આવશ્યક લાગે તે બધાં અનુકૂલ કરવાં તથા પૂરા પાડવાં એ પ્રુશિઆની પ્રાથમિક શાળાઓનો ખાસ નિયમ છે.

જર્મનિની શાળાઓમા પ્રુશિઆની પ્રાથમિક શાળાઓ નમુનારૂપ મનાય છે, તેથી ત્યાં અપાતી કેળવણીના સ્વરૂપનું દિગ્દર્શન કર્યાથી બીજી શાળાઓના શિક્ષણનું સ્વરૂપ સમજાશે. બહુધા કેળવણી ઉપર દેખરેખ રાખવાનું કામ રાજ્ય—સરકાર—પોતે કરે છે. હવે પ્રુશિઆની શાળાઓમાં કેળવણીની વ્યવસ્થા કેવા પ્રકારની છે તે વિચારીએ.

પ્રાથમિક તેમજ અન્ય પ્રકારની કેળવણી ઉપર દેખરેખ રાખવાનું કામ તે ખાતાના મંત્રીને સોપેલુ છે. આ મંત્રી 'કૅબિનેટ' નામની સભાનો એક સભાસદ હોય છે અને કેળવણીને અગે ઉપસ્થિત થતા દરેક વિષયમાં રાજા તેને જવાબદાર ગણે છે પ્રુશિઆના કુલ ૧૩ પ્રાંતિક વિભાગ પાડેલા છે. દરેક પ્રાંતનો ઉપરી પ્રમુખ કહેવાય છે; તેને મદદ કરનારી એક સભા હોય છે. તેનો દરેક સભાસદ એક અથવા વધારે ખાતાનો ઉપરી હોય છે. કેળવણીખાતા ઉપર દેખરેખ રાખનાર સભાસદદ્વારા કેળવણીને લગતી દરેક બાબત સ્થાનિક સત્તાધિકારી પુરુષો વડી સરકાર સમક્ષ રજુ કરે છે. દરેક પ્રાંતની 'સ્કૂલ બોર્ડ'ના સભાસદોને કેળવણીખાતાનો મંત્રી (Minister of Education) નીમે છે, પણ તે નીમણુક મંજુર કરવાની સત્તા રાજા પોતે ધરાવે છે. દરેક પ્રાંતના કેટલાક પેટા વિભાગ પાડેલા છે, તેની સખ્યા પ્રુશિઆમાં કુલ ૩૬ છે. આ દરેક વિભાગમા ૬ સભાસદોનું બનેલું એક 'સ્કૂલ બોર્ડ' હોય છે, તે માંના બે સભાસદોને રાજા નીમે છે, બાકીના ચાર પ્રાંતના કેળવણીખાતા તરફથી નિમાય છે. આ મંડળના અધિકારીની મુદત ૬ વર્ષની રાખે છે, અને તેનું મુખ્ય કર્તવ્ય પ્રાથમિક શાળાઓ ઉપર દેખરેખ રાખવાનું તથા

શિક્ષકોને કેળવવા તેમજ નીમવાનું છે. અભ્યાસક્રમ ઘડી કાઢી તેને અમલમાં મૂકવાની સત્તા સરકાર પોતાને હસ્તક રાખે છે. સરકાર તરફથી કરવામાં આવતુ પ્રાથમિક શાળાઓ તપાસવાનું કામ (Inspection) નિયમિત નથી; વર્ષમાં અમુક વખત શાળાઓમાં અપાતું શિક્ષણ તપાસવુંજ જોઈએ તેવો દૃઢ નિયમ ત્યાં પ્રચલિત નથી. શિક્ષકોને એવી સપૂર્ણ તથા સુદર રીતે શિક્ષણ આપી કેળવવામા આવે છે કે પ્રુશિઆમા વારવાર શાળાઓ તપાસવાની આવશ્યકતા પ્રાપ્ત થતી નથી. કોઈ પણ પ્રસંગે શિક્ષકો તથા વ્યવસ્થાપકો વચ્ચે મતભેદ ઉપસ્થિત થાય તો તેનો નિર્ણય સરકાર પોતે કરે છે. દરેક ગામની શાળાઓની વ્યવસ્થાનુ કામ સરકારે પાદરીઓને સોંપ્યુ છે. આ પાદરીઓ શાળાની વ્યવસ્થાને અંગે એક એવા પ્રકારની સત્તા ધરાવે છે કે જર્મનિનો શિક્ષકવર્ગ તેમની અમુક પ્રકારની વર્તણુકને લીધે તેમને વિઘકર્ત્તા માને છે. પાદરીઓનું લાગણી વિનાનું વર્તન, સરકારી અમલદારોને પોતાના અધિકારને લીધે ગમે તેવા સ્વરૂપના ખાનગી રિપોર્ટો લખી મોકલવાની રીત, આવા રિપોર્ટોને પરિણામે શિક્ષકવર્ગની ભવિષ્યની વૃદ્ધિની આશાઓનુ છેદન, દેવળો પ્રતિ વિદ્યાર્થીઓનું લક્ષ વધારે દોરવવા તેમના અધિકારનો થતો દુરુપયોગ, જે શિક્ષકો દેવળોમાં નિત્ય હાજરી આપે તેમના તરફ પ્રદર્શિત થતો પક્ષપાત, ઇત્યાદિ કારણોને લીધે જર્મન શિક્ષકને તે પાદરીઓ તરફ સ્નેહ કે સંતોષની વૃત્તિથી જોવાનું મન થતું નથી.

પ્રુશિઆની પ્રાથમિક શાળાઓ જે જર્મન પદ્ધતિપ્રમાણે ટ્રેનિંગ કૉલેજ કે માધ્યમિક શાળાઓના મુખ્ય શિક્ષક, ઇત્યાદિ ગુણોનેજો તપાસવા માટે આ ઇન્સ્પેક્ટરો પોતાના અવકાશનો ઘોડાય છે. જર્મનિયોગમાં લે છે. જે પ્રાથમિક શાળાઓ તપાસવામાં આવે પદ પ્રાપ્ત કર્યાને લગતી સૂચનાઓ તથા દીક્ષાઓના રિપોર્ટ પ્રુશિઆમાં કરવામાં નથી, નથી. જે શિક્ષકને પોતાની શાળા કે વર્ગના શિક્ષણ સંબંધી કરવાર્ટ. ઝીવેલી સૂચનાઓ જાણવાની ઇચ્છા થાય તેને ઇન્સ્પેક્ટરની ઑફિસમાંથી તે રિપોર્ટો વાચવા મળે છે.

નિશાળના ધારા.

૧૩ વર્ષની અંદરના બાળકોને રાજ્યના કાયદા પ્રમાણે કોઈ નોકરીમાં રાખતું નથી. મોટી વયના બાળકો શાળાઓનો અભ્યાસ પૂરો કરી અમુક

પ્રકારની યોગ્યતા પ્રાપ્ત કરે તોજ નોકરી મેળવી શકે છે. પ્રુશિઆની ગામડાંની નિશાળોમાં ૬ થી ૧૩ વર્ષની વયના બાળકો માટે હાજરી ફરજીઆત છે. શહેરોની પ્રાથમિક શાળાઓમાં તેને બદલે ૬ થી ૧૪ ની હદ હોય છે આ નિયમ જર્મનિમાં એક કાયદારૂપે પળાય છે, અને આ કાયદો એટલા લાંબા સમયથી તેમજ નિયમિત રૂપે પળાતો આવે છે કે દરેક બાળક દરરોજ નિશાળમા હાજર રહે છે. વસ્તુત પ્રત્યેક વિદ્યાર્થીને હાજર રહેવાની જાણે ટેવ ન પડી હોય એમ નજરે પડે છે. શાળાઓમાં દાખલ થઈ દરેક બાળક કેળવાય અને નિયમિત રીતે હાજર રહે તેને સારૂ રાજ્યે નીચેના કેટલાક નિયમો–કાયદા–ઘડયા છે.

(૧) ગામડાંનાં દરેક બાળકની ખરી ઉંમર જાણવા સારૂ તે બાળક જન્મે કે તરતજ તેના જન્મની નોધ કરી લેવામાં આવે છે.

(૨) નિશાળે મોકલવા લાયક ઉંમરે જે બાળકો પહોચ્યા હોય તેમનાં નામની યાદી પોલીસ સ્કૂલ બોર્ડને લખી મોકલે છે. આવી યાદી વર્ષમા બે વાર મોકલવામાં આવે છે.

(૩) પછીથી સ્કૂલ બોર્ડ શાળાના મુખ્ય શિક્ષક તરફ તે યાદી રવાના કરે છે. આ યાદી મોકલવાનો મુખ્ય હેતુ એ હોય છે કે વર્ષની શરૂઆતમા અથવા કોઈ પણ પ્રકારની લાબી રજા પછી નિશાળ ઊઘડે તે વખતે કેટલા નવા વિદ્યાર્થીઓ દાખલ થશે તેની મુખ્ય શિક્ષકને પ્રથમથી ખબર પડે.

(૪) કોઈ પણ વિદ્યાર્થી નિશાળમાથી યોગ્ય કારણો સિવાય ગેરહાજર રહે તેમજ તેવે પ્રસંગે તેના માબાપની ચીઠ્ઠી ન મોકલે તો તેનું નામ 'પોલીસ'ને લખી મોકલવામા આવે છે. આ માણસ પછીથી યોગ્ય તપાસ કરે છે, અને ગેરહાજરી સબળ કારણવાળી માલુમ ન પડે તો તે વિદ્યાર્થીના બાપને તાકીદ આપે છે.

(૫) વિદ્યાર્થીની ગેરહાજરી સારૂ તેના બાપ અથવા વાલી જવાબદાર ગણાય છે આ પુરુષને તાકીદ આપ્યા છતા જો બાળક હાજર રહેવામા બેદરકારી બતાવે તો તે બાપ કે વાલીનો દંડ થાય છે. આટલા ઉપાયો યોજ્યા છતાં તે બાળક સુધરે નહિ તો તેને 'Reform School' (ઉચ્છૃંખલ બાળકો અથવા યુવકોને સુ-

ધારનારી શાળા) મા મોકલી દે છે. માત્ર માંદગીને સબબે થતી વિદ્યાર્થીની ગેરહાજરી દોષપાત્ર ગણાતી નથી.

નાણાં સંબંધી મદદ.

પ્રુશિઆની પ્રાથમિક શાળાને સરકાર તરફથી મળતો નાણાંનો આશ્રય એક સરખો હોતો નથી. કેટલીક શાળાઓને સરકારની મદદ પૂરી મળે છે, ત્યારે અન્ય શાળાઓને શિક્ષકના પગારના અમુક ભાગ જેટલો ખર્ચ મળે છે. સામાન્ય રીતે જે ગામ કે શહેરની આર્થિક સપત્તિ સારી, તેને સરકાર નાણાંનો આશ્રય પ્રમાણમાં જુજ આપે છે. આ નિયમ અંગ્રેજી પદ્ધતિ સાથે સરખાવતાં અતિશય વિચિત્ર લાગે છે, ઉદાહરણ તરીકે શહેરોની શાળાઓને એકંદર ખર્ચનો ⅓ ભાગ સરકારની મદદ રૂપે મળે છે, ગામડાંની શાળાઓમાં કુલ આવકના ⅓ ભાગની રકમ સરકાર તરફથી અપાય છે, ⅓ સ્થાનિક વેરા નાખી ઉઘરાવાય છે, પ્રાથમિક શાળાઓને અગે ૪૦ ટકા જેટલો ખર્ચ 'સ્ટેટ' પોતે દર વર્ષે કરે છે. કોઈ પણ શાળાને સરકાર તરફથી નાણાંનો આશ્રય જરા પણ ન મળતો હોય, તો તેથી તે શાળા અથવા શિક્ષક ઉપર રાજ્યનો અધિકાર ન્યૂન થતો નથી.

મકાનો.

જૂના સમયમાં શાળાના મકાનો સગવડ વિનાનાં હતાં. હાલ જેમ કેટલાક શહેરોમાં વસ્તી વધતી જાય છે તેમ તેને અનુકૂળ થાય એવાં નવાં મકાનો બાંધવામાં આવ્યાં છે. જે કેટલાંક મકાનો આરોગ્યનાશક અને નિર્માલ્ય નજરે પડે તે બધા નવી પદ્ધતિ પ્રમાણે સુધારાય છે, ગામડાંની પ્રાથમિક શાળાઓનાં મકાનો બે માળનાં હોય છે, તેનો ઉપલો માળ શિક્ષકને રહેવાના ઉપયોગમાં આવે છે. આસપાસની જગા સ્વચ્છ તથા છૂટી હોય છે. શહેરની શાળાઓનાં મકાન ૪ માળના હોય છે. વિદ્યાર્થીને બેસવાના ઓરડા ઉત્તરાભિમુખ હોય છે, એકદર ૧,૨૦૦ થી ૧,૬૦૦ વિદ્યાર્થીનો સમાવેશ થઈ શકે એવા મોટાં તે મકાનો હોય છે. મુખ્ય તથા મદદનીશ શિક્ષકો, સમ્રહસ્થાન, અને પુસ્તકાલયના ઉપયોગ અર્થે મકાનની દક્ષિણ બાજુએ છૂટા ઓરડા રાખેલા હોય છે. વિદ્યાર્થીઓને વાપરવાના દરેક ખંડની લંબાઈ ૩૦ ફુટ અને પહોળાઈ ૨૦ ફુટ રાખે છે; કુલ ૭૦ છોકરાં બેસી શકે એટલી જગા દરેક ખંડમાં હોય છે.

જર્મનિની દરેક શાળામાં એક પુસ્તકાલય હોય છે જેને એગે રાજ્યને દર વર્ષે કુલ ૨,૫૭૦ પૌંડ ખર્ચ થાય છે. વિદ્યાર્થીને ઉપયોગમાં આવે એવાં પુસ્તકો ખરીદવા સરકાર દરેક શાળાને વર્ષે ૩૦ શિલિંગ આપે છે. જર્મનિની ઘણી ખરી શાળાઓને લગતો એક સુંદર બગીચો પણ હોય છે.

અભ્યાસક્રમ.

બધી પ્રાથમિક શાળાઓનો અભ્યાસક્રમ એક સરખો રાખેલો છે. એમ પણ કહી શકાય કે શાળાઓ એક બીજીથી ભિન્ન છેજ નહિ, શિક્ષકો, શિષ્યવર્ગ, મકાનો, વ્યવસ્થા, તથા શિક્ષણ આપવાની રીત એ સર્વત્ર એકજ સ્વરૂપના છે. પ્રાથમિકશાળાઓમા શિખવાતા મુખ્ય વિષયો (૧) ધર્મ, (૨) જર્મન (જર્મન ભાષાનું વાચન, લેખન, તથા તેના શબ્દોની જોડણી) (૩) અંકગણિત (૪) ભૂમિતિનુ સાધારણ જ્ઞાન, (૫) ડ્રૉઇંગ (૬) ભૂગોળ (૭) પદાર્થપાઠ, અને (૮) કસરત છે. છોકરીઓની નિશાળમાં શિખવવાના વિષયોમા બહુ તફાવત નથી. માત્ર કસરતને બદલે સંગીત તથા સોયકામ શિખવાય છે.

જર્મન શિક્ષક.

જર્મનિની શાળાઓની નિરીક્ષા કરનાર કોઈ પણ પુરુષને તે શાળાના શિક્ષકના ઉમદા ચારિત્ર્યને માન આપ્યા વિના ચાલતુ નથી, પોતાની જાત પ્રતિ માનની લાગણી ધરાવનાર કર્તવ્ય બજાવવા નિરંતર ખંત ધરાવનાર, ઉપરી અધિકારી તરફ પૂજ્યભાવથી જોનાર જર્મન શિક્ષક જેવા ગુણોવાળા શિક્ષકો બીજે સ્થળે ભાગ્યેજ નજરે પડશે. તેઓ શિષ્યવર્ગ તરફ દૃઢ નિશ્ચયવાળાં વર્તન આચરે છે તેથી શિષ્યો તેમને પિતૃભાવ, માન, અને વફાદારીથી વધાવી લે છે. વર્ગ વ્યવસ્થા સારૂ જર્મનિની શાળાઓ સોટીનો ઉપયોગ અલ્પાંશે કરે છે આવા ઉત્તમ શિક્ષકો કયા વર્ગનો હોય છે, એ પ્રશ્ન સહજ ઉપસ્થિત થાય છે. બહુધા ખેડુતોજ શિક્ષકના ધંધામાં જોડાય છે. ઘણા શિક્ષકોને પ્રથમ ' મૉનિટર 'નું કામ કરવુ પડે છે, અને શાળામાં કામ કરતા શિક્ષકને તેના કાર્યમા મદદ આપવી પડે છે. આ મદદના બદલામાં શિક્ષક તે ' મૉનિટર ' ને ' ટ્રેનિંગ સ્કૂલ ' ની પરીક્ષા સારૂ તૈયાર થવાના અભ્યાસમા મદદ આપે છે. ટ્રેનિંગ કૉલેજની વાર્ષિક પરીક્ષા એવી સંપૂર્ણ અને બારીક પ્રકારની લેવામાં આવે છે કે માત્ર યોગ્યતા ધરાવનાર

વિદ્યાર્થીઓ તેમાં દાખલ થઈ શકે છે. પ્રુશિઆની અંદર આવી શિક્ષણ આપનારી શાળાઓ પુરુષવિદ્યાર્થી સારૂ ૧૧૫ અને સ્ત્રીવિદ્યાર્થી સારૂ ૧૧ છે. આ કૉલેજોનુ ધાર્મિક વાતાવરણ પ્રબળ હોય છે, કેમકે પ્રિન્સિપલમાના ૫૩ ટકા વિશ્વવિદ્યાલયમાં તત્ત્વજ્ઞાનની પરીક્ષા આપી ઉત્તીર્ણ થયલા હોય છે. કૉલેજોમાં શિક્ષણ લેનારની સખ્યા કુલ ૧૦૦ ની રાખે છે. કૉલેજની સાથે જોડેલી એક 'પ્રેક્ટિસિંગ સ્કૂલ' પણ હોય છે. આ કૉલેજોને અંગે પડતો બધો ખર્ચ સરકાર આપે છે, જે માથાદીઠ વર્ષે ૩૦ પૌંડ જેટલો આવે છે. વિદ્યાર્થીને આ કૉલેજોમાં ત્રણ વર્ષ સુધી અભ્યાસ કરવો પડે છે. અભ્યાસક્રમ બહુધા પ્રાથમિકશાળાઓને મળતો છે. શિક્ષણશાસ્ત્રનો વિષય વિશેષમાં શિખવવામાં આવે છે. પ્રથમ વર્ષના વિદ્યાર્થીને કાયત પાઠ કે વર્ગ શિખવવાના કામમાંથી મુક્ત રાખે છે. બીજા વર્ષના વિદ્યાર્થીઓને વર્ગોમાં જઈ પોતાનાથી વધારે અનુભવ તથા જ્ઞાનવાળા શિક્ષકો જે પદ્ધતિએ શિક્ષણ આપતા હોય તે પદ્ધતિ શીખવી પડે છે. ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓને અઠવાડીઆમાં ૬ કે ૧૦ કલાક જાતે કથિતપાઠ આપવાના હોય છે. ઉપરાંત વર્ગોમા પણ શિક્ષણ આપવુ પડે છે. ત્રણ વર્ષ પૂરાં થયાં પછી તેમની પરીક્ષા લેવામા આવે છે. તેમાં કૉલેજમા શિક્ષણ લેનાર વિદ્યાર્થી ઉપરાંત બીજાને પણ બેસવાની પરવાનગી છે. આ પરીક્ષા પાસ કરે તેમાના દરેકને લાયકાત પ્રમાણે બે વર્ષની અજમાયશ ઉપર જુદી જુદી શાળાઓમાં શિક્ષકની નોકરી આપે છે. આ અજમાયશના સમયમાં તેમના કામની દેખરેખ રાખનાર તથા વારવાર ઉપદેશ રૂપે સૂચના કરનાર તેમના ટ્રેનિંગ કૉલેજના શિક્ષકો હોય છે. બે વર્ષ પૂરાં થયા બાદ આવા શિક્ષકોની છેવટની પરીક્ષા લેવામાં આવે છે. પરીક્ષા આપનાર શિક્ષકોને શિક્ષણશાસ્ત્રને લગતા વિષય ઉપર નિબંધ લખવાનો હોય છે. આ પરીક્ષામા ફત્તેહમદ નીવડે તો તેમને શિક્ષક તરીકેનું પ્રમાણપત્ર આપી સરકાર જાયુની નોકરી આપે છે.

જર્મનિમા પ્રાથમિકશાળાઓને સારા પ્રકારની બનાવવા તથા કેળવણીનું સ્વરૂપ ઉત્તમ બનાવવા સરકારે કેટલાક ઉપર વર્ણવ્યા તેવા નિયમો ઘડ્યા છે, છતા કેટલાક શિક્ષણશાસ્ત્રીઓ તેમજ આ શાળાઓની મુલાકાત લેનાર માણસો કેટલેક અશે શિક્ષણ દોષયુક્ત માને છે. તેઓના મત પ્રમા

જે બાળકોને જે હેતુથી કેળવણી આપવામાં આવે છે તે હેતુ પરિપૂર્ણ થતાં પહેલા કેટલાક અભ્યાસ છોડી દે છે. બીજા કેટલાક વિદ્યાર્થી પોતાના વિચારો સ્પષ્ટ રીતે કે સગવડથી દર્શાવી શકતા નથી. આ સિવાય પ્રાથમિકશાળાઓના હેતુ સફળ ન થવામા બીજા કેટલાક સ્વાભાવિક કારણો છે, જેમાના મુખ્ય માબાપની નિર્ધનતા, નિશાળનુ અતિશય અંતર, દરેક વર્ગમા ભણનાર વિદ્યાર્થીની અતિશય સંખ્યા જેથી શિક્ષકનો દરેકના અભ્યાસ પ્રતિ પૂરો લક્ષ દેવાનો અસંભવ, વગેરે છે.

આમ છતાં એકંદર શિક્ષકવર્ગ તેમજ શિષ્યવર્ગ ઘણીજ ઉત્તમ પંક્તિનો મનાય છે. જર્મનિની પ્રાથમિક શાળાઓમા ઉત્તમ પ્રકારના શિક્ષકો હોવાથી તેમા અપાતુ શિક્ષણ પણ ઉત્તમ સ્વરૂપનું તેમજ ઉત્તમ ફળ આપનારૂ હોવુ જોઈએ આથી જર્મનિની પ્રાથમિકશાળાઓ વિશેષે આખા દેશમાં અપાતી કેળવણી યુરોપની બીજી શાળાઓ સાથેની તુલનામાં પ્રથમ પદ આજે ભોગવે છે એ યોગ્યજ છે.

સંગીતવિષય.

(ચાલુ પુસ્તક ૫૧ ના પૃષ્ઠ ૧૪૦ થી)

- ચાંદો.

मात्रा ४	મા મ ને	ચા દ લી	ઓ વ હા	લો	.. ,
मध्य					
शीघ्र	ऽ | |	ऽ | |	ऽ | |	ऽऽ	ऽ ऽ
गति	रे म प	-नी प म	रे स नि,	सा	सा ,

ચાં દ લી	ઓ વ હા	લો ,	મા મ ને	
ऽ | |	ऽ | |	ऽ |	ऽ | |	
रे म म	प -नि व	प ,	रे म प	

---

* \| = ૧ માત્રા ; ऽ = ૨ માત્રા : ऽ́ = ૩ માત્રા ; ⁀ = સ્વર, વધુ કે શબ્દ બીજા સ્તંભમાં ચાલુ છે એ બતાવનાર, -गा = કોમળ गा ; ! = મન્દ્ર नी, ⁀ = ગીત પૂરૂં.

માટે અ × ૨ × ૧૪ = ૨૨૪.
માટે અ × ૨૮ = ૨૨૪.
માટે અ = ૮. મોટી સખ્યા.
એજ રીતે,
અ² + ૨ અ બ + બ² = ૧૯૬ માથી
અ² —બ² = ૨૮ બાદ કર્યાં.
૨ અ બ + ૨ બ² = ૧૬૮. બાદબાકી
માટે ૨ બ (અ + બ) = ૧૬૮ એમાં
અ + બ = ૧૪ આપેલા છે
માટે બ × ૨ × ૧૪ = ૧૬૮.
માટે બ = ૬ નાની સખ્યા.

ઉદા:—એક ગૃહસ્થની બે આમાવડી છે પહેલી આબાવાડીમા જેટલા આબા છે તેટલી કેરી તે વાડીમાના દરેક આબા પરથી ઊતરે છે બીજી વાડીમા જેટલા આબા છે તેટલી કેરી તે વાડીમાના દરેક આબા ઉપરથી ઊતરે છે ૪ આનાની ૫૦ લેખે કેરી વેચે તો પહેલી વાડીની આવક બીજી વાડીની આવક કરતાં ૩ ૪૦–૮–૦ વધારે થાય છે દરેક આબે ૮ પાઈ લેખે સચવામણી આપતા બન્ને વાડીની મળીને ૩ ૧૧–૪–૦ સચવામણી આપવી પડે છે ત્યારે દરેક વાડીમા કેટકેટલા આંબા હશે?

શ્રી વૃદ્ધ અને લઘુ ચાણાક્યનું ભાષાંતર.

અકુલીન ધનવંત હુઇ તુ માનીઇ । કુલીન વિદ્વાંસ હુઇ, વંશજાત હુઇ તુ હુ તે ધન પાસિ પરાભદીઇ ॥ ૧ ॥

જે પુરુષ વિદ્યાઇં કરી ગરહુ હુઇ । અનિ તપિં કરી વૃદ્ધ હુઇ । તે સઘળાઇ ધનવંતનિ દ્વારિ કર્મ્મ કરિઇ ॥ ૨ ॥

સુખનુ અનિ દુઃખનુ દેઇગહાર કો નહીં । અનઇં પર અનેરુ ઊચાનુ કરણહાર કો નહીં । અનિ સદ્બુદ્ધિનુ દેનાહાર કો નહીં । યે આપણિ દેહિ પરાકૃત કર્મ યેહેવૂં કીધૂં હુઇ તે ભોગવિ છૂટી ॥ ૩ ॥

કસાં ૧૨,૫૦૦ સિપાઈ વધારે છે. બન્ને લશ્કરમા અર્ધો ભાગ પરદેશી સિપાઈઓનો હોય, તો બન્ને મળીને ૩૮૧૨૫૦ સિપાઈઓ પરદેશી થાય છે પહેલા લશ્કરમાં દરેક હારે બે અને બીજા લશ્કરમાં દરેક બે હારે ત્રણ દાક્તર રાખવામાં આવે તો બન્ને લશ્કર માટે કેટલા દાક્તર રાખવા પડશે ?

નિયમ ૧૨ મો:—બે સખ્યાના વર્ગોની બાદબાકી અને તેજ બે સંખ્યાનો સરવાળો આપ્યાં હોય, તો આપેલા સરવાળાના વર્ગમાં આપેલી વર્ગોની બાદબાકી ઉમેરવી જે સરવાળો આવે તેને આપેલા સરવાળાની બમણાઈએ ભાગવાથી મોટી સંખ્યા નીકળશે. આપેલા સરવાળાના વર્ગમાંથી આપેલી વર્ગોની બાદબાકી બાદ કરવી. બાકી રહે તેને આપેલા સરવાળાની બમણાઈએ ભાગવાથી નાની સખ્યા નીકળશે.

દાખલા:—બે સખ્યાના વર્ગોની બાદબાકી ૨૮ છે, અને તેજ બે સંખ્યાનો સરવાળો ૧૪ છે; તો તે બે સખ્યાઓ કઈ ?

$$\frac{\text{આપેલા સરવાળાનો વર્ગ + આપેલી વર્ગોની બાદબાકી}}{\text{આપેલા સરવાળાની બમણાઈ}}$$

$$= \frac{૧૪^{૨} + ૨૮}{૧૪ \times ૨} = \frac{૨૨૪}{૨૮} = ૮ \text{ મોટી સંખ્યા; અને}$$

$$\frac{\text{આપેલા સરવાળાનો વર્ગ—આપેલી વર્ગોની બાદબાકી}}{\text{આપેલા સરવાળાની બમણાઈ}}$$

$$= \frac{૧૪^{૨} - ૨૮}{૧૪ \times ૨} = \frac{૧૬૮}{૨૮} = ૬ \text{ નાની સખ્યા.}$$

માટે જવાબ. ૮ અને ૬.

રણ:—$અ^{૨} - ચ^{૨} = ૨૮$ અને $અ + ચ = ૧૪$ આપેલા છે.

$અ + ચ = ૧૪$ નો વર્ગ કર્યો, તો

$અ^{૨} + ૨ અ ચ + ચ^{૨} = ૧૯૬$ થયા. એમાં

$અ^{૨} \qquad - ચ^{૨} = ૨૮$ ઉમેર્યા એટલે

$૨ અ^{૨} + ૨ અ ચ = ૨૨૪$ .. સરવાળો થયો.

માટે $૨ અ (અ + ચ) = ૨૨૪$. એમા

$અ + ચ = ૧૪$ આપેલા છે.

માટે અ × ૨ × ૧૪ = ૨૨૪.
માટે અ × ૨૮ = ૨૨૪.
માટે અ = ૮. મોટી સખ્યા.
એજ રીતે,
અ² + ૨ અ બ + બ² = ૧૯૬ માથી
અ² —બ² = ૨૮ બાદ કર્યાં
૨ અ બ + ૨ બ² = ૧૬૮. બાદબાકી
માટે ૨ બ (અ + બ) = ૧૬૮. એમાં
અ + બ = ૧૪ આપેલા છે
માટે બ × ૨ × ૧૪ = ૧૬૮
માટે બ = ૬ નાની સખ્યા.

ઉદા:—એક ગૃહસ્થની બે આબાવાડી છે પહેલી આબાવાડીમા જેટલા આબા છે તેટલી કેરી તે વાડીમાંના દરેક આબા પરથી ઊતરે છે. બીજી વાડીમા જેટલા આબા છે તેટલી કેરી તે વાડીમાના દરેક આબા ઉપરથી ઊતરે છે ૪ આનાની ૫૦ સેખે કેરી વેચે તો પહેલી વાડીની આવક બીજી વાડીની આવક કરતાં ૩ ૪૦–૮–૦ વધારે થાય છે દરેક આંબે ૮ પાઈ સેખે સચવામણી આપતા બન્ને વાડીની મળીને ૩ ૧૧–૪–૦ સચવામણી આપવી પડે છે ત્યારે દરેક વાડીમા કેટકેટલા આંબા હશે?

શ્રી વૃદ્ધ અને લઘુ ચાણક્યનું ભાષાંતર.

અકુલીન ધનવંત હુઇ તુ માનીઇ । કુલીન વિદ્વાંસ હુઇ, વંશજાત હુઇ તુ હુ તે ધન પાસિ પરાભદીઇ ॥ ૧ ॥

જે પુરુષ વિદ્યાઇં કરી ગરહ હુઇ । અનિ તપિં કરી વૃદ્ધ હુઇ । તે સઘળાઇ ધનવંતનિ દ્વારિ કર્મ્મ કરિઇ ॥ ૨ ॥

સુખનુ અનિ દુઃખનુ દેહણહાર કો નહીં । અનઇં પર અનેરૂ ઊચાનુ કરણહાર કો નહીં । અનિ સદ્બુદ્ધિનુ દેનાહાર કો નહીં । યે આપણિ દેહિ પરાકૃત કર્મ યેહેવૂં કીધૂં હુઇ તે ભોગવિ છૂટી ॥ ૩ ॥

मनुष्यनि कहि कनलि कृपण दीनदयामणूं वचन बोली मागीइ । तेह पहि त्रिगाहागी वनमाहि मु श्रेष्ठ ॥ ४ ॥

केतलाइ विद्यानि भजि । अनि केतलाइ अर्थ धननि भजि । केतलाइ कांई न भजि ॥ ५ ॥

मनुष्यनि ए पाचि थानां गर्भवासिथिकां सृज्यां । ते केहां । एक आयु अनि कर्म अनि वित्त अनि विद्या अनि निर्धनपणूं, ते पंडित डाहा छि, रंणे अनि देवताइ [1]पहरां करी न सकीइ ॥६॥

जे [2]भवितव्य हुणार हुइ ते अन्यथा न हुइ । बलिवत दैव तीणि मग्रि पमडांइ ॥ ७ ॥

मनुष्य प्राप्तव्य अर्थ[3] पामि ते प्राप्तव्य दैव परहु करी न सकि। एह कारण तु शोक विस्मय न आणीइ ॥ ८ ॥

પાના ૨૪ થી તૂટક થયાં તેથી પાના ૩૩ થી શરૂ કર્યું છે

सिंहनु एक लक्षण । बगनूं एक लक्षण । कूकडानां च्यारि लक्षण । वायस-कागडा-नां पाच लक्षण । छ लक्षण मुंडीनां[4] । ३ गर्दभनां ॥ ३ ॥

ये पुरुष प्रभूत[5] मोह कार्य नानीय कार्यनी परिडं करिवा हींडइ । इतू लक्षण जाणिवूं ॥ ४ ॥

पंडित डाहु पुरुष । बगनी परि देश काल जाणी आपणा इंद्रियनिग्रह हुइ । ते सबलाइ कार्य करइ । ए बगनूं लक्षण ॥ ५ ॥

व्याहणामाहि सवारू उठइ । अनि युद्धयुक्त हुइ । अनि बांधवनइ संविभाग[6] आपइ । ए च्यारि लक्षण कूकडानां ॥ ६ ॥

गूढ मैथुन, अनइ धैर्यपणूं अनइ कालिआलयन[7] संग्रह । अप्र-

---

૧ પહરા—વેગળા. ૨ ભવિતવ્ય—હોનાર હોય તે. ૩ અર્થ—મનલબ, કામ.
૪ મુડીનાં—મુડણના. ૫ પ્રભૂત—પુષ્કળ. ૬ સંવિભાગ—સરખે ભાગે.
૭ કાલિઆલયન—કામોનું.

मादी अविश्वासी । ए पांच लक्षण.वायसनां बोल्या ॥ ७ ॥

वक्कासी हुइ । अनइ थोडइ संतोषी हुइ । अनइ नीद्र सहित हुइ । अनइ लघुचेती हुइ । स्वामिभक्त हुइ अनइ शूर हुइ । भुंडीना[1] बोल्या ॥ ८ ॥

कुटुंबनु भार वहि । टाढूं ऊहनूं न जाणि । अनइ सदाइ संतुष्ट हुइ । ए त्रिंगि गर्दभनां लक्षण बोल्यां ॥ ९ ॥

ए वीस लक्षणसेसु एक माहि हुइ । ते वदरी सघलाइनइ जीपइ[1] । अनइ अजेय हुइ ॥ १० ॥

अर्थनु नाश । मननु ऊचार । घरना विरूआ[2] आचरणनइ वचन उपमान एतला वाना । बुद्धिवंत पुरुषिं न प्रघासिवा[3] ॥११॥

धननि विषइ, धान्यनइं प्रयोगि विद्यानइ संग्रहणि अनइ आहारि अनइ व्यवहारि एतले वाने लज्जा न करिवी ॥ १२ ॥

बुद्धवाने संतोष करिवु । स्वदारानइ विषइ । भोजननइ विषइ । अनइ धननि विषइ । त्रिहु वाने संतोष न करिवु । दान अध्ययन-भणवइ । अनइ तपनइ विषइ ॥ १३ ॥

संतोष रूपीइ अमृतइ तृप्त हुतां ये शांति चित्त हुइ । तेवूं धनइ लोभी पुरषनइ धाता[4] नही ॥ १४ ॥

पुरषिं विहु ब्राह्मण विचि[5] न जावूं । स्त्री भर्त्तार विचि न जावूं । वाकूर उलगू विचि न जावूं । हर-श्री महादेव वृषभ विचि न जावूं ॥ १५ ॥

अग्नि—वैश्वानरनइ, गुरुनइ, अनइ ब्राह्मणनइ । गायनइ । कुमारीनइ । एतलांनइ पग न अडाडीइ ॥ १६ ॥

१ ભુડીના—ભુડણના. જીતઇ—જીતે २ વિરૂઆ—ખોટાં ३ પ્રઘાસિવા—પ્રકાશવાં, બોલવાં ४ ધાતા—સન્તોષ. ५ વિચિ—વચ્ચે

पुरुषि, हस्ती सहस्र हाथ छांडिवा । घोडु सु[1] हाथ छांडिवूं । अनइ दोर दश हाथ छांडिवुं अनइ वैरी, देश त्यागि छांडिवूं[2] ।

હવે પછીના વૃદ્ધ ચાણક્યના શ્લોકનું ભાષાંતર લખ્યું છે. પણ તેમ જણાવતા અક્ષરના રૂપમાં તેમ પાનાંની રચનામાં કોઈ જાતનો ફેર માલમ પડતો નથી. પાનાં ૩૮, ૩૯, ને ૪૦ નું ભાષાંતર છે.

अग्नि—वैश्वानरनइ—काष्टे तृप्ति नथी । समुद्र नदीइ करी तृप्ति नथी । अंतकनि प्राणी इ तृप्ति नथी । पुरुषनइ स्त्रीए तृप्ति नथी ॥ ८ ॥

महांत कहलि[3] प्रार्थना करीइ । तुहु ते श्रेष्ठि । कहिनी परिइ, यम हस्तीनइ पर्वत पाडतां दंत भंग हुइ । तु ते श्लाघ्य ॥ ९ ॥

पुत्र पाखइ घर शून्य जाणिवूं । अनइ बांधव पाखइ दिशि शून्य जाणिवी । मूर्खनइ हृदय शून्य जाणिवूं ॥ १० ॥

केतलाइ सज्जन नालकेर समाकार हुइ । अपर-बीजा-बाह्य कोमल हुता बहिराकार हुइ ॥ ११ ॥

येहनइ पुत्र । विद्वांस न हुइ । अनइ शूर न हुइ । अनइ पंडित न हुइ । तेहनि कुलि अंधकार जाणिवूं । यम, शर्वरी. रात्रि-चंद्रमा पाखइ हुइ ॥ १२ ॥

रात्रिनु दीवु चंद्रमा । अनि दिननु दीवु सूर्य । त्रैलोक्यनु दीवु धर्म । अनइ कुलनु दीवु सत्पुत्र ॥ १३ ॥

प्राज्ञ पुरुष शुं करइ । ये स्व-आपणे कर्म्मे मेरीइ । बुद्धि कर्मजनइ अनुसरइ ॥ १४ ॥

ये जीवन हुतइ वि मित्र, बांधव, जीवइ । तेहनू जीवतव्य

---

१ सु—સો. ૨ છાડિવૂ—છોડવું ૨ ઘોડાથી, દશ હાથ દૂર રહેવું અને ગાડાથી પાંચ હાથ દૂર રહેવું છે. ૩ કહલિ—કનેની, પાસેની

सफल जाणिवूं । आत्मार्थि एक कुण न जीवइ ॥ १५ ॥

नीच परदंशि[1] रूपीइ अग्नि दहीना[2] हुता अशक्त हुता पर निंदीरु करइ ॥ १६ ॥

ઇતિ વૃદ્ધ ચાણક્યે નીતિશાસ્ત્રે સપ્તમોધ્યાય

भोजन ये द्विज भुक्त शेष हुइ । गृहस्तपणूं ते जे पुन कीजइ । सोरुदपणूं ते ये परोक्ष बोलीइ । धर्मने जे दंभिकपणूं न कीजइ ॥ १ ॥

कालि अवसरि वयरीसूं संधि कीजइ । कालि मित्रनु संग्रह कीजइ । कार्यनूं कारण आश्रईनइ डाहि पुरुषि कालक्षेप करिवूं ॥ २ ॥

काल, प्राणीनइ सृजि । काल, प्रजानइ संहरइ । कालमू काल जागइ । काल दुरित कर्म वइ ॥ ३ ॥

देशांतरि ग्या पुरुषनइ व्याधि, शोक, संतापनइ सुरित मित्रनूं उपध ॥ ४ ॥

ये स्त्री नित्य निरंतर स्नाता हुइ । अनइ सुगंधा हुइ । अनइ प्रिय वादिना हुइ । अल्प –थोडू–यमइ । ते देवता जाणवी । मानुषी नही ॥ ५ ॥

ये स्त्री निरंतर गानयुक्त हुइ । अनइ धर्मवश्यला[3] हुइ । अनइ दयायुक्त हुइ । अनइ निरंतर रतिगामिनी हुइ । भर्त्तरि सततं भक्ता हुइ । सततं भक्ष भोजन ॥ ६ ॥

निरंतर भर्त्तारनी भक्ति करइ । सतत–निरंतर–भक्ष भोजन हुइ । आपणी इच्छा क्रिया कार्य करइ । ते सर्वमां भाग्य वर्द्धनी[4] हुइ ॥ ७ ॥

---

१ પરદંશિ—પારકાને દંશ કરનાર. ૨ દહીતા—બળતા

૩ ધર્મવશ્યલા—ધર્મશીલ, ધર્મવાન્ ૪ ભાગ્યવર્દ્ધની—નશીબવાન્

वाजि भणीइ घोडु । वारुण भणीइ हस्ती । लोह । लोह, काष्ट । वस्त्र । पाषाण । उदक । अनइ स्त्री । पुरुष । एतलानि अंतरा अंतर हुइ ॥ ८

घोडु मनु, उन्मत्त अनग, गाइ, प्रथम मृतिका । अनइ अंतःपुरमाहि ग्यु राजा, एतलां वानां दूरि-वेगलां-छांडिवां ९

येहनइ प्रज्ञा नुहि[1] तेहनइ शास्त्र शूं करइ । यम लोचन-नेत्र-पाषइ अरीसी शूं करइ ॥ १० ॥

गुणनइ सहुइ यत्न करइ । आटोपनइ[2] को यत्न न करइ । यम गाइ दूध पाखइ घंटारवि[3] न वेचाइ ॥ ११ ॥

पंडितनइ विषइ सघला गुण हुइ । अनइ मूर्खनइ विषइ केवल एकला दोष हुइ । तेह कारण तु मूर्ख सहस्रमाहि माहि एक न पामीइ ।

प्रज्ञायुक्त शरीर प्राणीनइ वैरी शूं करइ । यम छत्रोपानह[4] पुरुषनइ वारि-पाणी-नी धारा आतएतावइ शूं करइं ।

यहां स्त्रीनु व्यापार हुइ राजान शूं मित्रत्व नहीं । सर्प नही विष नहीं कुल निर्मल नहीं ।

ઇતિશ્રી વૃદ્ધ ચાણક્યે રાજનીતિશાસ્ત્રે અષ્ટમોધ્યાય

---

૧ નુહિ—ન હોય. ૨ આટોપનઇ—ડોળને માટે

૩ ઘટારવિ—ગળે બાંધેલા ઘંટનો અવાજ.

૪ છત્રોપાનહ—છત્રી ને ખાસડાં.

सफल जाणिवूं । आत्मार्थि एक कुण न जीवइ ॥ १५ ॥

नीच परदंगि[1] रूपीइ अग्नि दहीता[2] हुना अशक्त हुता पर निंदीरु करइ ॥ १६ ॥

ઇતિ વૃદ્ધ ચાણક્યે નીતિશાસ્ત્રે સપ્તમોધ્યાય

भोजन ये द्विज भुक्त शेष हुइ । गृहस्तपणूं ते जे पुन कीजइ । सोरुदपणूं ते ये परोक्ष बोलीइ । धर्मने जे दंभिकपणूं न कीजइ ॥ १ ॥

कालि अवसरि वयरीसूं संधि कीजइ । कालि मित्रनु संग्रह कीजइ । कार्यनूं कारण आश्रईनइ डाहि पुरुषि कालक्षेप करिवूं ॥ २ ॥

काल, प्राणीनइ सृजि । काल, प्रजानइ संहरइ । कालसू काल जागइ । काल दुरित कर्म वइ ॥ ३ ॥

देशांतरि ग्या पुरुषनइ व्याधि, शोक, संतापनइ सुरित मित्रनूं उपध ॥ ४ ॥

ये स्त्री नित्य निरंतर स्नाता हुइ । अनइ सुगंधा हुइ । अनइ प्रिय वादिना हुइ । अल्प –थोड़–पमइ । ते देवता जाणवी । मानुषी नही ॥ ५ ॥

ये स्त्री निरंतर गानयुक्त हुइ । अनइ धर्मवश्यला[3] हुइ । अनइ दयायुक्त हुइ । अनइ निरंतर रतिगामिनी हुइ । भर्त्तरि सततं भक्ता हुइ । सततं भक्ष भोजन ॥ ६ ॥

निरंतर भर्त्तारनी भक्ति करइ । सतत–निरंतर–भक्ष भोजन हुइ । आपणी इच्छा क्रिया कार्य करइ । ते सर्वमां भाग्य वर्द्धनी[4] हुइ ॥ ७ ॥

---

१ પરદંગિ—પારકાને દગ કરનાર. ૨ દહીતા—બળતા.
૩ ધર્મવશ્યલા—ધર્મશીલ, ધર્મવાન. ૪ ભાગ્યવર્દ્ધની—નસીબવાન.

૭ જે નિબંધ ચંદ્રકને લાયક જણાશે તેને ને. ના. ગોકુલ ઠાકોર સાહેબ સર ભગવતસિંહજી તરફથી રૂ. ૨૦૦) બસોનું પારિતોષિક પણ આપવામાં આવશે

૮. દૈનિક, અઠવાડિક, માસિક, ત્રિમાસિક વગેરે તમામ ગુજરાતી વર્તમાનપત્રોને વિનતી કરવામાં આવે છે કે આ ખબર તેમણે પ્રકટ કરીને પ્રજામાં જાહેર કરવાની કૃપા કરવી.

તા. ૧૫ એપ્રિલ ૧૯૧૨. રમણભાઇ મહીપતરામ નીલકંઠ, અમદાવાદ,
આનન્દશંકર બાપુભાઈ ધ્રુવ, અમદાવાદ,
બલવન્તરાય કલ્યાણરાય ઠાકોર, રાજકોટ,
ગુજરાતીસાહિત્યપરિષદના સાધારણ મંત્રીઓ.

જાહેર ખબર.

(મે. ઉ. ભા. ના એડ્યુકેશનલ ઇન્સ્પેક્ટર સાહેબના તા. ૧૧ મી એપ્રિલ ૧૯૧૨ ના હુકમ ન ૩૬૨ ઉપરથી.)

'ભરૂચ જિલ્લાની ભૂગોળ' સરકારે પસંદ કરી બહાર પાડવાની મંજુરી આપી છે, અને કેળવણીખાતાના ડિરેક્ટર સાહેબે તા. ૭ ઑક્ટોબર સને ૧૯૧૧ ના નં. ૬૪૭૦ ના હુકમથી મેસર્સ. ચિમનલાલ ચુનીલાલ અને કંપનીને તે બજારમાં વેચવાની પરવાનગી આપી છે

P. Lory.
એડ્યુકેશનલ ઇન્સ્પેક્ટર ઉ. ભા.

જાહેર ખબર.

(મે. ઉ. ભા. ના. એ. ઇ સાહેબના તા ૧૬ મી એપ્રિલ સને ૧૯૧૨ ના હુકમ ન. ૫૩૧ ઉપરથી.)

'રેવાકાંઠા એજન્સિની ભૂગોળ' સરકારે પસંદ કરી બહાર પાડવાની

કેળવણીખાતાની ખબરો.

ગુજરાતીસાહિત્યપરિષદ્.

ચંદ્રક માટે હરીફાઇના નિબંધનો નવો વિષય.

૧. ઇ. સ ૧૯૧૧ ની હરીફાઇને માટે "બ્રિટિશ સમયના ગુજરાતનો આર્થિક ઇતિહાસ—વિશેષે કરીને મુંબાઇ, સુરત, અમદાવાદ આદિ શહેરોને લગતો" એ વિષય ઇ. સ. ૧૯૧૦ ના ઑગસ્ટ માસમાં જાહેર કરવામાં આવ્યો હતો.

૨. આ વિષય ઉપર એક જ નિબંધ આવ્યો હતો

૩. ચોથી સાહિત્ય પરિષદે એ નિબંધ તપાસવાને માટે રા. રા રમણભાઈ મહીપતરામ નીલકંઠ, રા રા. ભગવન્તરાય કલ્યાણરાય ઠક્કોર, પ્રો આનન્દશંકર બાપુભાઇ ધ્રુવ, અને પ્રો. ડાહ્યાભાઇ લલ્લુભાઇ પુરોહિતને પરીક્ષકો નીમ્યા હતા. તે પરીક્ષકોને આવેલો નિબંધ ચંદ્રકને માટે કે તે ના. ગોકુલ ઠાકોર સાહેબે જાહેર કરેલાં રૂ. ૨૦૦) બમોના ઇનામને માટે, કે પ્રસિદ્ધિને માટે યોગ્ય જણાયો નથી.

૪. ઉપલો નિબંધ બહુ વિસ્તીર્ણ હોવાથી તેમાનો એકજ ભાગ પરિષદના સાધારણ મંત્રીઓએ ૧૯૧૨-૧૩ ની હરીફાઇને માટે ફરીથી પસંદ કર્યો છે; એટલે કે આ હરીફાઇમા ભાગ લેવો હોય તેમણે.

"મુંબાઈ ટાપુનો આર્થિક ઇતિહાસ."

એ વિષય ઉપર નિબંધ લખવા

૫ એ નિબંધ ગુજરાતી ભાષામા લખવા, અને પોતાના નિબંધની સાથે લખનારે પોતાનાં નામ, ઉમર, જાત, ધંધો, અને નિવાસ સ્થાન સ્પષ્ટ જણાવનાર હકીકતપત્ર, તથા નિબંધ પ્રતિજ્ઞાપૂર્વક પોતાનોજ રચેલો છે એવુ ખાત્રીપત્ર, મોકલવા. (જુવો ત્રીજી પરિષદનો અહેવાલ, પૃ ૧૮૩ થી ૧૮૬.)

૬. નિબંધ મોડામા મોડો તા. ૧ લી મે ૧૯૧૩ સુધીમા પરિષદના સાધારણ મંત્રીઓમાંના ગમે તે એકને મળી જવો જોઇએ એ નકલો મોકલવી.

૭ જે નિબંધ ચંદ્રકને લાયક જણાશે તેને ને. ના. ગોંડલ ઠાકોર સાહેબ સર ભગવતસિંહજી તરફથી રૂ. ૨૦૦) બસોનું પારિતોષિક પણ આપવામાં આવશે.

૮. દૈનિક, અઠવાડિક, માસિક, ત્રિમાસિક વગેરે તમામ ગુજરાતી વર્તમાનપત્રોને વિનતી કરવામા આવે છે કે આ ખબર તેમણે પ્રકટ કરીને પ્રજામાં જાહેર કરવાની કૃપા કરવી.

તા. ૧૫ એપ્રિલ ૧૯૧૨. રમણભાઇ મહીપતરામ નીલકંઠ, અમદાવાદ,
આનન્દશંકર બાપુભાઈ ધ્રુવ, અમદાવાદ,
બલવન્તરાય કલ્યાણરાય ઠાકોર, રાજકોટ,
ગુજરાતીસાહિત્યપરિષદના સાધારણ મંત્રીઓ.

જાહેર ખબર.

(મે. ઉ. ભા. ના એડયુકેશનલ ઇન્સ્પેક્ટર સાહેબના તા. ૧૧ મી એપ્રિલ ૧૯૧૨ ના હુકમ ન. ૩૬૨ ઉપરથી.)

'ભરૂચ જિલ્લાની ભૂગોળ' સરકારે પસંદ કરી બહાર પાડવાની મંજુરી આપી છે, અને કેળવણીખાતાના ડિરેક્ટર સાહેબે તા. ૩ જી ઑક્ટોબર સને ૧૯૧૧ ના ન. ૬૪૭૦ ના હુકમથી મેસર્સ. ચિમનલાલ ચુનીલાલ અને કંપનીને તે બજારમાં વેચવાની પરવાનગી આપી છે.

P. Lory.
એડયુકેશનલ ઇન્સ્પેક્ટર ઉ ભા.

જાહેર ખબર.

(મે. ઉ. ભા. ના. એ. ઇ સાહેબના તા. ૧૬ મી એપ્રિલ સને ૧૯૧૨ ના હુકમ નં. ૫૩૧ ઉપરથી.)

'રેવાકાંઠા એજન્સિની ભૂગોળ' સરકારે પસંદ કરી બહાર પાડવાની

મંજુરી આપી છે, તે ચોપડી પ્રસિદ્ધ પણ થઈ ગઈ છે ને ઉ. ભા. ના એડ્યુકેશનલ ઇન્સ્પેક્ટર સાહેબની ઑફિસમાંથી મળી શકશે. એક નકલે ચાર આના કિંમત રાખવામા આવી છે.

P. Lory.

એડ્યુકેશનલ ઇન્સ્પેક્ટર ઉ ભા.

જાહેર ખબર.

નવરોજી પેસ્તનજી વકીલની સ્કૉલરશિપો.

આથી ખબર આપવામા આવે છે કે અમદાવાદ શહેરમાં અથવા તેની આસપાસ આવેલી સરકારે મંજુર કરેલી કોઈ પણ નિશાળની દેશી છોકરીઓને નવરોજી પેસ્તનજી વકીલની ચાર સ્કૉલરશિપો આપવા માટે સને ૧૯૧૨ ની તા ૨૧ મી ઑગસ્ટ બુધવારને રોજ તથા તે પછીના દિવસોએ ૧૧ થી ૫ વાગતા સુધી અમદાવાદની, સ્ત્રીઓ માટેની મહાલક્ષ્મી ટ્રેનિંગ કૉલેજમાં એડ હરીફાઈની પરીક્ષા લેવામા આવશે.

૨. એ પરીક્ષા ઉત્તર ભાગના એડ્યુકેશનલ ઇન્સ્પેક્ટર તરફથી લેવાશે. એ પરીક્ષામા બેસવા દેવા માટેની અરજીઓ ઉત્તર ભાગના એડ્યુકેશનલ ઇન્સ્પેક્ટરને સરનામે મોકલવી, અને તે સને ૧૯૧૨ ની જુલાઇએ અથવા તે પહેલા પહોચવી જોઇએ. તે તારીખ પછી કોઈ પણ અરજી સ્વીકારવામા આવશે નહિ

૩. ઉમેદવારની ઉમર, પરીક્ષાના નિયમો, સ્કૉલરશિપની રકમ તથા તે કેટલો વખત ચાલુ રહેશે તે વગેરેના સબંધમાં વિશેષ હકીકત (તેને લગતા) ધારાઓમાથી મળશે

અમદાવાદ, એપ્રિલ, ૧૯૧૨ P. Lory.

એડ્યુકેશનલ ઇન્સ્પેક્ટર ઉ. ભા.

—(o)—

REGISTERED NO. B.42.

અંક ૭મો. પુસ્તક ૫૧ મું.

Gujarat School Paper.

गुजरात शाळापत्र.

જુન. ૧૯૧૨.

વિષય. અનુક્રમણિકા. પૃષ્ઠ.

૧. કાવ્યસ્વરૂપનું દિગ્દર્શન. ... ... ૨૦૧–૨૦૪.
૨. સાહિત્યમાં નીતિની ભાવના. (અ. ક. ત્રિવેદી). ૨૦૪–૨૦૮.
૩. હાસ્યરસ. (મો. પા. દવે). ... ... ૨૦૮–૨૧૧.
૪. હિંદુસ્તાનનું ૧૯૧૧ નું વસ્તીપત્રક (મ. દ. દ.) ૨૧૧–૨૧૪.
૫. વાચનમાળાના ખુલાસા. (મ. દ. દલાલ). ૨૧૪–૨૧૮.
૬. મારાસભાઓનું બંધારણ (જ. અ. સૈયદ). ૨૧૮–૨૨૧.
૭. સંગીતવિષય. (લ. આ. વ્યાસ). ... ૨૨૨–૨૨૪.
૮. મણિત (શ. કા. પટેલ) ... ... ૨૨૫–૨૨૮.
૯. કેળવણીની જરૂર. (બાઈ ચંચળ). ... ૨૨૯–૨૩૨.
૧૦. કેળવણીખાતાની જાહેર ખબરો. ... ૨૩૩–૨૪૦.
૧૧. નિશાળોના ઇનામપત્રક. ... ૨૪૦.

તા. ૧ (ઑગસ્ટ ૧૯૦૨ થી)-આજે
પ્રકાશક—રા. બ. કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી, બી. એ.,
પ્રિન્સિપલ, પ્રે. વા. ટ્રેનિંગ કૉલેજ—રાજકોટવાડ.

કેળવણીખાતાના હુકમથી.

(સર્વ હક્ક સ્વાધીન રાખ્યા છે)

છાપકામ:— યુનાઇટેડ કંપનિ પ્રેસમાં જીવણલાલ અમરશી મેહેતાએ છાપ્યું.

શાળાપત્ર જ્યુબિલિઅંક—તૈયાર છે. 'શાળાપત્ર'ના જે ગ્રાહકો ઇ સ. ૧૯૧૧ સુધીનું 'શાળાપત્ર' નું લવાજમ પૂરેપૂરું ભરી ચૂકયા હોય તેમણે 'શાળાપત્ર'ની ઑફિસમાંથી એ અંક લઈ લેવો. ટપાલ મારફતે મંગાવનારે ટપાલ ને પૅકિંગના બે આના મોકલી આપવા, તે મોકલશે અથવા વી-પી-થી મગાવશે ત્યારે તેમને અંક મોકલવામાં આવશે. તન્ત્રી.

અઘરા દાખલા-કી=ખુલાસા સાથે ગણેલા. પણાંઈ. ગુ ગાણુતોમાંથી અને પરીક્ષ ઓના પ્રશ્નોમાંથી ચુંટી કાઢેલા પાના ૫૧૨ કિં રૂ ૧) હાલ ૦॥ બગડલીના રૂ ૦ત્રથી ૦॥ પો ૦)ના પરભુદાસ નાગરદાસ-સૈયદપરા-સુરત'

આત્મારામ અને દલાભાઇના કમ્પનીના

લેખનકળા કોપીબુકો.

ગુજરાતી અને બાળબોધ છ નમ્બરમાં.

કેળવણી ખાતાના મે. ડિરેકટર સાહેબે મુમ્બઇ ઇલાકાની ગુજરાતી નિશાળોમાં ચલાવવાને મંજૂર કરી છે.

કેળવણીખાતાના ઘણા અનુભવી અમલદારોના મત વડે ગુજરાતી અક્ષરોના શુદ્ધ વલણ રોકી રાખી, તથા શાસ્ત્રોને અનુરૂપ અક્ષરોના ઠઠ તથા ઇ ખાસ ઢબની ગોઠવણ કરીને, હાલ ચાલતી સર્વે કોપીબુકો કરતાં ચઢીઆતા થયાની ખાત્રી થયા પછી છપાવી બહાર પાડી છે.

કોપીબુકોની સફાઈ અને સુન્દરતા જાળવવા માટે ત્રાબાના પત્રા (કોપ રપ્લેટ) કોતરાવેલા છે, જે ઉપરથી માત્ર દરેક પેજ ઓફસેટ બાજુએ સુન્દર રંગની શાહીથી છપાય છે કાગળ અને કવર ઉંચા દરજ્જાના વાપરેલા છે, જે એક વખત જોવાથી ખાત્રી થશે

૨૦૦ અને તે ઉપરાંત કોપી ખરીદનારને સેકડે ૩૩ ટકા કમીશન આપવામાં આવશે; પેકીંગ અને રેલ્વે ખરચ પણ આપવામાં આવશે પણ પોસ્ટ મારફતનું કે સ્ટેશનથી આગળનું ખરચ વામાં આવશે નહિ.

કોપીઓ સાથે બીજા પુસ્તકો મંગાવનારને સેકડે અર્ધો ટકો કમીશન વધારે આપવા ગોઠવણ રાખી છે મળવાનું ઠેકાણું—આત્મારામ અને દલાભાઇની કમ્પની, લેખનકળા કોપીબુકની ઓફીસ,-કાળાકાકડીની પોળ ઓફીસ સામુ નંબર-૨૧૭ મુમ્બઈ.

કાલ્લાભાઈ જગજીવનદાસ.

गुजरात शाळापत्र.

પુસ્તક ૫૧ મું. જુન, ૧૯૧૨. અંક ૬ ઠો.

કાવ્યસંપત્તિનું દિગ્દર્શન.

સસારના ક્ષણિક વૈષયિક સુખ અને અનેક ઉપાધિમા સાહિત્યસેવન મનુષ્યમનને અનિર્વચનીય આનદ આપે છે, વિપત્તિમાં પ્રતિબધનાશક અને માર્ગદર્શક થઈ પડે છે, અને ગમે તેવા શોકમા મનને શાંતિ આપી તેની સહનશીલતામા વૃદ્ધિ કરે છે પ્રાકૃત પુરુષોનો કાળ આળસમા, કલહમા કે અન્ય નીચ વાસના તૃપ્ત કરવામાં અને ઉદ્યોગમા પણ માત્ર દ્રવ્યપ્રાપ્તિમાજ વ્યતીત થાય છે; પરતુ સત્કારી પુરુષો ગમે તેવા વ્યવહારમા મચ્યાપચ્યા હોય છે, તોપણ તેમાંથી સ્વલ્પ પણ વિશ્રાતિસમયની જોગવાઈ કરી કાવ્ય ને શાસ્ત્રના વિનોદમા વિલમે છે, સારેજ તેમને જપ વગે છે. સાહિત્ય અને સંગીતકલા જે પુરુષમાં ન હોય તેને ભર્તૃહરિએ પશુતુલ્ય કહ્યો છે તે યુક્તજ છે

સાહિત્યનું મુખ્ય અંગ કાવ્ય છે. માથુ જેમ શરીરનું મુખ્ય અંગ છે અને એથીજ ઉત્તમાંગ કહેવાય છે, તેમ કાવ્ય એ સાહિત્યનુ ઉત્તમ અગ છે. ઇતિહાસ, ગણિત, ખગોળવિદ્યા, પ્રાકૃતિક વિદ્યાની ભિન્ન ભિન્ન શાખાઓ આદિ સાહિત્યના અનેક અગો છે. તે વ્યવહારમા બહુ રીતે ઉપયોગી છે, આપણા સુખસપત્તિના સાધનોમાં ઘણી વૃદ્ધિ કરે છે, અને મનને આનદ પણ આપે છે, પરતુ કાવ્યથી મળતો આનદ નિ સીમ અને અદ્વિતીયજ છે. જે ભાષામાં ઉત્તમ કાવ્ય નથી તે ભાષા દરિદ્રજ સમજવી

કાવ્યનું સ્વરૂપ, તેના પ્રકાર, તે પ્રકારોનું સ્વરૂપ, કવિ થવા માટે કયા ગુણો આવશ્યક છે, રસ, ભાવ, ગુણ, દોષ, ને અલકારનો કાવ્ય સાથે કેવો સબધ છે, વૃત્તિ, રીતિ, ઇત્યાદિ વિષે સસ્કૃત આલકારિકોએ ઘણુ કર્યું છે ગુજરાતી ભાષામા એ વિષે બહુ લખાયુ નથી આ લઘુ લેખમા આ વિષયનુ દિગ્દર્શન કરાવવાનો આશય છે

શબ્દપ્રધાન, અર્થપ્રધાન, ને ધ્વનિપ્રધાન શાસ્ત્રો.

પુરુષકૃત વાકયો પૌરુષ કે પૌરુષેય કહેવાય છે ને તે નાશવન્ત હોવાથી અનિત્ય છે. એથી ઉલટા હોવાથી જે ઈશ્વરપ્રણીત મનાય છે તે અપૌરુષેય ને નિત્ય કહેવાય છે જે નિત્ય કે અનિત્ય, દિવ્ય કે પૌરુષ વાકયોથી પુરુષને સત્કાર્યમા પ્રવૃત્તિ ને અસત્કાર્યમા નિવૃત્તિનો ઉપદેશ કરવામા આવે તેને શાસ્ત્ર કહ્યું છે* આ પ્રમાણે આપણ કર્ત્તવ્ય શુ છે ને શેમા આપણે પ્રયત્ન કરવો તેનો, તેમજ આપણ અકર્ત્તવ્ય શુ છે ને શાથી આપણે દૂર રહેવુ તેનો, આપણને શાસ્ત્ર બોધ કરે છે. શાસ્ત્રના ત્રણ પ્રકાર છે, શબ્દપ્રધાન, અર્થપ્રધાન, ને ધ્વનિપ્રધાન. વેદાદિ શ્રુતિવાકયો શબ્દપ્રધાન છે. પુરાણ, ઇતિહાસાદિ અર્થપ્રધાન છે અને કાવ્ય ધ્વનિપ્રધાન છે. શ્રુતિવાકયો પ્રભુસમિત એટલે રાજતુલ્ય, ઇતિહાસાદિ મિત્રસમિત, ને કાવ્ય કાન્તાસમિત કહેવાય છે વેદવાકયો રાજાની આજ્ઞા જેવા છે રાજા જેમ શબ્દ વડે પુરુષને જે કરાવવુ હોય છે તેની આજ્ઞા કરે છે ને જે ન કરાવવુ હોય છે તેની મના કરે છે, ને આજ્ઞાભગ કરનારને દડે છે, તેમ વેદ પણ વિધિવાકયોથી પુરુષને તેના કલ્યાણમાર્ગ તરફ દોરે છે ને નિષેધવાકયોથી અકલ્યાણમાર્ગથી દૂર રાખે છે વેદ પઠવામા સહજ પણ અન્યથા ઉચ્ચાર કરવાથી પ્રત્યવાય કે પાપ થાય છે; એજ કારણથી તે શબ્દપ્રધાન કહેવાય છે. એમા અર્થનો અભાવ તો નથીજ, કેમકે એમ હોય તો તે ગાડા માણસના બકબકાટ જેવુ ગણાય, પરતુ એમા અર્થ ગૌણ છે. પુરાણાદિવાકયો વેદવાકયોની પેઠે આમ કરવુ એવી આજ્ઞા કરી વિધિના કર્તવ્ય તરફ વાળતાં નથી કે આમ ન કરવુ એવી મના કરી નિષેધના બળથી અકર્ત્તવ્યથી પાછા હઠાવતાં નથી, પરતુ પૂર્વ પુરુષનાં ચરિત્રોનુ વર્ણન કરી તેમને વિષે યથાયોગ્ય રાગદ્વેષ ઉત્પન્ન કરી મિત્રની પેઠે શેમા પ્રવૃત્ત થવુ ને શેમાથી નિવૃત્ત થવુ તેનો બોધ પુરુષને કરે છે આમ અર્થવાદરૂપ-સ્તુતિ-નિન્દારૂપ હોવાથી એ અર્થ-પ્રધાન છે જેમ કાન્તા કટાક્ષ, મદહાસ્ય, આદિ વિલાસોથી કામી પુરુષનું મન રજન કરી આ મારૂ ઇષ્ટ છે ને આ

---

*प्रवृत्तिर्वा निवृत्तिर्वा नित्येन कृतकेन वा ।
पुंसां येनोपदिश्येत तच्छास्त्रमभिधीयते ॥

અનિષ્ટ છે એમ સૂચવી વ્યંગ્ય રીતેજ મનોરથ સફળ કરે છે, તેમ કાવ્યકલા પણ શબ્દ ને અર્થને ગૌણ કરી શબ્દશક્તિ અને અર્થશક્તિને આધારે રહેલા વ્યંજનાવ્યાપારથીજ સહૃદયના હૃદયને આહ્લાદ પમાડી રામાદિની પેઠે આચારવું, રાવણાદિ પેઠે નહિ, એમ કર્તવ્ય ને અકર્તવ્યનો ઉપદેશ કરે છે, માટે એને ધ્વનિપ્રધાન ને કાન્તાસમિત કહે છે, અને એજ કારણથી ઉપર દર્શાવ્યા પ્રમાણે કાવ્ય એ સાહિત્યનું ઉત્તમ અંગ છે. *

કાવ્ય આખ્યાયિકાથી પણ વિશેષ આહ્લાદક.

તાત્પર્ય એ છે કે શ્રુતિવાક્યો, પુરાણો ને ઇતિહાસ, તેમજ કાવ્યો એ ત્રણે પ્રકારના શાસ્ત્રોમાથી આપણને ઉપદેશ મળે છે અને આનન્દ પણ ઓછેવત્તે દરજ્જે મળે છે. પરતુ કાવ્યમાથી જે આનન્દ મળે છે તે વિલક્ષણ ને અલૌકિક છે. એજ કારણથી કાવ્ય એ સાહિત્યનું ઉત્તમાગ છે. કોઈ કહેશે કે આપણા ઋષિમુનિઓએ તાપીપુરાણમા તાપીનું, રેવાપુરાણમા રેવાનુ, અગ્નિપુરાણમાં અગ્નિનુ, ને શિવપુરાણમાં શિવનું એમ તે તે પુરાણમા તે તે દેવ કે દેવીનું માહાત્મ્ય સર્વથી વિશેષ વર્ણવ્યુ છે, તેમ કાવ્યશાસ્ત્રીઓએ કાવ્યનું માહાત્મ્ય ગાયું છે કેટલેક અંશે એ વાત સત્ય છે એમ કહી શકાય, પરતુ એ અનુભવસિદ્ધ અને સર્વવિદિત છે કે નીતિવચનો આખ્યાયિકાના કે કાવ્યના સ્વરૂપમાં જેવાં આહ્લાદક ને ગ્રાહ્ય થાય છે તેવાં શુષ્ક તત્ત્વજ્ઞાનના સ્વરૂપમાં થતાં નથી. ઉપનિષદ્‌માં પણ

---

*पाणिनिप्रमुखैस्तैस्तैः सर्वशास्त्रविशारदैः ।
इह तावत् त्रिधा शास्त्रमभ्यधीयत तत्र च ॥
शब्दप्रधानं वेदाख्यं प्रभुसंमितमुच्यते ।
ईषत्पाठान्यथापाठे।प्यत्ययस्य दर्शनात् ॥
इतिहासादिकं शास्त्रं मित्रसंमितमुच्यते ।
अस्यार्थवादरूपत्वात् कथ्यतेऽर्थप्रधानता ॥
ध्वनिप्रधानं काव्यं तु कान्तासंमितमीरितम् ।
शब्दार्थौ गुणतां नीत्वा व्यञ्जनप्रवणं।यतः ॥

एकावली।१-५-७.

આથીજ આખ્યાયિકાઓ દાખલ કરેલી છે કથા ને આખ્યાયિકા રસિક છે, પણ તેના ઉપદેશમા કાવ્યના ઉપદેશ જેવી મીઠાશ નથી. સ્ત્રી એ ઈશ્વરની માયિક સૃષ્ટિ છે; તેની ચેષ્ટા, તેના વિલાસ, તેનાં વચનો જેવાં મોહક, અમૃતસિંચક, ને હૃદયગમ થાય છે, તેવાં મિત્રના થતા નથી. તેવીજ રીતે પુરાણનો ઉપદેશ કાવ્યના ઉપદેશ જેવો ચમત્કારી નથી ભામહ કહે છે કે કાવ્યના સ્વાદિષ્ટ રસ સાથે મિશ્ર થયલા તત્ત્વજ્ઞાનમા પણ લોકોને રસ પડે છે. પ્રથમ જીભે મધ ચાંટયુ હોય તો તે કડવુ ઓસડ પણ સુખે પીએ છે * કવિની અલૌકિક શક્તિજ આનુ કારણ છે. એની વાણીમાં એવુ લાલિત્ય રહ્યુ છે કે માલતીપુષ્પની માળા દૂરથી સુગંધ મળ્યા પહેલાં પણ દૃષ્ટિનુ હરણ કરે છે, તેમ સારા કવિની વાણી તેના ગુણનું જ્ઞાન થયા પહેલા પણ કર્ણમાં મધની ધારા રેડે છે + કાવ્યથી આવો દિવ્ય આનંદ પ્રાપ્ત થાય છે, અને એથીજ એને સાહિત્યનુ ઉત્તમ અંગ કહી શકાય.

અપૂર્ણ

સાહિત્યમાં નીતિની ભાવના.

(રા. રા. અતિસુખશંકર કમળાશંકર ત્રિવેદી એમ. એ, એલ. એલ. બી)

હાલમા અનેક રીતે આપણો ઉત્કર્ષ સાધવાને આપણે મથી રહ્યા છીએ ઘણી વાર એમ કહેવામા આવે છે કે પરિષદોનો આ યુગ છે. પરિષદની ભાવના કંઈ આધુનિક નથી. આપણાજ દેશમાં પ્રાચીન સમયમાં વૈશાલી, રાજગૃહ આદિ સ્થળોએ બૌદ્ધોની કેટલીક મોટી સભાઓ મળી હતી એમ ઇતિહાસથી આપણે જાણીએ છીએ. તે સભાઓનો ઉદ્દેશ ધાર્મિક ઉન્નતિ પ્રાપ્ત કરવાનો હતો આપણી આધુનિક સભાઓના ઉદ્દેશો મનુષ્યજીવનની જુદી જુદી સર્વે પ્રકારની પ્રવૃત્તિઓમા સુધારાઓ કરવાના

---

*स्वादुकाव्यरसोन्मिश्रं वाक्यार्थमुपभुंजते ।
प्रथमालीढमधवः पिबन्ति कटुभेषजम् ॥ भाम०

+अविदितगुणापि सत्कविभणितिः कर्णेषु वमति मधुधाराम् ।
अनधिगतपरिमलापि हरति दृशं मालतिमाला ॥

છે વર્ષમાં ભાગ્યે એક માસ એવો જતો હશે કે જે વખતે કોઈ સ્થળે કઈ સભા ભરાયા વિશે આપણે નહિ સાંભળતા હોઈએ. સામાજિક, ધાર્મિક, ને રાજકીય પરિષદો વિશે આપણે બહુ સાભળીએ છીએ વળી કોઈક વાર કેળવણીની પરિષદ તો કોઈક વાર નિતિવિષયક પરિષદ, કોઈક વાર વૈદકશાસ્ત્રમાં સુધારા કરવાને નિમિત્તે મેળવેલી પરિષદ તો કોઈક વાર મદ્યપાનનિષેધાર્થે બોલાવેલી પરિષદ વિશે પણ આપણે સાભળીએ છીએ આવા વાતાવરણમા આપણા સાહિત્યના ક્ષેત્રને પણ સસર્ગ લાગે એ સ્વાભાવિક છે, અને આપણે પણ કેટલાંક વર્ષો થયાં પરિષદ મેળવી, સાક્ષરસમ્મીલન કરી સાહિત્યનો ઉત્કર્ષ કરવાનું કામ હાથ ધર્યું છે.

પરિષદોનો ઉદ્દેશ.

સાહિત્યપરિષદનો ને અન્ય પરિષદોનો ઉદ્દેશ વાસ્તવિક રીતે એકજ છે. એક શબ્દમા કહીએ તો તે ઉદ્દેશ Civilization અથવા ઉન્નતિ કે સુધારાનો છે. દરેક દેશમાં દરેક સમયે દરેક સત્પ્રવૃત્તિનો અન્તિમ હેતુ મનુષ્યમાત્રનું હિત સાધવા ને સુધારવાનો જોવામા આવશે સુધારો, ઉન્નતિ, પ્રગતિ—એવા જુદા જુદા શબ્દો વપરાય છે ખરા, પણ એકદરે એ બધાનો ભાવાર્થ એકજ છે. અંગ્રેજીમા પણ Progress, Civilization, Improvement એવા શબ્દોમાં સૂચિત થતું લક્ષ્યબિંદુ એકજ માલૂમ પડશે. તે લક્ષ્યબિન્દુ વિશે સારાંશમાં વિવેચન કરી, તે બિન્દુ તરફ સાહિત્યની પ્રવૃત્તિમા આપણે હમેશ નજર રાખવાની આવશ્યકતા વિશે પરીક્ષા કરવી તે મારા આજના વિષયનું ક્ષેત્ર છે.

આજે આપણે આગગાડી, મોટરકારો, સાઇકલો વગેરેની મદદથી જાતજાતની સગવડો મેળવીએ છીએ. ભલભલા ઉત્તમ ગાયકોનાં ઉત્તમમાં ઉત્તમ ગાયનો માત્ર જુજ જેટલા પૈસા ખરચીને ઘેર બેઠા કોઈ એકાન્ત સ્થળમાં ગ્રામોફોન ને ફોનોગ્રાફની મદદથી સાંભળી શકીએ છીએ. દૃષ્ટિનું આકર્ષણ કરે એવાં ઉત્તમમાં ઉત્તમ ચિત્રો—કુદરતની સુંદરમાં સુંદર લીલા, ઇતિહાસમા સદૈવ યાદ રાખવા લાયક નજર આગળ બનેલા બનાવો, માત્ર ચાર આઠ આનાના ખરચથી દૂર બેઠા અને ચિરકાળને અંતરે પણ સિનેમેટોગ્રાફની મદદથી જોઈ શકીએ છીએ. આમ આપણી સગવડોને અર્થ, આપણી સુખસંપત્તિને નિમિત્તે, આપણી માનસિક કેળવણીને માટે

આપણે હાલમાં કઈ કઈ નવા સાધનો ઊભાં થયલાં જોઈએ છીએ આ બધુ જોઈને, નવીનતાથી અંજાઈ જઈને આપણે ઘણી વાર ઉદ્ગારો પણ કાઢીએ છીએ કે, પ્રાચીન કાળના કરતાં અર્વાચીન કાળ વધારે Civilized છે, વધારે સુધરેલા છે. પરતુ મોજશોખ ભોગવી રહ્યા બાદ શાન્ત ચિત્તે વિચાર કરતાં કેટલીક વાર આપણને એમ પણ શુ નથી લાગતુ કે, આ બધાં નવાં નવાં સાધનોના ઉમેરા થયા છતાં આપણી સર્વથા ઉન્નતિ તો નથીજ થઈ ? વિજ્ઞાનની નવી નવી શોધોથી આપણી ખરી ઉન્નતિ નથીજ થની. આપણી મોજશોખો વધી છે, આપણી સગવડો વધી છે, ને આપણી કેટલેક અશે સુખસપત્તિ પણ વધી છે વળી કેટલેક અશે આપણી માનસિક ઉન્નતિ પણ થઈ છે. છતા તે ઉન્નતિનું ને સુખનુ ખરૂં બીજ નીતિની કેળવણીમાં છે, અને જ્ઞાન ને નીતિબળ બન્ને સાથે વૃદ્ધિ પામે ત્યારેજ આપણી ઉન્નતિ ખરેખરી થાય છે. જ્ઞાન ને નીતિનાં બળો ઉન્નતિનો પાયો વધારે મજબૂત કરી સુધારાને પણ સુધારે છે, ઉન્નતિને પણ ઉન્નત કરે છે એમ કહીએ તોએ કઈ અતિશયોક્તિ નથી. ઈમર્સન કહે છે:—

" In strictness, the vital refinements are the moral and intellectual steps. The appearance of the Hebrew Moses, of the Indian Buddh,—in Greece, of the Seven Wise Masters, of the acute and upright Socrates, and of the Stoic Zeno,—in Judia, the advent of Jesus,—and in modern Christendom, of the reaists Huss, Savonarola, and Luther, are casual facts which carry forward races to new convictions, and elevate the rule of life. In the presence of these agencies, it is frivolous to insist on the invention of printing or gunpowder, of steam-power or gas-light, percussion-caps and rubber-shoes, which are toys thrown off from that security, freedom, and exhilaration which a healthy morality creates in society. These arts add a comfort and smooth-

ness to house and street-life: but a purer morality, which kindles genius, civilizes civilization, casts backward all that we held Sacred into the profane, as the flame of oil throws a Shadow when shined upon by the flame of the Budelight". [on Civilization.]

મતલબ કે ખરૂ જોતાં, અગત્યના સુધારા તે નીતિ ને બુદ્ધિની કેળવણીની દિશામા છે યાહુદી મોઝિઝ ને હિંદુ બુદ્ધનુ આગમન, ગ્રીસમાં તત્ત્વજ્ઞાનીઓનુ આગમન, જયુડિયામા જીસસ ક્રાઇસ્ટનું ને આધુનિક ખ્રિસ્તિ મુલકોમા લ્યુથર વિગેરેનુ આગમન—આ બધા બનાવો, લોકોના મન નવીન ધર્મમતો ને નીતિની ભાવનાઓમા સ્થાપિત કરવી જીવનસૂત્રોને ઉચ્ચતર કરનારા પ્રાસગિક બનાવો છે. જ્યાં આ શક્તિઓ કામ કરે ત્યાં મુદ્રાલય કે વરાળયત્રની શોધો, અથવા તો ગનપાઉડર કે ગૅસલાઇટની શોધોના મહત્ત્વ વિષે વારવાર પ્રશસા કરવી નકામી છે સારી નીતિથી સમાજમાં જે સુલેહ, સ્વતત્રતા, ને આનદ ઉત્પન્ન થાય છે તેના આગળ આ બધી શોધો તો રમત જેવી છે. આ શોધો ને કળાઓ ગૃહ અને શહેરના જીવનમા સગવડ ને સગીતાનો ઉમેરો કરે છે, પણ પ્રતિભાને પ્રોજ્જ્વલિત કરનાર, સુધારાને સુધારનાર ઉચ્ચતર નીતિ આગળ આપણે જે જે વસ્તુઓને પવિત્ર ગણતા હતા તે બધી અપવિત્ર લાગે છે, પાછળ હઠે છે, ને ઝાંખી પાઈ જાય છે. આ પરથી સ્પષ્ટ માલૂમ પડશે કે વિજ્ઞાનથી જીવનને ઉન્નતિના માર્ગમા પ્રકાશ મળે છે ખરો, પણ તે નીતિના પ્રકાશ આગળ નિર્માલ્ય, નહિ જેવો, તદ્દન ઝાંખોજ જોવામા આવે છે. તેથી કોઈ પણ દેશની ઉન્નતિમાં નીતિની ઉન્નતિ આવશ્યક છે

ઉપલા વિચારો સાહિત્યને વિષે પણ એક સરખી રીતેજ લાગુ પડે છે કોઈ પણ સાહિત્ય નીતિને માર્ગે પ્રયાણ ન કરતું હોય તો તેથી દેશને કે સમાજને સંગીન લાભ નથીજ થતો જે સાહિત્ય વાચકવર્ગનુ મન ઉન્નત ન કરી શકે તે સાહિત્યના લેખકો સાદી ને કાગળનો માત્ર દુરુપયોગ કરે છે જે સાહિત્ય વાચકવર્ગનું મન નિર્માલ્ય ચર્ચાઓમા મચ્યુપચ્યુ રાખી તેને સત્ય, સૌંદર્ય, ને નીતિની દિવ્ય મૂર્તિના દર્શન ન કરવા શક

તે સાહિત્યના લેખકો પોતાની શક્તિનો ને પોતાના કાળનો પણ દુરુપયોગ કરે છે. વળી જે સાહિત્ય વાચકવર્ગનુ મન ચીમડાયલા સુકાયલા વિષયોમા નિમગ્ન રાખી તેને પોષક ને હિતકર વિચારોનુ ભાથું પૂરૂ ન પાડી શકે તે સાહિત્યના લેખકો પોતાની બુદ્ધિનો પણ દુરુપયોગ કરે છે, કોઈ પણ સાહિત્યનુ ગૌરવ તેમાં લખાયલા સત્ય વિચારો ને તેમા દર્શાવવામા આવેલી સુંદર ભાવનાઓથીજ માપી શકાય છે પુસ્તકોની સંખ્યા, કે કવિ કે સાક્ષર કે લેખકોની સંખ્યા તો ઉપલકની વસ્તુઓ છે. તેજ પ્રમાણે માસિક કે વર્તમાનપત્રોની માત્ર સંખ્યા નજીવી વસ્તુઓ છે

અપૂર્ણ

હાસ્યરસ.

(રા. રા. મોહનલાલ પાર્વતીશંકર દવે એમ. એ., એલ. એલ. બી)

પ્રસ્તાવના.

આ અગત્યના વિષય સબન્ધી એક વખતે સદ્‌ગત સાક્ષર શ્રી નવલરામભાઈ તરફથી કેટલીક ચર્ચા કરવામાં આવી હતી, અને એજ વિષય ઉપર હાલ ગુજરાતના એક જાણીતા સાક્ષર તરફથી વધારે વિસ્તૃત અને વિદ્વત્તાભરી ચર્ચા કરવાનું કામ ઉપાડી લેવામા આવ્યુ છે જે વિષયને આવા સમર્થ વિદ્વાનોને હાથે ચર્ચા પામવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું છે તેના સમન્ધમાં કેટલાક ઉપલકિયા વિચારો દર્શાવવાની હું આ સ્થળે હિંમત કરૂં છુ. બચાવમા જે મારાથી કાંઈ પણ કહી શકાય એમ હોય તો તે એટલુજ છે કે કેટલાક ખાસ સંજોગોને લીધે એ વિષય ઉપર કંઈક વિશેષ વિચાર કરવાની મને જરૂર પડી હતી.

પ્રયોજન.

આ વિષય સંબન્ધી ચર્ચા કરવામા આવે તેનુ ખાસ પ્રયોજન એ છે કે હાસ્યરસવાળાં લખાણોની આપણા સાહિત્યમા ઘણી ખોટ છે અને એ ખોટ પુરાવા તરફ આપણુ લક્ષ રહે એ ઘણું સ્વાભાવિક છે. એ લક્ષને પરિણામે ખરેખરા હાસ્યરસ વગરના અને નિર્માલ્ય લખાણોથી આપણુ સાહિત્ય દૂષિત ન થાય પણ ઉત્તમ પ્રકારની રચનાઓ થાય તેને

માટે ખરેખરો હાસ્યરસ કોને કહેવાય તે વિષે શાન્ત અને નિર્વિકાર બુદ્ધિથી ચર્ચા ચલાવવાની ઘણી જરૂર છે.

રસ.

પણ ખરેખરો હાસ્યરસ કોને કહેવાય એ પ્રશ્નનો યોગ્ય ઉત્તર આપી સકાય તેને માટે રસ એ શુ છે અને હાસ્ય તથા હાસ્યરસ એ બેને એક બીજાની સાથે કેવી રીતનો સમન્ધ છે એ પ્રશ્નનો નિર્ણય થવો જરૂરને છે રસ એટલે શુ એ પ્રશ્નના સમન્ધમા મમ્મટ વગેરે કાવ્યશાસ્ત્રના ગ્રન્થકારોએ ઘણો ઊંડો વિચાર કરેલો છે, પણ વિસ્તારભયને લીધે એવા પ્રમાણભૂત ગ્રન્થોમાથી લાંબા ઉતારાઓ આપવાનું કામ હું આ સ્થળે હાથમા લેતો નથી એ વિદ્વાનોનાં વચનોનુ તાત્પર્ય જણાવીનેજ મારે આ સ્થળે સતોષ માનવો પડશે એ તાત્પર્ય એટલુંજ છે કે મનુષ્યના આગલા અનુભવોને પરિણામે રતિ, હાસ્ય, શોક, ક્રોધ, ઉત્સાહ, ભય, જુગુપ્સા, વિસ્મય વગેરે સ્થાયી ભાવો તેના હૃદયમાં વસતા હોય છે, અને અમુક રચના વડે કરીને અમુક સ્થાયી ભાવનો જ્યારે તેને સાક્ષાત્કાર થાય ત્યારે તેનું હૃદય આર્દ્ર બને છે, પીગળે છે, અને રસની નિષ્પત્તિ થયલી કહેવાય છે

હાસ્યરસ.

આ પ્રમાણે રસ તે શુ છે એ આપણે જોયુ. હવે આપણે હાસ્યરસ કોને કહેવાય તેનો વિચાર ચલાવીશુ આપણે ધ્યાનમાં રાખવુ જરૂરનું છે કે રસશાસ્ત્રના મીમાસકોએ હાસને પણ સ્થાયી ભાવ તરીકે ગણવાનું કારણ સ્પષ્ટજ છે. અમુક માઠો બનાવ બને ત્યારે માણસને જેમ શોક થયા વગર રહેતો નથી તેમ અમુક સારો બનાવ બને ત્યારે તેને હર્ષ પણ થયા વગર રહેતો નથી હર્ષ કે શોકનો અનુભવ થતાં હસવુ કે રડવુ આવે એ મનુષ્યમાત્રનું સ્વાભાવિક લક્ષણ છે. હાસ્ય કે રુદન કરવાની ટેવ મનુષ્ય સિવાય બીજા કોઈ પ્રાણીઓમા હશે કે નહિ તે કદાચ શકાસ્પદ ગણાય, પણ મનુષ્યના સમન્ધમા તો એ વિષે મતભેદનો અવકાશજ નથી રોમમા એક વખતે કેટલાક ફિલસુફો (STOICS) એવા નીકળ્યા હતા કે જેઓ હર્ષ-શોકનો ત્યાગ કરવો એના જિતેન્દ્રિયતાના અકુદરતી ખ્યાલો ધરાવતા હતા. સિનેકાના સંબન્ધમા એવુ કહેવાય છે નીરો તરફથી એને મૃત્યુની શિક્ષા ફરમાવવામા આવી ત્યારપછી

મૃત્યુનું દુઃખ ભોગવતા ભોગવતા પણ એ ફિલસુફીના ભાષણ ચલાવ્યે જતો હતો, પણ એવા પ્રકારના વર્તનને સર્વ કોઈ અસ્વાભાવિકજ ગણે છે અને સિનેકાના સંબન્ધમાં પણ એ વાત ઘણુંખરૂં એના દંભીપણાના ઉદાહરણ તરીકેજ રજુ કરવામાં આવે છે. જે માણસ હસી શકે નહિ તેનામા મનુષ્યત્વની એટલી અપૂર્ણતા છે એમ આપણે કહી શકીએ શેકસપિયરની કૃતિઓનાં જે વખાણ કરવામા આવે છે તેનું મોટામા મોટું કારણ એ છે કે મૂર્ખમા મૂર્ખ, રે! દુષ્ટમા દુષ્ટ માણસ તરફ પણ સમભાવની દૃષ્ટિથી જોઇને તેની સાથે હસી શકે એવું એનામા સામર્થ્ય હતું. ડાઉડને પોતાના "Shakespeare, His Mind and Art" એ ગ્રન્થમા શેકસપિયરના હાસ્યનુ વૈવિધ્ય (many-sidedness) બતાવી આપ્યુ છે અને એ વિદ્વાને જણાવ્યુ છે કે ઊંડી નજરથી હમેશાં વિશ્વની રચનામા હાસ્યનુ તત્ત્વ પણ સમાયલુ માલમ પડતે ગંભીર તત્ત્વચિંતકોમાં હાસના સ્થાયી ભાવનું પ્રાબલ્ય ન હોવાથી એ અગત્યના તત્ત્વનું તેઓ દર્શન કરી શકતા નથી, અને તેને લીધે તેઓના વિશ્વસમન્ધી વિચારોમા અમુક પ્રકારની અપૂર્ણતા આવી જાય છે. પણ શેક્સપિયરમા એવી અપૂર્ણતા નહોતી પ્રાણિમાત્રની સાથે નિખાલસ હૃદયથી એ હસી શકતો હતો એ કારણથીજ એની કૃતિઓમા કુદરતનું યથાર્થ પ્રતિબિંબ પડેલુ આપણા જોવામાં આવે છે

હાસ્ય અને હાસ્યરસ.

પણ શુ હસવુ એ ત્યારેજ હાસ્યરસ ઉત્પન્ન થયલો કહેવાય? હાસ્ય અને હાસ્યરસ એ બેની વચ્ચે શુ એવો અનિવાર્ય સમન્ધ છે કે જ્યા હાસ્ય આવે ત્યાં હાસ્યરસ હોવોજ જોઈએ અથવા જ્યા હાસ્યરસ હોય ત્યા હાસ્ય આવવુજ જોઈએ એમ આપણાથી કહી શકાય? આ પ્રશ્નનો ઉત્તર આપણે નકારમાજ આપી શકીશુ જીવનમાં અનેક પ્રસંગો એવા બને છે, અનેક લખાણો એવા વાંચવામા આવે છે કે જેનાથી આપણને ઘણુ હસવુ આવે, છતા તે પ્રસંગોને અથવા તે લખાણોને હાસ્ય રસવાળા આપણે કહી શકીશુ નહિ. લખાણની બાલિશતા જોઈને આપણને કેટલીક વખતે હસવુ આવે છે, તે લખાણ આપણને હસાવે છે, પણ તે ટલા ઉપરથી તે લખાણમા હાસ્યરસ છે એવુ આપણાથી કહી શકાશે નહિ નાટકોમા દારુણ ઘણા આવે છે તે કેટલીક વાર આપણને પેટ પ

કડીને દબાવે છે, છતા ઘણી વખતે તે હાસ્યોથી જોઈએ તેવો આનંદ આપણને મળતો નથી, રે! બીલકુલ આનન્દ મળતો નથી અને ઉલટો કંટાળો આવે છે એમ કહીએ તો તે પણ ખોટું નથી. એવી સ્થિતિમા હાસ્યનું તત્ત્વ પુષ્કળ હોવા છતા હાસ્યરસની નિષ્પત્તિ થઈ નથી એમજ આપણે કહેવુ પડશે. એથી ઉલટું, જ્યા હાસ્યરસ હોય ત્યાં આગળ હમેશા ખડખડ હસવુ આવે એમ પણ બનતું નથી. ગ્રેડિસનનો "Faus" (પખાંઓ) ઉપરનો નિબંધ, સ્ટીલનો "The Ugly Club" (બે ડોળ મણસોની સભા) એ નામનો નિબંધ, શેકસપિયરના "હેમ્લેટ"-માંનો "grave-digger" (કબર ખોદનાર) નો પ્રવેશ, એ સર્વ રચનાઓ આપણને ખડખડ હસાવે એવી નથી. એ રચનાઓ હાસનો જે સ્થાયી ભાવ આપણા હૃદયમા હોય તેનો સાક્ષાત્કાર કરાવીને ચિત્તને વધારે પ્રફુલ્લ બનાવે છે અને એટલેથીજ અટકે છે; છતા એમા હાસ્યરસ છે અને તે પણ ઘણા ઊંચા પ્રકારનો છે એ વાતની કોનાથી ના પાડી શકાશે?

(અપૂર્ણ).

હિંદુસ્તાનનું ૧૯૧૧ નું વસ્તીપત્રક.

ચાલુ સાલના અંક ૧ મા પૃ ૪-૫ મા વર્તમાનપત્રોને આધારે વસ્તીપત્રકના જે આંકડા આપવામાં આવ્યા છે તેમાં બહાર પડેલા સરકારી સત્તાવાર સેન્સસ રિપોર્ટ સાથે સરખાવતા કોઈ કોઈ ઇલાકા વગેરેમા જે જુજ ફેરફાર માલમ પડે છે તે, તથા મુંબઈ ઇલાકાના ઉત્તર ભાગના જુદા જુદા જિલ્લાની તેમજ હિંદુસ્તાનના મુખ્ય મુખ્ય શહેરોની વસ્તીના આંકડા એ રિપોર્ટ ઉપરથી નીચે આપવામા આવે છે —

ઇલાકા, દેશી રાજ્ય, અથવા એજન્સિ

	૧૯૧૧	૧૯૦૧
ઇલાકાઓ ...	...૨૪,૪૨,૬૭,૫૪૨	૨૩,૫૬,૦૫,૯૪૦
બંગાળા .	૫,૨૬,૬૮,૨૬૯.	૫,૦૭,૧૫,૭૯૪
મુંબઈ (ઇલાકો)...	૧,૯૬,૭૨,૬૪૨.	૧,૮૫,૫૯,૬૫૦
મુંબઈ	૧,૬૧,૧૩,૦૮૨.	૧,૫૩,૦૪,૭૬૬
સિંધ.	૩૫,૧૩,૪૩૫.	૩૨,૧૦,૯૧૦
કુર્ગ	૧,૭૪,૯૭૬.	૧,૮૦,૬૦૭

જિલ્લાઓ અને વહીવટી પ્રદેશો.

રાજ્યો, એજન્સિઓ	૭,૦૮,૬૪,૯૯૫	૬,૨૭,૫૫,૧૧૬.
મધ્ય હિંદના રાજ્યો.....	૨૧,૧૭,૦૦૨	૧૬,૩૧,૧૪૦.

એજન્સિઓ અને ડુંગરી જાતો

પંજાબના રાજ્યો.....	૪૨,૧૨,૭૯૪.	૪૪,૨૪,૩૯૮
રજપૂતાના એજન્સિ.....	૧,૦૫,૩૦,૪૩૨.	૯૮,૫૩,૩૬૬
સંયુક્ત પ્રાંતો	૮,૩૨,૦૩૬.	૮,૦૨,૦૯૭

મુંબઇ ઇલાકાનો ઉત્તર ભાગ.

	૧૯૧૧	૧૯૦૧.
અમદાવાદ જિલ્લો	૮,૨૭,૮૦૯	૭,૯૫,૯૬૭
ભરૂચ „	૩,૦૬,૭૧૭	૨,૯૧,૭૬૩.
ખેડા „	૬,૯૧,૭૪૪	૭,૧૬,૩૩૨.
પંચમહાલ „	૩,૨૨,૬૯૫	૨,૬૧,૦૨૦.
સુરત „	૬,૫૪,૧૦૯	૬,૩૭,૦૧૭.
થાણા „	૮,૮૨,૩૦૯	૮,૧૧,૪૨૩.

મુંબઈ ઇલાકાનાં કેટલાંક દેશી રાજ્યો.

	૧૯૧૧	૧૯૦૧
ખંભાત.....	૭૨,૬૫૬	૭૫,૨૨૫.
કચ્છ	૫,૧૩,૪૨૯	૪,૯૮,૦૨૨.
કાઠિઆવાડ	૨૪,૯૬,૦૫૭	૨૮,૨૯,૧૯૬.
મહીકાંઠા એજન્સિ.....	૪,૧૨,૬૩૧	૩,૬૧,૫૪૯
પાલણપુર એજન્સિ.....	૫,૧૫,૦૯૨	૪,૬૭,૨૭૧.
રેવાકાંઠા એજન્સિ	૬,૬૫,૦૯૯	૪,૭૯,૦૬૫
સુરત એજન્સિ	૨,૦૭,૮૩૭	૧,૭૯,૮૮૬.
વડોદરા સ્ટેટ	૨૦,૩૨,૭૯૮	૧૯,૫૧,૬૯૨.

મુખ્ય મુખ્ય શહેરો.

	૧૯૧૧	૧૯૦૧
અજમેર	૮૬,૨૨૨	૭૯,૮૩૯.

કલકત્તા (તળ)	૮,૯૬,૦૧૭	૮,૪૭,૯૯૬.
મુમ્બઈ	૯,૭૯,૪૪૫	૭,૭૬,૦૦૬.
અમદાવાદ	૨,૧૬,૭૭૭	૧,૮૫,૮૮૯.
પૂના	૧,૫૮,૮૫૬	૧,૫૩,૩૨૦.
કરાચી... ..., ...	૧,૫૧,૯૦૩	૫,૧૬,૬૬૩.
સૂરત	૧,૧૪,૮૬૮	૧,૧૯,૩૦૬.
રંગુન	૨,૯૨,૩૧૬	૨,૪૫,૪૩૦.
નાગપુર	૧,૦૧,૪૧૫	૧,૨૭,૭૩૪
જબલપુર.	૧,૦૦,૬૫૧	૯૦,૫૩૩.
ઢાકા	૧,૦૮,૫૫૧	૮૯,૭૩૩.
મદ્રાસ.	૫,૧૮,૬૬૧	૫,૦૯,૩૪૬.
દિલ્હી...	૨,૩૨,૮૩૭	૨,૦૮,૫૭૫.
લાહોર.	૨,૨૮,૬૮૭	૨,૦૨,૯૬૪.
અમૃતસર. . ..	૧,૫૨,૭૫૬	૧,૬૨,૪૨૯.
લખનૌ.	૨,૫૯,૭૯૮	૨,૬૪,૦૪૯.
કાશી	૨,૦૩,૮૦૪	૨,૧૩,૦૭૯.
કાનપુર.	૧,૭૮,૫૫૭	૨,૦૨,૭૯૭.
આગ્રા	૧,૮૫,૪૪૯	૧,૮૮,૦૨૨.
અલાહાબાદ	૧,૭૧,૬૯૭	૧,૭૨,૦૩૨.
વડોદરા.	૯૯,૩૪૫	૧,૦૨,૭૯૦.
ઇંદોર	૪૪,૯૪૭	૮૬,૬૮૬.
લશ્કર.	૪૬,૯૫૨	૮૯,૧૫૪.
ભોપાલ.	૫૬,૨૦૪	૭૭,૦૨૩.
મૈસુર.	૭૧,૩૦૬	૬૮,૧૧૧.
બંગલોર.	૮૮,૬૫૧	૬૯,૪૪૭.
જેપુર	૧,૩૭,૦૯૮	૧,૬૦,૧૬૭.
શ્રીનગર.	૧,૨૬,૩૪૪	૧,૨૨,૬૧૮.
પેશાવર	૯૭,૦૩૫	૯૫,૧૪૭.

વાચનમાળાના ખુલાસા.

(ચાલુ પૃ ૧૪૩ થી.)

નહેરો—નદી વગેરેનુ પાણી ખેતીના ઉપયોગ માટે મોટી નીક વડે નદીથી ઘણે દૂર સુધી લઈ જવામા આવે છે ગંગા તથા જમના નદીની નહેરો વડે ઉત્તર હિંદુસ્તાનના ઘણા ભાગોમાં પાણી પૂરૂ પડે છે. પાસે આવેલા બે સમુદ્રો વચ્ચેની જમીન ખોદીને વહાણની આવજા માટે પાણીનું જે જોડાણ કરવામા આવે છે તે પણ નહેરના નામથી ઓળખાય છે.

સુવેજની નહેર—મીસરના રાજા રામીસિસ બીજાએ પહેલવહેલી આ નહેર ખોદી હતી, પરતુ તે પાછળથી પુરાઈ ગઈ હતી. ફરાનના રાજા ડેરાયસ પહેલાએ પછી તે ખોલી હતી ફરીથી એક વાર આરબ લોકોએ સાફ કરી વપરાતી કરી હતી. ભૂમધ્ય અને રાતા સમુદ્રને જોડવા, મહાસાગરમા ફરતાં મોટા વહાણો જઈ શકે એવી પહોળી નહેર ખોદવાની યોજના નેપોલીઅને ઉભી કરી ઇજનેરને તપાસ કરવા મોકલ્યો તે ઇજનેરનો એવો અભિપ્રાય થયો કે રાતા સમુદ્રનું તળીયુ ભૂમધ્ય સમુદ્રના તળીયા કરતાં ૩૦ ફુટ ઊંચુ છે, તે પરથી એ વિચાર માંડી વાળવામાં આવ્યો, પણ ઇ. સ. ૧૮૪૧ માં અંગ્રેજ અમલદારોએ એ ગણતરી ભૂલભરેલી છે એવુ બતાવી આપ્યુ, તે પરથી 'લેસેપ્સ' નામના ફ્રેંચ સાહેબે ઇજીપ્તના ખોદવનુ મન સંપાદન કરી ઇ. સ. ૧૮૫૯ની ૨૫ મી એપ્રિલે પોર્ટ સેઇદ આગળથી એ કામ શરૂ કરાવ્યુ. વચમા કેટલાંક કારણસર કામ બંધ પડયુ, પણ આખરે ઇ. સ ૧૮૬૯ ના નવેંબર માસની ૧૭ મી તારીખે જવા આવવા માટે એ નહેર ખુલી મૂકવામાં આવી. નહેર ખોદવામા આસરે બે કરોડ પોંડ જેટલો ખરચ થયો હતો. એ નહેર ૯૭ માઇલ લાંબી છે પહેલાં પાણીની સપાટી ૧૫૦ થી ૩૦૦ ફુટ પહોળી હતી, તળીયાની પહોળાઈ ૭૨ ફુટ હતી, અને ઓછામાં ઓછી ઊંડાઈ ૨૬ ફુટ હતી એ નહેર વચ્ચે વચ્ચે કેટલાંક સરોવરમાં થઈને જાય છે. પાંચ છ માઇલને અંતરે વહાણો એક બીજાને પસાર કરી શકે તેટલા માટે વહાણ બાજુ પર રહી જો એની ગોઠવણ રાખવામાં

આવી છે વેપાર ઘણો વધી જવાથી ઇ સ. ૧૮૮૬ માં એ નહેરની પહોળાઈ તથા ઊંડાઈ વધારવાનું કામ શરૂ થયું. ઇ. સ. ૧૮૯૦ સુધીમાં ઊંડાઈ ૨૮ ફુટ જેટલી થઈ, અને પોર્ટ સેઈથી બિટર સરોવર સુધી ૧૪૪ ફુટ અને બિટર સરોવરથી સુએજ સુધી ૨૩ ફુટની પહોળાઈ કરવામાં આવી ઇ સ. ૧૮૮૬ મા એ નહેરમાથી વહાણને પસાર થતા ૩૬ કલાક લાગતા, પરતુ ઇ સ ૧૮૯૮ મા ૧૫॥ કલાકમાં વહાણ પસાર થતા. એ નહેરને લીધે એશિઆ તથા યુરોપના મુસાફરોને અને વેપારીઓને ઘણી સુગમતા થઈ છે, તથા આખા આફ્રિકાખંડની પ્રદક્ષિણા કરવાની પ્રથમ જે જરૂર પડતી તે જતી રહી છે.

ધંધા પ્રમાણે ઘણી જાતો હતી—હિંદુસ્તાનમા પણ જાતોનું બંધારણ ધધા પરથી થયલું માલમ પડે છે વણિક્ ક્ષત્રી, કણબી, સુતાર, લુહાર, સોની, માળી, મોચી, ઇત્યાદિ જાતો ધધાનુજ સૂચન કરે છે.

પ્રવીણ—સ. સારી રીતે વાકેફ, હોશિયાર.

નિર્વાહ—સ 'નિર્+વહ્' ઉપરથી. ગુજરાન.

પ્રાણીઓને દેવ ગણી—હિંદુ લોકોમા નાગને દેવ ગણવામા આવે છે. નાગપચમી વગેરે વ્રત તથા તહેવાર તેના તરફના પૂજ્યભાવને લીધે પળવામાં આવે છે. નળદમયન્તીના આખ્યાનમા 'કર્કોટક' નાગની અદ્ભુત શક્તિનું વર્ણન કરવામાં આવ્યું છે

પુનર્જન્મ—ફરીથી જન્મ થવો તે. હિંદુ લોકો પણ મીસરીઓની માફક માને છે કે એકનો એક જીવ પોતાના કર્મને આધારે મરણ પછી ચઢતી અથવા ઊતરતી યોનિમા જન્મ લે છે

એકજ પરમેશ્વરને માનતા—દેવાદિ ઈશ્વરની શક્તિઓથીજ નહિ અટકતા પુરોહિતો આગળ વધી મૂળ પરમેશ્વર એકજ છે એવી ઊંચી ભાવના સુધી પહોંચ્યા હતા

શબ સાચવી રાખવાની કળા—આ કળા મીસરી લોકોએ શોધી કાઢી હતી આ કળા શોધવાનું મૂળ કારણ એવું લાગે છે કે મીસરી લોકો એમ ધારતા કે ત્રણ કે દસ હજાર વર્ષ સુધી આત્માની હયા

તીનું ચક્ર (સાઇકલ) પૂરૂ કર્યા પછી તે આત્માને પાછુ મનુષ્યનુ રૂપ ધારણ કરવાને શરીર સાચવી રાખવાની જરૂર છે. એ ઉપરાત આથી સબધી કારણો પણ હશે. કેટલીક દતકથાઓ પરથી એ કાર્યને ધાર્મિક સ્વરૂપ આપવામા આવ્યુ હશે એમ પણ માનવામા આવે છે. એ કળાની શરૂઆત ઓછામા ઓછા ઇ સ પૂ. ૪૦૦૦ વર્ષ પર થઈ હોવી જોઈએ.

ક્રિયા—એક લહીયો શબની પાસળીની નીચે ડાબી બાજુએ બરૂ વતી એક લીટી કાઢતો તે લીટી નીચે એક નીચલા વર્ગનો અમલદાર પથ્થરના છુટા ચપ્પુ વડે એક ઊંડુ બાકુ પાડતો ત્યારપછી એક માણસ હૃદય અને મૂત્રાશય રહેવા દઈ આંતરડા અને ફેફસા કાઢી લેતો, અને બીજો માણસ નાક વાટે મગજ ખેંચી કાઢતો એટલે સાચવી રાખવા માટે જરૂરના ક્ષાર તથા મસાલા ભરવા માટે તે તૈયાર થતુ. કેવી જાતના ક્ષાર તથા મસાલા ભરવા તેનો આધાર ખરચવાની રકમ ઉપર રહેતો.

ધનાઢ્ય લોકો નસકોરામાથી ખોપરીના પોલાણમા ખાસ વસ્તુઓ ખોસાવતા, ખજૂરીના રસના દારૂમા પેટ સાફ કરાવતા, તેમા હીરાઓળ, તજ વગેરે બીજા પદાર્થો ભરાવતા, અને ડાબી બાજુનું બાકુ સીવડાવી લેતા. શબને પછી ૭૦ દિવસ સુધી સાજીખારવાળા પાણીમા નાખતા, ધોઈને ગુદથી ચોટાડેલા દણના પડોમા વિંટાળતા, અને ધડની કે કમરની ભીતને અડેલી એક સ્ટડની પેઠીમ કેલુ મૂકતા આ ક્રિયામાં એક 'સિલ્વર ટૅલન્ટ' (કદાચ ૭૨૫ પૌંડ જેટલો હશે) ખરચ થતો

એથી સસ્તી ક્રિયામા એક 'મીના' (કદાચ ૨૫૩ પૌંડ બરોબર હશે) જેટલો ખરચ થતો.

સૌથી ગરીબ વર્ગ શબને હીરાઓળમા બોળતા, અને ૭૦ દિવસ મીઠાના પાણીમા રાખી મૂકતા. આ નિર્વાહ ઘણી ઘણી રીતે શબ સાચવી રાખવામા આવતા. કેટલાક તો ખાલી જગામા શબને મૂકવાજ.

સજ્જડ બંધ કરી દેતા.—બધ કરવાનું કારણ એજ કે હવા અંદર દાખલ થાય નહિ દવાઓ તથા બીજી ઘણી વસ્તુઓ સાચવી રાખવા માટે 'એરટાઈટ' એટલે હવા પ્રવેશ ન કરે એવી શીશીઓ રાખવી પડે છે એ સવને વિદિત છે

મુખ્ય સમાધિસ્થાનો—લંડન, ઑક્સફર્ડ, ફ્લૉરેન્સ, વેનિસ,

વિએના, મ્યુનિચ, બર્લિન, સેંટ. પીટર્સબર્ગ, રોમ, પૅરિસ, વગેરેમાં ઘણા કિમતી સંગ્રહસ્થાનો છે. હિંદુસ્થાનમા જેપુરનું સંગ્રહસ્થાન વખણાય છે. પ્રથમ સંગ્રહસ્થાનોમાં વિશેષે કરીને શિલ્પકામ, ચિત્રકામ, તથા હસ્તલિખિત પુસ્તકોજ રાખવામા આવતા હવે કુદરતના ઇતિહાસનો ચિતાર આપનાર વિદ્યા સબંધી દરેક નવી શોધખોળથી મળી આવેલી વસ્તુઓ સંગ્રહસ્થાનમા મૂકવામા આવે છે સંગ્રહસ્થાનની ખામ ખૂબી અને ઉત્તમતા વસ્તુઓની ગોઠવણ પર આધાર રાખે છે.

કાંબીસિસ—ઇરાનના રાજા સાઈરસનો પુત્ર કાંબીસિસ ઇ. સ. પૂ. ૫૨૯ મા ગાદીએ બેઠો હતો. પોતાના ભાઈને મારી નાખી ઇ. સ. પૂ. ૫૨૭ અથવા ૫૨૫ મા મીસર પર સ્વારી કરી ત્યાના રાજાને હરાવી ૭ મહીનામા આખા ઇજીપ્તનો માલીક બન્યો કાંબીસિસે એકદરે મીસરના લોકો સાથે નમ્રતાથી કામ લીધું હતું, પણ પાછળના ભાગમાં તેને દારૂ પીવાની ટેવ પડી, અને તે ઘાતકી વર્તણુક ચલાવવા લાગ્યો. એટલામાં ઇ સ. પૂ. ૫૨૨ મા એણે સાભળ્યુ કે ઇરાનની ગાદી બીજા કોઈએ લઈ લીધી છે, તે પરથી તે પાછી મેળવવા ઇજીપ્તથી નીકળ્યો, પરતુ રસ્તામાજ જાંઘ ઉપર અકસ્માત્ ઈજા થવાથી સીરિઆમા મરણ પામ્યો.

મકદુનીઆ—આર્કિપેલેગો અથવા ઈજીઅન સમુદ્રના વાયવ્ય કોણમા એ દેશ આવેલો છે ગ્રીસ પર હુમલો કરવામા સામેલ થવાની ઇરાનીઓએ મકદુનીઆના લોકોને જરૂર પાડી હતી. પછીથી કેટલોક વખત ગ્રીસના અને તે પછી રોમના તાબામા તે રહ્યું હતુ. દસમી સદીમાં બલ્ગેરિઆના, ને ચૌદમી સદીમાં સર્વિઆના તાબામા હતુ સોળમી સદી પછીથી તુર્કી રાજ્યનો એ એક ભાગ બન્યો.

પાઠ ૧૭—અઠારેક ક્રિયા—ટાંકણી બનાવવામા અઠારેક વિભાગો કરવામાં આવે છે. રમવાના પાનાં બનાવવામા એનાથી પણ ચારગણા એટલે બોત્તેરેક વિભાગ પાડવામા આવે છે. જુદા જુદા કારીગરોને આ વિભાગો સોપવામા આવતા હોવાથી ૩૦ કારીગરો એક દિવસમાં ૧૫,૫૦૦ પાનાં બનાવી શકે છે. જો એકજ કારીગર બધાં કામ કરે, તો દિવસમા એક કે બે કરતાં વધારે પાનાં નજ કરી શકે. **પરઠી લઈને**—પોતપોતાનુ કામ જુદુ નક્કી કરી લઈને.

પાઠ ૧૮—ષોડશોપચાર—આવાહન, આસન, પાદ્ય, અર્ઘ્ય, આચમન, સ્નાન, વસ્ત્ર, યજ્ઞોપવીત, ચંદન, પુષ્પ, ધૂપ, દીપ, નૈવેદ્ય, પુગીફલનામૂલ (પાનસોપારી), દક્ષિણા, નમસ્કાર—એ સોળ (પૂજનની) સામગ્રી

ખાતરબરદાસ—ફા ખાતર=હૃદય+બર=આગળ+દાશતન=મૂકવું 'ખાતરબરદાસ' = 'હૃદય આગળ મૂકવું' એટલે 'ભૂલવું નહિ, પણ દરેક રીતે તજવીજ કરવી તે'.

યજમાન—સં. યજ્ ઉપરથી વર્તમાન કૃદન્ત = યજ્ઞ કરનાર અહિં 'યજમાન' એટલે 'જેને ત્યાં પરોણો આવ્યો હોય તે, પરોણાની આગતાસ્વાગતા કરનાર ઘરનો ધણી.'

(અપૂર્ણ)

ધારાસભાઓનું બંધારણ.

(રા. રા જનુભાઈ અચરતલાલ સૈયદ. બી. એ.)

લાંબા સમય ઉપર રચાયલા કાયદાથી નિયંત્રિત થયલી હિન્દુસ્તાનની ધારાસભાઓના સ્વરૂપમાં થોડોઘણો ફેરફાર કરવો યોગ્ય લાગવાથી નામદાર સેક્રેટરિ ઑફ્ સ્ટેટની મંજુરીથી સને ૧૯૦૯નો ઇન્ડિઆ કાઉન્સિલ્સ ઍક્ટ (હિન્દુસ્તાનની ધારાસભાઓનો કાયદો) પસાર થયો હતો. આમાં મુખ્યત્વે કરીને ધારાસભાના સભાસદોની સંખ્યા, તેમની નીમણુક કે ચૂંટણીને લગતી બાબતો, તેમજ અન્ય ઉપયોગી વિષયોનો સમાવેશ કર્યો છે પ્રસ્તુત કાયદો અમલમાં મૂકતા પહેલાં વડી સરકારે તા ૨૪મી ઑગસ્ટ સને ૧૯૦૭ ના રોજ એક પત્રદ્વારા સ્થાનિક સરકારને તેમની હદમાં વસતા જુદીજુદી કોમના માણસો, તેમજ અન્ય મંડળોના અગ્રગણ્ય સભ્યોના મત લઈ પોતાની તરફ લખી મોકલવા સૂચવ્યું હતું આ બધા મતોનું તારણ કાઢી વડી સરકારે એક પત્ર લૉર્ડ મોર્લી–સેક્રેટરિ ઑફ સ્ટેટને મોકલ્યો હતો, તેને પરિણામે આ કાયદો પસાર થયો હતો. આ કાયદાથી ધારાસભાના કદમાં, તથા બીજી કેટલીક બાબતોમાં, એટલે કે ધારાસભાઓના જૂના સ્વરૂપમાં મટુ ફેરફાર થયો છે. વડી ધારાસભામાં સરકારી સભાસદની સંખ્યા વધારે છે સ્થાનિક તેમજ પ્રાંતિક સભાઓના બંધારણમાં એથી ઉલટું છે તે નીચેના કોષ્ટક ઉપરથી જણાશે.

ધારાસભાઓનાં નામ	સરકારપક્ષ.	લોકપક્ષ.	વધુમત કયાં પક્ષના ?
વડી ધારાસભા	૩૭	૩૨	૫ (સરકારના)
મદ્રાસ	૨૦	૨૬	૬ (લોકપક્ષના)
મુંબઈ	૧૮	૨૮	૧૦ (,,)
બંગાળા	૧૭	૩૧	૧૪ (,,)
સયુક્ત પ્રાંતો	૨૦	૨૬	૬ (,,)
પૂર્વ બંગાળ તથા આસામ	૧૭	૨૩	૬ (,,)
પંજાબ	૧૦	૧૪	૪ (,,)
બર્મા	૬	૯	૩ (,,)

નવા કાયદાને અંગે જાણવા જેગ બાબત એ છે કે જો કોઈ કાયદો પસાર કરતા અનુભવી મહેગૃહસ્થોની જરૂર પડે તો પ્રાંતિક સરકાર તેવે પ્રસંગે બે નવા માણસો નીમે છે. આ બે પુરુષો જો સરકારપક્ષના હોય તોપણ લોકોના વધુ મતની સંખ્યા પર તેની અસર થતી નથી. બીજો લાભ એ થયો છે કે હવેથી ધારાસભામાં ધંધાદારી વર્ગ, જમીનદારો, મુસલમાનો, તેમજ વેપારીવર્ગ, પોતાના પ્રતિનિધિ મોકલી શકે છે. સ્ત્રીવર્ગ, નાની ઉંમરના પુરુષો અથવા તો ગાડ માણસોને કોઈ ઉમેદવારને મત આપવાનો હક નથી. ચૂંટી કાઢવામાં આવેલા માણસની વર્તણુક કે આબરૂ લોકહિતની વિરુદ્ધ લાગે તો વડી કે સ્થાનિક સરકાર તેવા માણસને ધારાસભાનો સભાસદ થતો અટકાવી શકે છે. જુના કાયદા પ્રમાણે દરેક સભાસદની નીમણુક સારૂ સરકારની મંજુરીની જરૂર પડતી

ધારાસભાના પ્રત્યેક સભાસદને નવી સભાની પ્રથમ બેઠક વખતે વફાદારીના સોગંદ લેવા પડે છે, અને તેની સભાસદ તરીકેની મુદત ૩ વર્ષની હોય છે જો કોઈ પણ સભાસદની ચૂંટણી બિનકાયદેસર અગર અનીતિના માર્ગે કે સાધન દ્વારા થઈ હોય, ને તે સાબીત કોઈપણ બીજો

માણસ વાંધો ઉઠાવે તો તે બાબત તપાસ કરવામાં આવે છે, અને જો વડી કે સ્થાનિક સરકારની નજરમાં આવે તો તે વાંધા ભરેલી મણાય છે. આ સિવાય ધારાસભાના કાર્યક્રમના પણ કેટલાક નિયમો ઘડાયા છે.

(૧) બ્રિટિશ સરકારના પરરાજ્યના સંબંધ વિષે, (૨) જે બાબતો સભામા sub judis (ચુકાદો ન થયો હોય એવી) હોય તેના ઉપર, (૩) તેમજ ઈ. સ ૧૮૬૧ ની સાલના કાયદાની ૨૨ મી કલમમાં બાતલ કરેલા વિષયો ઉપર કોઈ સભાસદને ચર્ચા ચલાવવાનો હક નથી. ઉપરાંત જે બાબતો સામાન્ય લોકહિત વિરુદ્ધ હોય, અથવા પ્રાંતિક કે સ્થાનિક સરકારની સભામાં રજુ કરવા યોગ્ય લાગે તો તેવી દરખાસ્તો વડી સરકારની ધારાસભામાં રજુ કરવા દેવામાં આવતી નથી. આ નવા કાયદાથી મુખ્ય લાભ એ થયો છે કે સામાન્ય હિતને લગતી કોઈ પણ નવી દરખાસ્ત લોકનિયુક્ત સભાસદ રજુ કરી શકે છે

બજેટ (અંદાજપત્ર) રજુ થયા પછી તે ઉપર ચર્ચા ચલાવવાનો હક અગાઉ ન હતો, તે આ કાયદાને અંગે પ્રાપ્ત થયો છે. બજેટને અંગે વેરો, નવી લોન, તથા પ્રાંતિક સરકારને આપવાની ગ્રાન્ટ જેવા વિષયો ઉપર દરખાસ્તો રજુ કરવાનો દરેકને હક છે આ ઉપરાંત કોઈ પણ પ્રશ્નના ઉત્તરને લગતો નવો પ્રશ્ન પ્રથમ પૂછવાનો હક ન હતો, તે હવે નવો મળ્યો છે.

આ ઉપરથી સહજ સમજાશે કે નવા કાયદા જેને "Morley-Minto Reforms" "લૉર્ડ મોર્લી તથા લૉર્ડ મિન્ટોના સુધારા"નું નામ પણ કેટલાક આપે છે, તે હિન્દુસ્તાનના રાજ્યબંધારણમાં એક ઉપયોગી ફેરફાર કરનાર સાધન છે. ધારાસભાના સભાસદોની સંખ્યા બહુ વધી છે જુદા જુદા હક સભાસદોને આપવામાં આવ્યા છે. લોકનિયુક્ત સભ્યોની સંખ્યાના વધુ મત છે કાયદા ઘડવામાં તથા અમલમાં મૂકવામાં લોકોને વધારે ભાગ લેવા એજ આ નવા કાયદાનો લાભકારક, ઉદાર તથા ઉચ્ચ આશય છે. પ્રસ્તુત કાયદો અમલમા મુકાયા પછી આપણા હિંદુસ્થાનના માયાળુ શહેનશાહ રાજ્યાભિષેકને વાસ્તે હિંદ પધાર્યા હતા ત્યારે દિલ્હીમાં સ્વમુખે કેટલાક સુધારા તથા રાજ્યતંત્રમાં ફેરફાર જાહેર કર્યા હતા. તેમાંના મુખ્ય બે છે—

(૧) હિન્દુસ્તાનની રાજધાની કલકત્તાને બદલે દિલ્હી થશે.

(૪) બંગાળાના જુદા ભાગ પાડી કાઉન્સિલની મદદથી કામ કરનાર ગવર્નર નિમાશે. આને લીધે બંગાળા ઇલાકાની ધારાસભાના બંધારણમાં ફેરફાર થશે છે, પણ બહુધા જૂનો ૧૯૦૯ નો કાયદો કાયમ છે.

ધારાસભાનું નામ.	પ્રમુખ.	કાયદા અમલમાં મૂકનારી સભાના અધિકારી (સત્તાની રૂએ)	પ્રાંતવાર આબકારી.	સરકાર તરફથી નિમાયલા	લોક તરફથી ચૂંટી કઢાયલા.
નવી ધારાસભા.	નામદાર વાઇસરૉય	૫	૮	૨૭ (૨૦ + ૭)	૨૫
મદ્રાસની ,,	,, ગવર્નર.	૩ + ૧ ઍ		૨૩ (૧૬ + ૭)	૧૬
મુંબઇની ,,	,, ગવર્નર.	૩ + ૧ ઍ		૨૧ (૧૪ + ૭)	૨૧
બંગાળાની ,,	લેફ્ટેનન્ટ ગવર્નર.			૨૨ (૧૭ + ૫)	૨૬
સંયુક્ત પ્રાંતની ,,	,,			૨૬ (૨૦ + ૬)	૨૦
પૂર્વ બંગાળા તથા આસામની ધારાસભા.	,,			૨૨ (૧૭ + ૫)	૧૮
પંજાબની ,,	,,			૫ (૧૦ + ૬)	૫
બિહારની ,,	,,			૧૪ (૬ + ૮)	૧ (વેપારી મંડળ તરફથી)

ઍ ઍડવોકેટ-જનરલ. + સરકારી નોકરો. * સરકારી નોકર ન હોય એવા.

સંગીતવિષય.

(ચાલુ પુસ્તક ૫૧ ના પૃષ્ઠ ૧૮૮ થી).

ઈશ્વરપ્રાર્થના

શાંતિથી ગાવુ.

માત્રા ૪	ઓ	ઈ	શ	ર	બ	જી	એ	ત	ને	.	..	,			
વિલંબિત મધ્ય	ऽ	ऽ	|	|	|	|	ऽ	|	|	ऽ		|		
ગતિ.	सा	रे	ग	ग	प	प	प	ध	धा	.....		,			
	મો	ટું	છે	તુ	જ	ના				..	મ	;			
	ऽ	ऽ	ऽ	|	|	ऽऽ				|		ऽ			
	प	धा	सां	ध	प	गा				गा	..	.			
	ગુ	ણ	તા	રા	નિ	ત	ગા	ઈ	એ	....		,			
	|	|	ऽ	ऽ	|	|	ऽ	|	|	ऽ		|		
	ध	ध	प	गा	रि	ग	सा	रि	गा	....		,			
	થા	ય	અ	મા	રા		કા			..	મ	.			
	ऽ	|	|	ऽ	ऽ		ऽऽ			|	|	ऽ		
	धा	प	प	गा	री		सा			सा	..	.			

ગાય.

આનંદથી ગાવુ

માત્રા ૪	કા	ળી	ધો	ળી	ચ	તી	ગા	ય	,			
મધ્ય દ્રુત	ऽ	ऽ	ऽ	ऽ	ऽ	ऽ	ऽ	|	|		
ગતિ	सा	सा	रे	म	प	धप	सां	सं	,			

* \| = ૧ માત્રા ; ऽ = ૨ માત્રા ; ऽ = ૩ માત્રા ; ⁀ = ૨૨૨, વધુ ૩ શબ્દ બીજા સ્તંભમા ચાલુ છે એ બતાવનાર, –गा = ગામળ ગા ; नी₁ = મન્દ્ર ની ; ‖ = ગીત પૂરું, - = અર્ધમાત્રા

પ્રી	એ	પા	ણી	ચ	ર	વા	જા	ય ,
ऽ	ऽ	ऽ	ऽ	|	|	ऽ	ऽ	| |
ध	म	प	गा	स	स	रिग	सा	स ;

ગા	ર	પ	ગો.	ને	આ	ચ	ળ	ચા ર ,
ऽ	|	|	ऽ	ऽ	ऽ	|	|	ऽ | |
सा	स	स	रे	म	प	ध	प	सां सं ,

વા	ગ	ર	ડા	પ	ર	હે	ત	અ પા ર .
ऽ	|	|	ऽ	|	|	ऽ	|	| ऽ | |
घा	म	म	प	ग	ग	सा	रि	ग सा स .

પેપટની શીખામણ.

આનદથી ગાવુ.

માત્રા ૨	ઉ	ડ	જ	ગે	ઉ	ડ	વ	ને, √
દ્રુત	!	ऽ	|	ऽ	|	ऽ	|	ऽ
ગાવ	स	सा	स	गा	ग	म	म	प

રિ	ઝું	હ	રી	ઝ	વુ	ત	ને √
|	ऽ	|	ऽ	|	ऽ	|	ऽ
ध	सां	सं	–नी	ध	प	म	गा

ઉ	ધા	ડી	પા	ખ	મા	ઇ	રી, √
|	ऽ	|	ऽ	|	ऽ	|	ऽ
प	सां	नि	सां	रिं	सा	-नि	धप

---

* \| = ૧ માત્રા, ऽ = ૨ માત્રા; ऽ = ૩ માત્રા, ‿ = સ્વર, વધુ કે શબ્દ બીજા સ્વરભમા ચાલુ છે એ બતાવનાર, –गा = કોમળ गा, नी = મન્દ્ર नी; ं = ગીત પૂરૂ. - = અર્ધમાત્રા, √ માટે જુઓ પૃ ૨૨૪

ઉ	ધા	ડ	ભા	ઈ	તા	ક
|	ડ	|	ડ	|	ડ	|
प	सां	-नि	धा	म	प	म

ળ	ણું	અ	ને	ક	બો	લ
|	ડ	|	ડ	|	ડ	|
म	म	म	-नी	ध	सां	नि

મિ	ઠા	ક	રૂં	ટ	ક	ક
|	ડ	|	ડ'	|	ડ	|
नि	सां	रिं	सां	-नि	-नी	प

ત	એ	ક	વે	ણ	મા	ન
|	ડ	|	ડ	|	ડ	|
प	सां	नि	सां	रिं	-नी	ध

ગી	રૂં	મી	રુ	ટ	ક	ક
|	ડ	|	ડ	|	ડ	|
प	सां	-नि	धा	म	प	म

પાદ પૂરૂં થાય છે અને બીજું પાદ તે સાથે એકજ સ્તભમાં જોડાય છે તે સ્પષ્ટ દેખાય છે; પરંતુ વિરામ અને સૂક્ષ્મ છે તે દર્શાવવા અક્ષર ઉપર √ આ ચિહ્ન રાખ્યું છે

અપૂર્ણ.

---

* । = ૧ માત્રા ; ડ = ૨ માત્રા , ડ' = ૩ માત્રા ; ⌉ = સ્વર, વર્ણ કે શબ્દ બીજા સ્તભમા ચાલુ છે એ બતાવનાર ; -गा = ઉમગ गा ; ગા, = મન્દ મી ; ⌉ = ગીત પૂરૂં. ‿ = અર્ધમાત્રા

ગણિત.

લેખક—રામભાઈ કાલિદાસ પટેલ.

(ચાલુ પૃ ૧૯૩ થી)

નિયમ ૨૩ મો:—બે સખ્યાના વર્ગોની બાદબાકી અને તેજ બે સખ્યાની બાદબાકી આપ્યા હોય, તો આપેલી બાદબાકીના વર્ગમા આપેલી વર્ગોની બાદબાકી ઉમેરવી સરવાળાને આપેલી બાદબાકીની બમણાઈએ ભાગવાથી મોટી સંખ્યા નીકળશે આપેલી વર્ગોની બાદબાકીમાથી આપેલી બાદબાકીનો વર્ગ બાદ કરવો આ બાદબાકીને આપેલી બાદબાકીની બમણાઈએ ભાગવા. ભાગાકારની નાની સખ્યા આવશે

ઉદા. - બે સખ્યાના વર્ગોની બાદબાકી ૩૯ છે, અને તેજ બે સખ્યાની બાદબાકી ૩ છે, તો તે બે સખ્યા કઈ ?

$$\frac{\text{આપેલી બાદબાકીનો વર્ગ} + \text{આપેલી વર્ગોની બાદબાકી}}{\text{આપેલી બાદબાકીની બમણાઈ}}$$

$$= \frac{૩^{૨} + ૩૯}{૩ \times ૨} = \frac{૪૮}{૬} = ૮ \text{ મોટી સખ્યા.}$$

$$\frac{\text{આપેલી વર્ગોની બાદબાકી—આપેલી બાદબાકીનો વર્ગ.}}{\text{આપેલી બાદબાકીની બમણાઈ}}$$

$$= \frac{૩૯—૩^{૨}}{૩ \times ૨} = \frac{૩૦}{૬} = ૫ \text{ નાની સખ્યા.}$$

માટે જવાબ ૮ અને ૫.

કારણ:—

$અ^{૨}—ય^{૨} = ૩૯$ અને $અ—ય = ૩$ છે.

$અ—ય$ = નો વર્ગ કર્યો તો

$અ^{૨}—૨ અય + ય^{૨} = ૯$ થયા. એમા

$અ^{૨} \qquad —ય^{૨} = ૩૯$ ઉમેર્યા.

$૨ અ^{૨}—૨ અય = ૪૮$.. સરવાળો

માટે $૨ અ (અ—ય) = ૪૮$ એમા

$અ—ય = ૩$ આપેલા છે.

માટે $અ \times ૨ \times ૩ = ૪૮$

માટે અ $= \frac{૪૮}{૩ \times ૨} =$ ૮ મોટી સંખ્યા.

અને એજ રીતે અ^{૨}—બ^{૨} = ૬૯ માંથી અ—બ = ૩ નો વર્ગ અ^{૨}—૨ અબ + બ^{૨} = ૯ બાદ કર્યા તો

૨ અબ—૨ બ^{૨} = ૩૦ રહ્યા

માટે ૨ બ (અ—બ) = ૩૦ એમાં

અ—બ = ૩ આપેલા છે,

માટે બ × ૨ × ૩ = ૩૦. માટે બ

$= \frac{૩૦}{૩ \times ૨} =$ ૫ નાની સંખ્યા.

ઉદા:—અ ૧૦૦ રૂપીઆનો એક એવા કેટલાક શેર લે છે, અને જેટલા શેર લે છે તેટલી પાઈ દરેક શેરે દલાલી આપે છે. બ ૧૦૦ રૂપીઆનો એક એવા કેટલાક શેર લે છે, અને જેટલા શેર લે છે તેટલી પાઈ દરેક શેરે દલાલી આપે છે અ કરતા બ ને રૂ. ૦–૬–૯ વધારે દલાલી આપવી પડે છે વર્ષ આખરે બન્નેને દર શેરે ૫ રૂપીઆ પ્રમાણે નફો મળે છે. આથી અ કરતાં બ ને ૧૫ રૂપીઆ વધારે નફો મળે છે. જો અ પોતાના શેર ૮૦ ને ભાવે વેચી દઈ ઉપજેલી રકમની ૫ ટકાની ૯૬ ના ભાવની અને બ પોતાના શેર ૯૦ ને ભાવે વેચી દઈ ઉપજેલી રકમની ૪½ ટકાની ૮૭½ ના ભાવની લોન લે, તો બન્નેની વાર્ષિક ઉપજ પ્રથમ કરતાં કેટકેટલી વધશે અથવા ઘટશે?

ટીપ—નિયમ ૧૨ અને ૧૩ ને માટે ગોખલેકૃત ગુજરાતી અખિલમાં આ રીત કરતાં જુદી રીત આપી છે.

નિયમ ૧૪ મો:—કોઈ બે સંખ્યાના વર્ગોની બાદબાકી અને તેજ બે સંખ્યાનો ગુણાકાર આપ્યા હોય, તો આપેલી વર્ગોની બાદબાકીનો વર્ગ કરવો. આ વર્ગમાં આપેલા ગુણાકારના વર્ગની ૪ ગણાઈ ઉમેરવી. જે સરવાળો આવે તેનું વર્ગમૂળ કાઢવું. આ વર્ગમૂળ તેજ બે સંખ્યાના વર્ગોનો સરવાળો થશે આ ઉપરથી બે બે સંખ્યાઓ કાઢી શકાશે.

ઉદા—બે સંખ્યાના વર્ગોની બાદબાકી ૨૦ છે, અને તેજ બે સંખ્યાનો ગુણાકાર ૨૪ છે, તો તે બે સંખ્યાઓ કઈ?

$\sqrt{\text{આપેલી વર્ગોની બાદબાકી}^{૨} + \text{આપેલો ગુણાકાર}^{૨} \times ૪}$

$= \sqrt{૨૦^{૨} + ૨૪^{૨} \times ૪}.$

$= \sqrt{૪૦૦ + ૫૭૬ \times ૪}$

$= \sqrt{૨૭૦૪}.$

= ૫૨ તેજ બે સખ્યાના વર્ગોનો સરવાળો. આ સરવાળો અને તેજ બે સખ્યાના વર્ગોની બાદબાકી ૨૦ આપી છે તે પરથી તે બન્ને સખ્યાઓ નીચે પ્રમાણે નીકળી શકે છે –

$\sqrt{\dfrac{\text{આવેલો વર્ગોનો સરવાળો + આપલી વર્ગોના બાદબાકી}}{૨}}$

$= \sqrt{\dfrac{૫૨ + ૨૦}{૨}} = \sqrt{૩૬} =$ ૬ મોટી સંખ્યા.

અને $\sqrt{\dfrac{\text{આવેલો વર્ગોના સરવાળો—આપેલી વર્ગોની બાદબાકી}}{૨}}$

$= \sqrt{\dfrac{૫૨—૨૦}{૨}} = \sqrt{૧૬} =$ ૪ નાની સખ્યા.

જવાબ ૬ અને ૪ તે સખ્યાઓ.

કારણઃ—

$અ^{૨}–ય^{૨} = ૨૦$ અને $અય = ૨૪$ છે.

$અ^{૨}–ય^{૨} = ૨૦$. એનો વર્ગ કરવાથી $અ^{૪}—૨ અ^{૨} ય^{૨} + ય^{૪} = ૪૦૦$ થાય છે એમાં $૪ અ^{૨} ય^{૨} = ૨૩૦૪$ ઉમેરવાથી $અ^{૪} + ૨ અ^{૨} ય^{૨} + ય^{૪} = ૨૭૦૪$ થાય છે. એનુ વર્ગમૂળ કાઢવાથી $અ^{૨} + ય^{૨} = ૫૨$ આવે છે.

હવે $અ^{૨} + ય^{૨} = ૫૨$ છે. એમા

$અ^{૨}—ય^{૨} = ૨૦$ ઉમેર્યા

$૨ અ^{૨} = ૭૨$ સરવાળો થયો.

માટે $અ^{૨} = ૩૬$

માટે $અ = ૬$

એજીજ રીતે

$અ^{૨} + ય^{૨} = ૫૨$ છે એમાંથી

$$\frac{\text{ચ}^{2} - \text{ચ}^{1} = ૨૦ \text{ બાદ કર્યા}}{૨\ \text{ચ}^{1} = ૩૨ \text{ બાદબાકી}}$$

માટે $\text{ચ}^{2} = ૧૬$

માટે $\text{ચ} = ૪$.

૧ લુ ઉદા:—એક માણસે સોનું, ચાંદી, અને ત્રાબુ મળીને ત્રણ ધાતુના મિશ્રણનુ એક ૩૦ તોલા વજનનું કડું કરાવ્યુ. આખા કડાનો જેટલો ભાગ સોનાનો છે તેટલા પૌંડ આખા કડાની ઘડાઈ ગણતાં જેટલો ભાગ સોનાનો છે તેટલા ભાગની જે ઘડાઈ થાય તે રકમ સોનીએ ઘડાઈ તરીકે માગી. તે માણસે આખા કડાનો જેટલો ભાગ ચાદીનો છે તેટલા પૌંડ આખા કડાની ઘડાઈ ગણતા જેટલો ભાગ ચાદીનો છે તેટલા ભાગની જે ઘડાઈ થાય તે રકમ ઘડાઈ તરીકે આપવા કહ્યું. આથી સોની અને તે માણસને ૨ શિલિંગ ૯½ પેન્સના તફાવતની તકરાર પડી. આખરે સોનીએ જેટલો ભાગ સોનાનો હતો તેટલા પૌંડ આખા કડાની ઘડાઈ ગણતાં જેટલો ભાગ ચાદીનો હતો તેટલા ભાગની જે ઘડાઈ થાય તે રકમ લીધી. આથી સોનીને ઘડાઈ બદલ ૩ શિલિંગ ૪ પેન્સ મળ્યા. તે માણસે ૨૦ રૂપીએ તોલા લેખે સોનુ, દશ આને તોલા લેખે ચાદી, અને છ પાઈએ તોલા લેખે ત્રાબુ ખરીદ્યુ હતુ. કહો સારે તે કડુ કેટલી કિંમતનું થયું? જવાબ.* ૩ ૩૦૮–૧૪–૬.

૨ જુ ઉદા.—એક વેપારીએ પોતાની પાસે જેટલી સાલ છે તેટલા રૂપીઆની એક લેખે સઘળી સાલો અને જેટલી પાઘડી છે તેટલા રૂપીઆની એક લેખે સઘળી પાઘડીઓ વેચી દીધી. આથી તેને સાલ કરતા પાઘડીમા ૩. ૪૪ ઓછા ઉપજ્યા. જો તેણે જેટલી પાઘડીઓ છે તેટલા રૂપીઆએ એક લેખે સઘળી સાલો અને જેટલી સાલ છે તેટલા રૂપીઆએ એક લેખે સઘળી પાઘડીઓ વેચી દીધી હોત, તો તેને ૩. ૨૪૦ ઉપજત. જો તેણે ૩. ૬૨૦ એ એક સાલ લેખે સઘળી સાલો અને ૩ ૮ એ એક પાઘડી લેખે સઘળી પાઘડીઓ વેચી દીધી હોત તો તેને એકડે ૧૫ ટકા નફો મળત સારે તે વેપારીએ તે વેપારમા કેટલા રૂપીઆ રોકેલા?

(અપૂર્ણ).

* આ વિષયમા આપેલા બીજા સર્વ ઉદાહરણોના જવાબ વિષય પૂરો થયે આપવામા આવશે

સ્ત્રીકેળવણીની જરૂર.

(લખનાર–માસ્તર ભીમસિંહજી દીપસિંહજી પરમારના પત્ની બાઈ ચંચળ)

નાનાં બાળકથી તે વૃદ્ધ વયનાં માણસો પણ કહી શકશે કે આ દુનિયાનો ઉદ્ધાર અને મડાણ સ્ત્રી થકીજ છે. દરિયામા વહાણ ચલાવવાને ખલાસી કુશળ હોય છે ત્યારેજ વહાણ આ પારથી પેલે પાર જઈ શકે છે, તેમજ રાજ્યકારભાર ચલાવવાને પંડિત પ્રધાનની જરૂર છે, તો પછી મહાવિકટ એવો જે આ સસાર તેને ચલાવવાને કેળવણી પામેલી સ્ત્રીઓની ખાસ જરૂર હોય એમાં નવાઈ શી! જ્યાંસુધી માતા કેળવાયલી નહિ હોય ત્યાસુધી ઉછરતી પ્રજા ચપળ થઈ શકે એ બનવા જોગ કેમ હોય! જો માતા કેળવાયલી હશે તો તે પોતાના બાળકને સહેલાઈથી નાનપણમાંજ કેળવણીના સસ્કાર ઠસાવી શકશે. મનની કેળવણી સપાદન કરવાને બાળકને શાળાની જરૂર પડે છે, તોપણ તનની કેળવણી આપવાને તો ખાસ કેળવાયલી માતાનીજ જરૂર છે. એક અભણ માતા બાળકને શુ સુધારી શકે? હા, જેવા ગુણો પોતામા હોય તેવા શિખવી શકશે–એમ કહીએ તો તેથી શુ? બચ્ચાનુ રક્ષણ અને પોષણ કરવામા તો અનાથ પશુપક્ષીઓ પણ બાહોશ હોય છે. પરતુ મનુષ્યજાત સર્વ પ્રાણીઓમાં જેટલી શ્રેષ્ઠ છે તે પ્રમાણમાં ઉત્તમ પ્રકારે માતા પોતે કેળવણી લઈને પોતાના બાળકને કેમ ન સુધારે? એક કેળવણી પામેલી માતા આ દુનિયાની વિચિત્ર પ્રજાને કેવી ઉપયોગી છે!

નાનપણથી માતાની તાલીમથી પુત્ર યા પુત્રી કેટલો બધો ઉપકાર કરી શકે છે તેમજ વિદ્વાન્ અને અનુભવી માતા પોતાની પ્રજાના હિતને માટે તેને કેટલી જાતનો બોધ આપી શકે છે તે જાણવુ બહુ કઠિન નથી. કેમકે આપણે સહેજ અનુભવથી જોઈ શકીએ છીએ કે કેળવાયલી સ્ત્રીથી આ સંસાર સુખમય બને છે, અને અભણ સ્ત્રીઓનો સસાર કદી પણ સુખમય હોતો નથી એટલે દુ ખમય હોય છે, તો પછી સુખ મેળવવાનો પ્રયત્ન કરવો એ પ્રાણિમાત્રનું કર્તવ્યજ છે. હિંદી સ્ત્રીઓ તેમાં વળી ગુજરાતની સ્ત્રીઓમાં કેળવણીની ઘણીજ ખોટ છે. તેનું મુખ્ય કારણ એ છે કે ઘણા સાદા અને જૂના રિવાજના ગૃહસ્થો સ્ત્રીકેળવણીથી વિરુદ્ધ જાય છે, તેમજ અજ્ઞાની અને

જાહેર ખબર.

(ઉ. ભા. ના એ. એ ઇન્સ્પેક્ટર સાહેબના તા ૭ મી મે ૧૯૧૨ ના હુકમ ન. ૨૬૯૦ ઉપરથી).

નીચેના પુસ્તકો, ચોપાનીઆ, વગેરે નામદાર શહેનશાહ તરફથી જપ્ત થયલાં જાહેર કરવામા આવ્યાં છે, કારણ કે સદરહુ પુસ્તકો, ચોપાનીઆ વગેરેમાં એવા શબ્દો કે લખાણ છે કે તેથી નામદાર શહેનશાહ તરફ કે હિંદમાં કાયદેસર સ્થપાયલી બ્રિટિશ સરકાર તરફ અસંતોષ, તિરસ્કાર, કે ધિક્કાર ઉશ્કેરાવાનો સંભવ છે.

પુસ્તક વગેરેનું નામ.	પુસ્તક, ચોપાનીઆં વગેરેની વિશેષ હકીકત.	સરકારી ઠરાવ ન. તથા તારીખ.
'પાણિપતચા મોબદલા' (પાણિપતનો ખાર .) નામનું મરાઠી નાટક.	કોલ્હાપુરની હિંદુ યુનિઅન ક્લબના સભાસદ કોઇ વાસુદેવ નારાયણ નામનાએ દેખીતી રીતે લખેલું, મુબઇમાં સુવર્ણ પ્રિન્ટિંગ પ્રેસમાં છપાયલું, અને મુબઇ, ગિરગામના કાટક બધર્સે પ્રસિદ્ધ કરેલું.	જ્યુડિશ્યલ ડિપાર્ટમેન્ટ, ન. ૫૪૬, કિલ્લે મુંબઇ, તા. ૨૦મી જાન્યુઆરિ ૧૯૧૨.
'સંગીત લકાવિખ્યેસ નાટક' (લકાના નાશ વિષે સંગીત નાટક) નામનું મરાઠી નાટક.	ગણેશ ધોંડદેવ કાળેએ લખેલું, અને મુંબઇમા કર્ણાટક પ્રેસમાં છપેલું	જ્યુડિશ્યલ ડિપાર્ટમેન્ટ, ન. ૮૧૫, કિલ્લે મુંબઇ, તા. ૨૯મી જાન્યુઆરિ ૧૯૧૨.
'પૃથ્વીરાજ સયોજિત નાટક' (પૃથ્વીરાજ અને સયોજિત નાટક) નામનું મરાઠી નાટક.	ગણેશ ધોંડદેવ કાળેએ લખેલું, અને મુબઇમાં તત્ત્વવિવેચક પ્રેસમા છપેલું	॥

બસવેશ્વર (Basawe-shwar) નામનું નાટક.	અમરશાસ્ત્રી હીરેમઠ લિંગસાગરે ટૅનરીઝમાં લખેલું, (બેલ્ગામના) રામનરત્ન પ્રકાશ પ્રેસમાં છાપેલું, અને શિવમૂર્તિ સ્વામી કાનબર્ગી મેં પ્રસિદ્ધ કરેલું	જ્યુડિશ્યલ ડિપાર્ટમેન્ટ, ન ૮૫૭, કિલ્લે મુંબઈ, તા. ૩૦મી જાન્યુઆરિ ૧૯૧૨
'વંદેમાતરમ્, બીશો નહિ' (Bande Mataram, Do not fear) એ નામનું બંગાલીમાં હસ્તલિખિત પાનીઉં	'યુગાન્તર' ની સહીવાળું.	જ્યુડિશ્યલ ડિપાર્ટમેન્ટ, ન. ૧૧૨૬, કિલ્લે મુંબઈ, તા. ૯ મી ફેબ્રુઆરિ ૧૯૧૨,
'નામદાર બાલગંગાધર તિલક યાચા વરીલ ખટલ્યાચી હકીકત' (ધિ ઑનરબલ મિ. બાલગંગાધર તિલકપર ચાલલા કામની હકીકત)	બાલગંગાધર તિલકની તપાસનો મરાઠીમાં પૂર્ણ હેવાલ, ખડેગવ ભીકાજી બેલ્સારેએ લખેલો, ઈંદુપ્રકાશ પ્રેસમાં છપાયલો, અને કોલ્હાપુરના જુ. કસેલર રામચંદ્ર ચિન્તામણ ભાગવતે પ્રસિદ્ધ કરેલો	જ્યુડિશ્યલ ડિપાર્ટમેન્ટ, ન ૧૨૧૧, કિલ્લે મુંબઈ, તા ૧૩ મી ફેબ્રુઆરિ ૧૯૧૨
'શૂર અબલા' (બહાદુર સ્ત્રીઓ)	"ધનુર્ધારી"એ લખેલુ, મુંબઈના નિર્ણયસાગર પ્રેસમાં છપાયલુ, જનાર્દન મહાદેવ ગુર્જરે પ્રસિદ્ધ કરેલુ	॥
'શ્રી શિવાજી ઉત્સવ વા તયા પાસુન મહારાષ્ટ્રીયાસ બોધ'	કોઇ શિવાજી જયતી પર દેખીતી રીતે અપાયલુ ભાષણ, 'લોકમાન્ય બાલગંગાધર તિલક'ને અર્પણ કરેલું મરાઠી ચોપાનીઉં.	॥
'લોકમાન્ય બાલગંગાધર તિલક યાચે ૫૦ વર્ષાચે ચરિત્ર, ભાગ પાહવા'	કૃષ્ણજી આબાજી ગુરુજીએ લખેલુ, પૂનાના શારદા પ્રેસમાં છપાયલુ, ગણેશ રામચંદ્ર કાશલકરે પ્રસિદ્ધ કરેલુ	॥

'રાષ્ટ્રીય શિક્ષણ આણિ લોક જાગૃતિ'	વાસુદેવ પુરુષોત્તમ સાઠેએ લખેલુ, અને વડોદરામાં 'જય વિજય' પ્રેસમાં છપાયલુ.	॥
'સમાલોચક' નામના ચોપાનીઆની નીચેની પ્રતો ૧. પુસ્તક ૧ લુ, નં. ૩. ૨ પુસ્તક ૧ લું, ન ૫. ૩. પુસ્તક ૨ જું, નં ૩	મરાઠીમા હુબલીના ત્ર્યબક ગુરુનાથ કાલેએ મરાઠીમા પ્રકાશ કરેલુ	જ્યુડિશ્યલ ડિપાર્ટમેન્ટ, ન. ૧૨૪૪, કિલ્લે મુબઈ, તા ૧૪ મી ફેબ્રુઆરિ ૧૯૧૨.
'બદેમાતરમ્, મા ભોઈ! મા ભોઈ! મા ભોઈ! ભાઈ સ્વદેશીય ભ્રાતૃવૃંદ', એ મથાળાનુ પાનીઉં.	કર્ત્તાના નામ વગરનુ બંગાલીમા લખાયલુ, અંગ્રેજી, બંગાલી, અથવા કોઈ પણ ભાષામા પ્રસિદ્ધ થયલુ	જ્યુડિશ્યલ ડિપાર્ટમેન્ટ, નં. ૧૪૬૪, કિલ્લે મુંબઈ, તા. ૨૨ મી ફેબ્રુઆરિ ૧૯૧૨.
'લેખ—રત્ન—માળા અથવા નાના ફડનવીસાંચે નીવડક પત્રાંચા સગ્રહ નામનુ મરાઠી ચોપાનીઉં	આતાજી રામચંદ્ર લાર્ડિકરે લખેલુ, અને ૧૮૮૭ મા વાસુદેવ ગણેશ જોશીએ 'ચંદ્રિકા' પ્રેસમા છાપેલુ તથા પ્રસિદ્ધ કરેલુ	જ્યુડિશ્યલ ડિપાર્ટમેન્ટ, ન. ૨૭૫૪, કિલ્લે મુંબઈ, તા. ૧૦ મી એપ્રિલ ૧૯૧૨.

નીચેના ચોપાનીઆ, ચોપડી વગેરે જમીન યા દરિઆ માર્ગે બ્રિટિશ ઈંડિઆમાં લાવવાની ગવર્નર જનરલ-ઇન્-કાઉન્સિલ તરફથી ૧૮૭૮ ના મી કસ્ટમ્સ ઍક્ટના સેક્શન ૧૯ ની રૂએ મના કરવામાં આવે છે —

પુસ્તક વગેરેનુ નામ	પુસ્તક ચોપાનીઆ વગેરેની વિશેષ હકીકત	સરકારી ઠરાવ નં. તથા તારીખ
'વણવુ, એક કાવ્ય અને બીજા ગીતો', તથા 'અરિલોરુપચુ, એક કુકી વાર્તા'.	સી સુબ્રમણ્ય ભારતીએ પ્રસિદ્ધ કરેલાં, અને પૉંડિચેરીમા છાપેલા તામિલ ભાષામા ચોપાનીઆ	રેવેન્યુ ડિપાર્ટમેન્ટ, નંબર ૧૯૩૦, કિલ્લે મુબઈ, તા. ૨૩ મી ફેબ્રુઆરિ ૧૯૧૨

અલ્-બલેગ (Al-Balagua) નામનું અરબી વર્તમાન પત્ર.	સિરિઆમાં બેરૂટમાં પ્રસિદ્ધ થયું	રેવેન્યુ ડિપાર્ટમેન્ટ, નંબર ૩૬૦૭, કિલ્લે મુંબઈ, તા. ૧૫ મી એપ્રિલ ૧૯૧૨

જાહેર ખબર.

જ્યુડિશ્યલ ડિપાર્ટમેન્ટ, નંબર ૨૮૭૫, કિલ્લે મુંબઈ, તા. ૧૩ મી એપ્રિલ ૧૯૧૨.

૧૯૧૦ ના ઇંડિઅન પ્રેસ ઍક્ટના સેક્શન ૧૨ પ્રમાણે 'અષ્ટભુજા દેવી' ના ચિત્રની મના કરનારી તા ૧૬ મી ડિસેમ્બર ૧૯૧૧ ની સરકારી જાહેર ખબર નંબર ૭૨૦ ના સંબંધમાં લાગતા વળગતા અધિકારીઓને ખબર આપવામાં આવે છે કે લાનોલી, કાર્યાના રચિત્રમાં પ્રેસના માલીકને સર કાજે નીચેના ફેરફાર સાથે એ ચિત્ર ફરી છાપવાની પરવાનગી આપી છે —

(૧) જાહેર ખબરમાં કસાઈ તરીકે વર્ણવેલા એક રાક્ષસની તરવાર પરના લોહીના ડાઘો કાઢી નાખવા

(૨) જાહેર ખબરમાં ગાય તરીકે વર્ણવેલા, પણ જે દૂધકયામાં ભેંસ છે, તે પ્રાણીનો રંગ સફેદ બદલીને કાળો રાખવો

જાહેર ખબર.

(મે ઉ. ભા ના એ ઇ સાહેબના તા ૧૩ મી મે સને ૧૯૧૨ ના હુકમ નં. ૩૧૬૩ ઉપરથી).

સને ૧૯૧૨–૧૩ નો નં. ૨૯૪૨. અમદાવાદ, ૧૦ મી મે સને ૧૯૧૨

તા. ૭ મી મે ૧૯૧૨ ના ડિરેક્ટર ઑફ પબ્લિક ઇન્સ્ટ્રક્શન સાહેબના હુકમ નં ૧૪૮૩ પ્રમાણે આથી જાહેર કરવામાં આવે છે કે હાલ સુરત સુધી અમદાવાદ કૅંપમાં રહેનાર આસરે ૧૪ વર્ષની વયના છોટાલાલ ગોકળદાસ તમોલીને, તથા હાલ સુરત સુધી અમદાવાદ પ્રેમ દરવાજા બહારના રહેનાર આસરે ૧૭ વર્ષની વયના અનીરામ કૃષ્ણાજી મિસ્ત્રી (ઉર્ફે બાલ કૃષ્ણ કૃષ્ણાજી ગાયકવાડ) ને, લીવિંગ સર્ટિફિકેટો પર ખોટી સહી કરીને અમદાવાદની અમુક સ્વીકૃત હાઈ સ્કૂલમાં દાખલ થવા પ્રયત્ન કરવા માટે, હવે પછી હમેશને માટે સરકારે સ્વીકારેલી કોઈ પણ શાળામાં દાખલ કરવાની, તેમજ ખાતા તરફથી લેવાતી અથવા સ્વીકારાયલી કોઈ પણ પરીક્ષામાં બેસવા દેવાની મના કરવામાં આવે છે. P. Lon

એડ્યુકેશનલ ઇન્સ્પેક્ટર ઉ. ભા

નિશાળોનાં ઇનામપત્રક.

માંડવી—ગામ લોકો તરફથી. મીઠાઇ. રૂ. ૧૦–૮–૦ **સાતમ**—ગામલોકો તરફથી મીઠાઈ. રૂ. ૩–૦–૦ પતાસા ૩–૦–૦ **એરૂ**—ગામલોકો તરફથી વશનજી રણછોડજી તરફથી ભોજન રૂ ૩૦–૦–૦ **ધરસાણા**—ગામ લોકો તરફથી મીઠાઈ રૂ. ૪–૦–૦ **સુંદેશ**—ગામ લોકો તરફથી મીઠાઈ રૂ ૫) **નાગબરા**—ગામ લોકો તરફથી મીઠાઇ રૂ. ૫) ભોજન રૂ. ૧૦) **અચેલી**—ગામ લોકો તરફથી મીઠાઈ રૂ. ૨૦) **અગોદડુગરી**—ગામ લોકો તરફથી મીઠાઈ રૂ. ૫–૮–૦ **ઉમરા**—શેઠ ધનજીશાહ. રૂગતમજી તરફથી ઇનામ રૂ ૨૪–૦–૦ પટેલ ધના રધા મીઠાઈ રૂ. ૧–૧૨–૦ ભાઈ શકરી ખુરસી રૂ. ૪–૮–૦ **સેગવાછામા**—પટેલ ઇચ્છાભાઈ ડોયાભાઈ ભોજન રૂ ૧૨) **અષ્ટગામ**—ગામ લોકો તરફથી ભોજન રૂ. ૪૫) સ્કુલ કમીટીના મેમ્બર તરફથી મીઠાઈ રૂ ૩) **અગોદ**—ગામ લોકો તરફથી છીંટ રૂ. ૩–૧૨–૦ મીઠાઈ ૧–૯–૦ **અડદા**—ગામ લોકો તરફથી ઘડીઆળ રૂ. ૧૨–૪–૦ મીઠાઈ રૂ. ૫) **ખેરલાવ**—ગામ લોકો તરફથી ભોજન મીઠાઈ **ચાસાઉંદુ**—વડતાળ ગાદીના સ્વામીના ધર્મગુરૂ મીઠાઈ રૂ ૩) **ખરોલી**—દમાણજી પરાગજી તરફથી ઘડીઆળ રૂ. ૧૦) **સીસોદરા**—ગામ લોકો તરફથી મીઠાઈ. રૂ ૧૯) **અદવા**—ગામ લોકો તરફથી ભોજન રૂ ૧૬–૩–૦ રૂલાબભાઈ નાગરજી ફોરેસ્ટ સુપ્રીન્ટેન્ડન્ટ સાહેબ તરફથી તથા લક્ષ્મણજી રણસિંહજી મીઠાઈ રૂ ૪–૦–૦ સ્લેટ તથા મીઠાઈ રૂ ૧૦–૧૩–૦ **વાંકાનેર**—ગામ લોકો તરફથી પાણી લાવવાને લોહખંડની નળી રૂ ૩૫) ઇનામ રૂ. ૧૧) મીઠાઈ રૂ. ૨૨) **કમાળછોડ**—દયારામ રણછોડજી તરફથી છોકરાને ભોજન કરાવ્યુ રૂ. ૨૫–૮–૦ ગામ લોકો તરફથી કાપડ, છીંટ વીગેરે કાળીપરજના રૂ. ૧૬–૪–૦ ગોવન કાળા પટેલ સાકર રૂ. ૧)

અપૂર્ણ

સૂચના.—ઝાલાવાડ–હાલાર એજન્સિના તાબાની સ્કૂલોના મહેતાજીઓએ નમુનિલિ અક વી. પી. થી મગાવવો, અગર બે આનાની ટિકેટ મોકલવી, અથવા મ ઓ. કરવો, એમ મે આસિ. એજન્સિ એજન્ટ ઑફિસર સાહેબ સખી જણાવે છે. માટે તે મુજબ તેઓએ અમલ કરવો

REGISTERED NO B 48

અંક ૭ મો. પુસ્તક ૫૨ મું.

Gujarat School Paper.

ગુજરાત શાળાપત્ર.

જુલાઈ ૧૯૧૨.

વિષય	અનુક્રમણિકા.	પૃષ્ઠ.
૧ કાવ્યસપત્તિનું દિગ્દર્શન.	... ...	૨૪૧–૨૪૪.
૨. સાહિત્યમાં નીતિની ભાવના (અ ક. ત્રિ).		૨૪૪–૨૪૯.
૩. હાસ્યરસ (મો. પા. દવે).	. ...	૨૪૯–૨૫૩.
૪ જ્ઞાન અને કેળવણી (લ અ સેવક)....		૨૫૩–૨૫૭
૫. સંગીતવિષય (લ. આ વ્યાસ) ...		૨૫૮–૨૬૧.
૬. ગણિત (રા. કા પટેલ) ...	...	૨૬૨–૨૬૫
૭. પાસ્ટચુર ઇન્સ્ટિટ્યુટ (મ ક દલાલ)....		૨૬૫–૨૭૦.
૮. ગુજરાતી ભાષામાં વપરાતા કેટલાક અરબી ફારસી શબ્દો (ચં ક. મુનશી)		૨૭૦–૨૭૩.
૯ ચર્ચાપત્ર(વિ સ. પાઠક)...	...	૨૭૪–૨૭૫
૧૦ કેળવણીખાતાની ખબરો ...	... ...	૨૭૫–૨૮૦.

તન્ત્રી (ઑગસ્ટ ૧૯૦૨ થી)-અને

પ્રકાશક—રા. બ. ડમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી, બી. એ.,

પ્રિન્સિપલ, પ્રે. રા. ટ્રેનિંગ કૉલેજ—અમદાવાદ.

કેળવણીખાતાના હુકમથી.

(સર્વ હક સ્વાધીન રાખ્યા છે)

અમદાવાદ—યુનાઇટેડ કંપનિ પ્રેસમાં ડાહ્યાભાઇ અમરચી મેહેતાએ છાપ્યું.

નિશાળોનાં ઇનામપત્રક.

માંડવી—ગામ લોકો તરફથી. મીઠાઇ. રૂ. ૧૦–૮–૦ **સાતમ**—ગામલોકો તરફથી મીઠાઈ રૂ. ૨–૦–૦ પતાસા ૩–૦–૦ **ઓડ**—ગામલોકો તરફથી વશનજી રણછોડજી તરફથી ભોજન. રૂ ૩૦–૦–૦ **ધરસાણા**—ગામ લોકો તરફથી મીઠાઈ રૂ ૪–૧–૦ **સુ કેશ**—ગામ લોકો તરફથી મીઠાઈ રૂ ૫) **નામધરા**—ગામ લોકો તરફથી મીઠાઇ રૂ. ૫) ભોજન રૂ. ૧૦) **અચેલી**—ગામ લોકો તરફથી મીઠાઈ રૂ ૨૦) **અગોદડુગરી**—ગામ લોકો તરફથી મીઠાઈ રૂ. ૫–૮–૦ **ઉમરા**—શેઠ ધનજીશાહ. રૂરતમજી તરફથી ઇનામ રૂ ૨૪–૦–૦ પટેલ ધના રધા મીઠાઈ રૂ ૧–૧૨–૦ ભાઈ શકરી ખુરસી રૂ. ૪–૮–૦ **સેગવાછામા**—પટેલ ઇચ્છાભાઈ ટોયાભાઈ ભોજન રૂ ૧૨) **અટ્ટગામ**—ગામ લોકો તરફથી ભોજન રૂ. ૪૫) સ્કુલ કમીટી ના મેમ્બર તરફથી મીઠાઈ રૂ ૩) **સગોદ**—ગામ લોકો તરફથી છીંટ રૂ ૩–૧૨–૦ મીઠાઈ ૧–૮–૦ **અડદા**—ગામ લોકો તરફથી ઘડીઆળ રૂ. ૧૨–૪–૦ મીઠાઈ રૂ. ૫) **ખેરલાવ**—ગામ લોકો તરફથી ભોજન મીઠાઈ **ચાસાઉર્દુ**—વડતાળ ગાદીના સ્વામીના ધર્મગુરૂ મીઠાઈ રૂ ૩) **ખરોલી**—દયાળજી પરાગજી તરફથી ઘડીઆળ રૂ ૧૦) **સીસોદરા**—ગામ લોકો તરફથી મીઠાઈ. રૂ. ૧૯) **અટવા**—ગામ લોકો તરફથી ભોજન રૂ ૧૬–૩–૦ ગુલાબભાઈ નાગરજી ફારેસ્ટ સુપરિન્ટેંડટ સાહેબ તરફથી તથા લક્ષ્મણજી રણસિંહજી મીઠાઈ રૂ ૪–૦–૦ સ્લેટ તથા મીઠાઈ રૂ. ૧૦–૧૨–૦ **વાંકાનેર**—ગામ લોકો તરફથી પાણી લાવવાને લોહખડની નળી રૂ ૩૫) ઇનામ રૂ. ૧૧) મીઠાઈ. રૂ. ૨૨) **કમાળછોડ**—દયારામ રણછોડજી તરફથી છોકરાને ભોજન કરાવ્યુ રૂ ૨૫–૮–૦ ગામ લોકો તરફથી કાપડ, છીંટ વીગેરે કાળીપરજના રૂ. ૧૬–૪–૦ ગોવંદ કાળા પટેલ સાકર રૂ. ૧)

અપૂર્ણ

સૂચના.—ઝાલાવાડ-હાલાર એજન્સિના તાબાની સ્કૂલોના મહેતાજીઓએ ત્યુમિલિ બુક વી. પી. થી મંગાવવી, અગર બે આનાની ટિકિટો મોકલવી, અથવા મ. ઓ કરવો, એમ મે. આસિ. એજન્સિ એજ્યુ ઑફિસર સાહેબ મખી જણાવે છે; માટે તે મુજબ તેઓએ અમલ કરવો.

गुजरात शाळापत्र.

પુસ્તક ૫૧ મું. જુલાઈ, ૧૯૧૨. અંક ૭ મો.

કાવ્યસંપત્તિનું દિગ્દર્શન.

(ચોથી સાહિત્યપરિષદમા વાચેલો નિબંધ).

(ચાલુ પુ ૫૧ પૃ ૨૦૪ થી).

દોષોનું લક્ષણ ને પ્રકાર.

કાવ્યના લક્ષણ વિષે આલંકારિકોમા બહુ મતભેદ છે. દંડી અને જગન્નાથ રમણીય અર્થ પ્રતિપાદન કરનાર શબ્દને કાવ્ય કહે છે,[1] અર્થાત્, શબ્દચમત્કૃતિને પ્રાધાન્ય આપે છે; અર્થચમત્કૃતિને ગૌણ માને છે. ભામહ, મમ્મટ, વિશ્વનાથ આદિ આલંકારિકો શબ્દ અને અર્થ બનેને કાવ્ય કહે છે,[2] એટલે શબ્દચમત્કૃતિ ને અર્થચમત્કૃતિ બંનેને સરખાં આવશ્યક ગણે છે. વામન રીતિને, વિશ્વનાથ રસને, અને આનંદવર્ધન ધ્વનિને કાવ્યનો આત્મા માને છે[3] મમ્મટ પણ ગુણના લક્ષણમા રસને અંગી એટલે આત્માજ કહે છે[4] મમ્મટનો કાવ્યપ્રકાશ ગ્રંથ કાવ્યશાસ્ત્રમાં આકરગ્રંથ મનાય છે તેના લક્ષણ પ્રમાણે અદોષ, સગુણ, અને બહુધા

---

१ रमणीयार्थप्रतिपादकः शब्दः काव्यम् । रस०
शरीरं तावदिष्टार्थव्यवच्छिन्ना पदावली । काव्या०

२ शब्दार्थौ सहितं काव्यं गद्यं पद्यं च तद् द्विधम् । भाम०
तददोषौ शब्दार्थौ सगुणावनलंकृती पुनः क्वापि । काव्य०

३ रीतिरात्मा काव्यस्य । काव्य० सूत्र०
वाक्यं रसात्मकं काव्यम् । साहि० दर्प०
काव्यस्यात्मा ध्वनिरिति बुधैर्यः समाम्नातपूर्वः—ध्वन्या०

४ ये रसस्याङ्गिनो धर्माः शौर्यादय इवात्मनः ।
उत्कर्षहेतवस्ते स्युरचलस्थितयो गुणाः ॥ काव्यप्र०

સાલકાર શબ્દ અને અર્થ તે કાવ્ય છે એવાપત્વને લક્ષણમાં મમ્મટ પ્રારંભમા મૂકે છે, તે યુક્તજ છે પ્રાચીન આલંકારિકો ભામહ અને દંડી પણ કાવ્ય મા દોષની ઉપેક્ષા ન કરવાનોજ ઉપદેશ કરે છે ભામહ કહે છે કે એક પણ દોષયુક્ત પદ વાપરવુ નહિ દુષ્ટ પુત્રથી જેમ પિતાની નિંદા થાય છે, તેમ દુષ્ટ પદથી કાવ્યની નિંદા થાય છે[1] દંડી પણ એવોજ વિચાર દર્શાવે છે, તે કહે છે કે સ્વલ્પ પણ દોષ પ્રતિ પ્રમાદ ન કરવો; કેમકે ગમે તેવુ સુંદર શરીર પણ કોઇના એક પણ ડાઘાથી કદરૂપુજ થાય છે[2]

દોષ ને ગુણોનું વિવેચન.

મુખ્ય અર્થનો એટલે રસ કે ભાવનો જેથી અપકર્ષ કે ક્ષતિ થાય તેને દોષ કહ્યો છે કેટલાક દોષો નિત્ય છે, અર્થાત્, સર્વે સ્થળે દોષજ છે. કેટલાક અનિત્ય છે; એટલે અમુક પ્રસંગમાજ દોષ છે કેટલાક શબ્દ દોષ છે, કેટલાક અર્થદોષ છે, ને કેટલાક રસદોષ છે આવા દોષના પ્રકાર છે. કાનને પ્રિય લાગે એવા પદોજ કાવ્યમા વાપરવા જોઈએ કવિને ભાષા પર બરાબર કાબુ જોઈએ ને યોગ્ય સ્થળે યોગ્ય મધુર શબ્દોજ તેણે ગોઠી કાઢવા જોઈએ. તેની ભાષા શુદ્ધ, સરળ, ને સરકારી જોઈએ, તેનામા ઉંચા પનારની રસજ્ઞતા જોઈએ. શબ્દશાસ્ત્રના નિયમોનો અનાદર કરવાથી ચ્યુતસંસ્કૃતિ દોષ થાય છે વ્યાકરણના દોષોનો એમા સમાવેશ થાય છે કર્ણને ઠોર લાગે એવા પદના પ્રયોગથી શ્રુતિકટુત્વ દોષ બને છે અશ્લીલ, ગ્રામ્ય, અપ્રસિદ્ધ, કે સંદિગ્ધ પદો વાપરવાથી કે એવો અર્થ થવાથી સહૃદયના મનને ઉદ્વેગ થાય છે, ને રસની ક્ષતિ થાય છે, માટે એવા પદો ને અર્થ પણ દૂષિતજ છે. જે રચનાથી વર્ણનનો આરંભ [illegible] હોય તે રચનાનો ભંગ કરી અન્ય રચનાનો આશ્રય કરવાથી ભગ્નપ્રક્રમ [illegible] થાય છે ગુચવણભરેલી રચના ક્લિષ્ટ કહેવાય છે ને તે પણ દૂષિતજ છે એકનુ એક પદ પ્રયોજન વિના પુન પ્રયોજવાથી કથિતપદત્વ

---

१ सर्वथा पदमप्येकं न निगाद्यमवद्यवत् ।
विलक्ष्मणा हि काव्येन दुःसुतेनेव निन्द्यते ॥ भाम०

२ तदल्पमपि नोपेक्ष्यं काव्ये दुष्टं कथंचन ।
स्याद्वपुः सुन्दरमपि श्वित्रेणैकेन दुर्भगम् ॥ काव्या०

કે પુનરુક્તિ દોષ થાય છે. આ દોષ અનિત્ય છે; કેમકે કેટલેક સ્થળે પુનરુક્તિ આવશ્યક છે અર્થની પુષ્ટિ ન થાય એવા નકામાં વિશેષણથી અપુષ્ટ દોષ થાય છે એ અર્થદોષ છે. છન્દોભગ કે યતિભંગથી હતવૃત્તત્વ દોષ થાય છે. છન્દના કરતા યતિમા ભગ વિશેષ જોવામા આવે છે જે વૃત્તમા જે જે સ્થળે વિદ્વાનોએ વિશ્રામસ્થાન નક્કી કર્યા છે તે તે વૃત્તમાં તે તે સ્થળે વિશ્રામ લેતા પદને ભાગી નાખવુ પડે ત્યા એવો દોષ થાય છે. રસદોષ પણ ત્રણ પ્રકારના છે; પણ તે સર્વમા અનૌચિત્ય એટલે રસની યોગ્યતાનો નાશ એ રસભગનુ મુખ્ય કારણ છે. આ દોષોમાના ઘણાખરા ગદ્યમા પણ જોવામા આવે છે ક્લિષ્ટ રચના, વ્યાકરણ દૃષ્ટિએ અશુદ્ધ શબ્દો, અપ્રયુક્ત, સદિગ્ધ, ને ગ્રામ્ય શબ્દો, તેમજ કર્ણકટુ પદો, ને યતિભગ જેવા દોષો આપણી ભાષામાં ગદ્ય ને પદ્ય બનેમા સ્થળે સ્થળે દૃષ્ટિગોચર થાય છે. એ તો ખરૂ છે કે કેટલાંક ઉત્તમ કાવ્યોમા પણ ક્વચિત્ દોષો જોવામાં આવે છે તાત્પર્ય એ છે કે આપણો આદર્શ ઉચ્ચતમ જોઈએ, અને દોષોનુ સ્વરૂપ જાણી તેમાથી મુક્ત થવા પ્રયાસ કરવો એ આપણો ધર્મ છે.

દોષના વિવેચન પરથી એટલુ સ્પષ્ટ છે કે કવિની ભાષા શુદ્ધ, ગુચવણ વગરની, ને પ્રાસાદિક હોવી જોઈએ, તેમજ તેનો અર્થ પણ ક્લિષ્ટ કે અનુચિત ન જોઈએ. તેમા રસની પરિપૂર્તિ જોઈએ ને સહૃદયને માન્ય ન થાય એવી ક્લિષ્ટ કલ્પના તેમાં ન જોઈએ

સગુણ એ મમ્મટના કાવ્યલક્ષણમા બીજુ વિશેષણ છે માત્ર દોષરહિત શબ્દ અને અર્થ હોય એટલે કાવ્ય થાય એમ નથી, તે શબ્દ ને અર્થ ગુણયુક્ત હોવા જોઈએ શૌર્યાદિ જેમ આત્માના ધર્મ છે, તેમ ગુણો એ રસ જે કાવ્યનો આત્મા છે તેના ધર્મ છે[1] શૌર્યાદિ આત્માનો ઉત્કર્ષ કરે છે, તેમ ગુણો પણ રસનો ઉત્કર્ષ કરે છે, અને શૌર્યાદિ ગુણો આત્માથી પૃથક્ રહી શકતા નથી, તેમ કાવ્યમા ગુણો એ રસથી પૃથક્ રહી શકતા નથી. આ પ્રમાણે કાવ્યમાં ગુણો રસની ઝમાવટ કરવામા ઉપયોગી

---

१ ये रसस्याङ्गिनो धर्माः शौर्यादय इवात्मनः ।
उत्कर्षहेतवस्ते स्युरचलस्थितयो गुणाः ॥ काव्य०

ઈએ છીએ, નથી આપણે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરતા કે નથી માત્ર બે હાથ આદર સિવાય સાથે આણતા હદ ઉપર જવું તેમજ હદ અંદર જવું એ બન્ને તિરસ્કરણીય છે નીતિની બાબતમાં પણ આવો સામાન્ય નિયમ ઍરિસ્ટૉટલે સ્વીકાર્યો છે. અને તે સાધારણ રીતે જનસમાજને ઉપયોગી છે. સાહિત્યમાં ગ્રન્થવિવેચન-પ્રશંસા, ટીકા વગેરે બાબતોમાં પણ આ નિયમનો સ્વીકાર લાભકારક ને ન્યાય્ય છે. અલબત કોઈ લેખક ઘણીજ ઊંચી પંક્તિનો હોય તો તેની કૃતિ વિષે અતિપ્રશંસાનો ભય નથી રહેતો; તેમજ કોઈ પણ લેખક તદ્દન નિર્માલ્ય લખાણો લખતો હોય તો તેની કૃતિની ગમે તેટલી નિન્દા કરવાથી અતિનિન્દાનો દોષ થતો નથી; પરંતુ આ બન્ને દાખલા અપવાદરૂપ છે સામાન્ય રીતે અતિપ્રશંસા કે અતિનિન્દા બન્ને દૂષિત છે. જુદી જુદી વખતે બન્ને દોષો થતા આપણે જોઈએ છીએ. ખરૂં છે કે અન્ય દેશોમાં ને અન્ય ભાષાના સાહિત્યમાં પણ આમ થતું હશે. અને થાય છે. ઉદાહરણ તરીકે લૅન્ડૉર કહે છેઃ—

"In selecting a poet for examination, it is useful either to extol him to the skies, or to tear him to pieces and trample on him. Editors in general do the former, Critics on editors more usually the latter.

"કોઈ પણ કવિની પરીક્ષા કરતી વખતે ઘણુંખરૂં તેને કાં તો ઊંચે ટોચ પર ચઢાવી દેવામાં આવે છે કે તેના ચીંથરે હાલ કરી તેને પીંખી નાખવામાં આવે છે. સામાન્ય રીતે અધિપતિઓ પહેલા પ્રકારનું કામ કરે છે, ને અધિપતિઓના ટીકાકારો વધારે વાર બીજા પ્રકારનું કામ કરે છે."

આમ અતિપ્રશંસા ને અતિનિન્દાના દોષો અન્ય રસ્તોમાં પણ હોવાની ફરિયાદ આપણે સાંભળીએ છીએ, પણ તે કંઈ તેનો બચાવ નથી જે ત્યાજ્ય છે તે ત્યાજ્યજ છે મિત્રોને હાથે લખાતા અવલોકનોમાં કે ખાનગી અભિપ્રાયોમાં બહુધા આપણે અતિપ્રશંસાનો દોષ જોઈએ છીએ, અને માસિકો કે સાપ્તાહિક પત્રોમાં કેટલીક વાર આપણે અતિનિન્દાનો દોષ જોઈએ છીએ

ટીકાના કાર્યમાં નીતિની આવશ્યકતા

ટીકાઓની બાબતમાં પ્રામાણિકપણું જાળવવું ઘણું આવશ્યક છે. નિરર્થક ટીકાઓથી અન્યોન્ય પ્રતિ કટુતાનો ભાવ ઉત્પન્ન થાય છે. નીતિ-

ઘાયલો લેખક પોતાના દાવની પણ જાણે ગોધમાં રહે છે અને દાવ આવે પોતે પણ બને તેટલી અસભ્યતાનો ઉપયોગ કરી લેવાનું ચૂકતો નથી. પરિણામે તેના પર આક્ષેપો, તેના ઉત્તરો ઇત્યાદિ અનર્થપરંપરાની શરૂઆત થાય છે અને અંતે નથી લેખકોને લાભ થતો કે નથી સાહિત્યને લાભ થતો.

વળી એક વાર ટીકાકાર તરીકેની મોટી પદવી ધારણ કરવાને આપણે લલચાઈએ છીએ કે પછી એક ગંભીર પ્રકારની ભૂલ કરવાનો સંભવ રહેછે તે એ છે કે યદ્દાતદ્દા, જ્યારે ને ત્યારે આપણે સત્યને પ્રકાશમા આણવુંજ જોઈએ એ આપણો ધર્મ છે એમ માની લેવાની આપણને ઝંતુન થાય છે ખરૂં જોતાં પ્રથમ આપણો બોલવાનો ધર્મ હોય તોજ પછી સત્ય બોલવાનો ધર્મ પ્રાપ્ત થાય છે. સત્યસંશોધન કરવામાં અગ્રણી ગણાવવા ખાતર કઈ જ્યારે ને ત્યારે આપણે બોલવાને બંધાયલા નથી. ડૉ. માર્ટિનો કહે છે તે પ્રમાણે સત્યવાદિત્વનો ગુણ આપણે જે કઈ બોલવાનું છે તેના પર અંકુશ રાખવાને કામનો છે, ને તેની હદ ઓછી કરવામાં કામ લાગે છે, નહિ કે જે જાણતા હોઈએ તે બધું કહી નાખવાની ઇચ્છાને તૃપ્ત કરવાને. સત્યવાદિત્વનો સદ્ગુણ વાણી વિષે શાસક બળ વાપરવાના કામનો છે; નહિ કે આરંભક બળ આ શબ્દોમા સમાયલું સત્ય કેવું સરળ છે છતાં જીવનમાં ને સાહિત્યમા તેનો કેટલી બધી વાર અનાદર થતો જોવામા આવે છે ! આપણે જે કઈ કહેવા ઇચ્છતા હોઈએ તેનું અગત્ય કેટલું છે તે પ્રથમ જોવું જોઈએ. ચર્ચાઓ ને ટીકાઓમાં આ બાબત લક્ષમાં રાખવાની છે આપણે માની લીધેલું બધું અસત્ય દૂર કરવાને મથવાનો ભારે બોજો આપણે માથે લેવાની કઈ જરૂર નથી.

વળી સત્ય કહેવાની ઇચ્છા આપણને શા હેતુથી પ્રાપ્ત થાય છે તે પણ આપણે જોતું જોઈએ. સાહિત્યને સેવા કરવાનો ઉચ્ચ ઉદ્દેશ ને તે ઇચ્છાનું બીજ હોય તો તેને પ્રફુલ્લિત કરવાને કશો બાધ નથી ને તેને કોઈ પણ જાતના અંકુશની જરૂર નથી. પણ અનિષ્ટસ્પર્શી કે દ્વેષમૂલક ટીકા, ચર્ચા, આક્ષેપ ઇત્યાદિ ગર્હણીય છે. બદનક્ષી કે નિન્દા વિષેનો કાયદાનો સિદ્ધાન્ત પણ આ સમધી આપણને પ્રકાશ આપશે કોઈએ અન્ય પુરુષને વિષે બદનક્ષી ભરેલું લખાણ કર્યું હોય તોપણ તે લખાણની સપૂર્ણ સત્યતા તે તેનો બચાવ ગણવામા ને કબૂલ રાખવામાં આવે છે. છતાં આ બચાવ પ-

જ્યાં સિવિલ કોર્ટમાં કબૂલ રાખવામાં આવે છે તેનું કારણ શું છે ? નહિ કે મરજીમાં આવે ત્યાં ને મરજીમાં આવે તેમ સત્ય કહેવામાં કંઈ મોટો સદ્‌ગુણ છે, પણ એટલુંજ કે કરવામાં આવેલી નિન્દા ખરી હોય તો પછી તેમ છતાં તેને માટે નુકસાનીનો દાવો કરવો એ ઘણું હલકું કામ છે. Sir Federick Pollock ના શબ્દોમાં-" Not because any merit is attached by the law to the disclosure of all truth in season and out of season (indeed it may be a Criminal offence), but because of the demerit attaching to the plaintiff if the imputation is true, whereby he is deemed to have no ground of Complaint for the fact being Communicated to his neighbours." કાયદાના કરતા પણ સાહિત્યને તો નીતિની સાથે વધારે ગાઢ સંબંધ છે, ને તેથી તેમાં સત્ય કે અસત્ય જે કંઈ કહેવામાં આવે તેમાં અનિષ્ટ હેતુ સમાયલો હોય તો તે સર્વથા નિન્દ્ય છે.

વળી ટીકાઓ, ચર્ચાઓ, ને આક્ષેપોમાં સરળ ને પ્રિય પદ્ધતિ સ્વીકારવી ઉચિત છે જ્યાં સરળ ભાષામાં સત્ય કહેવાની ઇચ્છા છે ત્યાં કોઇ પ્રકારની હાનિ નથી. પણ જ્યાં આડીઅવળી રીતે વ્યાજસ્તુતિથી પરિપૂર્ણ ભાષામાં લેખો લખાય છે ત્યાં અસમજુતા, દ્વેષ અગત ટીકા – એમ જાતજાતનાં અનિષ્ટ પરિણામ સંભવે છે જે મતભેદની બાબત હોય તે સીધી રીતે કહેવાનું કામ લેખકને રહેલું પડે છે અને તેથી પ્રતિપક્ષીના મનમાં અસત્ય લાગણી ઊભી થવા પામતી નથી. આંટીઘૂંટીની પદ્ધતિ સ્વીકારવાથી વ્યંગ્ય ભાષાનો છટથી ઉપયોગ કરવો પડે છે; લેખક પોતાનો દ્વેષ જાણે છુપાવવા જાય છે, પણ સુધરેલી ભાષામાં તે ગાલિપ્રદાન કર્યો ચાલ્યો જાય છે ને થોડો વખત આનંદ ભોગવે છે. બન્નેતો Action and re-action are equal. ધ્વનિ સામે પ્રતિધ્વનિ પણ તેવાજ બળથી, તેટલીજ યક્તિ પ્રયુક્તિથી, ને તેટલીજ પ્રપંચમયી ને અનિષ્ટ પદ્ધતિથી થાય છે પરિણામે એક પ્રકારનું વિચિત્ર સાહિત્ય ઉત્પન્ન થાય છે. લેખકો જાણે શાંત દિનનાંપ્રનની ગોળીઓ ખાતા હોય ને તેને લીધે તેમને સારાસારની બ્હેર મારી ગઈ હોય એમ વાચકવૃન્દને લાગી આવે છે લેખક પોતે તેમજ પ્રતિપક્ષી બન્નેની અવનતિ થાય છે. પ્રખ્યાત અંગ્રેજી કવિ શેકસ્પીઅર દયાના સદ્‌ગુણને વિષે કહે છે :—" The quality of mercy is twice

blessed; 't blesseth Him that gives and him that takes" વેમા શબ્દોનો ફેર કરીને પ્રસ્તુત વિષયમા, પ્રતિકાર અથવા અન્યોન્ય દ્વેષ વિષે આપણે કહી શકીએ કે 'Tis twice cursed; it curseth Him that gives and him that takes. જેમ દયા જેને વિષે કરવામા આવી હોય તે, ને દયા બતાવનાર માણસ, બન્ને સુખી થાય છે તેમ પ્રતિકાર જેને વિષે રાખવામાં આવ્યો હોય તે, અને તે રાખનાર હોય તે, બન્ને માણસોની અધોગતિ થાય છે, ને બન્નેને કલેશ ઉત્પન્ન થાય છે. (અપૂર્ણ.)

હાસ્યરસ.

(ચોથી સાહિત્યપરિષદમા વાચેલો નિબંધ)

(ચાલુ પુ ૫૧ પૃ. ૨૧૧ થી.)

(રા રા મો. પા દવે. એમ. એ એલ્. એલ્. બી.)

હાસ્ય ઉત્પન્ન કરે એવી કૃતિમા જો બીજી ઉત્કૃષ્ટ રચનાઓની પેઠે અલૌકિક આનન્દ આપવાનું સામર્થ્ય ન હોય તો તેમા હાસ્યરસ છે એમ આપણાથી કહી શકાય નહિ એ આપણે જોયુ. છતા હાસ્ય અને હાસ્યરસ એ બેને ઘણોજ માટો સમ્બન્ધ છે એની કોઈથી પણ ના પાડી શકાશે નહિ; અને જે કૃતિમા હાસ્યરસ હોય તે કૃતિ આપણને ઘણીખરી વાર તો ખડખડ હસાવેજ છે એવુ સાધારણ રીતે આપણાથી નિર્ભયપણે કહી શકાશે. આ નિયમ સાહિત્યમા એટલો બધો પ્રચલિત છે અને એના દાખલાઓ ડિકન્સ, માર્ક ટ્વેન, સ્વિફ્ટ, મોલિયર વગેરે સમર્થ લેખકોની કૃતિઓમાંથી એટલા મળી આવે એમ છે કે તેના ઉદાહરણ આપવાની જરૂર સાધારણ રીતે કોઈને પણ લાગે નહિ. છતા "હાસ્ય અને હાસ્યરસ એ બેની વચ્ચે આસ્માન અને જમીન જેટલો અતર છે" એવુ અદ્ભુત અને આધાર વગરનુ વાક્ય કેટલીક વાર ઉચ્ચારવામા આવે છે તેને લીધેજ એ વિષયના એક બે સક્ષિપ્ત ઉદાહરણો ટાકવાના આ સ્થળે જરૂર પડે છે. પહેલું ઉદાહરણ મોલિયરના "Le Mariage Forcé" (જોરજુલમના લગ્ન) એ નામના નાટકમાથી હું લઈશ એ નાટકના પહેલા અકનો ચોથો પ્રવેશ વધારે હાસ્યરસવાળો છે, પણ વિસ્તારભયને લીધે એ પ્રવેશ ન લેતા એજ અંકનો પાચમો પ્રવેશ આપની આગળ રજુ કરીને હું સન્તોષ મનીશ એ પ્રવેશમા "અમુક સ્ત્રીની સાથે પોતે પરણવુ કે નહિ"

તેના સંબન્ધમા માર્કુરિયસ નામના ફિલસુફની સલાહ લેવાને સ્ગેનેરેલ નામનો ગૃહસ્થ તેની પાસે આવે છે. એ બેની વચ્ચે નીચે પ્રમાણે વાતચીત થાય છે —

ફિલસુફ—કેમ, ભાઈ! તમારૂ આગમન શેને માટે થયું છે?

ગૃહસ્થ—સાહેબ, એક નાની સરખી બાબતમાં આપની સલાહ લેવાની મારે જરૂર પડી છે, અને તેથી હું આપની પાસે આવ્યો છુ (સ્વગત) આ ભાઈ કંઈ ઠીક જણાય છે ખરા. આપણે વાત કરીએ ત્યારે એ શાન્ત રહીને આપણુ કહ્યુ સાભળે તો છે.

ફિલસુફ—માસ્તર, તમારી બોલવાની રીત તમે લગાર સુધારો તો સારૂ. હમારી ફિલસુફીમા એવુ કહ્યું છે કે કોઈ પણ સિદ્ધાન્ત બહુ ચોક્કસ રીતે મૂકવો નહિ; દરેક બાબતમા સંકોચ રાખીને બોલવુ. પોતાનો અભિપ્રાય દર્શાવવાનું હમેશા મુલ્તવી રાખવુ; અને એ નિયમ પ્રમાણે "હુ આવ્યો છું" એમ નહિ, પણ "હું ધારૂં છુ કે હુ આવ્યો છું" એમ તમારે કહેવુ જોઈએ.

ગૃહસ્થ—હુ ધારૂ છુ?

ફિલસુફ—હા.

ગૃહસ્થ—પણ 'હુ એમ ધારૂ છુ' તેનુ કારણ શુ? હુ ધારૂં છું કારણ કે હુ ખરેખરો આવ્યોજ છુ

ફિલસુફ—તમે ધારો છો તેટલા ઉપરથી તમે આવ્યાજ છો એમ કંઈ ફલિત થતુ નથી કારણ કે તમે ધારતા હો છતા તમે ખરેખરા ન આવ્યા હો એ બનવા જોગ છે

ગૃહસ્થ—શુ! હુ અહિ આવ્યો છુ એ વાત ચોક્કસ નથી?

ફિલસુફ—ના. એ વાત અનિશ્ચિત છે, અને આપણે દરેક વિષયમા સશયાત્મક વૃત્તિ રાખવી જોઈએ.

ગૃહસ્થ—શુ! હુ અત્યારે અહિ આવેલો નથી? શ હું તમારી સામે ઊભો રહીને તમારી સાથે વાત કરતો નથી?

ફિલસુફ—મને એમ લાગે છે કે તમે અહિ આવેલા છો, અને હું ધારૂં છુ કે હુ તમારી સાથે વાત કરૂં છું, પણ એમ છેજ એવુ કંઈ ચોક્કસ કહી શકાય નહિ

ગૃહસ્થ—રે ! તમે મારી મજાક કરો છો કે શુ ? હું આ અહિં ઉભેલો છું અને તમે મારી સામે ઉભેલા છો એ વાત ઉવાડી છે, અને એમાં કંઈ હુ ધારૂંછુ ને મને લાગે છે ને એવો કઈ સવાલજ નથી મહેરબાની કરીને આપ એ સઘળા ગહન વિચારો છોડી દો, અને મારી વાત સાંભળો. હું તમને એવુ કહેવા આવ્યો છુ કે મારે પરણવાની ઇચ્છા છે.

ફિલસુફ—હું કઈ એ વિષે જાણતો નથી.

ગૃહસ્થ—પણ હું તમને જણાવુ છુ

ફિલસુફ—તે હશે

ગૃહસ્થ—જે કન્યાની સાથે મારી પરણવાની ઇચ્છા છે તે ઘણી જુવાન અને ખુબસુરત છે.

ફિલસુફ—એમાં કઈ અસભવિત નથી.

ગૃહસ્થ—ત્યારે હુ તેની સાથે પરણું તો સારૂ કે નઠારૂ ?

ફિલસુફ—એમાથી એક તો ખરૂજ.

ગૃહસ્થ—(સ્વગત) રે ! અહિં વળી જુદોજ રંગ છે. (ફિલસુફ ભણી જોઈને) હું તમને પૂછુ છુ કે જે કન્યા વિષે મેં તમારી આગળ વાત કરી તેની સાથે હુ પરણુ તો સારૂ થાય કે નહિ ?

ફિલસુફ—તે તો જે થાય તે ખરૂં

ગૃહસ્થ—ત્યારે હુ પરણુ, ને નઠારૂં ?

ફિલસુફ—હા, કદાચ એમ પણ હોય.

ગૃહસ્થ—હું આપને વિનતિ કરૂં છુ કે આપ મને બરાબર જવાબ આપો.

ફિલસુફ—મારી ધારણા એમજ કરવાની છે

ગૃહસ્થ—એ છોકરી તરફ મારો ઘણો પ્રેમ છે.

ફિલસુફ—સભવિત છે.

ગૃહસ્થ—એના બાપે પણ લગ્નની કબુલાત આપી છે.

ફિલસુફ—આપી હશે

ગૃહસ્થ—પણ મને બીક એ રહે છે કે એને પરણીને હું મૂરખ તો નહિ બનુ !

ફિલસુફ—સભવિત છે.

ગૃહસ્થ—તમે એ વગે શુ ધારો છો ?

ફિલસુફ—એમા કઈ અસભવિત નથી.

ગૃહસ્થ—પણ તમે જો મારી જગાએ હો તો તમે શુ કરો ?

ફિલસુફ—તે હું જાણતો નથી

ગૃહસ્થ—મને તમે શુ કરવાની સલાહ આપો છો ?

ફિલસુફ—તમારી ઇચ્છામા આવે તે

ગૃહસ્થ—તમે મને તો ગાંડો બનાવી મૂકશો !

ફિલસુફ—મારે કઈ એમા લેવાદેવા નથી

ગૃહસ્થ—હવે તમારૂં ભલુ થાય !

ફિલસુફ—તે તો જે થવાનું હશે તેમજ થશે

ગૃહસ્થ—(સ્વગત) આ માણસ કેવો મૂર્ખ છે ! ખરેખરો વેદિયો ઢોર ! અલ્યા ! હવે તને બતાવી આપુ છુ હરામખોર ! (ફિલસુફને મારે છે)

ફિલસુફ—ઓ મા ! ઓ રે ! હાય, હાય !

ગૃહસ્થ—લેતો જા, લેતો જા હવે તને તારા ડહાપણનો બદલો મળ્યો, અને મને સન્તોષ થયો.

ફિલસુફ—વાહ ! આ તે કઈ રીત ! મારૂં આવુ અપમાન ! મારા જેવા ફિલસુફને આમ મારતા તને કઈ શરમ ન લાગી ?

ગૃહસ્થ—મહેરબાની કરીને તમારી બોલવાની રીત સુધારજો દરેક વિષયમા માણસે સશયાત્મક વૃત્તિ રાખવી જોઈએ, અને "મને માર્યો" એમ નહિ પણ "હું ધારૂં છુ કે મને માર્યો" એ પ્રમાણે તમારે બોલવુ જોઈએ.

ફિલસુફ—રે ! મેજીસ્ટ્રેટની પાસે જઈને હું હમણા ફરિયાદ કરૂં છુ કે કલાણાએ મને માર માર્યો

ગૃહસ્થ—એમા મારે કઈ લેવાદેવા નથી

ફિલસુફ—માર પડયાની નિશાની હજી મારા શરીર પર છે.

ગૃહસ્થ—તે હશે.

ફિલસુફ—મારૂં આવુ અપમાન કરનાર તુજ છે.

ગૃહસ્થ—એમાં કઈ અસભવિત નથી.

ફિલસુફ—હું તારે માટે સમન કઢાવીશ.

ગૃહસ્થ—હું કંઈ એ વિષે જાણતો નથી

ફિલસુફ—તને એનું ફળ મળશે.

ગૃહસ્થ—તે તો જે થાય તે ખરૂં

ફિલસુફ—હું તને બતલાવી આપીશ ! મને એક વાર જવા દો ! (એમ કહીને ફિલસુફ ચાલ્યો જાય છે)

(અપૂર્ણ)

—(૦)—

" જ્ઞાન અને કેળવણી. "*

(રા રા. વિનઝરરાય અચરતલાલ મૈયદ બી એ.)

મહેરબાન " ગુજરાત શાળાપત્ર "ના તત્રી સાહેબની સેવામા વિનતિપૂર્વક લખવાનું કે " શાળાપત્ર " ના જીવનનું પચાસમું વર્ષ પરિપૂર્ણ થયુ તે મંગલમય વૃત્તાતને એક મહોત્સવરૂપ ગણીને તત્પ્રસગે એક ' જ્યુબિલિ ' (સુવર્ણ મહોત્સવ) અક પ્રકટ કરવાની જે યોજના આપે કરી છે તે જેટલી સમયોચિત છે તેટલીજ સ્તુત્ય છે

" ગુજરાત શાળાપત્ર "નો ગુજરાતની શાળાઓ સાથે તેમજ શાળાઓમા શિક્ષણ આપતા શિક્ષકો સાથે નિકટ સમન્ધ હોવાથી, તેમજ " જ્ઞાન અને કેળવણી "—એ વિષય અને શિક્ષકો જેમને શ્રીમચ્છકરાચાર્યે " જ્ઞાનના દાતાર " કહેલા છે તે ઉભયની વચ્ચે એક પ્રકારનો ગાઢ સમન્વય આવી રહેલો હોવાથી પૂર્વોક્ત વિષયને ઉદ્દેશીને જે કાંઈ થોડુ મેં યથામતિ આ નીચે લખી મોકલ્યુ છે તે આપને " ખાસ અકમાં " પ્રકટ કરવા યોગ્ય લાગે તો તેમ કરવા કૃપા કરશો એવી નમ્ર વિનતિ છે

" જ્ઞાન અને કેળવણી. "

"જ્ઞાન" એ શબ્દ માત્ર બે અક્ષર મળીને થયલો છે તથાપિ એ

* આ લેખ જ્યુબિલિ અકને માટે આવેલો તે ત્યા જણાવ્યા મુજબ અવકાશને અભાવે અત્ર છાપવામા આવ્યો છે

નાનકડો શબ્દ કેટલો આશ્ચર્યજનક અર્થ સૂચવે છે? પ્રાચીન તેમજ અર્વાચીન સમયના વિદ્વાનોએ અને તત્ત્વચિંતકોએ તેનું કેવું રૂપ આલેખ્યુ છે? જ્ઞાનની પ્રાપ્તિ માટે તેઓએ કયા કયા સાધનો કલ્પ્યાં છે?–વગેરે વિષયો પરત્વે એકાગ્રચિત્તથી મનન કરવુ એ પ્રત્યેક વિચારશીલ મનુષ્યનો–તેમાં મુખ્યત્વે કરીને શિક્ષકનો–પરમ આવશ્યક ધર્મ છે આવા આવશ્યક ધર્મની પ્રતીતિ થયા પછી જે મનુષ્ય વા શિક્ષક એ ધર્મ–આચરણમા જેટલે અંશે ન્યૂનતા કે શિથિલતા ધરાવે છે તેટલે અંશે તેનામાં મનુષ્યત્વની કે શિક્ષકત્વની પણ ન્યૂનતા સમાયલી છે એ વાત પણ નિર્વિવાદજ છે આ કારણથી "જ્ઞાન" શી વસ્તુ છે ને વિષે આપણે વિચારીશુ. "જ્ઞાન" એ શબ્દ સસ્કૃત ભાષાનો છે ને "ज्ञा" ધાતુ જેનો અર્થ " to know " "જાણવું" એવો થાય છે તેને अन (નામવાચક) પ્રત્યય લાગ્યાથી ઉપસ્થિત થયલો છે. તેનો અર્થ " અમુક વસ્તુ શી છે? " " તેનું સત્ય સ્વરૂપ શુ છે? " એ સમજવુ એવો થાય છે, અને એ સમજવાથી–જાણવાથી–મનુષ્યને તે વસ્તુ સુખપ્રદ થઇ પડતી હોવાથી " જ્ઞાન " ને આપણા દેશના પ્રાચીન ઋષિમુનિઓએ " સુખનુ સર્વોત્તમ સાધન " કહેલુ છે, તેમજ પાશ્ચાત્ય દેશના તત્ત્વચિન્તકોએ " એક મહાન્ બળ "* કહેલુ છે આમ બન્ને દેશોમા " જ્ઞાન "નું માહાત્મ્ય એક સરખુંજ છે, તથાપિ દૃષ્ટિબિન્દુ ભિન્ન છે આપણે ' જ્ઞાન ' ની કિંમત આધ્યાત્મિક દૃષ્ટિબિન્દુથી આંકી છે, તેમણે વ્યાવહારિક દૃષ્ટિબિન્દુથી. આ રીતે દૃષ્ટિબિન્દુ ભિન્ન હોવા છતા અતિમ ઉદ્દેશ તો ઉભયનો એકજ છે અને તે એ કે " ઉત્તમ સુખનુ સર્વોત્તમ સાધન " આપણા પ્રાચીન સમયના તત્ત્વચિન્તનનુ એક અગ જે " વેદાન્ત "ના નામથી ઓળખાય છે તેમા "જગતની સર્વ વસ્તુનુ–જડ તેમજ ચેતન વસ્તુઓનું–આધ રૂપ અભિન્ન એકજ છે, " " જીવાત્મા અને પરમાત્મા, સ્રષ્ટા અને સ્રષ્ટ પદાર્થો એ સર્વ એકજ સાર્વત્રિક મહાન્-સત્ય (Universal Reality) જે " પરમ બ્રહ્મ " ના નામથી ઓળખાય છે તેના રૂપાન્તરજ છે, " વગેરે વાદની ચર્ચા કરવામા આવેલી છે, અને તેથી તેને અદ્વૈત (બે જુદાં નહિ તે-એટલે એકજ

*"Knowledge is Power" (" જ્ઞાન એક શક્તિ છે") એવુ એક પાશ્ચાત્ય વિદ્વાનનું સૂત્ર સુપ્રસિદ્ધ છે.

સ્વરૂપ સૂચવતો) વાદ કહેલો છે એ અદ્વૈત વાદ પ્રમાણે એ સાર્વત્રિક સત્ય પરમ બ્રહ્મનો અવબોધ જેને "મોક્ષ" એટલે જન્મમરણના ચક્રાવામાંથી છુટવું એમ કહે છે, તે પ્રાપ્ત કરવામાં સહાયભૂત થઈ શકે એવું સાધન—સર્વોત્તમ સાધન—'જ્ઞાન'—સત્ય જ્ઞાન—જ છે. શ્રીમદ્ ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણ પરમાત્માએ અર્જુનને મોક્ષમાર્ગ સૂચવતાં જે બોધ કરેલો છે તેમાં પણ વેદાન્તનો એ અદ્વૈતવાદજ વર્ણવ્યો છે અને મોક્ષપ્રાપ્તિના કર્મમાર્ગ, ભક્તિમાર્ગ અને જ્ઞાનમાર્ગ-એવા ત્રણ માર્ગ બતાવીને તે ત્રણેમાં જ્ઞાનમાર્ગને સર્વોત્તમ કહ્યો છે અને એ રીતે જ્ઞાનનું નિઃસીમ માહાત્મ્ય સિદ્ધ કર્યું છે* શ્રીમચ્છંકરાચાર્યે પણ—

"बोधोन्यसाधनेभ्यो हि साक्षात् मोक्षैकसाधनम् ।
पाकस्य वह्निवज्ज्ञानं विना मोक्षो न सिध्यति ॥"+

એવું બોલીને શ્રીમદ્ ભગવદ્ગીતામાં વર્ણવેલા મતનું પ્રતિપાદન કર્યું છે.

આ પ્રમાણે આધ્યાત્મિક દૃષ્ટિબિન્દુથી જ્ઞાનનું માહાત્મ્ય આપણે વિચાર્યું, અલબત્ત અતિ સંક્ષિપ્ત રૂપમાં. હવે આપણે વ્યાવહારિક દૃષ્ટિબિન્દુથી વિવેચન કરીશું તોપણ જ્ઞાનની મહત્તા સ્પષ્ટ રીતે સમજાયા વિના નહિજ રહે. ઉત્ક્રાન્તિવાદને આધારે મનુષ્યના જીવનની ઉત્ક્રાન્તિ તપાસીશું તો આપણને માલમ પડશે કે મનુષ્યના જીવનની ઉત્ક્રાન્તિની સાથોસાથ તેના જ્ઞાનનો પણ ક્રમાન્વયે વિકાસ થતો આવ્યો પ્રથમ તો તેના બુદ્ધિબળના વિકાસને લઈને તેના મનની અંદર અનુભવાતા વિચારોને કોઈ પણ રીતે બહાર દર્શાવવાની તેની ઇચ્છાશક્તિ બળવત્તર થવા લાગી; અને તેમ કરવા જતાં ભાષાની ઉત્પત્તિ થઈ ઉચ્ચારિત ભાષાએ ક્રમશઃ

---

*"सर्वं कर्माखिलं पार्थ ज्ञाने परिसमाप्यते" ॥ श्री. भ. गी.
"बहूनां जन्मनामन्ते ज्ञानवान् मां प्रपद्यते" ॥ श्री. भ. गी.
"ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात् कुरुतेऽर्जुन" ॥ श्री. भ. गी.

+ (અર્થ) "બીજાં સાધનો કરતા બોધ-જ્ઞાનનો પ્રકાશ-મોક્ષનું ઉત્તમ સાધન છે. જેમ અગ્નિ વિના અન્ન પરિપક્વ થતું નથી તેમ જ્ઞાન વિના મોક્ષ પ્રાપ્ત થતો નથી."

સંગીતવિષય.

(ચાલુ પુસ્તક ૫૧ ના પૃષ્ઠ ૨૨૪ થી).

ઈશ્વરનુ ભજન.

मध्यजाति
षड्रचना
मात्रा ४
मध्य विलंबित
गति.

વૌં	સ	રૂ	ન	હિ	પ્ર	ભુ	ના	મ	,	ક	દૌ	હું
|	|	|	|	ऽ	|	|	ऽ	‿	‿	|	|	ऽ
प	प	प	प	-नी	ध	प	-गा	स	,	-ग	म	प

વૌં	સ	રૂ	ન	હિ	પ્ર	ભુ	ના	.	મ	.
|	|	|	|	ऽ	|	|	ऽऽ	|	‿	ऽ
म	प	म	म	-गा	रि	रि	सा	स	स	.

ચં	દ્ર	સુ	ર	જ	ને	અ	ગ	ણિ	ત	તા	રા
ऽ	|	|	|	|	ऽ	|	|	|	|	ऽ	ऽ
सा	-ग	म	प	प	प	-नि	-नि	-निर्सं		सं-नि	ध	प

ક	યાં	ઉ	જા	સ	ને	કા	મ	,	ક	દૌ	હું
|	ऽ	|	ऽ	|	|	|	ऽ	‿	‿	|	|	ऽ
प	प	प	प	नि	ध	प	-गम	स	,	-ग	म	प

વૌં	સ	રૂ	ન	હિ	પ્ર	ભુ	ના	..	મ	.
|	|	|	|	ऽ	|	|	ऽऽ	|	‿	ऽ
म	प	म	म	-गा	रि	रि	सा	सा	..	.

---

* \| = ૧ માત્રા ; ऽ = ૨ માત્રા, ऽ́ = ૩ માત્રા ; ‿ = સ્વર, વર્ણ કે શબ્દ બીજા સ્તભમા ચાલુ છે એ બતાવનાર; -गा = ટોમળ गा ; नी, = મન્દ્ર नी ; ‿‿ = ગીત પૂરૂ; ‿ = અર્ધમાત્રા.

વીં	સ	રૂ	ન	હિ	પ્ર	ભુ	મ ,	કે	દીં	હુ
|	|	|	|	ડ	|	|	ડ	~	~	|	|	ડ
-નિ,	-નિ,	-નિ,	-નિ,	સા	મ	મ,	-ગા સ ,	-ગ	મ	પ

વીં	સ	રૂ	ન	હિ પ્ર ભુ	ના	.. મ .
|	|	|	|	ડ | ન	ડડ	| ~ ડ
મ	પ	મ	મ	-ગા રિ રિ	સા	સા .. .

મધ્યમ સ્વર રચના. આનદથી ગાવુ.

માત્રા ૩ મધ્ય દ્રુત ગતિ	આ	વો	આ	વો	આ	.. મ ,
	ડ	|	ડ	|	ડ	| ~ ~
	સા	ધ,	સા	રિ	ગા	ગા .. ,

હે	બા ળ	કો	ત	મા	.. મ ,
|	ડ |	ડ	|	ડ	| ~ |
રિ	ધા	પ	ગ	ગા	ગ રિ ,

આ પ	ણે ઉ	મ	ગ	કે દીં	એ
ડ |	ડ |		|	| |	|
સા રિ	ગા રિ	સા	રિ	સનિ,	નિ,

કા પ	ણી નું	કા	..	મ ;
ડ |	ડ |	ડ	|	~ |
ધા, પ,	ની, રી	સા	..	.. ;

* ૧ = ૧ માત્રા; ડ = ૨ માત્રા; ડ = ૩ માત્રા; ⌈ = સ્વર, વધુ કે શબ્દ બીજા સ્તભમાં ચાલુ છે એ બતાવનાર; -ગા = કોમળ ગા; ના, = મન્દ્ર ની; ⌈ = ગીત પૂરું; ~ = અર્ધમાત્રા.

માત્રા ૨ દ્રુત ગતિ	જો	જો	પે	લી	વા	દ	બી	ઓ ,
	ऽ	ऽ	ऽ	ऽ	ऽ	।	।	⌊ ‿
	प	प	गा	प	गा	प	प	प ,

વ	ર	સી	ને	ચા	લી	જા	..	ય ,
।	।	ऽ	ऽ	ऽ	ऽ	ऽ	।	‿ ‿
प	प	धा	धा	प	प	गा	..	रि ,

બા	ર	મા	..	સ	નું	અ	ના	..	જ	પિ	ર	સી
ऽ	।	।	।	।	ऽ	।	।	।	।	।	।	ऽ
सा	रि	गा	..	रि	सा	स	री	..	स	नि,	नि,	नी,

સ	પે	ર	હે	. સ	દા	.. ય .
ऽ	ऽ	।	।	। ।	ऽ	। ‿ ‿
धा,	नी,	स		.. नि,	सा	.. ...

માત્રા ૩ મધ્યદ્રુત ગતિ	આ વો	આ વો	આ	.. મ ,
	ऽ ।	ऽ ।	ऽ	। ‿ ‿
	सा ध,	सा रि	गा	.. .. ,

હે	બા	ળ	કો	ત	મા	.. મ ,
।	ऽ	।	ऽ	।	ऽ	⌊ ‿ ।
रि	धा	प	प	ग	गा	.. रि ,

* । = ૧ માત્રા , ऽ = ૨ માત્રા ; ऽ = ૩ માત્રા ; ⁀ = સ્વર, વધુ કે શબ્દ બીજા સ્તભમાં ચાલુ છે એ બતાવનાર, ‿गा = કોમળ गा ; नी। = મન્દ્ર नी ; ⁀ = ગીત પૂરું; ‿ = અર્ધમાત્રા.

આ પ	ણે ઉ	મ ગે	કરી એ
ऽ |	ऽ |	ऽ |	| | |
सा रि	गा रि	सा रि	स नि ,नि,

કા પ	ણી તુ	કા	.. મ .
ऽ |	ऽ |	ऽ	| ~ |
धा, प,	नी, रि	सा	.. .. .

गांधार स्वर रचना (જેમથી ગાવુ.)

मात्रा ४	આ વો	બા ળ	કો આ	વા ર ,
મધ્ય	ऽ ऽ	ऽ |	ऽ | ~	ऽ ~ ~
गति	सा -ध,-नि,	सा -रि	-गा म -ग	म म ,
	દી સે	જો ખ	ળા તે	યા ર ,
	ऽ ऽ	ऽ |	ऽ ऽ	ऽ ~
	-गा -ग -रि	सा -रि	-गम -ग-रि	सा स ,
	કું ડા	મા ર	હે લુ અ	ના જ ,
	ऽ ऽ	ऽ |	ऽ | |	ऽ ~ ~
	सा -धा	प -ध	-नी -ध प	म म ,
	ચા લો	છુ ટુ	કરી એ	આ જ .
	ऽ ऽ	ऽ ऽ	| | ऽ	ऽ ~ ~
	-गा-ग-रि	सा -री	-ग म -ग-रि	सा स .

અપૂર્ણ

* । = ૧ માત્રા ; ऽ = ૨ માત્રા ; ऽ = ૩ માત્રા ; ⌒ = સ્વર, વર્ણ કે શબ્દ બીજા સ્તભમાં ચાલુ છે એ બતાવનાર ; -गा = ઠોમળ गा ; नी, = મન્દ્ર नी ; ॥ = ગીત પૂરૂં ; ~ = અર્ધમાત્રા.

ગણિત.

લેખક—રામભાઈ કાલિદાસ પટેલ.

(ચાલુ પૃ ૨૨૮ થી)

નિયમ ૧૫ મો:—બે સંખ્યાના વર્ગોની બાદબાકી અને તેજ બે સંખ્યાનો ભાગાકાર આપ્યાં હોય, તો આપેલા ભાગાકારના અંશ અને છેદના વર્ગોના પ્રમાણમાં તેજ બે સંખ્યાઓના વર્ગો છે એમ સમજી હિસાબ છોડવો.

ઉદા:—બે સંખ્યાના વર્ગોની બાદબાકી ૩૭૫ છે, અને તેજ બે સંખ્યાનો ભાગાકાર ૮ છે, તો તે બે સંખ્યાઓ કઈ?

આપેલો ભાગાકાર ૪ એટલે $\frac{૪}{૧}$ છે.

એના અંશ અને છેદનો વર્ગ અનુક્રમે ૧૬ અને ૧ છે. માટે તેજ બે સંખ્યાના વર્ગો ૧૬ . ૧ ના પ્રમાણમાં હોવા જોઈએ.

૧૬ − ૧ = ૧૫ પ્રમાણની બાદબાકી

બાદબાકી	બાદબાકી	એક સંખ્યાનો વર્ગ.	
૧૫ :	૩૭૫	૧૬	૪૦૦ એક સંખ્યાનો વર્ગ.
બાદબાકી	બાદબાકી	બીજી સંખ્યાનો વર્ગ	
૧૫ :	૩૭૫ :	૧	૨૫ બીજી સંખ્યાનો વર્ગ.

માટે $\sqrt{૪૦૦}$ = ૨૦ એક સંખ્યા

ને $\sqrt{૨૫}$ = ૫ બીજી સંખ્યા.

જવાબ. ૨૦ અને ૫.

કારણ:—પ્રમાણના નિયમ પ્રમાણે ખુલ્લુ છે.

ઉદા:—એક ગૃહસ્થે એક વખત કેટલાક કુટુંબને પોતાને ત્યાં જમવા નોતર્યાં. જેટલાં કુટુંબો જમવા આવશે તેટલા શેર દૂધ સરોસરી દરેક આવનાર કુટુંબને વાસ્તે જોઈશે અને પોતાના કુટુંબને માટે ૧॥ મણ દૂધ જોઈશે એમ ગણી એક રબારીને દૂધ આપી જવા કહ્યું. રબારી પાસે જેટલી ભેંસો હતી તેટલા શેર દૂધ દરેક ભેંસને નીકળવાથી બધું દૂધ આપી ગયો. આથી જોઈતું દૂધ પૂરૂં ન થવાથી તે ગૃહસ્થને ૧॥ મણ દૂધ બજારમાંથી આણવું પડ્યું. જમવા આવનાર દરેક કુટુંબના વડાએ

રબારીને ખુશી થઈ ત્રણ ત્રણ રૂપીઆ ઇનામ આપ્યુ. આથી તે રબારીને દર ભેંસે રૂ. ૩—૧૦—૮ ઇનામ મળ્યુ કહો ત્યારે તે ગૃહસ્થે કેટલાં કુટુંબ નોતરેલાં અને તે રબારી પાસે કેટલી ભેંસો હતી

નિયમ ૧૬ મો:—કોઈ પણ બે સખ્યાના વર્ગોના ગુણાકારનુ વર્ગમૂળ કાઢવાથી તેજ બે સંખ્યાનો ગુણાકાર નીકળે છે

ઉદા:—બે સખ્યાના વર્ગોનો ગુણાકાર ૨૨૫ છે, તો તેજ બે સખ્યાનો ગુણાકાર કેટલો ?

$\sqrt{\text{બે સખ્યાના વર્ગોનો ગુણાકાર}} = \sqrt{\text{૨૨૫}} = \text{૧૫}$ તેજ બે સંખ્યાનો ગુણાકર.

કારણ.—

$\sqrt{\text{અ}^2\text{બ}^2} = \text{અ બ}$ છે.

આ પરથી કોઈ પણ બે સખ્યાના વર્ગોનો ગુણાકાર આપ્યો હોય અને તેની સાથે તેજ બે સખ્યાનો સરવાળો અથવા બાદબાકી વગેરે ગમે તે આપ્યુ હોય, તો આગળ આપેલા નિયમો પ્રમાણે તે બે સખ્યાઓ કાઢી શકાય.

ઉદા —એક વાડીમા કેટલાક આબા અને કેટલીક દાડમડી છે. જેટલા આબા છે તેટલી કેરી દરેક આંબા પરથી ઉતરી અને જેટલી દાડમડી છે તેટલા દાડમ દરેક દાડમડી પરથી ઉતર્યા જેટલા દાડમ છે તેટલી પાઈએ એક લેખે સઘળી કેરીઓ અને જેટલી કેરી છે તેટલી પાઈએ એક લેખે સઘળા દાડમ વેચી દઈએ તો એકદર રૂ ૩૦—૬—૦ ઉપજે છે. જો સઘળા દાડમ અને સઘળી કેરીઓ ૪ આને એક લેખે વેચવામા આવે તો પ્રથમ કરતા રૂ. ૧—૨—૦ ઓછા ઉપજે છે. કહો ત્યારે તે વાડીમા આબા કેટલા અને દાડમડી કેટલી.

ઉદા:—ઉપરના ઉદાહરણમા " જો સઘળા દાડમ અને સઘળી કેરીઓ ૪ આને એક લેખે વેચવામા આવે તો પ્રથમ કરતાં રૂ ૧—૨—૦ ઓછા ઉપજે છે " એમ આપ્યુ છે તેને બદલે "આબા અને દાડમડી મળી કુલ ૧૫ ઝાડ છે " એમ દાખલ કરી ઉપરનુંજ ઉદાહરણ છોડો.

નિયમ ૧૭ મો:—કોઈ પણ બે સખ્યાના વર્ગોના ભાગાકારનું વર્ગમૂળ કાઢવાથી તેજ બે સંખ્યાનો ભાગાકાર નીકળશે.

(अ) કાસૌલી અથવા કુન્નુર રેલવેમા જવાનું અથવા ત્યાંથી પાછા આવવાનુ, સરકારી કામ માટે મુસાફરી કરતી વખતે જે વર્ગનુ ભાડું તેને મળવાનો હક હોય તે વર્ગનું ભાડુ આપવામાં આવશે, અને જેઓને ત્રીજા વર્ગનુ ભાડું મળવાનો હક હોય તેઓને જરૂરને પ્રસંગે કાલકા અથવા કુન્નુર સુધીનુ ઇંટરમીજીએટ વર્ગનું ભાડુ આપવામાં આવશે.

(च) ખુશકીની મુસાફરી સારૂ સરકારની મરજી મુજબ ખરેખરો ખરચ આપવામા આવશે.

(क) નદીમા કે દરીઆમા કરતી આગબોટની મુસાફરી સારૂ સિવિલ સર્વિસ રેગ્યુલેશન્સ મુજબ આપી શકાય તે રકમ કરતા વધારે ન હોય એટલો મુસાફરીનો ખરેખરો ખરચ આપવામા આવશે. પાછા આવવાનો ખરચ દરદીને કાસૌલા અથવા કુન્નુરમા તેની સારવાર કર્યા પછી, તેને રજા આપ્યા બાબતનો ઇન્સ્ટિટયુટના ડિરેક્ટરે આપેલો દાખલો રજુ કરવામા આવશે એટલે તે તે ઠેકાણાના ટ્રીજરી ઑફિસર આપશે.

(આ બને પાસ્ટયુર ઇન્સ્ટિટયુટમા આવનાર સઘળા માણસોની મફત સારવાર કરવામા આવે છે)

(૨) એક મહીનાનો પગાર અગાડીથી આપવામાં આવશે.

(૩) એક મહીનાની પરચુરણ (કેઝયુઅલ) રજા મળશે તથા એ સિવાય વધારે રજાની જરૂર પડે તો તે હકની અથવા માંદગીની રજા સમજાશે. પાસ્ટયુર ઇન્સ્ટિટયુટમા સારવાર માટે જનાર જે અમલદારને દર મહીને રૂપીઆ ૫૦૦ થી વધારે નહિ હોય એટલો પગાર મળતો હોય અને જેની ગેરહાજરીમા બદલીમા માણસ રાખવાની જરૂર પડે તેની બાબતમાં સદરહુ એક મહીનાની રજા પરચુરણ રજા નહિ સમજતા વધારાની હકની રજા ગણાશે

(૪) ઉપર જણાવેલી વધારાની હકની રજાને સાધારણ હકની રજાને લાગુ પડતા સર્વ નિયમો લાગુ પડે છે, મણ ફેર એટલો છે કે વધારાની જે હકની રજા તે અમલદારને મળી શકે તેટલી હકની રજા ઉપરાત આપી શકાશે

૨. દર મહીને રૂ. ૨૫ થી વધારે પગાર ન મળતો હોય તેવા કોઈ પણ સરકારી નોકરને, ઉપર જણાવવામા આવેલી સગવડો ઉપરાંત, પાસ્ટયુર ઇન્સ્ટિટયુટમા જવા અને આવવાની મુસાફરીમા તેઓ જેટલો વખત

ગાળે તેટલા તથા તેઓ ત્યા સારવાર હઠળ રહે, તેટલા વખતનું, સિવિલ સર્વિસ રેગ્યુલેશન્સની કલમ ૧૦૬૩ મુજબ (પ્રસંગ પ્રમાણે) ત્રીજા+ અને ચોથા* વર્ગના અમલદારને આપી શ ન એવા દરરોજના ભથ્થાના દર પ્રમાણે ખોરાકીનુ ભથ્થુ મળી શકશે

૩. ઉપર જણાવેલી સગવડો ખર્ચ આપવાનો અધિકાર સ્થાનિક તીજોરી અમલદારને આપવાનો, અથવા તે સગવડો પોતેજ પ્રથમથી આપીને પાછળથી તીજોરી પાસેથી તે ન ગા વસુલ કરવાનો નીચેના અમલદારોને અખત્યાર આપ્યો છે—

(૧) કમિશન્ડ મેડિકલ ઑફિસરો (૨) સિવિલ આસિસ્ટન્ટ સર્જનો (૩) મિલિટરિ આસિસ્ટન્ટ સર્જનો. (૪) બીજા ગેઝેટેડ મેડિકલ ઑફિસરો. (૫) દવાખાના જેમના હવાલામા હોય એવા સરકારી સબ-આસિસ્ટન્ટ સર્જનો. (૬) મદ્રાસીથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા મુલકી અમલદારો. (૭) આસિસ્ટન્ટ ઇન્જનેરથી ઉતરતા ન હોય તેવા દરજ્જાના સઘળા પબ્લિક વર્કસ ખાતાના ઑફિસરો અને કોઈ પણ સબ-ડિવિઝન જેના હવાલામા હોય એવા કોઈ પણ પબ્લિક વર્કસ ખાતાનો ઑફિસર અથવા તેના તાબાનો અમલદાર. (૮) સઘળા પોલિટિકલ એજંટો, આસિસ્ટંટ પોલિટિકલ એજંટો, ડેપ્યુટિ આસિસ્ટંટ પોલિટિકલ એજંટો અને થાણદારો (૯) સબ-ઇન્સ્પેક્ટરથી ઉતરતા દરજ્જાના ન હોય એવા સઘળા પોલીસ અમલદારો (૧૦) સઘળા કેન્ટોન્મેન્ટ મેજિસ્ટ્રેટો અને આસિસ્ટંટ કેન્ટોન્મેન્ટ મેજિસ્ટ્રેટો. (૧૧) બી બી. સી. આઈ. રેલવેના સઘળા ઉપરી અમલદારો.

મુંબઈ શહેર માટે વધારાના અમલદારો (૧૨) મુંબઈ શહેરના મ્યુનિસિપલ કમિશ્નર. (૧૩) મુંબઈ મ્યુનિસિપાલિટિના હેલ્થ ઑફિસર.

+ ત્રીજા વર્ગના અમલદારને તેના પગારના અથવા તેની જગાના પૂર્ણ પગારના દર ૧૨૦ રૂપીએ અથવા ૧૨૦ રૂ. ના કોઈ અપૂર્ણાંકે બે આના, પણ મુંબઈ ઇલાકામા ઓછામાં ઓછો દર છ આના અને બીજે ઠેકાણે ચાર આના દરરોજના ભથ્થા તરીકે આપવામા આવે છે.

* ચોથા વર્ગના અમલદારને ખર્ચ કરતાં વધારે પ્રાંતમા ફરે તો ત્રણ આના, અને જો એકજ પ્રાંતમા ફરે તો બે આના લેખે દરરોજનું ભથ્થુ મળી શકે

(૧૪) મુબઈ મ્યુનિસિપાલિટિના હેલ્થ ઑફિસરનો સીનિઅર આસિસ્ટન્ટ.
(૧૫) પ્રેસિડન્સિ મૅજિસ્ટ્રેટો

ટીપ.—નીચેની કલમ ૪ માં લખેલી બાબતોના સંબંધમાં ઉપર (૧) થી (૫) મા લખેલા મેડિકલ ઑફિસરોમાંના કોઈ પણ એકની સલાહ લની શકે તે તે પ્રસંગે લીધા પછી (૬) થી (૧૫) સુધીના અમલદારોને અખત્યાર આપવામા આવ્યો છે.

૪. ઉપલી કાનુન મુજબ અધિકાર આપવામાં આવેલા અમલદારો સદરહુ અધિકાર વાપર્યા અગાઉ ખાત્રી કરી લેશે કે (૧) એવા શખસને જનાવર કરડયુ છે. (૨) સદરહુ જનાવર હડકાયલું હતું એમ માનવાને કારણ છે. (૩) સદરહુ માણસ પાસ્ટયુર ઇન્સ્ટિટયુટમા આવવા .જવાની મુસાફરીનો તથા ત્યા રહેવાનો સઘળો ખરચ આપી શકે એવી સ્થિતિમા નથી

દરદીના સાથીઓ.

૫. દરદી ઉંમરના કારણને લીધે અથવા બીજા પૂરતા કારણને લીધે એકલો મુસાફરી કરવાને શક્તિમાન નથી એમ પરવાનગી આપનાર અથવા સગવડ કરી આપનાર અમલદારને ખાત્રી થાય તો તે અમલદાર દરદીની સાથે જનારા એક માણસનો (૧) દરદીને આપવાના દર પ્રમાણે મુસાફરીનો ખરચ અને ખોરાકીનું ભાડું, તથા (૨) સાથે જનાર માણસનો દરરોજનો ખરચ આપવાને દરદી શક્તિમાન નથી એવી સદરહુ અમલદારની ખાત્રી થાય તે તે પ્રસંગે વધારેમા વધારે ૪ આના સુધી રોજ આપવાને અથવા આપવાનો અધિકાર આપવાને મુખત્યાર છે.

૬. દરદીની સાથે જનારા માણસને ભાડું તથા રોજ (કાઈ આપવાનો હોય તો તે) તથા પાછા આવવાનો ખરચ, દરદીને આપવામાં આવશે તેવીજ રીતે અને તેજ વખતે આપવામાં આવશે.

૭. હેઠળ લખેલા જિલ્લામાના દરદીઓને સાધારણ રીતે કુન્તુર મોકલવામાં આવશે.-કોલાબા, પુના, રત્નાગીરી, સોલાપુર, બીજાપુર, સતારા, બેલગામ, કનારા અને ધારવાડ. ખુદ મુંબઈ ઇલાકાના બીજા જિલ્લામાંના તથા સિંધમાંના દરદીઓને સાધારણ રીતે કાસૌલી મોકલવામાં આવશે

૮. કાસૌલી અથવા કુન્તુરના તીજોરી ઑફિસરે ખોરાકીનો તથા

જવા આવવાનો ખરચ આપવાનો હોય તેવી દરેક બાબતમા આમાની કોઈ પણ જગાએ દરદીને સારવાર માટે મોકલવાને જે શખસ જવાબદાર હશે તે, તીજોરી ઑફિસરે આ કારણ માટે કેટલી રકમ આપવાની છે તે ચોક્કસ રીતે દર્શાવશે

સરકારી નોકર ન હોય એવા ગરીબ સ્થિતિના માણસોને પણ સરકાર તરફથી સગવડ કરી આપવામા આવે છે. સરકારી નોકરના સંબંધમાં ઉપર જણાવેલી ત્રીજીથી આઠમી સુધીની બધી કલમો એ ગરીબ માણસોના સબંધમા પણ લાગુ પડે છે તેમને માટેના ખાસ નિયમો નીચે પ્રમાણે છે—

૧ ઉપર આવી ગયલા ત્રીજા કાનુન પ્રમાણે અધિકાર મળેલા અમલદાર તે શખસને છેક નજદીકના રેલ્વે સ્ટેશન પરથી ધારેલા મુકામે જવાને મફત ટિકિટ આપવા માટે પોતાની સહીનો રેલ્વે કંપની પર લખેલો કાગળ આપશે જે રેલ્વે મફત ટિકિટ ન આપતી હોય તે રેલ્વેની બાબતમા તેમની લાઈન ઉપર થઈ જેટલે અંતર સુધી મુસાફરી કરવાની જરૂર હોય તેટલા અંતર સુધીના છેક છેલ્લા વર્ગના રેલ્વે ભાડા જેટલી રકમ આપવા માટે તીજોરી ઉપર હુકમ લખી આપશે.

ટીપ—બેંગાલ દુઆર્સ, બેંગાલ ઍન્ડ નૉર્થ-વેસ્ટર્ન, રોહિલખંડ ઍન્ડ કુમાઉન, શાહદરા સહરાનપુર રેલ્વેઓ સિવાયની હિંદુસ્તાનની રેલ્વે કૉન્ફરન્સ ઍસોશિએશનને જોડાયલી હોય એવી સઘળી રેલ્વેઓ પાસ્ટયુર ઇન્સ્ટિટ્યુટમા જતા ગરીબ માણસોને મફત ટિકિટો આપે છે. મોરબી રેલ્વે ફક્ત અડધે ભાડે ટિકિટ આપે છે.

૨. વળી સદરહુ ઑફિસર, યુરોપીઅન અને યુરેઝિઅનની બાબતમાં દરેક દિવસનું રૂ. ૧ લેખે અને દેશીઓની બાબતમા દરેક દિવસના ૪ આના લેખે મુસાફરીમા જેટલા દિવસ લાગવાના હોય તેટલા દિવસનું ખોરાકીનુ ભથ્થુ આપવા બાબત તીજોરી ઉપર હુકમ લખી આપશે.

૩ સદરહુ માણસની પૈસા સબંધી સ્થિતિ છેક પાસેમા પાસેના રેલ્વે સ્ટેશને જવા જેવી નથી એવી તેની ખાત્રી થશે તો તે સ્ટેશને ખુશકીએ જવાનો અથવા નદીને રસ્તે અથવા દરીઆને રસ્તે આગબોટમા

જવાનો તથા કાસૈલીના છેક પાસેમાં પાસેના રેલ્વે સ્ટેશનથી ઇન્સ્ટિટ્યુટ સુધી જવાનો જે ખરેખરો ખરચ થતો હોય તે પણ સદરહુ હુકમમાં સામેલ કરવાને મુખત્યાર છે.

૪. પછી તે પોતે ભરેલા પગલાની ખબર કલેક્ટરને મોકલશે, જે પાસ્ટયુર ઇન્સ્ટિટ્યુટનો હવાલો રાખનાર ઑફિસરને ખબર કરશે.

૫. સારવાર ચાલુ હોય તે દરમિયાન પાસ્ટયુર ઇન્સ્ટિટ્યુટ ઉપરના અમલદાર દરદી યુરોપીઅન અથવા યુરેઝિઅન હશે તો તેને દરરોજના રૂ. ૨-૮-૦ લેખે અથવા તે દેશી હોય તો દરરોજના આના ૬ લેખે ભથ્થું આપશે. ભથ્થું એક અઠવાડીઆનું આગળથી આપશે. દરદીને રજા આપવાનો દાખલો આપતાં પહેલાં, દરદીને ભથ્થાની રકમ એટલે કેટલી આપી તે ઉપરની કાનુનમાં જણાવેલી ખબર જે કલેક્ટર તરફથી મળી હોય તે કલેક્ટરને લખી મોકલશે.

(આ બધે પાસ્ટયુર ઇન્સ્ટિટ્યુટમાં સઘળા જનાવરને મફત સારવાર કરવામાં આવે છે)

૬ પાછા આવવાનો ખરચ કાસૌલી અથવા કુન્નુરમાં દરદીની સારવાર કર્યા પછી તેને રજા આપ્યા બાબતનો ઇન્સ્ટિટ્યુટના ડિરેક્ટરે આપેલો દાખલો રજુ કરવામાં આવશે એટલે તે તે ઠેકાણાના તીજોરી ઑફિસર આપશે તીજોરી ઑફિસર, પાછા આવવા સારૂ આપેલી રકમ પણ, દરદી જે જિલ્લામાંથી આવ્યો હશે ત્યાના કલેક્ટરને લખી મોકલશે.

ગુજરાતી ભાષામાં વપરાતા કેટલાક અરબી ફારસી શબ્દો.

(લખનાર અમીરમિયાં હમ્દૂમિયાં).

(ગુ. શા. પ. પુ. ૫૧ મુ પૃષ્ઠ થી ચાલુ)

તસ'લી (અ) નિર્ગંદ, ભરોસો, વિશ્વાસ. સલ્લા=તે સાન હતો, ઉપરથી

તસવીર (અ). તસ્વીર. છબી, ચિત્ર. સવ્વર=તેણે સૂરત બનાવી, પરથી

તસદી (અ) તસ્દીઅ મહેનત, દુઃખ સદઅ=તે આતુર હતો, તેણે મહેનત પાડી, ઉપરથી.

તસ્ત (અ). તસ્સુજ પરથી. ગજનો ચોવીસમો ભાગ.

તહનામું (ફા). તહ્નામા સલાહ.

તહકીક (અ). તહ્કીક. તકી. હક્ક=બરાબર હતું, ઉપરથી

તહકુફ (અ) તઅહુફ પાછળ નાખી દેવું, બાકી રાખવું, મેહસુલની તહકુફી કરી=અમુક મુદત માટે મુલતવી રાખી. અકફ=પાછળ ગયો, ઉપરથી.

તહસીલ (અ). તહ્સીલ. મેળવવું હસલ=તે ઉપરનો ઉપર હતો, તે સાફ હતો, ઉપરથી.

તા (ફા). ગણતરી, નંગ એકતા=એક, એકપણું, કુતા=મેવડુ વગેરે.

તાઈ (અ) અરબસ્તાનના યમન પ્રાંતમાં "તય" નામે કુટુંબ છે, તેમાં જન્મેલો હાતમતાઈ એક ઉદાર પુરુષ થઈ ગયો છે. એનો વાચનમાળામાં પણ એક પાઠ છે

તાઉસ (અ). તાવ્સ. મોર. એક જાતનું વાજું પણ હોય છે, જેનો ઘાટ મોર જેવો હોય છે

તાકાત (અ). તાકત એનું બહુ વચન તાકાત શક્તિ તાક=મજબૂત હતો ઉપરથી.

તાકીદ (અ) વારવાર કહેવું. અકદ=તે ઘઉં ઉપર ચાલ્યો, તેણે ઘઉં ઝાટકયા ઉપરથી.

તાકું (અ) તાક.

તાકો (અ). તાકા. એક નગ લુગડું

તાજ (ફા). મુગટ

તાજખાનું (અ. ફા). તહારતખાના. તહારત (અ) પાકી, પવિત્રતા, ખાનું (ફા) ખાના. પવિત્ર થવાનું ઘર.

તાજગી (ફા) તાજગી તાજાપણું.

તાજમહાલ, તાજમહેલ (ફા. અ) તાજ (ફા). મહલ (અ.) શાહ જહાંએ પોતાની બેગમ મુમ્તાજ મહલ અર્જમંદ બાનૂ બેગમની કબર પર બંધાવેલો રોજો બેગમે મરતી વખત વસીયત કરી હતી, કે બીજું લગ્ન કરવું નહિ, ને મારૂં નામ રાખવું બાદશાહે બંને વચન પાળ્યાં

તાજવું (ફા.). તરાજૂ

તાજાકલમ (ફા. અ.)

તાજિયો (અ) તઝ્જિયા શોક કરવો, ખરખરો કરવો. મોહોરૂમમાં તાબૂતો નીકળે છે, તેને પણ તાજીયા એટલા માટેજ કહે છે, કે તે દિવસે ઇમામહુસેન (રૂ. અ.) શહીદ (ધર્મયુદ્ધમાં મરણ પામવુ) થયા હતા અજા=તેણે ધીરજમા ભાગ લીધો, ઉપરથી.

તાજીમ (અ) તઝ્જીમ મોટાઈ.

તાજુબ (અ). તઅજ્જુબ નવાઈ પામવુ

તાણુ (ફા). તાના વણવામા તાણું વાણ હોય છે તે.

તાનો (અ). તઅ્ના મેણુ. તઅન=તેણે ખડ્ગ મારી ખૂન કર્યું, ઉપરથી.

તાબુત (અ) તાબૂત, મડદાની પેટી. જનાજો. મોહોરૂમમા નીકળે છે, તે.

તાબેદાર (અ) તાબિઅ, શબ્દ ખરો છે. દાર ફારસી પ્રત્યય વધારાનો નિરર્થક છે, ખરો શબ્દ તબ્અદાર (અ. ફા) પણ થઈ શકે છે. એજ અર્થમા ફર્માન્બર્દાર શબ્દ ચાલે. પ્રયોગ ખોટો છતા તાબિઅદાર શબ્દ ઉર્દૂમા પ્રચલિત છે. તબઅ=તે પાછળ પાછળ ગયો, ઉપરથી.

તાયફો (અ) તાઇફા. માણસોનુ ટોળું. તવફ=ગોળ ફર્યો, ઉપરથી.

તાર (ફા) દોરો.

તારકશ (ફા) તાર્કશ. તાર ખેંચવાનુ કામ કરનાર લોકો. કશીદન=ખેંચવુ ઉપરથી.

તારાજ (ફા) લૂટ.

તારીખ (અ). અરખ=સમય નક્કી કરવાની ક્રિયા ઉપરથી.

તારીજ (અ). તઝ્રીજ. છોડવુ, કોઈને કામ પર લગાડવો, ઇશારામાં વાત સમજાવવી. અરજ=તે સામો થયો, તેણે દરખાસ્ત કરી, ઉપરથી.

તારીફ (અ) તઅ્રીફ અર્થ સમજાવવો. લદાણ આપવુ, વખાણ કરવાં, ઓળખાવવો. અરફ=તેણે જાણ્યુ, ઉપરથી

તાલ (ફા) એક જાતનું વાજુ, તાલ, પખાજની સાથે વગાડવામાં આવે છે, તે

તાલીમ (અ) તઅલીમ શીખવવુ, કેળવણી.

તાલુકો (અ). તઅલ્લુકા અલક=તે તેને અવલમ્બ્યુ, ઉપરથી.

તાલેવત (અ) તાલે (અ) તાલિઅ. ઉદયપામનાર, ઉપર આવનાર, નસીબ, તેને વત સરકૃત પ્રત્યય લાગી નસીબદારનો અર્થ સૂચવે

છે તવઅ=ને ઊભો થયો, ઉપરથી એને ફારસી પ્રત્યય " ઘર " લાગી તાલેવર શબ્દ થયો છે. તેનો પણ એજ અર્થ થાય છે

તાવીજ (અ). તબ્વીજ ચિઠ્ઠીમાં મંત્ર લખીને ગળામાં બાંધે છે તે

તાસક (અ ફા). તાસ=મોટો થાળ, એને " ક " લઘુતાવાચક પ્રત્યય લાગવાથી તાસક=નાની થાળી.

તાસનો (ફા) તાફતા. રેશમી લુગડુ છે. તાફતન=પ્રકાશવુ, ઉપરથી.

તાસીર (અ) અસર ઉપરથી.

તાસુબી (અ) તઅસ્સુબ. પક્ષપાત, ખોટો પક્ષપાત. અસબ=આમળો દીધો ઉપરથી.

તિરકસ (ફા) તીર્કશ તીર રાખવાનું ભાથુ

તીરંદાજ (ફા) તીર્અન્દાજ. અન્દાઝન, નાખવુ ઉપરથી, તીર ફેંકનાર.

તુકમરીઆ (ફા અ). તુખ્મરયહાન તુખ્મ (ફા). બી, રયહાન (અ). સુગંધવાળુ ફૂલ. આબચીબાબચીના બી

તુખમ (ફા) તુખ્મ=બીજ

તુતક (ફા) તૂતી=વહાણ, હોડી પરથી.

તુર્ક (ફા) એક જાત છે

તુમાર (અ) તૂમાર લાંબો કાગળ, ખતપત્ર

તુમાન (તુ) તુંપાન ઘણા ઘેરનો મોટી પોહોળી સુરવાળ. સૈનિક લોકો પહેરે છે તે.

તૂની (ફા) પોપટ.

તેગ (ફા) તલવાર. ખંજર વગેરે. તેજ ઉપરથી તેગ શબ્દ થએલો છે.

તેજ (ફા). પ્રકાશિત, ચાલાક, તીક્ષ્ણ

તેજાનો (ફા) તેજાના.

તેજાબ (ફા) તેજ=તીક્ષ્ણ+આબ=પાણી તેજ પાણી.

તેજી (ફા) ચાલાકી. (૨) તાજી=અરબી ભાષા, અરબી ઘોડો, શીકારી કુત્તો. અરબમાં અરબોએ ઈરાનમાં ઘણી લૂંટફાટ કરી હતી, તે પરથી હુમલો કરવો, હલ્લો કરવો વગેરે માટે ફારસીમાં તાખ્તને ધતુ , ત પરથી તાજ શબ્દ થયેલો છે તેને ઈ લાગી તાજી શબ્દ અરબો માટે વપરાતો થયો. ગુજરાતીમાં " ઘોડો " અર્થ સૂચક તેજી શબ્દ તાજી પરથી આવ્યો છે (અપૂર્ણ).

તાજિયો (અ)- તઝ્જિયા. નોક કરવો, ખરખરો કરવો. મોહોર્રમમાં તાબૂતો નીકળે છે, તેને પણ તાજિયા એટલા માટેજ કહે છે, કે તે દિવસે ઇમામહુસેન (રે. અ.) શહીદ (ધર્મયુદ્ધમાં મરણ પામનુ) થયા હતા અજ=તેણે ધીરજમાં ભાગ લીધો, ઉપરથી.

તાજમ (અ) તઝ્ઝમ. મોટાઈ.

તાજુબ (અ). તઅજ્જુબ નવાઈ પામવુ

તાણું (ફા). તાના વણવામાં તાણું વાણ હોય છે તે.

તાનો (અ). તઅના. મેણું. તઅન=તેણે ખડ્ગ મારી ખૂન કર્યું, ઉપરથી.

તાબુત (અ) તાબૂત, મડદાની પેટી. જનાજો. મોહોર્રમમાં નીકળે છે, તે.

તાબેદાર (અ) તાબિઅ, શબ્દ ખરો છે. દાર ફારસી પ્રત્યય વંધારાનો નિરર્થક છે, ખરો શબ્દ તબ્અદાર (અ. ફા) પણ થઈ શકે છે. એજ અર્થમા ફર્માન્બર્દાર શબ્દ ચાલે. પ્રયોગ ખોટો છતાં તાબિઅદાર શબ્દ ઉર્દૂમા પ્રચલિત છે તબઅ=તે પાછળ પાછળ ગયો, ઉપરથી.

તાયફો (અ) તાઇફા. માણસોનું ટોળું. તવફ=ગોળ ફર્યો, ઉપરથી.

તાર (ફા) દોરો.

તારકશ (ફા) તાર્કશ. તાર ખેંચવાનુ કામ કરનાર લોકો. કશીદન=ખેંચવુ ઉપરથી.

તારાજ (ફા) લૂટ.

તારીખ (અ) અરખ=સમય નક્કી કરવાની દિશા ઉપરથી.

તારીજ (અ). તઝ્રીજ. ઉઠાવુ, કોઈને કામ પર લગાડવો, ઇશારામાં વાત સમજાવવી. અરજ=તે સામો થયો, તેણે દરખાસ્ત કરી, ઉપરથી.

તારીફ (અ) તઅરીફ અર્થ સમજાવવો. લક્ષણ આપવુ, વખાણ કરવાં, ઓળખાવવો. અરફ=તેને જાણ્યું, ઉપરથી.

તાલ (ફા) એક જાતનું વાજુ, તાલ, પખાજની સાથે વગાડવામાં આવે છે, તે

તાલીમ (અ) તઅલીમ શીખવવું, કેળવણી.

તાલુકો (અ). તઅલ્લુક અલક=તે તેને અવલંબ્યુ, ઉપરથી.

તાવેદાર (અ. ફા) તાબે (અ) તાબિઅ. ઉદ્યમવાળા, ઉપર આવનાર, નમ્રીભૂત, તેને વત સંસ્કૃત પ્રત્યય લાગી તબીઅદારનો અર્થ મુજબ

૨ ખરતા અને પડતા તારા એ આકાશમાં નાના મોટા કદના ભ્રમણ કરતા પાર્થિવ પદાર્થો છે એમ મનાયુ છે અમુક સમયે એનુ ટોળું પૃથ્વીના વાતાવરણની નજીક આવી જાય છે તે સમયે તે વધારે જોવામાં આવે છે. આર્ય ગ્રંથોમાં આને ઉલ્કાપાત કહે છે જ્યારે તે પૃથ્વીના વાતાવરણમાં ઘસાઈ તે પોતાની જાતિમાંજ ચાલ્યો જાય છે ત્યારે તે ચલાન ચક્ર (ઉંચાટીયાના) પેઠે ચળકતા લીસોટા જેવુ દેખાઈ બંધ થાય છે. હવે આ દેખાતું ચલાત ભ્રમણ કાંઈ એકજ દિશા તરફ હોતું નથી. ગમે તે દિશા તરફ જોવામાં આવે છે. ત્યારે એ ખરતા તારાઓનુ ભ્રમણ આપણા સૂર્યમંડળના ગ્રહોની પેઠે માત્ર એકજ દિશામાં હશે કે ગમે તે દિશામાં હશે તે નથી કહેવાયુ હોય તેમ જાણવામાં નથી. જો એકજ દિશા પ્રતિ તેનું ભ્રમણ હોય તો તેના લીસોટા ભિન્ન ભિન્ન દિશાઓમાં કેમ જોવામાં આવે છે તેનો ખુલાસો થવો જરૂરનો છે.

વિશ્વનાથ સ પાઠક.
ડેપ્યુટિ એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર
પોરબંદર.

કેળવણીખાતાની ખબરો.

મે ઇ ભા. ના એ. ઇ સા. ના તા. ૧૮ મી મે ૧૯૧૨ ના હુકમ ન. ૪૧૬૧ ઉપરથી.

જાહેર ખબર.

સન ૧૯૧૨-૧૩ નો નં. ૪૧૬૨.

આથી ખબર આપવામાં આવે છે કે વર્નાક્યુલર ફાઇનલ પરીક્ષા બુધવાર તા ૧૮ મી સપ્ટેંબર ૧૯૧૨ ને રોજ તથા તે પછીના દિવસોએ ઉત્તર ભાગમાં નીચે લખેલાં મધ્યસ્થળોએ લેવામાં આવશે:—

અમદાવાદ.	ભરૂચ
નડિયાદ.	સુરત.
મોપરા.	થાણા.

૨ તા. ૨૧ મી નવેંબર ૧૯૦૭ ના મુંબઈ સરકારી ગેઝેટ. ભાગ પહે

શિપો આપવા સારૂ બુધવાર તા. ૨૫ મી સપ્ટેમ્બર સને ૧૯૧૨ ને રોજ તથા તે પછીના દિવસોએ નીચે લખેલા મધ્યસ્થોએ હરીફાઈની પરીક્ષા લેવામા આવશે —

અમદાવાદ	સુરત.
નડીઆદ (ખેડા જિલ્લો).	ગોધરા (પંચમહાલ).
ભરૂચ.	થાણા.

૨ ત્રણમાથી એક સ્કૉલરશિપ માટે બધા ઉમેદવારો સામાન્ય રીતે સ્પર્ધા કરી શકશે; જે લોકો અગ્રેજી કેળવણીમા પાછળ છે, જેવા કે બેની-ઇઝરાયલ, કણબી, અને કણબી કરતા જે લોકો વધારે પાછળ છે તેવા લોકોની સ્પર્ધા માટે એક સ્કૉલરશિપ રાખવામાં આવશે, અને એક સ્કૉલરશિપ મુસલમાનો માટે રાખવામાં આવશે.

૩. મુસલમાનો માટે ખાસ રાખેલી એક બે વરસ અને ચાર મહીના અને બીજી એક વરસ અને ચાર મહીના ચાલે એવી પાચ પાંચ રૂપીઆની બે સ્કૉલરશિપો થાણા જિલ્લામા અને મુસલમાનો માટે ખાસ રાખેલી ત્રણ વરસ અને ચાર મહીના ચાલે એવી એક સ્કૉલરશિપ પચમહાલમાં ખાલી છે તેની ખબર આપવામા આવી છે. જે છેલ્લા ઉમેદવારને પુરેપુરી સ્કૉલરશિપ આપવામા આવશે તેવા ઉમેદવારની પછી તરતજ જે ઉમેદવારોના નમ્બર આવશે તેમને આ સ્કૉલરશિપો આપવામાં આવશે. આ સ્કૉલરશિપો સને ૧૯૧૨ની ૧ લી સપ્ટેમ્બરથી શરૂ થશે

૪. દરેક મધ્યસ્થે કમિટિ મારફત પરીક્ષા લેવામાં આવશે પરીક્ષામાં દાખલ થવાની અરજીઓ ઠરાવેલા છાપેલા ફૉર્મ (નિયમોનું પરિશિષ્ટ ક) ઉપર કરવી, અને ઉમેદવાર જે જિલ્લાનો હોય તે જિલ્લાની પરીક્ષક કમિટિના પ્રમુખને તે મોકલવી તા. ૧૫ મી ઑગસ્ટ સુધી અરજીઓ અને દાખલ થવાની ફી કમિટિ લેશે તે તારીખ પછી કોઈ પણ અરજી લેવામાં આવશે નહિ. અરજીના ઠરાવેલા ફૉર્મની નકલો પરીક્ષક કમિટિના પ્રમુખ પાસેથી અથવા નીચે સહી કરનાર પાસેથી મળશે

૫. ઉમેદવારોની ઉમર, પરીક્ષાના વિષયો, સ્કૉલરશિપની રકમ અને મુદત, કેટલી ફી આપવાની છે તે, વગેરે બાબતની સઘળી વિશેષ હકીકત નિયમોમાથી મળી આવશે. નિયમોની નકલો નીચે સહી કરનારને અથવા પરીક્ષક કમિટિઓના પ્રમુખોને અરજી કરવાથી મફત મળશે. ઉત્તર ભાગની તમામ સરકારી અને મદદ લેનારી એંગ્લોવર્નાક્યુલર સ્કૂલોનાં જાહેર ખબર ચોટવાના પાટીઆ ઉપર પણ એ નિયમોની નકલો ચોટવામાં આવી છે.

મિડલ સ્કૂલ સ્કૉલરશિપો. ઉત્તર ભાગ.

૧. આથી ખબર આપવામા આવે છે કે ઉત્તર ભાગમા નીચે લખેલા મધ્યસ્થળોએ શુક્રવાર તા ૨૭ મી સપ્ટેંબર સને ૧૯૧૨ ને રોજ અને તે પછીના દિવસોએ દરેક મધ્યસ્થળે છ છ મિડલ સ્કૂલ સ્કૉલરશિપો આપવા સારૂ હરીફાઈની પરીક્ષા લેવામા આવશે —

અમદાવાદ	સુરત.
નડીઆદ (ખેડા જિલ્લો)	ગોધરા (પંચમહાલ).
ભરૂચ	થાણા.

૨ છમાંની બે સ્કૉલરશિપો માટે બધા ઉમેદવારો સામાન્ય રીતે સ્પર્ધા કરી શકશે, જે લોકો અમેજી કેળવણીમા પછાત છે, જેવા કે બેની-ઇઝરાયલ, કણબી, અને કણબી કરતા જે લોકો વધારે પાછળ છે તેવા લોકોની સ્પર્ધા માટે બે સ્કૉલરશિપો રાખવામા આવશે, અને બે સ્કૉલરશિપો મુસલમાનો માટે રાખવામા આવશે

૩. તા ૧ લી સપ્ટેંબર સને ૧૯૧૨ થી એક વરસ અને ચાર મહીના ચાલે એવી મુસલમાનો માટે ખાસ રાખેલી થાણા જિલ્લામા બે અને પંચમહાલમા એક સ્કૉલરશિપ ખાલી છે એવી ખબર આપવામા આવી છે. જે છેલ્લા ઉમેદવારને પુરેપુરી સ્કૉલરશિપ આપવામા આવશે તેવા ઉમેદવારની પછી તરતજ જેમના નમર આવશે તેવા ઉમેદવારોને આ સ્કૉલરશિપો મળશે

૪ દરેક મધ્યસ્થળે કમિટિ મારફત પરીક્ષા લેવામા આવશે. સરકારી હાઈ સ્કૂલના હેડ માસ્તર કમિટિના પ્રમુખ થશે

૫ સ્પર્ધા કરવાની (પરીક્ષા આપવાની) પરવાનગી મળવા સારૂ ઠરાવેલા છાપેલા ફૉર્મ ઉપર અરજી કરવી. તે ફૉર્મની નકલો નીચે સહી કરનાર પાસેથી અથવા પરીક્ષક કમિટિઓના પ્રમુખો પાસેથી મફત મળશે. ઉમેદવારે જે જિલ્લાનો તે હોય તે જિલ્લાની કમિટિના પ્રમુખ ઉપર અરજી મોકલવી તા. ૧૫ મી ઑગસ્ટ સુધી અરજીઓ તથા ફી કમિટિ લેશે; તે તારીખ પછી કોઈ અરજી લેવામા આવશે નહિ.

૬ ઉમેદવારોની ઉમર, પરીક્ષાના વિષયો, સ્કૉલરશિપની રકમ અને મુદત, કેટલી ફી આપવાની છે તે વગેરે બાબતની સઘળી વિશેષ હકીકત તા ૧૭ મી જાન્યુઆરી સને ૧૯૦૭ ના મુંબઈ સરકારી ગેઝેટના ભાગ ૧ લા ને ૯૫-૯૬ પૃષ્ઠે પ્રસિદ્ધ થયલા "સુધારેલા નિયમો" માંથી મળી આ-

નીચે સહી કરનારને અથવા પરીક્ષક કમિટિના પ્રમુખને અરજ કરવાથી આ ધારાની નકલો મફત મળશે. ઉત્તર ભાગની તમામ સરકારી અને મદદ લેનારી મુખ્ય ગુજરાતી નિશાળોમાં જાહેર ખબરો ચોંટવાનાં પાટીઆ ઉપર પણ તેની નકલો ચોંટવામાં આવી છે.

હાઈ અને સ્પેશ્યલ સ્કૂલોમાં આપવાની કાઝી શાહબુદ્દીન સ્કૉલરશિપો.

આથી ખબર આપવામાં આવે છે કે કાઝી શાહબુદ્દીન એન્ડાવ્મેન્ટ ફંડમાંથી અમદાવાદ અને ખેડા જિલ્લાની કોઈ પણ જાહેર સ્કૂલના મુસલમાન ઉમેદવારોને હાઈ અને સ્પેશ્યલ સ્કૂલોમાં પાંચ પાંચ રૂપીઆની બે સ્કૉલરશિપો આપવા સારૂ બુધવાર તા. ૨૫ મી સપ્ટેમ્બર સને ૧૯૧૨ ને રોજ તથા તે પછીના દિવસોએ હરીફાઈની પરીક્ષા લેવામાં આવશે. અમદાવાદ જિલ્લાના ઉમેદવારોની અમદાવાદ હાઈ સ્કૂલના મકાનમાં અને ખેડા જિલ્લાના ઉમેદવારોની નડીઆદ હાઈ સ્કૂલના મકાનમાં પરીક્ષા લેવાશે તા. ૨૬ મી મે સને ૧૯૦૪ ના મુંબઈ સરકારી ગેઝેટ ભાગ ૧ લા ને ૬૩૬–૬૪૦ પૃષ્ઠે પ્રસિદ્ધ થયલા નિયમોમાં જણાવેલી શરતો મુજબ આ પરીક્ષા લેવાશે.

૨. તા. ૧ લી સપ્ટેમ્બર સને ૧૯૧૨ થી ત્રણ વરસ અને ચાર મહીના ચાલે એવી એક સ્કૉલરશિપ ખેડા જિલ્લામાં ખાલી છે એવી પણ ખબર આપવામાં આવી છે જે છેલ્લા ઉમેદવારને પુરેપુરી સ્કૉલરશિપ આપવામાં આવશે તેવા ઉમેદવારની પછી તરતજ જે ઉમેદવારનો નમ્બર આવશે તેને આ સ્કૉલરશિપ આપવામાં આવશે

૩ પરીક્ષામાં દાખલ થવાની અરજીઓ તથા ફી અમદાવાદ અને નડીઆદ મધ્યસ્થોના પ્રમુખો આવતી તા. ૧૫ મી ઑગસ્ટ સુધી લેશે.

(સહી) P. Lory
એ ઇ ઉ. ભા.

જાહેર ખબર.

કાઠિયાવાડ મેલ ટ્રેનિંગ કૉલેજની પ્રવેશક પરીક્ષા.

૧. આથી ખબર આપવામાં આવે છે, કે કાઠિયાવાડ મેલ ટ્રેનિંગ કૉલેજની ચાલુ સાલની પ્રવેશક પરીક્ષા તા. ૧૦ મી ડીસેમ્બર સન ૧૯૧૨ મંગળવારે સવારના અગિઆર વાગે, અને તે પછીના દિવસોએ રાજકોટ મેલ ટ્રેનિંગ કૉલેજના મકાનમાં લેવામાં આવશે

(વિશેષ વિગત અહીંના અંકમાં આવશે).

REGISTERED NO B. 43.

અંક ૮ મો. પુસ્તક ૫૨ મું.

Gujarat School Paper.

ગુજરાત શાળાપત્ર.

ઑગસ્ટ, ૧૯૧૨.

વિષય. અનુક્રમણિકા. પૃષ્ઠ.

૧. કાવ્યસંપત્તિનું દિગ્દર્શન. ... ... ૨૮૧–૨૮૪.
૨. સાહિત્યમા નીતિની ભાવના (અ ક ત્રિવેદી). ૨૮૪–૨૮૮.
૩. હાસ્યરસ. (ગો પા. દવે) ... ... ૨૮૮–૨૯૩.
૪. જ્ઞાન અને કેળવણી (લ. અ ભેગદ) ... ૨૯૩–૩૦૦.
૫ સગીતવિષય (લ આ. વ્યાસ) ... ૩૦૧–૩૦૫.
૬ ગણિત (રા. કા' પટેલ) ... ... ૩૦૫–૩૦૯.
૭. ખગોળના વિષય પરત્વે ચર્ચાપત્રનો ખુલાસો ૩૦૯–૩૧૪.
૮ કેળવણીખાતાની ખબરો ... . ૩૧૫–૩૧૮.
૯ નિશાળોના ઇનામપત્રક ... ... ૩૧૯–૩૨૦.

તન્ત્રી (ઑગસ્ટ, ૧૯૦૨ થી)-અને

પ્રકાશક—રા. બ. કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી, બી એ.,

પ્રિન્સિપલ, ટ્રે. રા ટ્રેનિંગ કૉલેજ—અમદાવાદ.

કેળવણીખાતાના હુકમથી.

(સર્વ હક સ્વાધીન રાખ્યા છે)

અમદાવાદ—યુનાઇટેડ કંપની પ્રેસમા જીવનલાલ અમરશી મહેતાએ છાપ્યું.

શાળાપત્ર જ્યુબિલિઅંક—તૈયાર છે. 'શાળાપત્ર'ના જે ગ્રાહકો ઇ. સ. ૧૯૧૧ સુધીનું 'શાળાપત્ર' નું લવાજમ પૂરેપૂરું ભરી ચૂક્યા હોય તેમણે 'શાળાપત્ર'ની ઑફિસમાંથી એ અંક લઈ લેવો. ટપાલ મારફતે મંગાવનારે ટપાલ ને પૅકિંગના બે આના મોકલી આપવા, તે મોકલશે અથવા વી-પી-થી મંગાવશે ત્યારે તેમને અંક મોકલવામાં આવશે. તન્ત્રી.

અઘરા દાખલા-ડી=ખુલાસા સાથે ગણેલા. ઘણાં ઇ ગુ ગણિતોમાંથી અને પરીક્ષાઓના પ્રશ્નોમાંથી ચુંટી કાઢેલા પાના ૫૧૨ કિં રૂ ૧) હાલ બાદ બગડેલીના રૂ બાદથી બા પો. ૦)ના પરભુદાસ નાગરદાસ-શૈયદપરા-સુરત'

આત્મારામ અને દલાભાઇની કમ્પનીના

લેખનકળા કોપીબુકો.

ગુજરાતી અને બાળબોધ છ નમ્બરમાં.

કેળવણીખાતાના એ. ડિરેક્ટર સાહેબે મુમ્બઇ ઇલાકાની ગુજરાતી નિશાળોમાં ચલાવવાને મંજૂર કરી છે.

કેળવણીખાતાના ઘણા ગુણવાળી અમ દારોના મત લઇ ગુજરાતી અક્ષરોનાં શુદ્ધ વળાંક શોધી કાઢી, તથા બોરડોને અનુકૂલ અક્ષરોના કદ તથા લંબાઇ દળની ગોઠવણ કરીને, હાલ ચાલતી સર્વે કોપીબુકો કરતાં ચઢીઆતા થયાની ખાત્રી થયા પછી છપાવી બહાર પાડી છે.

કોપીબુકોની ચોકાઈ અને સુન્દરતા જાળવવા માટે ત્રાંબાના પત્રા (કોપરપ્લેટ) કોતરાવેલા છે, જે ઉપરથી માત્ર દરેક પેજ બોલ્ડ બાજુએ સુન્દર રંગની શાહીથી છપાય છે કાગળ અને કવર ઉંચા ટકાઉ વાપરેલા છે, જે એક વખત જોવાથી ખાત્રી થશે

૨૦૦ અને તે ઉપરાંત કોપી ખરીદનારને સેંકડે ૩૩ ટકા કમીશન આપવામાં આવશે; પેકીંગ અને રેલ્વે ખરચ પણ આપવામાં આવશે પણ પોસ્ટ મારફતનું કે સ્ટેશનથી બાજુનું ખરચ આપવામાં આવશે નહિ

કોપીઓ સાથે બીજા પુસ્તકો મંગાવનારને સેંકડે અર્ધો ટકો ઉપરાંત વધારે ગોઠવી આપવા ગોઠવણ રાખી છે મળવાનું ઠેકાણું—આત્મારામ અને દલાભાઇની કમ્પની, લેખનકળા કોપીબુકની ઓફીસ,-કોળીકાઢેવી રોડ ગાંધી ઓફીસ ચોક નંબર-૨૧૭ મુંબઇ.

કાલીદાસ જગજીવનદાસ.

गुजरात शाळापत्र.

પુસ્તક ૫૧ મું. ઑગસ્ટ, ૧૯૧૨ અંક ૮ મો.

કાવ્યસંપત્તિનું દિગ્દર્શન.

(ચોથી સાહિત્યપરિષદ્‌માં વાંચેલો નિબંધ).

(ચાલુ પુ ૫૧, પૃ ૨૪૪ થી)

ગુણોનાં વ્યંજક.

વર્ણ, સમાસ, ને રચનાને ગુણોના વ્યંજક કહ્યા છે તેમાં "ટ" વર્ગ સિવાયના સ્પર્શ વ્યંજનો, પોતપોતાના વર્ગના પાંચમા વર્ણ સાથે યુક્ત થયલા (અङ्ग, अञ्जन, कण्ठ, दन्तमां छे तेम) હ્રસ્વ સ્વરયુક્ત રેફ ને ણકાર, એટલા વર્ણો, સમાસનો અભાવ કે મધ્યમ સમાસ, ને સુકુમાર રચના—એ માધુર્ય ગુણના વ્યંજક છે[1] વર્ગીય પ્રથમ અને તૃતીય વર્ણનો અનુક્રમે બીજા ને ચોથા વર્ણ સાથે સંયોગ, તેમજ રેફનો કોઈ વ્યંજન સાથે પહેલો કે પછી સંયોગ બે સરખા વ્યંજનનો યોગ, ટાદિ વર્ણચતુષ્ટય, શ્ ષ્, એટલા વર્ણો, દીર્ઘ સમાસ, અને ઉદ્ધત રચના—એ ઓજોગુણના વ્યંજક છે[2] જે શબ્દ, સમાસ, કે રચના વડે સાંભળતા વાજ શબ્દમાંથી અર્થની પ્રતીતિ થાય તે શબ્દ, સમાસ, કે રચના પ્રસાદ ગુણના વ્યંજક છે[3]

---

१ मूर्ध्नि वर्गान्त्यगाः स्पर्शा अटवर्गौ रणौ लघू ।
अवृत्तिर्मध्यवृत्तिर्वा माधुर्ये घटना तथा ॥

२ योग आद्यतृतीयाभ्यामन्त्ययो रेण तुल्ययोः ।
टादिः शषौ वृत्तिदैर्घ्यं गुम्फ उद्धत ओजसि ॥

३ श्रुतिमात्रेण शब्दात्तु येनार्थप्रत्ययो भवेत् ।
साधारणः समग्राणां स प्रसादो गुणो मतः ॥

ગુણના આ વિવેચન ઉપરથી શુ સમજવાનુ છે ? એટલુજ કે ભાષા-શૈલી હમેશ અર્થને અનુસરતી જોઈએ, શૃંગાર, કરુણ, ને શાત રસમાં મધુર ને સરળ, વીર, રૌદ્ર, ને બીભત્સ રસમા તેજસ્વી ને જુસ્સાદાર, તેમજ આડંબરયુક્ત પણ સર્વત્ર અર્થ તરત સમજાય એવી પ્રાસાદિક હોવી જોઈએ. જેને અંગ્રેજીમા Perspicuity of Style (પ્રસાદ) કહે છે તેની તો સર્વ રસમા વિવક્ષા છે પ્રસાદરહિત કાવ્ય તે કાવ્યજ નથી.

ગુણ ને અલકારનો ભેદ.

મમ્મટના કાવ્યલક્ષણનું છેલ્લુ વિશેષણ ' अनलकृती पुन क्वापि છે,' એટલે ક્વચિત્ અલકારરહિત એવા શબ્દ અને અર્થ. તાત્પર્ય એ છે કે કાવ્યમા બહુધા શબ્દ અને અર્થ સાલકાર હોવા જોઈએ. અર્થાત્, અલકાર ઘણે ભાગે કાવ્યમા હોવા જોઈએ. ક્વચિત્ ન હોય તો ચાલે.

અલકાર અને ગુણનો ભેદ આ પ્રમાણે છે.—

૧. ગુણો રસ વિના રહેતા નથી, અલકાર તો રસ વિના રહે છે. ૨. ગુણો રસના અવશ્ય ઉપકારક છે; અલકાર એવા નથી.[1] ગુણો રસના ધર્મ છે, તેથી સાક્ષાત્ રસમા રહે છે. અલકાર રસમા સાક્ષાત્ રહેતા નથી, પણ અગદ્વારા રહે છે રસ વિદ્યમાન હોય તો અગદ્વારા, એટલે શબ્દ અને અર્થ એ બેમા ચારુત્વ ઉત્પન્ન કરી, જેમ હારાદિ શરીરને શોભાવી માને અ નદ પમાડી તેના ઉપકારક થાય છે, તેમ અલકાર રસરૂપ અગીના ક્વચિત ઉપકારક થાય છે ક્વચિત કહેવાનું કારણ કે રસ વિદ્યમાન હોય તોપણ અલકાર ક્વચિત તેને પોષતા નથી. જ્યા રસનો સભવ છે ત્યાં અલકારો રસના ઉપકારક થાય છે, એટલે શબ્દ અને અર્થમા ઉત્કર્ષ મૂકી રસમા વૃદ્ધિ કરે છે, પણ જ્યા રસનો અસભવ છે, ત્યા અલકાર માત્ર ઉક્તિમા વૈચિત્ર્ય ઉત્પન્ન કરે છે, અર્થાત, શબ્દ અને અર્થનેજ શોભાવે છે ક્વચિત્ રસ વિદ્યમાન હોય છે, તોપણ અલંકાર તેની ઝમાવટ વધારતા નથી આવો ગુણ અને અલંકાર વચ્ચે ભેદ છે

---

१ उपकुर्वन्ति तं सन्तं येऽङ्गद्वारेण जातुचित् ।
हारादिवदलंकारास्तेऽनुप्रासोपमादयः ॥

અલકારના શબ્દાલકાર, અર્થાલકાર, અને મિશ્રાલંકાર એવા ત્રણ પ્રકાર છે અનુપ્રાસ, યમક વગેરે શબ્દાલકાર છે, ઉપમા, રૂપક આદિ અર્થાલંકાર છે. એ અલકારોનો પરસ્પર સબધ થાય તોપણ તેમાં ચોખાના દાણા જુદા રહે છે તેમ એક એકથી પૃથક્ રહે, તો તે સયોગ સસૃષ્ટિ કહેવાય છે; અને દૂધ ને પાણી એકાં કરવાથી જેમ એકરૂપ થાય છે તેમ એ અલકારોનો સમવાય હોય, તો તે સકર કહેવાય છે. એ જાને મિશ્રલકાર છે.

શરીરસપત્તિ સાથે કાવ્યસપત્તિની તુલના

મમ્મટના કાવ્યલક્ષણનું સક્ષેપમા આ પ્રમાણે વિવરણ કર્યું વિદ્યાનાથ, જેનો **प्रतापरुद्रीय** ગ્રન્થ દક્ષિણમા શાસ્ત્રિવર્ગમા બહુ પ્રચલિત છે અને જેમાંથી મલ્લિનાથ ટીકાકારે પોતાની ટીકામા બહુ પ્રમાણવાક્યો આપ્યાં છે, તે કાવ્યનુ સ્વરૂપ અને તેની સપત્તિ નીચે પ્રમાણે વર્ણવે છે —

ગુણ અને અલકાર સહિત, દોષવર્જિત શબ્દ અને અર્થને કાવ્યવેત્તાઓ કાવ્ય સમજે છે ને તે કાવ્ય ગદ્યમય ને પદ્યમય એમ બે પ્રકારનુ છે[1] શબ્દ અને અર્થ એ કાવ્યની મૂર્તિ–શરીર છે, વ્યગ્યનો વૈભવ એ કાવ્યનુ જીવન છે શરીરને જેમ હારાદિ અલકારો ભૂષિત કરે છે, તેમ કાવ્યમા ઉપમાદિ અલકારો વ્યગ્યવૈભવનો ઉત્કર્ષ કરે છે[2] આત્મામા શૌર્યાદિ ગુણોની પેઠે કાવ્યમા શ્લેષાદિ ગુણો છે. સ્વભાવ–ચેષ્ટાદિ જાતિપ્રયુક્ત ધર્મ–જેમ આત્માનો ઉત્કર્ષ કરે છે તેમ રીતિઓ વ્યગ્યનો ઉત્કર્ષ કરે છે[3] વૃત્તિઓ વૃત્તિની–વતનની પેઠે આહાર્યક–કૃત્રિમ શોભા આણે છે પદો પરસ્પર અનુગુણ રહી વિશ્રાન્તિ પામે તેને શય્યા કહે છે. શય્યામા જેમ શરીરના અવયવો પરસ્પર અનુકૂળ સ્થિતિમા વિરામ

---

१ गुणालंकारसहितौ शब्दार्थौ दोषवर्जितौ ।
गद्यपद्योभयमयं काव्यं काव्यविदो विदुः ॥ १ ॥

२ शब्दार्थौ मूर्तिराख्यातौ जीवितं व्यङ्ग्यवैभवम् ।
हारादिवदलंकारास्तत्र स्युरुपमादयः ॥ २ ॥

३ श्लेषादयो गुणास्तत्र शौर्यादय इव स्थिताः ।
आत्मोत्कर्षावहास्तत्र स्वभावा इव रीतयः ॥ ३ ॥

પામે છે તેમ પદોનો પરસ્પર અનુકૂળતામાં વિરામ–પદોની ઉત્કૃષ્ટ અન્યોન્ય મૈત્રી–તે શય્યા છે.[1] રસના અમુક પ્રકારના આસ્વાદને પાક કહે છે. પાક[2] એ હૃદયગમ અર્થનુ ગાંભીર્ય છે. શરીરને જેમ પાક–પરિપક્વ વસ્તુનો આસ્વાદ–અભીષ્ટ છે, તેમ કાવ્યમા પાક રસમાં ઉત્કૃષ્ટ આસ્વાદ ઉત્પન્ન કરે છે–ઓર લહેજત આણે છે આ રીતે વ્યવહારમા જેમ શરીરની સપત્તિ જીવિત, ગુણ, અલકાર, સ્વભાવ, વર્તન, શય્યા, ને પાક છે, તેમ કાવ્યની સપત્તિ શબ્દાર્થ, વાક્યવૈભવ, ગુણ, અલકાર, રીતિ, વૃત્તિ, શય્યા, ને પાક છે.

(અપૂર્ણ)

—(૦)—

સાહિત્યમાં નીતિની ભાવના.

(ચોથી સાહિત્યપરિષદમા વાચેલો નિબધ)

(ચાલુ પુ ૫૧ પૃ ૨૪૯ થી).

(રા રા. અ. ક ત્રિવેદી, એમ એ એલ્એલ્ બી)

હાસ્યરસમાં મુખ્ય દોષો.

હાસ્યરસના વિષયોમા કેટલીક ગભીર ભૂલોથી પરાઙ્મુખ રહેવાનુ છે. હાસ્યરસની ઝમાવટ કરવાને માટે લેખક જાતજાતની ફૂટો લે છે સમાજમાં, સાહિત્યમા, ને અન્ય સ્થળોએ હાસ્યરસનો ઉપયોગ સામા પક્ષને ઉપહાસનો વિષય બનાવી, વાચકવર્ગને આનદ આપી, તે ઉપહાસ ને તે આનદજ સામા પક્ષનું ગુપ્ત રીતે ખડન છે એમ મનાવવાનો હોય છે દલીલો જે ન સિદ્ધ કરી શકે તે હાસ્યરસની શૈલીથી ઘણી સચોટ રીતે થઈ શકે છે. વળી દલીલો સાધારણ રીતે શુષ્ક હોય છે, પણ હાસ્યરસની શૈલીથી લખાણ રસપૂર્ણ બનાવી શકાય છે, એટલે શુષ્ક દલીલોથી ભડકી

---

१ शोभामाहार्यकीं प्राप्ता वृत्तयो वृत्तयो यथा ।
पदानुगुण्यविश्रान्तिः शय्या शय्येव संमता ॥ ४ ॥

२ रसास्वादप्रभेदाः स्युः पाकाः पाका इव स्थिताः ।
प्रख्याता लोकवद्रियं सामग्री काव्यसंपदः ॥ ५ ॥ प्रता०

ક્રૂર બેસનાર વાચકો પણ હાસ્યરસવાળુ લખાણ ઘણીજ ઉત્સુકતા સાથે વાચે છે, તેટલા માટે હાસ્યરસનો ઉપયોગ કરનાર લેખકને શિરે વધારે ભારે જોખમદારી રહે છે. તેણે કદાપિ સુરુચિનો ત્યાગ નહિ કરવો જોઈએ, કદાપિ અશિષ્ટ ભાષાનો ઉપયોગ નહિ કરવો જોઈએ, કદાપિ અગત હુમલાઓ નહિ કરવા જોઈએ. આ ત્રણે બાબત જરૂરની છે. જ્યા સુરુચિનો ત્યાગ થયલો જોવામા આવે છે ત્યા લેખકને વિષે વાચકને તિરસ્કારની બુદ્ધિ ઉત્પન્ન થાય છે, ને હાસ્યરસની ક્ષતિ પણ થયા વિના રહેતી નથી. ઉદાહરણ તરીકે સમાજસુધારાની બાબત હાસ્યરસનો ઘણી વાર વિષય થતી જોવામા આવે છે, ને ઘણુખરૂં લેખકો પોતાનુ કાર્ય દક્ષતાથી કરી પણ શકે છે પણ પોતાના મતથી વિરુદ્ધના વિચારોનું ખડન કરવાની અત્યુત્કટતાને લીધે ને તે વિચારોને માટે તિરસ્કારબુદ્ધિ હોવાને લીધે જો લેખક સુરુચિનો ત્યાગ કરે તો તે અનિષ્ટ છે વેદપાઠી બ્રાહ્મણોને શાસ્ત્રજ્ઞાનનો દુરુપયોગ કરવામા એટલા બધા જડબુદ્ધિ થઈ ગયા કલ્પવા કે તેઓ પશુથી પણ વધારે ક્રૂર બને ત્યાસુધી શાસ્ત્રનો અક્ષરશ દુરુપયોગ કર્યાજ ચાલ્યા જાય એમ ધારવું એ શું બહુ પડતુ નથી ? આમા સુરુચિ શુ જળવાય છે ? આવા દૃષ્ટાન્તો આપણા સાહિત્યમાથી શોધી શકાય તેમ છે; પરતુ અત્ર વિસ્તારભયથી તે રજુ કરવાનુ કામ બની શકે તેમ નથી. લેખકનો ઉદ્દેશ સ્તુત્ય હોય છતા આવો દોષ જોવામા આવે છે, એટલે મનુષ્ય સ્વભાવના સાધારણ નિયમ પ્રમાણે લેખકના વિષયથી વિમુખ થઈને વાચક લેખકનીજ તરફ ટીકાકાર બનવાનું કામ શરૂ કરે છે બીજી બાબત અશિષ્ટ ભાષાનો ત્યાગ કરવાની છે યાદ રાખવુ જોઈએ કે ભવાઈ ને હાસ્યરસ વચ્ચે ઘણું અન્તર છે, અને જો કે હાસ્યરસ આણવાને થોડીઘણી છૂટો લેવી પડે છે તોએ તેને હદ હોય છે. અશ્લીલ શબ્દો ને અશિષ્ટ ભાષામાં રસ લેનાર માણસ મનસ્વિક અધોગતિ પ્રાપ્ત કરે છે, ને ધીમે ધીમે તેના નીતિના વિચારો દૂષિત થાય છે. ત્રીજી બાબત અગત હુમલાઓ નહિ કરવા વિષેની છે. આ બાબત સ્પષ્ટ છે: તેના પર લક્ષ નહિ આપવાથી દ્વેષબુદ્ધિની વૃદ્ધિ થાય છે.

અવતરણોમાં ચોરીઓ.

સાહિત્યમાં નીતિની ભાવના અવતરણો કે ઉલ્લેખો આપવાની બાબત

તમા જાગ્રત રહેવી જોઈએ ગમે તેમ પણ કેટલાકોનુ એવુ માનવુ છે કે અન્યના શબ્દ કે અન્યના લેખોનો ઉપયોગ કરવો એમા નાનમ છે, અને અવતરણ આપવુ તે બુદ્ધિની જાણે અધમતા કબૂલ કર્યા સમાન છે આવા વિચારથી સાહિત્યમા જાતજાતની ચોરીઓ થતી જોવામાં આવે છે પ્રથમ તો અન્યના લખાણનો ઉપયોગ કરવો એ બુદ્ધિની જડતા કે અધમતા દાખવે છે એ વિચારજ ભૂલ ભરેલો છે જ્યારે અમુક વિચારો ઉત્તમ ભાષામા અન્ય સ્થળે મુકાયા હોય ત્યારે તેનો ઉપયોગ ન કરવો એજ બુદ્ધિની જડતા છે " He that borrows the aid of an equal understanding ", said Burke, " doubles his own, he that uses that of a superior, elevates his own to the stature of that he contemplates "–"જે માણસ પોતાના સમાન બુદ્ધિવાળાની મદદ લે છે તે પોતાની બુદ્ધિ દ્વિગુણ બનાવે છે, જે પોતાથી ઉચ્ચતર બુદ્ધિવાળાની મદદ લે છે તે પોતાની બુદ્ધિને તેટલી ઉચ્ચતર બનાવે છે." વળી અવતરણ આપવુ ને પ્રામાણિ-પણે બીજાની મહેનતનો લાભ લેવો તે એક જાતની માનસિક ઉદારતા બતાવી આપે છે ઇમિસન કહે છે તેમ -" The borrowing is often honest enough and comes of magnanimity and stoutness A great man quotes bravely and will not draw on his invention when his memory served him with a word as good. "–'બીજાના વિચારોની મદદ લેવી તે ઘણા વાર તદ્દન પ્રામાણિક કામ છે ને તે ઉદારતા ને હિમતથી ઉદ્ભવે છે મહાપુરુષ ખુલ્લી રીતે આની મદદ લે છે અને પોતાની સ્મરણશક્તિમાથી જ્યારે એટલોજ સારો શબ્દ નીકળી શકતો હોય છે ત્યારે નવો શબ્દ ગોઘવાની તસ્દી નહિ લે" તે ઉપરાત અન્ય લેખકોના સારા વિચારોની મદદ લેવી ને તેનો ફરીથી ઉપયોગ કરવો, તે સાહિત્યને પણ લાભકારક છે કોઈ પણ ઉત્તમ વિચાર જેને પ્રથમ સૂઝ્યો હોય તે તો સ્તુત્ય છેજ, પણ તેથી ઉતરતે નમરે તે વિચારની કદર કરી તેને સાહિત્યમા ફરીથી વાપરનાર ને એની રીતે અમર બનાવનાર માણસ આવે છે ઉત્તમ પુસ્તકો ઘણાએ વાચકો વાચે છે ને આનન્દ મેળવીને કૃતકૃત્ય થાય છે વાચકવર્ગમાનો એકાદ માણસ એકાદ ઉત્તમ પંક્તિ કે ફકરો પોતાના લખાણ કે સભાષણમાં વાપરે છે, ને તે

લીટી કે ફકરાની સુંદરતા ખુબી રીતે કબૂલ કરે છે જો તે લીટી કે ફકરો ખરેખરો સુંદર હશે તો તેનો સર્વ કોઈ ત્યાર પછી ફરી ફરીને ઉપયોગ કરવા મંડી પડશે, પણ ત્યાર પછીજ, અને તેટલાજ માટે પ્રથમ અવતરણ આપનાર માણસ સાહિત્યની અગત્યની સેવા કરે છે "Next to the origina'or of a good sentence is the first quoter of it. Many will read the book before one ever thinks of quoting a passage As s on as he has done this, that line will be quoted east and west."

આવી રીતે અવતરણોથી સાહિત્યમા સગીન ઉમેરો કરી શકાય છે, અને અવતરણ આપનાર લેખકોએ ખુબી રીતે પોતાનું દેવું કબૂલ કરવુ જોઈએ પણ ઘણી વાર આપણા સાહિત્યમા આપણે એવુ જોઈએ છીએ કે લેખક અન્યના વિચારો લગભગ તેનાજ શબ્દોમા વાચકસમક્ષ રજુ કરે છે ને તે અન્યના છે એમ કહેવાની તે તસ્દી પણ લેતો નથી. કેટલીક વાર અંગ્રેજી કે સંસ્કૃત ભાષામાથી એકાદ વાર્તા, ફકરો, કે કવિતા લઈ તેનું ભાષાન્તર કરી પોતાનામા પણ સ્વતંત્ર બુદ્ધિ છે ને તેનો પોતે ઉપયોગ કર્યો છે એમ બતાવવાના હેતુથી લેખને મથાળે લેખક "અંગ્રેજી ઉપરથી" કે "સંસ્કૃત ઉપરથી" એવુ લખીને સંતુષ્ટ થાય છે. અનબત તે કદાચ તેટલુએ ન લખે તો તેના પર કોઈની સત્તા નથી, છતા પોતાના અંતઃકરણમા એક ખૂણે પણ થતો ક્ષોભ અટકાવવાના હેતુથી આ રીતે દેવુ કેઈક સ્વીકારવામા આવે છે તરુણ લેખકોને પોતાની Originality અથવા ઉત્સર્ગશક્તિ કે બુદ્ધિની સ્વતંત્રતા જાળવવાની ખાસ ઉમેદ હોય છે, કારણ કે નવાસવા હોવાથી તેમને અમુક પ્રકારની ખ્યાતિ મેળવવાની હોય છે આ ઉત્સાહને પરિણામે ભલેવાચૂકયા કોઈકજ નવીન લેખકો પોતાનુ દેવુ સ્વીકારે છે દેવુ નહિ સ્વીકારી સાહિત્યના દિવ્ય મંદિરમાની પ્રખ્યાત મૂર્તિઓના મોઘેરા જવાહીરોની ચોરી કરનારાઓ બિચારા ભૂલી જાય છે કે તેમની પાછળ ડિટેક્ટિવો—છૂપી શોધ કરનારાઓ હમેશ ફરતાજ હોય છે ને તેઓ બાઝેજ તેમને બચવા દે છે. અપ્રામાણિકપણું થાય છે ને તેનું ફળ કઈ ભોગવી શકાતું નથી એ અપ્રામાણિકપણાની લાલચથી સાહિત્યની અવનતિ થાય છે, ને એ અપ્રામાણિકપણુ જેટલે અંશે ફાવે છે તેટલે અંશે બુદ્ધિનું દાસત્વ પણ વધે છે.

ઉપલા નિયમને કેટલીક વાર અપવાદ હોય છે ઈમર્સન કહે છે તેમ All minds quote, અને જે નવુ દેખાય છે તે નવા સ્વરૂપમાજ જૂનું હોય છે. તદ્દન નવુ દુનિયામા ભાગ્યેજ કઈ હોય છે પણ મોટા લેખકોના દેવા જુદા પ્રકારના હોય છે. તેઓ કદાપિ અન્યના વિચારો વાપરે છે તોએ તેમા નવીનતાના અંશ એવા સ્વરૂપમા મૂકી દે છે કે તેથી જૂના વિચારોમાં જાણે નવુજ ચેતન આવે છે અને તેથી તેમને વિષે આપણી પૂજ્ય બુદ્ધિ જરાએ સ્ખલિત થવા પામતી નથી " When Shakespeare is charged w th debts to his author, Landor replies. 'Yet he was more original than his originals. He breathed upon dead bodies and brought them into life "—"જ્યારે શેક્સપીઅર મૂળ લેખકોના દેવામા છે એમ તેને વિષે આરોપ થાય છે ત્યારે લેન્ડોર ઉત્તર આપે છે કે તેમ છતા મૂળ લેખકોના કરતા પણ એનામા વધારે ઉત્સર્ગશક્તિ હતી મૃત શરીરો પર પાણી છાટી એણે તેમતામા ચેતન મૂક્યુ " આવીજ રીતે કાલિદાસ કે બીજા કોઈ પણ મોટા લેખકને વિષે કહી શકાય કાલિદાસના નાટકોનુ વસ્તુ પણ અન્ય સ્થળોએ જોવામા આવશે, છતા કાલિદાસની ખુબી તે તો તેની પોતાનીજ છે પ્રેમાનદના આખ્યાનો પણ તેનાં પોતાની સત્યશક્તિથી બનાવેલા નથી. છતા તેમા જે ખુબી આવી છે તેનુ કારણ તો પ્રેમાનદનીજ કલમ છે, નહિ કે મૂળ વસ્તુ. (અપૂર્ણ)

હાસ્યરસ.

(ચોથી સાહિત્યપરિષદમા વાચેલો નિબંધ)

(ચાલુ પુ. ૫૧ પૃ. ૨૫૩ થી.)

(રા. રા મો. પા. દવે, એમ. એ. એલ્એલ્ બી.)

બીજું ઉદાહરણ આપણે ગોલ્ડસ્મિથના " She Stoops to Conquer " માથી લઈશુ મિસ હાર્ડકેસલની સાથે મિસ્ટર હેસ્ટિંગ્સ પોતાના શરમાળ મિત્ર મિસ્ટર માર્લોની ઓળખાણ કરાવે છેઃ—

હેસ્ટિંગ્સ—મિસ હાર્ડકેસલ, મિસ્ટર માર્લો. પિછાન થતાં ને વાર એક-

બીજા તરફ માનની લાગણીથી જોઈ શકે એવાં બે ગુણવાન માણસોને એકબીજાની સાથે ઓળખાણ કરાવતાં મને ઘણો આનન્દ થાય છે.

મિસ હાર્ડકેસલ—(સ્વગત) હવે ઠાવકા ડુમકાં બની જઈને આપણા શરમાળ સદ્ગૃહસ્થનો બગબર એનીજ રીત પ્રમાણે સત્કાર કરવાને તૈયાર થઈ જઈએ (લણનાર શાન્તિ રહે છે તે દર મ્યાન મિસ્ટર માર્લો ઘણા અસ્વસ્થ અને ગુચવાયલા જણાય છે). સાહેબ, તમે સહીસલામત આવી પહોંચ્યા તે જોઈને મને ઘણોજ આનન્દ થયો છે મેં સાભળ્યુ કે રસ્તામા તમને કેટલીક અડચણ પડી હતી ?

મિસ્ટર માર્લો—નહિ, બહુ અડચણ નથી પડી હા, કેટલીક પડી હતી ખરી. હા, ઘણી પડી હતી. દિલગિરી-નહિ-આનન્દ એટલો થાય છે કે એ સઘળી અડચણોનો અન્ત આવો સારો આવ્યો. ઉહુ !

હોર્સ્ટિન્સ (માર્લોને)—જિંદગીમા તુ કોઈ દહાડો આવું સારૂ નથી બોલ્યો, એજ પ્રમાણે ચલાવ્યો જજે, એટલે તારૂ કામ ફતેહ

મિસ હાર્ડકેસલ—સાહેબ, તમે તો અમસ્યુ મને સારૂ લગાડવાને કહેતા હો એમ જણાય છે. તમે સારા સારા લોકમા ફરેલા તેને આ ગામડાના એક ખૂણામાં તે કયાથી આનન્દ મળી શકે ?

માર્લો (હિમત રાખીને)—હાજી, હુ દુનિયામા ફર્યો છ હર્યો છ ખરો; પણ બહુ માણસોના પરિચયમા આવવાની દરકાર મેં નથી રાખી. બીજાઓ દુનિયાની મઝા મેળવતા હોય ત્યારે તેનું આઘા રહીને અવલોકન કરવુ એવીજ રીત મેં રાખી છે.

મિસ હાર્ડકેસલ—પણ કહે છેની કે દુનિયાની મઝા મેળવવાનો ખરે-ખરો રસ્તો એજ છે ?

હોર્સ્ટિન્સ (માર્લોને)—સિમેરો આના કરતા વધારે સારૂ નથી બોલ્યો. એક વાર ફરીથી; એટલે તારો બેડો પાર.

માર્લો (હોર્સ્ટિન્સને)—ઉહુ ! ત્યારે તુ મારી પાસે ઉભો રહે, અને હુ ગુચવાઉ એટલે એક બે શબ્દ વચમાં બોલજે, કે મારૂ ગાડું અટકી ન પડે.

મિસ હાર્ડકેસલ—મને લાગે છે કે આપની પેઠે દુનિયાનું જેઓ આવેથીજ અવલોકન કરતા હોય તેઓને ઘણી વાતનો અસન્તોષ થતો હશે, કારણ કે દુનિયામાં પોતાને પસંદ ન પડે એવું ઘણું તેઓના જોવામાં આવતું હશે.

માર્લો—નાજી, મારે એમ નથી હું તો હમેશાં આનન્દ પામવાનેજ ઉત્સુક રહું છું. ઘણાખરાં માણસોની મૂર્ખાઈ સન્તાપના કરતાં ઉપહાસને પાત્ર વધારે હોય છે.

હેસ્ટિંગ્સ (માર્લોને)—શાબાસ, શાબાસ! તારી આખી જિંદગીમાં તું આવું સરસ કોઈ દિવસ નથી બોલ્યો વારૂ, મિસ હાર્ડકેસલ, મને લાગે છે કે તમને અને મિસ્ટર માર્લોને વાતચીતનો આનન્દ હીક મળશે. હું ધારૂં છું કે અમે અહિં હોઈશું તો તમારી વાતચીતમા નકામા ગુયવણરૂપ થઈ પડીશું.

માર્લો—નહિ રે, મિસ્ટર હેસ્ટિંગ્સ, જરાએ નહિ. તમારી કંપનિ તો અમને ઘણીજ ગમે છે. (હેસ્ટિંગ્સને) જૉર્જ, તું સમાવજે હો! અમને એકલાં મૂકીને તારાથી જવાયજ કેમ?

હેસ્ટિંગ્સ—અમારી હાજરીમા વાતચીત કરવી તમને બરાબર નહિ ફાવે, માટે અમે જોડેના રૂમમા જઈશું. (માર્લોને) ભલા માણસ, તું વિચાર નથી કરતો કે અમારે પણ અમારી પેતાની કંઈ પચાત હોય કે નહિ? (જાય છે).

મિસ હાર્ડકેસલ (થોડીક વાર રહીને)—પણ હું ધારૂં છું કે તમારો સઘળો વખત દુનિયાનું દૂરથીજ અવલોકન કરવામા નહિ ગયો હોય હું ધારૂં છું કે સ્ત્રીઓનું સન્માન કરવામા પણ તમારો કેટલોક વખત રોકાયો હશે.

માર્લો (પાછો ગમગીન જઈને)—નાજી, અત્યાર સુધી તો મેં-મેં-મેં-તેઓની-પ્રીતિને-અ-પાત્ર થવાનોજ પ્રયત્ન કર્યો છે.

મિસ હાર્ડકેસલ—પણ કેટલાક કહે છે કે એવો પ્રયત્ન કરવો એ તો એ પ્રીતિ મેળવવાનો સૌથી નાનો રસ્તો છે.

માર્લો—કદાચ એમ હશે પણ સ્ત્રીજાતિમા જેઓ વધારે હરેલ અને

ઠાવકા હોય તેઓની સાથેજ વાતચીત કરવાનુ મને પસદ છે પણ મને લાગે છે કે હું હવે તમને કટાળો આપનારો થઈ પડુ છુ.

મિસ હાર્ડકેસલ—નહિજી, જરાએ નહિ ઠાવકી રીતે વાતચીત કરવાનું મને ઘણુજ ગમે છે એવી વાતચીત સાભળતા હુ કદી કટાળતીજ નથી ખરેખર, મને કટલીક વાર બહુ નવાઈ લાગે છે કે જે હૃદય સુધી પહોચતી ન હોય એવી ખાલી ગમ્મતોમાં કોઈ પણ વિચારશીલ માણસને કેમ રસ પડતો હશે ?

માર્લો—એ-એ-એક જાતનો વ્યાધિ છે-મનનો જગત્મા ભિન્ન ભિન્ન રુચિના માણસો હોય છે તેમા કેટલાકને એવુ હોય કે-અ-જે-અ-

મિસ હાર્ડકેસલ—હું તમારા કહેવાનો ભાવાર્થ સમજી જગત્મા કેટલાક એવા હોયજ કે જેઓ વધારે ઉંચા પ્રકારના આનન્દોનો ઉપભોગ ન કરી શકે, અને તેથી જે આનન્દ પોતાને ન મળી શકે તેના તરફ તેઓ તિરસ્કાર બતાવે એવુ ઘણી વાર બને છે.

માર્લો—હું એજ કહેવા માગતો હતો પણ મારા કરતા તમે તે ઘણી સારી રીતે કહી બતાવ્યુ અને મારે કહ્યા વગર નથી ચાલતુ કે-જે છે તે-અ-

મિસ હાર્ડકેસલ—(સ્વગત) આ માણસ કોઈ કોઈ વખતે ધૃષ્ટ થતો હશે એ વાત કોણ માની શકે ? (માર્લોને) તમે, સાહેબ ! એવુ કહેવા જતા હતા કે—

માર્લો—હા, હું એમ કહેવા જતો હતો કે-કે—ખરેખર, હુ શુ કહેવા જતો હતો તે હવે મને યાદ આવતુ નથી

મિસ હાર્ડકેસલ—(સ્વગત) ને મને પણ કયા યાદ છે ? (માર્લોને) તમે, સાહેબ, કઈ એવુ કહેવા જતા હતા કે આ દભી દુનિયામા-કપટ દભ વિષે તમે બોલતા હતા

માર્લો—હા, આ દભી દુનિયામા એવા કોઈકજ હોય છે કે જેઓના સબન્ધમા ચોક્કસ તપાસ કરતા-છે તે-છે તે-છે તે-

મિસ હાર્ડકેસલ—હું તમારા કહેવાનો ભાવાર્થ બરાબર સમજી છુ, સાહેબ.

માર્લો—(સ્વગત) ખરેખર ! મારા કહેવાનો ભાવાર્થ હુ પોતે તો સમજતો નથી !

કોને શિક્ષણ આપનાર 'શિક્ષક' છે. શિક્ષકના સમાગમથીજ શાળામાં બાળકને જ્ઞાન મળતું હોવાથી એક રીતે વિચાર કરી જોતા શિક્ષકની અસર પણ એક પ્રકારના મિત્ર જેવીજ કહી શકાય. તફાવત એટલોજ છે કે સાધારણ રીતે ઓળખાતો મિત્ર પોતાના વિચારો અને વર્તનનું અનુકરણ કરવાનું આપણને કેટલીક વાર સીધી રીતે સૂચન કરતો નથી તેમ તેવું કરાવવાને આગ્રહ કરવાનો અધિકાર પણ ધરાવતો નથી. ગુરુકે શિક્ષકનું પદ નિષ્ય કરતા ઉચ્ચતર હોવાથી પોતે જે વિચારો કે વર્તન દર્શાવે તેનો, તેમજ જે અને જેવું તથા જેટલું જ્ઞાનનું શિક્ષણ આપે તે અને તેવા અને તેટલા જ્ઞાનનો, સ્વીકાર બાળક પાસે તે પોતાની અધિકારવાળી પદવીની રુએ કેટલીકવાર આગ્રહપૂર્વક કરાવે છે, અમર શિષ્ય તેનો ધડો લે છે આ કારણથી શિક્ષક પાસેથી જે જ્ઞાન બાળકને મળે છે તેની સારાસારતાનો આધાર શિક્ષકના સ્વભાવ, આચાર-વિચાર કે વર્તન ઉપર બહુધા રહેલો છે, અને એટલાજ કારણથી શિક્ષક એ જ્ઞાનની પ્રાપ્તિના વિષયમા એક ગભીર અને અગત્યનું સ્થાન ભોગવે છે. શ્રીમચ્છંકરાચાર્યે પોતાના એક પુસ્તકમા ગુરુમહિમા ગાતા કહ્યું છે કે —

दृष्टान्तो नैव दृष्टस्त्रिभुवनजठरे सद्गुरोर्ज्ञानदातुः
स्पर्शश्चेत्तत्र कल्प्यः स नयति यदहो स्वर्णतामश्मसारम् ।
न स्पर्शत्वं तथापि श्रितचरणयुगे सद्गुरुः स्वीयशिष्ये
स्वीयं साम्यं विधत्ते भवति निरुपमस्तेन वा लौकिकोऽपि॥

અર્થાત્—"આ ત્રિભુવનના જઠરમા સદ્ગુરુ કે જે પુરુષાર્થ પૈકી પરમ જે મોક્ષ તેનું સાધન જે જ્ઞાન તેનો આપનાર છે તેની કોઈની સાથે ઉપમા સરખી પણ થઈ શકે તેમ નથી, કારણ કે સ્પર્શમણિ કે જેની સાથે તે અમુક અંશે સામ્ય ધરાવે છે તે લોહને સ્પર્શ વડે સુવર્ણ બનાવી દે છે એ વાત ખરી પણ સુવર્ણ બનાવ્યા પછી તે સુવર્ણતા પામેલા લોહમા અન્ય લોહને સુવર્ણ બનાવવાનો ગુણ અર્પી દેતો નથી, ત્યારે બીજી તરફ સદ્ગુરુ તો પોતાના ચરણસમીપ બેસીને જ્ઞાનનું શિક્ષણ લેતા શિષ્યમાં-વગર સ્પર્શે-પોતાના જેવા જ્ઞાનના સંસ્કારો રેડે છે; અને તેને પોતાના જેવો, બલ્કે કેટલીક વાર પોતાનાથી પણ અધિક, નિપુણ ગુરુ બનાવે છે અને તે નવો બનેલો ગુરુ પોતાના શિષ્યને અન્યને પોતાના જેવા બનાવી દેવાનું ચાતુર્ય

ધરાવેકો તેથી સ્પર્શમણિની સાથે પુરેપુરુ સામ્ય શિક્ષક ધરાવતો નહિ હોવાથી તેની ઉપમિતિ બનતી નથી" વળી 'શિક્ષક' શબ્દ સ 'शक्' એટલે 'શકતુ' એ ધાતુ ઉપરથી સાધિત થયલો માનીએ તોપણ તેથી શિક્ષકના વિચારબળની આપણને વિશેષ પ્રતીતિ થાય છે શિક્ષક પોતાના જ્ઞાનની પ્રભુતાથી પોતાના શિષ્યના મનોરાજ્યમાં જ્ઞાનની રેનછેલ રેડીને તેને જ્ઞાની-જ્ઞાનની પ્રભુનાવાળો-તેથીજ અગાધ કે અપાર શક્તિમાન્ બનાવે છે આ કારણથી ગુરુપદ કાંઈ ઓછુ ગંભીર-ઓછુ જવાબદારીવાળુ-નથી આપણા ગુજરાતના સદ્ગત સાક્ષર અને વિદ્વદ્રત્ન નવલરામભાઈએ પણ શિક્ષકનું મહત્ત્વ કે મોટાઈ નીચે પ્રમાણે વર્ણવી છે –

" મે'તાજી, બહુ મોટુ તુજ નામ તેમ છે કામ,
કર ખને મન ક્ષેત્રની ખરી ખેતી ધરી હામ "

પોતાના હાથ નીચે સોંપેલાં નાની વયનાં, અજ્ઞાત, નિરપરાધી, અને નિષ્કપટી બાલકોને શિક્ષક તેમની જિજ્ઞાસા સફલ કે તૃપ્ત કરવાના હેતુથી, તેમની નાના પ્રકારની શકાઓ તથા વિટંબનાઓ દૂર કરીને, તેમની સમક્ષ જ્ઞાનના અખૂટ ભંડારના દ્વાર ખુલ્લા મૂકીને, તેમના પોતાના મનની અંદર કાંઈ કાંઈ અવર્ણનીય આનંદોર્મિઓ અનુભવતા બનાવે છે-આવુ શિક્ષકનું કર્તવ્ય શુ ઓછુ આહ્લાદજનક છે ? ઓછુ ગર્વાસ્પદ છે ? ઓછુ સંતોષપ્રદ છે ? મોટી વયે પ્રાપ્ત કરેલુ અધિક જ્ઞાન વા ઉચ્ચ પદ, બાલ્યાવસ્થામા ગુરુજી પાસેથી અદલુ કરેલા શિક્ષણનોજ પ્રતાપ હતો એવુ કબૂલ કરનાર કેટલા બધા મનુષ્યોના ઉપકારના ઉદ્ગારોનું અને આશીર્વાદોનું પાત્ર, હે શિક્ષકો, તમે બનો છો ! તમારી કૃતકૃત્યતાનુ આથી બીજુ કયુ લક્ષણ સંભવે*?

શિક્ષકોનો મહિમા તો બાલકોને સત્ય જ્ઞાન આપીને તેમને સદ્વર્તન શાળી બનાવીને તેમના આત્માનું કલ્યાણ ઇચ્છવામાજ સમન્વિત થયલો છે.

શાળામા શિક્ષક બાલકોને પોતાના આચારવિચારો દર્શાવીને પ્રત્યક્ષ કે સીધી રીતે જ્ઞાનનું શિક્ષણ આપે છે પરતુ આ ઉપરાન્ત બાળક પરોક્ષ કે આડકતરી રીતે પણ જ્ઞાન મેળવે છે ને તે પુસ્તકદ્વારા આ કારણથી

---

*" Helping people to think, feel, and act aright is the noblest task in the world "

(એક અંગ્રેજી માસિક પત્રમાથી)

શ્રૂઓમાં અને પાઠશાળાઓમાં દાખલ કરવા આવશ્યક છે ? તેમાંથી કઇ કઈ જાતની કેળવણીને પ્રધાન સ્થાન આપવુ ? અને કઈ જાતની કેળવણીને ગૌણ સ્થાન આપવુ ? વગેરે પ્રશ્નો ઘણા વિકટ છે અને તે વિષે વિવેચન કરવા જતા ઘણુંજ લંબાણ થાય તેમ છે તેથી તેમ કરવુ અન્ય પ્રસંગને માટે મોકુફ રાખવું મને યોગ્ય લાગે છે. આ નિબન્ધ ઈંગ્લંડના વિદ્વાન તત્ત્વચિંતક મી. હર્બર્ટ સ્પેન્સરનું વાક્ય ટાંકીને હું સમાપ્ત કરીશ. તેમણે પોતાના એક પુસ્તકમાં એક સ્થળે લખ્યુ છે કે. " In what way to treat the body, in what way to trent the mind, in what way to manage our affairs, in what way to bring up a family, in what way to behave as a citizen, in what way to utilize those sources of happiness, which nature supplies—*how to use all our faculties to the greatest advantage* of ourselves and others—how to live completely ? And this being the great thing, needful *for us to learn, is, by consequence, the great thing* which education has to teach. To prepare us for complete living is the function which education has to discharge. " *H. Spencer.*

(ભાવાર્થ) "આપણું શરીર કેવી રીતે સંભાળવુ, મન કેવી રીતે કેળવવુ, આપણાં વ્યાવહારિક કાર્યો કેવી રીતે કરવાં, કુટુંબ કેવી રીતે કેળવવુ, દેશજન તરીકેની આપણી સઘળી ફરજો કેવી રીતે અદા કરવી, કુદરતે આપેલા આપણા સુખના સાધનો આપણે કેવી રીતે ઉપયોગમાં લેવાં—આપણને અને અન્યને જેથી વધારેમાં વધારે લાભ મળે તે પ્રમાણે આપણી સર્વ ઇન્દ્રિયો કેળવવી—(ટુંકામા) સપૂર્ણ રીતે જીવન કેવી રીતે ગાળવુ ?—એ વસ્તુ જે આપણને સર્વને જાણવા માટે અતિ અગત્યની છે તે શિક્ષણ-કેળવણી-દ્વારા આપણે શીખવી જોઈએ. સપૂર્ણ રીતે જીવન નિર્ગમન કરવા માટે આપણને સજ્જ કરવા—આપણામાં બળ પ્રેરવું—એ શિક્ષણનો-કેળવણીનો-એક (અતિમ-મુખ્ય) ઉદ્દેશ હોવો જોઈએ " હર્બર્ટ સ્પેન્સર.

સંગીતવિષય.

(ચાલુ પુસ્તક ૫૧ ના પૃષ્ઠ ૨૬૧ થી).

(શાંતિથી ગાવું).

પક્ષસરરચના	હા	લ	ર	કું	વ	હા	હું	રે,	હો	ભા	ધ	ને
માત્રા ૪	ऽ	|	|	ऽ	|	|	|	⌊	‿|	|	|	ऽ
મધ્ય વિલંબિત	सा	ग	म	प	ध	प	ध	सां,	ध	ध	प	म
ગતિ.												

હા	લ	ર	કું	વ	હા	હું	-	-
ऽ	|	|	ऽ	|	|	ऽऽ	ऽ	ऽ
प	म	ग	सा	रि	ग,	सा	सा	.

ગી	તે	ધું	મ	લુ	ધા	હું	રે,	ભા	ધ	ને
ऽ	ऽ	ऽ	|	|	|	ऽ	‿‿	|	|	ऽ
सा	गम	प	ध	प	ध	सां	ध,	ध	प	म

હા	લ	ર	કું	વ	હા	હું	.	.
ऽ	|	|	ऽ	|	|	ऽऽ	|	|
प	म	ग	सा	रि	ग	सा	सां	

રૂ	ગી	ત	પા	ર	લુ	પો	ઢો	રે	સી	લા
|	ऽ	|	⌊	‿	ऽ	|	ऽ	|	ऽ	ऽ
सं	सां	नि	धा	प	म	प	प	प	धा	नी

---

* \| = ૧ માત્રા ; ऽ = ૨ માત્રા; ऽ' = ૩ માત્રા ; ⌉ = સ્વર, જ્યાં કે શબ્દ બીજા સ્તંભમાં ચાલુ છે એ બતાવનાર; -गा = કોમળ गा ; नी, = મન્દ્ર नी ; ⌉⌉ = ગીત પૂરું; ‿ = અર્ધમાત્રા.

સ્કૂલોમાં અને પાઠશાળાઓમાં દાખલ કરવા આવશ્યક છે ? તેમાંથી કઇ કઇ જાતની કેળવણીને પ્રધાન સ્થાન આપવું ? અને કઇ જાતની કેળવણીને ગૌણ સ્થાન આપવું ? વગેરે પ્રશ્નો ઘણા વિકટ છે અને તે વિષે વિવેચન કરવા જતા ઘણુંજ લંબાણ થાય તેમ છે તેથી તેમ કરવુ અન્ય પ્રસંગને માટે મોકુફ રાખવું મને યોગ્ય લાગે છે. આ નિબન્ધ ઇંગ્લંડના વિદ્વાન તત્વચિંતક મી. હર્બર્ટ સ્પેન્સરનું વાક્ય ટાંકીને હું સમાપ્ત કરીશ. તેમણે પોતાના એક પુસ્તકમા એક સ્થળે લખ્યું છે કે. " In what way to treat the body, in what way to treat the mind, in what way to manage our affairs, in what way to bring up a family, in what way to behave as a citizen, in what way to utilize those sources of happiness, which nature supplies—how to use all our faculties to the greatest advantage of ourselves and others—how to live completely ? And this being the great thing, needful for us to learn, is, by consequence, the great thing which education has to teach. To prepare us for complete living is the function which education has to discharge. " *H. Spencer.*

(ભાવાર્થ) "આપણું શરીર કેવી રીતે સંભાળવુ, મન કેવી રીતે કેળવવું, આપણા વ્યાવહારિક કાર્યો કેવી રીતે કરવાં, કુટુંબ કેવી રીતે ચલાવવું, દેશજન તરીકેની આપણી સઘળી ફરજો કેવી રીતે અદા કરવી, કુદરતે આપેલા આપણા સુખના સાધનો આપણે કેવી રીતે ઉપયોગમાં લેવાં—આપણને અને અન્યને જેથી વધારેમાં વધારે લાભ મળે તે પ્રમાણે આપણી સર્વ ઇન્દ્રિયો કેળવવી—(ટુંકામાં) સંપૂર્ણ રીતે જીવન કેવી રીતે ગાળવું ?—આ વસ્તુ જે આપણને સર્વને જાણવા માટે અતિ અગત્યની છે તે શિક્ષણ-કેળવણી-દ્વારા આપણે શીખવી જોઇએ સંપૂર્ણ રીતે જીવન નિર્ગમન કરવા માટે આપણને સજ્જ કરવા—આપણામાં બળ પ્રેરવું—એ શિક્ષણનો—કેળવણીનો—એક (અંતિમ-મુખ્ય) ઉદ્દેશ હોવો જોઇએ " હર્બર્ટ સ્પેન્સર.

મદ્દ

વા ણું	વા મું	વી તી	ચ
ऽ |	ऽ |	ऽ |	ऽ |
-ધા પ	-ધપ ધ	ની નિ	સા' સ'

ઘન

પૂ વેં	થ યો	ઝ ગ ઝ	ગા ટ ,
ऽ |	| ऽ	| | |	ऽ ~ ~
ની નિ	સં રી'	નિ સ' નિ	-ધા પ ,

મદ્દ

રં ગ	દી સે	ભા ત	ભા ત	ઝા ડ	પા ન	ડો	લે ,
ऽ |	| ऽ	ऽ |	ऽ |	ऽ |	ऽ |	|ऽ	ऽ |
નિ સ' સ'	નિ-ધ પ	-ધા-ધ	પ પ	મ ગ	મ ગ મ	ગ-રી	સા .

સ્પષ્ટ

જા ગ	મુ જ	બ્હા લાં	બા ળ
ऽ |	ऽ |	ऽ |	ऽ |
ગા મ	પ પ	-ધા -ધ	પ પ

ઘન

પ ખી	. વ ન	બો	લે .
ऽ |	| | |	|ऽ	ऽ |
મ ગ	-રિ ગ મ	ગ -રી	સા .

મદ્દ=થોડા બળવાળા અવાજથી ગાવુ, સ્પષ્ટ=બળયુક્ત અવાજથી ગાવું; ઘન=વધારે બળયુક્ત અવાજથી ગાવુ

* \| = ૧ માત્રા, ऽ = ૨ માત્રા; ऽ́ = ૩ માત્રા; ⌒ = સ્વર, વધુ ૬ શબ્દ બીજા સ્તંભમાં ગાવુ છે એ બતાવનાર, -ગા = કોમળ ગા; ની, = મન્દ્ર ની; ⌒ = ગીત પૂર્ણ; ~ = અર્ધમાત્રા.

માત્રા	ધ્રુજે ને		સં ગ, ર	–ગ ગધુ	તે વો	ગે શે	,
મધ્ય	ऽ ऽ	ऽ ऽ	ऽ | |	|| ||	ऽ ऽ	ऽ |	
ગતિ	सा रि	म प	सां सं-नि	धप मप	धा म	मग री	,

જે ને	જે વો	સં ગ, રે	–મ ધધુ	તે વો	ચે સે	,
ऽ ऽ	ऽ ऽ	ऽ | |	||||	ऽ ऽ	ऽ |	
सा री	म प	सां सं-नि	धप मप	धा म	मग री	,

જે ને	જે વો	સ ગ, ઠા	.. મ તે	વાં તે	ઠ ર શે	,
ऽ ऽ	ऽ ऽ	ऽ | |	| | ऽ	ऽ ऽ	|||	
सा री	म प	नीनि सं	सं सं सां	रिं-गं रीं	निनि सां	,

જે ને	જે વો	સં ગ, ઠા	.. મ તે	વે જઈ	ઠ ર શે	,
ऽ ऽ	ऽ ऽ	ऽ | |	| | ऽ	ऽ ||	|||	
-नी -नी	-निध-नी	सां सं-नि	ध प म	प धप	म ग री	,

ર ડે સ	ગે ર	ગે થ શે	,
| ऽ |	ऽ ऽ	ऽ | |	ऽ' |
रि री रि	म म	प म प	प ,

શુ રે સ	ગે શુ	શે ધ ને	.. ,
| ऽ |	ऽ ऽ	ऽ | |	ऽ' |
म म म	प धा	म ग री	री ;

---

* \| = ૧ માત્રા; ऽ = ૨ માત્રા; ऽ' = ૩ માત્રા; ⌒ = સ્વર, વર્ણ કે શબ્દ બીજા સ્તંભમાં આવે છે એ બતાવનાર; –गा = ક્રોમળ गा; नीं = મન્દ્ર नी; ‖ = ગીત પૂરું; ~ = અર્ધમાત્રા. ✓ = સૂક્ષ્મ વિશ્રામ.

આ રા મ્હે	તા ના	સં ગ થી	.... ;
| ऽ |	ऽ ऽ	ऽ | |	| |
-નિ-ની-નિ	-નિધ -ની	સાં નિ સાં	.. -નિ ધ પ ,

ભા ગ્ય શા	.. ળી વિ	ઘા ભ ણે	.. .
ऽ | |	| | ऽ	ऽ | |	ऽ' |
રિમ મ પ	પ પ ધા	મ ગ રી	રી .

(અપૂર્ણ.)

ગણિત.

લેખક—રામભાઈ કાલિદાસ પટેલ.

(ચાલુ પૃ ૨૨૮ થી)

બે સંખ્યાનો સરવાળો આપ્યો હોય; તો આપેલા સરવાળાના ઘન માંથી આપેલો ઘનનો સરવાળો બાદ કરવો આ બાદબાકીને આપેલા સરવાળાની ત્રણ ગણાઈએ ભાગવા. આ ભાગાકાર તેજ બે સંખ્યાનો ગુણાકાર થશે આ ઉપરથી તેજ બે સંખ્યાઓ કાઢી શકાય.

ઉદા:—બે સંખ્યાના ઘનનો સરવાળો ૪૬૮ છે, અને તેજ બે સંખ્યાનો સરવાળો ૧૨ છે, તો તે બે સંખ્યાઓ કઈ ?

$$\frac{\text{આપેલા સરવાળાનો ઘન} - \text{આપેલો ઘનનો સરવાળો.}}{\text{આપેલો સરવાળો} \times 3}$$

$$= \frac{૧૨^{૩} - ૪૬૮}{૧૨ \times ૩} = \frac{૧૭૨૮ - ૪૬૮}{૩૬} = \frac{૧૨૬૦}{૩૬} =$$

૩૫ તેજ બે સંખ્યાનો ગુણાકાર એ ઉપરથી —

$$\sqrt{\text{આપેલા સરવાળાનો વર્ગ} - \text{આપેલા ગુણાકાર} \times ૪}$$

$$\sqrt{૧૨^{૨} - ૩૫ \times ૪} = \sqrt{૧૪૪ - ૧૪૦} = \sqrt{૪} = ૨,$$

માટે ૨ તેજ બે સંખ્યાની બાદબાકી આ ઉપરથી.—

$\frac{૧૨ + ૨}{૨}$ = ૭ મોટી સખ્યા, અને

$\frac{૧૨ - ૨}{૨}$ = ૫ નાની સખ્યા.

માટે જવાબ. ૭ અને ૫

કારણ—$અ^૩ + બ^૩$ = ૪૬૮ અને અ + બ = ૧૨ આપેલા છે.

અ + બ = ૧૨ એનો ઘન કર્યો

$અ^૩ + ૩ અ બ (અ + બ) + બ^૩$ = ૧૭૨૮ એમાથી

$અ^૩ + બ^૩$ = ૪૬૮. બાદ કર્યા.

૩ અ બ (અ + બ) = ૧૨૬૦. બાદબાકી

આમા અ + બ = ૧૨ આપેલા છે, માટે અ બ × ૩ × ૧૨ = ૧૨૬૦. માટે અ બ = $\frac{૧૨૬૦}{૧૨ \times ૩}$ = ૩૫ તેજ બે સખ્યાનો ગુણાકાર

અથવા બીજી રીતે.—

બે સખ્યાના ઘનનો સરવાળો અને તેજ બે સખ્યાનો સરવાળો આપ્યા હોય, તો આપેલા ઘનના સરવાળાને આપેલા સરવાળાએ ભાગવા. આ ભાગાકાર આપેલા સરવાળાના વર્ગમાથી બાદ કરવો. આ બાદબાકીને ૩ વડે ભાગવાથી તેજ બે સંખ્યાનો ગુણાકાર નીકળશે આ ઉપરથી તેજ બે સખ્યાઓ કાઢી શકાય

ઉપરનુ ઉદાહરણ આ રીતે છોડી જોઈએ —

આપેલો ઘનનો સરવાળો – આપેલો સરવાળો = ૪૬૮ – ૧૨ = ૩૯ ભાગાકાર

$\frac{આપેલા સરવાળાનો વર્ગ — આવેલો ભાગાકાર}{૩}$

= $\frac{૧૨^૨ — ૩૯}{૩}$ = $\frac{૧૪૪ — ૩૯}{૩}$ = $\frac{૧૦૫}{૩}$ = ૩૫. તેજ બે સખ્યાનો ગુણાકાર.

આ ઉપરથી તેજ બે સખ્યાઓ કાઢી શકાય.

કારણ:—$અ^૩ + બ^૩ = (અ + બ) (અ^૨ — અ બ + બ^૨)$ છે. માટે $અ^૩ + બ^૩$ = ૪૬૮ એને અ + બ = ૧૨ વડે ભાગીએ તો

$અ^{૨} - અ ચ + ચ^{૨} = ૩૯$ થાય, $અ + ચ = ૧૨$ એનો વર્ગ $અ^{૨} + ૨ અ ચ + ચ^{૨} = ૧૪૪$ માંથી $અ^{૨} - અ ચ + ચ^{૨} = ૩૯$ બાદ કરીએ તો $૩ અ ચ = ૧૦૫$ રહે છે માટે $અ ચ = ૩૫$. તેજ બે સંખ્યાનો ગુણાકાર

ઉદા:—બે પુસ્તકો છે એક પુસ્તકમા જેટલાં પ્રકરણ છે તેટલાં પાનાં તે પુસ્તકના દરેક પ્રકરણમા છે અને એ પુસ્તકમા જેટલા પ્રકરણ છે તેટલી લીટી એ પુસ્તકના દરેક પાના પર છે, બીજા પુસ્તકના દરેક પ્રકરણમા છે અને એ પુસ્તકના એક પ્રકરણમા જેટલા પાના છે તેટલી લીટી એ પુસ્તકના દરેક પાના પર છે. બન્ને પુસ્તકના મળીને ૫૫ પ્રકરણો છે. ત્યારે દરેક પુસ્તકમા કેટ કેટલા પ્રકરણો હશે ? એક લીટીમા ૧૧ શબ્દો છે.

જવાબ—એકમાં ૩૦ અને બીજામા ૨૫

બે સંખ્યાના ઘનની બાદબાકી અને તેજ બે સંખ્યાની બાદબાકી આપ્યા હોય; તો આપેલી ઘનની બાદબાકીમાંથી આપેલી બાદબાકીનો ઘન બાદ કરવો આવેલી આ બાદબાકીને આપેલી બાદબાકીની ત્રણ ગણાઈએ ભાગવાથી તેજ બે સંખ્યાનો ગુણાકાર નીકળશે આ ઉપરથી તેજ બે સંખ્યા કાઢી શકાય

ઉદા:—બે સંખ્યાના ઘનની બાદબાકી ૨૮૬ છે, અને તેજ બે સંખ્યાની બાદબાકી ૨ છે, તો તે બે સંખ્યાઓ કઈ ?

$$\frac{\text{આપેલી ઘનની બાદબાકી — આપેલી બાદબાકીનો ઘન}}{\text{આપેલી બાદબાકી} \times ૩}$$

$$= \frac{૨૮૬ - ૨^{૩}}{૨ \times ૩} = \frac{૨૮૬ - ૮}{૬} = \frac{૨૮૮}{૬} = ૪૮$$ બે

સંખ્યાનો ગુણાકાર. આ ઉપરથી—

$$\sqrt{\text{આપેલી બાદબાકીનો વર્ગ + આપેલો ગુણાકાર} \times ૪}.$$

$$\sqrt{૨^{૨} + ૪૮ \times ૪} = \sqrt{૪ + ૧૯૨} = \sqrt{૧૯૬} = ૧૪$$

તેજ બે સંખ્યાનો સરવાળો. આ ઉપરથી.—

$\frac{૧૪ + ૨}{૨} = ૮$ મોટી સંખ્યા. અને $\frac{૧૪ - ૨}{૨} = ૬$ નાની સંખ્યા માટે જવાબ — ૮ અને ૬.

કારણ:—$અ^૩ - બ^૩ = ૨૯૬$ અને $અ - બ = ૨$ છે. $અ - બ = ૨$ એનો ઘન કર્યો એટલે $અ^૩ - ૩ અ બ (અ - બ) - બ^૩ = ૮$ થયા.

$અ^૩ \qquad\qquad\qquad\qquad - બ^૩ = ૨૯૬$ — બાંધી.

$અ^૩ - ૩ અ બ (અ - બ) - બ^૩ = ૮$ બાદ કર્યા.

$૩ અ બ (અ - બ) = ૨૮૮$ બાદબાકી.

આમા $અ - બ = ૨$ આપેલા છે.

માટે $અ બ \times ૩ \times ૨ = ૨૮૮$.

માટે $અ બ = \frac{૨૮૮}{૨ \times ૧} = ૪૮$ તેજ બે સંખ્યાનો ગુણાકાર.

અથવા બીજી રીતે—

બે સંખ્યાના ઘનની બાદબાકી અને તેજ બે સંખ્યાની બાદબાકી આપ્યા હોય; તો આપેલી ઘનની બાદબાકીને આપેલી બાદબાકીએ ભાગવા. આ ભાગાકારમાંથી આપેલી બાદબાકીનો વર્ગ બાદ કરવો આવેલી આ બાદબાકીને ૩ વડે ભાગ્યાથી તેજ બે સંખ્યાનો ગુણાકાર નીકળશે. આ ઉપરથી તેજ બે સંખ્યા કાઢી શકાય.

ઉપરનું ઉદાહરણ આ રીતે છોડી જોઈએ:—

આપેલી ઘનની બાદબાકી – આપેલી બાદબાકી $= ૨૯૬ - ૨ =$ ૧૪૮ ભાગાકાર.

$\frac{\text{અવેલો ભાગાકાર — આપેલી બાદબાકીનો વર્ગ}}{૩}$

$= \frac{૧૪૮ - ૨^૨}{૩} = \frac{૧૪૮ - ૪}{૩} = \frac{૧૪૪}{૩} = ૪૮$. તેજ બે સંખ્યાનો ગુણાકાર. આ ઉપરથી તે બે સંખ્યાઓ કાઢી શકાય.

કારણ:—$અ^૩ - બ^૩ = (અ - બ)(અ^૨ + અ બ + બ^૨)$ છે. $અ^૩ - બ^૩ = ૨૯૬$ એને $અ - બ = ૨$ વડે ભાગવાથી $અ^૨ +$

$અ ચ + ચ^2 = ૧૪૮$ આવે છે. એમાથી $અ - ચ = ૨$ નો વર્ગ $અ^2 - ૨ અ ચ + ચ^2 = ૪$ બાદ કરવાથી $૩ અ ચ = ૧૪૮$ રહે છે. માટે $અ ચ = ૪૮$

ઉદા—એ ચોરસ ખેતર છે દરેક ખેતરની લંબાઈ પૂર્ણાંક વસા છે પહેલા ખેતરની પહોળાઈ બીજા ખેતરની પહોળાઈ કરતા ૪ વસા વધારે છે દરેક ખેતરમાં એક ચોરસ વસાનો એક એવી રીતે ક્યારા પાડેલા છે. પહેલા ખેતરના દરેક ક્યારામા તે ખેતરની લંબાઈ જેટલા વસા છે તેટલા શેર અનાજ પાક્યુ બીજા ખેતરના દરેક ક્યારામા તે ખેતરની પહોળાઈ જેટલા વસા છે તેટલા શેર અનાજ પાક્યુ બન્ને ખેતરનુ અનાજ સવા રૂપીએ મણ લેખે વેચી દેતા પહેલા ખેતરની ઉપજ બીજા ખેતર કરતા ૧૨૨ રૂપીઆ વધારે થઈ ત્યારે બન્ને ખેતરને ફરતી વાડ કરવાનો ખર્ચ દર વસે એક આના પ્રમાણે કેટલા રૂપીઆ થશે ? જવાબ ૯ રૂપીઆ.

ખગોળના વિષયપરત્વે આવેલા ચર્ચાપત્રનો ખુલાસો.

મહેરબાન "ગુજરાત શાળાપત્ર" ના તન્ત્રી સાહેબની સેવામા, નમ્રતાપૂર્વક લખવાનું કે ખગોળના વિષયસમન્ધી જે ચર્ચાપત્ર આપના પત્રમાં પ્રકટ થવા માટે આવ્યુ છે તેનો જે ખુલાસો મારા અલ્પ જ્ઞાનને આધારે કર્યો છે તે અહિં નીચે લખ્યો છે; તે યોગ્ય લાગે તો આપના પત્રમા પ્રકટ કરવા મહેરબાની કરશો એવી નમ્ર વિનતિ છે

તા. ૧૮-૬-૧૯૧૨ } લી સેવક
હુમસ. } લીનકરરાય અચરતલાલ સૈયદ,
આસિસ્ટટ માસ્તર, પ્રે. રા. ટ્રે. કૉલેજ.

---

(૧) આકાશગંગાનો પટો—"આ પટો ઘરના મોભની પેઠે આકાશના લગભગ મધ્ય ભાગ પર ઉત્તર દક્ષિણ જોવામા આવે છે, એને ખેડુ લોકો મોભ અથવા હોળી દીવાળીની વાટ કહે છે અને તે અનંત તારાઓનો સમૂહ છે અને પૃથ્વીથી અનંત દૂર હોવાથી ધોળા ધામા જેવો દેખાય છે' વગેરે જે આપના વિદ્વાન્ ચર્ચાપત્રીએ લખ્યું છે તે યથાર્થ છે. પરંતુ

"આ મોભને જ્યારે જ્યારે જોઈએ છીએ, ત્યારે ત્યારે તે હમેશાં આકાશી મધ્ય-રેખાંશ વૃત્તની પેઠે (મોભની પેઠે) જ જોવામાં આવે છે" —એવું લખ્યું છે તે બરાબર નથી પાછળથી તેમણે તા. ૧૫-૬-૧૨ ના રોજ લખેલા પત્રમા તે પટાને બરબર મધ્ય ભાગમા નથી પણ નૈઋત્યથી ઈશાન કોણ તરફ અકાયેલ છે એવો સુધારો લખી મોકલ્યો છે તે ? બરાબર છે હવે તે હમેશાં તેને તેજ સ્થળે કેમ દેખાય છે તેનો અન્ય આકાશી પદાર્થોની પેઠે ઉદયાસ્ત કેમ થતો નથી ? એ શક્ય ઉઠાવી છે તે બરાબર નથી, તેથી તે વિષે કાંઈક ખુલાસો આપવાની જરૂર છે.

ખગોળનો કોઈ પણ અભ્યાસક એટલું તો કબૂલ કરશેજ કે આપણા સૂર્યચક્રમા સૂર્ય મધ્યસ્થ છે અને પૃથ્વી, બુધ, શુક્ર, મંગળ, બૃહસ્પતિ, શનિ વગેરે ગ્રહો અને બીજા નાના ગ્રહો તેની આસપાસ ગોળ પરિક્રમણ કરે છે, તેમજ તે બધા પાછા પોતાની ધરી ઉપર અમુક સમયમાં એકવાર એ રીતે નિરંતર ભ્રમણ કરે છે બુધશુક્રાદિકના ભ્રમણની પેઠે પૃથ્વીના આ બે પ્રકારના ભ્રમણને લીધે તેની-પૃથ્વીના-ચોમેર આવેલા સર્વ પદાર્થો ભ્રમણની વિરુદ્ધ દિશામા જતા અવશ્ય દેખાવાજ જોઈએ અને એ કારણથી ગ્રહ અને તારાઓ જેવા આકાશી પદાર્થો ઉદયાસ્ત પામે છે તે પ્રમાણે તે આકાશી પદાર્થોની માફક એ આકાશગંગાના પટાનો પણ તે પણ આકાશી પદાર્થજ હોવાથી ઉદયાસ્ત અવશ્ય થવોજ જોઈએ. સમીસાંજથી તે પરોઢીઆ પર્યન્ત-બરાબર બાર કલાક સુધી-દિવસોના દિવસો સુધી-જો કોઈ સહિત આકાશનુ અવલોકન કરશે તો તેને આખો આકાશી ગોળાર્દ્ધ-નભપટ પર વિરાજમાન ચન્દ્ર, ગ્રહ, નક્ષત્રાદિ સર્વ પદાર્થો પૂર્વથી પશ્ચિમ ઉદય અને અસ્ત થતા જણાશે. આ બનાવની સત્યસિદ્ધિનો સબળ પુરાવો જોઈતો હોય તેમણે પ્રો. આર. એમ. પ્રૉક્ટર બી. એ એફ્. આર. એસ, જેઓ એક નિપુણ ખગોળવેત્તા છે તેમના "સ્ટાર ઍટલસ" (તારાનો નકશો) "હાફ આવર્સ વિથ ધ સ્ટાર્સ" ("તારાઓનું અડધા અડધા કલાકનુ અવલોકન" અને "હાફ આવર્સ વિથ ધ ટેલિસ્કોપ". ("દૂરબીનનો અડધા અડધા કલાકનો ઉપયોગ")-એ પુસ્તકો અગર સર-નૉર્મન લૉકયર અગર સર રૉબર્ટ બૉલ જેવા બીજા નિપુણ ખગોળશાસ્ત્રીઓએ લખેલા પુસ્તકો વાચવા. તેમ છતા નીચે લખેલી લીટીઓ વાચવા યોગ્ય છે:—

" If we stand on an open space, on a clear night, we see above us the celestial dome spangled with stars, *apparently fixed* in position. But after a little time, it becomes clear that these orbs are slowly *shifting* their position Those near the eastern horizon are rising, those near the western setting Careful and continuous observation would show that the stars are *all moving* in the same way, precisely, as they would, if they were fixed to the concave surface of a vast hollow sphere, and this sphere rotated about an axis. "

Proctor.

(ભાવાર્થ) કોઈ વાદળા વિનાની સ્વચ્છ રાત્રિએ ખુલ્લા મેદાન પર ઉભા રહીને આપણે ઉંચી દૃષ્ટિ કરીશું તો માથા ઉપર આકાશી ઘુમટ અને તેની અંદર રૂપેરી ખીલાની માફક સર્વ જડેલા-દેખાતી સ્થિર સ્થિતિમાં રહેલા તારાઓનો સમૂહ જણાશે સ્થિર સ્થિતિમા જણાતો આ તારકવૃન્દ પણ થોડા સમય સુધી અવલોકન કર્યા પછી પોતાનું સ્થાન છોડીને પૂર્વથી પશ્ચિમ દિશા તરફ ધીરે ધીરે ખસતો જણાશે પૂર્વ દિશાના તારાઓ ઉદય પામીને માથે આવતા, માથા ઉપરના તારાઓ પશ્ચિમ દિશા તરફ જતા અને પશ્ચિમ દિશાના તારાઓ અસ્ત પામતા જણાશે. બારીક અને દીર્ઘ સમયનું અવલોકન કર્યાથી જણાશે કે જેમ કોઈ નાના ગોળાને તેના અક્ષ ઉપર ગોળ ફેરવ્યાથી તેની માહેના પોલાણમાંથી જોતા તેના અન્તરગોળ ઘુમટ ઉપર ચોંટેલી ચીજો ગોળ ફરે છે તેમ આ આકાશી ગોળાના પોલાણમાં આવી રહેલી આપણી પૃથ્વી પોતાની ધરી ઉપર ગોળ ફરતી હોવાથી પૃથ્વીના બહિ પટ ઉપર ઉભા રહીને અવલોકન કરતા મનુષ્યને તેની માથે ચોમેર આવેલો આકાશી ગોળાર્દ્ધનો આખો આન્તર્ગોળ પણ તેના પટ પર ચોંટેલા હોય તેમ દેખાતા તારાઓની સાથે-પૂર્વ પશ્ચિમ ફરતો જણાશે "

આ વાંચ્યાથી, તેમજ અવલોકન કર્યાથી સ્પષ્ટ સમજાશે કે આકાશગંગાનો પટ બીજા તારાઓની માફક પૂર્વથી પશ્ચિમ તરફ ફરતો જણાશે.

હવે એ તારાઓ ગ્રહો વગેરે સર્વ આકાશી પદાર્થો પૃથ્વીના પોતાની ધરી ઉપરના દૈનિક ભ્રમણને પરિણામે તે ભ્રમણની વિરુદ્ધ એટલે પૂર્વથી

પશ્ચિમ દિશામા ઉદયાસ્ત થતા જણાય છે એ કબૂલ રાખ્યા છતા આકાશ-ગગાનો પટો જે પણ આકાશી પદાર્થો પૈકી એક પદાર્થજ છે તે ઉદયાસ્ત પામતો નથી એમ કહેવામા આવે તે કેમ માન્ય કરાશે ? પૃથ્વીનુ ભ્રમણ ન હોત—અર્થાત્ પૃથ્વી સ્થિર હોત અને નભપટ ઉપર દેખાતા આકાશી પદાર્થો ચે મેર ભ્રમણ કરે છે એવો વાદ જો અર્વાચીન વિદ્વાનો અને ખગોળશાસ્ત્રીઓએ સ્વીકૃત કર્યો હોત તો જે નભપટ ઉપરની અમુક ચીજો જે ભ્રમણ કરતી હોય તે ઉદયાસ્ત પામે છે અને જે બીજી ચીજો ભ્રમણ ન કરતી હોય-સ્થિર હોય-તે સ્થિર દેખાય—ત્યાની ત્યાજ દેખાય છે—ઉદયાસ્ત પામતી નથી—એવુ કહેલુ સભવિત લાગે. પણ અર્વાચીન સમયના સર્વ નિપુણ ખગોળવેત્તાઓએ તો એક મને થઈને કહેલુજ છે કે આકાશી પદાર્થો જે આકાશમા ફરતા—ઉદયાસ્ત પામતા જણાય છે તે **પૃથ્વીના** દૈનિક ભ્રમણને લીધેજ દેખાય છે, નહિ **નભપટના** ભ્રમણથી આ કારણથી નભપટ પર આવેલા સર્વે પદાર્થોને ફરતા—ઉદયાસ્ત પામતા—કબુલ રાખવા અને તેમાથી આકાશગગાના પટાને બાતલ શા માટે કરવો જોઈએ ? અગર તેને એકલાનેજ માત્ર સ્થિર રહેતો હશે એમ શા માટે નિશ્ચયપૂર્વક માની બેસવુ ? તે હું સમજી શકતો નથી પૃથ્વીનું પોતાની ધરી ઉપર ૨૪ કલાકમા એક વાર સપૂર્ણ પરિભ્રમણ થાય છે એ વાત સત્ય છે તો તેની ચોમેર વીંટલાયલુ આખુ આકાશ—આખો નભપટ—બધા તારાઓ, ગ્રહો, સૂર્ય, ચન્દ્ર, અને તે સાથે આકાશગગાનો પટો પણ—સર્વ આકાશી પદાર્થો—અવશ્ય ભ્રમણની વિરુદ્ધ દિશામાં ક્રમણ કરે છે—પૂર્વથી પશ્ચિમ ઉદયાસ્ત પામે-છે એ વાત પણ કબૂલ રાખ્યા વિના છૂટકોજ નથી. આકાશગગાનો પટો ઉદય પામતી વખતે પૂર્વમા અને અસ્ત પામતી વખતે પશ્ચિમમા નથી દેખાતો એનુ કારણ તે સ્થિર હશે તેમ નથી પણ તેનો અતિસૂક્ષ્મ પ્રકાશ હોવાથી—ઝાખુ અજવાળુ આપતું શ્વેત ધાબુ અને તે પણ તેના પટાના બધાજ-આ ભાગમા એક સરખી જાડાઈ જાડાઇ-ઘટતવનુ અને એક સરખા પ્રકાશવાળું નહિ એવુ. હોવાથી—પ્રકાશના કિરણોના વાતાવરણના જુદા જુદા ધરત્વના થરોમા થતા જુદા જુદા વક્રીભવનના નિયમોને લીધે પૂર્વ પશ્ચિમની ક્ષિતિજ પાસેના આકાશના ભાગમા તે દૃષ્ટમાન નહિ થતું હશે એમ અનુમાન કરી શકાશે સૂર્યચન્દ્રાદિક અતિપ્રકાશિત પદાર્થો પૂર્વમાં અને પશ્ચિમમા ઉદય તેમજ અસ્ત પામતી વેળાએ પોતાનો ઘટનોક પ્રકાશ ક્રમી રૂપમા દેખાતો હોવાથી ઝાખા અને તેથી મોટા કદની દે-

ખાય છે—આકાશમા શિરોબિન્દુએ આવે છે ત્યારે જેટલો પ્રકાશ તેઓ આપે છે તેટલા પ્રકાશિત તેઓ ઉદય તથા અસ્ત પામતી વેળા દેખાતા નથી સૂર્ય ચન્દ્ર જેવા—અતિપ્રકાશિત પદાર્થોનુ ઉદયાસ્ત પામતી વખતે આવુ બને છે ત્યારે ઝાંખા તારાઓ અને આછો પ્રકાશ આપતા અનિયમિત ઘટત્વવાળા શ્વેત ધાબાઓનુ કેમ થતું હશે તે આપણે વિચારવુ જોઇએ પૂર્વમા અને પશ્ચિમમા નજર કરીશુ તો પૂર્વ પશ્ચિમમા ક્ષિતિજ પર આવેલા પદાર્થનો પ્રકાશ વાતાવરણના જાડા થરમા થઈને આપણી આંખ પર આવશે, તેથી પ્રકાશના કિરણોનું વક્રીભવન થતા તેમા નરમાશ આવશે—તે મૂળ હશે તે કરતા ઝાંખો જણાશે આ કારણથી આકાશના મધ્ય વૃત્તમા આવેલા છતા (જ્યા બધા પદાર્થો બહુ પ્રકાશિત દેખાય છે ત્યા) પણ આકાશગંગાનો પટો—ઝાંખો—શ્વેત વાદળાસમ દેખાય છે ત્યારે પૂર્વ પશ્ચિમમાં ક્ષિતિજ પાસે આવતો હશે ત્યારે તો તે સમૂળગો નજ દેખાય તેમા શુ આશ્ચર્ય ? તે ધામા અનત તારાઓનો સમૂહ છે અને અનત માઇલ દૂર આવેલો છે તેથી શ્વેત ધ્રસમ—ઝાંખો—અતિસૂક્ષ્મ—પ્રકાશ આપે છે. હવે શિરોબિન્દુએ પહોચતા પણ જ્યારે તે સૂક્ષ્મ—અતિસૂક્ષ્મ—પ્રકાશ આપે છે ત્યારે પૂર્વ પશ્ચિમમાં ઉદયાસ્ત થતી વેળાએ તે સમૂળગો ન દેખાય તે સભવિત છે. તેથી તે પૂર્વે પશ્ચિમ દિશામા ન દેખાવા માટે ઉદયાસ્ત નહિ પામતો હોય એવુ કલ્પવુ—માની બેસવુ—તે યોગ્ય નથી.

બીજુ, એ પટાનો અમુક ભાગ હોળીમા અને અમુક ભાગ દિવાળીમાં વધારે પ્રકાશિત દેખાય છે અને તે કારણથી તે ભાગને હોળીની અને દિવાળીની વાટ કહે છે એવુ આપના વિદ્વાન્ ચર્ચાપત્રીએ લખ્યુ છે તે સભવિત છે, કારણ કે પૃથ્વીની વાર્ષિક ગતિને લીધે પૃથ્વી પોતાની કક્ષાના જુદા જુદા ભાગમા હોળી અને દીવાળીના સમયે આવતી હોવાથી તે તે સ્થળથી તે પટાના જુદા જુદા અર્ધ ભાગ જણાતા હશે, જેથી તે જુદા જુદા અર્ધ ભાગનું ઘટત્વ જુદુ જુદુ હોવાથી હોળી દીવાળી વખતે જુદો જુદો અર્ધ ભાગ વધેલો ઘટેલો દેખાતો હશે તે બેશક સભવિત લાગે છે. વળી ગામડીઆ લોકો આકાશગંગાનો કોઈ ભાગ હોળી પછી દીવાળી સુધી વધે છે તેથી તેને દીવાળીની વાટ અને કોઈ ભાગ દીવાળી પછી હોળી

સુધી વધે છે તેથી તેને હોળીની વાટ કહે છે એવુ જે આપના ચર્ચાપત્રીએ લખ્યુ છે તે કદાચ સત્ય હશે આકાશગંગાનુ શ્વેત ધાળુ ધોળા રૂની વાટ સાથે સાદૃશ્ય ધરાવત હોવાથી, તેમજ આકાશી ગંગાનો પટ તેના આખા વિસ્તારમા એક સરખી પહોળાઈનો અને પ્રકાશવાળો નહિ હોવાથી, અર્થાત્, તેમા કેટલેક સ્થળે તારાઓનો આછો જથો આવેલો હોવાથી તેમજ પૃથ્વીની પોતાની કક્ષામા—ચલનમાર્ગમા—વાર્ષિક ગતિને લીધે વર્ષના જુદા જુદા ભાગમા આકાશી પદાર્થો—તારા વગેરે—પોતપોતાનુ સ્થળ દિનપ્રતિદિન બદલતા હોવ તેમ ખસતા માલમ પડતા હોવાથી, અગર એવા બીજા કોઈ પણ કારણથી, આકાશી ગંગાના પૂર્વોક્ત બે કાટાઓ પૈકી ગમે તે કાટો—પોતાનો ધડ—અને અતિપ્રકાશિત ભાગ—પ્રેક્ષકના શિરોબિન્દુએ આવેલો હોવાથી તેને (રૂની વાટને) વધેલી ધારશે અને તે ઉપરથી ચર્ચાપત્રીએ લખેલી વાયકા ઉપસ્થિત થયની હશે એવુ અનુમાન થાય છે.

(અપૂર્ણ)

વિદ્યાર્થીઓનું આનંદપર્યટન.

ગયે વર્ષે પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કૉલેજના કેટલાક વિદ્યાર્થીઓને આનંદ પર્યટન સારૂ અમદાવાદથી મૅથેરાન સુધી લઈ જવામા આવ્યા હતા, તેમ ગયા મે માસમા ભરૂચ યુનિઅન હાઇ સ્કૂલના ૨૦૦ શિષ્યોને વડોદરે લઈ જઈ સયાજીબાગ, રાજમહેલ, કામાટીબાગ વગેરે નિરીક્ષા કરવા લાયક ચીજો તથા સ્થળો બતાવવામા આવ્યા હતા નર્મદામા એક વખત તેમને હોડીની સફર પણ કરાવી હતી ગાયકવાડ સપનગવ, મેસર્સ કિલિક નિકલસનની કંપનિ તથા બી. બી. સી. આઈ રેલવે કંપનિ તરફથી તેમને બનતી સગવડ આપવામા આવી હતી.

પદાર્થોનું જાતે અવલોકન કરવાથી શિષ્યનું મગજ વિશેષ ખીલે છે, તેથી આવા આનંદપર્યટનો બેશક લાભકારક છે.

કેળવણીખાતાની ખબરો.

જાહેર ખબર.

(મે. ઉ ભા ના એ ઇ સાહેબના તા ૧૩ મી જુલાઈ ૧૯૧૨ના હુકમ ન. ૯૮૦૮ ઉપરથી).

ગુજરાતીમાં 'આરોગ્યવિદ્યા (સૅનિટરિ પ્રાઇમર)' (બીજી વચગાળે છપાયલી પ્રત) તેમા ચેઢેના શુદ્ધિપત્ર સાથે નિશાળોમા તથા લોકોને આપવાની ડિરેક્ટર ઑવ્ પબ્લિક ઇન્સ્ટ્રક્શન સાહેબે મંજુરી આપી છે. એ ચોપડીની કિંમત રૂ ૦-૧-૩ (એક આનો ત્રણ પાઈ) છે

P. Lory,
એ ઇ ઉ ભા.

જાહેર ખબર.

સ્ત્રીઓ માટેની મહાલક્ષ્મી ટ્રેનિંગ કૉલેજની પ્રાવેશિક પરીક્ષા, સને ૧૯૧૨.

ઉત્તર ભાગની તમામ નિશાળોના માસ્તરો, આસિસ્ટંટો અને શિક્ષકોને ખબર આપવામા આવે છે કે આ કૉલેજમા દાખલ થનાર સ્ત્રીઓની પ્રાવેશિક પરીક્ષા તા ૨૮ મી માહે ઑક્ટોબર સને ૧૯૧૨ ના રોજ સદર કૉલેજના મકાનમા સવારના ૧૧ વાગેથી લેવામા આવશે, માટે જે સ્ત્રીઓને પરીક્ષામાં દાખલ થવુ હોય તેમણે ખબર મોકલવા બંદોબસ્ત કરવો.

પરીક્ષા કન્યાશાળાના પાચમા ધોરણ પ્રમાણે લેવામા આવશે ૧૫ વર્ષથી ઓછી તેમજ ૨૫ વર્ષથી વધારે ઉમ્મરની સ્ત્રીઓને દાખલ કરવામા આવશે નહિ.

ઉમેદવારના વાલીએ સને ૧૯૧૧ ના મે માસના શાળાપત્રના ૧૭૫ મે પાને બતાવેલા નમુના પ્રમાણે છાપેલા ફૉર્મમા ઉમેદવારની હકીકતનું પત્રક તા. ૧૩ મી માહે ઑક્ટોબર સને ૧૯૧૨ સુધીમા અમને મળે એવી રીતે મોકલવુ અને તે સાથે ઉમેદવારની સારી ચાલ ચલગત માટે બે પ્રતિષ્ઠિત ગૃહસ્થનું સર્ટિફિકેટ મોકલવુ છાપેલા ફૉર્મ અહિંથી મળશે.

જે ઉમેદવારના ધણી પુરુષ માટેની ટ્રેનિંગ કૉલેજમા ભણતા હોય અગર દાખલ થવા ઇચ્છતા હોય તે બાબતની હકીકત પત્રકમાં જણાવવી.

ટર્મના વચલા ભાગમાં આવનાર વિદ્યાર્થીને મે એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર સાહેબની ખાસ પરવાનગી વગર દાખલ કરવામાં આવશે નહિ તા. ૧૦ મી માહે જુલાઈ સને ૧૯૧૨.

M. E. chubb
લેડિ સુપરિન્ટેન્ડન્ટ
મ. ટ્રે. કૉ ફોર વિમેન–અમદાવાદ.

જાહેર ખબર.

રા. સા. માધવલાલ હરિલાલ સ્મારક ઇનામની જાહેર ખબર.

કોઈ નક્કી કરેલા વિષય ઉપર સૌથી સરસ પાઠ આપવા માટે ભરૂચ અને સુરત જિલ્લા અને સુરત એજન્સિની કોઈ સ્ત્રીશિક્ષકને માધવલાલ હરિલાલ સ્મારક ઇનામ તરીકે ૩. ૩૦) ના પુસ્તકો અથવા શિક્ષણનાં સાહિત્ય આપવાની ગુજરાત વર્નાક્યુલર સોસાઇટિએ ગોઠવણ કરી છે .

પરીક્ષા તા ૨૭–૯–૧૯૧૨ ના રોજ સ્ત્રીઓ માટેની મહાલક્ષ્મી ટ્રેનિંગ કૉલેજની પ્રૅક્ટિસિંગ સ્કૂલમા તે કૉલેજના લેડી સુપરિન્ટેન્ડન્ટ અને અને પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કૉલેજના પ્રિન્સિપલ લેશે પાઠનો વિષય અને તે જે વર્ગમાં આપવાનો હશે તે એક કલાક પહેલા જાહેર કરવામા આવશે.

સઘળી અરજીઓ તા. ૧૨–૯–૧૯૧૨ સુધીમા પોતાના જિલ્લાના ડેપ્યુટિ સાહેબ મારફત મહાલક્ષ્મી ટ્રેનિંગ કૉલેજના લેડિ સુપરિન્ટેન્ડન્ટ તરફ મોકલવી.

પાંચ વર્ષ ઉપરની અને પંદર વર્ષ અંદરની નોકરીવાળા શિક્ષકો આ ઇનામ માટે લાયક ગણાશે. તા. ૧૦–૭–૧૨

M. E chubb,
લેડિ સુપરિન્ટેન્ડન્ટ, મહાલક્ષ્મી
ટ્રેનિંગ કૉલેજ ફોર વિમેન,
અમદાવાદ.

જાહેર ખબર.

ઉ. ભા ના મે. એ. ઈ સાહેબના તા. ૨૦ મી જુલાઈ ૧૯૧૨ ના હુકમ ન ૯૩૫૫ ઉપરથી.

'ગુજરાતી ભાષાના વ્યાકરણ'ની બીજી આવૃત્તિ તેમાં ચોટેલા છાપેલા શુદ્ધિપત્ર સાથે નિશાળોમા તથા લોકોને આપવાની ડિરેક્ટર ઑવ્ પબ્લિક ઇન્સ્ટ્રક્શન સાહેબે મંજુરી આપી છે એ ચોપડીની કિંમત ૩. ૦–૧–૯. (એક આનો નવ પાઈ) છે

P. Lory,
એ. ઈ. ઉ. ભા.

જાહેર ખબર.

કાઠિયાવાડ મેલ ટ્રેનિંગ કૉલેજની પ્રવેશક પરીક્ષા.

(ચાલુ પૃ ૨૮૦ થી)

આ પરીક્ષા સાતમા ધોરણમા થશે, માટે જેમણે સાતમા ધોરણનો અભ્યાસ કર્યો હોય, તેવા વિદ્યાર્થીઓએ હાજર થવુ

૨ સન ૧૮૮૦ ના સપ્ટેમ્બર માસના શાળાપત્રમા નમુનો છપાયો છે, તે મુજબ મેહેતાજીઓએ સર્ટિફિકેટ આપતા જણાવવુ કે ઉમેદવારની ઉમ્મર ૧૭ વર્ષથી વધારે, અને ૨૨ વર્ષથી ઓછી છે. તેમ કાઈ ખોડખાપણ નથી, ને ચાલચલગત સારી છે ચાલચલગતની બાબતમા ખાસ તપાસ કરી પોતાની ખાત્રી કરીનેજ મેહતાજીઓએ સર્ટિફિકેટ આપવુ.

૩ સર્ટિફિકેટમા ઉમ્મરના વર્ષ, માસ અને દિવસ લખવાની સાથે અંગ્રેજી અને ગુજરાતી જન્મતિથિ લખવા ચૂકવુ નહિ.

૪ સત્તર વર્ષ કરતા નાની ઉમ્મરના ઉમેદવારોને પરીક્ષા આપવા સારૂ મજૂરી મેળવવાની જરૂર નથી. તે પાસ થશે તોપણ તેને કૉલેજમા દાખલ કરવામા નહિ આવે

૫ બાવીશ વર્ષ કરતા મોટી ઉમ્મરના વિદ્યાર્થીઓએ પરીક્ષા આપવા માટે, તેમ પાસ થયા પછી કૉલેજમા દાખલ થવા સારૂ, કાઠિયાવાડ એજન્સિના મેહેરબાન એજ્યુકેશનલ ઑફિસર સાહેબ બહાદુરની ખાસ પરવાનગી મેળવવી પડશે તેઓ ઉંચે નમરે પાસ થશે તોપણ તેમને કૉલેજમાં સ્કૉલરશિપ આપી દાખલ કરવામા આવશે નહિ

૬ જે ઉમેદવારે પરીક્ષા પેહેલા બાર માસમા એક કરતા વધારે મેહેતાજી પાસે અભ્યાસ કર્યો હોય, તેમણે તે સઘળાના સર્ટિફિકેટ લાવવા. ચાલચલગતની બાબતમા તો પરીક્ષા પેહેલા એક માસ અગાઉનુ સર્ટિફિકેટ ખાત્રીલાયક ગણાશે

૭. પરીક્ષા થઈ રહ્યા બાદ લાયક જણાયલા ઉમેદવારોને શરીર સમ્બન્ધી તપાસ માટે મેહેરબાન દાક્તર સાહેબ પાસે મોકલવામા આવશે, માટે તેઓને આહિં વધારે વખત રોકાવુ પડશે

૮. દર વર્ષે પ્રવેશક પરીક્ષાની જાહેર ખબર બનતાં સુધી શાળાપત્રમાં પ્રગટ કરવામા આવશે, પણ પરીક્ષાની તારીખ ઉતાવળે જાણવાની જેની આતુરતા હશે, તેને રાજકોટમા રહેતા તેના લાગતા વળગતા તરફથી

અગર સ્કૉલરો તરફથી તે મળી શકશે. કારણ કે તારીખ મુકરર થયેથી તુર્ત કૉલેજના નોટિસ બોર્ડ ઉપર તે જાહેર કરવાનો રિવાજ છે.

રાજકોટ મેલ ટ્રેનિંગ કૉલેજ.] B H. Buch,
તા ૨૨ માહે જૂન, સન ૧૯૧૨]

પ્રિન્સિપલ, કાઠિયાવાડ મેલ ટ્રેનિંગ
કૉલેજ, રાજકોટ.

(ઉ. ભા ના મે. એ ઈ. સાહેબના તા ૯ મી જુલાઈ ૧૯૧૨ ના હુકમ ન ૮૮૦૩ ઉપરથી).

જાહેર ખબર.

કેળવણીખાતુ
કિલ્લે મુબઈ, તા ૫ મી જુન ૧૯૧૨.

ન. ૧૩૯૦—વર્નાક્યુલર ફાઇનલ પરીક્ષાના નિયમો તથા અભ્યાસક્રમવાળી તા. ૧૨ મી નવેંબર સને ૧૯૦૭ ની ન ૧૯૪૫ ની સરકારી જાહેર ખબરના પરિશિષ્ટો च અને क મા નીચેના ફેરફારો સરકારે મંજુર કર્યા છે, તેથી તે સર્વના જાણ માટે પ્રસિદ્ધ કરવામા આવે છે.

પરિશિષ્ટ च.

(૧) પહેલા વિષયમા "૪૦ (अ) અંકગણિત પૂરૂ" એમ છે તેને બદલે "૫૦ (अ) અંકગણિત પૂરૂ, રેખામાપ, પૃષ્ઠફળ, તથા ઘનફળ ઉપન્ના પ્રશ્ના સાથે" એમ મૂકવ એજ વિષયમા (च) અને (क) સમે "૩૦" નો આંકડો છે તેને બદલે "૨૫" વાચવા.

(૨) ટીપમાના નીચેના શબ્દો કમી કરવા.—

'(૧) ઔપપત્તિક (theoretical) માપકરણ ઐચ્છિક વિષય તરીકે લઈ શકાશે—ગુણ ૫૦ "

પરિશિષ્ટ क

'(૩) સર્ટિફિકેટના નમુનામાંથી "માપકરણ (ઐચ્છિક) " એ શબ્દો કમી કરવા.

ઉપના ફેરફારો સને ૧૯૧૩ થી અમલમા મૂકવામાં આવશે.

નામદાર ગવર્નર-ઇન્-કાઉન્સિલના હુકમથી
સહી / J. L. Rice,
સેક્રેટરી નિસબત સરકાર.

નિશાળોનાં ઇનામપત્રક.

કલવાડા—ગામ લોકો તરફથી ઘડીઆળ રૂ. ૨૦) મીઠાઈ રૂ. ૪) માંડવા કન્યાશાળા—ગામ લોકો તરફથી મીઠાઇ. રૂ. ૩-૦-૦ બહુધાન—ગામ લોકો તરફથી મીઠાઈ રૂ ૪૫) કોસમ—ગામ લોકો તરફથી ભોજન રૂ ૨૪) ભગોદ—ગામ લોકો તરફથી ઘડીઆળ રૂ. ૧૪-૧૪-૦ મીઠાઈ રૂ ૧-૮-૦ ડાહેર—ગામ લોકો તરફથી ઘડીઆળ રૂ ૧૭) મીઠાઇ રૂ ૮) કરજ—ઇસમાઇલજી સુલેમનજી તરફથી મીઠાઇ તથા ઈંટ રૂ ૫) ઢવ—ગામ લોકો તરફથી છોકરાને માટે ચોપડી રૂ ૨૨) દાદાભાઈ ફરામજી મીઠાઈ. રૂ ૧૦) હરીઆ—ગામ લોકો તરફથી મીઠાઈ તથા ઘડીઆળ મળી રૂ. ૧૫) અછારણુ—ગામ લોકો તરફથી ભોજન કરાવ્યુ રૂ. ૧૯-૧૦-૦ દુઘોલી—ગામ લોકો તરફથી ઘડીઆળ રૂ ૧૦) મીઠાઇ રૂ ૫) દૂધ કલગી રૂ ૫) વડોલી—ગામ લોકો તરફથી ઘડીઆળ રૂ ૧૫-૮-૦ મીઠાઇ રૂ ૧૫) કતારગામ—ગામ લોકો તરફથી મીઠાઈ રૂ ૪૫) અડાજણ—ગામ લોકો તરફથી મીઠાઈ રૂ ૨૯-૮-૦ પતાસા રૂ ૯-૮-૦ દૂધ રૂ ૩-૧૨-૦ ઉંટડી—ગામ લોકો તરફથી મીઠાઈ રૂ. ૧૨) ખજોદ—બહેરામજી નવરોજજી મીઠાઇ રૂ ૫) મેઠ જહાંગીરજી ભીખાજી દલાલ પુસ્તક રૂ ૧૫) પટેલ આવકરાદ મેરમન મીઠાઈ રૂ ૧૦) ગામ લોકો તરફથી કસરતનો સામાન રૂ ૬) કછોલા—ગામ લોકો તરફથી મીઠાઈ રૂ. ૧૦) સેજવાડ—ગામ લોકો તરફથી ઘડીઆળ રૂ ૧૦) મીઠાઈ રૂ ૫) કપડા રૂ ૫) ઇનામ કાળાપરજ રૂ ૫) ભોજન રૂ ૧૩) ચરવાસણા મુબા તા જલાલપોર—ગામ લોકો તરફથી ભોજન રૂ ૧૨) સરોણુ—ગામ લોકો તરફથી મીઠાઈ રૂ ૭) ઘડીઆળ રૂ ૧-૧૨-૦ પેન રૂ ૧-૪-૦ વાલોડ—ગામ લોકો તરફથી મીઠાઈ રૂ ૧૭) સ્લેટ વગેરે રૂ ૪-૮-૦ નોગામા—ગામ લોકો તરફથી મીઠાઈ રૂ. ૧૮-૯-૦ ગોગરાવાડી તા. વલસાડ—ગામ લોકો તરફથી મીઠાઈ રૂ. ૨૦) ઊંડવાડા—ગામ લોકો તરફથી ભોજન ઘડીઆળ રૂ. ૧૫) ભાડુત—ગામ લોકો તરફથી ભોજન રૂ ૨૦) ઘડીઆળ રૂ. ૧૦) ઓરગામ—ગામ લોકો તરફથી મીઠાઈ રૂ ૭-૮-૦ પુસ્તકોના ઇનામ રૂ. ૧૦) બુલવાડા—કંપાણુ રણછોડ તર-

ફથી ભોજન રૂા ૭) **પીંજરત**—ગામ લોકો તરફથી ઘડીઆળ રૂા. ૧૦) મીઠાઈ રૂા. ૬) **દેગામ કન્યાશાળા**—જુલાભાઈ ગાડાભાઈ તરફથી દર વરસે રૂા ૬) ઇનામના **દેગામ મુખ્ય શાળા**—ગામ લોકો તરફથી મીઠાઈ રૂા ૬૧) **નીણત**—કુવરજી નરસઈ સરભણ પતાસા રૂા ૩) ગામ લોકો તરફથી મીઠાઈ રૂા. ૨૫) **છરવાડા**—ગામ લોકો તરફથી ઘડીઆળ રૂા. ૧૦) મીઠાઈ રૂા. ૪) **ભેસાણ**—શેઠ માણેકજી જીવણજી મીઠાઇ રૂા. ૨૧-૧૨-૦ છબી રૂા ૩-૧૨-૦ **ભટાઇ**—મહમદભાઈ હાસમભાઈ લુગડા રૂા ૮-૬-૦ ગામ લોકો તરફથી મીઠાઈ રૂા ૧૦-૪-૦ **સરસોણ**—ગામ લોકો તરફથી મીઠાઇ રૂા. ૨૭-૪-૦ કુવરજી નરસીંહ તરફથી કાપડ રૂા. ૫-૪-૦ મીઠાઈ રૂા ૧૨-૧૨-૦ **કોપરળી**—ગામ લોકો તરફથી ઘડીઆળ રૂા ૧૦) કપડા રૂા ૩) મીઠાઈ રૂા ૭) **સાલેજ**—ગામ લોકો તરફથી ભોજન રૂા ૩૦) **પલસાણા**—ગામ લોકો તરફથી મીઠાઈ રૂા ૮-૮-૦ ઇનામ રૂા. ૧૩) **નરથાણ**—ગામ લોકો તરફથી ભોજન તથા મીઠાઈ રૂા ૧૨-૮-૦ **ભદ્રલી**—ગામ લોકો તરફથી મીઠાઈ રૂા. ૩૫-૮-૦ **કુંભારીઆ**—ગામ લોકો તરફથી ઘડીઆળ રૂા ૧૩) મીઠાઈ રૂા ૯) **સુપા**—ગામ લોકો તરફથી ઘડીઆળ રૂા ૧૫) મીઠાઈ રૂા ૫) ભોજન રૂા ૨૫) **પચલાઈ**—ગામ લોકો તરફથી ભોજન મીઠાઈ રૂા ૧૫) **અદીર**—ગામ લોકો તરફથી ભોજન રૂા ૨૧) **ઝાટ**—ગામ લોકો તરફથી મીઠાઇ કપડા રૂા ૧૫) **મુનસાડ**—ગામ લોકો તરફથી મીઠાઈ ચોપડી રૂા. ૧૮-૪-૦ **સાલેજ**—ગામ લોકો તરફથી ભોજન રૂા. ૩૦) **મોટા વરાછા**—ગામ લોકો તરફથી ઘડીઆળ મીઠાઈ રૂા. ૬૫-૦-૦ બાળકૃષ્ણજી વીરભદ્રજી જાગીરદાર સગ્રહસ્થાન રૂા ૧૦) **ગોરધા**—ગામ લોકો તરફથી મીઠાઇ રૂા. ૭) **સીથાણ**—ગામ લોકો તરફથી મીઠાઇ રૂા ૧૧) **ચટવાસણ-સુપા**—કસ્તુરચંદ ધનાજી તરફથી ઘડીઆળ રૂા ૧૩-૦-૦ મીઠાઇ રૂા ૨૦-૧૨-૦ કુવરજી નથુભાઇ તરફથી મીઠાઇ રૂા ૩-૧૨-૦ **હાંસાપોર**—ગામ લોકો તરફથી ઘડીઆળ રૂા ૧૫) મીઠાઇ રૂા ૯) **કબીલપોર**—ગામ લોકો તરફથી ઘડીઆળ તથા મીઠાઈ રૂા ૧૩) **કુદીઆણા**—ગામ લોકો તરફથી મીઠાઇ રૂા. ૧૯-૧૪-૦

(અપૂર્ણ)

REGISTERED NO. B. 43.

અંક ૬ઠ્ઠો. પુસ્તક પરમું.

Gujarati School Paper.

ગુજરાત શાળાપત્ર.

જુન, ૧૯૧૩

વિષય. અનુક્રમણિકા. પૃષ્ઠ

૧. કાવ્યસપત્તિનું દિગ્દર્શન. ૨૦૧–૨૦૪
૨. લાંબા સમયથી ધારેલુ કાશી. (અ. ક ત્રિવેદી). ૨૦૫–૨૧૧
૩. વનસ્પતિશાસ્ત્ર. (મ. દ. દલાલ). ૨૧૧–૨૧૬
૪. અમેરિકામાં ગામડાંની નિશાળો (ન. ત્ર. દેશભક્ત). ૨૧૭–૨૨૦
૫. સંગીતવિષય. (લ. આ. વ્યાસ). ૨૨૧–૨૨૨
૬. ગણિત. (રા. કા. પટેલ). ૨૨૩–૨૨૬
૭. પ્રાચીન ગુજરાતી ભાષા અને જૈન (ગો. ના. ગાંધી) ૨૨૭–૨૩૬
૮. ચર્ચાપત્રો. ૨૩૬–૨૩૭
૯. કેળવણીખાતાની ખબરો. ૨૩૭–૨૩૮
૧૦. નિશાળોનાં ઇનામપત્રક... ... ... ૨૩૯–૨૪૦

તન્ત્રી (ઑગસ્ટ, ૧૯૪૨ થી)–અને
પ્રકાશક–રા. બ. હમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી, બી. એ.,
પ્રિન્સિપલ, પ્રે. રા. ટ્રેનિંગ કૉલેજ—અમદાવાદ.

કેળવણીખાતાના હુકમથી.

(સર્વ હક્ક સ્વાધીન રાખ્યા છે).

અમદાવાદ—યુનાઇટેડ કંપની લિ.ના મેનેજર મોહનલાલ મુલચંદ શાહે છાપ્યું.

રસનો આસ્વાદ.

ઉપર કહ્યા પ્રમાણે સામાજિક કે વાચકના મનમાં વાસનારૂપે રહેલા સ્થાયિભાવનો સામાન્ય સંબંધથી ગ્રહણ કરાયલા વિભાવાદિના સંયોગથી વ્યંજનાવૃત્તિ કે ધ્વનન વ્યાપાર વડે જે આસ્વાદ તેજ રસ. આલંબનવિભાવ વૃક્ષના અંકુર જેવો, ઉદ્દીપનવિભાવ કંદલ એટલે નવો ફણગો ફૂટયો હોય તેના જેવો, ને રસ એ પલ્લવના જેવો છે આથી આલંબનવિભાવથી અંકુરિત થયલો, ઉદ્દીપનવિભાવથી કન્દલિત થયલો, અનુભાવથી પ્રતીતિ-માર્ગમાં આવેલો, અને વ્યભિચારિભાવથી પલ્લવિત થયલો સ્થાયિભાવ તે રસ, એમ સમજવાનું છે. એ આસ્વાદ પાનકરસન્યાયે થાય છે જેમ મરી ખાંડ, આમલી કપૂર આદિનો પીવાનો રસ બનાવ્યો હોય, તો તેમાં જુદી જુદી ચીજોનો સ્વાદ હોય છે તેનાથી તે પાનકનો-શરબતનો જુદોજ સ્વાદ આવે છે, જેમ તેના નાના રસોનું પૃથક્ ભાન થતું નથી, પણ સર્વનું પાનકરસ તરીકેજ ગ્રહણ થાય છે, તેમજ વિભાવાદિથી સમિશ્રિત છે તોપણ સર્વનો રસ તરીકેજ આસ્વાદ થાય છે, વિભાવાદિથી વિલક્ષણ અલૌકિક આસ્વાદ થાય છે.

અલૌકિક વર્ણના.

રસની વર્ણના કે આસ્વાદ અલૌકિક છે, અર્થાત્, લોકમાં જે આનંદ માલમ પડે છે તેના જેવો નથી, પણ બ્રહ્મચિન્તનના આસ્વાદ જેવો છે. એ એવો આનંદ છે કે એ આનંદનો ઉપયોગ થાય છે તે વખતે વેદ્યાન્તર-અન્ય વેદ્યવસ્તુજ મનમાં રહેતી નથી. મનમાંથી સર્વ વેદ્યવસ્તુઓ એ વર્ણનાને વખતે જતી રહે છે. જેમ બ્રહ્માનંદ યોગીના ચિત્તમાં હમેશ હોય છે તોપણ જ્યારે તે લાંબો સમય સમાધિ ચઢાવે છે ત્યારે તેને પ્રાપ્ત થાય છે, સમાધિ પહેલા કે પછી નહિ; તેમ કાવ્યની ખુબી સમજવામાં ચતુર સહૃદયના હૃદયમાં વાસનારૂપે સૂક્ષ્મતાથી રસ રહ્યો હોય છે, તોપણ કાવ્યમાં વિભાવાદિના અનુસંધાનથી એ વાચકના મનમાં સુપ્ત રહેનાર આવરણનો ભંગ થાય છે ત્યારે વ્યંજનાવૃત્તિથી રસ વ્યક્ત થાય છે. એ આસ્વાદ એવો અલૌકિક છે કે તે સમયે અન્ય વેદ્યવસ્તુજ મનમાં રહેતી

નથી, મન કેવળ તેમાંજ લીન થાય છે, માટેજ એ આસ્વાદને આલંકારિકો-એ બ્રહ્માસ્વાદસહોદર કહ્યો છે. ફેર માત્ર એટલોજ છે કે બ્રહ્માસ્વાદ યોગથી પ્રાપ્ત થાય છે અને રસ વિભાવાદિના અનુસંધાનથી થાય છે આ પ્રમાણે એ આસ્વાદ અલૌકિક છે-સંસારસુખના આસ્વાદથી વિલક્ષણ છે સકલ સહૃદયના હૃદયને જે અનુભવ થાય છે તેજ એ રસ-પ્રતીતિનો સાક્ષી છે.

વિભાવાદિ એ રસના કારક હેતુ નથી.

રસ એ વિભાવાદિનુ કાર્ય નથી, એટલે વિભાવાદિ એનો કારક હેતુ નથી-એને ઉત્પન્ન કરતા નથી, કેમકે નટને વિષે વિભાવાદિથી તે ઉત્પન્ન થઈ શકતો નથી રસાસ્વાદ વિભાવાદિના પરામર્શથી થાય છે અને એ પરામર્શ ન હોય ત્યારે થતો નથી, તોપણ વિભાવાદિનો પરામર્શ રસનું કારણ નથી: કેમકે કારણ હોય તો તે નિમિત્તકારણ થઈ શકે, અને નિમિત્તકારણનો નાશ થાય છે તોપણ કાર્ય જોવામા આવે છે, પણ રસનું હૃદયન તો વિભાવાદિપરામર્શ થાય છે ત્યાસુધીજ છે વળી રસ વિભાવાદિપરામર્શનું કાર્ય હોય તો તેનો આસ્વાદ વિભાવાદિપરામર્શની સાથેજ ન થાય, કેમકે કારણ ને કાર્ય સાથે હોઈ શકતા નથી, કારણ પૂર્વે હોય છે અને કાર્ય પછી થાય છે રસ એ આ પ્રમાણે કાર્ય નથી, તોપણ એને કાર્ય કહી શકાય, કેમકે એની નિષ્પત્તિ થતી નથી, એના આસ્વાદની-એની ચર્વણાની-નિષ્પત્તિ થાય છે અને તેનો ઉપચાર રસને કરવામા આવે છે.

વિભાવાદિ એ રસના જ્ઞાપક હેતુ નથી.

રસ જ્ઞાપ્ય નથી, કેમકે લૌકિક પ્રમાણોથી એનુ જ્ઞાન થતુ નથી. આ પ્રમાણે વિભાવાદિ રસના કારક હેતુ નથી ને જ્ઞાપક હેતુ પણ નથી, પણ રસાસ્વાદમા ઉપયોગી હોવાથી એને અલૌકિક હેતુ કહે છે અને એથી રસનું અલૌકિકપણું વ્યક્ત થાય છે.

દુઃખરૂપ રસો આનંદ શા માટે આપે છે ?

હવે પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે કરુણ, બીભત્સ, ભયાનક-એ રસો દુઃખરૂપ છે તો એ રસ શી રીતે કહેવાય ? સમાધાન એવુ છે કે રસના

આનદનુ રૂપ એવુ છે કે આનંદ વખતે અન્ય વેદ્ય વસ્તુ મનમાં રહેતી નથી; એમાંજ મન લીન થાય છે, અન્ય વેદ્ય વસ્તુઓ મનમાંથી જતી રહે છે. જો કોઈ પણ કાવ્ય વાંચવાથી કે નાટક જોવાથી તેમા વિભાવ, અનુભાવ, ને વ્યભિચારિભાવના યથાયોગ્ય ઉપનિબંધથી તે કાવ્યશ્રવણ ને નાટકપ્રેક્ષણને સમયે મનની સ્વાત્માનન્દસુખ જેવી, અન્ય વેદ્ય વસ્તુ જેમાથી વિગલિત થઈ છે. એવી, તદેકલીન સ્થિતિ ઉત્પન્ન થાય તો કરુણાદિને વિષે દુ:ખસંવેદન ક્યાં છે ? દુ:ખનો અનુભવ થતો નથી એનો પ્રત્યક્ષ પુરાવો એજ છે કે એવે સમયે વાચક કે સામાજિક કહે છે કે મને આત્માનન્દ થયો છે જો આનન્દને બદલે દુ:ખજ થતું હોય તો એવું કાવ્ય કોઈને વાચવુ કે જોવું ગમેજ નહિ. વિશ્વનાથ કહે છે કે કરુણાદિ રસને વિષે જે પરમસુખ થાય છે તેમાં સહૃદયનો અનુભવ એજ પ્રમાણ છે. જો તેમા દુ:ખ હોય તો તે વાંચવા કે જોવા માટે કોઈ ઉત્સુક ન થાય અને રામાયણાદિ કાવ્યો દુ:ખહેતુ થઈ પડે. લોકસંશ્રયથી–લોકસમાગમથી શોક, હર્ષ આદિના જે હેતુ છે તેમાથી લૌકિક શોક, હર્ષાદિ લોકમા ભલે થાઓ, પણ કાવ્યસંશ્રયથી જે અલૌકિક વિભાવાદિ છે તે સર્વથી તો સુખજ ઉત્પન્ન થાય છે, તેમાં શી હાનિ છે ? તેજ પ્રમાણે અશ્રુપાત આદિ પણ હૃદય દ્રવીભૂત થવાથીજ થાય છે.[1]

અપૂર્ણ.

---

१ करुणादावपि रसे जायते यत् परं सुखम् ।
सचेतसामनुभवः प्रमाणं तत्र केवलम् ॥
किं च तेषु यदा दुःखं न कोऽपि स्यात् तदुन्मुखः ।
तथा रामायणादीनां भविता दुःखहेतुता ॥
हेतुत्वं शोकहर्षादेर्गतेभ्यो लोकसंश्रयात् ।
शोकहर्षादयो लोके जायन्तां नाम लौकिकाः ॥
अलौकिकविभावत्वं प्राप्तेभ्यः काव्यसंश्रयात् ।
सुखं संजायते तेभ्यः सर्वेभ्योऽपीति का क्षतिः ।
अश्रुपातादयस्तद्वद् द्रुतत्वाच्चेतसो मताः ॥ साहि० दर्प०

લાંબા સમયથી ધારેલું કાશી.

(રા. રા. અતિસુખશંકર કમળાશંકર ત્રિવેદી, એમ. એ, એલ એલ. બી.).

રોપ્યાં હતા બીજ સુવૃક્ષ કેરાં
સ્ફુર્યા હતા અંકુર સૂક્ષ્મ તેના
થશે કદા પુષ્પસુગન્ધિવૃદ્ધિ
હતી સદા આશ અનેરી તેની.
આશાથકી પોષિત મૂળવાળુ
આશાથકી સિંચિત વૃક્ષ નાનું
આશામહીં વર્ધિત રૂપ તેનું
આશા હતું સ્થાપિત રાખનારૂ.
દિને દિને વૃદ્ધિ વિશેષ લેતું
હમેશ આશામહીં હર્ષ દેતું
ફળ્યા ફુલ્યા પૂર્વ સુવાસવાળું
હતું સદુનું પ્રિય તે થએલું

* * *

અમારૂ સાચવેલું એ નાનું વૃક્ષ હવે ફળ દેવાની તૈયારીમાં હતું. તેને માટે અમારી આકાંક્ષા ઘણા લાંબા સમયની તલપી રહી હતી એટલુંજ નહિ, પણ બરાબર શબ્દમાં કહું તો તેને માટે અમારી ઘેલછા હતી. આ શબ્દો વાપરતાં મને લેશ પણ સંકોચ નથી, ને વાપર્યા પછી મને લેશ પણ ભીતિ નથી. કારણ કે મારૂં દૃઢપણે એવું માનવું છે કે કોઈ પણ ભાવના મનુષ્યના મનને આવેગ અર્પી નિર્દોષ આનંદના સાધનો પૂરા પાડે તોએ તે અમૂલ્ય છે, તો પછી આપણા દૈનિક જીવનની હમેશની ભૂમિકા કરતાં કોઈક ઉચ્ચતર ભૂમિકા પર કોઈ ભાવના આપણને લઈ જાય તો તે નિસંદેહ અમૂલ્ય છેજ. ભલે તેને એક નામ આપો કે બીજું એ ભાવના, એ ઇચ્છા, એ આશા, મેં કહ્યું તે પ્રમાણે પરિપૂર્ણ થવાનો સમય હવે નજીક હતો.

'ચાર દિવસનો ધાર્મિક પ્રવાસ' કર્યાને આજે સાત વર્ષ વીતી ગયાં

અત્ર ઇચ્છતો નથી આપણા આ લેખના પ્રસંગને માટે હું એને મોજ-મહારાજ એ નામથી ઓળખાવીશ આ રા. મોજમહારાજ સ્વભાવે ઘણા મોજી હતા અને તેમા પણ તેમની સ્ત્રી વિષે વાત કરતાં તેમને વિશેષ મોજ પડતો. કઈ જોવાનો કે કોઈ સ્થળે નહાવાનો પ્રસંગ આવે તો તેનું સંભારણું કરતાં મોજમહારાજ ખૂબ ખીલતા. અલબત, આ યુગ નારીપ્રતિષ્ઠાનો છે એટલે મોજમહારાજનો હું દોષ નથી કાઢતો

બીજે દિવસે સવારે અમીઆર વાગતે અજમેર છોડીને અમે જેપુર તરફ ગયા રેલ્વે ઑફિસ સાથે સંબંધ ધરાવનાર એક સન્મિત્રની સહાયતાથી ગાડીમા અમને જોઈએ તેવુ સુખ મળ્યુ તે સદ્ગૃહસ્થનો જેટલો ઉપકાર માનું તેટલો ઓછો છે, કારણ કે તેની સહાયતાથીજ આગળ જતા સર્વે સ્ટેશનો પર અમને ગાડીમાં ડબ્બા રિઝર્વ કરાવવામા સુગવડ પડતી હતી. બાકી એ બાજુ તરફના રેલ્વેના માણસોની અમારી અત પ્રેરિત વાતજ ન કરવી. મનુષ્યત્વનુ લક્ષણજ એ કે કોઈ પણ વસ્તુ મન ગણકારે ભ્રાતૃભાવ, ધર્મ, માણસાઈ-એ લેખવે ને તે તરફ લક્ષજ ન આપે તો કરજની તેમની લાગણી, ઓમ તાપને અમે નષ્ટપ્રાય ગણ્યો. છતાં તેની સ્નેહ તેમનો કપીઆખિમાજ કરવી પડશે એ વિરોધને માટે હું પૂર્વથી ક્ષમા લેવુ તે ઇચ્છું.

ભયંકર નીતિના અમે અમદાવાદ છોડ્યુ (૧૪મી મે ૧૯૧૭) તેજ દિવસે વિજય પ્રાપ્ત નારાયણ ઘણા કોપ સાથે અહિં પ્રગટયા હતા છતા પહેલે દિ- અમને તેમને જાણે બીલકુલ તાપ લાગ્યોજ નહિ. ઉત્સાહ એ અજબ વસ્તુ છે. બીજે દિવસે સવારે અમે અજમેર પહોંચી ગયા.

અજમેર વિષે મેં આગળ ઘણ લખ્યુ છે, એટલે તેમા હું નિરર્થક વૃદ્ધિ કરવા ચહાતો નથી, તોપણ એ સમય ને આ સમયનો ફેર મારે બતાવવો જોઈએ તે સમયે ભર શિયાળો હતો, આ સમયે ભર ઉનાળો હતો. તે સમયે ટાઢે કંટાળો આપ્યો, આ સમયે તાપે ઉપર મે મનની દશા વિષે વાત કરી, છતા તરત તે ડગમગવા માંડી. રાતદિવસ ચાલતી ભઠ્ઠીના દેવતા પાસે બેસવું એ હજાર દરજ્જે સારૂં, પણ આ પાસનો પ્રચડ તાપ અનુભવવો એ ઘણુ વિકટ કામ છે ભઠ્ઠીનો તાપ તો માત્ર બહારથીજ બાળે, પણ આ તાપ તો શરીરની અંદર પણ ઉકળાટ ઉત્પન્ન કરે ને દુઃખ દે

પર દૃષ્ટિ થઈ. અમારે માત્ર એકજ દિવસ ત્યાં રહેવું હતું તે જાણી એ સ્નેહીઓમાં ભારે દિલગીરી ફેલાઈ, કારણ કે જેપુર વિષે જે જે જોવા જેવું હતુ તે બધું અમને બતાવવાની તેમની ઉમેદ હતી. અમારે માત્ર જેપુર શહેરની બાંધણીનોજ ખ્યાલ લેવાની ઉમેદ હતી. તે ખ્યાલ જાતે લેતા પહેલાં એક કડવા ને રમુજી બનાવમાં અમને તરતજ મળ્યો.

મોજીમહારાજ ભૂલા પડયા.

જેપુરમાં પહોંચ્યા પછી સાંજરે ભોજન તૈયાર થતું હતું તે સમયે કંઈક ઠંડક થાય એ હેતુથી ત્યાંનાં તડબૂચ મગાવવાની અમને ઇચ્છા થઇ. અમારા સ્નેહીને તે બાબતની ખબર આપીએ તો એક માગતાં તે પદર વીશ તડબૂચ લાવીને એકદમ મૂકી દે એવી તેમની સ્નેહવૃત્તિ હતી ઘેર જઈને આરામ લેતા પહેલા તો કેટલીએ વસ્તુઓ આમ વગર માગે હદ ઉપરાંત પૂરી પાડવામાં આવી ચાલી જતી હતી સ્વાભાવિક રીતેજ આ સ્થિતિ બહુ પસંદ કરવા જેવી નહોતી, કારણ કે ઉપકાર પણ કેટલો ઝીલાય? તેમાં પણ આપણે હદ રાખવી પડે છે. એટલે બારોબાર મોજીમહારાજ જેપુરના બજારમા ગયા અહીં ચહાપાણી, સૂક્ષ્મ ભોજન, ભોજન, બધુ એટ પછી એક આટોપાવવા માડયું પણ પેલુ તડબૂચ ન આવ્યુ તે નજ આવ્યુ. ખેર! પણ મોજીમહારાજનું શું થયુ? નવા ગામમા બહાર ગયા પછી માણસ ઘણી વાર થયા છતા પણ પાછો ન આવે તો ફીકર થાય તે દેખીતું છે. દોઢબે કલાકને અન્તે મોજીમહારાજ વીલા મોં સાથે ને ખુલ્લા હાથે પાછા આવ્યા, ને ધીમા સ્વરમા કહેવા માડયા કે "હું તો ભૂલો પડયો." તડબૂચ આખા જેપુરમા એમને મળ્યુ નહિ તે તો જાણે ઠીક. પણ વિશેષમા એ ભૂલા પડયા. "ભૂલો પડયો" એમ કોઈ પણ મોટી ઉમ્મરના માણસે કહેવુ એ શરમાવા જેવું છે મારે એવો પ્રસગ આવે તો બેલાશક શરમાયા વિના હું ભાગ્યેજ રહુ. પણ ટીકા અત જરૂરની નથી. ભૂલા પડવાનું કારણ જેપુર શહેરની બાંધણી હતી ચારે રસ્તા તરફ એકજ ઘાટના ઝીંદાનાં ઘર જોવામા આવવાથી જ્યા જાય ત્યાં એને સરખુજ લાગતું ને તેથી મોજીમહારાજની મોજ તે દિવસે આડી નીકળી. વાચતાં આવડતુ હોત તો આ કડવો અનુભવ એને ભાગ્યેજ થાત, ને અમારે પણ ધારેલી વસ્તુ વિના ભાગ્યેજ રહેવુ પડત. પણ કમનસીબે મોજીમહારાજને વાચ

તાં આવડતું નહોતું. એમની સ્ત્રીને લખતાંવાંચતાં આવડતું હતું ને તેને લીધે ઘેર બેઠાં જ્યારે જ્યારે લખવા વાચવાની જરૂર પડતી ત્યારે નીભ્યું ચાલ્યું જતું. પણ અહિં મોજીમહારાજ સ્ત્રી વિનાના હતા એટલે કડવો અનુભવ એમને લેવોજ પડયો.

બીજે દિવસે સવારે જેપુરનો બાગ ને રાજમેહલ જોયા. રસ્તામાં જેપુરની બાંધણી પણ જોઈ બાગ ઘણો વિશાળ છે. પક્ષિઓ ને પશુઓની જાત ને સખ્યા પણ ત્યાંના પ્રાણિસંગ્રહમાં ઘણી સરસ છે. સગ્રહસ્થાન બાગમાજ છે ને તે ઘણુંજ વિશાળ છે.

મહેલ ખાસ જોવા લાયક છે. તેની પાસે વેધશાળા છે. તેમાં ગયાથી ગ્રહોની ગતિ માપવાની જુદી જુદી યોજનાઓનો કઈક ખ્યાલ આવી શકે છે. તે જોયા બાદ ગોવિંદજીનું મદિર અમે જોયુ. મંદિર અદરથી વિશાળ છે. મૂર્તિ ભવ્ય છે.

રાત્રે જેપુર છોડવુ હતું. ગાડી લગભગ રાત્રે અગીઆરને સુમારે જેપુર સ્ટેશનેથી જવાની હતી. અમારા સ્નેહી અમને મૂકવાને સ્ટેશન પર આવવાના હતા. તેમ કરવા માટે તેમને એક ખાસ પાસની જરૂર હતી તે જાણી અમને આશ્ચર્ય ઉત્પન્ન થયુ. જેપુરના દરવાજા રાત્રે બંધ થાય ત્યારપછી તેમાં બહારથી કોઈ પણ માણસ દાખલ થઈ શકતો નથી. ગામનોજ માણસ બહાર ગયો હોય ને એને પાછા આવવું હોય તો એણે તે માટેના અધિકારીનો પાસ બતાવવો પડે છે. પાસ વિના ગામનો માણસ બહાર ગયો તો પછી તેને આખી રાત ગામ બહારજ રહેવું પડે છે. આ પદ્ધતિ વિચિત્ર ને પ્રાચીન સ્થિતિનુ ભાન કરાવનારી છે.

જેપુર છોડયું—સ્ટેશન પર અમે ઘણા વહેલા ગયા સ્ટેશનના પ્લૅટ્ફૉર્મ પર સામાન મૂકવો તે પણ જાણે સ્ટેશનના અધિકારીની રજા વિના ન બને એ આપણે જાણવુજ જોઈએ. એમ ધારો એક બાબુએ આવીને તકરાર કરવા માડી. આવી તકરાર થાય ત્યાં સ્ટેશનના માણસો સાથે પોલીસ પણ એકમેક થઈ જાય છે. તોપણ સહેજ કડક થઈએ છીએ તો અન્તે આપણે ફાવીએ છીએ. સામાન ખસેડાવવાનો તેમને હક નહોતો ને તે ત્યાનો ત્યાજ રાખવામા આવ્યો અન્તે એમ માલમ પડયુ કે આ બાબુ સામાન જોખાવી લગેજ કલાર્કનું કામ કરનાર હતો. સ્ટેશન માસ્તરને મળી રિઝર્વ ગાડીની ગોઠવણ માટે અગાઉથી તજવીજ અમે કરી મૂકી હતી.

તે પ્રમાણે સ્પેશ્યલ એટલે ખાસ ટિકિટ પણ અમે લીધી. સામાન જોખતાં ને તેનુ નૂર ગણતાં પેલા બાબુએ વિનય, આનાકાની, નૂર વધારે પડવાની ભીતિ દર્શાવવી—એ બધા પેચ રચ્યા, પણ એને નિરાશ થવુ પડયું. ટ્રેન આવી ને ખાસ ડબ્બામા અમે ગોઠવાયા. અમે ટિકિટ આગ્રા ફોર્ટ સ્ટેશનની લીધી હતી.

અપૂર્ણ.

વનસ્પતિશાસ્ત્ર.

(આવુ પુ ૫૨. પૃ ૧૬૯ થી).

" केतकीमें बसे आप केशव करुणानिधान ।
कुंजमें कल्यान सो तो कदममें विहारी हैं ॥
मालतीमें मुकुंद मुरार माधव मोगरेमें ।
चंबेलीमें चिदानंद सोई सुगंध भारी हैं ॥
गुलाबमें गोपाललाल जाईमें जगत् पुरुष ।
पलसमें परिब्रह्म परम उपकारी हैं ॥
चंपेमें चतुर्भुज चारों चित्त चूपी रहे ।
सेवतीमें स्याम सुंदर सोही सुखकारी हैं ॥

રિચર્ડ બ્રૂક નામના એક સાહેબ લખે છે કે—

" Of all the studies that occupied the attention of man, the cheapest, the most delightful to the mind and invigorating to the body, is the study of nature It is here, indeed, that man may with truth be said to be following out that line of conduct that his *Creator* intended him. The first attraction to the child when set down on the green is to pick up the wild *Flowers*, and this first and the fondest attraction generally remains to the last hour of our lives "

ગાડવાં, તેમજ ફળફળાદિ પર ઉગતી ફુગ— એ સર્વનો વનસ્પતિમાં સમાવેશ થાય છે.

ઇંદ્રિયો—ઉપર વર્ણવેલી બધી જાતની વનસ્પતિમાં એક સરખા અવયવો જોવામાં આવતા નથી. કોઈ નાના બગીચામાં ફરીશું તોપણ જુદી જુદી જાતની વનસ્પતિ આપણી દૃષ્ટિએ પડશે. કોઈમાં પાંદડાજ, તો કોઈમા ફક્ત પાંદડાં અને ડાળીઓજ માલમ પડશે, કોઈમા ફૂલ પણ લાગેલાં જોવામાં આવશે, તો કોઈમા એ બધાં ઉપરાંત સુંદર ફળ લટકી રહેલા દેખાશે. ફરતા ફરતાં કોઈ તણખલું જમીનમાથી ઉખેડી કાઢીશું, તો જમીનમાં દટાઈ રહેલા મૂળીઆં, જેની પ્રથમ કશી ખબરજ પડતી નહોતી, તે હવે સ્પષ્ટ માલમ પડશે. આ પ્રમાણે જોતાં વનસ્પતિને મુખ્ય પાંચ પ્રકારની ઇંદ્રિયો હોય છે (૧) **મૂળ**, (૨) **ડાંડી** (મોટાં વૃક્ષોમા એને **થડ** કહે છે), (૩) **પાન** (અથવા પાંદડા), (૪) **ફૂલ**. અને (૫) **ફળ** જેમાં એ પાંચે ઇંદ્રિયો હાજર હોય તેને **પૂર્ણ**, અને જેમાં એમાંની એક અથવા વધારે ખૂટતી હોય તેને **અપૂર્ણ** વનસ્પતિ કહે છે.

મનુષ્યની જુદી જુદી ઇંદ્રિયો જેમ જુદાં જુદાં કાર્યો કરે છે, તેમ વનસ્પતિની ઇંદ્રિયોને પણ પોતપોતાના કાર્ય કરવાના હોય છે. મૂળ, ડાંડી, અને પાન વનસ્પતિને ખોરાક લેવામા તથા વધવામાં મદદ કરે છે, માટે **પોષણની** ઇંદ્રિયો કહેવાય છે; ફૂલ અને ફળ બીજ ઉત્પન્ન કરવાનુ કામ કરે છે, માટે તે **પુનરુત્પત્તિની** ઇંદ્રિયોના નામથી ઓળખાય છે.

વનસ્પતિનું આયુષ્ય—વનસ્પતિમાત્રમાં ઉત્પત્તિ, વૃદ્ધિ, અને ક્ષય જોવામા આવે છે બધીનું જીવન સરખા વખત સુધી ટકતુ નથી. ઘાસ અને અનાજ જેવાં કેટલીક ઉગીને એક વર્ષ સુધી, કુમળા જેવા કેટલીક બે વર્ષ સુધી, અને વડ, આંબો, પીપળો, વગેરે, ઘણા વર્ષ સુધી અથવા વર્ષના વર્ષ સુધી જિંદગી ભોગવે છે.

ઉગવાનું સ્થળ—જુદી જુદી વનસ્પતિઓ જુદે જુદે ઠેકાણે ઉગે છે. આંબો, લીમડો, વડ વગેરે જમીનમાં ઉગે છે, માટે **સ્થલજ** કહેવાય છે ને કેટલીક કમળ જેવી જળમાં ઉગે છે તે **જલજ** કહેવાય છે. વનસ્પતિનો ત્રીજો વર્ગ એવો છે કે તે જળ અથવા જમીનમાં ન ઉગતા બીજા છોડવા પર ઉગે છે એમા પણ બે પેટાભાગ છે રૂકશાંગ (orchid) નામની વનસ્પતિનો વેલો, જેના ફૂલ ઘણાં સુંદર અને મનોહર થાય છે, તે બીજાં વૃક્ષ પર ઉગે છે, પરતુ તે બીજા વૃક્ષના અંગમાં પોતાના અંગ દાખલ કરતો નથી,

અને હવામાંથી પોતાનો ખોરાક લે છે. આવી વનસ્પતિ **અંતરિક્ષજ** હેવાય છે. 'અમરવેલ' પણ બીજા છોડોને વીંટળાઈને ઊગે છે, પરંતુ રકશાંગની માફક હવામાંથી પોતાનું પોષણ ન કરતા જે છોડને એ વીંટળાઈ જાય છે તેના અંગમાં પોતાના અંગ દાખલ કરી તે છોડના રસ વડે પોતાનું પોષણ કરે છે, તેથી આધારભૂત છોડ આખરે સુકાઈ જાય છે. આવી વનસ્પતિ **વનસ્પતિભક્ષક** કહેવાય છે.



પાસેની આકૃતિમાં 'મિસલટો' નામનો વનસ્પતિભક્ષક વનસ્પતિના મૂળીઆ બીજા છોડના થડમાં કેવી રીતે પથરાયલાં હોય છે તે દર્શાવવામાં આવ્યું છે ડાબી બાજુએ મિસલટો છે, અને તેનાં મૂળીઆ બીજી વનસ્પતિના લગભગ નળાકાર થડમાં પથરાયલા સફેદ લીટારૂપે દેખાડયાં છે તે છે.

મૂળ.

છોડનો જે ભાગ જમીનમાં ઉતરે છે, ને પોતાના ફાટાઓ જમીનમાં ને જમીનમાં ખોરાક શોધી લાવવા માટે ચારે તરફ ફેલાવે છે તેને **મૂળ** કહે છે ખરા મૂળોને સાચી છાલ અથવા ગર હોતા નથી તેને પાંદડા કદી પણ આવતા નથી, તેમજ પુનરુત્પત્તિની ક્રિયા પણ હોતી નથી થડ જ્યારે હવા અને અજવાળા શોધવું ઉપર આવે છે, ત્યારે મૂળ હવા અને અજવાળાથી દૂર ને દૂર જવું વિરુદ્ધ દિશામાં નીચે ઉતરે છે.

પ્રકાર—ગાજર, મૂળા, વટાણા જેવી વનસ્પતિના રસદાર મુખ્ય મૂળો જમીનમાં નીચા ને નીચા ઉતરે છે, અને તેમાંથી થોડાએક ઝીણા ઝીણા રેસા નીકળે છે. આવા મુખ્ય મૂળને ખરૂં મૂળ અથવા **ખીલામૂળ** (taproot) કહે છે. એ મૂળ **આદિમૂળનીજ** વૃદ્ધિ થવાથી બને છે.

ટીપ:—જે બીજ વાવવાથી છોડ ઊગે છે તે બીજના ગર્ભમા આદિમૂળ (radicle) નામનો એક ભાગ (अ) રહે છે, તેના વધવાથી તે છોડનું મૂળ બને છે. ગર્ભનો બીજો ભાગ (ब) એક અથવા બે પાદડા (જેને દલ કહે છે તે)નો બનેલો હોય છે. આ પાદડાં બીજપત્ર (cotyledons) કહેવાય છે. છોડ ઊગે છે એટલે એ બીજપત્રો જતાં રહે છે. આ બે ઉપરાંત એક ત્રીજો ભાગ (क) હોય છે, તેને આદિપત્ર (leplumu) કહે છે આ આદિપત્રમાથી આગળ જતાં થડ અને ડાળીઓ ઉત્પન્ન થાય છે. તાડ, ઘઉં, ચોખા, વગેરે જેવી જે વનસ્પતિના બીજમાં એક બીજપત્ર હોય છે તેને એકદલ વનસ્પતિ કહે છે, અને વડ, આંબો, કાકડી, વગેરે જેવી જે વનસ્પતિના બીજમાં બે બીજપત્ર હોય છે તેને દ્વિદલ વનસ્પતિ કહે છે.

તાડ, ઘાસ, તથા અનાજ વગેરેનાં એટલે એકદલ વનસ્પતિના મૂળ બીલામૂળની માફક આદિમૂળનાજ સીધા વધારા તરીકે ઊગતા નથી, પરતુ વૃદ્ધિ નહિ પામેલા આદિમૂળની એક બાજુ ઉપરથી ફાટારૂપે ઊગે છે આવા જાડા કે ઝીણા રેસાં જેવા લાંબા મૂળોને રેસાજેવાં (fibrous) મૂળ કહે છે.

જ્યારે વડ તથા કેવડાના વૃક્ષ જેવામાં સીધા અથવા પકડીને ચઢનાર થડની શાખાઓમાંથી મૂળો નીકળે છે, ત્યારે તેને વડવાઈ તથા કેવડાઈ એવા નામ આપીએ છીએ. આ મૂળો પણ ખરા મૂળનુંજ કાર્ય કરે છે, અને શાખોદ્ભવ મૂળના નામથી ઓળખાય છે. કાળા મરીને પણ આવા શાખોદ્ભવ મૂળો હોય છે.

ઉપર કહેલી રૂકશાગ જેવી અતરિક્ષજ વનસ્પતિનાં મૂળો હવામાથી ખોરાક મેળવે છે તેને આકાશજ (aerial) મૂળ કહે છે. આ મૂળો જમીન સુધી પહોંચતા નથી.

અપૂર્ણ.

અમેરિકામાં ગામડાંની નિશાળો.*

(રા. રા. નરહરિલાલ ત્र्यંબકલાલ દેશભક્ત, એમ. એ., એલ એલ. બી.)

અમેરિકાના આયોવા સ્ટેટમાં લિબર્ટીવીલમાં જે નિશાળ છે તેવી નિશાળો અમેરિકાના જિલ્લાઓમાં ઠેકાણે ઠેકાણે છે. ઝાડીની ઘટાની ઉપર આવી રહેલો નિશાળના મકાનનો બુરજ મુસાફરની પ્રથમદૃષ્ટિએ દેખાય છે અને તેમાં લટકાવેલો ઘંટ આઘે સુધી સંભળાય છે. નિશાળની સફેદ દિવાલો ઝાડોની અંદર દીપી નીકળે છે. આવી નિશાળને ખરેખર "નાનકડું જ્ઞાનમંદિર" નામ આપી શકાય.

હવે જરા છોકરાઓ તરફ નજર કરો. તેમનાં મુખકમળ પ્રફુલ્લ છે. તેમના હાથ સ્વચ્છ છે અને તેમના બાલ સુંદર હોળેલા છે. ટોપીઓ અને ઉપરના ડગલા આગલા ઓરડામા મૂકીને તેઓ ચોપડીઓથી ભરેલા ચામડાંનાં દફતરો લઈને વર્ગમાં જાય છે. તે કેવાં સુંદર અને ચાલાક દેખાય છે!

હવે વર્ગનો ઓરડો જુઓ તે વિશાળ છે, તેમા પુષ્કળ હવાઅજવાળુ છે, સુંદર ફર્નિચર અને જોઈતા સાહિત્યથી ભરેલો છે. ફર્નિચર સાદું પણ સુંદર છે. દરેક છોકરાને જુદુ ટેબલ તથા બેસવાનું છે. ઊંચી કરેલી બેઠક ઉપર શિક્ષકનાં ખુરસીટેબલ છે એક ચળકાટ મારતી મોટી સગડીમાં ઓરડાની વચ્ચોવચ્ચ દેવતા બળે છે. અને ડાબા જમણી કાચની બારીઓ લીલા તથા બરફના જેવા સફેદ પડદાઓથી આચ્છાદિત કરેલી છે. ખાસ ધ્યાન ખેંચનારી વસ્તુ તો એ છે કે ચોગરદમ ફરતા તમામ ભીંતિ કાગળનાં બ્લૅક બોર્ડ ચોઢી દીધેલાં છે, તેથી બ્લૅક બોર્ડની ઉપયોગિતા તેમજ સગવડ વધે છે. એ બ્લૅક બોર્ડની ઉપરની ભીંતો જીવનસૂત્રો, ઐતિહાસિક ચિત્રો અને વૉશિંગ્ટન, લિન્કન, વગેરે પ્રખ્યાત અમેરિકન નરોની છબીઓથી, ઉત્તમ રીતે શણગારેલી છે દરેક વસ્તુ સુંદરતા જળવાય તેમ યોગ્ય સ્થાને ગોઠવેલી છે. આ જગ્યાની હવાજ જાણે નવો ઉત્સાહ ભરે છે અને અભ્યાસ કરવાને તથા પરાક્રમ કરવાને પ્રેરે છે. નથી જરા અવાજ કે ગણગણ કે ગૂપચૂપ વાતો. એક ટાકણી પડે તોએ સંભળાય એવું સઘળું શાંત છે અને કાર્યારંભ કરવાને સદૈવ તત્પર છે. આવાં પ્રોત્સાહક સ્થાનની ઉત્તમ અસર બાળકના મન પર થયા વિના કેમ રહે?

---

* Modern Reviewના એક અંગ્રેજી લેખ પરથી.

૩. ૬૪૦ લઈ ક ને વેચી દીધો. આથી અ ને પોતે રોકેલી કિંમત ઉપર મેળવે પોતે રોકેલી કિંમતના $\frac{૧}{૪૦}$ જેટલી ખોટ ગઈ. કહો ત્યારે અએ તે શેર લેવામાં કેટલી રકમ રોકી હશે.

આ ઉદાહરણમાં—

૧૦૦ : અ ની મૂળ કિંમત . અની મૂળ કિંમત $\times \frac{૧}{૪૦}$: ખોટ છે.

આ ઉપરથી જણાય છે, કે ૧૦૦ને જે સંખ્યાએ ગુણવાથી અની મૂળ કિંમત આવે છે તેજ સંખ્યાના $\frac{૧}{૪૦}$ એ અની મૂળ કિંમતને ગુણવાથી ખોટ નીકળે છે.

૧૦૦ × અમુક સંખ્યા = અની મૂળ કિંમત.

અ ની મૂળ કિંમત × તેજ અમુક સંખ્યા × $\frac{૧}{૪૦}$ = ખોટ.

માટે ૧૦૦ × અમુક સંખ્યા[૧] × $\frac{૧}{૪૦}$ = ખોટ.

માટે અની મૂળ કિંમત—૧૦૦ × અમુક સંખ્યા[૧] × $\frac{૧}{૪૦}$ = અની મૂ. કિં.—ખોટ.

માટે અ ની મૂળ કિંમત—૧૦૦ × અમુક સંખ્યા[૧] × $\frac{૧}{૪૦}$ = ૬૪૦.

અ ની મૂળ કિંમત = ૧૦૦ × અમુક સંખ્યા છે.

માટે ૧૦૦ × અમુક સંખ્યા—૧૦૦ × અમુક સંખ્યા[૧] × $\frac{૧}{૪૦}$ = ૬૪૦.

માટે અમુક સંખ્યા—અમુક સંખ્યા[૧] × $\frac{૧}{૪૦}$ = $\frac{૨૨}{૫}$.

માટે અમુક સંખ્યા × ૪૦—અમુક સંખ્યા[૧] = ૨૫૬.

આ ઉપરથી એવો દાખલો થયો, કે.—

એક સંખ્યાની ૪૦ ગણાઈમાંથી તેજ સંખ્યાનો વર્ગ બાદ કરવાથી બાકીમાંથી ૨૫૬ આવે છે, તો તે સંખ્યા કઈ ?

$\sqrt{૨૦૬—૨૫૬}$ + ૨૦

= $\sqrt{૧૪૪}$ + ૨૦ = ± ૧૨ + ૨૦.

= ૩૨ અથવા ૮ તે સંખ્યા.

૧૦૦ × અમુક સંખ્યા = અની મૂળ કિંમત છે.

માટે ૧૦૦ × ૩૨ =૩૨૦૦ રૂપીઆ, અથવા

૧૦૦×૮ = ૮૦૦ રૂપીઆ અની મૂળ કિંમત.

અની મૂળ કિંમત તેજ અની ઉપજેલી કિંમત છે, માટે.—

૧૨૦ રૂ. ઉ. કિં. ૩૨૦૦ રૂ. ઉ. કિં : ૧૦૦ રૂ. મૂ. કિં : ૨૬૬૧⅔ રૂ. અથવા

૧૨૦ રૂ. ઉ. કિં. ૮૦૦ રૂ. ઉ. કિં : ૧૦૦ રૂ. મૂ. કિં ૬૬૬⅔ રૂ. મૂ. કિં.

માટે જવાબ થતી રોકડી કિંમત રૂપીઆ ૨૬૬૬–૧૦–૮ અથવા રૂ. ૬૬૬–૧૦–૮

ઉદા:—

૧) એક ટાકીને ખાલી કરવાના અ, બ, ક નામના ત્રણ નળ છે. એક મહીનામા તેને ખુલ્લા મૂકવાના વખતનું પ્રમાણ ૩ : ૨ : ૧ છે. અ અને ક દર કલાકે સરખું પાણી ખાલી કરે છે. આખા મહીનામાં બ નળ જેટલા કલાક ખુલ્લો રહ્યો તેથી ત્રણગણા બેડાં પાણી અ નળ દર કલાકે ખાલી કરે છે. બ નળ દર કલાકે ૨૫૦ બેડા પાણી ખાલી કરે છે. એક મહીનામાં અ નળે જેટલાં બેડાં પાણી ખાલી કર્યું તે કરતાં બ અને કએ મળીને ૧૨૦૦ બેડા પાણી વધારે ખાલી કર્યું. કહો ત્યારે દરેક નળ મહીનામા કેટકેટલા કલાક ખુલ્લો રહ્યો હશે.

૨) એક મંદિરમાં શિવલિંગ અને વિષ્ણુની મૂર્તિઓ ૩ : ૨ ના પ્રમાણમાં છે. અ એ શૈવ હોઈ તે મંદિરમાં વિષ્ણુની જેટલી મૂર્તિ છે તેટલા તેટલાં ફૂલ દરેક શિવલિંગ પર ચઢાવ્યા બ એ વૈષ્ણવ હોઈ તે મંદિરમા જેટલા શિવલિંગ છે તેટલાં તેટલા ફૂલ દરેક વિષ્ણુની મૂર્તિ પર ચઢાવ્યા ક ને મૂર્તિ દીઠ ફૂલ ચઢાવવાનો ખર્ચ પોણા બે આના લેખે પડયો. જો તેણે ૧ પાઈનુ ૧ ફૂલ લેખે સઘળા ફૂલ ખરીદ કર્યા હોત, તો તેને બધી મૂર્તિઓ પર ફૂલ ચઢાવવાનો ખર્ચ પ્રથમ કરતાં ત્રણ આના ઓછો પડત. કહો ત્યારે તે મંદિરમા શિવલિંગ કેટલાં અને વિષ્ણુની મૂર્તિઓ કેટલી હશે.

૩) એક માણસે પોતાને જકાત ઓછી ભરવી પડે તેટલા માટે પોતાના માલની કિંમત જેટલા રૂપીઆની કિંમતનો માલ હતો તેટલા ટકા સેંકડે ઓછી કહી. જકાત સેંકડે ૫ ટકા ભરવાની હોવાથી તે માણસને રૂપીઆ ૧–૩–૨⅔ જકાત ભરવી પડી. તે માણસે પોતાનો માલ પોતે ગણેલી કિંમત ઉપર સેંકડે ૨૦ ટકા નફો લઈ વેચવો હોય, તો

તેણે કેટલી કિંમતે તે માલ વેચવો જોઈએ ? (રોકેલી કિંમતમાં જકાતનો પણ સમાવેશ થાય છે.)

૪) એક વાડીમાં આંબા, દાડમડી, અને જમરૂખી મળીને કુલ ૩૦૦ ઝાડ છે. જમરૂખી કરતાં દાડમડી ચાર ગણી છે. કુલ ઝાડનો જે અપૂર્ણાંક આંબાની સંખ્યા છે તે અપૂર્ણાંકથી બાર ગણા રૂપીઆ આખી વાડીને એક વખત પાણી પાવાનો ખર્ચ પડે છે. દરેક ઝાડની આસપાસ ખાતર પૂરવાનો એક વખતનો ખર્ચ દર ઝાડે ૧૧$\frac{૩}{૬}$ પાઈ પડે છે. એક વરસમા દરેક ઝાડને છ વખત ખાતર પૂરવુ પડે છે અને છ વખત પાણી પાવુ પડે છે. આથી એક વરસમા સઘળા આબાને પાણી પાવાનો જેટલો ખર્ચ થાય છે તેના કરતાં સઘળા આબાને ખાતર પૂરવાનો ખર્ચ ૪૦ રૂપીઆ વધારે થાય છે દર વર્ષે દર આબે ૭ રૂપીઆ, દર દાડમડીએ ૪ રૂપીઆ અને દર જમરૂખીએ ૨ રૂપીઆ ઉપજ થાય છે, તો તે આખી વાડીની વાર્ષિક ઉપજ કેટલી હશે ?

આ ત્રણે નિયમોને છેડે આપેલા ઉદાહરણોના જવાબો—

નિયમ ૧ લો —

(૧) ૮૫ બળદ અને ૧૭ ગાય (૨) ૮૦ પુરુષો અને ૧૦૦ સ્ત્રીઓ. (૩) પાંડ ૫–૦–૯$\frac{૩}{૪}$ પેન્સ ય પાસેથી લેવા. (૪) ૭૫ ફુટ.

નિયમ ૨ જો —

(૧) ૫ લિંબુ અને ૬૦ નારંગી (૨) ત્રણે પાસેથી મળીને રૂપીઆ ૭૯–૩–૨$\frac{૧}{૨}$ વ્યાજ મળ્યું. (૩) રૂપીઆ ૧૪૪૦ કુલ ગણોત, અને રૂપીઆ ૪૭૨૦ કુલ ઉપજ. (૪) ૧૭$\frac{૧}{૨}$ દિવસ

નિયમ ૩ જો—

(૧) ત્રણે નળને ખુલ્લા રહેવાના કલાક અનુક્રમે ૧૨૦, ૮૦, અને ૪૦; અથવા ૫, ૩$\frac{૧}{૩}$, અને ૧$\frac{૧}{૩}$. (૨) ૧૮ શિવલિંગ અને ૧૨ વિષ્ણુની મૂર્તિઓ અથવા ૩ શિવલિંગ અને ૨ વિષ્ણુની મૂર્તિઓ. (૩) માલની કિંમત રૂ. ૬૦ હોય તો રૂ. ૭૩–૭$\frac{૧}{૨}$ આનાએ; અને માલની કિંમત રૂ ૪૦ હોય તો રૂ. ૪૯–૭$\frac{૧}{૨}$ આનાએ વેચવો. (૪) રૂપીઆ ૧૯૩૦ અથવા રૂ. ૧૭૬૦ આખી વાડીની વાર્ષિક ઉપજ.

પ્રાચીન ગુજરાતી ભાષાનું સાહિત્ય તો જૈનીઓ પાસેજ છે.*

(લેખક—ગોકુળદાસ નાનજીભાઈ ગાંધી—ટંકારા.)

આજ કાલ ગુજરાતી ભાષાની ઉત્પત્તિ અને સ્થિતિ સબંધી અનેક લેખો સાક્ષરવર્ગ તરફથી પ્રસિદ્ધ થાય છે છાપખાનાઓની બહોળાશને લીધે સાહિત્યની શોધને મદદ કરનારા અનેક કવિઓના તથા લેખકોના ગ્રંથો છપાઈને જાહેરમા આવ્યા છે. છપાઈને બહાર આવેલા ગ્રંથોને આધારે તથા મળી આવતા હસ્તલિખિત ગ્રંથોને આધારે હાલના સાક્ષરો ગુજરાતી ભાષાની ઉત્પત્તિ અને સ્થિતિ સબંધી અનેક અનુમાનો કરે છે. એ અનુમાનોમાં ખાસ ઉમેરો કરનારૂ એક આ અમારૂં અનુમાન પણ છે કે "પ્રાચીન ગુજરાતી ભાષાનું સહિત્ય તો જૈનીઓ પાસેજ છે." વધારામાં એટલું પણ અનુમાન કરી શકાય છે કે "ગુજરાતી ભાષાના મૂળ ઉત્પાદકો જૈનોજ છે."

આ લેખકને જૈનનો પક્ષપાત તેમ અન્યનો દ્વેષ એવુ કશુ નથી પણ જે સત્ય લાગે તે કહેવાની છૂટ તો દરેકને હોવી જોઈએ. કેટલાક કદાગ્રહીઓ પોતપોતાના ધર્મની વાત દાખલ કરીને ગુજરાતી ભાષાના ઉત્પાદકો વૈષ્ણવો છે, શૈવો છે, વગેરે ઊહાપોહ કરે છે એટલુજ નહિ પણ તે ઊહાપોહની સિદ્ધિ કરવાને અનેક પ્રમાણો પણ આપે છે. અમારે આવો કદાગ્રહ નથી કદાચ અમારૂ અનુમાન સર્વાંશે સાચુ ન પડે તો તેની અમારે દરકાર નથી, તોપણ એટલું તો અમે ખાત્રીથી કહીએ છીએ કે અમારૂં અનુમાન સર્વાંશે અસત્ય તો નહિજ થાય, બલકે સર્વાંશે નહિ તો ઘણે અંશે તો સત્ય થશેજ.

ગુજરાતી ભાષાના પ્રચારનું અને વ્યાપારનું ખાસ સ્થાન ગુજરાત અને કાઠિયાવાડ છે. ગુજરાત અને કાઠિયાવાડમા વિક્રમની દસમીથી ચૌદમી સદીની આસપાસ ઘણે ભાગે જૈનીઓની સર્વોપરિ સત્તા હતી, વેપારી

* આ વિષય જેના ઇચ્છા હોય તેને ચર્ચવા માટે જેવો મળ્યો છે તેવોજ છાપવામાં આવ્યો છે

શાહે તથા સગરામ ઓનીએ અને સમનિ તથા કુમારપાલ મહારાજાએ આબુ, પાલીતાણા, ગિરનાર, તારગાજી, સ્થંભેશ્વર, સમેતશિખરજી, કેશરીઆજી, વગેરે સ્થળે કરોડો બક્કે અબજો જેટલું દ્રવ્ય ખર્ચીને પાશ્ચાત્ય કારીગરોને પણ વ્યામોહ ઉપજાવનારાં, અદ્યાપિપર્યંત અખિલ વિશ્વમાં તેમના ઉત્પાદકોની સમૃદ્ધિની કીર્તિનું ગાન કરી રહેલાં દહેરાં બંધાવ્યાં હતાં, તથા જે સમયમાં લક્ષ્મીદેવીની સંપૂર્ણ કૃપાથી અને બુદ્ધિદેવીની સંપૂર્ણ મહેરબાનીથી ગુજરાત અને કાઠિયાવાડને વ્યાપારતંત્રથી તંત્રી લીધો હતો તથા જે સમયમાં દ્રવ્યલાલચુ વિપ્રો પણ જૈન વ્યાપારીઓથી દબાઈ ગયા જેવા જણાતા હતા તે સમયમાં ધર્મ, રાજ, વ્યવહાર વગેરે સ્થળોમાં જૈનોનું અગ્રેસરત્વ હોવાથી તેમની પ્રાકૃત ભાષાજ વપરાતી હતી. આ સમયમા જૈનોમાં ધર્મપ્રવૃત્તિ વિશેષ જાગ્રત થવાથી તથા તેમને રાજરાણાઓ અને શેઠીઆઓ તરફથી અપૂર્વ મદદ મળવાથી, જૈન મુનિરાજોએ હજારો અને સેંકડો નહિ કિંતુ લાખો ગ્રંથો પ્રાકૃત ભાષામાં લખ્યા હતા, તે લખાણોની પ્રવૃત્તિનો કાર્યક ચિતાર પાટણ, જેસલમીર, ખભાત, વગેરે સ્થળોના જૈનોના મહાન્ ભંડારોની નિરીક્ષા કરવાથી આવી શકશે.

એવું માની શકાય છે કે વ્યવહારમા પ્રાકૃત ભાષા વપરાઈ જવાથી તથા વંશપરંપરા રૂઢ થઈ જવાથી, સંસ્કૃત ભાષાને વળગી રહેનારા અવશેષ વર્ગને પણ પ્રાકૃત ભાષામાંજ ગ્રંથો લખવાની જરૂર જણાઈ તેથી તેમણે પણ પ્રાકૃત ભાષાને વધારે દીપાવવાને અનેક સંસ્કૃત શબ્દોનો તેમા ઉપયોગ કરીને, પ્રાકૃત–ગુજરાતી–ભાષામાં કેટલાંક કાવ્યો પ્રેમાનંદ, સામળ વગેરે કવિઓએ રચેલાં છે.

નરસિંહ મહેતા, મીરાબાઈ, પ્રેમાનંદ, સામળભટ, વગેરે વૈદિક સંપ્રદાયના અનુયાયીઓની કવિતાઓમાં તેમના પછળના એવકોએ ફેરફાર કરી નાખ્યો હોવાથી હાલમાં નરસિંહ મેહેતા વગેરેના પદોમાં જે ભાષા જોવામાં આવે છે તેવીજ ભાષા તે તે લેખકોની હયાતીમાં હતી કે નહિ તેને માટે તેમનાજ હિમાયતીઓને શંકા રહે છે.

જૈનોમાં જે જે કાળે જેવી જેવી પ્રાકૃત ભાષામા ગ્રંથો લખાયા છે તે ગ્રંથોમાં કાના માત્રાનો ફેરફાર કર્યા સિવાય જેમના તેમ અદ્યાપિપર્યંત જોવામાં આવે છે. તેમ થવાનું કારણ કેવળ ભાષાનું ગૌરવ જળવાઈ રહેવા

બાંતર તે તે સમયના વિદ્વાનોએ ગ્રંથોમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર કરનારને માથે મોટું અને અનિવાર્ય પ્રાયશ્ચિત્ત મૂકેલું છે. એ મહાન્ ભયથી જૈનો મૂળ ગ્રંથોમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર કરતાજ નથી. કોઈ પણ પ્રકારની ઘાલમેલ નહિ થએલ હોવાથી ચોવીસમે વર્ષ ઉપરનાં જૈન સૂત્રો મૂળ સ્થિતિમાંજ દૃષ્ટિગોચર કરી શકવા સકલ ગુજરાતી અને કાઠિયાવાડી પ્રજા ભાગ્યશાળી બની શકે છે.

ગુજરાતી સાહિત્યની પક્ષપાતવાળી અને અપૂર્ણ તપાસને લીધે કેટલાક સાક્ષરોનું માનવુ એવુ થયું હતુ કે ગુજરાતી ભાષાનો આદિ કવિ નરસિંહ મહેતો છે. કોઈ કોઈ કહાનડદે પ્રબંધના કર્ત્તાને પ્રાચીન માનતા હતા, પરતુ નિષ્પક્ષપાતપણે સંપૂર્ણ શોધખોળ કરતાં હવે સ્પષ્ટ અજવાળામા આવ્યુ છે કે ગુજરાતી ભાષાના ઉત્પાદકો જૈનોજ છે, અને નરસિંહ મહેતા તથા પ્રેમાનદ વગેરે કવિઓએ તો ફક્ત કાવ્યો રચીને ગુજરાતી ભાષાની સમૃદ્ધિમાં સારો ઉમેરો કર્યો છે.

કેટલાક સાક્ષરોનો એવો અભિપ્રાય જણાય છે કે ગુજરાતી ભાષામાં પ્રાચીન કાળમા ગદ્ય લખવાનો રિવાજ ન હતો, આ વિચાર કેવળ ભ્રાંતિમૂલકજ છે. જૈન સૂત્રો કે જે પાશ્ચાત્ય લોકોના માનવા પ્રમાણે પણ ચોવીસમો વર્ષની લગભગ બનેલા છે તે સૂત્રોમા ગદ્ય અને પદ્ય એ બને પ્રકારનું લેખન જોવામાં આવે છે. ભાવાર્થ એવો છે કે ચોવીસમો વર્ષથી પ્રાકૃત ભાષામાં ગદ્ય લખવાનો રિવાજ છે

હાલના પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાનને ઘણે ભાગે મળતું અને કેટલીક બાબતમા તેથી પણ ચઢતુ તત્ત્વજ્ઞાન જૈન સૂત્રોમાં હોવાથી તે બુદ્ધિશાળી જૈનોનાં સૂત્રો, ભાષા, અને તત્ત્વજ્ઞાનની ખાતર સાક્ષરોએ વિચારવાં જોઈએ —

શ્રીમહાવીરસ્વામી નિર્વાણ પધાર્યા પછી ઘણા વર્ષ સુધી, મહાવીરના શિષ્ય સુધર્માસ્વામિરચિત સૂત્રો, ઘણા જૈન સાધુઓ મુખપાઠે રાખતા હતા, એ સૂત્રો એટલા બધા બહોળા વિસ્તારવાળા તથા ગુહ્યાર્થવાળાં છે કે તેમના ઉપરજ વિચાર કરવામા મનુષ્યની જીંદગી પૂર્ણ થાય. આ કારણથી નવા ગ્રંથો બહુ થતા નહિ, કદાચ કોઈ નવા ગ્રંથો રચતું તો તે સૂત્રના અર્થ રૂપેજ રચતું શ્રી મહાવીરસ્વામીના નિર્વાણ પછી એકસો સિત્તેર વર્ષ શ્રી ભદ્રબાહુસ્વામી સ્વર્ગે પધાર્યા છે તેમણે સૂત્રો ઉપર નિર્યુક્તિઓ પ્રાકૃતમાંજ રચી છે તથા ભાષ્ય રચાયા છે. કાલક્રમે મનુષ્યોની

સ્મરણશક્તિ મંદ પડી તેની સાથે પ્રમાદાદિ કારણોને લીધે કેટલીક વિદ્યાનો લોપ થવાથી, યાદદાસ્ત ઉપરથી તમામ સૂત્રો રીતસર તાડપત્રાદિ ઉપર લખી લેવાની જરૂર જણાઈ, તેથી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ સુધિના પ્રમુખપણા નીચે, શ્રીમહાવીરનિર્વાણ પછી લગભગ નવસો વર્ષે, કાઠિયાવાડમા આવેલા શ્રી વલ્લભીપુર પાટણમાં જૈનોનો મોટો સંઘ મળ્યો અને લગભગ તેર વરસ સુધી સૂત્રો લખવાનું કામ ચાલ્યું. આથી આજથી પંદરસો વર્ષ ઉપર પણ ગુજરાત અને કાઠિયાવાડમાં જૈનોનું સામ્રાજ્ય હતું એ સિદ્ધ થાય છે.

કાળાંતરે મૂળ પ્રાકૃત સાહિત્ય ઓછુ થઈ જવાથી તથા જે અવશેષ રહ્યું તે સમજવુ કઠિન લાગવાથી, ધર્મભાષા તથા વ્યવહાર ભાષાનુ ગૌરવ જાળવવાની ખાતર જૈન મુનિઓને પ્રાકૃત તથા સંસ્કૃતમાં હજારો જેટલા મહાન્ ગ્રંથો રચવાની જરૂર જણાઈ અને તે પ્રમાણે રચ્યા પણ ખરા. મેરૂતુંગ, અભયદેવ, હરિભદ્ર, સિદ્ધસેન, માનતુંગ, ક્ષમાશ્રમણ, હેમાચાર્ય, વગેરે મહાન્ વિદ્વાનોએ હજારો ગ્રંથો નવા રચ્યા છે. અભયદેવ સૂરિએ મૂલસૂત્રો ઉપર સંસ્કૃતમાં ટીકા લખી છે, શ્રી હરિભદ્ર સૂરિએ ષડ્દર્શનસમુચ્ચય વગેરે ચૌદસો ને ચુમાલીસ ગ્રંથ રચ્યા છે વિક્રમ સંવત ૧૧૯૯ મા થયલા મહારાજા કુમારપાળના સમયમા થયલા પ્રસિદ્ધ પંડિત હેમાચાર્યજીએ સિદ્ધહેમવ્યાકરણ, યોગશાસ્ત્ર, વગેરે ગ્રંથોમા મળી સાડાત્રણ કરોડ શ્લોક નવા બનાવ્યા હતા, અઢાર પુરાણ તથા એક લાખ શ્લોકવાળા મહાભારતના મળીને જ્યારે કુલે સાત લાખથી વધારે શ્લોકો થતા નથી, જ્યારે શ્રીમાન્ હેમચંદ્રજીએ સાડાત્રણ કરોડ શ્લોકો બનાવેલા છે એ ખરે ખર તે વખતની જૈનધર્મની જાહોજલાલીનું દિગ્દર્શન કરાવે છે હેમચંદ્રના વ્યાકરણ ઉપરથી તે વખતની પ્રાકૃત-દેશભાષાનુ ભાન થઈ શકે છે. હેમચંદ્ર પછી મેરૂતુંગ, ઉદયવંત, લાવણ્યસુંદર, સમયસુંદર, ઉદયરત્ન વગેરે કવિઓ થયા છે તેમણે રચેલા પ્રાકૃત-દેશી-પ્રબંધો, રાસાઓ, વગેરે ઉપરથી તે તે સમયની ભાષા કેવા વિકારને પામી હતી તે સમજી શકાય છે.

હવે સુજ્ઞ અને નિષ્પક્ષપાતી સાક્ષરોને સમજાયું હશે કે હાલની ગુજરાતી ભાષાના ઉત્પાદકો જૈનોજ છે અને તેનું પ્રાચીન એટલે આજથી ચોવીસસે વર્ષ સુધીનું ઘણુંખરૂં સાહિત્ય જૈનો પાસેજ છે. બે હજાર વર્ષ ઉપરનું જૂનું પ્રાકૃત સાહિત્ય જૈન સિવાયની બીજી કોઈ પણ સંસ્થા પાસે

અતિવિસ્તૃત પ્રદેશમાં નથીજ. વિસ્તૃત તો શું પણ સંક્ષેપ પ્રદેશમાં પણ નથી. જૈનો પાસે મહાવીરનિર્વાણથી તે આજ દિવસ સુધીનું ઘણુંખરૂં સાહિત્ય સાલવાર છે, એ સાલવાર સાહિત્યમાંથી કેટલાક ફકરાઓ નમુના દાખલ આ નીચે આપવામાં આવે છે, તે ઉપરથી ગુજરાતી એટલે પ્રાકૃત કે દેશ્ય ભાષા કેવા કેવા વિકારને પામેલી છે તે સહજ રીતે સમજી શકાશે.

શ્રીમહાવીર સ્વામીને નિર્વાણ પધાર્યાને આજે ૨૪૩૯ વર્ષ થયાં છે. મહાવીરની પૂર્વે ૨૫૦ અઢીસો વર્ષે શ્રીપાર્શ્વનાથ સ્વામી થયા હતા.

શ્રીમહાવીર સ્વામીની પાટે, શ્રીગૌતમના ગુરભાઇ સુધર્માસ્વામી બેઠા તેમણે ચોસઠવર્ષ પાટ ભોગવીને સૂત્રો રચેલા છે તે પૈકીના નમુનાઓ:-

(૧) સ્થાનાંગ સૂત્રે—**एगे आया**—આત્મા એક છે; **एगा किरिया**—ક્રિયા એક છે; **एगे लोए**—લોક એક છે; **एगे अलोए**—અલોક એક છે, **एगे परिनिव्वाणे**—નિર્વાણ એક છે, **वेए वयसार तिविहे पन्नत्ते तंजहा रिउव्वेए जजुव्वेए सामवेए**—વૈદિક વ્યવહાર ત્રણ પ્રકારે છે, રૂગ્વેદમાં, યજુર્વેદમાં, સામવેદમાં, **तिविह अंते पन्नत्ता तंजहा लोगंते वेयंते समयंते**—ત્રણ પ્રકારે અંત કહ્યો છે. લોકાંત તે ચૌદ રાજ્ય લોકનો અંત, વેદાંત તે ચાર વેદનું રહસ્ય, અને સમયાંત તે જિનપ્રણીત સૂત્રોનો અંત, "**तासिण मणि पेढियाण उवरिं चत्तारि जिण पडिमाउ**" તે મણિપીઠિકા ઉપર ચાર જિનની પ્રતિમાઓ છે. **सपलि अकणिसणाइथूभामि मुहीउ चिठंति**—પર્યંકાસને બેઠી છે સ્તૂપ સામી રહી છે. **तंजहा रिसभा वद्धमाणा चंदाणणा वारिसेणा**—તે રિષભ કે ઋષભ, વર્ધમાન, ચંદ્રાનન, અને વારિષેણ (નામની ચાર જિન પ્રતિમાઓ અજન પર્વત ઉપરની). **पंच विहे सोए** પાંચ વિધ શૌચ (કીધેલું છે.) **पुढवि सोए आउसोए तेउसोए मंतसोए बंभसोए**—પૃથ્વીથી (માટીથી) શૌચ, પાણીથી શૌચ, અગ્નિથી શૌચ, મંત્રથી શૌચ, બ્રહ્મચર્યથી શૌચ, **पंच महव्वइए सपडिक्कमणे अचेल धम्मे पण्णत्ते**—(સાધુને) પંચ મહાવ્રત, પ્રતિક્રમણ સહિત અચેલ (વસ્ત્ર રહિત) ધર્મ કહ્યો છે, **पजो-सवणा कप्पे**—પર્યુષણા કલ્પ.

(૨) ગયપસેણી સૂત્ર—ગદ્યો,

तेण कालेणं तेणं समयेणं । आमलकप्पाणं णयरी होत्था—તે કાલને વિષે તે સમયે આમલકલ્પા નામે નગરી હતી. **सेउराया धा**

रिणी देवी—श्वेत राजा हतो अने धारिणी पटराणी हती. सामी समोसरे—स्वामी (महावीर) समोसर्या

तेणं कालेणं तेणं समयेणं सूरियाभदेवे, सोहम्मेकप्पे सूरियाभ विमाणे सभाए सुहम्माए सूरियंभसि सीहासणंसि, चउहि सामाणिय साहसीहि चउहिं अग्गमहिसीहिं सपरिवाराहि तेहिं पुरिसाहि सत्तहि अणियाहिवईहिं सोलसहिं आयरक्खदेव साहस्सीएं अन्नेहिय बहुहिं सूरियाभ विमाण वासीणं वेमाणीएहि देव देवी हिय सद्धिं सपरिवुडे ४०

ઉપરના ગદ્યનો અર્થ સ્વામી મેઘરાજજીએ સંવત્ ૧૭૩૨ માં લખ્યો છે તેમાં ફેરફાર કર્યા વિનાજ આપીએ છીએ.

" તેણઈ કાલિઈ અવસર્પણીના ચોથા આરાનઈ છેહડઈ જેણઈનો અવસરિ ભગવત આમલકપ્પાઈ પધારીય સૂર્યાભનામ દેવ સોધર્મા કલ્પનઈ વિષઈ એતલઈ પહિલઈ દેવલોકિ સૂર્યાભ વિમાનઈ વિષઈ સભા સોધર્મનઈ વિષઈ સૂર્યાભ નામઈ સિંહાસન નઈ વિષઈ ચ્યાર સામાનિક સહસ્રનઈ સાથઈ ચ્યાર અગ્ર મહિષી પટરાણી સાથઈ તે અગ્રમહિષી પરિવાર સહિત કરી ત્રણિ પરિષદા અભ્યતર પરિષદા સહિત સાત પરિષદા સહિત સાત કટકના ધણી સાથઈ તે કેહા ગધર્વ ? નાટિક २ હાથી ३ ઘોડા ४ રથ ५ મહિષાનીકાતિ ६ રષભ ७ સોલઈ સઈ આત્મરક્ષક દેવતા સહસ્ર સાથઈ અનેરઈ પણઈ ઘણઈ સૂર્યાભ વિમાન વાસીઈ વિમાન સબંધીઈ દેવઈ દેવી ! સાથઈ પરવરિયા ઉપકરિ–ઇત્યાદિ.

तेसिणं थूभाणं चउदिसि पत्तेयं २ मणिपेढियाउ पण्णत्ताउ तातोणं मणिपेढियातो अट्ठजोयणाइ आयामविक्खंभेणं चत्तारि जोयणाइं बाहल्लेणं सव्वमणीमती अ-

त्थाउ जावपम्हिरुवातो तासिणं मणिपेढियाणं उवरिं च-त्तारिं जिणपम्हिमाउ जिणुस्सेहपमाणमेत्तात्तोमं पलियं-कणिसणाउ थूभाभिमुहातो मणिखित्ताउ चिट्ठन्ति ।

ઉપરના પ્રાકૃત—મૂળ ગુજરાતી—નો સવત્ ૧૭૩૨ મા લખાયલો અર્થ —" તેહનઇ ચૂમનઇ ચિહુ દિસિઇ પ્રત્યેકઇ મણિપીઠિકા કહી તેહ મણિપીઠિકા આઠ યોજન લાંબ પણઇ પિહલપણઇ ચ્યાર યોજન જાડ પણઇ સર્વ મણીમયી છઇ નિર્મલ ઘઠારીમઠારી ભલું રૂપ છે તહન મણિ પીઠકા નઇ ઉપરિ ચ્યાર જિન પ્રતિમા છઇ તેહ જિન પ્રતિમા તીર્યંચનઉ ઊચપણઇ છઇ જઘન્ય સય હાથની ઉત્કૃષ્ટા પાચસૈ ધનુષ પ્રમાણ છઇ પદ્માસણઇ બઇઠી ચૂમ સાહમુ મુખ કરી રઇ । ઇહી કહઇ છઇ "

तासिणं जिणपम्हिमाणं उभउपासे पत्तेयं २ चा-मर धार पम्हिमाउ पणत्ता—

" તેહનઇ જિન પ્રતિમાનઇ બિહુ પાસઇ પ્રત્યેકઇ ચામર ધારક પ્રતિમા કહી. "

सूरियाभ विमाण वासीहिं देवेहिं देवीहिय सद्धिं संपरिवुडे सव्वड्ढीए जावणातियरवेणं जेणेव सिद्धाययणे तेणेव उवागच्छइ जिणपम्हिमाणं आलोएपणामं करेति

" સૂર્યાભ વિમાનવાસી દેવીનઇ સાથઇ પરિવરયુ થકુ સઘલી ઋધિ સર્વ બલઇ સવ વાજીત્ર વાગતર થકઇ જિહા જિન પ્રાસાદ તિહાં જાઇ જિન પ્રતિમાનઇ દીઠઇ થકઇ પ્રણામ કરઇ. "

(૩) ભગવતી સૂત્ર —મૂલ પ્રાકૃત ૨૪૦૦ વર્ષ ઉપરનું અને તેના અર્થ સાત્ ૧૮૨૭ મા લખાયા છે

-અપૂર્ણ.

ચર્ચાપત્રો.

મિ. ગુલાબદાસ મનોરદાસ—કેટલીક વનસ્પતિને ફૂલ વિના ફળ આવે છે. વડ, પીંપળા, પીપળો વગેરે વનસ્પતિને ફુલ માલમ પડતા નથી, તો તેમનાં સ્ત્રીકેસર તથા પુકેસર કયા ભાગમા રહેતાં હશે? ને બીજાશયો કઈ ગર્ભનળીમા ઊતરી તેનાં ફળ લાકડી સાથે બઝાડે છે?

ઉ-તર.

જેને વડના ટેટા કહીએ છીએ તે વડના ફળ છે એમ સાધારણ રીતે મનાય છે, પણ વસ્તુત તે ખરૂ નથી ફુલ અને ફળ તો ટેટાની અંદર રહેલા છે અને સૂક્ષ્મ છે, મતલબ કે ટેટો એ ફુલો અને તેમાંથી બનેલા ફળોનો એક સમૂહ (પુષ્પાધાર) છે. કાચો ટેટો ફોડીને મૅગ્નિફાયર (બૃહદર્શક કાચ) વડે જોઈ શુ તો તેમાં નાના નાના ભાગો જુદા જુદા માલમ પડશે તે બધા ફુલો છે. ઘણુ કરીને ટેટાઓ પાકી ગયા પછી જોવામા આવે છે, તે વખતે અદરના ફુલો ફળના રૂપમાં આવી ગયાં હોય છે, અને ફક્ત બારીક બીજ જેવા ફળજ માલમ પડે છે

દરેક ટેટામાં નર તેમ માદા બને જાતનાં ફુલો હોય છે. બારીકીથી તપાસતા માલમ પડશે કે ટેટાને એક મુખ અથવા છિદ્ર હોય છે, તે ઘણુ કરીને લીલા સૂક્ષ્મ પત્રોથી ઢંકાયલું હોય છે. તે મુખની પાસે ઘણુ કરીને નર ફુલો હોય છે, અને પછી માદા હોય છે. તેના પુકેસર તથા સ્ત્રીકેસરો સફેદ ચળકતા ફેરી રંગના હોય છે અને પારદર્શક જેવા દેખાય છે. એમા બે જાતના સ્ત્રીપુષ્પો હોય છે, ખોટા અને ખરા. ખોટાની નલિકા ટુકી અને ખરાની લાબી હોય છે.

ઉપર કહેલા મુખવાટે સૂક્ષ્મ જંતુઓ આવજા કરી શકે છે, ને સ્ત્રીકેસરને પરાગ પૂરો પાડે છે. આ છિદ્ર ન હોય તો ટેટા પકિ નહિ, તેથી કુદરતી રીતે અજર કે ટેટાને છિદ્ર કોઈ વખત હોતા નથી, તો માળીઓ સળીથી છિદ્ર પાડે છે.

પીપળાના પેપડા અથવા પેપડી કહેવાય છે તે પણ ઉપર પ્રમાણે ફળ નથી પણ પુષ્પાધાર છે, અને તેની અદર પણ નર તથા માદા એમ બને પ્રકારના ફુલો હોય છે, તે પાકેથી ફળનુ રૂપ ધારણ કરે છે વડના ટેટાની માફક એ પેપડાને પણ મુખ અથવા છિદ્ર જેવું હોય છે, અને નર-

ફૂલ મુખની આગળ, અને માદા પાછળ હોય છે. ટેટા અને પેપડાના પુષ્પાધાર ઘણી બાબતમા લગભગ સરખાં છે. કાચા પેપડા તપાસી જોવાથી ફૂલ સ્પષ્ટ માલમ પડી આવશે.

કેળવણીખાતાની ખબરો.

(મે. ઉ ભા. ના એ. ઇ સાહેબના તા. ૭ મી મે ૧૯૧૩ ના હુકમ નં. ૧૨૭૭ ઉપરથી)

એક વિદ્યાર્થી નિશાળમા ખરેખર આવતા છતા કેટલાક દિવસ સુધી તેને ગેરહાજર પૂરવા માટે, તથા નિશાળના રજિસ્ટરમાંથી તેનું નામ કાઢી નાખવા માટે ખેરડા તાલુકે આણંદના ફા. ૧૧ ના શિક્ષક મથુરભાઇ ખુશાલભાઈને પાયગી ઉતારી સખ્ત ચેતવણી સાથે સખ્ત મુખ્ય મદેતાજીના હાથ નીચે આસિસ્ટંટ તરીકે જન્મભૂમિથી દૂર ખસેડવામાં આવ્યા છે.

૨. નિયમનો આવા ભંગ કરનાર શિક્ષક ખાતામાંથી કાઢી મુકાવાને પાત્ર થશે.

(સહી) R. P. Godbole
એ. ઇ. ઉ. ભા.

જાહેર ખબર.

મે. ઉ. ભા. ના એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર સાહેબના તા. ૨૩ મી એપ્રિલ ૧૯૧૩ ના હુકમ ન. ૭૫૨ ઉપરથી)

જૂની ગુજરાતી સૅનિટરિ પ્રાઇમર (આરોગ્યવિદ્યા) ની ફરી છપાયલી ત્રીજી વધારાની આવૃત્તિ કેળવણીખાતાના મહેરબાન ડિરેક્ટર સાહેબે પસંદ કરી છે, અને નિશાળોમાં તથા લોકોને તે આપવાની મંજુરી આપી છે.

R. P. Godbole
એ. ઇ ઉ. ભા.

આથી ખબર આપવામા આવે છે કે—અમદાવાદ મ્યુનિસિપલ પ્રાઇમરિ નિશાળોમાં રૂા ૧૨ ના પગારની અને રૂા ૧૫ ના પગારની કેટલીક જગાઓ અનુક્રમે પહેલા અને બીજા વર્ગમાં પાસ થયલા ટ્રેન્ડ શિક્ષકોથી પૂરવાની છે, માટે જેમને તે લેવાની ખુશી હોય તેમણે પોતાના

પંચમહાલ વિભાગ.

રાહેરા—બાબુ મહેતાબુદ્દીન તથા બાબુ કરમઇલાહી રૂા. ૭), સ્કુલ કમિટિના મેમ્બર રૂા. ૧) મીઠાઈ. **વેજલપુર**—ઠાકોરશ્રી કુવરસાહેબ બાપુસાહેબ રૂા ૧૨) કાપડ તથા મહાસુખભાઈ રૂા ૨) મીઠાઈ. **લુણાવાડા**—મહારાજા સાહેબ રૂા. ૧૩) પતાસા તથા રૂા. ૨૨-૧૪-૦ પુસ્તકો. **સુંથ**—મહારાજાશ્રી જોરાવરસિંહજી રૂા ૭-૮-૦ પુસ્તકો મીઠાઈ. રૂા. ૨૧) કાપડ કન્યાશાળામા **વેજલપુર**—ભગરીઆના ઠાકોર સાહેબ વગેરે રૂા. ૭) મીઠાઈ. **વરધરી**—દિવાન સાહેબ રૂા ૪) ઇનામ. **ઘોઘમ્બા**—જયશંકર ધનસુખનામ રૂા ૯) મીઠાઈ વગેર, સૌ. ગણા સાહેબ રૂા ૪) મીઠાઈ. **સુંથ**—શ્રી મહારાજા સાહેબ રૂા. ૩૬) ઇનામ.

ભરૂચ વિભાગ.

અગારેશ્વર-પટેલ બહેચર નાનસંગ તથા ઇશ્વરભાઈ પરશોતમ તથા ભાઇજીભાઈ ભગવાનભાઈ રૂા. ૧૫) સ્કુલ જમાડી-ઝણોગ વજેસિંહ અમીરસિંહ રૂા. ૩) ચોપડીઓ વહેંચી. **કહાનવા**—મે. કલેક્ટર સાહેબ રૂા ૪) મીઠાઈ, પટેલ નારણજી ડાહ્યારામ રૂા. ૩-૮-૦, પટેલ મણીભાઈ ખંડારભાઈ રૂા ૩-૮-૦ પટેલ કાકાભાઈ લાલદાસ રૂા ૩-૮-૦ પુસ્તકો, પટેલ મણીભાઈ ખંડારભાઈ રૂા ૨૩) વાગતુ ઘડીઆળ તથા મીઠાઈ.

અમદાવાદ વિભાગ

અમદાવાદ મ્યુ સ્કુ ન ૨-ભગુભાઈ શંભુનાથ દેશાઈ રૂા. ૧૫) પેડા વહેચ્યા **સીતાપુર**—માવજીદાસ જેઠીદાસ રૂા ૪-૮-૦ કાપડ તથા મીઠાઇ અમદાવાદ મ્યુ સ્કુ. ન. ૨ મહેતાજી મોતીલાલ મહાશંકરના વિધવા બાઈ આધાર રૂા. ૧૫) પુસ્તકો મ્યુ. સ્કુ. ન. ૧૫) પટેલ નાનાલાલ રણછોડ રૂા. ૫) ઇનામ.

રાજપીપળા વિભાગ.

પાણેથા—કન્યાશાળા અમીન બાપુલાલ હરગોવિન્દદાસ રૂા. ૨૩-૧૨-૦ કાપડ વહેચ્યુ.

કાઠિયાવાડ વિભાગ.

આટકોટ—ગામ લોકો રૂા. ૧૭-૧૦-૬ ઇનામ તથા મીઠાઈ.

રાધનપુર સ્ટેટ.

પંચાસર—શેઠ આશાભાઈ અમરતલાલ શાકર વહેંચી.

અપૂર્ણ.

REGISTERED NO. B. 43

અંક ૧લો. પુસ્તક ૫૩મું.

Gujarat School Paper.

ગુજરાત શાળાપત્ર.

જાન્યુઆરિ, ૧૯૧૪.

વિષય. અનુક્રમણિકા. પૃષ્ઠ.

૧. ગત વર્ષનું આત્મનિરીક્ષણ. ... ... ૧—૫
૨. લાગા સમયથી ધારેલું કાશી. (અ. ક ત્રિવેદી).. ૫-૧૪
૩. નોબલ પ્રાઇઝ. ૧૪-૧૫
૪. સને ૧૯૧૩નું આનન્દપર્યટન.. ... ... ૧૫-૨૫
૫. પંચાગ. ૨૬-૨૭
૬. સને ૧૯૧૩માં કૉલેજમાં અપાયલાં ઇનામો... ૨૮-૨૯
૭ વડોદરાનું કલાભવન. ૨૯
૮ ચર્ચાપત્રો ૩૦-૩૪
૯. કેળવણીખાતાની ખબરો... ... ... ૩૪-૩૮
૧૦. નિશાળોના ઇનામપત્રક... ... ... ૪૦-૪૦

તંત્રી (ઑગસ્ટ, ૧૯૦૨થી)—અને
પ્રો. ખ. કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી, બી. એ
મોરસપલે, પ્રે. રા. ટ્રેનિંગ કૉલેજ—અમદાવાદ.

કેળવણીખાતાના હુકમથી.

(સર્વ હક્ક સ્વાધીન રાખ્યા છે).

અમદાવાદ—પુનાઇઠ કંપનિ લિ. પ્રેસના મૅનેજર મોહનલાલ મુલચંદ શાહે છાપ્યું.

ગયા માસમાં છપાયલાં ધોરણો સંબંધી શુદ્ધિપત્ર.

પુ ૫૨ પૃ. ૪૪૪. લીટી દશમીમાં 'રાજકીય ભૂગોળ' એ શબ્દો પછી અર્ધવિરામ મૂકવુ, અને લીટી ૧૧મીમા 'વગેરે સાથે' પછી પૂર્ણવિરામ મૂકવુ.

પૃ. ૪૪૫ લીટી ૭મીમાં 'સાદું પદચ્છેદ' ત્યાર પછીનો (વાકયના બે મુખ્ય ....બનાવવા) એ ભાગ કમી કરવો

પૃ ૪૪૮ લીટી ૪થીમાં 'આખા વર્ષની' એ શબ્દો કમી કરવા.

પૃ. ૪૫૦ લીટી ૧૭ તથા ૧૮મા 'લીટીઓ આવે' ને બદલે 'લીટીઓ વધારે આવે' એમ વાચવુ.

પૃ ૪૫૬. ત્રીજા ધોરણના વિભાગ ૬ મા 'ડીપ' ઉમેરવી, અને ૯મી લાટીમા પૃ ૫૭ ને બદલે ૧૨૭ વાંચવુ.

પૃ. ૪૫૪. છેલ્લી લીટીમા 'ગુનાનુ ડાખળું' છે તેને બદલે એકલુ 'ડાખળુ' વાચવા

હુન્નર ઉદ્યોગની કેળવણી.

તમોને શું ફાયદો કરેછે ?

થોડા ખરચમાં ટુક અભ્યાસથી સારી ચાકરી જલદી મળી શકે છે. દેશનો હુન્નર ઉદ્યોગ વધતો જવાથી કેળવાયલા કારીગરોની મોટી માગણી થતી જાય છે તમોને કલેરીકલ અથવા બીજી લાઈન પસંદ ન હોય તો આ જાતની કેળવણી તરફ લક્ષ આપો દરેક ગરીબ અને સમજુ માબાપે પણ ગાડરીઆ પ્રવાહની માફક નહી ચાલતાં તેની તરફ લક્ષ આપવાની જરૂર છે.

રણછોડલાલ છોટાલાલ ટેકનીકલ ઈન્સ્ટીટયુટમાં એનજીનીયરીંગ, સ્પીનીંગ અને વીવીંગ ખાતાનું સંગીન શીક્ષણ ત્રણ વરસ સુધી આપવામા આવે છે અને લાયક વીદ્યાર્થીઓને સ્કોલરશીપો મળે છે નવા વીદ્યાર્થીઓની પ્રવેશક પરીક્ષા આવતા જાનેવારી માસની તા. ૬ અને ૭મીએ થનાર છે, માટે તેમાં દાખલ થવા ઈચ્છનારાઓએ વિગતવાર બોધકપત્ર અરધા આનાની ટીકીટ મોકલી મગાવી લેવું.

કાલુપુર પોસ્ટ, અમદાવાદ.

गुजरात शाळापत्र.

પુસ્તક ૫૩મું. જાન્યુઆરિ, ૧૯૧૪. અંક ૧લો.

૩.ત વર્ષનું આત્મનિરીક્ષણ:—પ્રભુકૃપાના પ્રભાવથી આ માસિકનું પરમુ વર્ષ પૂરૂં થઈ પરમુ બેઠુ છે મનુષ્યે હમેશ પોતાના કાર્યનું આત્મનિરીક્ષણ કરતા રહેવું જોઈએ. દિવસે જે જે કાર્ય કર્યા હોય તેની રાત્રીએ સૂની વખત પરીક્ષા કરવી. જે સારા કૃત્ય થયાં હોય તેને માટે ઈશ્વરનો ઉપકાર માનવો જોઈએ અને જે કંઈ દોષ કે અપકૃત્ય થયા હોય તેને માટે તેની ક્ષમા યાચવી જોઈએ. આવી ટેવથી તે હમેશ કુમાર્ગથી નિવૃત્ત થઈ સન્માર્ગે પ્રવર્તશે, તેની ચિદ્વૃત્તિ શુદ્ધ રહેશે, અને દુર્વિકારનું બળ વધવા પામી તેને અશુદ્ધ કે નિર્બળ કરી શકશે નહિ. જેમ દિવસના કાર્યનું રાત્રીએ નિરીક્ષણ કરવુ આવશ્યક છે, તેમ વર્ષના કાર્યનું વર્ષને અન્તે કે બીજા વર્ષને આરંભે આવશ્યક છે. આ ન્યાયને અનુસરી દરેક સરકારી કે ખાનગી સંસ્થાનો વાર્ષિક વૃત્તાન્ત બહાર પડે છે અને દરેક વ્યક્તિ કે પેઢી ગત વર્ષનો હિસાબ કાઢે છે અને તેમાંથી ચેતવણી લઈ નવીન વર્ષ આરંભે છે એજ ન્યાય પ્રમાણે આ માસિકના નૂતન વર્ષને આરંભે ગત વર્ષનું પુનરવલોકન કરવાનો પ્રચાર રાખ્યો છે આથી તેમાં ચર્ચેલા ઉપયોગી વિષયોનું શિક્ષકવર્ગને દિગ્દર્શન થાય છે ને તેમની દૃષ્ટિબહાર કોઈ વિષય ગયો હોય તેનું તેને ભાન થાય છે 'વાચનમાળાના ખુલાસા' દરેક અંકમા આપવાનો વિચાર કર્યો હતો અને તે પ્રમાણે પ્રથમ ચાર અંકમાં આપ્યા છે. પરંતુ પાછળથી જગાના સંકોચને લીધે દરેક અંકમાં આપી શકાયા નથી તોપણ તેનો બદલો 'ચર્ચાપત્રો અને તેના ખુલાસાથી ઘણે અંશે વાળ્યો છે. 'વનસ્પતિશાસ્ત્ર' નો નવો વિષય આરંભ્યો છે અને ચિત્રો સાથે રસિક ને સરળ થાય એવી રીતે ચર્ચવા ધાર્યો છે. શિક્ષકો તરફથી આવેલા અગત્યના વિષયો પણ દાખલ કર્યા છે. 'વનસ્પતિવર્ણન,' 'પ્રાણિવર્ણન', અને ભૂગોળને લગતા વિષયો શિક્ષકોને સામાન્ય જ્ઞાન વધારવામાં ઉપયોગી થઈ પડશે. 'કાવ્યસંપત્તિનું દિગ્દર્શન' એ વિષય થોડો

થોડો આપી પૂરો કરવામા આવ્યો છે. કવિતાની ખુબી સમજવા માટે એ વિષયનું થોડુંક જ્ઞાન દરેક શિક્ષકને આવશ્યક છે; અને સારા શિક્ષકોને એમા રસ પડશે એવી ખાતરી છે. એ વિષયને અન્તે ગુજરાતી કાવ્યોમાંથી દાખલાઓ આપી એ વિષયના જ્ઞાનનો ઉપયોગ કેવી રીતે કરી શકાય તે તેમાં દર્શાવ્યુ છે આશા છે કે એ વિષય ઉચ્ચ વર્ગના શિક્ષકોમાં કેટલેક અંશે સહૃદયતાનાં બીજ રોપશે.

આ વર્ષમાં 'ચર્ચા' વિષે નવીન રૂઢી દાખલ કરવા ધારી છે. શિક્ષકોને જે બાબતોનો સંશય હોય તેને લગતાં ચર્ચાપત્રો તેમણે લખી મોકલવાં તેમાંના છાપવા જેવાં લાગશે તે છાપવામાં આવશે તેનો ખુલાસો ગયે વર્ષે અમે કર્યો છે તેમ કરવાને બદલે શિક્ષકો પાસેથી મગાવવામાં આવશે; અને જેમનો ઉત્તમ લાગશે તેમનો સુધારાવધારા સાથે દાખલ કરવામા આવશે આથી શિક્ષકોમા સ્પર્ધા ઉત્પન્ન થઈ અભ્યાસની વૃત્તિ જાગ્રત્ થશે અને તેમના જ્ઞાનમાં વધારો થશે. શિક્ષકે જીવનપર્યન્ત શિષ્ય રહેવું જોઈએ એમ નહિ થાય તો તે અમુક ઘરડમા પડી પોતાનું કાર્ય અમુક ઘાટીથી જ કર્યા કરશે, તેમાં ઘટિત ફેરફાર કે સુધારો કરી શકશે નહિ, અને તેની જ્ઞાનમર્યાદા ઘણી સકુચિત રહેશે. તેને જ્ઞાન પ્રાપ્ત કરવામાં આનન્દ ઉત્પન્ન થયો હશે, વાચનમા રસ લાગતો હશે, ટુકામાં જ્ઞાનનું વ્યસન લાગ્યુ હશે, તો તેને આવી ચર્ચાઓના ખુલાસા કરવાનું મન થશે. પ્રાથમિક, માધ્યમિક, તેમજ ઉત્તમ શાળાઓમા ઘણાજ થોડા શિક્ષકો આવા હોય છે. પરતુ બધા એવા હોવા જોઈએ અને એવા થાય ત્યારેજ તેઓ પોતાની પદવીને શોભાવશે, પ્રતિષ્ઠામાં વૃદ્ધિ કરશે, અને આગામિની પ્રજાનુ કલ્યાણ કરી દેશના અભ્યુદયના બીજ રોપશે.

નવીન વર્ષની લહાણી તરીકે એકજ ઉપદેશ આપવા માંગુ છું, 'તે એ કે તમારે તમારૂં ને તમારા શિષ્યોનું જીવન સુધારવું હોય તો સારી ટેવ કેળવો આ ઉપદેશ ટુકો છે, પણ ઘણો વ્યાપક છે. મનનો સ્વભાવ એવો છે કે કોઈ પણ કાર્ય એકબે વાર કર્યાથી તે કરવા માટે એની મેળેજ એનું વલણ થાય છે કાર્યના આવા અભ્યાસથી ટેવ બધાય છે અને બધાયા પછી દિવસે દિવસે તેનું બળ વધતુ જાય છે તે એટલે સુધી કે પછી મનુષ્ય એ ટેવનો દાસ–રે ગુલામ થઈ જાય છે. તેને તેમ કર્યા વગર ચહેન

પડતું નથી અને તેના સખ્ત અધિકાર અને કબજામાંથી સાધારણ રીતે તેનાથી મુક્તિ મેળવી સ્વતન્ત્ર થવાતું નથી સાધારણ રીતે એમ કહેવાનું કારણ એટલુંજ કે અમુક ટેવ સ્થાપવી બહુ અઘરી નથી, પરંતુ તે સ્થપાયા પછી એવી તો દૃઢમૂળ થાય છે કે તેને નિર્મૂલન કરવાનું કાર્ય ઘણુંજ કઠણ થઈ પડે છે ને તે થોડાજ કરી શકે છે. આ ઉપરથી સમજાશે કે સારી ટેવનાં બીજ રોપવાં, પોષવાં, ને કેળવવાં એ દરેક પુરુષનું કર્તવ્ય છે અને એ કામ જેવું બાલ્યાવસ્થામા થઈ શકે છે તેવું મોટી ઉમ્મરે થઈ શકતું નથી, માટે એનાં યોગ્ય સ્થળ ઘર ને નિશાળ છે. માબાપ અને શિક્ષકોએ ઉપદેશથી અને તેથી વિશેષ પોતાના દાખલાથી બાળકોમાં સારી ટેવ સ્થાપવી. સારી ટેવ કઈ ને નઠારી ટેવ કઈ તે સર્વ સમજે છે ને તેને માટે કોઈને સમજાવવાની જરૂર નથી. પરતુ ઘણી બાબતો આપણે સમજતા હોઈએ તેમ છતાં પણ તે તરફ દુર્લક્ષ હોઈએ છીએ ; માટે તે તરફ ધ્યાન આકર્ષવાની જરૂર છે. સારી ટેવ એકે એક ગણાવવાનું આ સ્થળ નથી ; માત્ર થોડીક મુખ્ય તરફજ લક્ષ ખેંચવું યુક્ત છે

(૧) ઉદ્યોગની-સદુદ્યોગની ટેવ પાડો.—આળસથી આપણા દેશને ઘણી હાનિ થઈ છે અને તેનું કલ્યાણ કરવાનો ઉત્તમ માર્ગ ઉદ્યોગજ છે. ઉદ્યોગથી મનની વૃત્તિઓ શુદ્ધ રહી સન્માર્ગે પ્રવર્તશે ને હર કોઈ કાર્ય સિદ્ધ કરાશે.

(૨) વાણી, વિચાર, ને આચારની એકતા કેળવો.—મનમા કંઈ હોય ને કહેવુ કંઈ જુદુજ એવો સ્વભાવ ઘણા મનુષ્યોનો જોવામાં આવે છે. પરંતુ એ શુદ્ધ, પ્રામાણિક, ને સાધુ પુરુષોનું વર્તન નથી અને એથી ઈશ્વર પ્રસન્ન રહેતો નથી એ ખુલ્લું છે વળી સારા ઉપદેશ આપવા સહેલા છે. परोपदेशे पाण्डित्यम्—એ જગતનો સામાન્ય નિયમ છે, પરંતુ જ્યાંસુધી એ ઉપદેશને અનુસરતુ પોતાનું વર્તન હોતું નથી ત્યાંસુધી ઉપદેશ વ્યર્થજ જાય છે. જેમનાં મન-વિચાર, વાચા, અને કર્મ-આચાર સુસંગત નથી તેઓ કદી પણ જનમંડળમા પ્રતિષ્ઠા પામવાના નથી. ત્રણે એક હોવાથી મન શુદ્ધ રહેશે ને તેમા કોઈ પણ પ્રકારની મલિનતા આવવા પામશે નહિ એવા પુરુષો ચિરસાવન્દ્ય છે અને દરેક રીતે પૂજ્ય છે. એવે શુદ્ધ માર્ગે બાળકને પ્રવર્તાવો એટલે તેનું જીવન સુખી થશે.

છે. વર્ગણી ઘણાજ પ્રકારોની છે દરેક વર્ગના સંગ્રહ માટે એકેક જુદો ઓરડો જોવામાં આવે છે ધારી ધારીને જોતાં બરાબર આઠ દિવસ થાય. માત્ર ઉપર ઉપરથી દૃષ્ટિ ફેરવી અમે સંતુષ્ટ થયા.

માર્કેટ મુંબઈની ક્રૉફર્ડ માર્કેટના કરતા મોટી લાગી ખરી, પણ મુંબઈ તરફના મૂળના વળણને લીધે કહો, કે થાકને લીધે કંટાળીને અંદર ગયા હોવાને લીધે કહો, કે ગમે તેમ પણ એકંદરે એ કંઈ બહુ સારી ન લાગી. થોડી ઘણી ખરીદી કરી અમે ઘર તરફ પાછા વળ્યા.

સ્ટેશન પરની તજવીજ અગાઉની રીતે અમે કયારનીએ કરીજ મૂકી હતી. ટિકિટો પણ લેવાઈ ચૂકી હતી ગાડી ગત્રે દસ વાગતે હાઉનથી ઉપડતી હતી જે રસ્તે અમે પ્રથમ આવ્યા હતા તે મુખ્ય રસ્તો હતો. હવે અમારે લબાણના રસ્તે પાછા ફરવું હતું. તેનું કારણ એ હતું કે અમારે વૈદ્યનાથ ઊતરવું હતું. વૈદ્યનાથ જવાને માટે વૈદ્યનાથ જંક્શન થઈને દેવઘર સ્ટેશને ઊતરવું પડે છે

અમારો મુકામ સ્ટેશનથી ઘણો દૂર હતો એટલુંજ નહિ પણ એવે સ્થળે હતો કે ત્યાં ભાડાની ગાડી પણ ન મળે. જુઓ ઇલાકાના શહેરની ખુબી ! અલબત મુકામ હાઉરામાં હતો, શહેરમાં નહિ, છતાં ગાડીની મુશીબત ઘણીજ પડતે એનું પ્રથમથી અમારી કલ્પનામાં પણ નહિ આવેલું. અમારો આધાર અમારા સ્નેહી પર હતો તેમણે ગાડીની તજવીજ વખતસર કરવાનું માથે લીધું હતું. તેમ ન હોત તો અમે દિવસ છતાં ને બહુજ વહેલા ગોઠવણ કરી મૂકત પરંતુ તેમની તરફથી નિર્ભયતાના વચનો મળ્યાં હોવાથી અમે નિશ્ચિંત હતા આઠ વાગ્યા, સાડા આઠ વાગ્યા, ને ગાડીઓની રાહ વધારે ને વધારે જોવાવા મંડી છતાં અમારા સ્નેહી તદ્દન નિશ્ચિંત હતા. આપણને ચિંતા ઘણીએ થાય તોપણ એવે સમયે કરવું શું ? તેમનો માણસ સ્ટેશન પરથી ગાડી લઈને આઠ વાગતે તો આવવાનો હતો ને પોણા નવ થયા છતાં ગાડી એકકે ન આવી. આસપાસ ગાડીઓની શોધ કરવી પણ એકે ભાડાની ગાડીની આશા શી ? અધુનામાં પૂરો તે વખતે અજુધાર્યો વરસાદ આવ્યો અમને તો એમજ લાગ્યું કે આજે નીકળવું અશકય છે. મન ઊકળી પડી પડી રહેવું કેટલું કંટાળાભરેલું છે તે માત્ર અનુભવીજ કહી શકશે. વળી અમે ગાડીમાં રિઝર્વ કબ્જાની નોકરણ કરી હતી એ માથાફોડ બધી વ્યર્થ જાય, ન જવાની

ગુનેગારીનાં નાણા ભરવા પડે, ને એવું થયા પછી ફરીથી કોઈ ગાડી રિઝર્વ કરવાનું માથે ન લે કંઈ કઈ મુશ્કેલીઓ ઊભી થાય તેમ હતું અમે ઘણાએ અકળાયા પણ તે અકળામણના માત્ર મૂગે મોએ ઘુંટડાજ ગળવાના હતા છેલ્લી ઘડીએ અમારો ઉપાય નહોતો સ્ટેશન જઈને ગાડીઓ લઈ આવે તો બે કલાક નીકળી જાય નવ નવ ને પાંચ, દસ, પંદર—એમ પાંચ પાંચ મિનિટ હવે કલાક જેવી લાગવા માંડી અને સાડા નવે ગાડીઓ આવી નીકળવાનું કે નહિ ? જે સ્ટેશને જવાં દોઢ કલાક થતો તે સ્ટેશને અડધા કલાકમાં કેવી રીતે પહોંચાય ? ગાડી ચૂકયા પછી રાત્રે પાછા ક્યાં જવું ? લ્યા તો નહિજ ગમે તેમ પણ નીકળીને જે થાય તે સહેલું એજ નિશ્ચય પર સર્વે આવી પહોંચ્યા. સામાન જેમ નખાયો તેમ ગાડીઓમાં નાખ્યો, માણસોથી જેમ બેસાય તેમ તેમાં બેઠા, ધાંધલધાંધલ, અવ્યવસ્થા, ને ગભરાટમાં અમે નવ ને પાંત્રીસે મુકામેથી નીકળ્યા અમે જરા જઈએ ને ઘડિયાળ સામું જોઈએ. ગાડીવાળાઓને વધારે દર આપવાની આશા આપી અમારામાંના કેટલાકે તો ગાડીવાળાઓના હાથમાંથી લગામ સુદ્ધા લઈ લઈ ચાબુકનો મરજીમાં આવે તેમ ઉપયોગ કરવા માંડયો ઈશ્વર-કૃપાથી બહુજ દોડાદોડ કરતાં અમે દસમાં પાંચ કમે સ્ટેશન પર પહોંચ્યા. ગાડી ઉપડવાનો ઘંટ થયો. નાના મોટા સર્વેના ને વખતે મોં પર નિરાશા સજ્જડ છવાઈ ગઈ મજુરો પોતાની સ્વેચ્છા પ્રમાણે સામાન ઉપાડવા મંડ્યા સપ્યા પણ તેમણે મરજી પ્રમાણે પોતાની વગાની દીધી. બરાબર બે મિનિટ પહેલા અમે પ્લૅટફૉર્મ પર દાખલ થયા સંજોગોનું બળ કેટલીક વાર ઘણું અસરકારક નીવડે છે સ્ટેશનના પ્લૅટફૉર્મ પર તે વખતે સ્ટેશનમાસ્તર, તેના ટિકિટકલેક્ટરો, ને ગાર્ડ—એ બધા એક ટોળામાં સાથે ઊભા રહીને વાત કરતા હતા તેમને સ્પેશલ ટિકિટ બનાવવામાં આવી. ટિકિટકલેક્ટરે અમારા ડબ્બામાં બીજા ઉતારુઓને ઘુસાડી દઈ ડબ્બા પરનું કાર્ડ ખસેડી લીધું હતું સ્ટેશનમાસ્તરે "આમનો ડબ્બો ક્યાં છે ?" "ડબ્બો હોવોજ જોઈએ"—એ વચનોનો ઉચ્ચાર કર્યો ને તરત અમે નિશ્ચિંત થયા. ટિકિટકલેક્ટર ગુસ્સે તો થયો પણ તે નિરાધાર હતો. તેનું પોગળ બહાર આવ્યું ડબ્બો અમને સારે નસીબે પાછો મળ્યો, ને ભૂલ ટિકિટકલેક્ટરની હોવાને લીધે અમે મોડા ગયા હતા તે વાત

ઢંકાઈ ગઈ. ગાડી પણ દસ મિનિટ મોડી ઉપડી. સ્ટેશનમાસ્તરની વર્તણૂક ખરેખર ઘણીજ ઉગતા હતી સ્ટેશન પર એ હાજર ન હોત તો અમે ગાડી ચૂકતજ, પાછા ક્યા જાત તે સમજાતુ નથી, ને તકલીફ પણ ઘણીજ પડત. કલકત્તાના સ્ટેશનના ઉપલા અધિકારીઓનો આમ અમને ઘણોજ સારો અનુભવ થયો ગાડી ઉપડયા પછી દરેકને ત્યાં અપરિમિત આનદ થયો.

વૈદ્યનાથ:—સવારે દસને સુમારે અમે વૈદ્યનાથ પહોચ્યા. વૈદ્યનાથમાં શિવગગામા નહવાનું ને શિવના દર્શન કરવાનું છે. શિવગગાનું માહાત્મ્ય પડયાઓ ઘણું મોટુ દર્શાવે છે. પ્રથમ અમે ત્યાં ગયા ને સ્નાનકર્મથી પરવાર્યા. કુડ ઘણો મોટો છે, પાણી બહુ ઊંડાં નથી તોપણ સ્વચ્છ છે તેથી નહાવાયાં આનદ થયો. ગામ ને મદરની નજીકજ કુડ હતો. તોપણ બ્રાહ્મણો કે ભિક્ષુકોની ત્યા પજવણી નહોતી તેથી સ્વસ્થ ચિત્તે નહાવાનો આનદ અનુભવી શકાયો મદિર બ્રાહ્મણોથી ચિકાર હતું. ત્યાં મુખ્ય દર્શન જ્યોતિર્લિંગ ને પાવતીના કરવાનાં છે. તે કરી ત્યાંના વિશાળ ચોકમાથી દાઝતે પગે અમે બહાર નીકળ્યા. ચોક ઘણો મોટો છે એટલે બપોરે ખુલ્લે પગે તેમા ચાલવુ ઘણું વિકટ થઈ પડયુ

મદિરમાથી ધર્મશાળા જતા ગામમાં અમે થોડુઘણુ ફર્યા. ગામ નાનું છે વેપાર કે ઉદ્યોગ કશો નથી હવા ઠંડી છે તેથી હવા ખાવા ઠેઠ કલકત્તા થી પણ કેટલાક લોકો ત્યા જઈ રહે છે. તેમને માટે બગલાઓ ગામમા ને ગામની બહાર છૂટા છવાયા, નાના, પણ સુન્દર જોવામાં આવે છે.

સાજે ચાર વગતે અમે કાશી જવા માટે દેવગઢ સ્ટેશનથી ઉપડી વૈદ્યનાથ જક્શન પર જઈ પહોચ્યા. દેવગઢથી વૈદ્યનાથ જંક્શન સુધી પકી સડક છે ને રસ્તો વૃક્ષોથી આચ્છાદિત છે. એ વાતની અમને મોડી ખબર પડી. નહિતર ઘોડાગાડીમાજ જક્શન સ્ટેશને જાત ને ત્યાંથી મેન લાઈનમા મુસાફરી કરત તેમ કરવાથી એક સ્ટેશન બદલવાની ખટપટ મટત ત્રણ ત્રણ જક્શન સ્ટેશનો આવતાં હોવાથી ને દેવગઢનું સ્ટેશન છેકજ નનું હોવાથી ગાડીની સગવડ અમે આ વખતે કરી શક્યા નહોતા દેવગઢ સ્ટેશન પર નહિ તાર ઑફિસ, નહિ જુદો સ્ટેશન માસ્તર, ને નહિ જુદો ટિકિટ માસ્તર. એક સાધારણ કારકુન સ્ટેશનનું બધુજ કામ ચલાવી લેતો હતો.

ઈશ્વરકૃપથી વૈદ્યનાથ જક્શન પર અમને જોઈએ તેવી જગ્યા મળી ગઈ. આ સ્થળે એટલું કહેવુ જોઈએ કે એ પાસની ઇન્ટર કલાસની ગાડીમાં

ઘણુંખરૂં સગવડ સારી મળેજ છે. તેથી જ્યારેજ્યારે ઘણાં જંક્શનો વચમાં આવતા કે જ્યારેજ્યારે ગાડીના ડબ્બા રિઝર્વ કરાવવાનું અમને નહિ ફાવતું ત્યારેત્યારે અમે ઇન્ટર ક્લાસમાજ મુસાફરી કરતા, ને તેથી જોઈએ તેવી સગવડ ભોગવતા. ગાડીમાં અમે ગોઠવાયા. કોઈ પોલાસે આવીને સલામ કરી તો કોઈ પોર્ટરે. કારણ શું? "સાબ આપકુ ચેનસે બેઠનેકા મિલા." અમારે હસવા સિવાય ઉત્તરમાં બીજુ ભાગ્યેજ આપવાનું હતું.

કાશીમાં પહેલીજ વખતે કાશીવિશ્વનાથ, અન્નપૂર્ણા, ને ઢુંઢીરાજનાં દર્શન અમે કર્યાં હતા. તે ઉપરાંત દર્શનમા કાલભૈરવનાં બાકી હતાં. દુર્ગાકુંડ આગળ દુર્ગાદેવીનું દહેરૂં છે. દુર્ગાકુંડ પાસેજ અમારા મિત્ર પંડિત ગોવિન્દદાસનો બંગલો હતો. એટલે ત્યા અમારે બેત્રણ વાર જવાનું થયુ હતું. દુર્ગાદેવીનું મંદિર લાલ પત્થરોનું ચણેલુ છે. તેની સફાઈ દૂરથીજ જોનારની આંખો ખેંચે તેવી છે. તેમાં માકડાંઓનું જોર વિશેષ છે. એકલ ડોકલ હોય ને જો એકાદ માકડું છંછેડાયુ તો પછી પૂછવુજ નહિ. બનતા સુધી માકડા કઈ ઈજા કરતા નથી. માત્ર તેના સામે આપણે ન જોવું ને આપણે આપણું કામ કર્યા જવુ.

ઍની બિસાટની કૉલેજનું મકાન પણ અમે જોઈ આવ્યા. તે વખતે રજા હતી એટલે શિક્ષણ કેવુ ચાલે છે તે જોવાનો લાભ અશક્ય હતો. મકાન સગવડવાળુ ને મોટુ છે

કાશીમાં પંચતીર્થી કરવા ઘણુંખરૂં બધાજ યાત્રિકો જાય છે. પંચ તીર્થમા અસી, પંચગંગા, દશાશ્વમેધ, મણિકર્ણિકા, ને વરણાનો સમાવેશ થાય છે આ બધે ઠેકાણે વહાણમાં બેસીને જઈ શકાય છે. સવારે સાતને સુમારે અમે મણિકર્ણિકાથી નીકળ્યા ને બધે ઠેકાણે જઈ આવતા બપોરના બે વાગ્યા. એક છેડે અસી છે ને બીજે છેડે વરણા છે વચમા વાગણુંમાં વસેલી છે. ઠેઠ સુધી પત્થરના ઘાટો આવ્યાજ કરે છે સલગ આટલા બધા ઘાટો હિંદુસ્તાનમા બીજે કોઈજ ઠેકાણે નથી. વહાણમાંથી બેઠા બેઠાજ આ બધા ઘાટો જોઈ શકાય છે. ઘાટોને લીધે કાશીની શોભા ઠેઠકિ અનુપમ લાગે છે. આ સુંદર દેખાવની સાથે કેટલી વાર કોઈ અડધુ કોચેલું, તો કોઈ તરતનું પડેલું તણાતું શબ પણ જોવામા આવે ખરૂં. પરતુ દૂરથી તેને વિષે જેટલું સાભળવામાં આવે છે તેટલું બધુ ખરૂં નથી. આવુ શબ માત્ર કોઈ

કોઈ મરીજ માણસનું અથવા તો સાધુ સન્યાસીનુંજ હોય છે. બીજી વાત લક્ષ ખેંચે એવી એ છે કે ઘણુંખરૂં દરેક ઘાટ આગળ કાશીની મદરનાં પાણીનો ખુલાસો થાય છે. ગંગા જેવી સ્વચ્છ નદીમાં ને ઘાટોના સ્વચ્છ ધામ આગળ આવી રીતે પાણીનો નિકાલ થાય તે અનિષ્ટજ છે. અલબત, ગંગામાં પાણી ઘણુંજ ઊંડું હોવાને લીધે તેમજ નદીનો પટ બહુ મોટો હોવાને લીધે આ પાણી ક્યાંએ સમાઈ જાય છે. છતાં શહેરથી દૂર કોઈક ઠેકાણે બધું પાણી કાઢવામાં આવતું હોય તો ઉત્તમ. દોષ કુદરતનો નથી, મનુષ્યનો છે; કુદરત તો આ સ્થળે એવી સુંદર છે કે મલિનતા ક્યાંએ છુપાઈ જાય છે. ત્રીજી વસ્તુ લક્ષ ખેંચે એવી એ છે કે મણિકર્ણિકા ને રેલવેના પૂલની વચ્ચેના ઓવારા પર ઘાટોની નજીકજ કેટલાક રાજા રજવાડાઓનાં નિવાસસ્થાન છે. તે મકાનો સંગીન, ઊંચાં, ને બાંધણીમાં જુદી જુદી જાતનાં છે.

પંચતીર્થ જતાં.

વિમલ જલને તીર્થે લોકો વિશુદ્ધ થતા હતા,
રવિ-ઉદયનાં કૂંળાં રશ્મિ સુખે હસતા હતાં;
પવન મીઠો ગંગા સાથે ધીરો રમતો હતો,
ઉદકસમીપે શાન્તિદેવે નિવાસ કર્યો હતો. ૧.

× × × ×

ત્યાં નાવ સુંદર આગમનથી દૃષ્ટિ મમ ' કર્ષિત થઈ,
રવિ-ઉદયના કિરણો તણી આનંદની કેલી ગઈ;
મીઠા અનિલની મિષ્ટતા લેવા પ્રબળ ઇચ્છા વધી,
શાન્તિતણા સામ્રાજ્યમાં આશ્રિત થવા બુદ્ધિ બની. ૨.
નાવ આવ્યુ સમીપમાં સોપાનની હારો કને,
ને ગોઠવાયો સર્વ ત્યાં અમ સંઘ હર્ષે તે વિષે,
જયકાર કાશીનાથના " શંભુ " તણા ઉચ્ચારનો,
રણકાર કાંઠા પર થયો જયમ ધર્મનો ડંકો થયો. ૩.

+ + + +

ડોલતું ડોલતું તોએ, ધીર ગંભીર તાનમાં
ક્ષણવારમહીં પ્હોંચ્યું, નાવ તે વારિમધ્યમાં ૪.

\+ + + +

અહા શું શોભે છે નગર અહીંથી આ સમીપમાં,
દીપે કેવા ઘાટો રમણીય કિનારા નજીકમાં,
દીપે શું દહેરાંઓ કંઈ કઈક છે ઘાટ નવલા,
ખરે સોપાનો આ, સ્વરગ પર જાણે લઈ જતાં. ૫.

\+ + + +

અરે રે શું તણાએ છે, વેગથી એ સ્થળે જુઓ,
નગ્ન ને અર્ધ કાચેલું, માનવીશબ માનજો. ૬.
બિચારો કોઈ દુર્ભાગી કે વા સાધુ હશે ભલો,
ભાગ્યહીન નથી એ તો ભાગ્યવાન કહુ ભલો. ૭.
જીવતા દેહની માયા, જીવતો દેહ મિત્ર છે,
ગયા જીવ પછી સર્વે, દેહને તો સમાન છે ૮.

\+ + + +

ખસી જાઓ ખસી જાઓ, અરે ઓ બટુકો તમે,
નાવથી દૂર રૂહેજો ને નાવને ના અડો તમે. ૯.
કીડનો જલ મીઠામાં છેક બાલિશતા ભર્યાં
ઉછળી જલ વેગેથી નાવસાંનિધ્ય આવિઆ. ૧૦.
કીડન અને તોફાનમાં આનંદ તે સૌ માનતા,
રોકયા ન તે કોના રહે મસ્તાન થઇ તે મ્હાલતા;
નથી મસ્તતા તોફાન ના નથી વિઘ્નસંતોષી જરા,
પીતા દીસે સંપૂર્ણ એ સ્વાતંત્ર્યના જલના ઝરા. ૧૧.
સુખી રહેજો ભલે લેજો લ્હાવા સ્વાતંત્ર્યના તમે,
હૈયે શુદ્ધ આનંદો સદ્ધ સ્વાતંત્ર્યથી ગ્રહે ૧૨.
નથી મલ્યા શૈશવલ્હાવ જેણે,
નથી કર્યાં કીડન ખૂબ જેણે,
નથી ક્રમાં બાલ્યપણે બહુને,
નથી જીવ્યાં જીવન શુદ્ધ તેણે. ૧૩.

\+ + + +

ગઢી. ત્યાં હનુમાનની મોટી મૂર્તિ છે. મંદિર ઘણુંજ ઊંચું છે. લોકો તેથીજ તેને 'ગઢી' કહેતા જણાય છે. ચઢતાં ચઢતાં શ્વાસ ભરાઈ જાય છે. આ મંદિરમાં વાનરનું બળ વિશેષ છે. તેથી પગથીઆં નીચેની દુકાનોવાળાઓ ચણા વગેરે વેચે છે. તે સાથે રાખીએ છીએ તો પછી વાનરોની પજવણી નથી થતી, નહિતર ઘણે ભાગે થાય છેજ. બીજાં રામચંદ્રજીનાંજ મંદિરો જોયાં. અયોધ્યાનું પ્રાચીન માહાત્મ્ય ઘણું હતું. તે માહાત્મ્યનું સ્મરણ કરાવે એવી હાલમાં ત્યાં કશી વસ્તુ નથી. પણ રામચંદ્રજી પ્રત્યે પ્રેમ ઉત્પન્ન કરાવે એવાં ત્યાં અનેક મંદિરો છે. આખું ગામ મંદિરોથી ભરપૂર છે, ને દર્શન વખતે કોઈ જાતની પજવણી નથી. તેથી અયોધ્યાનાં ચોકો પણ સુખદ સ્મરણોજ હજી સ્મૃતિપ્રદેશમાં રમ્યાં કરે છે.

ઘેર પાછાં જતાં અમે અયોધ્યાના મોટા મોટા રસ્તાઓ ને મકાનો જોતા ગયા. ગામ નાનું તોએ સ્વચ્છ તો ખરૂં. હવા અમને ઠંડી લાગી. શાન્તિ ને નિવૃત્તિનો અનુભવ આ ગામમાં ઠીક થયો. ગામ આખુંજ જાણે શાન્તિ ને નિવૃત્તિનું નિવાસસ્થાન જોઈ લેવું. નથી ત્યાં વ્યાપાર, નથી ઉદ્યોગ, નથી કંઈ જાતની જાહોજલાલી, છતા ગામના ને મંદિરોના દેખાવમાંજ કંઈક એવું હતું કે બને તો ફરી એક વાર અયોધ્યા જવું ને થોડાક દિવસ ત્યાં રહી આવવું એવુ લાગ્યા કરે છે. અપૂર્ણ.

નોબલ પ્રાઇઝ.+

સર આશુતોષ મુકરજી કહે છે તે યોગ્યજ છે કે મિ. રવીન્દ્રનાથ ટાગોરને સાહિત્યને માટે મળેલું નોબલ પ્રાઇઝ સ્પષ્ટ બતાવી આપે છે કે એમનાં લખાણો હવે જગતમા એક પ્રબળ શક્તિ તરીકે સ્વીકારવામાં આવ્યાં છે, અને એમની કલ્પનાશક્તિનાં સૌથી સુંદર ફળોનાં વિશિષ્ટ લક્ષણો તરીકે સૌંદર્ય તથા સ્વદેશાભિમાન ઉપરાંત જે અધ્યાત્મતત્ત્વ દૃષ્ટિગોચર થાય છે તેનું માહાત્મ્ય અક્ષય્ય છે અને તે સ્થાનિક તથા જાતિગત વિકારોથી મુક્ત છે. મિ ટાગોરના કેટલાક લખાણોમાં કવિકલ્પનાના ઉચ્ચતમ આદર્શોનો સંગ્રહ છે અમે વિશેષ હર્ષ સાથે જણાવીએ છીએ કે કલકત્તા યુનિવર્સિટિ

+ એક અંગ્રેજી લેખ ઉપરથી.

પણ આપણા રાષ્ટ્રીય કવિને 'ડૉક્ટર ઑવ્ લિટરેચર' (સાહિત્યાચાર્ય)-ની માનવંતી પદવી એનાયત કરવાની છે.

નોબલ પ્રાઇઝોનો ટુંક હેવાલ નીચે આપવામાં આવે છે:—

નોબલ પ્રાઇઝો ટ્રસ્ટીઓને સોંપેલા એક ફંડમાંથી દર વર્ષે અપાય છે. એ ઇનામો જનસમૂહના કલ્યાણમાં સૌથી મોટો ભાગ લેનારને વહેંચી આપવામાં આવે છે. તેના પાંચ હિસ્સાઓ કરેલા છે, અને તે (૧) પદાર્થવિજ્ઞાન, (૨) રસાયનશાસ્ત્ર, (૩) વૈદક અથવા ઇન્દ્રિયવિજ્ઞાનશાસ્ત્ર (૪) સાહિત્ય, અને (૫) સુલેહની જાળવણી*—એટલા મુદ્દાઓમાં કામ કરનારને આપવામાં આવે છે. આ પ્રમાણેનું વિલ કરનાર એક સ્વીડનના આલ્ફ્રેડ નોબલ નામના વિજ્ઞાનશાસ્ત્રી હતા તેમણે ડાઇનૅમાઇટની શોધ કરી હતી અને આશરે ૧,૭૫૦,૦૦૦ પાઉંડની મિલકત મૂકી સને ૧૮૯૬ની તા. ૧૦મી ડીસેંબરે મરણ પામ્યા હતા. નોબલના મૃત્યુ પછી પાંચમા સાંવત્સરિક દિવસે એટલે સને ૧૯૦૧ની તા. ૧૦મી ડીસેંબરે પહેલવહેલા ઇનામો અપાયાં હતાં. (૧) પદાર્થવિજ્ઞાન તથા (૨) રસાયનશાસ્ત્રનાં ઇનામ સ્વીડનની વિદ્યાને લગતી પરિષદ્ નક્કી કરે છે; (૩) વૈદક અથવા ઇન્દ્રિયવિજ્ઞાનશાસ્ત્રના ઇનામનો નિશ્ચય સ્ટૉકહોમનો વૈદકનો સમાજ કરે છે; (૪) સાહિત્યના ઇનામનો નિર્ણય કરનાર સ્વીડનની સાહિત્યપરિષદ્ છે; અને (૫) સુલેહને લગતું ઇનામ નૉર્વેની સ્ટૉર્ટિંગ (રાજસભા) એ ચૂંટી કાઢેલા પાંચ પુરુષોની કમિટિ તરફથી મુકરર થાય છે. સ્વીડનની સરકાર બોર્ડ ઑવ્ ડિરેક્ટર્સનો પ્રેસિડન્ટ નીમે છે.

સને ૧૯૧૩નું આનન્દપર્યટન.

ગયાં બે વર્ષની માફક આ સાલ પણ કૉલેજના ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓને આસિસ્ટંટ માસ્તર મિ. શાકરલાલ અમૃતલાલ દવે તથા પ્રૅક્ટિસિંગ સ્કૂલના હેડ માસ્તર મિ. ફૂલચંદ કકલચંદ શાહની દેખરેખ નીચે કાઠિઆવાડમાં દ્વારિકા સુધી પર્યટન કરવા માટે મોકલવામાં આવ્યા હતા.

+ એક અંગ્રેજી લેખ ઉપરથી

* પાંચમા વિષય તરીકે 'સુલેહ'ની ખાસ પસંદગી કરવાનું કારણ એ કહેવાય છે કે દુનિયામાં ડાઇનૅમાઇટ નામની નાશકારક વસ્તુની શોધ નોબલને હાથે થઈ તેથી જાણે તેના પ્રાયશ્ચિત્તરૂપે સુલેહની જાળવણીને માટે બને તેટલું ઉત્તેજન આપવું એવી નોબલની ઇચ્છા હતી.

ગુજરાતના રહીશોને ગુજરાતમાં ને ગુજરાતમાં પર્વત જોવાનો તથા સમુદ્રનો પ્રસંગ ક્વચિતજ આવે છે, અને એ બેઉ વસ્તુનો ખ્યાલ શિક્ષકને માટે આવશ્યક છે એમાં સંદેહ નથી. આ લાભ આપવાની ઇચ્છાથી આ કાઠિઆવાડની મુસાફરી પસંદ કરવામા આવી હતી. પર્યટન માટે ગયલા સ્કૉલરોમાંથી કેટલાક દર વર્ષ માટક મુસાફરીનું વર્ણન નિબંધરૂપે લખી ઇનામ મેળવવા માટે હરીફાઈ કરી હતી. સ્કૉ. મણિશંકર હરદેવરામનો નિબંધ ચઢિઆતો હોવાથી તેમને રૂ. ૫) નું ઇનામ અર્પવામાં આવ્યુ છે, ને તેમણે લખેલો નિબંધ નીચે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

"કાઠિઆવાડની મુસાફરી".

ઊછળી જતા ઉમંગમાં તા. ૩જી નવેંબર ૧૯૧૩ના દિવસે સાંજે જમી પરવારી, લાંબા વખતથી ધારેલી કાઠિઆવાડની મુસાફરી માટે તૈયાર થયલો અમારો નાનકડો સંઘ ગુરુવર્ય શ્રીકમળાશંકરભાઈની આજ્ઞા લેવા ગયો 'તમો સર્વે સંપસંપીને રહેજો,' 'આપણી કૉલેજનું સારૂં બોલાય એવું વર્તન રાખજો,' એવાં અમૃતપ્રાય શિક્ષાવચનો સાંભળી નમન કરી, બાવીસ વિદ્યાર્થીઓના સમૂહ તથા સ્ટેશન સુધી વળાવવા માટે આવેલા અન્ય સ્કૉલર-બંધુઓ સ્ટેશને આવ્યા. સાથે આવનારા માસ્તર સાહેબો મે શાંકરલાલ અમૃતલાલ દવે તથા ફૂલચંદ કકલચંદ શાહ સ્ટેશને હાજર હતા અમદાવાદથી ઉત્તર દિશાએ ગમન કરનાર ટ્રેનમા ખાનાં રિઝર્વ કરાવી બાવીસ સ્કૉલરો, બે રસોઈઆ, એક પટાવાળો સિપાઈ, તથા એક નોકર, મળી છવીસ માણસો થર્ડ કલાસમાં તથા બે માસ્તર સાહેબો સેકંડ કલાસમા બેઠા. રાત્રિના આઠ વાગ્યા હતા. દિવસ કાર્તિક સુદિ પંચમીનો હતો શરત્પૂર્ણિમાના ચંદ્રનો કંઈક પ્રકાશ ઓછો થયલો છતાં નિર્મળ તેજ આપનાર વિધુ અમારી સાથે સાણંદ સ્ટેશન સુધી કુદરતી સૌંદર્યની નિરીક્ષામાં મદદગાર થયો. ચંદ્રમા અસ્ત થયો એટલે અમે પણ કુદરતી નિદ્રાદેવીના સપાટામાં સપડાવા લાગ્યા. કેટલાક જાગ્રત્ અવસ્થામાં ને કેટલાક અર્ધકચરી નિદ્રામાં રમણ કરતા હતા; એવામાં વીરમગામ જંક્શન આવ્યું અહિં ગયે સાલ આ કૉલેજમાંથી સીનિઅર થઈ ગયલા અમારા એક મહેતાજી મોહનલાલ બાપુજીએ ચાપાણી, તથા પાનસોપારીથી અમારૂં આતિથ્ય કર્યું વીરમગામથી વહવાણ જનારી ટ્રેનમાં અમે બેઠા વહવાણથી મોટા જંક્શને સવારે સાત કલાક ને પાંચ મિનિટે ઊતરી દાતણપાણી કર્યાં.

ત્યાંસુધીમાં એક પછી એક સ્ટેશન અનુક્રમે આવ્યાં અને ચાલ્યાં ગયાં. ઘોળા સ્ટેશન મૂકયા પછી કાઠિઆવાડના પહાડોની હાર, ઝાડો વિનાનો વેરાન પ્રદેશ-એ સર્વેનો આનંદ અનુભવતા, ડુંગરાની ધાર જોતા, સિદ્ધરાજ જયસિંહે ઔદિચ્ય બ્રાહ્મણોને દાનમાં આપેલા શિહોર ગામ નજદીક આવી પહોંચ્યા. શિહોર સ્ટેશનથી શિહોર ગામ પાસેજ છે. મોટો ડુંગર, તેની તળેટીમાં શિહોર ગામનાં ઘર, ડુંગર ઉપર શિહોરી માતાનું દેવળ, અને બીજી બાજુ દરિયાનો ખારનો પ્રદેશ-એ સર્વે અદ્‌ભુત દેખાવોએ અમારૂ સર્વેનું મન હરણ કર્યું. નાના બાળાની, કલાકે બાર પંદર માઇલનો રસ્તો કાપનારી, ધીરી ટ્રેનમાં ચાલતાં "ભાવનગર પરા" નામનું સ્ટેશન આવ્યું. અહિં એન્જિનોનાં કારખાનાં તથા આજુબાજુ આવેલાં ક્રોરનાં ફૂલનાં ઝાડો જોયા. ભાવનગર સ્ટેશન ત્યાંથી થોડુંજ દૂર હોવાથી અમે અમારા કાગી શેતરંજીથી બાંધેલા બિસ્તરા સંભાળવા મંડયા. ભાવનગર સ્ટેશન આવ્યુ સર્વે પોતપોતાના ટ્રંક બિસ્તરા લઈ ઊતર્યા. સ્ટેટના દિવાન સાહેબ ત્રિભોવનદાસ કાળીદાસ કે જે અમારા ત્રીજા વર્ષના સ્કૉલર છોટાલાલ ગિરધરલાલના કાકા થાય છે તેમણે કરી રાખેલી ગોઠવણ મુજબ અમે દાદાસાહેબની ધર્મશાળામાં ઊતર્યા. એ તા. ૪ થીનો દિવસ હતો. સર્વે શ્રાન્ત હતા, છતાં રા. ફૂલચંદ માસ્તર સાહેબની ઓળખાણથી સર્વેને ઊના પાણીએ નહાવાનું મળ્યુ તેથી શ્રમ દૂર થયો. દિવાન સાહેબના મેમાન તરીકે એ દિવસે રહી સાંજે "આલ્ફ્રેડ હાઇસ્કૂલ" નું મકાન જોવા ગયા. સાંજી સર્વે સંગ્રહ સ્થાનની વસ્તુઓ જોઈ રા. રા. કૌશિકરામભાઈ કે જે કેળવણીખાતાના અગ્રણી-વિદ્યાધિકારી છે તેમની તરફથી ચાપાણી થયાં તે સ્વીકારી મુકામે આવ્યા. રાત્રે ગિરનાર, શેત્રુંજો, અમેરિકાનો દેખાવ, દરિયાની અંદર રહી જનાર આગબોટોનો દેખાવ, ભાવસિંગ મહારાજની પ્રતિમા, વગેરે આકર્ષક ચિત્રો જોઈ રાત્રે મુકામે આવી સૂઈ રહ્યા. બીજે દિવસે એટલે તા. ૫ મી ની સવારે નગરશેઠ અમરચંદભાઈ તરફનું આમંત્રણ થયું એ શેઠ ફૂલચંદ માસ્તર સાહેબના જ્ઞાતિલા અને કેળવણીખાતાના સ્કૉલરો ઉપર અત્યંત પ્યાર ધરાવનાર હતા. તેમને ઘેર ચાપાણી કરી તેમના તરફથી આગ્રહ-પૂર્વક થયેલો સત્કાર સ્વીકારી મધ્યાહ્નને સહેજ વિસામો લઈ દિવાન સાહેબ તરફથી આવેલી બે ઘોડા જોડેલી મોટી ગાડીઓમા બેસી ભાવ-નગરનું બંદર, પીલ ગાર્ડન, બાર્ટન લાઇબ્રરિ, પાનવાડીનું રેસ્ટ-હાઉસ, મોતી-

બાગની રાજા સાહેબની કચેરી, વગેરે સર્વે જોવા લાયક મકાન જોયાં. બધાં મકાનમાં રાજદ્વારી ચીજો ઘણીજ ઉત્તમ હતી. એ સર્વેનું વર્ણન કરવાની બહુ જરૂર નથી, કારણ કે વડોદરા, જયપુર, એ શહેરોના મ્યુઝિઅમ ઘણા ખરાએ જોયલાં છે. પણ ગૌરીશંકર તળાવ ઉર્ફે બોરસાગર નામનું મોટું સરોવર જોવા જેવું છે.

એ તળાવ જોવા અમે સર્વે પગપાળા ગયા હતા. પ્રભાતનો વખત હતો એટલે ત્યાં એટલો આનંદ થયો કે તેનું યથાસ્થિત વર્ણન થઈ શકે એમ નથી. એ તળાવમાંથી આખા શહેરને પાણી પૂરૂં પાડવામાં આવે છે. ગંભીરી નામની નદીને એ સરોવરમાં વાળેલી છે. ચારે બાજુ ફરતી પાળ બાંધેલી છે. વધારાનું પાણી એક બાજુથી વહી જાય છે. તેની એક નદી વહેળા રૂપે ચાલે છે. ઉપર ઝૂલતો પૂલ બાંધેલો છે. તે આશરે ૫૦) ફુટ લાંબો હશે. એ પૂલ જોઈ ઝુકની આગળના પૂલનો અનુમાનભાસ થયો હતો.

તા. ૫મીએ સાંજે સવા ૭ વાગે ઉપર લખેલી મોટી ગાડીમાં બેસી સ્ટેશને આવ્યા. ટ્રેનની ટિકિટ લઈ રાત્રિએ પાલિતાણે આવ્યા. ત્યાં સ્ટેટ તરફથી સર્વે ગોઠવણ મિ. ગામી તથા માસ્તર સાહેબ ચાંપસિંહ ભાઈએ કરી રાખી હતી. અહિં પણ શ્રાવકની ધર્મશાળામાં મુકામ કર્યો.

તા. ૬ઠ્ઠીએ સવારે ૭ વાગે ઊઠી આઠ વાગે પાલીતાણાના શેત્રુંજા ડુંગરની તળેટીમાં આવી ચઢવું શરૂ કર્યું. ડુંગર ઉપર પત્થરનાં ચઢતાઊતરતાં વગર ચણેલાં પગથીઆં છે. ચઢાવ અઘરો છે. પણ થોડે થોડે અંતરે વિશ્રામસ્થાન બાંધેલાં છે, એટલે બહુ થાક લાગતો નથી. સર્વે વિસામામાં "સાલા કુંડની પરબ" અમરચંદ ખીમચંદ ડમણી સુરતવાળાની બંધાવેલી તથા વડનાં, ઝાડનો વિસામો ઠીક છે ડુંગર ઉપરથી આસપાસનો દેખાવ અતિરમણીય દેખાય છે. એ ડુંગરમાંથી નદી નીકળતી નથી પણ ગીરના ડુંગરમાંથી નીકળતી શેત્રુંજી નદી થોડે દૂર સર્પાકારે દેખાય છે. વચ્ચે એકજ મોટી ખીણ છે. ઝાડપાન બહુ નથી. ડુંગર ઉપર બાંધેલા કુંડ છે. તેમાં સ્નાન કરી, આદીશ્વર ભગવાનની ટુંકમાં દર્શનાર્થે ગયા. ત્યાંની આરસની ગોઠવણ તથા આદીશ્વર ભગવાનના દાગીના અને દેવળની બાંધણી જોઈ

सर्वधर्माणां जैनं जयति शासनम् એ વાક્ય બરાબર યાદ આવ્યું. એ દેવળની મૂર્તિના ઘણા ઉદ્ધાર થયલા મનાય છે તેમાનો છેલ્લો ઉદ્ધાર ૧૫મો સૈકામાં થયલો કહેવાય છે. એ દેવળ જોઈ નવટુંક જોવા ગયા શરદ ઋતુનો તાપ તો હતો, છતાં પર્વત અને તે વળી પવિત્ર પર્વત તેમજ ૧૯૭૭ ફુટની ઉંચાઈ એટલે બહુ હેરાન ન થતાં, ૧–આદીશ્વરની ટુંક જોઈ, ૨–મોતીશાની ૩–બાલાભાઈની ૪–મોદીની ૫–હીમાભાઈની ૬–ઉજમબાઈની ટુંક ઉર્ફે નંદીશ્વરદ્વીપ ૭–ઠાકરશાની ૮–છીપાભાવાની ૯–સદાસોમની ચોમુખની ટુંક જોઈ. ચોમુખની ટુંક બધા કરતાં ઊંચી છે. અહિંથી દૃષ્ટિમર્યાદા બહુ વિશાળ દેખાય છે, અને કઈક ભાન થાય છે કે જો આપણા મનની મર્યાદા એવી વિશાળ રાખીએ તો પ્રભુપદ પ્રાપ્ત કરતાં વિલંબ ન થાય.

તા ૭મીએ શહેરમાં ડૂબી ગયલા માણસોની જગ્યા જોઈ શોકમાં અત્યંત ગરકાવ થઈ ગયા. તા–૧–૬–૧૩ નો ઘાતદિવસ જ્યાં ત્યાં ભીતિ કોતરેલો અવલોકી રેલનું નુકસાન કેવું ભયકર હોય છે, તે બરાબર જોયું. તા. ૮મીએ ડુંગર પર ચઢેલા તેનો થાક ઊતરી રહ્યો, તા. ૯મીએ ગાડીમાં આખો દિવસ સવારે ૯થી સાંજે સાડાબાંચ સુધીનો વ્યતીત કર્યો સાડા પાંચ વાગે જૂનાગઢ શહેર અને ગિરનાર ગઢનાં દર્શન થયાં જૂનાગઢ શહેર જોતાં રાખેંગાર અને રાણકદેવીના દુહાના રાગડા સ્કૉલરોના મુખમાંથી નીકળવા માંડયા, "મા પડ મારા આધાર ચોસલા કોણ ચઢાવશે, ગયાં ચઢાવણહાર" વગેરે આલાપો કરતા સ્ટેશન પર ઊતર્યા ગાડી ભાડે કરી શ્રાવકની ધર્મશાળામાં ઉતારો લીધો એ ધર્મશાળા નગરશેઠ હેમાભાઈની બંધાવેલી છે.

તા ૧૦મીને દિવસે નરસિંહ મહેતાનો ચોરો તથા શકરબાગ જોઈ તા ૧૧મીએ દરબારી સિગરામમાં બેસી ગિરનારની તળેટીએ જવા નીકળ્યા. એક બાજુ રેવતાચળ પર્વત, બીજી બાજુ ઈંટાવો નામનો પર્વત, અને વચ્ચે સડક એમ વહાણમાં માર્ગ કાપતાં તળેટીએ આવ્યા. સવારે સાડાસાત વાગે ચઢવું શરૂ કર્યું પગથીઆ ચણતર કરી, સુરંગ ફોડી, માર્ગ કરી, વચમાં બાંધેલાં છે સાત આઠ પગથીઆંનો સમૂહ પુરો થાય કે એક પગથીઆ સપાટ આવે છે, વળી સાત આઠ દસનો સમૂહ થયે સપાટ–એ પ્રમાણે

ચઢતા, વચ્ચે હૃદયના ધબકારા વધી ગયે કંઈક ઊભા રહી વિશ્રામો લેતા, આમ તેમ કુદરતી સૌંદર્ય અને ગિરિરાજનું ઔદાર્ય, કિલ્લાકોટ આદિ મણાતું અમણીપણું વગેરેની પ્રશંસા કરતા નેમીનાથ ભગવાનની ટુંકે આવ્યા શ્રાવક લોકોનાં દેવળોમા નેમીનાથજીનું સ્થાન બીજે નંબરે ગણાય છે. એ દેવળ નિહાળી દરવાજા બહાર જતા ૩૧૦૦ ફુટ ઉંચાઈનું પત્થરમાં કોતરેલું લેવલ દેખાયુ ત્યાંથી થોડેક દૂર ચઢયા એટલે "ગૌમુખી ગંગા" નામનું સ્થાન આવ્યુ. અહિં અમે સૌ ગિરધરલાલની બંધાવેલી ધર્મશાળામાં ઊતર્યા કુંડમા નાહી હિમવતી ગંગાના હિમ જેવા પાણી કેવાં લાગતાં હશે તેનુ અનુમાન કર્યું ગિરનાર પર્વત લીલો કહેવાય છે, કેમકે ઝાડપાન તથા પત્થરની મોટી ગદામાંથી નીકળતાં પાણીનાં ઝરણ એ પર્વતમાં છે એવી રીતે ઝરણથી થયલા ગૌમુખી ગંગાનો કુંડ, હનુમાનધારા, કમંડલ કુંડ વગેરે ગિરનાર પર્વતમાં છે

ગિરધરલાલની ધર્મશાળામાં જમી પરવારી પત્થરચટ્ટી, સતદાસજીની ટુંક, તથા શોભાવન જોઈ સાંજે નેમીનાથની ટુંકમાં પાછા ઊતરી સાંજ રહ્યા સંજ થઈ જવાથી હનુમાનધારા જઈ શકાયુ નહોતું બારસની ચાંદની હતી નેં સૌને પર્વત પર ચઢવાનો થાક હતો, છતાં નેમીનાથની અગાસી ઉપર ચઢી આસપાસનો દેખાવ સાકરલાલ મારતર સાહેબે આનંદથી બતાવ્યો તે જોયો કવિઓ કલ્પના કરી કેવી રીતે કવિતા બનાવે છે, તેનું સાફ અનુમાન થયુ. આજુબાજુની ખીણ અને ઝાડપાન ઉપર પડેલી ચાંદની જોઈ કુદરતનુ સાફ ગાન થયુ રાતે શ્રાન્ત થયલા હોવાથી સારી રીતે નિદ્રા આવી ગઈ સવારમાં ઊઠી અંબાજીની ટુંક, ગોરખની ટુંક; અને દત્તાત્રયની ટુંકની મુલાકાત લીધી સૌમા ગોરખની ટુંક ઊંચી છે. ત્યાં આગળ એ પર્વતની ઉંચાઈ ૩૬૬૬ ફુટ છે. દત્તાત્રયની ટુંકનો ચઢાવ અઘરો હોવાથી એ ટુંક કેટલાક સ્ત્રીઓ ચઢયા નહોતા. મધ્યાહ્નને ગૌમુખી ઉપર આવી જમી પરવારી સાંજના પર્વત ઊતરી આવ્યા. ઊતરતાં માત્ર ૩૦થી ૪૦ મિનિટ લાગી હતી. તળેટીએ સિંગરામ હાજર હતાં તેમા બેસી અશોકનો તથા રુદ્રદામાનો લેખ જોયો. આજ સુધી લેખના પાળીયા કેવા કોતરાય છે, તેનુ ભાન કોઈજ સ્ત્રીઓને ભાગ્યે હશે. કોઈ ઊભો પત્થર કે જેના પર માણસનાં માપ કોતરાય છે એવો ધારતા હતા. કોઈ કાળો લાંબો પત્થર હશે એમ ધારતા હતા, પણ આ પત્થર તો પાસેના રૈવતાચળ પર્વતમાંથી ઘસી આવેલી મહારપે છે. દસ ફુટ

ઊંચો અને વીસેક ફુટ લાંબો હોઈ તે ઉપર સારા અક્ષરે પાલી ભાષામાં લેખ કોતરેલા છે, કોઈ અક્ષર ખડિત થયો નથી, ઉપર ધર્મશાળારૂપે મકાન બંધાવેલું છે તે લેખનું રક્ષણ કરે છે એ લેખ જોયા પછી અમારા સિગરામ દામોદર કુંડ આગળ અટક્યા. એમાં મરેલાં માણસનાં હાડકાં નાખવામાં આવે છે. હાડકાંને ઓગાળે એવો એના પાણીમાં ગુણ છે. પાંચ આનાનો કર એ મિષે લેવાય છે. પાણી વહેતાં છે. કુંડ ઉપર દામોદર ભગવાનની મૂર્તિ છે. એ કુંડ રેવતાચળની તળેટીમાં છે. એ દિવસ તા. ૧૨મીનો હતો.

તા. ૧૩મીને દિવસે સિગરામમાં બેસી જૂનાગઢ શહેરનો ઠંઠમાઠ, બજારનો ભપકો. તથા ગાડીખાનું, મકબરો (રાજાનો તથા તેના મામા બાહદીનભાઈનો) સરદારબાગ, તથા તેમાંનાં જાનવરો, સિંહ, સિંહણ, તથા બીજાં કુદીઆલ વગેરે જોયાં. મકબરો એક તાજ મહાલના નમુનારૂપે છે ને તેની કોતરણી બહુ સરસ છે. ગાડીખાનામાં ચાંદીની ગાડી તથા તેનો સાજ જોવા જેવો છે.

તા. ૧૪મીએ સાંજે જૂનાગઢથી વેરાવળ આવી પહોંચ્યા. રસ્તામાં સોઝાત નદી તથા વંથળી ગામ જે વનસ્થળી કહેવાય છે તે આવ્યાં હતાં. વેરાવળ આવ્યા એટલે દરિયા કિનારાનો ઠંડો પવન બધાને ચિત્તહર થયો. એ સ્થાન જૂનાગઢના નવાબ સાહેબનું છે. ત્યાંના અધિકારી સાહેબ સ્ટેશને લેવા આવ્યા હતા. તેમણે આપેલા સરકારી નવા ઉતારામાં અમો સર્વે ઊતર્યા. રાતે બંદર ઉપર જઈ હવા ખાધી તા. ૧૫મીએ "વળા અને વઢવાણે તે પછી પાટણપુર વસ્યું" એમ કહેવાતાં પ્રભાસપાટણની નિરીક્ષા અર્થે ટ્રામમાં બેસી પાટણ પહોંચ્યા. રસ્તે મુસલમાનોનું કબરસ્તાન અને દરિયાનો ધુધવાટ જોઈ ૧૦૨૪ની સાલ યાદ આવી. સોમનાથનું દેવળ જોતાં સાંજ પૂરેપૂરી કમકમી છૂટી. દેવળના શિખરો તરવારથી માણસનાં ડોચકાં (માથાં) ઉતારે તેમ ઉપરથી છેદી નાખેલાં છે. નવું સોમનાથનું દેવળ અહલ્યાબાઈનું બંધાવેલું છે. તેનું કોતરકામ જોઈ શિવલિંગનાં દર્શન કરી કલ્પાવતારની મૂર્તિનાં દર્શન કર્યાં.

શ્રીકૃષ્ણભગવાને દેહત્યાગ કર્યો હતો તે દેહોત્સર્ગમાં સ્નાન કર્યું હતું. પ્રથમ-ત્રિવેણીસંગમમાં એટલે હિરણ્યા, કપિલા, અને સરસ્વતી એ નામની ત્રણ નદીઓ ભેગી થાય છે ત્યાં સ્નાન કરવાનો વિચાર હતો, પરંતુ પાણી જરા દૂર હોવાથી દેહોત્સર્ગમાં સ્નાન કર્યું પાછા આવતાં ભીડભંજન મહા-

દેવ તથા બાણેશ્વર મહાદેવ કે જ્યાં શ્રીકૃષ્ણદેવ બેઠા હતા અને દૂરની ઝાડીમાંથી પારધિએ બાણ માર્યું હતું તે જગ્યા જોઈ. પછી પાછા વેરાવળ આવ્યા. જે ઠેકાણેથી બાણ માર્યું હતું ત્યાં વડલાની ઝાડી છે. તે જગા સમુદ્ર ઉપરથી જણાય છે જેથી ત્યાં ગયા ન હતા. એ ભાલકાતીર્થને નામે ઓળખાય છે.

તા૦ ૧૬મીએ જમીનમાર્ગ છોડી દરિયામાર્ગે, રેલ્વેટ્રેન છોડી અગ્નિનૌકામાં મુસાફરી કરવાનો આરંભ કર્યો. સવારે પાંચ વાગે, સમુદ્ર ઉપર ગયા. ત્યાં બે કલાક આગબોટ આવતાં તથા બોટ વગેરેની તૈયારી કરતાં નીકળી ગયા. બરાબર સાત વાગે બોટમાં બેસી સ્ટીમરમાં આવ્યા. થર્ડ કલાસની ટિકિટ છતાં સેકંડ કલાસમાં બેસવાનું સાધન મળ્યું હતું તેથી અમે જરા સુખી થયા. નવીસવી દરિયાની મુસાફરી હોવાથી કેટલાકને ચક્કર આવ્યાં પણ મે. સ્પ્રે માસ્તર સાહેબની ભલામણ મુજબ આદું, સૂંઠ, લવિંગ, તજ વગેરે સાથે રાખેલાં હોવાથી શાંતિ થઈ ગઈ. સ્ટીમર ઉપડી. એક બાજુ કાઠિઆવાડનો કિનારો અને એક બાજુ અરબી સમુદ્ર એમ ચાલતાં ચાલતાં માંગરોલ સ્ટેશન થયું. ત્યાંનો માલ ઉતારી રાતના પોરબંદર સ્ટેશને લંગર નાખ્યું. પોરબંદરથી ઉપડી દ્વારકા સવારે સાડાપાંચ વાગે ઊતર્યા. "દ્વારકાધીશકી જય" એવા આનંદધ્વનિ સાથે સ્ટીમરમાંથી બોટમાં, બોટમાંથી જૅલિબોટમાં અને જૅલિબોટમાંથી ખુરસી પર બેસી જમીન પર ઊતર્યા. કિનારા પર ઊતરી ઉદધિને નમસ્કાર કરી તા૦ ૧૭મીએ "ગેસ્ટ હાઉસમાં" મુકામ કર્યો. ગાયકવાડી રાજ્યનો ઓખામંડળ ભાગ જોવાથી સર્વને આનંદ આનંદ થયો. દરિયાની ખારી હવાથી સર્વનાં મન જરા અસ્વસ્થ હોવાથી ગોમતીસ્નાન ન કરતાં તળાવે જઈ સ્નાન કર્યું; પછી મુકામે આવી જમી પરવારી દ્વારકાની પાસેના એક ગામના રહીશ હવાલદાર ગૃહસ્થ અને સારા લેખક તરીકે પ્રખ્યાત પુરુષોત્તમ વિશ્રામ માવજીનો બંગલો જોયો. એ બંગલામાં શિવાજીના વખતનાં પડદાઓ તથા ઉમરખાયમ નામના ઇરાનમાં થઈ ગયલા કવિનાં કાવ્યનાં ચિત્રો તથા મકરબાને બાંધેલો આરસનો ઘુમટ જોઈ ઘણો આનંદ થયો. ત્યાંથી ગોમતીનાં દર્શન કરી સવારે નાહીશું એવો સંકલ્પ કરી દરિયાકિનારે ફરતાં, ચક્રતીર્થમાં આકની શોધ કરતાં, પાછા મુકામે આવી સૂઈ રહ્યા.

તા. ૧૮મીએ ગોમતીમાં સ્નાન કર્યું. સ્નાન કરવા બદલ લેવાતો કર માફ કરવામાં આવ્યો હતો. સ્નાન કરી ગુપ્ત રાજાના વખતનું બંધાવેલું ૧૭૦ ફુટ ઊંચું અને ૬૦ થાભલાવાળું દ્વારકાધીશનું દેવળ જોયું. રણછોડરાય, ત્રિકમરાય, કલ્યાણરાય, વગેરે મૂર્તિનાં દર્શન કર્યાં. કેટલાક ભાવિક ભક્તોએ સાડા આઠ આના ખરચી ચરણસ્પર્શ કર્યા.

તા. ૧૯મીએ ખટરામાં બેસી બેટ જવા માટે ઉપડયા. દ્વારકાથી બેટ ૧૫ માઇલ છે. એ ૧૫ માઇલની જમીનની મુસાફરી કરી હિંદુસ્તાનથી બહારના મુલકમાં વહાણમાં બેસી ગયા. પવનની અગવડને લીધે બે કલાક વહાણમાં ગયા તેથી એ દિવસે સાંજે બેટમાં પહોંચ્યા. ડોસાભાઈની ધર્મશાળાને નામે ઓળખાતા મુકામમાં ત્યાંના માસ્તર સાહેબ તથા મહાલકરી સાહેબની ગોઠવણથી મુકામ કર્યો. એ બેટમાં શંખોદ્ધાર તીર્થ છે. પ્રથમ અવતાર વખતે શંખાસુરને મારી તેનો ઉદ્ધાર કર્યો અને વરદાન આપ્યું કે પહેલું આ તારા નામથી થયલા કુંડમાં સ્નાન કરી પછી મારાં-શંખનારાયણનાં દર્શન લેશે એવી દંતકથા ચાલે છે.

તા૦ ૨૦મીએ શંખોદ્ધાર તીર્થમાં સ્નાન કરી રણછોડ તળાવ કે જે દામાજી ગાયકવાડનું બંધાવેલું છે તે જોઈ દ્વારકાધીશનાં મંદિરમાં આવ્યા. ત્યાં મંદિરમાં પ્રવેશ કરવાને રા. ૧) કર લેવાય છે, તે અમારે માટે મફ હતો. મંદિરમાં પેસી ભગવાનના ચરણસ્પર્શ કર્યા, અને ચાર રાણીઓનાં કરતાં ચાર મંદિર છે તેનાં દર્શન કરી દેવકીજી, પુરુષોત્તમરાય, તથા વેણીમાધવને નમન કરી મુકામે આવ્યા. કડી, પ્રસાદી વગેરે લઈ તા. ૨૧મીએ સવારે પ્રયાણ કર્યું. ગોપીતળાવમાં નાહી ગોપીચંદન, શંખ વગેરે ખરીદી પાછા દ્વારકા આવી સાંજ રહ્યા તા. ૨૨મીએ જામનગર જવા માટે પાછા અમિનોકાને ચારણે આવ્યા. ખુરશી પરથી જૉલિઓટમાં, જૉલીઓટથી મોટા મછવામાં અને તેમાંથી અમિનોકામાં બેઠા. કચ્છને કિનારે માંડવી બંદર છેટેથી જોયું. ત્યાંથી સવાયા અને પછી જામનગર તા ૨૩મીએ બપોરે ઊતર્યા. રોઝી બંદરે દિવાન સાહેબ તરફથી ગાડીઓ આવી હતી તેમાં બેસી રોઝી માતાનાં દર્શન કરી શહેરમાં જઈ મુકામ કર્યો.

તા. ૨૪મીએ સાંજે જામ સાહેબના નવા પૅલેસની નિરીક્ષા માટે ગયા. સાથે આવેલા જામનગર ગુજરાતી સ્કૂલના હેડમાસ્તર સાહેબ જામનગરની જૂની વાતો સંભળાવી આનંદમાં વધારો કરતા હતા. નવા પૅલેસમાં

તેજ દિવસે અને તેજ વખતે જામ સાહેબ "મોટરકારમાં" પધાર્યા હતા તેમના દર્શનનો લાભ થયો; સાથે વંદન પણ થયું. મોટરકાર અદૃશ્ય થયા પછી અમે સૌ મહેલમાં પેઠા. ત્યાંનો સર્વે ફરનિચર ચાર દિવસે પણ જોઈ શકાય એવો નથી. હજી મહેલ બંધાય છે, એટલે સામાન યોગ્ય સ્થળે ગોઠવાયલો નથી. આખો મહેલ માત્ર ઉપલકીઆ જોયો, પણ એક ઓરડામાં એક બાજુ ચાલુ સૈકાના અંગ્રેજ ન્યાયાધીશોની તથા પુરાતની દેશી રાજાઓની પ્રતિમાઓ બારીક રીતે જોઈ.

તા. ૨૫મીએ સવારે "કોઠો," અને "લાખોટો" જોવા ગયા. એ બે સ્થાન તળાવ પર બાંધેલાં છે. એ તળાવ જોઈ ભાવનગરનું "ગૌરીશંકર તળાવ" સ્મરણમાં આવ્યું. તળાવ વિશાળ છે. શરૂઆતમાં રાજા સાહેબને હવા ખાવા માટે ઊંચું વિશ્રામસ્થાન બાંધેલું છે, ત્યાંથી સેવકો આજ્ઞા લઈ બાંધેલા પૂલ પર થઈ કોઠામાં ગયા. કોઠો એટલે કિલ્લો. કિલ્લાની પેઠેજ પત્થરથી તે બાંધેલો છે. એની ઉંચાઈ આશરે ૮૦થી ૯૦ ફુટ હશે. પગથીઆં ચઢતાં ગિરનાર પર્વતનો ચઢાવ સ્મરણમાં આવ્યો. મથાળે કિલ્લાના બુરજની, પેઠે ગોળ ભાગ રાખી તેની બારીઓમાં રક્ષણ માટે તોપ ગોઠવેલી છે.

કોઠો જોયો, પાછા હેઠે ઉતરી "લાખોટો" જોવા ગયા કોઠાથી લાખોટો એક સીધી લીટીમાં તળાવને બીજે નાકે છે. એક કિનારે ઉપર્યુક્ત વિશ્રામસ્થાન, વચમાં કોઠો, અને બીજે કિનારે લાખોટો તેની વચમાં પૂલ, એની બાંધણી છે. તળાવમાં જામ સાહેબે બોટિંગવર્ક્સ માટે બોટ રાખેલી છે. લાખોટાનું મકાન એક લાખ પાંતરીસ હજાર કોરીઓ પ્રતિ વર્ષ ખરચી બંધાવેલું છે. ત્રણ વરસે કામ પૂરું થયું હતું એ ના અંદર લેખો છે. બંધાવતાં લાખ કોરીનો ખર્ચ વરસ દહાડે થતો હતો માટે એનું નામ, લાખોટો. એને સાત માળ છે. ચઢવાનું કર્કક સીધી રીતે તથા કંઈક ગોળાકારે છે. માંહે દેશી ઢાદરો અસલના છતાં નવા જેવા દેખાય છે. છેક ઉપર એક સ્તંભ પર માળીયું બાંધી તે પર ચઢવા માટે નીસરણી ગોઠવેલી છે. તે જોઈ એકદંડીઆ મહેલનું અનુમાન થાય છે. તે ઉપર અમારામાંના કોઈ ચઢયા નહોતા. બહુ ઊંચું મકાન હોવાથી આખું શહેર તે ઉપરથી દેખાય છે. ઉપર તોપ થોડીજ છે.

લાખોટા પરથી ઉતરી દ્વારકાપુરી નામે કહેવાતા માર્ગ પર થઈ રણછોડરાયનાં પુનાદર્શન કરી પંજુવાવ જોઈ. એ વાવનાં પાણીનો ઉપયોગ કરી

વૉટરવર્કસખાતું અડધા શહેરને પાણી આપે છે. સાંજના મુડી, કંકુ, મિઠાઈ વગેરેની ખરીદી કરી આણુદાબાવાનો આશ્રમ તથા ગુજરાતી સ્કૂલ જોઈ, તા. ૨૬મીએ સવારે રાજકોટ જવા માટે સ્ટેશને આવ્યા.

ટ્રેનમા બે કલાકનો માર્ગ કાપી લગભગ દસ વાગે રાજકોટ ઊતર્યા. ત્યાંની ટ્રેનિંગ કૉલેજના સ્કૉલર બધુઓ હાજર હતા, તેમણે સામાન માટે ગાડીની ગોઠવણ કરી. પછી અમે બધા સ્કૉલરો એક બીજાનો અભ્યાસ, બોર્ડિંગના ધારા, વગેરેની વિનોદવાર્તા કરતા કરતા ટ્રેનિંગ કૉલેજમાં આવ્યા. અમારા આવવાની ખબર આગલા દિવસથી મળેલી હોવાથી જમવાની ગોઠવણ કરી મૂકી હતી રસોઈ પીરસાઈ, જમ્યા, પછી પાનસોપારી લઈ મુકામે આવી વસ્ત્ર બદલ્યા. તરત રાજકુમાર ટ્રેનિંગ કૉલેજ જોવા ગયા ત્યા દેશી નૃપતિ માટેની ઉત્તમ ગોઠવણો, ઘોડાની ઘોડાર, રહેવાના સ્થાન, અધ્યયનના ઓરડા, અને જળ વિહાર કરવાનું જળાશય વગેરેની નિરીક્ષા કરી વખત ઘણો થઈ ગયો હોવાથી મ્યુઝિઅમમાંનો માત્ર દરબાર હૉલ અને લાયબ્રરિ હૉલ બેજ તે દિવસે જોવાયાં દરબાર હૉલમાં લગભગ હજાર માણસો સુખે બેસી શકે એવી રીતે ખુરશીઓની ગોઠવણ કરેલી છે. દિવાલ ઉપર દેશી રાજાઓની દર્શનીય પ્રતિમા અને તે દરેક ઉપર ભાલા, ફરશી, ઢાલ, તરવારના રાજચિહ્નો જોઈ અમારા સર્વેના મન તે તરફ આકર્ષાયા. એ બે હૉલ જોયા પછી મ્યુઝિઅમ જોવાનું બીજા દિવસ પર મુલતવી રાખ્યુ.

તા ૨૭મીએ ભોજન કરી પરવારી બાર્ટન ફિમેલ ટ્રે. કૉલેજ જોવા ગયા. એ કૉલેજમા લેડિ સુપરિન્ટેન્ડેન્ટે જાતે ખરા ઉમગથી હારમોનિઅમ સાથે ડ્રિલ, ગરબા, અને ભરતકામ બતાવ્યુ. ત્યાં લગભગ દોઢેક કલાક રોકાઈ, પાછા મ્યુઝિઅમ જોવા ગયા. મકાનમા પ્રવેશ કરતાજ બે બાજુએ બે સિંહના નમુના આબેહુબ છે. માંહે શિલાલેખોના ઉતારા, તાડપત્રો, ૮૫ ફુડાવાળો બાજરીનો છોડ, ૨૩ ફુટ ઊંચો જુવારનો છોડ, પોરબદરમા જન્મેલાં બે માથાંવાળાં બાળકનું ચિત્ર, મ્હૈસુરની સોનાની ખાણમાના રેતાળ પત્થર, ખરના તારાનો ભાગ, બે મુખાળા હરણનું મૃગચર્મ, વગેરે પદાર્થો, તથા પ્રાણી અને વનસ્પતિના ફૉસિલો તથા નમુના જોઈ તૃપ્ત થઈ મુકામે આવ્યા. સાંજે રાજકોટ મેલ ટ્રેનિંગ કૉલેજના સ્કૉલરોથી છૂટા પડી રાતની ટ્રેનમાં બેસી અમદાવાદ સવારે ઊતર્યા **इत्यलम्.**

પંચાંગ. ઇસ્વી સન ૧૯૧૪, સંવત્ ૧૯૭૦-૭૧.

તારીખ.	જાન્યુઆરિ.		ફેબ્રુઆરિ.		માર્ચ.		એપ્રિલ.		મે.		જુન.	
	પોસ-માહ.		માહ-ફાગણ		ફાગણ-ચૈત્ર		ચૈત્ર-વૈશાખ		વૈશાખ-જેઠ.		જેઠ-અસાડ.	
	તિથિ	વાર	તિથિ	વાર	તિથિ	વાર	તિથિ	વાર	તિથિ	વાર	તિથિ	વાર
૧	૫	ગુ.	૬	૨	૪	૨	૫	બુ.	૬	શુ.	૮	સો.
૨	૬	શુ.	૭	સો.	૫	સો	૬	ગુ	૭	શ	૯	મં.
૩	૭	શ.	૮	મ	૬	મ.	૭	શુ	૮	૨.	૧૦	બુ
૪	૮	૨.	૯	બુ.	૭	બુ.	૮	શ	૯	સો.	૧૧	ગુ.
૫	૯	સો.	૧૦	ગુ	૮	ગુ.	૯	૨.	૧૦	મ.	૧૨	શુ.
૬	૯	મ.	૧૧	શુ	૯	શુ.	૧૧	સો.	૧૧	બુ	૧૩	શ.
૭	૧૦	બુ.	૧૨	શ.	૧૦	શ	૧૨	મં.	૧૨	ગુ.	૧૪	૨.
૮	૧૧	ગુ.	૧૩	૨	૧૧	૨.	૧૩	બુ	૧૩	શુ.	૧૫	સો.
૯	૧૨	શુ.	૧૪	સો.	૧૨	સો.	૧૪	ગુ	૧૫	શ.	૧	મ.
૧૦	૧૩	શ	૧૫	મં.	૧૩	મં.	૧૫	શુ	૧	૨.	૨	બુ.
૧૧	૧૪	૨.	૧	બુ.	૧૪	બુ.	૧	શ.	૨	સો.	૩	ગુ.
૧૨	૧૫	સો.	૨	ગુ.	૧૫	ગુ.	૨	૨.	૩	મં.	૪	શુ
૧૩	૧	મં.	૩	શુ	૧	શુ.	૩	સો.	૪	બુ	૫	શ.
૧૪	૨	બુ	૪	શ	૩	શ	૪	મં.	૫	ગુ.	૬	૨.
૧૫	૪	ગુ	૫	૨.	૪	૨	૫	બુ.	૬	શુ.	૭	સો.
૧૬	૫	શુ.	૬	સો.	૫	સો	૬	ગુ	૭	શ.	૮	મં.
૧૭	૬	શ	૭	મં	૬	મ	૭	શુ	૮	૨.	૯	બુ.
૧૮	૭	૨	૯	બુ	૭	બુ	૮	શ.	૯	સો.	૧૦	ગુ.
૧૯	૮	સો	૧૦	ગુ.	૮	ગુ	૯	૨.	૧૦	મં.	૧૧	શુ
૨૦	૯	મં.	૧૧	શુ.	૯	શુ.	૧૦	સો	૧૧	બુ	૧૨	શ.
૨૧	૧૦	બુ	૧૨	શ	૧૦	શ	૧૧	મં	૧૨	ગુ.	૧૩	૨.
૨૨	૧૧	ગુ.	૧૩	૨.	૧૧	૨	૧૨	બુ.	૧૦	શુ	૧૪	સો.
૨૩	૧૨	શુ.	૧૪	સો	૧૨	સો.	૧૩	ગુ	૧૪	શ.	૩૦	મં.
૨૪	૧૩	શ	૩૦	મ	૧૩	મ	૧૪	શુ	૧૪	૨.	૧	બુ
૨૫	૧૪	૨	૧	બુ.	૧૪	બુ	૩૦	શ.	૩૦	સો.	૨	ગુ.
૨૬	૩૦	સો.	૧	ગુ	૩૦	ગુ.	૧	૨.	૧	મ.	૩	શુ.
૨૭	૧	મ	૨	શુ	૧	શુ	૨	સો	૨	બુ	૪	શ..
૨૮	૨	બુ.	૩	શ	૨	શ	૩	મ	૩	ગુ.	૫	૨.
૨૯	૩	ગુ			૩	૨.	૪	બુ	૪	શુ	૬	સો.
૩૦	૪	શુ.			૪	સો	૫	ગુ	૫	શ.	૭	મં.
૩૧	૫	શ.			૪	મં.			૬	૨.		

પંચાંગ. શક ૧૮૩૫-૩૬.

તારીખ.	જુલાઇ.		ઑગસ્ટ.		સપ્ટેમ્બર.		ઑકટોબર.		નવેમ્બર.		ડીસેમ્બર-	
	અસાડ-શ્રાવણ		શ્રાવણ-ભાદરવો.		ભાદરવો-આસો		આસો-કાર્તિક		કાર્તિક-માગશર		માગશર. પોસ.	
	તિથિ	વાર	તિથિ	વાર	તિથિ	વાર	તિથિ	વાર	તિથિ	વાર	તિથિ	વાર
૧	૮	બુ	૧૦	શ	૧૨	મ	૧૨	ગુ	૧૪	૨	૧૪	મં.
૨	૯	ગુ.	૧૧	૨.	૧૩	બુ	૧૩	શુ.	૧૫	સો	૧૫	બુ
૩	૧૧	શુ.	૧૨	સો	૧૪	ગુ	૧૪	શ.	૧	મં.	૧	ગુ.
૪	૧૨	શ.	૧૩	મ	૧૫	શુ	૧૫	૨.	૨	બુ	૨	શુ
૫	૧૩	૨	૧૪	બુ	૧	શ.	૧	સો	૨	ગુ.	૩	શ.
૬	૧૪	સો	૧	ગુ	૨	૨.	૨	મ	૩	શુ	૪	૨
૭	૧૫	મં	૧	શુ	૩	સો	૩	બુ.	૪	શ	૫	સો
૮	૧	બુ.	૨	શ	૪	મં	૪	ગુ	૫	૨	૬	મ.
૯	૨	ગુ.	૩	૨	૫	બુ	૫	શુ	૬	સો	૭	બુ
૧૦	૩	શુ	૪	સો	૬	ગુ	૬	શ.	૭	મ	૮	ગુ
૧૧	૪	શ.	૫	મ.	૭	શુ	૭	૨.	૮	બુ	૯	શુ
૧૨	૫	૨.	૬	બુ.	૭	શ	૮	સો	૯	ગુ	૧૦	શ.
૧૩	૬	સો.	૭	ગુ	૮	૨.	૯	મ	૧૦	શુ	૧૧	૨
૧૪	૭	મ	૮	શુ	૯	સો	૧૦	બુ.	૧૨	શ.	૧૨	સો.
૧૫	૮	બુ.	૯	શ.	૧૦	મં.	૧૧	ગુ	૧૩	૨.	૧૩	મ.
૧૬	૯	ગુ	૧૦	૨	૧૧	બુ	૧૨	શુ.	૧૪	સો.	૧૪	બુ.
૧૭	૧૦	શુ	૧૧	સો.	૧૨	ગુ	૧૩	શ.	૩૦	મં.	૩૦	ગુ
૧૮	૧૧	શ	૧૨	મ.	૧૩	શુ.	૧૪	૨.	૧	બુ	૨	શુ
૧૯	૧૧	૨	૧૩	બુ	૩૦	શ	૩૦	મો	૨	ગુ.	૩	શ.
૨૦	૧૨	સો	૧૪	ગુ	૧	૨	૧	મ.	૩	શુ.	૪	૨
૨૧	૧૩	મં	૩૦	શુ.	૨	સો.	૨	બુ.	૪	શ	૫	સો.
૨૨	૧૪	બુ.	૧	શ	૩	મં	૪	ગુ	૫	૨	૬	મ.
૨૩	૩૦	ગુ	૨	૨.	૪	બુ	૫	શુ	૬	સો	૭	બુ
૨૪	૧	શુ	૩	મો.	૫	ગુ	૬	શ	૭	મં.	૮	ગુ
૨૫	૨	શ	૪	મ	૬	શુ	૭	૨.	૮	બુ	૯	શુ.
૨૬	૪	૨	૫	બુ	૭	શ	૮	સો	૯	ગુ	૯	શ.
૨૭	૫	સો	૭	ગુ	૮	૨	૯	મ.	૧૦	શુ.	૧૦	૨
૨૮	૬	મં	૮	શુ	૯	સો	૧૦	બુ	૧૧	શ	૧૧	સો.
૨૯	૭	બુ	૯	શ.	૧૦	મ.	૧૧	ગુ	૧૨	૨	૧૨	મં
૩૦	૮	ગુ.	૧૦	૨.	૧૧	બુ.	૧૨	શુ	૧૩	સો	૧૩	બુ
૩૧	૯	શુ.	૧૧	સો			૧૩	શ.			૧૪	ગુ.

પ્રે. રા. ટ્રે. કૉલેજની સને ૧૯૧૩ની વાર્ષિક પરીક્ષામાં અપાયલાં ઇનામો તથા મેડલો વગેરે.

નીચેના ત્રીજા વર્ષમા પાસ થયલા સીનિઅર સ્કૉલરો રૂ. ૨૫ની ગ્રેડમા પાસ થયા છે:—

ભાઈલાલ નાથાભાઈ ભટ્ટ.
સોમાભાઈ મથુરભાઈ ઉપાધ્યાય.
ત્રિભુવનદાસ રામભાઇ બ્રહ્મભટ્ટ.
હિરાગર સંતોકગર ગોસાઈ.

જુદા જુદા વિષયોમા જુદા જુદા મેડલો તથા ઇનામો નીચે લખેલા સ્કૉલરોને આપવામા આવ્યા છે —

શિક્ષણ માટેના હોપ મેડલો.

૧ ભાઈલાલ નાથાભાઈ ભટ્ટ. (રૂપાનો).
૨ સોમાભાઇ મથુરભાઇ ઉપાધ્યાય. (કાંસાનો).

ગુજરાતી ભાષા માટેનો મહીપતરામ મેડલ.

ત્રિભુવનદાસ રામભાઈ બ્રહ્મભટ્ટ.

રૂ. ૧૫નુ મૅટફીલ્ડ પ્રાઇઝ.

ભાઈલાલ નાથાભાઈ ભટ્ટ.

રૂ. ૧૨નુ ડ્રૉઇંગ માટેનું જાઇલ્સ પ્રાઇઝ.

પ્રેમાભાઇ ગણેશજી ખ્રિસ્તિ

રૂ. ૯નું સંગીત માટેનું જાઇલ્સ પ્રાઇઝ.

રત્નાજી માધુજી દેશાઈ

એહમદ બાજીભાઈ પટેલ તથા ચીમનલાલ મગનલાલ પડ્યા એ દરેકને અનુક્રમે રૂ. ૬નું તથા રૂ. ૫નુ બીજુ તથા ત્રીજુ ઇનામ આપવામાં આવ્યુ છે

કમરતનાં ઇનામો.

સ્કૉલર	વર્ષ	રૂ.
હીરાગર સંતોકગર ગોસાઇ.	૩	૧૦
છોટાલાલ ગિરજાશંકર પડ્યા.	૩	૪

નીલાભાઈ હરીસિંહ સોલંકી.	૨	૬
કીકાભાઈ નેમાભાઈ ચોધરી.	૨	૫
સોમાભાઈ પ્રભુદાસ પટેલ.	૨	૩
છીતાભાઈ મકનજી.	૧	૪
મોહમદ બાબુભાઈ પટેલ.	૩	૪
કમેદમીઆ મહમીઆં.	૨	૨
મોતીભાઈ મથુરભાઈ પટેલ.	૧	૩

વડોદરાનું કલાભવન.

આ સંસ્થાનું સને ૧૯૧૩–૧૪ નું 'બોધકપત્ર' અમને મળ્યું છે, તે જોતાં માલમ પડે છે કે એ સંસ્થા સંતોષકારક કામ કરે છે. શ્રીમંત સરકાર મહારાજા સયાજીરાવ ગાયકવાડ તરફથી ૧૮૯૦માં એની સ્થાપના થઈ હતી. એનો ઉદ્દેશ દેશના હાલના ધંધા સુધારવાનો તથા નવા લાભકારક ધંધાઓ દાખલ કરવાનો છે.

આ સંસ્થાનું શિક્ષણ ૭ શાખાઓ કે શાળાઓમાં વહેંચાયલું છે: (૧) શિલ્પશાળા, (૨) યંત્રશાળા, (૩) રંગશાળા, (૪) વણતરશાળા, (૫) ચિત્રશાળા, અને (૬) વ્યાપારશિક્ષણશાળા.

આ સંસ્થામાં પાસ થઈ નીકળનારને ડિપ્લોમાઓ આપવામાં આવે છે. છેલ્લાં દશ વર્ષમાં ડિપ્લોમા મેળવનારની સંખ્યા નીચે મુજબની છે:—

શિલ્પશાળાનો	૮૯	વણતરશાળાનો	૧૪
યંત્રશાળાનો	૧૫૪	ચિત્રશાળાનો	૪૪.
રંગશાળાનો	૭૨		

વિદ્યાર્થીઓએ આપવાની ફી, દાખલ થવાના નિયમો, તથા ભવનના અભ્યાસક્રમો વગેરે વિશેષ હકીકત માટે 'કલાભવનનું બોધકપત્ર' મંગાવી જોવું.

---

૯. સાતમી ચોપડીના પાઠ ૭૪માં બ્રિટિશ રાજ્યનું ક્ષેત્રફળ ૯૩ લાખ ચોરસ માઇલ કરતાં વધારે છે, એમ લખ્યું છે, ને ભૂગોળ ભાગ બીજામાં બ્રિટિશ સામ્રાજ્યના વર્ણનમાં બ્રિટિશ રાજ્યનું ક્ષેત્રફળ ૧૧૪ લાખ ચોરસ માઇલ આપ્યું છે. આ બેમાં ખરૂં કયું !

મિ. ભાઇશંકર છગનલાલ ત્રવાડી—

૧૦ કેટલાક શિક્ષકોનું કહેવું એમ છે કે મીઠાના ગાંગડાનો આકાર પહેલદાર કે પાસાદાર નથી અને કેટલાકનું કહેવું એવું થાય છે કે મીઠાના ગાંગડાનો આકાર પહેલદાર કે પાસાદાર છે, માટે તે વિષે ખરી હકીકત શી છે તેનો ખુલાસો 'શાળાપત્ર'માં આપવા કૃપા કરશોજી, કારણ કે પદાર્થપાઠના સંબંધમાં આ વિષેની ચર્ચા ઊઠેલી છે.

મિ. જમનાદાસ ભાઇચંદ મહેતા—

૧૧. શ્રી. સાતમી ચોપડી ભાગ ૩. સૃષ્ટિજ્ઞાન સબંધી પાઠ ૯૬ નેબ્યુલા અથવા નિહારિકા.

ઉક્ત પાઠના પૅરેગ્રાફ ૩જાની ચોથી અને પાંચમી લીટીમાં લખેલું છે કે "સૂર્યમાંથી આપણી પૃથ્વી પર આવતા પ્રકાશને આસરે આઠ મિનિટ લાગેછે—હવે પૃથ્વીથી સૂર્યનું અન્તર ૯૩૦,૦૦,૦૦૦ માઇલનું ગણીએ, તો એક મિનિટમાં પ્રકાશનો વેગ ૧૧૬૨૫૦૦૦ માઇલ આવે છે. પણ સદ્દહું ચોપડીના પાઠ ૪૦મા સૂર્યોદય વિષે ઉપજાતિ વૃત્તમાં કવિવર દલપતરામ છેલ્લી બે પંક્તિઓમાં કવે છે કે,—

'પ્રકાશ વેગે અતિ દોડી આવે, સેનાપતિ જેમ ચમૂ ચલાવે;
મિનુટમાં મેલ ઘણા કપાય, જે લાખ ને છાસઠ હજાર જાય.

આમાં કવિ શ્રી દલપતરામભાઇએ પ્રકાશનો વેગ એક મિનિટમાં એક લાખ ને છાસઠ હજાર દર્શાવ્યો છે ખગોળશાસ્ત્ર પ્રમાણે જો પ્રથમની વાતને ખરી માનીએ તો દલપતરામભાઇ જેવા અનુભવી અને વિદ્વાન્ માણસે આવી ગંભીર ભૂલ કેમ કરી હશે, એવો પ્રશ્ન સ્વાભાવિક છે. જાણી બુજીને કવિતાનું માપ સાચવવા અથવા પ્રાસ બેસાડવા આનું અયોગ્ય સાહસ પોતે વહોરે એ શક્યપદ છે આથી સ્વાભાવિક રીતે શંકા ઉદ્ભવે છે કે, એમ તફાવત પડવાનું શું કારણ હશે, તેમજ પ્રકાશનો વેગ (હાલના ખગોળશાસ્ત્ર પ્રમાણે) મિનિટે કેટલો હશે!

સદર્હુ બાબતમાં ભ્રમમાં પડવા જેવું થાય છે, તો યોગ્ય ખુલાસો મળવા અરજ છે.

૧૨. સદર્હુ ચોપડીના પાઠ ૯૪ના પૅરેગ્રાફ ચોથાની છેલ્લી લીટીમાં લખેલું છે કે–' સૂર્યથી વધારે અન્તરે હોવાથી તેને (મંગળને) આપણાથી માત્ર અર્ધી ઉષ્ણતા અને પ્રકાશ મળે છે; પૃથ્વી કરતા મંગળ સૂર્યથી વધારે દૂર હોવાને લીધે તેને પૃથ્વીના કરતાં પ્રકાશ અને ઉષ્ણતા ઓછાં મળે એ સ્વાભાવિક છે, પણ સદર્હુ પાઠના પૅરેગ્રાફ નવની બીજી લીટીમાં બૃહસ્પતિ ગ્રહ વિષે પ્રકાશ અને ઉષ્ણતાના સંબંધમાં લખ્યું છે કે–' એને આપણી પૃથ્વીના ૧/૨ જેટલી ગરમી અને તેજ મળે છે.'

આ ઉપરથી પ્રશ્ન એ થાય છે કે, મંગળ કરતાં બૃહસ્પતિગ્રહ સૂર્યથી બહુ દૂર છતા તેને મંગળ કરતાં વધારે ગરમી અને ઉષ્ણતા શી રીતે મળી શકે ?

આમાં કુદરતી નિયમને કયો બાધ નડયો હશે તે જણાવવાની મહેરબાની કરશોજી.

૧૩. સૃષ્ટિના નિત્ય નિયમ મુજબ વનસ્પતિશાસ્ત્રનો નિયમ છે કે ફળની ઉત્પત્તિ ફૂલમાંથીજ થાય છે.

મકાઇનો છોડ તૃણધાન્યની વનસ્પતિનો છે; પણ તેના ફૂલની અને બીજાયની અન્તર્ગત રચના કંઈક ગુચવણભરેલી માલમ પડવાથી તેના રહસ્ય વિષે સમજણ ન પડવાથી નીચેની હકીકતનો ખુલાસો મેળવવા આકાંક્ષા રાખુ છુ.

મારા પોતાના અવલોકનમાં મને માલમ પડયુ છે કે, જે વખતે મકાઇના રાડા (સાંઠા) ની ગાંઠમાંથી ડોડો–બીજધારક ડોડો અને બીજપોષક તન્તુઓ–મૂછ ઉત્પન્ન થાય છે, તેજ વખતે ચમરી (ફૂલની માંજર) ઉત્પન્ન થઈ હોય છે, અને રાડાના ગળામાં પાંદડાંના સમૂહમાં જોવાથી માલમ પડે છે.

વનસ્પતિશાસ્ત્રના નિયમ મુજબ ફૂલની સંપૂર્ણ ખિલવણી થયા પછીજ બીજની ઇપરેષા માલમ પડવી જોઈએ, છતાં ઉક્ત છોડના સંબંધમાં ફૂલ અને ફળનો દેખાવ એકજ વખતે કેમ માલમ પડતો હશે ? ઉત્પન્ન થયલી ચમરી જે વખતે પાંદડાંના સમૂહમાં હોય છે, અને

જે મિલકુલ ખીલેલી હોતી નથી, આવી સ્થિતિમાં તેને ખેંચી લેવામાં આવે છે તોપણ બીજધારક દોડો વૃદ્ધિને પામે છે. આમ થવાનું કારણ શું ?

આ ઝાડમા ફૂલ અને ફળનો સંબંધ કેવી રીતે જળવાતો હશે, અને ફૂલની ગર્ભનળી, ગર્ભાશય વગેરેનો સબંધ કેવી રીતનો હશે તે જણાવવા મહેરબાની કરશોજી.

केळवणीखातानी खबरो.

જોઈએ છે.

સિંધ માટે બીજા અથવા ત્રીજા વર્ષની ટ્રેન્ડ મિસ્ટ્રેસો જોઈએ છે. તેમની નોકરીના પ્રથમના ત્રણ માસ ઘણુ કરીને તેમણે અરબી-સિંધી ઘણી ઝડપથી શીખી લેવા માટે હૈદ્રાબાદની સ્ત્રીઓ માટેની ટ્રેનિંગ કૉલેજમાં ગાળવા પડશે. કૉલેજને અગે એક હૉસ્ટેલ છે. ત્યારબાદ તેમને સિંધની લોકલ બોર્ડ શાળાઓમા જગા આપવામા આવશે. એવી મિસ્ટ્રેસોને દરેક જાતની સગવડ કરી આપવામા આવશે. જે શાળાઓને મટે મિસ્ટ્રેસો જોઈએ છે તેના નામ નીચે મુજબ છે:—

(અ) જિલ્લે થાર અને પારકરની કન્યાશાળાઓ, મુખ્યત્વે મીઠી અને નગર પારકરની શાળાઓ માટે ૧ અથવા ૨ ગુજરાતી મિસ્ટ્રેસો. નગર પારકર ગુજરાતની ઘણું નજદીક છે, અને અત્યારસુધીમા ૪ મિસ્ટ્રેસો ગુજરાત તથા કાઠિઆવાડમાંથી નગર પારકર (સિંધ) માં આવેલી છે.

(બ) નવાબશાહ જિલ્લો ટંડો આદમ, અમાન, નવ શહેરો ફીરોઝ, અને હલાની.

હૈદ્રાબાદ જિલ્લો: ટંડો અલયાર.

સક્કર જિલ્લો: અરઈન, ઘેરીકી

કરાચી જિલ્લો: ભીઆન.

A. E. Brooke,
ઇન્સ્પેક્ટ્રેસ ઑફ ગર્લ્સ સ્કૂલ્સ,
સિંધ.

૪	હવે એન. પી. ભાવનગર— "વેનિસનો વેપારી."	ગુજરાતી	ગુજરાતી પ્રાથમિક અને અં. વ. શાળાઓમાં ઇનામ તથા લાઇબ્રેરિ માટે.	૧	૪	૦
૫	ગુજરાત વર્નાક્યુલર સોસાયટિ, અમદાવાદ "વિક્રમાદિત્યચરિત્ર"—જી. વી. આચાર્યનું.	"	ગુજરાતી પ્રાથમિક અને અં. વ. શાળાઓની લાઇબ્રરિ માટે.	૦	૧૨	૦
૬	જોશી કે, એન. વડોદરા— "વાચનમાળાના વિજ્ઞાનના પાઠોના શિક્ષણની માર્ગદર્શિકા (પ્રથમ ખંડ) બીજી આવૃત્તિ.	"	ગુજરાતી પ્રાથમિક શાળાઓની લાઇબ્રરિ માટે.	૦	૪	૦
૭	"વાચનમાળાના વિજ્ઞાનના પાઠોના શિક્ષણની માર્ગદર્શિકા (દ્વિતીય ખંડ).	"	"	૦	૫	૦
૮	કવિ બીડ એન લીમડી; કાઠિઆવાડ— "ગુજરાતી જૂના ગીતો."	"	ગુજરાતી પ્રાથમિક અને અં. વ. શાળાઓમાં છોકરીઓને ઇનામ માટે.	૦	૮	૦

૯	મહેતા એન. એમ; મુબઇ— "વ્યાપારની કળા"–જે. એ. પટેલનું	ગુજરાતી.	ગુજરાતી પ્રાથમિક અને અંગ્રેજી શાળાઓ તથા ગુજરાતી ટ્રેનિંગ કૉલેજોની લાઇબ્રરિ માટે.	૦	૮	૦
૧૦	મટુભાઈ બી. અને કંપનિ, સુરત— "સંસારજીવન"–એચ. જી. શાસ્ત્રીનું	"	ગુજરાતી પ્રાથમિક શાળાઓમા ઇનામ માટે	૦	૬	૦
૧૧	સવત ગંગુબાઈ, વડોદરા— "સદ્ગુણ દૃષ્ટાંત પચીસી"	"	"	૦	૬	૦
૧૨	શેખ ગુલામ મોહમદ અબીદમીયા જૂનાગઢ. "કોળી પડા નામા", વેલંકર કે. બી. પૂના—	"	ઉર્દુ સ્કુલોની લાઇબ્રરિ માટે તથા મુસલમાન શિષ્યોને ઇનામ માટે.	૦	૮	૦
૧૩	"આંકના પાગનો સચિત્ર તકતો"	"	ગુજરાતી પ્રાથમિક શાળાઓના ઉપયોગ માટે.	૦	૧૪	૦

૧૪	મિરઝા હબીબ હુસેન, અલ્લાહાબાદ—"ઉર્દુકા નયા કાયદા (ઉર્દુ એ. બી. સી પ્રાઇમર)"	ઉર્દુ.	ઉર્દુ શાળાઓના ઉપયોગ માટે-	૦	૦	૯
૧૫	"ઉર્દુ પ્રાઇમર" એસ. ગુલામઅલી લાહોર—	"	"	૦	૦	૬
૧૬	"ઉર્દુકા કેસરી કાયદા (ઉર્દુ રૉયલ-પ્રાઇમર)"—કે. એમ. રતીઆરામનું	"	"	૦	૦	૬

ઑફિસ ઑવ્ ધિ ડિરેક્ટર ઑવ્

પબ્લિક ઇન્સ્ટ્રક્શન, પૂના.

તા. ૧૩ મી નવેંબર ૧૯૧૩.

A. L. COVERTON,

એ.ડિ. ઑ. ૫. ઇ.

(ઉ. ભા. ના. મે. એ. ઈ. સાહેબના તા. ૧૮ મી. ડીસેંબર ૧૯૧૩ ના હુકમ નં. ૬/૨ ઉપરથી).

વર્નાકયુલર ફાઇનલ પરીક્ષા.

તા ૧૦ મી સપ્ટેંબર ૧૯૧૨ ના નં ૨૩૧૨ ના કેળવણીખાતાના સરકારી ઠરાવ મુજબ ૧૯૧૪ ની વર્નાકયુલર ફાઇનલ પરીક્ષાના ઉમેદવારોમાંથી જેમની ઇચ્છા હશે, તેમની ઉર્દુ ભાષા મારફત પરીક્ષા લેવામા આવશે.

બીજા વિષયમાં ઉર્દુની પરીક્ષા માટે નીચેનો અભ્યાસક્રમ મુકરર કરવામાં આવ્યો છે

(अ) મિસ્ર બાહુદ્દિન અહમદના 'અલ્-હાદન' નું (પ્રસ્તાવના તથા ઉપોદ્ઘાત બાતલ કરવા), તથા ગુજરાતી વાચનમાળાની છઠ્ઠી ચોપડીના ભાગ પરેતાનું (કવિતા બાતલ કરવી) વાચન તથા સમજુતી, ઉર્દુ વ્યાકરણ પૂર્વ, પદચ્છેદ તથા વ્યુત્પત્તિ સાથે

(ब) 'મુસદ્દસ-ઈ-હાલી' ની પહેલી ૩૦૦ લીટીનો મુખપાઠ

(क) વર્નાકયુલર તથા ગુજરાતીમા હાથના ચોકખા સરકારી લખાણનું વાચન

R. P. Godbole,
એ ઇ ઉ ભા.

વર્નાકયુલર ફાઇનલ પરીક્ષા.

તા. ૨૧ મી નવેંબર ૧૯૦૭ ના મુંબઈ ગવર્નમેંટ ગેઝેટ ભાગ પહેલામા પ્રસિદ્ધ થયલા નિયમાનુસાર સને ૧૯૧૪ માં થવાની વર્નાકયુલર ફાઇનલ પરીક્ષા માટે નીચેની ચોપડીઓ પસંદ કરવામાં આવી છે:—

(૧) ભૂમિતિ.

મિ. જી. અર. નાયકની ભૂમિતિ ભાગ ૧, પુસ્તક ૧, ખંડ ૧ પૂરો અને ખંડ ૨ તથા ૩ માંના સર્વે પ્રમેય તથા કૃત્યો, તે પરના સહેલા પ્રશ્નો સાથે

(૨) ગુજરાતી.

ખાતા તરફની ગુજરાતી વાચનમાળાની સાતમી ચોપડી, પાનાં ૨૮ ૩૨, ૩૬, ૪૦, ૪૪, ૪૮, ૫૧, ૫૩, અને ૫૫મા આવેલી કવિતાઓની ૩૦૦ લીટીના મુખપાઠ તથા સમજુતી સાથે.

(૫) આરોગ્યવિદ્યા અથવા ગુજરાતી વાચનમાળાની સાતમી ચોપડીના (सृष्टिज्ञान સબંધી) ત્રીજા ભાગમાં આપેલાં વિદ્યાનાં મૂળતત્ત્વો.

મધ્ય વિભાગને માટે જાહેર કરેલી ચોપડીઓ થાણા મધ્યસ્થળે મરાઠીમાં બેસનારા ઉમેદવારો માટે રાખવામા આવી છે.

R. P. Godbole,
એ. ઇ. ઉ. ભા.

નિશાળોનાં ઇનામપત્રક

અમદાવાદ વિભાગ —

દેત્રોજ—ગામના આગેવાનો રૂા. ૩૫-૮-૦ ઇનામ નિકોલ—જુદા જુદા ગૃહસ્થો રૂા. ૨૫-૮-૦ ઇનામ તથ રકુલ જમાડી. પ્રાંતિજ—શેઠ ચુનીલાલ રણછોડદાસ રૂા. ૫) મિઠાઇ વહેંચી. સાબળ—પરસોતમદાસ લલ્લુભાઇ રૂા ૫), છગનલાલ કૃપારામભાઇ રૂા ૩) કાપડ તથા મિઠાઇ. લોલા.—શા. ઝવેરદાસ નાગરદાસ રૂા ૨) સાકર.

ખેડા વિભાગ —

મહુધા—કન્યાશાળામાં દેશાઈ રામાભાઈ મનોરભાઈ રૂા. ૨૫) વાડકીઓ તથા રૂા. ૫) પતાસાં. મહેમદાવાદ—કન્યાશાળા પા. મરઘાભાઈ ધનજીભાઈ તથા પા. બાલરભાઈ વરજભાઈ રૂા. ૨૦), શાહ હરગોવિંદ છગનલાલ રૂા ૪૦) તથા બહેચરભાઈ રણછોડભાઈ રૂા. ૧૫) વાડકીઓ અલિમા—ઠાકર પ્રભાશંકર કુરણાશંકર, રૂા ૭) રકુલ જમાડી ઠાકોર બી મસગજી હિંમતસગજી તથા શા. હીરાચંદ મૂળજી રૂા ૬) મિઠાઈ મોગર—રાળ રીવસગજી ભારથસગજી રૂા. ૩), પટેલ રગાભાઈ લલ્લુભાઈ, પા. મગળભાઈ બહેરભાઈ તથા સોમાભાઈ પૂજાભાઈ રૂા. ૧૭) વાડકીઓ, મિઠાઈ વગેરે, પટેલ નાગજીભાઈ ગટાભાઈ રૂા. ૧૦) પ્યાલા વગેરે પુરોહિત ફુલશંકર મોતીરામ રૂા. ૩) મિઠાઈ તથા પ્રદર્શનમાં પાગોલ—પા. કેશરભાઈ મૂળભાઈ રૂા ૨૦) પા સોમાભાઈ બાવાજી રૂા ૧૮) પા લાલાભાઈ રણછોડભાઈ રૂા. ૧૮) તથા બાઈ હરખા રૂા ૧૫) કાપડ તથા રકુલ જમાડી મિઠાઈ વહેંચી વાંસખાલીઆ—ગામના ગૃહસ્થો વગેરે રૂા. ૨૦) રકુલ જમાડી અડાસ—પા. છોટાભાઈ મુનદાસ રૂા. ૬૦) રકુલ જમાડી ગામડી—પા છનાભાઈ રૂા. ૯) એ દણીઓ, પા. ઝવેરભાઈ સખીદાસ રૂા. ૨૫) રકુલ જમાડી, તથા ગામના સદ ગૃહસ્થો રૂા. ૨૬ મિઠાઈ તથા પ્યાલા વડોદ.—ગામના ગૃહસ્થો રૂા ૪૫) રકુલ જમાડી. કુણાદરા—ગામના ગૃહસ્થો રૂા. ૧૭-૪-૦ રકુલ જમાડી. મા સરા—શાહ સોમાભાઈ ભોગીલાલ વગેરે રૂા ૮) રકુલ જમાડી. વણસોલ.—રા ચતુરભાઇ ઝવેરભાઇ રૂા. ૨૫) રકુલ જમાડી તથા પતાસાં વહેંચ્યાં. વારસંગ—ગામના ગૃહસ્થો રૂા ૬૧) રકુલ જમાડી તથા પતાસાં વહેંચ્યાં. કુનીજ—ગામ લોકો રૂા ૩૨) રકુલ જમાડી તથા મિઠાઇ આપી ડભાસી—આર્ય લોકો રૂા. ૩૪-૮-૦ રકુલ જમાડી મિઠાઇ આપી.

REGISTERED NO B 43.

પુસ્તક ૫૩મું. અંક ૨જો.

Gujarat School Paper.

ગુજરાત શાળાપત્ર.

ફેબ્રુઆરિ, સને ૧૯૧૪.

વિષય.	અનુક્રમણિકા.	પૃષ્ઠ.
૧. લેખનશુદ્ધિ.	... ...	૪૧
૨. વરરુચિકૃત પ્રાકૃતપ્રકાશ.	... ...	૪૨–૫૨
૩. લાબા સમયથી ધારેલું કાશી (ગો. અં ક ત્રિવેદી)		૫૩–૫૮
૪. વાચનમાળાના ખુલાસા. (મ. દ દવાલ)		૫૯–૬૫
૫ લઘુતમ સાધારણ ભાજ્યનો વિશેષ ઉપયોગ. (મા કા. ભટ્ટ)		૬૬–૬૮
૬ સુરત જિલ્લાની કાળી પરજમાં વપરાતા શબ્દો (મ. ડા. મહેતા.)		૬૯–૭૦
૭ ભીલોની વાતચીત. (મ ડા. મહેતા.)		૭૧
૮. ડાહોદ તથા ઝાલોદ તાલુકામાં વસતા ભીલ લોકોની ભાષા (લ ગ)	.. ..	૭૨
૯ ફતેપુર ટપ્પો તાબે સુખરામપુર „ (મ ખુ રાવળ)		૭૩
૧૦. ડાહોદ તાલુકાના ગરબડા વિભાગના ભીલોની બોલીમાં ફેરફાર. (ન. ગી જોશી)	..	૭૪–૭૫
૧૧ કેળવણીખાતાની જાહેરખબરો	... ...	૭૬
૧૨. નિશાળોનાં ઇનામપત્રક.	. ...	૭૭–૮૦

તન્ત્રી (ઑગસ્ટ, ૧૯૦૨થી)—અને
પ્રકાશક—રા. બ. કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી, બી. એ.
પ્રિન્સિપલ, ગ્રે. રા. ટ્રેનિંગ કૉલેજ—અમદાવાદ.

કેળવણીખાતાના હુકમથી.

(સર્વ હક્ક સ્વાધીન રાખ્યા છે)

અમદાવાદ—થી સલ્તનાગયણ પ્રેસમાં પટેલ મોતીલાલ કાળીદાસે છાપ્યું.

હુન્નર ઉદ્યોગની કેળવણી.

તમોને શું ફાયદો કરે છે ?

થોડા ખરચમાં ટુંક અભ્યાસથી સારી ચાકરી જલદી મળી શકે છે દેશનો હુન્નર ઉદ્યોગ વધતો જવાથી કેળવાયલા કારીગરોની મોટી માગણી થતી જાય છે. તમોને ટ્રેડીકલ અથવા બીજી લાઇન પસંદ ન હોય તો આ જાતની કેળવણી તરફ લક્ષ આપો દરેક ગરીબ અને સમજુ માબાપે પણ ગાડરીઆ પ્રવાહની માફક નહી ચાલતા તેની તરફ લક્ષ આપવાની જરૂર છે.

રણછોડલાલ છોટાલાલ ટેકનીકલ ઇન્સ્ટીટ્યુટમાં એનજીનીયરીંગ, સ્પીનીંગ અને વીવીંગ ખાતાનું સંગીન્ન શીક્ષણ ત્રણ વરસ સુધી આપવામાં આવે છે અને લાયક વીદ્યાર્થીઓને સ્કોલરશીપો મળે છે. નવા વીદ્યાર્થીઓની પ્રવેશક પરીક્ષા આવતા જાનેવારી માસની તા. ૬ અને ૭મીએ થનાર છે, માટે તેમાં દાખલ થવા ઇચ્છનારાઓએ વિગતવાર બોધકપત્ર અરધા આનાની ટીકીટ મોકલી મંગાવી લેવું

કાલુપુર પોસ્ટ, અમદાવાદ.

રા. રા. અમીધર રણછોડજી દેશાઇ કૃત–ટેકસ્ટબુક તરીકે મંજુર થયેલાં

લેખાં તથા લઘુવ્યાકરણ.

લેખાં—ભાગ ૧ થી ૫ દરેક ભાગની કીંમત અનુક્રમે ૦)॥ ૦)૮ ૦)૮ા, ૦)૮॥ ને ૦)૮ા છે. આ લેખા મે. ડીરેકટર સાહેબના તા. ૨૬–૭–૯૯ ના હુકમથી ટેકસ્ટબુક તરીકે મંજુર થયેલાં છે, અને સને ૧૯૦૨ ના ફેબ્રુઆરી–માર્ચના શાળાપત્રમાં પાના ૧૦૭ ઉપર પ્રાથમિક નિશાળોમા ચલાવવા માટે મંજુર રાખેલાં પુસ્તકોની નવી યાદી છપાઇ છે તેમાં પણ તે મંજુર રાખેલાં છે

વ્યાકરણ—ભાગ ૧ થી ૩ દરેક ભાગની કીંમત અનુક્રમે ૦)૮, ૦)૮॥, ૦)૮ા ને ત્રણ ભાગ ભેગા બાંધેલા ગુટકાની ૦૮॥ છે આ વ્યાકરણ પણ મે. ડીરેકટર સાહેબે ટેકસ્ટ બુક માટે મંજુર કર્યાનો હુ ન. ૨૨૨૮ તા. ૧૫–૧૨–૦૨ ના ગવર્નમેન્ટ ગેઝીટમાં પા. ૨૦૮૭ ઉપર છપાયો છે.

આ બન્ને પુસ્તકો ઉપર પ્રમાણે નિશાળોમાં ચલાવવા મંજુર થયેલાં હોવાથી ગુજરાત તથા કાઠીઆવાડમાં બધે ચાલુ છે

વેપારીઓ તથા સામટાં લેનારને સારૂં કમીશન અપાય છે.

મુખ્ય એજન્ટ—તમામ જાતનાં શાળાપયોગી પુસ્તકો વેચનાર—

પ્રભાશંકર રવિશંકર ત્રીવેદી પાનકોરના નાકા ચુડીઓળ અમદાવાદ.

गुजरात शाळापत्र.

પુસ્તક ૫૩મું. ફેબ્રુઆરિ, સને ૧૯૨૪. અંક ૨જો.

લેખનશુદ્ધિ.

લેખનશુદ્ધિ—શુદ્ધ લખાણ વિષે આ પત્રમા અનેક વાર લખવામાં આવ્યુ છે ભાષાશુદ્ધિની આવશ્યકતા તેમજ સામાન્ય રીતે જોવામાં આવતા દોષો પ્રસંગે પ્રસંગે દર્શાવી તે તરફ વાચકવર્ગનુ લક્ષ ખેંચવામા આવ્યુ છે. તત્સમ શબ્દોની જોડણી વિષે મતભેદ નથી તેવા સાધારણ વપરાતા શબ્દોમા પણ કેવા દોષો જોવામા આવે છે તેનું વર્ગીકરણ વનાકર્યુલર સોસાઈટિના ડાયમંડ-જ્યુબિલિના ઉત્સવપ્રસંગે અમે આપેલા 'ભાષાશુદ્ધિ'-ના વ્યાખ્યાનમા કર્યું છે ને એ વ્યાખ્યાન 'શાળાપત્ર'મા છાપ્યુ છે શબ્દો છૂટા લખવામા કેવી તરેહવાર રીતો પ્રચલિત થઈ છે તે પણ 'ગુજરાતી'ના દીવાળીના ખાસ અંક માટે લખેલા લેખમા દર્શાવ્યુ છે, તેમજ એ વિષે વિચાર કરી કેટલુંક શાસ્ત્રીય વિવેચન અને સામાન્ય નિયમો પુ૦ ૪૨ પૃ૦ ૨૫૮–૨૬૫ પર આપ્યા છે આ લેખનો ઉદ્દેશ લીટીને અન્તે શબ્દને તોડવાની જરૂર પડતી હોય તો તે કેવી રીતે તોડવો તે તરફ લક્ષ ખેંચવાનો છે હાલમા છપાતા અનેક પુસ્તકોમા શબ્દોને ગમે તેમ તોડવામાં આવે છે તેથી સુજ્ઞ વાચકને ત્રાસ ઉપજે છે આમા કેટલોક દોષ છાપખાનાના અજ્ઞ કામદારોનો ને કેટલોક ગ્રન્થકારોનો હોય છે લખતા લખતાં કે અક્ષરોના બીબા ગોઠવતા ગોઠવતાં લીટીનો છેડો આવ્યો તો જેટલુ માય એટલું મવડાવવુ ને ગમે ત્યાંથી શબ્દ તોડી બીજી લીટી શરૂ કરવી એ રીતિ બહુધા પ્રચાર પામી છે જેમ જ્ઞાનનો પ્રસાર વધતો જાય છે તેમ એવી અનિષ્ટ રીતિ અટકાવવાનો પ્રયત્ન કરવો યુક્ત છે એ વિષે નીચેના નિયમો કરી શકાય એમ છે —

(૧) સામાસિક શબ્દોના અવયવો લક્ષમા રાખી ત્યાંથીજ તોડવા.

દરિયા–	ભરત–	બાળક–
કિનારો	કામ	બુદ્ધિ

આને બદલે દરિ–યાકિનારો, 'ભર–તકામ, બાળ–કબુદ્ધિ આમ છૂટા પાડવાથી પ્રતીતિવિલંબ ને શ્રુતિકટુતાના દોષો થાય છે

गम् આદિ ધાતુનું વિકલ્પે દ્વિત્વ થાય છે; જેમકે गम्यतेનું गम्मइ કે गमिज्जइ, रम्यतेનું रम्मइ કે रमिज्जइ, ને हस्यतेનું हस्सइ કે हसिज्जइ થાય છે.

लिहेर्लिज्झः ॥ ५९ ॥

लिह आस्वादने । अस्य धातोर्लिज्झो भवति भावकर्मणोः ॥

लिज्झइ ॥

लिह ચાટવુ, એ ધાતુનુ ભાવવાચ્ય ને કર્મવાચ્યમાં लिज्झ થાય છે; लिज्झइ.

हृक्रोर्हीरकीरौ ॥६०॥

हृञ् हरणे । डुकृञ् करणे । अनयोर्हीरकीरौ भवतो भावकर्मणोरर्थयोः ॥

हीरइ । कीरइ ॥

हृ (ઉભ) હરવુ, कृ (ઉભ) કરવું—એ એ ધાતુનું ભાવ ને કર્મના અર્થમા हीर ને कीर થાય છે, हीरइ, कीरइ (ह्रियते ને क्रियतेને ઠેકાણે)

ग्रहेर्दीर्घो वा ॥६१॥

[2]ग्रहेर्धातोर्दीर्घो वा भवति भावकर्मणोरर्थयोः ॥

गाहिज्जइ । गहिज्जइ ॥

---

१ ह मा दुहिलिहवहां दुज्झलिज्झवज्झा ॥ એ પ્રમાણે સૂત્ર આપ્યુ છે

२ આ સૂત્રની પહેલા ह मा झो णज्जणवो वा ॥ એવુ સૂત્ર છે. તે પ્રમાણે ज्ञायतेનુ णज्जइ णवइ થાય છે; પક્ષે जाणिज्जइ, मुणिज्जइ થાય છે

- ગ્રહ્ ધાતુનો અ ભાવ ને કર્મના અર્થમાં વિકલ્પે દીર્ઘ થાય છે. ગૃહ્યતે નું गाहिज्जइ કે गहिज्जइ થાય છે.

क्तेन दिण्णादयः ॥६२॥

दिण्ण इत्येवमादयः क्तप्रत्ययेन सह निपात्यन्ते। डुदाञ् दाने। दिण्णं। रुदिर्। रुण्णं। त्रसी। हित्थं। दह। दड्ढं। रंजि। रत्तं॥

क्त (ભૂત કૃદંતનો त) પ્રત્યયની સાથે दा વગેરે ધાતુના दिण्ण વગેરે રૂપો થાય છે. दा (ઉભ૦) આપવુ એનું दिण्णं (दत्तम्—આપેલું) એવો નિપાત થાય છે रुद्नुं रुण्ण, त्रसूनु हित्थं, दह्नु दड्ढं, ને रंज्नुं रत्तं થાય છે.

खिदेर्विसूरः ॥ ६३ ॥

खिद दैन्ये। अस्य विसूरो भवति॥

विसूरइ। विरहेण विसूरइ बाला॥

खिद् ખેદ પામવો, એનું विसूर થાય છે. विरहेण विसूरइ बाला બાલા વિરહથી ખિન્ન થાય છે.

क्रुधेर्जूरः ॥ ६४ ॥

क्रुध कोपे। अस्य जूरो[1] भवति॥

जूरइ॥

क्रुध् ક્રોધ કરવો, એનો जूर આદેશ થાય છે क्रुध्यतिनु जूरइ થાય છે

चर्चेश्चंपः ॥ ६५ ॥

चर्च अध्ययने। अस्य धातोश्चंपो भवति॥

चंपइ॥

---

१ जूरादेशो भवति क

चर्च् अभ्यास करवो, એ ધાતુનું चंप થાય છે. चर्चतिनुं चंपइ થાય છે.

त्रसेर्वज्जः[1] ॥ ६६ ॥

त्रसी उद्वेगे । अस्य धातोर्वज्जो भवति ॥

वज्जइ ॥

त्रस् त्रास પામવો, એ ધાતુનું वज्ज થાય છે; त्रस्यतिनुं वज्जइ થાય છે.

मृजेर्लुभसुपौ[2] ॥ ६७ ॥

मृजू शुद्धौ । अस्य धातोर्लुभसुप इत्यादेशौ भवतः ॥

लुभइ । सुपइ ॥

मृज् શુદ્ધ કરવુ, એ ધાતુના लुभ ને सुप એવા આદેશો થાય છે; मार्ष्टिनुं लुभइ ने सुपइ થાય છે.

वुट्टखुप्पौ मस्जेः ॥ ६८ ॥

टुमस्जी शुद्धौ । अस्य धातोर्वुट्टखुप्पौ भवतः ॥

वुट्टइ । खुप्पइ ॥

मस्ज् શુદ્ધ કરવુ, એ ધાતુના वुट्ट ને खुप्प આદેશો થાય છે; मज्जतिनुं वुट्टइ ने खुप्पइ થાય છે.

दृशेः पुलअणिअक्कअवक्खाः ॥ ६९ ॥

दृशिर् प्रेक्षणे । अस्य पुलअणिअक्कअवक्खा भवन्ति ॥

पुलअइ । णिअक्कइ । अवक्खइ ॥

दृश् જોવુ, એનું पुलअ, णिअक्क, ने अवक्ख થાય છે, पश्यतिनुं पुलअइ, णिअक्कइ, अवक्खइ થાય છે.

---

[1] १ °र्वज्जश्च क २ °र्वुट्टपुसौ ट.

शकेस्तरवअतीराः ॥ ७० ॥

शक्ल शक्तौ । अस्य धातोः तर वअ तीर इत्येत आदेशा भवन्ति ॥

तरइ । वअइ । तीरइ ॥

शक् શક્તુ, એ ધાતુના तर, वअ, ને तीर એ આદેશો થાય છે; शक्नोतिનું तरइ, वअइ, ને तीरइ થાય છે.

शेषाणामदन्तता ॥ ७१ ॥

शेषाणां लुप्तानुबन्धानामदन्तता भवति ॥

भमइ । चुंबइ ॥

બાકીના ધાતુઓના અનુબંધો લોપાય છે ને ધાતુઓ અકારાન્ત થાય છે. भ्रमुનો અનુબંધ उ લોપાઈ भ्रम થઈ भमइ થાય છે, चुंबिનું चुंबइ થાય છે

इति वररुचिकृते प्राकृतप्रकाशे धात्वादेशपरिच्छेदोऽष्टमः ॥

अथ नवमः परिच्छेदः ॥

निपाताः ॥ १ ॥

अधिकारोऽयम् । वक्ष्यमाणा निपातसंज्ञका[1] वेदितव्याः । संस्कृतानुसारेण निपातकार्यं वक्तव्यम् ॥

આ અધિકારસૂત્ર છે આ પરિચ્છેદમાં કહેવાશે તે નિપાતસંજ્ઞાવાળા સમજવા નિપાતનું કાર્ય સંસ્કૃતને અનુસરી કહેવું

हुं दानपृच्छानिर्धारणेषु ॥ २ ॥

---

१ संज्ञका भवन्तीत्यधिकृतं ज्ञेयम् ॥

हुं इत्ययं शब्दो दानपृच्छानिर्धारणेष्वर्थेषु [1]निपातसंज्ञो भवति ॥

दाने यथा । हुं गेण्ह अप्पणो जीअं । पृच्छायाम् । हुं साहसु सब्भावं ॥ निर्धारणे । हुं हुवसु तुण्हिक्को ॥ हुं गृहाणात्मनो जीवम् । हुं कथय साधुषु सद्भावम् । हुं भव तूष्णीकः ॥

हुं એ શબ્દ, દાન કરવું, પૂછવું, ને નિર્ધારવું, એ અર્થોમા નિપાતસંજ્ઞા પામે છે, દાનના અર્થમાં हुं गेण्ह अप्पणो जीअं (हुं गृहाणात्मनो जीवम्)–હા, તારો પોતાનો જીવ લે; પૂછવુના અર્થમાં हुं साहसु सब्भावं (हुं साधुषु सद्भावम्)–હું, સાધુને વિષે સદ્ભાવ ? નિર્ધારણના અર્થમાં हुं हुवसु तुण्हिक्को (हुं भव तूष्णीक)–હું (નક્કી જરૂર) ચૂપ થા

विअवेअ अवधारणे ॥ ३ ॥

विअवेअ इत्येतावावधारणे निपातसंज्ञौ भवतः ॥

एवं विअ । एव वेअ । एवमेव ॥

विअ ને वेअ એ બે, નિશ્ચયના અર્થમાં નિપાતસંજ્ઞા પામે છે, एवं विअ કે एवं वेअ એટલે એ પ્રમાણેજ.

ओ सूचनापश्चात्तापविकल्पेषु ॥ ४ ॥

ओ इत्ययं शब्दः सूचनापश्चात्तापविकल्पेषु निपातसंज्ञो भवति ॥

ओ चिर असि ॥ गाथासु द्रष्टव्यः ॥

ओ એ શબ્દ, સૂચના, પશ્ચાત્તાપ, અને વિકલ્પના અર્થોમા નિપાતસંજ્ઞા પામે છે ओ चिर असि. એ નિપાતનો પ્રયોગ ગાથાઓમા જોવો.

इरकिरकिला अनिश्चिताख्याने ॥ ५ ॥

इरकिरकिल इत्येते शब्दा अनिश्चिताख्याने निपातसंज्ञका भवन्ति ॥

---

1 निपात्यते (निपातसंज्ञो भवतिने બદલે) ह.

पेक्ख इर तेण हदो । अज्ज किर तेण ववसिओ । अअं किल सिविणओ ॥ प्रेक्षस्व किल तेन हतः । अद्य किल तेन व्यवसितः । अयं किल स्वप्नः ॥

इर, किर, अने किल એ શબ્દો અનિશ્ચિત કહેવુ એ અર્થમા નિપાતસંજ્ઞા પામે છે, पेक्ख इर तेण हदो–જો, કદાચ તેનાથી હણાયો, अज्ज किर तेण ववसिओ–આજ કદાચ તેણે વ્યવસાય કર્યો, अअं किल सिविणओ–આ કદાચ સ્વપ્ન છે

हुं क्खु निश्चयवितर्कसंभावनेषु ॥ ६ ॥

हुं क्खु इत्येतौ निश्चयवितर्कसंभावनेषु निपातसंज्ञकौ भवतः ॥

हुं रक्खसो । गरुओ क्खु भारो ॥ हुं राक्षसः । गुरुः खलु भारः ॥

हुं ने क्खु એ, નિશ્ચય, વિતર્ક, અને સંભાવનાના અર્થમા નિપાતસંજ્ઞા પામે છે, हुं रक्खसो–નક્કી રાક્ષસ છે, કે કદાચ રાક્ષસ હશે, गरुओ क्खु भारो–ખરેખર, ઘણો ભાર છે, કે કદાચ ઘણો ભાર હશે

णवरः केवले ॥ ७ ॥

णवर इत्ययं शब्दः केवलेऽर्थे निपातसंज्ञो भवति ॥

णवर अण्णं ॥

णवर એ શબ્દ, ફક્તના અર્થમા નિપાતસંજ્ઞા પામે છે: णवर अण्ण–ફક્ત અન્ન છે

आनन्तर्ये णवरि ॥ ८ ॥

णवरीत्ययं शब्द आनन्तर्ये निपातसंज्ञो भवति ॥

णवरि ॥

णवरि એ શબ્દ, આનન્તર્ય–આગલુંજ પછી એ અર્થમાં નિપાતસંજ્ઞા પામે છે.

किणो प्रश्ने ॥ ९ ॥

किणो इत्ययं शब्दः प्रश्ने निपातसंज्ञो भवति ॥

किणो धुव्वसि । किणो हससि ॥ किं नु धूयसे । किं नु हससि ॥

किणो એ શબ્દ, પ્રશ્નના અર્થમા નિપાતસંજ્ઞા પામે છે; किणो धुव्वसि–શા માટે ધૂજે છે? किणो हससि–શા માટે હસે છે?

अव्वो दुःखसूचनासंभावनेषु ॥ १० ॥

अव्वो इत्ययं शब्दो दुःखसूचनासंभावनेषु निपातसंज्ञो भवति ॥

दुःखे । अव्वो कज्जलरसरंजिएहिं अच्छीहिं ॥ सूचनायाम् । अव्वो अवरं विअ । संभावने । अव्वो णंमिव अत्तुं ॥ अहो कज्जलरसरञ्जिताभ्यामक्षिभ्याम् । अहो अपरमिव । अहो एनमिवात्तुम् ॥

अव्वो એ શબ્દ, દુઃખ, સૂચના, ને સંભાવનાના અર્થમાં નિપાતસંજ્ઞા પામે છે, દુઃખના અર્થમાં–अव्वो कज्जलरसरंजिएहिं अच्छीहिं–ઓહો, કાજળના રસથી રંગાયલી આંખો વડે; સૂચનાના અર્થમા–अव्वो अवरं विअ–ઓહો, જાણે બીજુ, સંભાવનાના અર્થમા–अव्वो णंमिव अत्तुं–ઓહો, જાણે એને ખાવાને

अलाहि निवारणे ॥ ११ ॥

अलाहि इत्ययं शब्दो निवारणे निपातसंज्ञो भवति ॥

अलाहि कलहलेसेण । अलाहि कलहबंधेण ॥ अलं कलहलेशेन । अलं कलहबन्धेन ॥

अलाहि એ શબ્દ, નિવારવુ–બસ, એ અર્થમા નિપાતસંજ્ઞા પામે છે, अलाहि कलहलेसेण–લેશ પણ કજીયાથી બસ–લેશ પણ કજીઓ ન કરવો, अलाहि कलहबंधेण–કજીઆના બંધથી બસ–કજીઆના બંધનથી દૂર રહો

अइ वले संभापणे ॥ १२ ॥

अइ वले इत्येतौ शब्दौ संभापणे निपातसंज्ञौ भवतः ॥

अइ मूलं पसूसइ । वले किं कलेसि अवले ॥ अपि मूलं प्रशुष्यति । वले किं कलयसि अवले ॥

अइ अने वले એ શબ્દો, સંભાપણના અર્થમા નિપાતપણા પામે છે. अइ मूलं प्रसूसइ–શું મૂળ સુકાયુ છે? वले किं कलेसि अवले–હે અબળા, તુ શું વિચારે છે?

णवि वैपरीत्ये ॥ १३ ॥

णवि इत्ययं शब्दो वैपरीत्ये निपातसंज्ञो भवति ॥

णवि तह पहसइ वाला । विपरीतं तथा प्रहसति वाला ॥

णवि એ શબ્દ, ઉલટાપણાના અર્થમા નિપાતસંજ્ઞા પામે છે, णवि तह पहसइ वाला–ઉલટી, બાળા તેમી રીતે હસે છે.

सू कुत्सायाम् ॥ १४ ॥

सू इत्ययं शब्दः कुत्सायां निपातसंज्ञो भवति ॥

सू सिविणो ॥ धिक् स्वप्नः ॥

सू એ શબ્દ, નિન્દાના અર્થમા નિપાતપણા પામે છે; सू सिविणो–સ્વપ્નને ધિક્કાર છે.

रे अरे हिरे संभापणरतिकलहाक्षेपेषु ॥ १५ ॥

रे अरे हिरे इत्येते शब्दाः संभापणरतिकलहाक्षेपेषु निपातसंज्ञा भवन्ति यथासंख्यम् ॥

रे मा करेहि । णाओ सि अरे । दिट्ठो सि हिरे ॥ रे मा कुरुष्व । नागोऽसि अरे । दिष्टोऽसि हिरे ॥

રે, અરે, ને હિરે એ શબ્દો, સંભાષણ, રતિકલહ, ને આક્ષેપ (શંકા)-ના અર્થમાં ક્રમે નિપાતસંજ્ઞા પામે છે, રે મા કરેહિ અરે ન કર, णाओ सि अरे-અરે તું નાગ છે; दिट्ठो सि हिरे-શું તને બતાવ્યું છે ?

म्मिवमिवविआ इवार्थे ॥ १६ ॥

म्मिव मिव विअ इत्येते शब्दा इवार्थे निपातसंज्ञका भवन्ति ॥

गअणं म्मिव । गअणं मिव । गअणं विअ कसणं ॥ गगनमिव कृष्णम् ॥

म्मिव, मिव, ને विअ એ શબ્દો, इव-જેવા-જાણેના અર્થમા નિપાતસંજ્ઞા પામે છે, गअणं म्मिव । गअणं मिव । गअणं विअ कसणं-ગગનના જેવા કૃષ્ણને

अज्ज आमन्त्रणे ॥ १७ ॥

अज्ज इत्ययं शब्द आमन्त्रणे निपात्यते ॥

अज्ज महाणुहाव किं करेसि ॥ अहो महानुभाव किं करोषि ॥

अज्ज એ શબ્દ, આમન્ત્રણના અર્થમા નિપાતસંજ્ઞા પામે છે, अज्ज महाणुभाव किं करेसि-અહો મહાપ્રતાપી પુરુષ ! શું કરો છો ?

शेषः संस्कृतात् ॥ १८ ॥

उक्तादन्यः शेषः । प्रत्ययसमासतद्धितलिङ्गवर्णकार्यादिविधिः शेषः संस्कृतादवगन्तव्यः । इह ग्रन्थविस्तरभयान्न दर्शितः ॥[1]

ઉક્તથી અન્ય તે શેષ પ્રત્યય, સમાસ, તદ્ધિત, લિંગ, વર્ણકાર્ય આદિ વિધિ તે શેષ; એનું જ્ઞાન સંસ્કૃત ઉપરથી મેળવવું. અહિં ગ્રન્થનો વિસ્તાર થવાના ભયથી દર્શાવ્યું નથી

इति वररुचिकृते प्राकृतप्रकाशे निपातसंज्ञाविधिर्नाम नवमः परिच्छेदः ॥

---

१ ક નવમા પરિચ્છેદ પર્યન્તજ છે.

લાંબા સમયથી ધારેલું કાશી.

(પ્રો. અતિસુખશંકર કમળાશંકર ત્રિવેદી,
એમ એ, એલ એલ બી)

(ચાલુ પુ ૫૩ પૃ ૧૪થી)

અયોધ્યાથી હરદ્વાર—અયોધ્યાથી અમારે હરદ્વાર જવુ હતુ આ ટપ્પો ઘણો મોટો હતો સાજે ૭ વાગતે અમે અયોધ્યાથી નીકળ્યા ને રાત્રે નવે લકનૌ જઈ પહોચ્યા ત્યાથી બે કલાક રહીને ગાડી બદલવાની હતી

લકનૌ સ્ટેશન ઘણુજ મોટુ છે રાત્રે તો તે એવુ મોટુ લાગતું હતુ કે વાતજ ન કરવી પ્લેટફૉર્મોની પણ એકદમ સમજણ પડે તેવુ નહોતુ અમે પ્લેટફૉર્મની ઉપરજ પડી રહ્યા જે સ્થળેથી ગાડી બદલી બેસવાનું હતું ત્યા જઈને અમારો પડાવ કર્યો ત્યા અઘાડૂ ચોર હતું. કોઈ ઠગવિદ્યા વાપરી જાય તોએ સમજાય ને પકડાય તેમ નહોતું. બહાર જવામા માલ નહોતો વચમા બે કલાક હોવાથી અમે લકનૌના સ્ટેશન માસ્તરને જઈને મળ્યા તેની પાસે જતાંજ પા કલાક નીકળી ગયો લાબુ પ્લેટફૉર્મ ને તેને છેડે પૂલ હતો તે ઓળગી દૂર સુધી ગયા પછી મુખ્ય સ્ટેશન આવ્યુ ત્યા બધા અધિકારીઓની ઑફિસો હતી સ્ટેશન માસ્તરને અમે મળ્યા ને તેને સમજાવી ડબ્બા રિઝર્વ કરાવવાની ગોઠવણ કરી તેણે હા તો પાડી પણ "જગ્યા હશે તો મારો ટિકિટ કલેકટર વ્યવસ્થા કરી આપશે" એવો ઉત્તર આપ્યો બીજો આપી પણ શો શકે ? ગાડી આવી તો તેમા જોઈએ તેટલી ભીડ હતી અમારી ટિકિટો ઇન્ટરની હતી તોએ જગ્યા નહિ મળે એમ લાગવાથી અમે નિરાશ થયા ઓચીંતો ગાર્ડની પાસેનો એક ડબ્બો ખાલી થયો સ્ટેશન પરના ગમે તે કોઈ કારકૂને આવી અમને તેમાથી બે ખાના કાઢી આપ્યા ને તે પર રિઝર્વના કાર્ડ પણ લગાવી દીધા ડબ્બો લાબો હતો જગ્યા ઘણીજ ખાલી રહી અમારા સિવાય માત્ર એકજ બીજો માણસ તેમા બેઠેલો હતો, અમને આનંદ થયો જે સ્ટેશન વિષે અમને બીલકુલ સારી આશા નહોતી ત્યાંથી અમે આરામમા ઉપડયા.

હવેના મુલકમાં ચોગ્ગની ભીતિ વિશેષ છે. અમારી પાસેનો ડબ્બામાં એક ગુજરાતી હતો તેણે એ પાસના શઠ લોકોની કઈ કઈ વાતો કહી

ચાલતી ગાડીએ બહારથી અંદર આવી માલ ચોરી તે લોકો પલાયન થઈ શકે છે અમારામાના કેટલાક જાગ્રત્ રહ્યા. બારને સુમારે રસ્તામાં ભારે વાવાઝોડું થયું. પવન વધતાં વધતા એટલો વધ્યો કે ગાડીનાં બારણાં બંધ હોવા છતા પણ ગાડીની અંદર ધૂળની વૃષ્ટિ થવા માંડી. ધૂળથી ગાડી ભરાઈ ગઈ; અંધારૂં થઈ ગયુ. પવનના વેગથી ગાડી ચાલતી બંધ થઈ ગઈ. સ્થિર ઉભેલી ગાડીને પણ પવન ઉછાળી નાખવા લાગ્યો ગાડી ઉંધીજ થઈ જાય એવા ચિહ્નો જણાવા માંડ્યાં પવનનુ આવું ભારે તોફાન આ પાસ અમે જોયુજ નથી રસ્તા પરનાં ઝાડો ને તાર પણ જમીનદોસ્ત થઈ જવા માંડયા સ્ટેશનોની વચ્ચેનો તારનો સંબંધ પણ બંધ થઈ ગયો. સુમારે કલાક પવનના તોફાનને અન્તે વરસાદનું ભારે ઝાપટું આવ્યુ ત્યારેજ ત્યા શાન્તિ થઈ શાન્તિ થયા પછી પણ ગાડી આગળ વધી શકે તેમ નહોતુ; કારણ કે પવનથી વૃક્ષો લાઇન પર પડયા હતા ત્રણેક કલાકને અન્તે ધીમે ધીમે ગાડી આગળ વધી બપોરે બાર વાગતે લુકસર પહોંચવાને બદલે લગભગ ચાર વાગતે ત્યાં પહોચ્યાં ગાડી બદલી હરદ્વારની લાઇનમાં અમે દાખલ થયા. સાંજે છને સુમારે અમે હરદ્વાર પહોંચ્યાં.

હરદ્વાર:—ચોવીસ કલાકની મુસાફરી કરી, જંક્શનો બદલી બદલી, તોફાનનો કડવો અનુભવ કરી અમે બધાંજ અતિશ્રાન્ત થયાં હતાં હરદ્વારમા ઘાટ પરની સાડાપાચ ભૈયાની પડયાગીરી નીચેની ધર્મશાળામાં અમે મુકામ કર્યો. ધર્મશાળાની સામેજ ગગાજીનું પાણી ખળખળ પ્રબળ વેગમા વહ્યું જતું હતું ધર્મશાળા ને નદીની વચ્ચે ત્યાંનો ઘાટ હતો આ ઘાટ જાણે લાબા ને પહોળા પત્થરના ચોક જેવો હતો. તે ઘણે લાબે સુધી પહોચતો હતો. નદીની પેલી પાસ હિમાદ્રિની ટેકરીઓનાં દર્શન થતાં હતાં. માત્ર દેખાવથીજ અહિં આંખ ઠરે તેવું હતું

ગાડીનો થાક સ્નાનથી અમે બધાંએ દૂર કર્યો. ગગાનો પ્રવાહ અહિં એટલો જલદીથી જાય છે કે તેમાં ઘુટણથી વધારે પાણીમા ભાગ્યેજ કોઈ ઉભો રહી શકે છે માણસ જો તણાયો તો તેની પાછા આવવાની આશાજ ન સખરી. પાણી એવુ ઠંડુ હોય છે કે પ્રથમ પગ મૂકતાં હિંમત ચાલતી નથી. ભર ઉનાળામાં પણ નહાતાં ટાઢ વાય છે. તોપણ એક વાર આખું શરીર અંદર બોળ્યુ કે ફરી બહાર નીકળવાનું મન થતું નથી.

હરદ્વાર.

ગિરિરાજના તલમા વસ્યુ નાનું મનોરમ ગામડું,
હરનુ નહિ આનંદનું એ દ્વાર અહિં વિકસી રહ્યું,
તુજ સ્વચ્છતા શોભા મનોહર શીતતામાં લુબ્ધ હું,
ભાવિક મનુષ્યની ભક્તિ જોતા મુગ્ધ શુ વર્ણન કરૂં. ૧
તુજ પાર્શ્વમા ખળખળ વહે જલ માત ગંગા સરિતના,
તુજ ઘાટને આલિંગતા સપ્રેમ નિશદિન હર્ષમાં,
કઈ લોક તવ સાનિધ્યમા સંસારના દુખ શામતાં,
કઈ સાધુ સન્તો સતત નિજ આવાસ અર્થે આવતાં ૨

× × ×

અહિં જો કર્પાએ નદજલબલે તે બહુકકું,
રડે તોએ અન્તે રુદન કરવા સ્નાન ગમતુ;
અહિં જો કર્પાએ કઇ કઇ તણા વસ્ત્ર ઉદકે,
ફલો ફૂલો વૃક્ષો જલ ઉર વિષે ગધ વિચરે. ૩
પણે પેલા સર્વે જન જઇ કુશાવર્ત–ઉદકે,
ડરે શાં ન્હાવાને બરફજલમાં પાદ ધરીને,
પણે વારમધ્યે ત્વરિત વાજળીતુલ્ય સરતી,
તણાતી સ્વચ્છદે નવલ કઈ તે નાવ દીસતી ૪
પણે સામે જો જો હિમગિરિતણી ટેકરા પરે,
કુરી છે મધ્યાહ્ને વિજળીચમકો તે જલધરે,
પણે અંધારૂં જો શિર પર અહિં સૂર્ય ધગતો,
અહા વર્ષાહેલી–નદજલતણો રગ ફરતો. ૫

× × ×

ક્ષણે ક્ષણે જે નવતા ધરે છે,
તે માત્ર છે રૂપ સુરમ્યતાનું,
કહ્યું જગે જે કહ્યું સત્ય નિશ્ચે,
આ સ્થાન છે ભિન્ન નવીનતાનું. ૬

× × ×

ધવલ અવલ મીઠુ શુદ્ધ આ વારિ તાકે,
અવલ, નવલ અર્થે દિવ્ય આનંદ હેતુ;

અલીલ સલિલ સોહે દેખતા દુગ્ધ જેવુ,
વનિલ અનિલ વેગે વેગથી દોડયુ જાતુ. ૭

× × ×

અહા આ વારિ શું નિશદિન વહે શ્વેત વિમળાં,
હિમાદ્રિથી રેખ્યા સરસર સરે વેગથી ભર્યા. ૧
નહીં તે રોપેલા, ગિરિકુહરનાં સ્નિગ્ધ જલ આ,
સરે છે વેગેથી જગતતલને શીત કરવા. ૮

× × ×

શીત આ વારિમા જોઉં, શીતતા મૂર્તિમાન છે;
શાન્તિ ને શુદ્ધતા જોઉં, દ્વાર કૈલાસ આજ છે. ૯

પહેલેજ દિવસે જે જતાં વારને અમે સ્નાન કર્યું તેથી એક પ્રકારનો આનંદ ને એક પ્રકારનો ખેદ થયો. આનદ બરફ જેવા ઠંડા, સ્વચ્છ, ને વેગવાળા પ્રવાહમાં નહાવાનો હતો ખેદ એ હતો કે એ સ્થળે અમે પ્રવાસને અન્તે ગયા તેથી વધારે રહેવાય તેમ નહોતું. છતા અમે બેને બદલે ત્રણ દિવસ ત્યાં રહેવાનો નિશ્ચય કર્યો.

બીજે દિવસે સવારે હરની પીંડી આગળ વિધિપુર સર સ્નાન કરવા ને સ્નાનાન્તે દર્શનનો લાભ લેવા બધા નીકળી પડયા હરની પીંડી અમારા મુકામથી નજીકજ હતી અમે પણ ઘાટ પરજ હતા ત્યાં જોઈએ ત્યાથી નદી, પહાડ, ને સ્વચ્છ ઘાટની સપાટી સિવાય અન્ય કશુ જોવાનુંજ નહોતુ દિવ્ય આનદ સિવાય અહિં બીજુ અનુભવવાનુંજ નહોતું મુકામમાં બેઠાં આનંદ, હરતાફરતા આનદ, નહાનાધોતાં આનંદ, દર્શન કરતા આનદ-એમ જીવન અત્ર આનદમયજ હતુ એ આનંદ હરની પીંડી આગળ નહાવાથી વિશેષ વધ્યો નહાવાને માટે ત્યા ઠીક ગોઠવણ કરવામા આવી છે પાણીને ઘેરી લેવામા આવ્યુ છે, ને ઘાટ મદિરની ઓથમાજ બાધવામાં આવ્યો છે આ સ્થળે પાણીનો વેગ ઓછો રહે છે ને નહાનારા કઈક સ્વસ્થતાથી નહાઈ શકે છે. પાણી તો એવુ સ્વચ્છ ને પારદર્શક રહે છે કે તે વિષે વર્ણન કરવુ અશક્ય છે શીતલતા બરફથી પણ વધારે રહે છે આસપાસનો કુદરતી દેખાવ જ્યા જાઓ ત્યાં એકમેકથી ચઢિઆતો જોવામાં આવે છે. આકાશ ઘણુખરૂં વાદળાંથી આચ્છાદિતજ અમે જોયુ. રોજ

વરસાદ પણ ઘણુખરૂં ખરોજ અમે મોડા પડ્યા હોવાથી વરસાદ વિશેષ પડી ગયો હતો, તેથી ગંગાનું નીર સહેજ મલિન થયુ હતુ, તેમછતા તે સ્વચ્છ લાગતું હતું તો માર્ચએપ્રિલમા એ પાણી કેવુ રહેતુ હશે એનો ખ્યાલ કરો હરની પીંડી આગળ સ્નાન, દર્શન ,વગેરે કરી અમે કુશાવર્ત ઘાટ પર ગયા ત્યા પાણી ખુલ્લુ વહ્યુ ચાલ્યુ જાય છે, એટલે વેગનું પૂછવુજ શુ ? એક કાગળનો કકડો પાણી પર નાખવો ને પછી જોવુ કે તે કેટલો જલદીથી તણાઈ જાય છે એક પળમા તો તે અદૃશ્ય થઈ જાય છે નહાવામા નાદાની કરી ભૂલાચૂકયા જો પાણીમા ઉંડા ઊતર્યા તો કોઈની મગદૂર નથી કે આપણો ત્યા બચાવ કરી શકે માણસ ક્યાએ ખેંચાઈ જાય તેની સમજણ પણ નહિ પડે કુશાવર્ત ઘાટ પર સાકળો બાંધેલી છે તે પકડીને નહાવાનુ ફાવી શકે છે આખો દહાડો નહિ નહાવુ એવો સંકલ્પ હોય છતા તીર પર ગયા કે નહાયા વિના રહેવાતુજ નથી એ તે ત્યાંની મોહકતા છે, ને જ્યાર નહાઈએ ત્યારે પરિણામે આનંદ સિવાય બીજુ કશુજ મળતુ નથી મને તો એમજ થયુ કે

"જગત પરની જાંજળો તે વિલુપ્ત થઈ જાજો,
જીવનપથના કાંટો દૂરે નિવૃત્ત સદા થજો
ધવલ જલને તીરે ગંગે ! વસુ તટપાર્શ્વમા
સુખદ સ્થળમા સ્નેહે સેવુ સમાગમ સન્તના

આ વિસ્મૃતાનું બીજ માનમા નહોતુ, પણ તે સ્થળમા હતુ જાદુગરની લાકડીની અસર જાય કે વસ્તુઓ હતી તેમ ને તેવી રહે છે તેવીજ રીતે હું તો પાછો એનો એજ છુ છતા ક્ષણભર ત્યા માણસને વૈનાન્ય ઉત્પન્ન થયા વિના ભાગ્યેજ રહે છે હજી પણ તે તે સ્થળો જ્યારે સાંભરે છે ત્યારે કંઈક દિવ્ય આનંદ થાય છે ને મનને શાન્તિ મળે છે કોઈપણ જાતના ઉદ્વેગની તે સ્થળે આશાજ ન રાખવી એ દિવ્ય પ્રદેશ, એ સ્થળ આનંદનીજ હેલી કર્યા કરે છે એ સરિતા બસ વિસ્મૃતિની સરિતા છે, તેમા સ્નાન કરો ને તેનીજ સાથે તમામ શારીરિકની સાથે માનસિક દુઃખો તમે તેટલો સમય તો ભૂલવાનાજ

બીજે દિવસે સવારે અમે કનખલ ગયા ત્યા જવાનો રસ્તો સાફ ને સીધો છે તે સુમારે ત્રણચાર માઈલ દૂર છે ત્યા પણ કુદરતની લીલા

આવેલી હોય છે, અને લગભગ દરેકમા કઈક અદ્‌ભુતપણાનો અથવા ચમત્કારનો સંબધ જોડાયલો હોય છે સૃષ્ટિના સામાન્ય વ્યવહારમાં જે બીનાઓ જોવામા આવે છે તેના કરતા કઈક વિરુદ્ધ અથવા વિશેષ પ્રકારની બીના, જેનો કાર્યકારણસંબંધ જાણવામા ન આવ્યો હોય અથવા સામાન્ય બુદ્ધિથી જોડવો અશક્ય થઈ પડે એમ હોય, તેને અદ્‌ભુત બનાવ અથવા ચમત્કાર કહેવામા આવે છે આવા દેખીતા વિરોધવાળો અથવા વિશેષતાવાળો અશ દતકથામાથી દૂર કરતાં જે બાકી રહે તેને ઐતિહાસિક સત્ય તરીકે માનવામાં આવે છે દૂર કરેલા ભાગ પરથી પણ તે સમયના જનસમાજની પરિસ્થિતિનો કેટલોક ઇતિહાસ મળી આવે છે, પણ એ એક જુદીજ બાબત છે એ ઇતિહાસ જનસમાજનો છે, પણ બનેલા બનાવનો નથી

એક તરફથી આવા પાઠોમા ઐતિહાસિક સત્યો સાથે દંતકથાની ગડબડ થવાનો જેવો સંભવ રહે છે, તેવોજ બીજી તરફથી દતકથા કહેવીજ ન જોઈએ એમ થવાનો પણ ડર રહે છે એ બેમાથી એક પણ ન થવુ જોઈએ, અને ઇતિહાસ તથા દંતકથાને કેટલે અંશે એક અને કેટલે અંશે ભિન્ન ગણવા તે સમજવુ જોઈએ, એ ઉપરના ટૂંક વિવેચનનો હેતુ છે.

આવા પાઠના સંબંધમાં એક બીજી બાબત પર પણ શિક્ષકવર્ગનું લક્ષ ખેચવા જેવુ છે તે એ કે આ જીવનચરિત્ર શિક્ષક પાસેથી સમજ્યા પછી વર્ગમાના જો થોડાઘણા વિદ્યાર્થીઓને પણ એ કવિનાં કાવ્યો વાચવાની ઉત્સુકતા અથવા આતુરતા ન થાય તો એમજ સમજાય કે પાઠ જોઈએ તો સફળ થયો નથી. 'નાગરિક અથવા દેશજનના ધર્મ' વિષેનો પાઠ વાચી નાગરિક અથવા દેશજનની મુખ્ય ફરજો શી છે તે જન્મપર્યંત હૃદયમાથી ભુલાય નહિ એવી છાપ વિદ્યાર્થી પર પડે નહિ ત્યાંસુધી શિક્ષકે સંતોષ માનવો વ્યર્થ છે 'કર' વિષેનો પાઠ સમજાવી રહ્યા પછી કર એ એક આપણા સંરક્ષણના બદલામા ન્યાયની રીતે લેવાતો આપણા દ્રવ્યનો હિસ્સો છે, એવુ દરેક વિદ્યાર્થીના સમજવામાં બરાબર આવ્યું છે એમ ખાત્રી કરવાનું કોઈ શિક્ષકના મનમા ન આવે તો તેનો શિક્ષણસંબંધી આદર્શ બહુ નીચો છે એમજ કહેવુ પડશે એજ પ્રમાણે બીજા સર્વ પ્રકારના પાઠોના સંબંધમાં કહી શકાય. પણ કવિના જીવનચરિત્રના સંબધમા એટલું વિશેષ કહીએ તો ચાલે કે જે હૃદયસરોવરમાથી કવિતાસરિત્ વહે છે તે સરો-

વરની સુદરતાનો ખ્યાલ આપીનેજ નહિ અટકતા શિખ્યમા એની પણ જિજ્ઞાસા ઉત્પન્ન કરી જોઈએ કે તેમાથી નીકળનારી સરિત્ રમણીયતા પ્રગટાવતી પ્રગટાવતી ક્યા ક્યા પ્રદેશોમાથી વહે છે, નીરસ ભૂમિને કેવી રીતે રસાળ બનાવે છે, ફળદ્રુપને કેવી રસમય બનાવી દે છે, તટનિવાસી આશ્રિત પશુપક્ષીઓને કેવો કલ્લોલ કરાવે છે, *રોગગ્રસ્ત પુરુષને જલપાનમાત્રથી કેવા નીરોગ બનાવે છે, અને તીર્થબુદ્ધિવાળા વિશુદ્ધ આત્માને કેવાં શાંતિ તથા આનદ બક્ષે છે ! સાહિત્ય તરફ પ્રેમદૃષ્ટિથી નિહાળતા શિખવવુ એજ સાહિત્યના અથવા ભાષાના શિક્ષણનો મુખ્ય ઉદ્દેશ છે

મુસદ્દી–અ –મુત્સદ્દી=કારકુન, લખનાર, તે પરથી રાજનીતિજ્ઞ

ઉર્ફે—અ. उरफ्=જાણવુ=બીજે (ઓળખાવનાર) નામે

ચરિત્ર=આચરણ, કરેલાં કાર્યો, જેનું પુરાણાદિમા વર્ણન આપ્યુ છે તે

વિવાહ–સંસ્કૃતમા **विवाह**નો અર્થ લગ્ન થાય છે, પણ ગુજરાતીમા કાચા લગ્નને એટલે લગ્ન પહેલાં વાગ્દાનથી થયલા સંબંધને ' વિવાહ ' કહે છે. એનેજ કેટલાક વેવિશાળ અથવા વેસવાળ પણ કહે છે. વિધિપૂર્વક લગ્ન પછીથી થાય છે, તે પાકુ લગ્ન.

માતાનો દેહ પડયો–માતા મરણ પામી.

સાધુસંતોનું તાન લાગ્યું હતું–સાધુસંતોમા મન લાગી રહ્યું હતું અથવા ચિત્ત પરોવાઈ રહ્યું હતું

વય–સં०वयस्=ઉંમર

ભારે પડયું–બોજારૂપ લાગ્યુ.

આવેશમાં=ક્રોધના જુસ્સામાં.

શુદ્ધ=સાચી.

સહવાસ (स०सह=સાથે + वास=રહેવુ તે)=સમાગમ

મહોલ્લામાં–દેશી० महल्लो. મ० महल्ल=જગ્યા, શેરી

મજેવડીને દરવાજે—જૂનાગઢથી ઉત્તરે મજેવડી કરીને ગામ છે તે તરફ જવાને દરવાજે.

---

*ખનિજ દ્રવ્યવાળા જળથી રોગો દૂર થાય છે એ વાત પ્રસિદ્ધ છે.

આખરનું ઘર--છેલ્લે જ્યા આવી રહ્યા હતા તે ઘર.

કુટુંબવિસ્તાર--સં૦ કુટુબ + વિસ્તાર=વશનો ફેલાવો જેને છોકરાંછૈયા હોય તે કુટુબવિસ્તારવાળા કહેવાય છે.

અખાડો--સ૦ અક્ષ + વાટ=જુગારનુ અથવા યુદ્ધનુ સ્થાન અહિં સાધુઓના મઠ જેવો અર્થ છે

વીટબણા--સં૦ વિડમ્બના=ખેદ, દુ ખ

સીમંત--(સં૦ સીમત=સેથો)=ગર્ભવતી થયા પછી ચોથે, છટ્ટે અથવા આઠમે માસે કરવામાં આવતા બાર સસ્કારમાનો એક

ક્રિયાપાણી-ધાર્મિક તથા વ્યાવહારિક ક્રિયાઓ

ચિત્તવેધક ચિત્ર=ચિત્તને વીંધી નાખે એવા, મનલભ કે કરણા ઉપજાવે એવા શબ્દમાં બ્યાન

ભલું શ્રીગોપાળ--સારૂ થયુ કે મસારનો ફાંસો દૂર થયો; હવે પરમાત્માનું ભજન સુખેથી કંઈ વિઘ્ન વગર કરીશું.

આ ઉપરથી એવુ અનુમાન નહિ કરી શકાય કે નરસિંહ મહેતાને સ્ત્રી સાથે અણબનાવ હોવો જોઈએ, અને તેથી તેના મરણની તે રાહ જોતા હશે સામાન્ય રીતે ભક્તજનોએ એવો સિદ્ધાંત બાંધેલો જોવામાં આવે છે કે ઈશ્વર જે કઈ કરે છે તે સારા માટેજ કવિએ પોતાની સ્ત્રીના મરણસબધમા પણ એ સિદ્ધાત ઉતારી સાસારિક પુરુષોથી દુ:ખરૂપ ગણાતા એ બનાવનો પણ સારા રૂપમા અર્થ કરી ગાયુ છે કે હવે સુખેથી શ્રીગોપાળનું ભજન કરીશુ, કારણ કે પ્રેમી ભક્તને સાસારિક સ્ત્રીપુત્રાદિ તરફ આવશ્યક લક્ષ આપવા જેટલી ચિત્તવ્યગ્રતા પણ પ્રભુ તરફની અખડિત પ્રેમધારામા વિક્ષેપ કરનારી લાગે છે

હરિકીર્તન--ઈશ્વરનો મહિમા ગાવો તે.

ઈશ્વરની લીલા--ઈશ્વર જે કાર્યો કરે છે તેને ભક્તજનો ક્રીડા અથવા લીલા કહે છે.

કૃષ્ણના અવતારનું મહત્ત્વ સ્વીકારેલું છે--કૃષ્ણના અવતાર તરફ જુદા જુદા પુરુષો જુદી જુદી દૃષ્ટિથી જુએ છે. કેટલાક કૃષ્ણમા રાજનીતિમા કુશળ એક ઉત્તમ રાજાનો આદર્શ જોઈ રહ્યા છે, જ્યારે બીજાઓ એજ ચરિત્રોમા આધ્યાત્મિક તત્ત્વોનું દર્શન કરી રહ્યા છે. ત્રીજો

વર્ગ વળી પરમાત્માના અનેક અવતાર થાય છે એટલે ઈશ્વર પોતાના ધામમાંથી મનુષ્યરૂપે પૃથ્વી ઉપર ઊતરે છે એમ માની કૃષ્ણને પણ એક એવા અવતાર તરીકે ગણે છે, ત્યારે ચોથો વર્ગ કૃષ્ણમા પરમાત્માનો પૂર્ણ અંશ અનુભવ કરે છે કૃષ્ણના સંબંધમા આવી અનેકાનેક કોટિઓ પડી રહી છે. નરસિંહ મહેતા તથા મીરાબાઈ વગેરે ભક્તકવિઓ કૃષ્ણના સ્વરૂપનો કેવો અનુભવ કરી રહ્યા છે, તે યથાર્થ સમજ્યા વગર એમનાં કાવ્યોનો મર્મ જોઈએ તેવો સ્પષ્ટ થતો નથી, કેમકે એ કાવ્યોના અભ્યાસીઓના હૃદયમાં કૃષ્ણના સ્વરૂપસંબંધી જે એક અથવા અનેક સંસ્કારો દૃઢ થઈ ગયા હોય છે તેની અસર મર્મ સમજવામા કેટલેક અંશે પણ આડે આવ્યા વગર રહેતી નથી તેટલા માટે નરસિંહ મહેતા તથા મીરાબાઈ જેવા ભક્તકવિઓની કવિતાનો શુદ્ધ મર્મ સમજવા પ્રયત્ન કરનારે તો તેમણે આપેલા વર્ણનોમાથીજ તે સ્વરૂપ તારવી કાઢવું જોઈએ સદ્ભાગ્યે એમની કવિતાઓ એવી સાદી, સરળ, અને સ્પષ્ટ ભાષામા રચાયલી છે કે આ કામ જરા પણ અઘરૂં થઈ પડે એવું નથી તેથી કાવ્યરસિક વર્ગને ઉપયોગી થાય એવા હેતુથી સંક્ષેપમા એ ભક્તકવિઓએ સ્વીકારેલા કૃષ્ણના સ્વરૂપનું દિગ્દર્શન કરાવવા તેમનીજ કવિતામાથીજ કેટલાંક અવતરણો નીચે આપવામા આવ્યા છે —

" રવિ શશિ કોટી નખ ચંદ્રિકામા વધે, દૃષ્ટિ પહોંચે નહીં ખોજ ખોળે;
અંક ઉદ્યોત જ્યમ નિમિર ભાગે નહીં, નેતિ નેતિ કહી નિગમ ડોળે.
કોટિ બ્રહ્માંડના ઈશ ધરણીધરા, કોટિ બ્રહ્માંડ એક રોમ જેહ;
મર્મ સમજ્યા વિના ભર્મ ભાગે નહિ, **સગુણ સ્વરૂપ નિર્ગુણ એનું** "

ને પૂર્ણ **પુરુષોત્તમ** પ્રેમદાશ્રુ ગ્રંથે, ભાવેશ્રુ ભામની અંક લીધે;
જે ગંગ ત્રજ્જાબ્ધી નાર વિલસે સદા, સખીરૂપે તે નરસૈંગે પીધો "

" અચળો જ્ઞસ છે એહેની પાસે, તે પ્રેમી જનને પાશે રે,
અદ્વૈત બ્રહ્મ અનોપમ લીલા, અપંખ્ય લુમનો ઐદવો રે,
જોગ જગન જપ તપ મુનિ દુર્લભ માને જોવો મેવો રે

× × × × × × +

પૂર્ણાનંદ પોતે પુરુષોત્તમ, પંચમ ગર્ત છે એની રે,

એ પદ ક્ષર અક્ષરની ઉપર, તમે જોજો ચિત્તમાં ચેતીરે "

" ધન્ય રે ધન્ય મહાપુરૂષ જમોદાતણું, પુત્રભાવે પરિબ્રહ્મ રાજે;
નદનો નદ આનદ થઈ અવતર્યો, શેષ બળિભદ્ર સંગે બિરાજે. "

" પૂરણ બ્રહ્મ છબીલો મારો, જેણે ગોકુળ ગાય ચારી રે. "

" ઇંદ્રાદિક બ્રહ્માદિક શકર સેવના, તાહરો પાર ન જાણે કોયે."

" મારો ઠાકોર શ્રી દામોદર, અન્યને હું નહીં જાણુ રે.
તારણ તરણ પૂરણ પુરુષોત્તમ, નિરાકાર જે કહાવે રે;
નરસૈયાના સ્વામી સંગે રમતા, પુનરપિ જન્મ ન આવે રે. "

" મે ગાયો બ્રહ્મ તે પરમ આનદશુ, કરમના જીવ તે મરમ બોલે;
ધરમ ધુરધરાં તમને જાણે નહી, રત્ન ગુજા કરે એક તોલે. "

પુરુષોત્તમ લીલા અવતારી, દેહ ધર્યો અવિનાશી રે;
કર જોડીને કહે નરસૈયો, ગોવાળિયા વૈકુઠવાસી રે. "

" શ્રી રાધિકાકૃષ્ણ, ભજ સચ્ચિદાનંદને, તેથી નથી કાઈ ધર્મ આધો "

" કૃષ્ણલીલારસ ગાઇએ, પ્રેમ પરમ સ્વરૂપ. "

" જેણે જેવો દીઠો તેવો ગાયો, મેં રસીક રગી ગાયો રે. "

" શ્રી કૃષ્ણ મહારાજ, મારે તો શ્રી કૃષ્ણ મહારાજ;
રંગીલો છબીલો ને છોગાળો, અવરસુ નહિ કાઈ કાજ. "

" સ્નેહ તણુ કારણ છે મોટુ, તેની અળગી આંખ જણાય "

કોઈ ના જાણે હરિયા, તારી ગતિ કોઈ ના જાણે;
મટી ખાતે મુખ દેખા જસોદા, ચૌદ ભુવન ભરીયા.

રામ રમકડું જડિયુ રે, રાણાજી, મને રામ રમકડુ જડિયુ,
રુમઝુમ કરતું મારે મંદિર પધાર્યું, નહિ કોઇને હાથ ચડિયું રે.
મોટા મોટા મુનિજન મથી મથી થાકયા, કોઇ એક વિરલાને
હાથે ચડિયું રે,
સુન શિખરના રે ઘાટથી ઉપર, અગમ અગોચર નામ પડિયું રે.
બાઈ મીરાકે પ્રભુ ગીરધર નાગર, મારૂ મન શામળીયાશું જડિયુ રે.

મર્મપ્રકાશક ઉપલા અવતરણો ઉપરથી સહજ માલમ પડી આવે છે કે એ ભક્તકવિઓનો કૃષ્ણ રંગીલો, છબીલો, અને છોગાળો કૃષ્ણ—એજ સાક્ષાત્ પરબ્રહ્મ પરમાત્મા છે, પણ તેની કોઈ વિભૂતિ, કળા, કે અંશ નથી. ઇંદ્રાદિક, બ્રહ્માદિક, શંકર વગેરે જેનો પાર પામી શક્તા નથી, જેને વેદ નેતિ નેતિ કહે છે, જે ક્ષર અને અક્ષરથી પર છે, જે પૂર્ણાનંદ છે, જે પરમ પ્રેમનું સ્વરૂપ છે, જે પરમાનંદરૂપની પ્રાપ્તિ પ્રેમ વડેજ થઈ શકે છે, તેજ સર્વવ્યાપી અવિનાશી ઈશ્વરે મુક્તિરૂપ જસોદાને ત્યાં આનંદાકાર સ્વરૂપ પ્રગટ કરી અવતારી પૂર્ણ પુરુષોત્તમ તરીકે લીલા કાજે દેહ ધારણ કર્યો છે. એજ કોટિ બ્રહ્માંડનો ઈશ અને એજ અદ્વૈત બ્રહ્મ છે, જે નિરાકાર પણ કહેવાય છે એનું જે સગુણ સ્વરૂપ છે તે નિર્ગુણજ છે. જેનું નિરંજન કહી સર્વ ચિંતન કરે છે તેનું પ્રેમની આંખે પ્રત્યક્ષ દર્શન થઈ શકે છે --

તેમનાં હૃદયમાં.....મોટીજ વાતો રમી રહી હતી —

કૃષ્ણનું મહત્ત્વ જેવું નરસિંહ-મહેતા વગેરે ભક્તકવિઓએ સ્વીકારેલું છે તેવું મહત્ત્વ બીજા કોઈ ન સ્વીકારે, તોપણ તેમની કવિતાનો હાર્દ બરાબર સમજવાથી તેમને ખાત્રી થયા વગર રહેજે નહિ કે, કૃષ્ણના સ્વરૂપનો ખ્યાલ જે એમના મનમાં હતો તે સંકુચિત અને એકદેશી નહિ હતો પણ ઉપર દર્શાવ્યા મુજબ ઘણો ઉંડો, ઊંચા પ્રકારનો, અને સર્વદેશી હતો.

પખાજ—સં૦ પક્ષવાદ્ય=બંને બાજુએ વગાડાય એવું વાદ્ય.

ભાવથી ભરેલી—હૃદયમાંથી ઉભરાતા રસથી ભરપૂર અપૂર્ણ.

લઘુતમ સાધારણ ભાજ્યનો વિશેષ ઉપયોગ.

સાધારણ રીતે લઘુતમ સાધારણ ભાજ્યના પ્રકરણમાં અંકગણિતોમાં જે જુદી જુદી જાતની રકમોના દાખલા એ રીતથી છોડવાને મનોયત્ન તરીકે આપવામા આવેલા હોય છે તેવા દાખલાઓ ઉપરાંત બીજા ઘણી જાતના દાખલાઓમા એનો ઉપયોગ કરી શકાય છે એ બતાવવાનો આ લઘુ લેખનો હેતુ છે. અંકગણિતમા ઘણા દાખલાઓ આપણે સાધારણ રીતે 'એકમ પદ્ધતિ' (method of unity)થી ગણતા આવ્યા છીએ. એજ પ્રકારના દાખલાઓમાં જો લઘુતમ સાધારણ ભાજ્યનો ઉપયોગ કરવામા આવે છે તો દાખલો વધારે સ્પષ્ટ રીતે અને ટૂંકી રીતે થઈ જાય છે અને એથી શ્રમ ને સમય બનેમા લાભ થાય છે. થોડાક ઉદાહરણોથી એ વાત વધારે સ્પષ્ટ થશે

દાખલો ૧. अ એક કામ ૬ દિવસમા, ब ૮ દિવસમા, અને क ૧૨ દિવસમા કરી શકે છે; તો તે ત્રણે મળી તે કામ કેટલા દિવસમાં કરશે ?

રીત:— ત્રણેના કામ કરવાના દિવસોનો લ૦ સા૦ ભા૦ ૨૪ દિવસ છે.

∴ ૨૪ દિ૦ માં अ તેવા ૪ કામ કરી શકે.
,, ब ૩ ,,
,, क ૨ ,,
∴ ,, अ+ब+क ૯ ,,
∴ ૨૪ દિ૦માં તેવુ ૧ કામ કરી શકે अ+ब+क
∴ ૨૬ દિ૦ अ+ब+क ને એક કામ કરતાં લાગશે એ જવાબ.

દાખલો ૨. अ એક ખેતર ૯ દિવસમાં ખેડી શકે છે, ब ૧૨ દિવસમાં, અને क ૧૬ દિવસમાં ખેડી શકે છે; તો કેટલા દિવસમાં अ+ब, अ+क, અને ब+क ભેગા તે કામ કરી શકશે ?

રીત:— ત્રણેના કામ કરવાના દિવસોનો લ૦ સા૦ ભા૦ ૧૪૪ દિ૦ છે.

∴ ૧૪૪ દિ૦માં अ તેવાં ૧૬ કામ કરી શકે.
,, ब ,, ૧૨ ,,
,, क ,, ૯ ,,

∴ ,, अ+ब ,, २८ ,,
∴ $\frac{१४४}{२८}$=$\frac{३६}{७}$=$५\frac{१}{७}$ માં अ+ब તેવુ ૧ ,,
∴ अ+ब ને $५\frac{१}{७}$ દિ૦ લાગે.

વળી. ૧૪૪ દિ૦માં अ+क તેવાં ૨૫ કામ કરી શકે
∴ $\frac{१४४}{२५}$,, अ+क તેવુ ૧ કામ કરી શકે
∴ अ+क ને $५\frac{३६}{५}$ દિ૦ લાગે.

વળી ૧૪૪ દિ૦માં ब+क તેવા ૨૧ કામ કરી શકે
∴ $\frac{१४४}{२१}$,, ब+क તેવુ ૧ કામ કરી શકે
∴ ब+क ને $६\frac{६}{७}$ દિ૦ લાગે.

દાખલો ૩ અમુક રકમમાંથી अનો ૪૦ દિ૦નો પગાર અને बનો ૫૦ દિ૦નો પગાર આપી શકાય તેમ છે, તો તેજ રકમમાથી તે બંનેનો કેટલા દિવસનો પગાર આપી શકાય ?

રીત:— બંનેના પગારના દિવસોનો લ સા. ભા. ૨૦૦ દિ૦ છે.
अ ના પગારના દિવસો × ૫ = ૨૦૦ દિ૦
ब ,, × ૪ = ૨૦૦ દિ૦
∴ अ+ब ,, × ૯ = ૨૦૦ દિ૦
∴ अ+ब ના પગારના દિવસો = $\frac{२००}{९}$ = $२२\frac{२}{९}$
∴ अ+ब ને $२२\frac{२}{९}$ દિ. ચાલશે.

દાખલો ૪. બે નળથી એક ટાંકી ૮ મિનિટમા ભરાઈ જાય છે. તેમાંનો એક તે ટાંકી ૨૪ મિનિટમાં ભરી શકે છે, તો બીજો એકલો કેટલા કલાકમાં ભરી શકે ?

રીત.— ભરવાના કલાકોનો લ૦ સા૦ ભા૦ ૨૪ મિ૦ છે.
૨૪ મિનિટમાં બંને નળો ૩ વાર તે ટાંકી ભરે.
૨૪ ,, પહેલો નળ ૧ ,,
∴ ૨૪ મિ માં બીજો નળ ૨ વાર ભરે
∴ બીજા નળને એક વાર ભરવાને ૧૨ મિ૦ લાગે.

દાખલો ૫. अ એક કામ ૨૦ દિ૦માં કરે છે. ब ૧૨ દિ૦માં કરે છે. अ અને बએ તે કામ બેગાં ૬ દિવસ કર્યું, અને પછી कએ ૨ દિવસમાં તે પૂરૂં કર્યું, તો क એકલો તે કામ કેટલા દિવસમાં કરતો હશે ?

રીત:— વખતનો લ૦ સા૦ ભા૦ ૧૦ દિ૦ છે.
૧૦ દિ૦મા अ તેવાં ૩ કામ કરે.
" ब " ૫ "
∴ " अ+ब " ૮ "
∴ ૧ દિવસમાં अ+ब તેવું $\frac{૮}{૧૦}=\frac{૪}{૫}$ કામ કરે.
∴ ૨ દિવસમાં कએ $\frac{૧}{૫}$ કામ કર્યું.
क ને આખુ કામ કરતા ૧૦ દિ૦ લાગે.

દાખલો ૬. એક વેપારીએ ૬ પેન્સના ૯ લેખે કેટલાક ફળ લીધાં અને તે ૧૯ પેન્સના ૨૦ લેખે વેચ્યા આથી તેને ૨ શિ. ૧૦ પે. નફો થયો, તો તેણે કેટલા ફળ વેચેલા ?

રીત:— ફળોની સંખ્યાનો લ૦ સા૦ ભા ૧૮૦ ફળ છે
૧૮૦ ફળના કહેલે ભાવે બેઠેલા ૧૦ શિ ૦ પે
૧૮૦ " ઉપજેલા ૧૪ શિ. ૩ પે.
∴ ૧૮૦ ફળના વેપારમા ૪ શિ. ૩ પે. નફો
∴ ૨ શિ ૧૦ પે મેળવવા તેણે $\frac{૧૮૦\times૩૪}{૫૬}=૧૨૦$ ફળ વેચવા જોઈએ.

દાખલો ૭. ૩ ટકાની લોનનો ભાવ ૮૭ ૩ છે, અને ૪ ટકાની લોનનો ૧૧૫ ૩ છે. બેમાંથી કઈ લોનમા નાણા રોકવા સારા ?

રીત:— કિંમતોનો લ૦ સા૦ ભા૦ ૮૭×૧૧૫ છે
૮૭×૧૧૫ ૩ થી ૩ % લેખે ૩૪૫ ૩ વર્ષે વ્યાજ આવે.
૮૭×૧૧૫ ૩ થી ૪ % લેખે ૩૪૮ ૩ વર્ષે વ્યાજ આવે.
બીજી લોનમા નાણા રોકવા સારા

આ પ્રમાણે વિચાર કરી લાગુ પાડવાથી ઘણાં ઉદાહરણોમા એ રીત લાગુ પાડી શકાશે

પ્રે રા ટ્રે. કૉલેજ
અમદાવાદ. } મોહનલાલ કાળીદાસ ભટ્ટ.

સુરત જિલ્લાની કાળી પરજમાં વપરાતા શબ્દો.

(મિ. મણિશંકર ડાહ્યાભાઇ મહેતા છરવાડા ના વલમાડ)

ગુજરાતી.	ભીલોના.	ગુજરાતી.	ભીલોના.
દેવતા	ઇસ્તો.	ભેંશ	ડોબડ
તીખુ.	તીખટ	બળદ	ગોરા
મકાઇ	જોધરા	તપેલુ	ભગુના
ઘરડો.	ડવર.	વાસડા	ટોકર
બ્રાહ્મણ	બાહ્મન્	ભાઈ	ભાઉસ અથવા
ખાખરો	પોરસા		ભાવડી.
નથી.	નકો, નીમજે.	લોટો	તાબીઆ.
ભેગા રહેવું.	ગોરા, અથવા દોને જનાએ કુજ	રૂપિયા	પૈસા
		સસલુ.	સાસાં
જુદા, રહેવું	વાયલા	તીર (ફેંકવાનું)	કાપલા
કાકા.	કાકાબાસ	કાદવ	ચીખલ
બાપ.	બામ	કામઠી	ધનુષ
બપ્પાવો.	ઘરડા બાસ	વહુ	વોવા
નહાવું.	અગોર	બાળવાના લાકડા	ફાટી
ત્રણ	તીન	દાળ	વળણુ.
કાલે	ઉદીયા	રાંધેલો ભાત	ખીચડી
પરમ દહાડે	પરમા	મા	આયા અથવા આઈ.
ચોથે દહાડે	અરમા	માણસ.	માનસા
તાપ	ધૂપ.	બિલાડી	માજર
કાગળ	કાગદા	કૂતરા	લેગડા
માકણ	ધોગડ	ઉંદર	ઉંદીર
ચાચડ	પીસવા	તુવર	તુરી
અહિં	અડે.	છાશ	તાક
બેસવુ.	બીસ.	ઘી	તુપ.
આવ.	એ.	દીકરો	પોષો.

ગુજરાતી.	ભીલોના.	ગુજરાતી.	ભીલોના.
દીકરી	પોપી	મગ	મુગ.
નદી	નઈ.	દાતરડું.	એરા.
વિવાહ.	વરાકડી	સુપડું	સુપ.
થોડાં થોડા	વાઈ વાઈ	સાવરણી.	બાહેર
કાઢી નાખવુ	કાઢી ટાક.	ઉપણવુ.	જાડવાનું.
કાગડો	આડીઓ	રોટલો.	ભાકુર.
વાદરાં	પાલીઆ બોકડ	મરચાં	મીરચાં.
ખીસકોલી.	ચીચી.	કોસકી	ફની
કેટલા.	કોડાક	ટોપલા	ડાલકાં
એટલા	ઓડા	હજામત કરાવવી.	ડોઈ પાધરવાની.
ચાળીસ	દોનીસ.	માથું.	ડોઈ
દશ	દહા.	ઘાસ	ચારીઆં.
બહુજ મોઘો	ભારી જડ	ભાતનુ પુજુ	કુટાસ.
છે.	આહત અથવા આહા	વાલ, તુવેર વગેરે-નુ ગોતર	બરકલ.
બહુ.	જબર.	કન્યા, (કુમારી)	નવરી
રડવુ,	રીકલ	વર	નવરો.
જુવાર.	જુવારી	વર	ઉપર.
ચોખા	તાદુલ	લઈ જા.	ઘેનજા.
વાલ	વાલખડી	આપવુ	દેવલા.
. પુ	વાગા	છોકરો.	લેકુશ
કાકડી.	વારડા	ખાગખીરી	તકરાર.
ઘર	ગોઠા	લગડા	ફડકાં.
પોતાની બાયડી	બાયકો.	જીવતુ	જગતા
પાડો	ઐલા	મરવું	મીખા
આખલો, સાંઢ.	સાંઢીઆ		

ભીલોની વાતચીત.

ગુજરાતી.	ભીલોની ભાષા.
તારો બળદ મને આપ.	તુના ગોરા માલા દે.
તુ કેટલા રૂપિયા લે?	કોડાક પૈસા લીએ તુ.
મને પચાસ આપ.	દોનીશ ને દહા માલા દે.
તુ બહુ મોઘો છે.	તુ ભારી જડ આહત.
એટલા રૂપિયાનો બળદ નથી.	ઓડા પૈસાના ગોરા નીમગે.
હું ચાલીશ આપુ	માલા દોનીશ તાકુ.
તારી શી મરજી છે?	તુ કાય સાંગે?
એટલા રૂપિયાએ નહી આપુ	ઓડા પૈસાએ નકો દેવલા
થોડા થોડા ઓછા કર.	વાઈ વાઈ કાઢી ટાક
એ એક વધારીને લઈ જા	દોનેક અધિક કરી ઘેનજા
તકરાર નહી કર	ખારાખારી લકો (નકો) કર
હું બેતાળીસ રૂપિયા આપુ	મા દોનીશ ને દોન પૈસા વર હઉ.
(ત્યારે) મે તને બળદ આપ્યો	માલા તુના ગોરા દેવલા
તુ કોનો છોકરો?	તુ કોના લેકુશ
હું ગાભણાનો છોકરો.	મા ન્ગાભણાના લેકુશ
તારે કેટલા ભાઈ?	તુમી કોડાક ભાવડી
મારે ત્રણ ભાઈ (છે),	માલા તીન ભાવડી
તેના નામ શુ?	તેના નામ કાયે
એકનુ નામ ઠગીઓ છે.	એકના નામ ઠગીઆ આહા
બીજાનું નામ ધરમો છે	દુસરાના નામ ધરમા આહા
ત્રીજાનુ નામ વજીઓ છે	તીસરાના નામ વજીઆ આહા.
તમે સાથે છો કે જુદા?	તુમી ગોરા આહા કે વાયલા
અમે જુદા છીએ	અમી વાયલા આહા
તારો બાપ જીવતો છે કે મરી ગયલો?	તુના બાસ ખાહા કે મીખા?
મારો બાપ જીવતો છે	માના બાસ જગતા આહત

+ વિશેષ નામ છે

દાહોદ તથા ઝાલોદ તાલુકામાં વસતા ભીલ લોકોની ભાષા.

(મિ. લજ્જાશંકર ગણપતરામ.)

	ગુજરાતી.	ભીલોના.		ગુજરાતી.	ભીલોના.
૧	સાડી	= સાંડી			
૨	વાછરડો	= ફાડો	૧૮	ગાય	= ડાહી
૩	વાછરડી	= ડી	૧૯	પોપટ	= ધાધોલ.
૪	ટોપલો	= હુલ્લો	૨૦	માંડવો	= ડાગળો
૫	ટોપલી	= ધુધરી	૨૧	નાક	= નખોડુ.
૬	ધોતીઆ		૨૨	પથ્થર	= ભાકો.
	પોતીઆ	= રીસરા	૨૩	ખબર કર	= ગમકર
૭	દાર	= હેરો.	૨૪	જુડો	= બાલ્હુ.
૮	નાનુ છોકરૂં	= પોઇકુ	૨૫	સામાન	= હમદા
૯	મોટા કાકા	= બાબો	૨૫	પથારી	= પડાર્ઈ.
૧૦	મા	= આઈ.	૨૭	વાસણ	= રાસાં
૧૧	મોટી માશી	= કોકી	૨૮	અસ્તો	= પાસણો.
૧૨	મોટા માસા	= કોકો	૨૯	કાતરવુ	= ભરખીદડવું
૧૩	નાનો છોકરો	=લોડકો	૩૦	ઘણુ	= વારહુક
૧૪	જોડવા		૩૧	રૂપો	= રૂવો.
	(અગુઠીઆ)	=વીંમીઆ	૩૨	ઘોડાગાડી	= લગડુ
૧૫	થાન	= બોબા	૩૩	ઉઘાડવુ	= હેડદડવુ
૧૬	નાખવા	= દડવા	૩૪	નીસરણી	= પકડીની.
૧૭	અમ્મા	= નીઆલ	૩૫	તોફાની	= નહેડી

હું કાકા સાથે ગયો હતો = હું કાકા અણુ ગયો ઉતો.

અમ્મા ક્યા ગયો હતો ! = નીઆલ કા ગયો ઉતો !

આ લોકોની વાર્તા, ગીત વગેરેમા તેમની મૂળ ભાષાના અને કેટલાક ગુજરાતી, હિન્દી, મુસલમીન, અંગ્રેજી ભાષાના શબ્દો વપરાય છે આપણી ભાષાના શબ્દોનો ઉચ્ચાર બરાબર ન આવડવાથી જુદીજ પ્રકારનો શબ્દ બનાવી વાપરે છે ઉ૦ ચોપડીઓ = મોપડદ્યો કેમ છે = કીકેમ છે, કેટલું = કીનરૂં, આટલુ = ઈનરૂ, બારોટ = બાર હોટ વગેરે.

ફતેપુરા ટપ્પો તાબે સુંથરામપુર.

ગુજરાતી.	ભીલોના.	ગુજરાતી.	ભીલોના.
નાળીએર	નાળેર	વીટી	બહરજ્યો.
બળદ	ઢાહો	નાક	નખોડુ.
ત્રાજ્વાં	તાકડાં	ઓળંગવુ	ડાકવુ.
ચલમ	સાગી	મોટાભાઈ	દાદા
લુગડું	બોદડ	ફોઈ	ભુવા.
દેવતા	વાહદે	મરચાં	મરસ
ગાય	ઢાહી	વાલોળ	પાપડા.
લોટો	ફળજ્યો	નાખી	લાખી.
આવ	આઈ	સસલો	ઢાહો.
ભેંસ	ડોબી	પત્થર	લોડી.
ઘોડીયું	ઢાલડ	ચકલી	કરકલી.
		ઘોરીઓ	ઘોરી.

ઉપર પ્રમાણે ભાષામા ફેર છે.

મગનલાલ ખુશાલ રાવળ.
૪ મહેતાજી ફતેપુરા. તા. સુથ.

કેળવણીખાતાની જાહેર ખબરો.

મે. ઉ. ભા. ના એ. ઇ. સાહેબના તા. ૮ મી જાન્યુઆરિ ૧૯૧૪ના હુકમ નં. ૮૬૩૨ ઉપરથી.

ગુજરાતી 'આરોગ્યવિદ્યા'ની ચોથી વચગાળાની આવૃત્તિ નિશાળોમા તથા લોકોને આપવાની કેળવણીખાતાના મે. ડિરેક્ટર સાહેબે મંજુરી આપી છે ચોપડીની કિંમત રૂ ૦–૧–૩ છે.

R. P Godbole,
એ. ઇ. ઉ ભા.

મે. ઉ. ભા. ના એ. ઇ. સાહેબના તા. ૮ મી જાન્યુઆરિ ૧૯૧૪ના હુકમ નં. ૮૬૩૦ ઉપરથી.

'ગુજરાતી ભાષાના વ્યાકરણ'ની ત્રીજી આવૃત્તિ નિશાળોમાં તથા લોકોને આપવાની કેળવણીખાતાના મે ડિરેક્ટર સાહેબે મંજુરી આપી છે. ચોપડીની કિંમત રૂ. ૦–૧–૯ છે.

R P Godbole,
એ. ઇ. ઉ ભા.

જાહેર ખબર.

વિદ્યાદાન એજ ઉત્તમ દાન છે!

બહેરાં–મુંગાની શાળા.

ગમે તે બહેરા–મુંગાં છોકરાંને બોલતા, લખતાં, ને હુન્નર મજુરી શિખવનાર, અને બહારગામના છોકરા માટે રહેવાની ગોઠવણ કરનાર **બ્રિટિશ હિંદુસ્તાનમાં** લગભગ બેલાખ બહેરા–મુંગા માટે આ **એકજ** નિશાળ છે **નામદાર મુંબઇના ગવર્નર** તથા **લેડિ સિડનહૅમનો** આશ્રય મળ્યો છે. **નામદાર સરકાર** અને **અમદાવાદ મ્યુનિસિપૅલિટિની** સારી મદદ મળે છે.

કાયમ ફંડ માટે અને **બોર્ડિંગ** માટે નાણાંની મદદ રૂબરૂ આપો, અથવા બારોબાર અમારે ખર્ચે મનિઑર્ડરથી મોકલો, પૂછો–

ખાડીઆ, અમદાવાદ. } **પ્રાણશંકર લલુભાઇ દરાઇ, બી. એ.** હેડ માસ્તર.

નિશાળોનાં ઇનામપત્રક,

સલુણ—પટેલ મયુરાભાઈ જેમંગભાઇ તથા ગામ લોકો રૂ. ૮૫) સ્કુલ જમાડી **ખોરજ**—ગામ લોકો રૂ ૧૩–૮–૦ સ્કુલ જમાડી. **વાંઠવાળી**—ગામલોકો રૂ. ૨૦) પકવાનની જાફત. **અલીણા**—આગેવાન ગૃહસ્થો રૂ. ૫૪) સ્કુલ જમાડી તથા મિઠાઈ વહેંચી **ગાના**—પટેલ વાઘજીભાઇ ભવાનભાઇ તથા પા કરસનદાસ ગોપાળજી રૂ ૭), પટેલ શીવાભાઇ લવુભાઇ રૂ. ૭) તથા શીવાભાઇ દયારામ રૂ ૭) વાડકીઓ તથા પતાસા. **લવાલ**—ગામ લોકો રૂ ૧૪) સ્કુલ જમાડી. **મોહોલેલ**—ગામના ગૃહસ્થો રૂ ૪૫) સ્કુલ જમાડી **ભુમેલ**—ગામ લોકો રૂ ૫૦) સ્કુલ જમાડી **વહેરા**—ગામના લોકો રૂ ૪–૮–૦ મિઠાઇ. **ભોજકુવા**—આગેવાન ગૃહસ્થો રૂ ૧૫) સ્કુલ જમાડી **અલિન્દ્રા**—ગામ લોકો રૂ. ૭૦ સ્કુલ જમાડી. **અલવા**—ગામ લોકો રૂ. ૧૪) સ્કુલ જમાડી **કેસરા**—ગામ લોકો રૂ. ૧૨–૫–૬ સ્કુલ જમાડી **વડોઉ** ગામના ગૃહસ્થો સ્કુલ જમાડી **કુંજરાવ**—ગામ લોકો રૂ ૩૦) સ્કુલ જમાડી. શેઠ કેવળદાસ દામોદર રૂ. ૨૦) ટોપીઓ વહેંચી **ખેડાશા**—બાઇ મહાલક્ષ્મીએ સ્કુલ જમાડી **વહેરા**—પા. જેઠાભાઇ ગોકલભાઇ રૂ ૨૦) સ્કુલ જમાડી પા. દેશાઇભાઇ નરસીભાઇ તથા પા મોતીભાઈ જીજીભાઈ રૂ ૨૬–૮–૦ પુસ્તકો, કાપડ વગેરે પા ઝવેરભાઇ અજુભાઇ રૂ ૫) વાડકીઓ રૂ ૫) ઘડીઆળ **સામરખા**—ગામના ગૃહસ્થો રૂ ૪) સ્કુલ જમાડી **સુણાવ** ગામ લોકો રૂ ૧૧૦) સ્કુલો જમાડી **દહેવાણ**—ઠાકોર નટવરસિંહજી મહેરામણસિંહજી રૂ ૫૫) સ્કુલ જમાડી ઠાકોર તખતસિંહજી તથા ઠાકોર દલપતસંગજી રૂ. ૧૦) ચાહપાણી પાયા, ઠાકોર કાલુબાવા રૂ ૩) પતાસા, કનકાપુરાના ગામ લોકો રૂ ૪૦) સ્કુલ જમાડી **દાવડા**—ગામ લોકો રૂ. ૬–૪–૦ સ્કુલ જમાડી. **નેશ**—ગામ લોકો રૂ ૨૦) સ્કુલ જમાડી **કાલસર**—ગામ લોકો રૂ. ૩૫) સ્કુલ જમાડી **વલાસણ**—રા. કાળીદાસ જેભાઈ તથા જેડીસિંહ હમીરભાઇ તથા ગામ લોકો રૂ. ૪૦) સ્કુલ જમાડી **કાસર**—ગામ લોકો રૂ. ૩૫) સ્કુલ જમાડી **રાવળાપુરા**. પટેલ ખુશાલભાઇ જીભાઇ, શા ભાઇલાલ સખીદાસ તથા પગી બેચરભાઇ ગતાભાઈ રૂ. ૧૨–૧૦–૬ સ્કુલ જમાડી.

અલીન્દ્રા—ગામના સદ્‌ગૃહસ્થો રૂ. ૩૦) સ્કુલ જમાડી, **સાદનાપુરા**—ગામ લોકો તથા સ્કુલ કમીટીના મેમ્બરો રૂ. ૧૬–૮–૦ તથા પા. મોતીભાઇ ઇચ્છાભાઇ રૂ. ૧૫) સ્કુલ જમાડી, **રાસ્કા**.—શા મગનલાલ હેમરાજ રૂ. ૭) તથા ગામલોકો રૂ. ૩) સ્કુલ જમાડી મિઠાઈ વહેચી **સાઇજપર**—મિ. કલ્યાણભાઇ કાશીભાઇ રૂ. ૩૦) તથા ગામના સદ્‌ગૃહસ્થ રૂ. ૧૦) સ્કુલ જમાડી તથા મિઠાઈ વહેચી **રતનપુર**—ગામના સદ્‌ગૃહસ્થો રૂ. ૭–૮–૦ તથા સામતાજી હમીરજી રૂ. ૨) સ્કુલ જમાડી તથા પતાસાં આપ્યાં. **નાપાડ**—ગામના સદ્‌ગૃહસ્થો રૂ. ૫૦) સ્કુલ જમાડી પાટીદાર તરફથી રૂ. ૬૫) પિત્તળના પ્યાલા **કમળા**—ગામના ગૃહસ્થો રૂ. ૮) સ્કુલ જમાડી. **છીપીઆલ**—ગામના ગૃહસ્થો રૂ. ૧૫) સ્કુલ જમાડી. **લસુંદ્રા**—ગામ લોકો રૂ. ૩૫) સ્કુલો જમાડી, **સોઢપુર**—પટેલ ચતુરભાઈ બાબરભાઈ રૂ. ૨૦) સ્કુલ જમાડી **લીંબાશી**—કન્યાશાળા ગામ લોકો રૂ. ૧૬) સ્કુલ જમાડી. તથા સાકર વહેચી **અલારસા**—ગામના સદ્‌ગૃહસ્થો રૂ. ૩૮) સ્કુલ જમાડી. **કાકરખાડ**—ગામના ગૃહસ્થોએ લાડુ જમાડયા. **મહીજ**—ગામ લોકો રૂ. ૨૦) સ્કુલ જમાડી **રતનપુરા**—ગામ લોકો રૂ. ૨૬) સ્કુલ જમાડી. **સાલોલ**—ઠકર નરસિંહદાસ ભગવાનદાસ રૂ. ૧૧), ઠાકોર ગમાનસંગ ભાઈબાવા તથા વિઠ્ઠલદાસ ઝવેરદાસ રૂ. ૨૧) સ્કુલ જમાડી **સોઝારાળા**—ગામના ગૃહસ્થો રૂ. ૬–૮–૦ સ્કુલ જમાડી **વહેલાલ**—સાકળચદ જોઈતારામ રૂ. ૬) નારાયણભાઈ લલ્લુભાઇ રૂ. ૯) પિત્તળના પ્યાલા તથા મિઠાઈ. નારાયણભાઇ ગવાભાઇ રૂ. ૭) સ્કુલ જમાડી. **સામલોટ**—પા. ભગવાન મોરારભાઈ, પા. લલ્લુ ગોગદાસ પા હીરાભાઈ મનોરભાઈ તથા પા. ઝવેરભાઇ નાથાભાઇ વગેરે રૂ. ૨૫) સ્કુલ જમાડી **લસુદ્રા**—ગામ લોકો રૂ. ૪૦) સ્કુલ જમાડી ઇનામ આપ્યા **એરડા**—ઠાકોર સા હિંમતસંગજી વગેરે રૂ. ૧૫) સ્કુલ જમાડી **સોઢેલી**—ગામ લોકો રૂ. ૩૨) સ્કુલ જમાડી. **રાસ**—ગામ લોકો રૂ. ૮૫–૮–૬ સ્કુલ જમાડી **ચકલાસી**—ગામ લોકો રૂ. ૨૫) મિઠાઇ. **બોદાલ**—પા ઇચ્છાભાઈ દેશાઈભાઇ રૂ. ૧૦), પા. આનાભાઇ બાપુભાઈ રૂ. ૧૦), પા દાળજીભાઈ પગગદાસ રૂ. ૪), પા ભાઈલાલ તળશીભાઇ રૂ. ૪) તથા બીજા ગૃહસ્થ રૂ. ૪૦) સ્કુલો જમાડી તથા ઇનામ. **ચોલેલ**—ગામના આગેવાનો રૂ. ૧૬) સ્કુલ જમાડી **વડેલી**—સદ્‌ગૃહસ્થો રૂ. ૩૪) સ્કુલ જમાડી. **નિસરાયા**—પા. શંકર-

ભાઇ ખોડાભાઈ બીન મૂળજીભાઇ રૂ. ૨૦) સ્કુલ જમાડી **સિંહુજ**—ગામ લોકોની મદદથી રૂ. ૨૫) સ્કુલ જમાડી. **ઇસરાયા**—સ્કુલ કમિટિ તથા સદ્ગૃહસ્થો રૂ. ૧૭) સ્કુલ જમાડી. **ઉત્તરસંઠા**—ગામના સદ્ગૃહસ્થો રૂ. ૭૫) સ્કુલ જમાડી. **અજરપુરા**—ગામના ગૃહસ્થો રૂ. ૧૩–૮–૦ મિઠાઇ. **નાપા**—ગામના ગૃહસ્થો રૂ. ૪૭) સ્કુલ જમાડી

પંચમાલ–રેવાકાંઠા વિભાગ:—

બાંડીબાર—ગામ લોકો રૂ ૩–૧૨–૦ મિઠાઈ વહેંચી **કૂવાજર**—ગામના જુદા જુદા ગૃહસ્થો રૂ ૧૬–૪–૦ કાપડ તથા મિઠાઈ. **દોડકા**—જુદા જુદા ગૃહસ્થો રૂ ૭૧) સ્કુલ જમાડી તથા મિઠાઈ વહેંચી. **નાનીરણાપુર**—સ્કુલ કમિટિના મેમ્બરો રૂ ૩) સ્કુલ જમાડી. **બગોડાલ**—ગામના ગૃહસ્થો રૂ. ૪) મિઠાઈ રૂ ૩૦) કાપડ વગેરે **ચાંપાનેર**—જુદા જુદા ગૃહસ્થો રૂ. ૩૫) સ્કુલ જમાડી તથા ઇનામ

રાજપીપળા સ્ટેટ:—

ઉમરવા—અમીન પટેલ છોટાભાઇ રૂ. ૪૦) ઓદણીઓ તથા મીઠાઈ. **ઝગડીઆ**—શાહ રણછોડજી અમથાભાઇ, પરબ મડાવી.

કાઠિયાવાડ વિભાગ —

ભાડલા—રા ત્રિભુવનરાય કેશવલાલ દેશાઈ તથા ગામ લોકો રૂ. ૧૭–૮–૦ રૂમાલ, સાકર–પતાસા, **આટકોટ**. જામનગર સ્ટેટ તરફથી રૂ. ૧૫) ઇનામ.

ભરૂચ વિભાગ.—

ત્રાલસા—કન્યાશાળા ગામના ગૃહસ્થો રૂ. ૬–૧૪–૦ ઇનામ **ઠીનસાડ**—દેશાઈભાઇ હીરાભાઇ પટેલ. રૂ ૧૯–૮–૦ સ્કુલ જમાડી, પા નાગજી કાળીદાસ રૂ. ૪–૪–૦ કસબી મોળીયાં, નાયખા નિઝામખા રૂ ૭–૧૨–૦ ચમચા તથા મિઠાઈ, પા. નાગજી કાળીદાસ પા હરીભાઇ ભાઇજી તથા પા નાથાભાઇ રાઇજી વગેરે રૂ ૨૫) સાકર ભરીને વાડકીઓ આપી.

ત્રાલસા —રા. અમથાભાઇ પુરુષોત્તમે સાકર વહેંચી **શુકલતીર્થ**—કન્યાશાળામાં પટેલ મોમાભાઇ અદેમગ રૂ ૧૦–૫–૦, જુદા જુદા ગ્રહસ્થે રૂ ૩) પુસ્તકો, મિઠાઇ **ઝણોર**—ઠાકોર સા જીતસિંહજી ભારતસિંહજી રૂ. ૧૦૦) જનેઊ **કયાદરા**—ઉર્દુ સ્કુલ, ગામના ગૃહસ્થો રૂ ૮) મિઠાઈ તથા પુસ્તકો **પારખેત**—ગામના ગૃહસ્થો રૂ ૨૦–૬–૦ મિઠાઇ વગેરે **સરભાણ**—પટેલ રણછોડભાઇ ત્રીકમભાઇ રૂ. ૩૫–૮–૦ પ્યાલા,

રેજા વગેરે **માતર**—પટેલ કેશવલાલ હીરાભાઈ રૂા ૮–૧૪–૦ કાપડ તથા મિઠાઇ. **ત્રાલસા**—કન્યાશાળા ગામના સદ્‌ગૃહસ્થો રૂા. ૬–૧૪–૦. કાપડ તથા સાકર

ભરૂચ વિભાગ.

નોંધણ. પટેલ નાથાભાઇ ગરમડભાઇ રૂા ૫) મીઠાઇ. **સીતપોણ.** ગામના પટેલો રૂા ૫) મીઠાઇ **દેરોલ.** રા મોમાભાઇ અદેસંગ રૂા ૭૫) સ્કુલ જમાડી **આછોદ.** સ્કુલ કમિટિના મેમ્બરો રૂા. ૫) મીઠાઇ **કંથારીઆ.** ગામ લોકો રૂા ૩) મીઠાઇ **રાહુડ.** ગામ લોકો રૂા ૭–૮–૦ સ્કુલ જમાડી. **મેરસમ.** ગામ લોકો રૂા ૧૭–૪–૦ સ્કુલ જમાડી **દેરોલ.** પટેલ ભાગ્મન હરીભાઈ રૂા ૬) મીઠાઇ સોમાભાઈ અદેસંગ રૂા ૩૦) સ્કુલ જમાડી **અંગારેસર.** શેઠ છગનલાલ શવચંદ રૂા ૪) મીઠાઇ **તરીઆ.** શેઠ કપૂરજી જમાસજી રૂા. ૧૫) મીઠાઇ. **વરેડીઆ.** પટેલ વર્ની અચમાલ રૂા ૧૦) પેડા **ઝાડેશ્વર.** રા કાળીદાસ પરભુદાસ અમીન રૂા ૪) પેડા **ટંકારીઆ.** શેઠ બાપુભાઇ મુસાભાઇ રૂા. ૧૮–૪–૦ સાકર, કાળા અમરામ રૂા. ૧૫–૮–૦ સુતરાઉ રૂમાલ જુદા જુદા ગૃહસ્થો રૂા ૨૫) સ્કુલ જમાડી **ઇલાવ.** શેઠ એદલજી સ્તનજી અને શેઠ લોરમસજી સ્તનજી રૂા ૭૫) ઇનામ **રોઝાટંકારીઆ.** ગામના ગૃહસ્થો રૂા ૧૬) ઇનામ **શુકલતીર્થ.** ગામના ગૃહસ્થો રૂા ૨૦) મીઠાઈ. **ઈખર.** અહમદ અલીભાઇ રૂા ૫–૫–૦ મીઠાઇ

અમદાવાદ વિભાગ.

લોમા. શા ઝવેરદાસ નાગરદાસ માકડ વહેચી રૂા ૭)ની. **વાલુકડ.** ઠાકોર સાહેબ લાધીના રૂા ૧૫), શેઠ સ્તનજી વીરજીભાઈ રૂા. ૧૨) ઇનામ તથા મીઠાઈ **વહેલાલ.** પટેલ નાગણ લલ્લુભાઇ, ડાહ્યાભાઇ લલ્લુભાઇ તથા કાળીદાસ દયાળભાઈ રૂા ૭૭) ઇનામ પીતવની વાડકીઓ. **જેતલપુર.** ગામના ગૃહસ્થો રૂા. ૮૭) સ્કુલ જમાડી **ખસ.** સ્કુલ કમિટિના મેમ્બરો રૂા ૧૦) મીઠાઇ **અડાળજ.** સ્કુલકમિટિના મેમ્બર્સ રૂા. ૧૫) સ્કુલ જમાડી **અસલાલી.** ગામના ગૃહસ્થો રૂા ૩૦) સ્કુલ જમાડી **જલાલપુર.** મથુરભાઇ ભગાભાઇ રૂા ૫) પાણીની પરબમા **કાળી.** ગામ લોકો રૂા ૮–૮–૦ સ્કુલ જમાડી અપૂર્ણ.

બહેરા—મુંગાની શાળા—ગમે તે જાતના છોકરાંને બોલતાં, લખતાં અને ઉપયોગી હુનર મફત શિખવે છે બહાર ગામનાં છોકરાંને રહેવાની ગોઠવણ થાય છે. નામદાર સરકાર અને મ્યુનિસિપાલિટિનો આશ્રય મળ્યો છે સ્થાયી ફંડ માટે અને બોર્ડિંગ માટે નાણા મોકલવા વિનંતિ છે. પૂછો ખાડીઆ, અમદાવાદ

પ્રાણશંકર લલુભાઈ દેસાઈ, બી. એ.
હેડમાસ્તર.

શાહકૃત શાળોપયોગી સરલ પુસ્તકો.

(કમિશન સામટી નકલમાં ૨૫ ટકા.)

કુલ પ્રત ૬૭,૦૦૦ સરળ દેશીનામાની પદ્ધતિ. આ, ૨૫ મી.

ટેકસ્ટ બુક છે. નામુ શીખવામા આ એક ઘણુંજ ઉપયોગી પુસ્તક નીવડયુ છે. એની સાબીતી એનો બહોળો ઉઠાવજ બતાવે છે આ આવૃત્તિમા **આમ્યશાળા માટે નામું**, જમા ખર્ચનું પત્રક રૂપે નામું, ખાતાંવાર માસિક તારીજ, વગેરેના નમુના, તથા નામાના વિચારવા યોગ્ય ઘણા પ્રશ્નો સમજુતી સહિત વધારવામા આવ્યા છે આથી કદમાં ૧૬ પૃષ્ટનો વધારો થતાં કિમ્મતમાં વધારો કરવામાં આવ્યો નથી. પૃષ્ટ ૧૪૪. કિ. ૩ા આના.

કુલ પ્રત ૨૨,૦૦૦ સરળ ગુજરાતી બાળવ્યાકરણ આ. ૧૫ મી. વ્યાકરણ જેવો કઠિન વિષય તરત ધ્યાનમાં ઉતરે એવા દાખલા આપી સરળ કરી આપ્યો છે કે શિક્ષક તેમજ વિદ્યાર્થી વર્ગમા આ પુસ્તક માનપ્રદ થઈ પડયુ છે. **દિવસે દિવસે એનો ફેલાવ વધતોજ જાય છે** પદચ્છેદ તા. વાક્ય પૃથક્કરણમાં એકજ શૈલી સઘળી શાળાઓમાં રહેવા ખાતર સરકારી વ્યાકરણના સઘળા નિયમો આ પુસ્તકમાં **માન્ય** રાખવામાં આવ્યા છે. તેમા **પાંચ ભાગ** ધોરણવાર પાડી, દરેક ધોરણના વિષયોની પાઠમાં રચના કરેલ છે ધોરણ ૫–૬–૭માં જોઈતું **વ્યુત્પત્તિજ્ઞાન** પણ દાખલ કરેલ છે **સમાસ, પ્રત્યય, આદ્યય, સાધિત, શબ્દો અને ઉત્સર્ગમાં** નવી વાચનમાળાના ઘણા શબ્દ પસંદ કરવામાં આવ્યા છે, વળી ઘણે ભાગે તે શબ્દોના અર્થ પણ આપેલ છે પૃષ્ટ ૨૪૦. છતા કિમ્મત માત્ર ૪ા આના.

પ્રેમચંદ કરમચંદ શાહ ઉ એ ઈ. મુ. ગોંડલ (કાઠિઆવાડ.)

મુખ્ય એજન્ટ: ચીમનલાલ ચુનીલાલની કંપનિ. ગુજરાતના બધા. જાણીતા બુકસેલરોને ત્યાંથી મળશે.

સૂચના.

પત્રસંબંધી લખાણ—એડિટર તરફ મોકલવું છાપવા મોકલવાનું લખાણ કાગળની એક બાજુએ ચોકખે અક્ષરે લખવું. છાપવા યોગ્ય લાગશે તો છપાશે નહિ પસંદ કરેલો લેખ ટિકિટ મોકલી હશે તો પાછો મોકલવામા આવશે

મનિ ઑર્ડર—કૂપન પર ગામ કે શહેરનું ઠેકાણું સ્પષ્ટ લખવું, તેમજ તથા એકથી વધારે નિશાળો હોય તો નિશાળનો નબર તથા શાળાપત્ર ઑફીસ તરફથી અપાયેલા સરનામાની લેબલ ઉપરનો નબર લખવો.

લવાજમ—વરસ એકનો રૂ ૧-૦-૦, ટપાલ સાથે દસ રૂપીઆ સુધીના પગારવાળાને શિક્ષકો તથા સ્કૉલરો પાસે ટપાલ ખર્ચ સાથે ૦-૧૨-૦ લેવામાં આવશે

લેખકને ઉત્તેજન—વિષયો લખી મોકલનારની પૈસા લેવાની ખુશી હશે તો દર છાપેલે પાને રૂ ૦॥ આપવામાં આવશે ચર્ચાપત્ર માટે કંઇ આપવામા નહિ આવે.

જાહેર ખબરના ભાવ.

રૂપીઆ એકની ૩ લીટી પ્રમાણે-દસથી વધારે લીટીઓ માટે રૂ ૧) ની લીટીઓ ચાર પ્રમાણે બાર માસ લગી લાગલાગટ હશે તો પહેલે મહીને પૂરો ચાર્જ અને પછી અગીઆર માસ લગી દર માસે ½ ચાર્જ પડશે. છ માસ માટે પહેલે મહીને પૂરો ચાર્જ, અને પછી દરેક માસે ½ ચાર્જ લેવાશે. ત્રણ માસ માટે પહેલે મહીને પૂરો ચાર્જ અને પછી દરેક માસે ½ ચાર્જ લેવાશે

આ પત્ર સાથે કોઇ પણ હૅંડબિલ વહેંચવામાં આવશે નહિ